# વિવિધ વિષય વિચારમાળા

## ભાગ-૮

સાધુ

જિનાલય

સાધ્વીજી

જિનાગમ

જિનબિંબ

શ્રાવક

શ્રાવિકા

સંપાદક :
પ.પૂ.આચાર્યશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય
મુનિ રત્નત્રય વિજય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી ગોડીજી પાર્શ્વનાથાય નમઃ

પ.પૂ. સ્વ. આચાર્યદેવેશશ્રી

રત્નશેખર સૂરીશ્વરજી મ.સા.ના

શિષ્ય

**પ.પૂ. આ. શ્રી રત્નાકર સૂરીશ્વરજી મ.સા.**

આદિ

શ્રમણ શ્રમણીના

૨૦૫૯ ના માલવાડાનગરમાં

ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે

અષાઢ સુદ-૭,

તા. ૬-૭-૨૦૦૩, રવિવાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી બુદ્ધિ-તિલક-રત્નશેખર સદ્ગુરૂભ્યો નમઃ

પૂજ્ય ૧૦૦૮ શ્રી મણિવિજયજી કૃત

# વિવિધ વિષય વિચારમાળા

## ભાગ-૮

**દિવ્યાશિષ્ દાતા**

સ્વ. આચાર્યદેવશ્રી રત્નશેખર સૂરીશ્વરજી મ.સા.

**શુભાશીર્વાદ દાતા**

કલિકુંડ તીર્થોદ્ધારક

આચાર્યદેવશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.

**પ્રેરણાદાતા**

પરમ પૂજ્ય યુવાચાર્ય

શ્રીમદ્ વિજયરત્નાકર સૂરીશ્વરજી મ.સા.

**પુનઃસંપાદનકર્તા**

મુનિરાજશ્રી રત્નત્રય વિજયજી મ.સા.

**પ્રકાશક**

શ્રી રંજન વિજયજી જૈન પુસ્તકાલય

માલવાડા, જી. જાલોર-૩૪૩૦૩૯ (રાજ.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| પુસ્તક નામ | : | વિવિધ વિષય વિચારમાળાભાગ-૮ |
| સંપાદક | : | મુનિશ્રી મણિવિજયજી મ.સા. |
| પુનઃસંપાદક | : | મુનિશ્રી રત્નત્રય વિજયજી મ.સા. |
| પ્રથમ આવૃત્તિ | : | સંવત : ૨૦૫૯ નંકલ ૫૦૦ |
| કિંમત | : | રૂ. ૧૫૦-૦૦ |

## પ્રાપ્તિસ્થાન

**અમદાવાદ** : **શ્રી પારસ ગંગા જ્ઞાન મંદિર (રાજેન્દ્રભાઈ)**
ઓફીસ : બી-૧૦૪, કેદાર ટાવર, રાજસ્થાન હોસ્પીટલ સામે,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪ ફોન (ઘર) ૨૮૬૦૨૪૭

**મુંબઈ** : **શ્રી મણીલાલ યુ. શાહ**
ડી.૧૨૦, સ્ટાર ગેલેક્સી, લોકમાન્ય તિલક રોડ,
બોરીવલી (વે.) મુંબઈ-૪૦૦ ૦૯૨
ફોન (ઘ) ૨૮૦૧૧૪૬૯, (ઓ) ૨૮૬૪૨૯૫૮, ૨૮૯૩૧૦૧૧

**અમદાવાદ** : **શ્રી જૈન પ્રકાશન મંદિર**
દોશીવાડાની પોળ, કાળુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : (ઓ) ૫૩૫૬૮૦૬

**અમદાવાદ** : **સરસ્વતી પુસ્તક ભંડાર**
૧૧૨, હાથીખાના, રતનપોળ. અમદાવાદ ફોન : ૫૩૫૬૬૯૨

**પાલીતાણા** : **શ્રી પાર્શ્વનાથ જૈન પુસ્તકભંડાર**
ફુવારાની પાસે, તલેટીરોડ, પાલીતાણા-૩૮૪૨૭૦ (સૌ.)

**શંખેશ્વર** : **શ્રી મહાવીર જૈન ઉપકરણ ભંડાર**
જૈન ભોજન શાળાપાસે, શંખેશ્વર, જિ. પાટણ
ફોન : ૦૨૭૩૩-૭૩૩૦૬

**મુદ્રક :** : નવનીત પ્રિન્ટર્સ, (નિકુંજ શાહ)
૨૭૩૩, કુવાવાળી પોળ, શાહપુર, અમદાવાદ.-૧
મોબાઈલ : ૯૮૨૫૨ ૬૧૧૭૭ ફોન : ૫૬૨૫૩૨૬


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સુકૃતના સહભાગી

સંઘવી કનકરાજ
ઘમંડીરામજી

ધર્મપત્ની સુઆ બહેન

પુત્ર જગદીશભાઈ

પુત્રવધુ કોકીલા દેવી

સાંચોર-સત્યપુરતીર્થ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# • પ્રસ્તાવના •

અનાદિ અનન્ત સમય પસાર થતાં અનેકવિધ પરિસ્થિતિનું દર્શન થતા તેમાં વિશેષ સમભાવ-સત્યસ્વરૂપ જાણવા માટે સમ્યક્જ્ઞાન ની આવશ્યકતા સવિશેષ રહે.

સમ્યક્જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જ્ઞાનનાં સાધનોની સાથે સાથે જ્ઞાન પ્રત્યે રૂચિપણ અત્યંત આવશ્યક છે. જ્ઞાનનાં સાધનોમાં આગમ, ગ્રન્થ, ચરિત્ર તથા આગમ-ગ્રન્થને આધારિત પુસ્તકો પણ હોય. જ્યારે આપણે આગમ તથા ગ્રન્થોનું જ્ઞાન ન મેળવી શકીએ પરન્તુ આગમ તથા ગ્રન્થને આધારિત લખેલા પુસ્તકો તો સહેલાઈથી વાંચી શકીએ.

તે હેતુને લક્ષમાં રાખીને પૂજ્ય મુક્તિવિજયજી (મૂલચંદજી) મ.સા.નાં સમુદાયના પૂજય મુનિશ્રી મણિવિજયજી મહારાજસાહેબે આગમ તથા ગ્રન્થોની સહાયતા લઈને ઘણી જ મહેનત ઉઠાવીને **વિવિધ વિષય વિચારમાળા** નામના ૧ થી ૮ ભાગ સુધીના પુસ્તકો ઘણી જ વિશાળ સામગ્રીથી ભરપૂર તૈયાર કરેલાં છે. એમાં પ્રથમ બે ભાગમાં પ્રવચનને ઉપયોગી તથા વાંચવાથી પણ બોધ થાય તેવા ભરપૂર સુંદર દૃષ્ટાંતો આપેલા છે.

એકથી આઠ ભાગો જોયા પછી એમ લાગ્યું કે આ સાહિત્ય ૪૦ વર્ષ પહેલા બહાર પડેલું તેના પછી અપ્રગટ હતું. માટે ફરીથી સંપાદન કરવાનું મન થયું. તે માટે આચાર્યદેવશ્રી ૐકારસૂરિજી મ.સા. સમુદાયના પરમપૂજ્ય આચાર્યદેવશ્રી મુનિચંદ્ર સૂરિજી મ.સા. તથા પં. જીતુભાઈની સલાહ સૂચન પ્રાપ્ત થયેલ. તેથી આ કાર્યને તુરંત હાથ ધરી ૧ થી ૮ ભાગનું સંપાદન કરેલ. તેમાં પણ અમુકવિષયોનો વિશેષ વિસ્તાર હતો તેને સંક્ષિપ્ત કરેલ તથા અમુક ગ્રન્થોની માહિતી સાથે મુનિશ્રીએ પ્રગટ કરેલ છે.

એવી જ રીતે ૧ થી ૮ ભાગ સંક્ષિપ્ત વિવરણ તથા ગ્રન્થોની માહિતી સાથે પ્રગટ કરવા માટે **મુનિશ્રી રત્નત્રયવિજયજી મ.સા.**નો પ્રયાસ સફળ બને.

ભવભીરૂ આત્મા આ એક થી આઠે ભાગ ક્રમસરવાંચી મનન કરી જ્ઞાનભાવનામાં આગલ વધીને સદ્ગતિને પ્રાપ્ત કરે.

એજ શુભાભિલાષા સાથે
આચાર્ય રત્નાકરસૂરિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## જૈન ધર્મના વિવિધ વિષયોનો અદ્‌ભૂત ખજાનો
## એટલે
# વિવિધ વિષય વિચારમાળા
## ભાગ -૧ થી ૮

**સંપાદક : મુનિશ્રી મણિવિજયજી**
**પુનઃસંપાદક : પૂ. મુનિશ્રી રત્નત્રય વિજયજી**

જૈન ધર્મના જ્ઞાનનો ભંડાર અગાધ છે. સર્વજ્ઞકથિત સિદ્ધાન્તો અત્યન્ત સૂક્ષ્મ અને સચોટ છે. આગમો અત્યંત ગંભીર અને રહસ્યાત્મક છે. આવી જૈન શાસનની ભવ્યજ્ઞાન સમૃદ્ધિ છે. પરંતુ આ સમગ્ર જ્ઞાનનો ખજાનો સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં હોવાથી તથા ગુરૂગમ્ય હોવાથી બધાને માટે સુલભ નથી. આવા અપૂર્વ જ્ઞાન સમુદ્રને વલોવીને તેના સાર રૂપે સુંદર શૈલીમાં અને સરળભાષામાં રજૂ થએલ અમૃત એટલે જ વિવિધ વિષય વિચારમાળા ભાગ-૧ થી ૮ આ આઠ ભાગોનો સંપુટ છેલ્લા કેટલાંક વર્ષોથી અપ્રાપ્ય હતો. તેની આવશ્યકતા જણાતા અમે આજના યુગ પ્રમાણે પુનઃસંપાદન કરી પુનઃપ્રકાશિત કરી રહ્યા છીએ. આ ગ્રંથો આબાલવૃદ્ધ સહુને ઉપયોગી છે. પૂ. સાધુ-સાધ્વીજી મ.સા. માટે તો આ એક અદ્‌ભૂત ખજાના સ્વરૂપ છે. તેમાં દેવ-ગુરૂ ધર્મને સ્વરૂપ બીજા અનેક ધાર્મિક અને વ્યવહારિક વિષયોનો સંગ્રહ છે. અનેક કથાઓ અને દૃષ્ટાંતો આ ગ્રંથમાં આપવામાં આવ્યા છે. હજારો દૃષ્ટાંતોથી ઓપતો આ સંપુટ અવશ્ય વાંચવા યોગ્ય છે.

## વિવિધ વિષય વિચારમાળા ભાગ-૧ થી ૮ માં આવતા વિષયોની ટૂંકી રુપરેખા

**ભાગ-૧** દેવ, ગુરૂ, ધર્મનું સ્વરૂપ

દેવપૂજા, પૂજાના પ્રકાર, ગુરૂની વ્યાખ્યા, સુગુરૂ-કુગુરુ આદિની વિગેરે ચર્ચા, ધર્મનું સભેદ વર્ણન તથા વિષયોને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુંદર રીતે સ્પષ્ટ કરનાર ૧૨૫ થી વધુ અદ્ભૂત કથાઓનો સંગ્રહ

ભાગ-૨ શ્રાવકનું સ્વરૂપ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ વિષયો ઉપર સુંદર વિવેચન, વ્યવહાર શુદ્ધિ અને માનવભવની દુર્લભતા દર્શાવતા દૃષ્ટાંતો આદિ અનેક કથાઓ યુક્ત.

ભાગ-૩ એકથી ચોસઠ વિષયોનો સંગ્રહ, જૈન ધર્મના સંદર્ભ કોશની ગરજ સારનાર આ અદ્ભૂત ગ્રંથ જૈન ધર્મના મોટાભાગના બધા જ વિષયોની વિગતો આ વિભાગમાં આપને મળી રહેશે.

ભાગ-૪ સમ્યકત્વ અને મિથ્યાત્વ નું સ્વરૂપ તથા તેના ભેદ પ્રભેદો નુ દૃષ્ટાંત સહિત વર્ણન સાથે સાથે કુલક્ષણો, દુર્ગુણો, દુરાચારનું વર્ણન અને તેના ત્યાગ માટેના ઉપાયો, સુગુણ, સદાચાર, સદ્ધર્મનું સ્વરૂપ અને તેને સ્વીકારવાના સરળ ઉપાયો.

ભાગ-૫ જૈન ધર્મમાં ચોવીશ દંડકોનું વિશેષ મહત્ત્વ છે. આ દંડકોનું ચિંતન મનના ભાવોને સ્થિર, નિર્મિત અને ઉદાત્ત બનાવે છે. તેનું સુંદર સ્વરૂપ સાથે સાથે કષાયાદિજ વર્ણન પણ સુંદર રીતે કરવામાં આવ્યું છે.

ભાગ-૬ વ્યવહારિક જીવનને સુખી અને સમૃદ્ધ બનાવવા નીતિ અને સદાચારનો માર્ગ જ સર્વશ્રેષ્ઠ છે. તે માર્ગે જવાનું સદૃષ્ટાંત વર્ણન આ વિભાગમાં કરવામાં આવ્યું છે. પુરૂષ, કાળ દાન, અતિથિ નિહનવ, વ્રત, બત્રીસ લક્ષણો બુદ્ધિ, મૂર્ખ, ભક્ષ્યાભક્ષ્ય અને પ્રાયશ્ચિત જેવા અનેક વિષયો દૃષ્ટાંત સહિત વર્ણવવામાં આવ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **વિભાગ-૭** | આત્મોન્નતિનો માર્ગ શુદ્ધ ધર્મનો અંગીકાર કરવો તે છે. તે માટે આત્માનું સ્વરૂપ, ભાવોનું સ્વરૂપ, આ વિભાગમાં વર્ણવવામાં આવ્યું છે. આ ગ્રંથમાં ૧૦૦૦ જેટલા વિવિધ વિષયોની વિચારણા કરવામાં આવી છે. |
| **ભાગ-૮** | માનવ જન્મને સફળ કરવા ધર્મજ એક અનુપમ આશ્રય છે. |
| **તથા ૮/૧** | જન્મ સાર્થક કરનાર નિઃશ્રેયસ અને અભ્યુદય પ્રાપ્ત કરે છે. અભ્યુદય મેળવવા માટેના ૩૨૦ જુદા જુદા મનોહર ભાવોનાં ઉપદેશ આપવામાં આવ્યો છે. |

આમ કુલ આઠ ભાગમાં કુલ ૪૦૦૦ જેટલા વિષયોની વિચારણા કરવામાં આવી છે. જેમણે વ્યાખ્યાતા બનવું છે, જેમને જૈન ધર્મના અદ્ભૂત જ્ઞાનની પીછાન કરવી છે જેમને જ્ઞાન પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા છે. જેમને જુદા જુદા વિષયો જાણવાની રૂચિ છે તે તમામને આ ગ્રંથમાંથી નવું રજૂ જાણવા મળશે. એવા આ અદ્ભૂત ગ્રંથ સંપુટને આપના જ્ઞાનભંડારનું, ઘરનું અને જીવનનુ અનેરૂ આભૂષણ બનાવવું રખે ચૂકી જતા સંપુટ ખલાસ થાય તે પહેલા સંપર્ક સૂત્ર પાસેથી મેળવી લેવાં.

આ સંપુટની જૂજ નકલો જ છાપવામાં આવી છે માટે જેમને મેળવી હોય તો પ્રાપ્તિ સ્થાન ના સરનામે સંપર્ક કરવો. આવો અદ્ભુત ખજાનો પ્રાપ્ત કરવા આપ વધુ રાહ ન જોશો !

★★★

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વિષયાનુક્રમણિકા


| અ. નં. | ઉપદેશ નંબર | નામ | પે.નં. |
|---|---|---|---|
| ૧ | ઉપદેશ ૧ માં | - અરિહંતનું સ્વરૂપ | ૧ |
| ૨ | ઉપદેશ ૨ માં | - સિદ્ધનું સ્વરૂપ | ૮ |
| ૩ | ઉપદેશ ૩ માં | - આચાર્યનું સ્વરૂપ | ૧૧ |
| ૪ | ઉપદેશ ૪ માં | - ઉપાધ્યાયનું સ્વરૂપ | ૧૫ |
| ૫ | ઉપદેશ ૫ માં | - સાધુના ૨૫ ગુણો | ૧૫ |
| ૬ | ઉપદેશ ૬ માં | - ચરણ સિત્તરીનાં ૭૦ ભેદો | ૧૬ |
| ૭ | ઉપદેશ ૭ માં | - કરણ સિત્તરીનાં ૭૦ ભેદો | ૧૮ |
| ૮ | ઉપદેશ ૮ માં | - અઢીસો અભિષેકની વીગત | ૨૧ |
| ૯ | ઉપદેશ ૯ માં | - સ્નાન પછીઈંદ્રગમન | ૨૨ |
| ૧૦ | ઉપદેશ ૧૦ માં | - વીતરાગ પરમાત્માનું સ્વરૂપ | ૨૩ |
| ૧૧ | ઉપદેશ ૧૧ માં | - સમવસરણનું સ્વરૂપ | ૨૬ |
| ૧૨ | ઉપદેશ ૧૨ માં | - જિનેશ્વર મહારાજની પૂજા | ૨૯ |
| ૧૩ | ઉપદેશ ૧૩ માં | - જિનપૂજાથી થતો લાભ | ૩૩ |
| ૧૪ | ઉપદેશ ૧૪ માં | - તીર્થંકર ગણધર રૂપાદિ | ૪૧ |
| ૧૫ | ઉપદેશ ૧૫ માં | - ચોવીશ તીર્થંકરના નામોના કારણ | ૪૩ |
| ૧૬ | ઉપદેશ ૧૬ માં | - પાંચ પ્રકારનાં ચૈત્યો | ૪૭ |
| ૧૭ | ઉપદેશ ૧૬ માં | - કેવા બિંબોનું પૂજન કરવું | ૪૯ |
| ૧૮ | ઉપદેશ ૧૬ માં | - મૂર્તિ કેવી હોવી જોઈએ ? | ૫૦ |
| ૧૯ | ઉપદેશ ૧૬ માં | - ઘર દેરાસરમાં કેવા બિંબ જોઈએ ? | ૫૪ |
| ૨૦ | ઉપદેશ ૧૭ માં | - લબ્ધિચારી મુનિમહારાજાઓ | ૫૫ |
| ૨૧ | ઉપદેશ ૧૮ માં | - લબ્ધિવંત મુનિ મહારાજાઓ | ૫૮ |
| ૨૨ | ઉપદેશ ૧૯ માં | - ગુરૂગુણો | ૫૯ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૩ ઉપદેશ ૨૦ માં - આઠ પ્રકારનાં ગુરૂઓ ..............૬૩
૨૪ ઉપદેશ ૨૧ માં - સાધુ સેવાનું ફળ ....................૬૬
૨૫ ઉપદેશ ૨૧ માં - પાંચ પ્રકારનાં કુગુરૂઓ ..............૬૭
૨૬ ઉપદેશ ૨૨ માં - ધર્મનાં હેતુઓ ........................ ૭૦
૨૭ ઉપદેશ ૨૩ માં - ધર્મનું ફળ.......................... ૭૧
૨૮ ઉપદેશ ૨૪ માં - ધર્મની શ્રેષ્ઠતા ...................... ૭૨
૨૯ ઉપદેશ ૨૫ માં - ભ. મહાવીર નાં દશ શ્રાવકો....... ૭૭
૩૦ ઉપદેશ ૨૬ માં - શ્રાવકોને કરવાના અભિગ્રહો ....... ૮૪
૩૧ ઉપદેશ ૨૬ માં - શ્રાવકનાં બારવ્રતનાં નામો ...........૮૬
૩૨ ઉપદેશ ૨૭ માં - મનુષ્ય જન્મની ઉત્તમતા..............૮૬
૩૩ ઉપદેશ ૨૭ માં - શાસ્ત્રશ્રવણ.......................... ૯૧
૩૪ ઉપદેશ ૨૮ માં - પાંચ પ્રકારનાં સ્વાધ્યાય............ ૯૪
૩૫ ઉપદેશ ૨૯ માં - પાંચ પ્રકારનાં અનુષ્ઠાન............ ૯૮
૩૬ ઉપદેશ ૩૦ માં - ચાર પ્રકારનાં ઔષધો ............૧૦૦
૩૭ ઉપદેશ ૩૧ માં -દશ પ્રકારનાં ધર્માધર્માદિ ...........૧૦૨
૩૮ ઉપદેશ ૩૨ માં -સંસારની અસારતા ..................૧૦૫
૩૯ ઉપદેશ ૩૩ માં - શરીરની અશુચિતા.................૧૦૭
૪૦ ઉપદેશ ૩૪ માં - સંસારી જીવોની હાલત ...........૧૧૦
૪૧ ઉપદેશ ૩૫ માં - સંસારની અસારતા.................૧૧૩
૪૨ ઉપદેશ ૩૬ માં - પાપની મજા નરકની સજા .........૧૧૬
૪૩ ઉપદેશ ૩૭ માં - છુટી ઇંદ્રિયોનું ફળ ................૧૧૮
૪૪ ઉપદેશ ૩૮ માં - કષાયો ............................૧૧૯
૪૫ ઉપદેશ ૩૯ માં - અજ્ઞાનતા..........................૧૨૦
૪૬ ઉપદેશ ૪૦ માં - ઇંદ્રિયોનુ દમન ....................૧૨૧
૪૭ ઉપદેશ ૪૧ માં -ધર્મરૂપી કલ્પવૃક્ષ ....................૧૨૨
૪૮ ઉપદેશ ૪૨ માં - સર્વ શ્રેષ્ઠ ધર્મકલા .................૧૨૨
૪૯ ઉપદેશ ૪૩ માં - સંસારની અસારતા.................૧૨૩


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫૦ ઉપદેશ ૪૪ માં - ધર્મ જ તારણહાર ................૧૨૫
૫૧ ઉપદેશ ૪૫ માં - સત્ અસત્ ........................૧૨૮
૫૨ ઉપદેશ ૪૬ માં - સંસાર અસાર ....................૧૩૦
૫૩ ઉપદેશ ૪૭ માં - આત્મ સ્વરૂપ .....................૧૩૨
૫૪ ઉપદેશ ૪૮ માં - ધર્મનાં આશ્રયથી મોક્ષ............૧૩૪
૫૫ ઉપદેશ ૪૯ માં - અનર્થકારી કષાય ..................૧૩૫
૫૬ ઉપદેશ ૫૦ માં - ધર્મ સ્વરૂપ .......................૧૩૬
૫૭ ઉપદેશ ૫૧ માં - દ્રવ્ય સ્વરૂપ........................૧૩૭
૫૮ ઉપદેશ ૫૨ માં - પરમાધામીની વેદના ...............૧૩૮
૫૯ ઉપદેશ ૫૩ માં - ચારિત્ર રૂપી જહાજ................૧૩૯
૬૦ ઉપદેશ ૫૪ માં - ગુણોની પ્રાપ્તિ મહાદુર્લભ ..........૧૪૧
૬૧ ઉપદેશ ૫૫ માં - નાસ્તિક આસ્તિક ..................૧૪૩
૬૨ ઉપદેશ ૫૬ માં - જલમનુષ્યોનું સ્વરૂપ ..............૧૪૪
૬૩ ઉપદેશ ૫૭ માં - યુગલિયાનો વિચાર ................૧૪૭
૬૪ ઉપદેશ ૫૮ માં - સ્ત્રીઓની સુંદરતા..................૧૪૯
૬૫ ઉપદેશ ૫૭ માં - દશ પ્રકારનાં કલ્પવૃક્ષો.............૧૫૨
૬૬ ઉપદેશ ૫૮ માં - ધર્મસ્વરૂપ અને શ્રાવકવ્રત ..........૧૫૩
૬૭ ઉપદેશ ૫૯ માં - મધપાનથી થતું નુકસાન ...........૧૬૧
૬૮ ઉપદેશ ૫૯ માં - રાત્રિભોજનથી થતું નુકસાન .......૧૬૭
૬૯ ઉપદેશ ૬૦ માં -શ્રાવકના વ્રતોનું સ્વરૂપ .............૧૬૯
૭૦ ઉપદેશ ૬૧ માં - સંસાર દુઃખોની ખાણ..............૧૭૩
૭૧ ઉપદેશ ૬૨ માં - જીવોનું પરિભ્રમણ .................૧૭૭
૭૨ ઉપદેશ ૬૩ માં - સંસારી સ્નેહ .......................૧૭૯
૭૩ ઉપદેશ ૬૪ માં -પોતાના શરીરની રક્ષા કરવા
સર્વજીવોનો પ્રયત્ન ...........................૧૮૨
૭૪ ઉપદેશ ૬૫ માં - પુણ્યાનુબંધી ચઉભંગી .............૧૮૪
૭૫ ઉપદેશ ૬૬ માં - અષ્ટકર્મ વડે પરિભ્રમણ ............૧૮૬


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૭૬ ઉપદેસ ૬૭ માં - અભવી આટલા સ્થાન ન પામે ....૧૮૮
૭૭ ઉપદેશ ૬૮ માં - દુષ્કાળના સમયે લોકોની સ્થિતિ ...૧૯૦
૭૮ ઉપદેશ ૬૯ માં - સુખક્ષણિક છે.....................૧૯૨
૭૯ ઉપદેશ ૭૦ માં - દાન દારિદ્રહરમ ..................૧૯૪
૮૦ ઉપદેશ ૭૧ માં - શીલં દુર્ગતિનાશનમ્ ..............૧૯૫
૮૧ ઉપદેશ ૭૨ માં - તપો દુઃકર્મનાશનાય ..............૧૯૬
૮૨ ઉપદેશ ૭૩ માં -ભાવના ભવ નાશિની..............૧૯૬
૮૩ ઉપદેશ ૭૪ માં -દાનમહિમા........................૨૦૦
૮૪ ઉપદેશ ૭૪ માં -તીર્થંકરના સાતિશયદાનો ............૨૦૩
૮૫ ઉપદેશ ૭૪ માં -તીર્થંકરના દાનનાં છ અતિશય ......૨૦૪
૮૬ ઉપદેશ ૭૫ માં - ઇન્દ્રિયોનું સેવન અનર્થકારી........૨૦૯
૮૭ ઉપદેશ ૭૬ માં -નવગ્રહ પૂજા વિચાર ...............૨૧૩
૮૮ ઉપદેશ ૭૭ માં -નવકાર મંત્ર ગણવાની વિધિ ........૨૧૪
૮૯ ઉપદેશ ૭૮ માં - કયી નવકારવાળી વિશિષ્ટ..........૨૧૬
૯૦ ઉપદેશ ૭૯ માં - નવનિધાનો .......................૨૧૮
૯૧ ઉપદેશ ૮૦ માં -લોકવિરૂદ્ધતાનો અર્થ ...............૨૧૯
૯૨ ઉપદેશ ૮૧ માં -લોકસ્થિતિ આઠ પ્રકારે.............૨૨૦
૯૩ ઉપદેશ૮૧ માં - માનુષોત્તર પર્વત પહેલા............૨૨૧
૯૪ ઉપદેશ ૮૧ માં -છ પ્રકારનાં આર્યો .................૨૨૩
૯૫ ઉપદેશ ૮૨ માં - હિત શિખામણ ...................૨૨૫
૯૬ ઉપદેશ ૮૩ માં - શોચ કરવા લાયક શું ?..........૨૨૫
૯૭ ઉપદેશ ૮૪ માં - પુણ્ય ઉપાર્જન ....................૨૨૬
૯૮ ઉપદેશ ૮૫ માં -પાંચ મહાવ્રત .......................૨૨૭
૯૯ ઉપદેશ ૮૬ માં -પાંચ મહાવ્રત ની દુર્લભતા .........૨૨૮
૧૦૦ ઉપદેશ ૮૭ માં - ચાર પુરૂષાર્થ ....................૨૨૯
૧૦૧ ઉપદેશ ૮૮ માં - રાગ દ્વેષ મોહ....................૨૩૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૦૨ ઉપદેશ ૮૯ માં -મનુષ્યભવની સફળતા ..............૨૩૧
૧૦૩ ઉપદેશ ૯૦ માં -જ્યોતિષીઓનું પ્રમાણ..............૨૩૨
૧૦૪ ઉપદેશ ૯૧ માં -છ આરાનું પ્રમાણ ..................૨૩૪
૧૦૫ ઉપદેશ ૯૨ માં -સંયોગ ત્યાં વિયોગ ..................૨૩૬
૧૦૬ ઉપદેશ ૯૩ માં -કર્મ સ્વરૂપ ...........................૨૩૭
૧૦૭ ઉપદેશ ૯૪ માં -જીવનું ભ્રમણ .......................૨૩૯
૧૦૮ ઉપદેશ ૯૫ માં -જીવને શિખામણ ....................૨૪૦
૧૦૯ ઉપદેશ ૯૬ માં -જ્ઞાન વિના શૂન્ય....................૨૪૨
૧૧૦ ઉપદેશ ૯૭ માં -ધર્મોપદેશ ...........................૨૪૪
૧૧૧ ઉપદેશ ૯૮ માં -ધર્મોપદેશ ...........................૨૪૬
૧૧૨ ઉપદેશ ૯૯ માં -પાપની નિંદા.........................૨૪૯
૧૧૩ ઉપદેશ ૧૦૦ માં -સુકૃત અનુમોદના.................૨૫૨
૧૧૪ ઉપદેશ ૧૦૧ માં -ધર્મનો આશ્રય સુખકારી ..........૨૫૫
૧૧૫ ઉપદેશ ૧૦૨ માં -ચક્રવર્તીના ૧૪ રત્નો.............૨૫૭
૧૧૬ ઉપદેશ ૧૦૩ માં -પચ્ચકખાણ કરવાનું વિશેષફળ .....૨૫૯
૧૧૭ ઉપદેશ ૧૦૪ માં - ઉત્તરોત્તર ફળની પ્રાપ્તિ...........૨૬૦
૧૧૮ ઉપદેશ ૧૦૫ માં - આવતી ચોવીશીના ૧૨ ચક્રી ૯ વાસુદેવ ૯ બળદેવ ૯ પ્રતિવાસુદેવના નામો ..........૨૬૧
૧૧૯ ઉપદેશ ૧૦૬ માં - રાગ બે પ્રકારના................૨૬૨
૧૨૦ ઉપદેશ ૧૦૭ માં -તીર્થ વિચ્છેદ .....................૨૬૨
૧૨૧ ઉપદેશ ૧૦૮ માં -તીર્થંકરનો દીક્ષાતપ, કેવલજ્ઞાન તપ, અને મોક્ષતપ ..................................૨૬૪
૧૨૨ ઉપદેશ ૧૦૮ માં -આયુષ્યની સ્થિતિ ................૨૬૪
૧૨૩ ઉપદેશ ૧૧૦ માં -યુગપ્રધાનની ગણના ..............૨૬૫
૧૨૪ ઉપદેશ ૧૧૧ માં -જીવની કાયસ્થિતિ................૨૬૬
૧૨૫ ઉપદેશ ૧૧૨ માં -એકેંદ્રિયાદિક જીવોને મૈથુનસંજ્ઞા....૨૬૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૨૬ ઉપદેશ ૧૧૩ માં - અજીવનાં ભેદો ..................૨૬૯
૧૨૭ ઉપદેશ ૧૧૪ માં - રાજલોક પ્રમાણ..................૨૭૦
૧૨૮ ઉપદેશ ૧૧૫ માં - નિગોદનું સ્વરૂપ ................૨૭૧
૧૨૯ ઉપદેશ ૧૧૬ માં - ઈરિયાવહિના મિચ્છામિદુક્કડમો...૨૭૨
૧૩૦ ઉપદેશ ૧૧૭ માં - અઢાર ભાર વનસ્પતિ...........૨૭૨
૧૩૧ ઉપદેશ ૧૧૮ માં - કાલ અને ક્ષેત્રથી જ્ઞાન .........૨૭૩
૧૩૩ ઉપદેશ ૧૧૯ માં - ક્ષપક શ્રેણીનો ક્રમ ..............૨૭૪
૧૩૩ ઉપદેશ ૧૨૦ માં - કયા ગુણઠાણે શું ક્ષય થાય ?....૨૭૫
૧૩૪ ઉપદેશ ૧૨૧ માં - મતિજ્ઞાનનાં ૨૮ ભેદો ..........૨૭૭
૧૩૫ ઉપદેશ ૧૨૨ માં - ૩૬૩ પાખંડીઓ ...............૨૮૪
૧૩૬ ઉપદેશ ૧૨૩ માં - ગોત્ર વિચાર, જૈનો બનાવ્યા.....૨૮૬
૧૩૭ ઉપદેશ ૧૨૪ માં - વિનયનું સ્વરૂપ .................૨૮૭
૧૩૮ ઉપદેશ ૧૨૫ માં - દુષ્કાળ પછી વિચ્છેદ શું.........૨૯૦
૧૩૯ ઉપદેશ ૧૨૬ માં - કોટિશીલા સ્વરૂપ................૨૯૩
૧૪૦ ઉપદેશ ૧૨૭ માં - આત્મા છે તેની સિદ્ધિ ..........૨૯૪
૧૪૧ ઉપદેશ ૧૨૮ માં - જીવનું લક્ષણ ...................૨૯૮
૧૪૨ ઉપદેશ ૧૨૯ માં - જીવોની ગતિ ....................૨૯૯
૧૪૩ ઉપદેશ ૧૩૦ માં - સિદ્ધ શીલા કેવી ? .............૩૦૨
૧૪૪ ઉપદેશ ૧૩૦ માં - મુક્તિ સંબંધી પ્રશ્નો ? ..........૩૦૬
૧૪૫ ઉપદેશ ૧૩૧ માં - ષટ્પુરુષ પ્રકૃતય .................૩૧૦
૧૪૬ ઉપદેશ ૧૩૨ માં - ધર્મફળ ..........................૩૧૯
૧૪૭ ઉપદેશ ૧૩૩ માં - કોનું કેટલું બળ ? ..............૩૨૬
૧૪૮ ઉપદેશ ૧૩૪ માં - કર્મ-બલીષ્ઠ-કર્મફળ ..............૩૨૭
૧૪૯ ઉપદેશ ૧૩૫ માં - મનુષ્યમાં એક સમયે કેટલા મોક્ષે જાય ? ........................................૩૨૯
૧૫૦ ઉપદેશ ૧૩૬ માં - અસ્વાધ્યાય.......................૩૩૧
૧૫૧ ઉપદેશ ૧૩૭ માં - ભાવશ્રાવકના છ લિંગ.........૩૩૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૫૨ ઉપદેશ ૧૩૮ માં -ભાવશ્રાવકના ભાવગત ૧૭ લક્ષણો... ૩૩૫
૧૫૩ ઉપદેશ ૧૩૮ માં - પાંચ મહાવ્રતની ૨૫ ભાવના ....૩૩૮
૧૫૪ ઉપદેશ ૧૩૯ માં -ભવ્યાદિક સંબંધી ................૩૩૯
૧૫૫ ઉપદેશ ૧૪૦ માં -ચાર પ્રકારનાં ધ્યાનનું સ્વરૂપ ......૩૪૧
૧૫૬ ઉપદેશ ૧૪૧ માં -પૌષધશાળા.......................૩૪૭
૧૫૭ ઉપદેશ ૧૪૨ માં - ધર્મરૂપી કામગવી ..............૩૪૯
૧૫૮ ઉપદેશ ૧૪૩ માં - ધર્મ એજ તારણહાર ............૩૫૦
૧૫૯ ઉપદેશ ૧૪૪ માં - જૈનધર્મ મીઠો મોદક ............૩૫૨
૧૬૦ ઉપદેશ ૧૪૫ માં - જીવને હિત શિખામણ ..........૩૫૩
૧૬૧ ઉપદેશ ૧૪૬ માં - પાંચમા આરાનાં સાધુના ગુણો ...૩૫૫
૧૬૨ ઉપદેશ ૧૪૭ માં -પાંચમા આરાનાં શ્રાવકનાં ગુણો ...૩૫૭
૧૬૩ ઉપદેશ ૧૪૮ માં - આત્માની કિંચિત આત્મતા .......૩૬૦
૧૬૪ ઉપદેશ૧૪૯ માં - આત્મનિંદા .......................૩૬૧
૧૬૫ ઉપદેશ ૧૫૦ માં - જિનેશ્વર ભગવાનની વાણી.......૩૬૫
૧૬૬ ઉપદેશ ૧૫૧ માં - દુર્જનમાં દોષો.................૩૬૯
૧૬૭ ઉપદેશ ૧૫૨ માં - (૧) માનવ જન્મની શોભા
શેનાથી છે ...................................૩૭૦
૧૬૮ ઉપદેશ ૧૫૨ માં - (૨) અજ્ઞાનીની અજ્ઞાનતા .......૩૭૪
૧૬૯ ઉપદેશ ૧૫૪ માં - દૈવવિધિ .......................૩૭૫
૧૭૦ ઉપદેશ ૧૫૫ માં - વસ્તુ વસ્તુઓમાં ફેરફાર હોય છે. ..૩૭૭
૧૭૧ ઉપદેશ ૧૫૬ માં -કયો ગુણ કોનામાં હતો ?........૩૭૮
૧૭૨ ઉપદેશ ૧૫૭ માં - બંધ બેસતી કવિતા..............૩૮૦
૧૭૩ ઉપદેશ ૧૫૮ માં - ગૌતમ બુદ્ધ.....................૩૮૧
૧૭૪ ઉપદેશ ૧૫૯ માં - કહેવતો.........................૩૮૬
૧૭૫ ઉપદેશ ૧૬૦ માં - ત્રણ વસ્તુની સુંદરતા............૩૯૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ૐ નમો વીતરાગાય
પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદઃ,શ્રી મૂલચંદજી
(મૂક્તિવિજયજી) ગણિગુરૂભ્યો નમ :

# વિવિધ વિષય વિચારમાળા

## ભાગ આઠમો

## ઉપદેશ પહેલો

પંચપરમેષ્ઠિ મહારાજાના ૧૦૮ ગુણો

अर्हन्तो भगवंत इन्द्रमहिताः सिद्धाश्च सिद्धिस्थिता,
आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः।
श्रीसिद्धान्तसुपाठकामुनिवरा रत्नत्रयाराधकाः,
पंचैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मंगलम् ॥१॥

ભાવાર્થ- ઈંદ્રોએ પૂજિત, અરિહંત ભગવંત મહારાજ, સિદ્ધગતિમાં રહેલા સિદ્ધ ભગવાન, જૈનશાસનની ઉન્નતિ કરનારા આચાર્ય મહારાજા, પૂજ્ય અને સિદ્ધાંતને ભણાવનારા ઉપાધ્યાય મહારાજ, રત્નત્રયીના આરાધક મુનીમહારાજા-આ પાંચે પરમેષ્ઠિ મહારાજના એકસોને આઠ ગુણો નીચે મુજબ છે.

### અરિહંત મહારાજના બાર ગુણો

अशोकवृक्षः सुरपुष्पवृष्टिः, दीव्यध्वनिश्चामरमासनं च,।
भामंडळं दुंदुभिरातपत्रं, सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥१॥

ભાવાર્થ- અશોક વૃક્ષ ૧, દેવોએ કરેલી પુષ્પોની વૃષ્ટી ૨,દિવ્યધ્વનિ ૩, ચામર ૪, સિંહાસન ૫, ભામંડલ ૬, દેવદુંદુભી ૭,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છત્ર ૮ એ આઠ જિનેશ્વર મહારાજાના શ્રેષ્ઠ પ્રાતિહાર્યો છે.

**૧ અશોક વૃક્ષ** ભગવાનના મસ્તકના ઉપર દેવતાઓએ રચેલો, ભગવાનથી બારગણો ઉંચો હોય છે. તેમાં આ હુંડાવસર્પિણી કાળમાં પ્રથમ આદિનાથના મસ્તક ઉપર ત્રણ ગાઉનો અશોક વૃક્ષ દેવોએ કર્યો હતો, કારણ કે ભગવાનની પાંચસો ધનુષ્યની કાયા હતી, પરન્તુ શ્રી અજિતનાથજીથી શ્રી પાર્શ્વનાથ મહારાજ સુધી બાવીશ તીર્થંકર મહારાજાઓના મસ્તકના પર તેમના દેહપ્રમાણથી બારગણો ઉંચો અશોક વૃક્ષ દેવોએ કરેલો હતો. ભગવાન મહાવીર રાજાના મસ્તક ઉપર બત્રીશ ધનુષ્ય ઊંચો અશોક વૃક્ષ દેવોએ કરેલો હતો. ભગવાનની સાત હાથની કાય, તેને બારે ગુણવાથી એકવીશ ધનુષ્ય થાય. અને જે શાલ વૃક્ષના નીચે ભગવાનને કેવલજ્ઞાન થયું તે અગ્યાર ધનુષ્યનું હોવાથી ઉપરના એકવીશ ને અગ્યાર મળવાથી બત્રીશ ધનુષ્ય થયા, તેથી મહાવીર મહારાજાના મસ્તકના ઉપર બારગણો બત્રીશ ધનુષ્ય પ્રમાણ અશોક વૃક્ષ હતો.

૨. **સુરપુષ્પવૃષ્ટિઃ**- દેવતાઓ એક યોજન ભૂમિમાં, ચારે બાજુ, પંચવર્ણી સચિત્ત પુષ્પોની વૃષ્ટિ કરે છે.

શંકા - સમવસરણમાં દેવોયે કરેલી પુષ્પની વૃષ્ટિ સચિત્ત છે. કે અચિત્ત ?

સમાધાન-પ્રાયઃ કરી જલસ્થલરૂપ સચિત્ત હોય છે. શ્રી સમવાયાંગ સૂત્રમાં ચોત્રીશ અતિશય.ના અધિકારમાં કહ્યું છે કે-જલસ્થલ સંબંધી પાંચ પ્રકારના સચિત્ત પુષ્પોની વૃષ્ટિ ઢીંચણ પ્રમાણ, નીચે બિંટ રહેલાની, દેવતાઓ કરે છે.

પ્રવચનસારોદ્ધારમાં ઓગણચાલીશમા દ્વારમાં પણ વિશેષે કરીને કહેલ છે કે- દેવતાઓ સમવસરણને વિષે એક યોજન પ્રમાણ ભૂમિમાં. નીચે બિંટવાળા, પાંચ પ્રકારના સચિત્ત પુષ્પોની ઢીંચણ પ્રમાણ વૃષ્ટિ કરે છે, આ ઉપરથી તે પુષ્પો સચિત્ત હોય છે તેવી સંભાવના થાય છે,

શંકા-જીવદયારસિક સાધુ, સાધ્વીઓ તે પુષ્પોના ઉપર કેવી રીતે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાલી શકે ? કારણ કે, સચિત્તનું મર્દન જીવઘાતના હેતુભૂત છે.

સમાધાન-કોઈક કહે છે કે તે પુષ્પવૃષ્ટિ દેવતાએ કરેલી છે માટે સચિત નથી, કિંતુ અચિત્ત છે.

બીજાઓ કહે છે તે- નહિ, તે વાત સત્ય નથી. દેવતાયે કરેલ છતાં પણ તે પુષ્પોની વૃષ્ટિ સચિત્ત જ છે.

અન્ય કહે છે તે-જ્યાં પુષ્પો હોય છે ત્યાં ત્યાં સાધુ સાધ્વીયો ચાલતા નથી.

અપર કહે છે કે - નહી, સર્વ જગ્યાયે પુષ્પો હોય છે પરંતુ કારણ વિના મુનિયો ચાલતા નથી.

ગીતાર્થ મહારાજા ફેંસલો આપે છે કે-મંદર, મોગરો, માલતી, મચકુંદ, ગુલાબ વિગરે પાંચ પ્રકારના સચિત્ત સુગંધી પુષ્પોની દેવતાઓ સમવસરણમાં જાનુપ્રમાણ વૃષ્ટિ કરે છે, તે સચિત્ત પુષ્પો જ છે, પરંતુ સમવસરણમાં વિદ્યમાન જીવોથી, ગમનાગમનમાં ચંપાયા છતાં પણ તે જીવો મરતા નથી, કિલામણા પામતા નથી, પરંતુ તીર્થંકરમહારાજાના અતિશયથી ઊલટા વધારે પ્રફુલ્લિત થઈ, મહાઆનંદ પામે છે, માટે જલસ્થલ સંબંધી તે પુષ્પોની વૃષ્ટિ સચિત્ત જ છે.

૩. **દિવ્યધ્વનિઃ**- ભગવાન જ્યારે દેશના આપે છે ત્યારે ભગવાનની વાણીનો માલ કોષ રાગ દેવતાઓ વીણાનો ધ્વનિ દિવ્ય શોભે છે.

શંકા-રાગો તો ઘણાં છે, છતાં દરેક ભગવાન માલકોષ રાગથી દેશના કેમ આપે છે. ? બીજા રાગમાં દેશના કેમ આપતા નથી ?

સમાધાન- કેટલાયેક રાગોના ગુણો રાગ પ્રમાણે જ હોય છે, તેથી તે રાગો ગાવા બોલવા જ જોઈએ જીઓ.

(૧) **ભૈરવ રાગ :** આ રાગનો ગુણ ભમાવવાનો છે. આ રાગ બરાબર કોઈને ગાતા આવડતો હોય અને ઘાણી ઉપર બેસી યથાર્થ ભૈરવીરાગ કોઈ ગાતો હોય તો, વિના બળદે ઘાણી તેની મેળે જ ફરવા માંડે છે, તે ભૈરવી રાગનો ગુણ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨) **મલ્હારરાગઃ,** આ રાગ જો બરાબર ગાનારો હોય તો ચોમાસાની ઋતુ વિના પણ મલ્હાર રાગના ગાવાથી તત્કાળ આકાશમાંથી જળની વૃષ્ટિ થાય છે.

(૩) **હિંડોળા રાગઃ,** આ રાગ બરાબરગાતા આવડનાર માણસ હિંડોળા ઉપર બેસી ગાય તો, હિંચકો નાખ્યા વગર પણ હિંડોળો આપમેળે ચાલવા માંડે છે.

(૪) **દીપકરાગઃ,** આ રાગને યથાસ્થિત જાણનાર માણસ તેલનું કોડીયું ભરી, અંદર વાટ મૂકી, જો દીપકરાગ ગાય તો અગ્નિ વિના તે રાગના પ્રતાપે દીવાની જ્યોત પ્રગટ થાય છે.

(૫) **શ્રીરાગઃ,** આ રાગ જો બરાબર ગાતા આવડતો હોયતો ગાતાની સાથે જ આંકાશમાંથી લક્ષ્મીની વૃષ્ટિ થાય છે.

(૬) માલકોષઃ, આ રાગ જો બરાબર ગાતા આવડતો હોય તો પાસે પડેલો પત્થર પણ ગાનના સાથે જ પોચો રૂ જેવા, માખણના પિંડ જેવો બની જાય છે.

તીર્થંકર મહારાજાને તો જીવોને બોધ કરવા સિવાય બીજી કોઈ ઈચ્છા રહેતી નથી, તેથી માલકોષ રાગમાં દેશના આપવાથી ભવ્ય જીવોના હ્રદય માખણ જેવા પોચા થઈ જવાથી કોઈક દીક્ષા, કોઈક દેશવિરતિ, કોઈક સમકિતદ્રષ્ટિપણું. વિગેરે અંગીકાર કરે છે તેજ કારણથી પરમાત્મા માલકોષ રાગથી દેશના આપે છે અને દેવતાઓ ભગવાનનો રાગ વીણાથી પૂરવાથી, સાકર, શેલડી, દ્રાક્ષ, કેરીથી પણ લાખોગણી મીઠી ભગવાનની વાણી સાંભળી ભવ્ય જીવોના હ્રદય વૈરાગ્યથી વાસિત બની જાય થેતી આ છ રાગો બહુ જ પ્રશસ્ત કહેલા છે, તેમાં માલ કોષ વિશેષ પ્રશસ્ત છે.

૪. **ચામર**-સુવર્ણની દાંડીમાં રત્નો જડેલા જેવા ઉજ્જવલ ચાર જોડી ચામરોવડે દેવાતાઓ ચારે દિશામાં ભગવાનને વીંજે છે

૫. **રત્નજડીત આસન**-સિંહાસન, દેવતાઓ સમવસરણને વિષે ભગવાનને બેસવા માટે, રત્નજડીત પાદપીઠ સહિત, સુવર્ણમય દિવ્ય સિંહાસન બનાવે છે, પ્રભુ પૂર્વ તરફ મુખ કરી તે સિંહાસન ઉપર બેસી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભવ્ય જીવોને ધર્મદેશના આપે છે.

૬. **ભામંડલ**-શરદ ઋતુના સૂર્યના કિરણ જેવું દિવ્ય ભામંડલ દેવતાઓ ભગવાનની પાછળ બનાવે છે, તેથી પ્રભુની પ્રભાની કાંતિ ભામંડલમાં સંક્રમણ થવાથી તમામ જીવો પ્રભુના દિવ્યરૂપને જોઈ શકે છે. જો ભામંડલ ન હોય તે ભગવાનનું રૂપ અનંતગણું મનહર હોવાથી જેમ સૂર્યના સન્મુખ કોઈથી ન જોવાય તેમ પ્રભુ સન્મુખ જોઈ શકાય નહી, કારણ કે પ્રભુનું રૂપ અનંતગણું છે.

૭. **દુંદુભિ**-દેવતાઓ આકાશમાં દુંદુભિ વગાડી જગતના જીવોને જણાવે છે કે પ્રમાદને ત્યાગ કરી ભગવાનની વાણીને સેવો.

૮. **છત્ર**- દરેક બાજુયે ત્રણ છત્રો, એમ ચારે દિશાએ મળીને બાર છત્રો પ્રભુના મસ્તક ઉપર હોય છે.

૯. **અપાયાગમાતિશય**-સ્વઆશ્રિત અઢાર દોષ રહિત, પર આશ્રી પ્રભુ વિહાર કરે તે જગ્યાએથી, ઉત્તર, દક્ષીણ, પશ્ચિમ, અગ્નિ, ઈશાન, વાયવ્ય અને નૈરૂત્ય, ઉંચે તથા નીચે, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, રોગ, શોક, ભય, સ્વચક્ર, પરચક્ર, દુર્ભિક્ષ, ડમરાદિક, સવાસો યોજનમાં હોય નહિ,

૧૦. **જ્ઞાનાતિશય**-ભગવાન કેવલજ્ઞાનથી લોકાલોકના સ્વરૂપને જાણનાર હોય.

૧૧. **પૂજાતિશય**- વાસુદેવ,બલદેવ, ચક્રવર્તી ચાર નીકાયના દેવો ત્રણ જગતના જીવો પ્રભુને પૂજવાની અભીલાષા કરે.

૧૨. **વચનાતિશય**-ભગવાનની વાણી દેવ, મનુષ્ય અને તિર્યંચોને, ભીલના 'સરો'નત્થિના કથન મુજબ દરેકને સમજાય છે.

એક ભિલ્લને ત્રણ સ્રિયો હતી. એકદા વગડામા ભિલ્લને એક સ્ત્રીએ કહ્યું કે હે સ્વામિન્ ! ભૂખ લાગી છે, ખાવાનું આપો. બીજીયે કહ્યું તૃષા લાગી છે પાણી દે, ત્રીજીયે કહ્યું સારૂં ગાન કર. આ ત્રણેને ભીલ્લે 'સરો નત્થિ', એક જ શબ્દમાં જુદીદજુદી રીતે સમજાવી દીધી. ખાવાનું માગનારીને સરો નત્થિ બાણ નથી, તેથી કેવી રીતે જીવને માર્યા વિના તને ખાવા આપું, બીજીને કહ્યું કે સરો નત્થિ, સરોવર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નથી, ક્યાંથી પાણીલાવીને પાઉં, ત્રીજીને કહ્યું કે સરો નત્થિ, મારો કંઠ સારો નથી, કેવી રીતે ગાઉં ? જ્યારે અજ્ઞાની ભિલ્લ જેવો માણસ પણ જંગલમાં પોતાની સ્ત્રીયોને એક જ શબ્દથી સમજાવે છે ત્યારે અનંતગુણી તીર્થંકરમહારાજા પોતાના એક જ શબ્દથી દેવ,મનુષ્ય,ભિલ્લો અને તિર્યંચોને સમજાવે તેમાં આશ્ચર્ય શું હતું ? આ બાબતમાં કલિકાલ સર્વજ્ઞ, ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા પોતાના બનાવેલ કાવ્યાનું શાસનગ્રંથની સ્વોપજ્ઞ અલંકાર ચૂડામણિ નામના ટીકામાં કહે છે કે -

**देवादैवीं नरनारीं, शबरराश्चापिशाबरीं,**
**तिर्यंचोपितैर्यिचिच, मेनिरे भगवद्गिरम्, ॥१॥**

ભાવાર્થ-દેવો દેવોની ભાષામાં, મનુષ્યો મનુષ્યની ભાષામાં, ભીલ્લાદીક ભિલ્લની ભાષામાં, તિર્યંચો તિર્યંચની ભાષામાં ભગવાનની વાણીને એક જ વખતે સમજી શકે છે. આ પ્રમાણે અરિહંત મહારાજાનાં બાર ગુણો કહ્યા.

## અરિહંત દેવના ચોત્રીશ અતિશયો.

૧. રોગ રહિત, સુગંધયુક્ત, અદ્ભૂત રૂપ સહિત શરીર હોય.
૨. રૂધિર, માંસ,ગાયના દૂધ જેવું, સુગંધયુક્ત શરીર હોય.
૩. ચર્મચક્ષુવાળા આહાર નિહાર દેખી શકે નહિ.
૪. શ્વાસોશ્વાસ કમલના જેવો સરસ સુગંધવાળો હોય. એ ઉપરના ચાર અતિશય સહજથી જન્મની સાથે જ હોય.
૫. એક યોજન ભૂમિમાં ત્રણ લોકના લોકો સમાય તેવું સમવસરણ હોય.
૬. તમામ જીવો પોતપોતાની ભાષામાં સમજે તેવી વાણી હોય.
૭. પ્રભુ વિચરે તેની આસપાસ પચીશ યોજન સુધી રોગાદીક ઉપદ્રવની શાંતિ રહે, રોગાદિક કાંઈપણ હોય નહી.
૮. વૈરભાવની શાંતિ રહે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૯. દુર્ભિક્ષ-દુષ્કાળ ટળે.
૧૦. સ્વચક્ર, પરચક્રનો ભય ન હોય.
૧૧. મરકી ન હોય.
૧૨. ઈતિ, વિનાશ કરનારા, જીવજંતુઓની ઉત્પતિ ન હોય.
૧૩. અતિવૃષ્ટી ન હોય.
૧૪. અનાવૃષ્ટી ન હોય.
૧૫. પ્રભુની પાછળ તેજસ્વી ભામંડલ હોય. એ ઉપરના અગ્યાર અતિશયો ઘાતીકર્મનો ક્ષય થવાથી થાય છે,
૧૬. મણિ રત્નમય સિંહાસન સહચારી હોય.
૧૭. ભગવાનના મસ્તક ઉપર ત્રણ છત્ર હોય.
૧૮. સદા આગળ ચાલનાર ઈંદ્રધ્વજ હોય.
૧૯. શ્વેત ચામરોની ચાર જોડો અણવિંજાયા વિંજાય.
૨૦. ધર્મચક્ર આકાશ માર્ગે આગળ ચાલે.
૨૧. પ્રભુથી બારગણો ઊંચો અશોકવૃક્ષ સમવસરણ ઉપર છાયા કરતો રહેલો હોય.
૨૨. ચતુર્મુખે શોભતા પ્રભુ દેશના આપે.
૨૩. મણિ,કનક,રૂપામય ત્રણ ગઢ હોય.
૨૪. સુરસંચારિત નવકમલો પર ભગવાન ચાલે.
૨૫. કાંટાઓ અધોમુખા થઈ જાય.
૨૬. સંયમ ગ્રહણ કર્યા પછી કેશ અને નખો વધે નહિ.
૨૭. પાચે ઈંદ્રિયોના અર્થો મનોજ્ઞ હોય.
૨૮. સર્વ ઋતુઓ, સુખદાયક, સમકાળે ફળનારી હોય.
૨૯. સુગંધી પાણીની વૃષ્ટી કરેલી હોય.
૩૦. સમવસરણમાં દેવતાએ વૃષ્ટિ કરેલા ઊંધા ડીંટવાળા, પંચવર્ણા, પંચ પ્રકારના સુંગધી પુષ્પો, જાનું પ્રમાણ પથરાયેલા હોય.
૩૧. સમગ્ર પક્ષિયો, ભગવાનને પ્રદક્ષિણા દઈને ફરે.
૩૨. વાયુ સાનુંકુલ હોય.
૩૩. સર્વે વૃક્ષો નીચા નમીને ભગવાનને પ્રણામ કરે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩૪. આકાશમાં દેવતાઓ દેવદુંદુભિનો નાદ કરે.
એ ચોત્રીશ અતિશયો દેવોના કરેલા હોય છે.

## અરિહંત દેવના પાંત્રીશ વાણી ગુણો.

૧. જે સ્થાને જે ભાષા બોલાતી હોય તે અર્ધમાગધી બોલે.
૨. ઊંચે સ્વરે દેશના આપવાથી, એક યોજન ભૂમિ પ્રમાણ સમવસરણમાં બેઠેલા તમામ લોકો સાંભળે, તેમ બોલે.
૩. ગ્રામિક તુચ્છ નહિ, પરંતુ પ્રૌઢ ભાષા બોલે.
૪. મેઘની પેઠે ગર્જારવ સહિત ગંભીર વાણી બોલે.
૫. શબ્દોપેત એટલે પડધા સહિત વાણી બોલે અને સાંભળનારા, છૂટાછૂટા શબ્દો સાંભળે.
૬. સાંભળનારને સંતોષકારક, માનસહિત, સરલતાયુક્ત બોલે.
૭. સાંભળનારા તહેક પોતપોતાને આશ્રી કહે છે એમ જાણે.
૮. પુષ્ટ વિસ્તાર અર્થ સહિત બોલે,
૯. પૂર્વાપર અવિરોધ, એટલે સરખો મળતો અર્થ બોલે.
૧૦. મોટાઈના વચનો બોલે, જેથી સાંભલનારા એમ કહે કે એ તો મોટા પુરૂષો જે બોલે, તથા અભિમત સિદ્ધાંતોકત બોલે.
૧૧. એવું સ્પષ્ટ બોલે કે કોઈ સાંભળનારને સંદેહ રહેનહિ.
૧૨. પ્રભુ જે અર્થનું વ્યાખ્યાન કરે, તેને કોઈ દૂષણ આપી શકે નહી.
૧૩. ઘણો કઠણ સૂક્ષ્મ વિષય પણ, સાંભળનારના હૃદયમાં તુરત પરિણમે તેમ બોલે.
૧૪. પ્રસ્તાવને ઉચિત બોલે, અને મળતો અર્થ આવે તેમ વૃધ્ધવાદીના પેઠે બોલે.
૧૫. પ્રભુને જે વાત કહેવાની ઈચ્છા હોય તે સિધ્ધાંતોકત બોલે.
૧૬. વિષય, સંબંધ, પ્રયોજન, અને અધિકાર સહિત બોલે.
૧૭. પદરચના, અપેક્ષા લઈને બોલે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૮. નવતત્ત્વ, અને છ દ્રવ્યની પટુતા બોલવામાં હોય તેમ બોલે.
૧૯. સ્નિગ્ધ, મધુર બોલે.
૨૦. પરમર્મ ન જણાય તેમ ચતુરાઈથી બોલે.
૨૧. ધર્મ અર્થ પ્રતિબદ્ધ બોલે.
૨૨. ઉદારપણે દીપક જેવો પ્રકાશ કરી અર્થ બોલે.
૨૩. જેને વિષે પરનિંદા અને પોતાની પ્રશંસા ન દેખાય તેમ બોલે.
૨૪. જે બોલવાથી લોકોને એવો ભાસ થાય કે સર્વજ્ઞ છે, એમ બોલે.
૨૫. વ્યાકરણ સહિત બોલે.
૨૬. આશ્ચર્યકારી બોલે.
૨૭. સ્વસ્થ ચિત્તે ધીરતા સહિત બોલે.
૨૮. વિલંબ રહિત બોલે.
૨૯. મનની ભ્રાંતિ રહિત બોલે.
૩૦. દેવ, મનુષ્ય, તિર્યંચ, પોતાની ભાષામાં સમજે તેમ બોલે.
૩૧. શિષ્યોને જેમ વિશેષ બુદ્ધિ ઉપજવાપણું થાય તેમ બોલે.
૩૨. પદના અર્થને અનેક પણે વિશેષ આરોપણ કરી બોલે.
૩૩. સત્વ પ્રધાન પણે એટલે સાહસિક પણે બોલે.
૩૪. પુનરૂકિત દોષ રહિત બોલે.
૩૫. સાંભળનારને ખેદ ન ઉપજે તેમ બોલે.

## ઉપદેશ બીજો

### *સિદ્ધ ભગવાનના આઠ ગુણો.*

૧. જ્ઞાનગુણ- જ્ઞાનાવરણીય કર્મ ક્ષય થવાથી લોકાલોકનું સ્વરૂપ વિશેષપણે જેનાવડે જાણે તે.

૨. દર્શનગુણ-દર્શનાવરણીય કર્મ ક્ષય થવાથી કેવલ દર્શનની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્પત્તિ થવાથી, લોકનું સ્વરૂપ સારી રીતે દેખેતે.

૩. અવ્યાબાધ સુખ-વેદની કર્મ ક્ષય થવાથી સર્વ પ્રકારે બાધા રહિત, નિરૂપાધિક અનંત સુખ ઉત્પન્ન થાય તે.

૪. ક્ષાયિક સમ્યક્ત્વ મોહનીય કર્મ ક્ષય થવાથી, જે ઉત્પન્ન થયું તે.

૫. અક્ષય સ્થિતિ-આયુકર્મનો ક્ષય થવાથી, જે સ્થિતિ ઉત્પન્ન થઈ તે રૂપ, વર્ણ, રસ , ગંધ, સ્પર્શ રહીત થયા તે.

૬. અરૂપી, નામ કર્મ ક્ષય થવાથી.

૭. અગુરૂલઘુ-ગોત્ર કર્મનો ક્ષય થવાથી, હળવો ભાસે તેમજ ઊંચ-નીચપણું તેનામાં નથી તે.

૮. વીર્ય-અંતરાયકર્મના ક્ષય થવાથી તેમને સ્વાભાવિક આત્માનું અનંત બળ હોય છે, જે બળે લોકનું અલોક અને અલોકનું લોક, કરી નાખે, તેવું બળ હોય તે.

એપ્રકારે સિદ્ધ ભગવાનના આઠ ગુણો કહ્યા. બીજા પણ સિદ્ધ ભગવાનના એકત્રીશ ગુણો.

| | |
|---|---|
| ૫. સંસ્થાનરહિત. | ૩. વેદરહીત. |
| ૫. વર્ણરહિત. | ૧. શરીરરહિત. |
| ૨. ગંધરહિત. | ૧.સંગરહિત. |
| ૫. રસરહિત. | ૧. જન્મરહિત. |
| ૮. ફરસરરહિત. | |

## બીજા પણ એકત્રીશ ગુણો.

પાચં પ્રકારનાજ્ઞાનાવરણીય કર્મથી રહીત.
નવ પ્રકારના દર્શનાવરણીય કર્મથી રહિત.
બે પ્રકારના વેદનીય કર્મ રહિત,
બે પ્રકારના મોહનીય કર્મ રહિત.
ચાર પ્રકારના આયુ કર્મ રહિત.
બે પ્રકારના નામ કર્મ રહિત.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બે પ્રકારના ગોત્ર કર્મ રહિત.

પાંચ પ્રકારના અંતરાય કર્મ રહિત.

## ઉપદેશ ત્રીજો

### આચાર્ય મહારાજના છત્રીશ ગુણો

**पडिरुवाई चउद्दस, खंती माई य दसविहो धम्मो,**
**बारस य भावणाओ, सूरिगुणा हुंति छत्तीसं ॥१॥**

ભાવાર્થ - પ્રતિરૂપ ૧, તેજસ્વી ૨, યુગપ્રધાન (ઉત્કૃષ્ટ આગમના પારગામી અર્થાત્ સર્વશાસ્ત્રના જાણકાર) ૩, મધુર વચનવાળા ૪, ગંભીર ૫, ધૈર્યવાન્ ૬, ઉપદેશમાં તત્પર અને રૂડા આચારવાળા ૭, સાંભળેલું નહિ ભૂલનારા ૮, સૌમ્ય ૯, સંગ્રહશીલ ૧૦, અભિગ્રહ મતિવાળા ૧૧, વિકથા નહિ કરનાર ૧૨, અચપલ ૧૩, અને પ્રશાંત હૃદયવાળા ૧૪ એ પ્રતિપાદિક ચૌદ ગુણ.

૧. ક્ષમા, ૨. આર્જવ, ૩. માર્દવ, ૪. મુક્તિ, ૫. તપ, ૬. સંયમ, ૭. સત્ય, ૮. શૌચ, ૯. અકિંચન, ૧૦ બ્રહ્મચર્ય - એ ક્ષમાદિક દસ પ્રકારનો યતિધર્મ.

૧. અનિત્ય, ૨. અશરણ, ૩. સંસાર, ૪. એકત્વ. ૫. અન્યત્વ ૬. અશુચિ, ૭ આશ્રવ, ૮. સંવર ૯. નિર્જરા, ૧૦ લોકસ્વરૂપ, ૧૧. બોધિદુર્લભ, ૧૨ અને ધર્મ-એ બાર ભાવના. એ પ્રમાણે આચાર્યના છત્રીશ ગુણ છે.

બીજા પણ આચાર્ય મહારાજના છત્રીશ ગુણો

૧ પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષયમાંથી, પોતાને અનુકૂળ હોય, તેના ઉપર રાગ ન કરે, અને પ્રતિકૂળ હોય તેના ઉપર દ્વેષ ન કરે.

નવવિધ ગુપ્તિ ધારણ કરનાર

૧. સ્ત્રી, પશુ, નપુંસક રહિત સ્થાને રહેનાર.

૨. સ્ત્રીની, કથા, વાર્તા, સરાગે, પ્રીતિયુક્ત કરે નહિ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩. જે આસને સ્ત્રી બેઠી હોય તે આસને બ્રહ્મચારી પુરુષ બે ઘડી સુધી ન બેસે. પુરુષને આસને સ્ત્રી પણ ત્રણ પહોર ન બેસે.

૪. સ્ત્રીના અંગોપાંગ સરાગે નિરખે નહિ.

૫. ભીંત પ્રમુખને આંતરે સ્ત્રી પુરુષ, બન્ને સૂતા હોય અથવા કામ વિષે વાતો કરતા હોય ત્યાં બેસી રહે નહિ.

૬. પૂર્વ અવસ્થામાં સ્ત્રી સાથે કરેલ કામક્રીડાનું સ્મરણ કરે નહિ.

૭. સરસ. સ્નિગ્ધ આહાર લે નહિ,

૮. નીરસ આહાર પણ અતિ માત્રાયે વજન ઉપર લે નહિ.

૯. શરીરની શોભા વિભૂષા, કરે નહિ.

## ચાર કષાય

ક્રોધાદિક ચાર કષાય, તે ચારિત્રના ઘાતક પરિણામવિશેષ જાણવા, તેનાથી મુક્ત થવું તે.

પાંચ મહાવ્રતો

૧. પ્રાણાતિપાતવિરમણ-ત્રિકરણ યોગે છકાયના જીવોની રક્ષા કરવી તે, હિંસા કરે, કરાવે, અનુમોદે નહિ.

૨. મૃષાવાદવિરમણ-ક્રોધ, લોભ, ભય, હાસ્યથી, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સંબંધી, મન, વચન, કાયાએ કરી અસત્ય બોલે નહિ, બોલાવે નહિ, બોલતાંને ભલો જાણે નહિ.

૩. અદત્તાદાનવિરમણ-પારકાની કાંઈ પણ વસ્તુ દીધા વિના લે નહિ, લેવરાવે નહિ, લેનારને ભલો જાણે નહિ તથા તીર્થંકર અદત્ત, ગુરુઅદત્ત, સ્વામીઅદત્ત, લે નહિ, લેવરાવે નહિ લેનારને ભલો જાણે નહિ.

૪. મૈથુનવિરમણ-ઔદારિક તે નવ પ્રકારે, મનુષ્ય અને તિર્યંચની સ્ત્રીને, મન, વચન, કાયાએ કરી, સેવે નહિ, સેવરાવે નહિ, સેવતાને ભલો જાણે નહિ, તથા નવ પ્રકારે દેવતાઓની સ્ત્રીને વિષે પણ ઉપર પ્રમાણે જાણવું. એ અઢાર પ્રકારે બ્રહ્મચર્યનું પ્રતિપાલન કરે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫. નવવિધ પરિગ્રહ રહિત-ધાતુમાત્ર મૂર્ચ્છારૂપે રાખે નહિ, ધર્મસહાયક, ઔધિક, ચૌદ ઉપકરણ તથા ઔપગ્રહિક જે સંથારો, ઉત્તરપટ્ટો, દાંડો, પ્રમુખ તે ખપ પ્રમાણે રાખે, તે ઉપરાંત ગાંસડી બાંધી, ગૃહસ્થને ઘરે મૂકે નહિ અને તેમાં મૂર્ચ્છા રાખે નહિ.

## પાંચ આચાર

૧. જ્ઞાનાચાર-જ્ઞાનને ભણે-ભણાવે, લખે-લખાવે, ભંડાર કરે-કરાવે, તેના ઉપર રાગ કરે.

૨. દર્શનાચાર-સમ્યક્ત્વ પાળે, બીજાને પમાડે, પમાડેલાને યુક્તિથી સ્થિર કરે.

૩. ચારિત્રાચાર-ચારિત્ર પાળે, પળાવે, પાળતાને અનુમોદે.

૪. તપાચાર-બાર ભેદે તપ કરે, કરાવે, કરતાને અનુમોદે.

૫. વીર્યાચાર-ધર્મ અનુષ્ઠાનને વિષે બળવીર્ય ફોરવે ઈત્યાદિ.

પાંચ સમિતિ

૧. ઈર્યાસમિતિ-ધુંસર પ્રમાણ દૃષ્ટિ રાખી, બધી દિશાયે જોતો-ઉપયોગ રાખતો ચાલે.

૨. ભાષાસમિતિ-સાવદ્ય વચન બોલે નહિ, નિરવદ્ય વચન બોલે.

૩. એષણાસમિતિ-આધાકર્માદિક બેંતાલીશ દોષ રહિત, ઈંગાલાદિક પાંચ દોષ માંડલીના ટાળે.

૪. આદાનભંડનિક્ષેપણા સમિતિ- દૃષ્ટિએ જોઈ, પૂંજી, પ્રમાર્જી પાત્રા પ્રમુખ લે મૂકે.

૫. પારિષ્ઠાપનિકા સમિતિ-લઘુનીતિ, વડીનીતિ, દૃષ્ટિયે જોઇ, પૂંજી, અણુજાણહ જસ્સગ્ગો કહીને પરઠવે, પછી ત્રણ વાર વોસિરે વોસિરે કહે.

## ત્રણ ગુપ્તિ

દેશથી તથા સર્વથી યોગની નિવૃત્તિ તે ગુપ્તિ. ૧ મનગુપ્તિ, ૨.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વચનગુપ્તિ, ૩. કાયગુપ્તિ- આ ત્રણ પ્રકારે ગુપ્તિ છે.

૧. અસત્કલ્પવિયોજિની, આર્તરોદ્ર ધ્યાનને અનુયાયી, તે શત્રુ તથા રોગાદિક, માઠી વસ્તુની અપેક્ષાએ હિંસાદિક આરંભ સંબંધી, મનોયોગની નિવૃત્તિ, એ અશુભ ધ્યાન અથવા ભાવનાથી મનને નિવૃત્તાવવાને પ્રસ્તાવે થાય તે.

૨.સમતાભાવિની, સિદ્ધાંતને અનુસારે ધર્મ ધ્યાનની અનુયાયી ભાવનાયે કરી સહિત, પરલોકસાધક, સમતાના પરિણામરૂપ, મનોયોગની નિવૃત્તિ, તે એ ગુપ્તિનો અવકાશ, શુભ ભાવના અને શુભ ધ્યાનનાં અભિમુખ કાળે થાય તે.

૩. આત્મારામતા, શૈલેશીકરણકાળે સમગ્ર મનોયોગની નિવૃત્તિ તે.

## વચનગુપ્તિના બે ભેદ

૧. મૌનાવલંબિની હોંકારો, ખોંખારો, કાષ્ઠ, પાષાણનું ફેંકવું, નેત્રપલ્લવી, કરપલ્લવી પ્રમુખ છાંડીને મૌન રહેવું તથા સકલ ભાષાયોગનું રૂંધવું તે.

૨. વાગ્નિયમિતની ભણવું, ભણાવવું, પૂછવું, પ્રશ્નોત્તર દેવો, ધર્મોપદેશ દેવો, પરાવર્તના પ્રમુખને કાળે યતનાપૂર્વક લોકને તથા શાસ્ત્રાનુસારે મુખે વસ્ત્રાદિક દઈને બોલતાં જે સાવદ્ય યોગની નિવૃત્તિ તે.

## કાયગુપ્તિના બે ભેદો

૧. ચેષ્ટાનિવૃત્તિરૂપ-તે કાયોત્સર્ગ અવસ્થાયે, કાયયોગની સ્થિરતા, અથવા સકલ કાયયોગનું રુંધવું તે.

૨. યથાસૂત્રચેષ્ઠાનિયમિની-તે શાસ્ત્રાનુસારે, સૂવું, બેસવું, ઊઠવું, લેવું, મૂકવું, જવું-આવવું, ઊભું રહેવું ઇત્યાદિક ઠેકાણે કાયાએ કરી પોતાને છંદે પ્રવર્તતી ચેષ્ટાએ કરી નિવર્તમાન થાય તે.

એ પ્રકારે આચાર્યમહારાજના છત્રીશ ગુણો કહ્યા. બીજા પણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છત્રીશ છત્રીશી એટલે આચાર્ય મહારાજના બારસો છન્નઉં ૧૨૯૬ ગુણો હોય છે.

## ઉપદેશ ચોથો

### ઉપાધ્યાયજી મહારાજના પચીશ ગુણો

| | | |
|---|---|---|
| ૧. આચારાંગ, | ૫. ભગવતી, | ૯. અણુત્તરોવવાઈ |
| ૨. સુયગડાંગ | ૬. જ્ઞાતાધમ્મકહા, | ૧૦. પ્રશ્નવ્યાકરણ |
| ૩. ઠાણાંગ, | ૭. ઉપાસકદશાંગ, | ૧૧. વિપાક સૂત્ર. |
| ૪. સમવાયાંગ, | ૮. અંતગડદશાંગ, | એ અગ્યાર અંગો |

| | | |
|---|---|---|
| ૧. ઉવવાઈ, | ૫. જંબુદ્વીપપન્નતિ, | ૯. કપ્પવડિંસયા |
| ૨. રાયપસેણી, | ૬. ચંદપન્નતિ, | ૧૦. પુપ્ફિયા, |
| ૩. જીવાભિગમ, | ૭. સૂર્યપન્નત્તિ, | ૧૧. પુફ્ફચૂલિયા, |
| ૪. પન્નવણા, | ૮. કપ્પિયા, | ૧૨. વહ્નિદશાંગ. |

એ બાર ઉપાંગ કુલ પચીશ એટલે અગ્યાર અંગ અને બાર ઉપાંગ. પોતે ભણે અને સાધુઓને ભણાવે તે,

અથવા અગ્યાર અંગ અને ચૌદ પૂર્વ, પોતે ભણે ને સાધુઓને ભણાવે એ બીજી રીતે પચીશ થયા, તેગુણ ઉપાધ્યાય મહારાજના છે, બીજા પણ પચીશ પચીશી એટલે છસો ને પચીશ ૬૨૫ ઉપાધ્યાય મહારાજના ગુણો કહ્યા છે.

## ઉપદેશ પાંચમો

### સાધુ મહારાજના સત્યાવીશ ગુણો

**छव्वय छकाय रख्या, पंचिंदिय लोह निग्गहो खंति,**
**भाव विसुद्धि पडिलेहणाय, करणे विसुद्धि य, ॥१॥**
**संजमजोए जुत्तो, अकुसल मण वयण काय संरोहो,**
**सीयाइ पीड सहणं, मरणं उवस्सगण सहणं च, ॥२॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવાર્થ -૧. પ્રાણાતિપાત, ૨. મૃષાવાદ ૩. અદત્તાદાન, ૪. મૈથુન ૫. પરિગ્રહ અને છઠ્ઠું રાત્રિભોજન, એ છને ત્યાગ કરવા રૂપ છ વ્રતનું પાલન કરનાર. ૧. પૃથ્વીકાય ૨. અપ્‌કાય, ૩. તેઉકાય ૪.વાઉકાય ૫. વનસ્પતિકાય અને ૬. ત્રસકાય એ ષટ્‌કાય જીવોને રક્ષણ કરનાર, તથા ૧ સ્પર્શેદ્રિય ૨. રસેંદ્રિય ૩. ઘ્રાણેંદ્રિય ૪. ચક્ષુઇંદ્રિય ૫. શ્રોત્રેંદ્રિય એ પાંચ ઇંદ્રિયોનો તથા લોભનો નિગ્રહ કરનાર (૬). (૬) (૫) (૧) કુલ ૧૮, ૧૯ ક્ષમા ધારણ કરનાર ૨૦. ભાવની વિશુદ્ધિ રાખનાર, ૨૧ ઉપયોગ સહિત પડિલેહણ કરનાર, ૨૨. સંયમયોગમાં યુક્ત રહેનાર, ૨૩. અકુશલમન, ૨૪. અકુશલ વચન, ૨૫ અકુશલકાયાનો રોધ કરનાર, ૨૬ શીતાદિક ઉપસર્ગને સહન કરનાર, ૨૭ મરણાંત ઉપસર્ગને સહન કરનાર, આ પ્રમાણે સાધુ મહારાજના સત્યાવીશ ગુણો કહેલા છે. બીજા પણ સત્યાવીશસત્યાવીશ એટલે સાતસો ને ઓગણત્રીશ ૭૨૯ સાધુ મહારાજના ગુણો કહ્યા છે.

એ પ્રમાણે ૧૨, ૮, ૩૬, ૨૫, ૨૭-પંચ પરમેષ્ઠી મહારાજના ૧૦૮ ગુણો થયા.

## ઉપદેશ છઠ્ઠો

ચરણસીત્તરીના સીત્તેર (૭૦) ભેદ.

**वय५ समण१० धम्म संजम१७ वेयावच्चं च बंभ गुत्तिओ९,**
**नाणाइ३ तिय७ ताव१२ कोहि४ निग्गहाइं चरणयेयं, ॥१॥**

ભાવાર્થ ૫ મહાવ્રત, ૧૦ શ્રમણધર્મ, ૧૭ સંયમ, ૧૦ વૈયાવચ્ચ, ૯ બ્રહ્મચર્ય ગુપ્તિ, ૩ જ્ઞાનાદિક, ૧૨ પ્રકારે તપ, ૪ પ્રકારના ક્રોધાદિકનો નિગ્રહ, એ પ્રમાણે ચરણસિત્તરીના સીત્તેર ભેદો કહ્યા છે.

### ૫. મહાવ્રતો

૧. પ્રાણાતિપાતવિરમણ, ૨. મૃષાવાદવિરમણ, ૩ અદત્તાદાનવિરમણ, ૪ મૈથુનવિરમણ, ૫ પરિગ્રહવિરમણ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૦ શ્રમણધર્મ

૧ ક્ષમા, ૨ માર્દવ-કોમલપણું, ૩ આર્જવપણું, સરલપણું ૪ મુક્તિલોભત્યાગ, ૫ તપ, ૬ સંયમ-આશ્રવત્યાગ, ૭ સત્ય-જૂઠનો ત્યાગ, ૮ શૌત્ર-પવિત્રતા, ૯ અકિંચન-દ્રવ્ય રહિતપણું ૧૦ બહ્મચર્ય-મૈથુનત્યાગ.

## ૧૭ પ્રકારે સંયમ

૧ પૃથ્વીકાયના જીવની હિંસા કરવી નહિ, ૨ અપ્કાયના જીવની હિંસા કરવી નહિ, ૩ તેઉકાયના જીવની હિંસા કરવી નહિ, ૪ વાયુકાયના જીવની હિંસા કરવી નહિ, ૫ વનસ્પતિકાયના જીવની હિંસા કરવી નહિ, ૬ બેઇંદ્રિય જીવની હિંસા કરવી નહિ, ૭ તેઇંદ્રિય જીવની હિંસા કરવી નહિ, ૮ ચૌરિંદ્રિય જીવની હિંસા કરવી નહિ, ૯ પંચેદ્રિંય જીવની હિંસા કરવી નહિ, ૧૦ અજીવસંયમ (સોના પ્રમુખ નિષેધ કરેલી અજીવ વસ્તુનો ત્યાગ), ૧૧ પ્રેક્ષ્યા સંયમ-જયણાપૂર્વક વર્તવું, ૧૨ ઉપેક્ષા સંયમ-આરંભ તથા ઉત્સૂત્રની પ્રરૂપણા ન કરે, ૧૩ પ્રમાર્જનસંયમ-સર્વ વસ્તુને પૂંજી પ્રમાર્જીને વાપરવી, ૧૪ પારિષ્ઠાપનસંયમ-જયણાપૂર્વક પરઠવવું તે, ૧૫ મન-સંયમ, ધર્મ પ્રવૃત્તિમાં મન રાખવું તે, ૧૬ વચન સંયમ, સાવદ્ય વચન ન બોલવું તે ૧૭ કાયસંયમ, ઉપયોગથી કામ કરવું તે.

## ૧૦ પ્રકારે વૈયાવચ્ચ

૧ અરિહંતની વૈયાવચ્ચ, ૨ સિદ્ધની ૩ જિનપ્રતિમાની, ૪ શ્રુતસિદ્ધાંતની, ૫ આચાર્યની, ૬ ઉપાધ્યાયની, ૭ સાધુની, ૮ ચારિત્રધર્મની, ૯ સંઘની, ૧૦ સમકિતદર્શનની.

## ૯. પ્રકારે બ્રહ્મચર્ય

૧. સ્ત્રી, પશુ, નપુંસક જે જગ્યાએ રહેતા હોય તે જગ્યા ત્યાગ


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરે. ૨. સરાગે સ્ત્રી સાથે વાર્તા કરવી નહિ. ૩ સ્ત્રીના આસને બે ઘડી બેસવું નહિ, ૪ સ્ત્રીના અંગોપાંગ સરાગે જોવા નહિ, ૫. સ્ત્રી પુરુષો સંભોગ કરતા હોય ત્યાં ભીંત પ્રમુખને આંતરે રહેવું નહિ. ૬. પૂર્વે ભોગવેલા ભોગોને સંભારવા નહિ. ૭. સરસ આહાર કરવો નહિ. ૮. અતિ માત્રાએ આહાર કરવો નહિ. ૯. શરીરની શોભા કરવી નહિ.

### ૩ જ્ઞાનાદિક

૧. જ્ઞાન, ૨ દર્શન, ૩ ચારિત્ર.

### ૧૨ પ્રકારે તપ

૧. અણસણ, ૨ ઊણોદરી, ૩ વૃત્તિસંક્ષેપ. પાંચ પ્રકારના અભિગ્રહ કરવા તે, ૪ રસત્યાગ, ૫ કાયકલેશ, ૬ સંલીનતા, ઈંદ્રિયોને વશ રાખવી તે, ૭ પ્રાયશ્ચિત, ૮ વિનય, ૯ વૈયાવચ્ચ, ૧૦ સ્વાધ્યાય સજ્ઝાયધ્યાન કરવું તે, ૧૧ ધર્મકથા, ૧૨ કાઉસ્સગ્ગ.

### ક્રોધાદિક ૪નો નિગ્રહ

૧ ક્રોધત્યાગ, ૨ માનત્યાગ, ૩ માયાત્યાગ, ૪ લોભત્યાગ, એ પ્રકારે ચરણસિત્તરીના સિત્તેર ભેદ કહ્યા.

## ઉપદેશ સાતમો

### કરણસિત્તરીના સીત્તેર (૭૦) ભેદ

**पिंड[४]विसोहि स[५]मिइ, भाव[१२]य पडि[१२]माय इंदिय[५]निरोहो ।**
**पडिलेहर[२५]ण गुत्तिओ,[३] अभि[४]ग्गहं चेव करणं तु ॥१॥**

ભાવાર્થ - ૪. પિંડવિશુદ્ધિ, ૫. સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પડિમા, ૫ ઈંદ્રિયોનો નિરોધ, ૨૫. પડિલેહણ, ૩. ગુપ્તિઓ, ૪. અભિગ્રહ-એ પ્રકારે કરણસિત્તરીના સીત્તેર ભેદ થાય છે.

### ચાર પ્રકારે પિંડવિશુદ્ધિ

૧. આહાર, ૨ ઉપાશ્રય. ૩ વસ્ત્ર, ૪. પાત્ર. આ ચારે બેંતાલીશ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દોષ રહિત લેવા.

## પાંચ પ્રકરે સમિતિ

૧. ઈર્યાસમિતિ, ૨. ભાષા સમિતિ, ૩. એષણાસમિતિ, ૪. આદાનભંડમત્તનિખ્ખેવણા સમિતિ, ૫. પારિષ્ઠાપનિકાસમિતિ- એ પાંચેમાં ઉપયોગપૂર્વક ઉજમાળ રહેવું.

## બાર ભાવના

| | | | |
|---|---|---|---|
| ૧. અનિત્ય, | ૪. એકત્વ, | ૭. આશ્રવ, | ૧૦ લોકસ્વરૂપ, |
| ૨. અશરણ, | ૫. અન્યત્વ, | ૮. સંવર, | ૧૧ બોધિ, |
| ૩. સંસાર, | ૬. અશુચિ, | ૯. નિર્જરા, | ૧૨ અરિહંત-કથિત ધર્મભાવના, |

એ બાર ભાવના ઉત્કૃષ્ટપણે ભાવવી.

## સાધુઓની બાર પડિમા

| | |
|---|---|
| ૧. એક માસની, | ૭. સાત માસની, |
| ૨. બે માસની, | ૮. સાત રાત્રિદિવસની, |
| ૩. ત્રણ માસની, | ૯. સાત રાત્રિદિવસની, |
| ૪. ચાર માસની, | ૧૦. સાત રાત્રિદિવસની, |
| ૫. પાંચ માસની, | ૧૧. એક રાત્રિદિવસની, |
| ૬. છ માસની, | ૧૨. એક રાત્રિદિવસની, |

એ બારે પડિમાનું વહન કરવું.

## પાંચ ઇંદ્રિયોનો નિરોધ

૧. સ્પર્શેંદ્રિય, ૩. ઘ્રાણેંદ્રિય, ૫. શ્રોતેંદ્રિય,
૨. રસેંદ્રિય, ૪. ચક્ષુઇંદ્રિય, એ પાંચેનો રોધ કરવો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૫ પ્રકારે પડિલેહણા

मुहपत्ति चोलपट्टो, कप्प तिगं निसिज्ज रयहरणं, ।
संथारुत्तरपट्टो, दस पेहा उग्गये सूरे ॥१॥
अन्ने भणंति इक्कारसमो दंडउत्ति ।
उवगरणं चउदसगं, पडिलेहिज्जइ दिणस्स पहर तिगे ।
उग्घाडपोरसिए, उपत्त निज्जोग पडिलेहा ॥२॥

ભાવાર્થ : ૧. મુહપત્તિ, ૨. ચોલપટ્ટક ૩. ઉનનું કલ્પ, ૪-૫. સુતરના બે કલ્પ, ૬. રજોહરણના અંદરનું સુતરનું નિશિથીયું. ૭. બહારનું પગ લુંછવાનું નિશિથિયું, ૮. સંથારો, ૯. ઉત્તરપટ્ટો, ૧૦ થી ૧૧ દાંડો વિગેરે, એ અગ્યાર વસ્તુની પડિલેહણા પ્રાતઃકાળે સૂર્ય ઉદયના ટાઈમે કરાય છે, બાકીના ચૌદ ઉપકરણોની પડિલેહણા ત્રીજે પહોરને અંતે કરાય છે, તે કહે છે, ૧૨ મુહપત્તિ, ૧૩ ચોલપટ્ટક, ૧૪ ગોચ્છક, ૧૫ પાત્ર, ૧૬ પાત્રબંધ, ૧૭ પડલાઓ, ૧૮ રજસ્ત્રાણ, ૧૯ પાત્રસ્થાપન, ૨૦ માત્રક, ૨૧, પતદ્ગ્રહ, ૨૨ રજોહરણ, ૨૩ ઉનનું કલ્પ, ૨૪-૨૫ સુતરના બે કલ્પ એ પ્રકારે પચીશ પડિલેહણા કહેલ છે. વિસ્તાર પ્રવચનસારોદ્ધારમાંથી જોવો.

## ત્રણ પ્રકારની ગુપ્તિ,

૧ મનગુપ્તિ, ૨ વચનગુપ્તિ, ૩ કાયગુપ્તિ ત્રણે વશ રાખવી.

## ચાર પ્રકારના અભિગ્રહો

| | |
|---|---|
| ૧. દ્રવ્યથી, ૩ કાળથી, | અભિગ્રહ એટલે પ્રતિજ્ઞા. |
| ૨. ક્ષેત્રથી, ૪ ભાવથી | બરાબર પાળવા ઉપયોગ રાખવો. |

એ પ્રકારે કરણસિત્તરીના સીત્તેર ભેદ થયા, આ ભેદો આચાર્યો, ઉપાધ્યાયો, પ્રવર્તકો, પંન્યાસો, સાધુઓ વિગેરે તમામને લાગુ પડે છે. (પાળવાના છે.)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઉપદેશ આઠમો

તીર્થંકર મહારાજના જન્માભિષેકને વિષે એક ક્રોડ સાઠલાખ કળશો હોય છે, તેની વિગત નીચે મુજબ છે.

એક અભિષેકમાં ચોસઠ હજાર કળસો હોય છે. તેને અઢી સો ગુણા કરવાથી ૧ ક્રોડ, ૬૦ લાખ કળસો થાય છે. તે કલસો, આઠ જાતિના છે - ૧. સુવર્ણમય, ૨. રજતમય, ૩. રત્નમય, ૪. સ્વર્ણ રૂપ્યમય, ૫. સ્વર્ણ રત્નમય, ૬, રૂપ્ય રત્નમય, ૭. સ્વર્ણ રત્નમય, ૮. મૃન્મય, (માટીમય.)

દરેક કલસ ૨૫ યોજન ઊંચો હોય છે.

દરેક કલસ ૧૨ યોજન વિસ્તારવાળો હોય છે.

દરેક કલસ ૧ યોજન નાળચાવાળો હોય છે.

તે આઠ કલસોમાં દરેક જાતિના આઠ આઠ હજાર કલસો હોય છે.

તે આઠે જાતિના કલસો મલીને, કુલ ૬૪૦૦૦ કલસો થાય છે.

અઢીસો અભિષેકની વિગત કહે છે.

૧૦. અભિષેકો બાર વૈમાનિક દેવોના દસ ઇંદ્રોના.

૨૦. અભિષેકો ભવનપતિના ઈંદ્રોના.

૩૨. અભિષેકો વ્યંતરના-બત્રીશ ઇંદ્રોના.

૧૩૨. અભિષેકો અઢીદ્વીપમાં રહેલ ૬૬ ચંદ્ર અને ૬૬ સૂર્યનાં

૮. અભિષેકો સૌધર્મેંદ્રની આઠ અગ્રમહિષીના,

૮. અભિષેકો ઈશાનેંદ્રની આઠ અગ્રમહિષીના,

૫. અભિષેકો ચમરેંદ્રની પાંચ અગ્રમહિષીના,

૫. અભિષેકો બલીંદ્રનીપાંચ અગ્રમહિષીના,

૬. અભિષેકો ધરણેંદ્રની છ પટરાણીના,

૬. અભિષેકો ભૂતાનંદની છ પટરાણીના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪. અભિષેકો વ્યંતરનીચાર અગ્રમહિષીના,

૪. અભિષેકો જ્યોતિષીની ચાર અગ્રમહિષીના,

૪. અભિષેકો ચારલોકપાલના,

૧. અભિષેક અંગરક્ષકદેવનો,

૧. અભિષેક સામાનિક દેવનો,

૧. અભિષેક કટકાધિપ દેવનો,

૧. અભિષેક ત્રાયત્રિંશક દેવનો,

૧. અભિષેક પર્ષદાના દેવનો,

૧. અભિષેક પ્રજાસ્થાનીય દેવનો,

એ પ્રકારે અઢીસો અભિષેકો થયા.

## ઉપદેશ નવમો

### સ્નાન પછી ઇંદ્રગમન

શ્રી જિનેશ્વરમહારાજનો સ્નાત્ર મહોત્સવ મેરુપર્વત ઉપર થઈ રહ્યા પછી, પ્રભુજીને તેમના મંદિરને વિષે પધરાવી, ઈંદ્રો, નંદીશ્વરદ્વીપે જાય છે.

૧. તેમાં પ્રથમ સૌધર્મેંદ્ર, દેવતાઓના નિવાસરૂપ, નંદીશ્વરદ્વીપે ગયા, ત્યાં પૂર્વ દિશામાં રહેલ, ૮૪,૦૦૦ યોજન ઊંચા પ્રમાણવાળા, દેવરમણ નામના અંજનગિરિ પર્વત ઉપર ઉતર્યા. ત્યા તેમણે વિચિત્રમણિની પીઠિકાવાળા ચૈત્યવૃક્ષ, અને ઈંદ્રધ્વજવડે અંકિત ચાર દ્વારવાળા, ચૈત્યમાં પ્રવેશ કર્યો. ત્યાં અષ્ટાન્હિકા મહોત્સવપૂર્વક ઋષભાદિક ચાર શાશ્વતપ્રતિમાજીની પૂજા કરી.

તે અંજનગિરિની ચારે દિશાઓમાં ચાર મોટી વાવડીયો છે, તેમાં એકેક સ્ફટિકમણિનો દધિમુખપર્વત છે, તે ચારે પર્વતોની ઉપરના ચૈત્યોમાં શાશ્વતા અર્હંતોની પ્રતિમાઓ છે, શકેંદ્રના ચાર દિગ્પાલોએ, અષ્ટાન્હિકા મહોત્સવપૂર્વક તે પ્રતિમાજીની યથાવિધિ પૂજા કરી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨. ઈશાનઈંદ્ર, ઉત્તરદિશામાં રહેલા, નિત્ય રમણિક રમણિય નામના અંજનગિરિ પર ઉતર્યા, તેણે તે પર્વત ઉપર રહેલા ચૈત્યમાં પૂર્વ પ્રમાણે અષ્ટાન્હિકા મહોત્સવપૂર્વક, શાશ્વતી પ્રતિમાઓની પૂજા કરી, તેમના દિગ્પાળોએ તે પર્વતની ચારે બાજુની વાવડીયોમાં રહેલા દધિમુખ પર્વતો ઉપરના ચૈત્યોમાંહેની શાશ્વતી પ્રતિમાજીઓની અષ્ટાન્હિકા મહોત્સવપૂર્વક પૂજા કરી.

૩. ચમરેંદ્ર, દક્ષિણ દિશામાં રહેલા નિત્યોદ્યોત નામના અંજનાદ્રિ પર્વત ઉપર ઉતર્યા રત્નોથી નિત્ય પ્રકાશવાળા. તે પર્વત ઉપર રહેલા ચૈત્યમાંહેની શાશ્વત પ્રતિમાઓની તેણે અષ્ટાન્હિકા મહોત્સવપૂર્વક મોટી ભક્તિવડે, પૂજા કરી, અને તેને ચારે દિશામાં ફરતી વાવડીયોમાં રહેલા, ચાર દધિમુખ પર્વતના ઉપર રહેલા ચૈત્યોમાં, તેના ચાર દિગ્પાળોએ અચલચિત્તથી, અષ્ટાન્હિકા મહોત્સપૂર્વક ત્યાં રહેલી પ્રતિમાઓની પૂજા કરી.

૪. બલીંદ્ર પશ્ચિમ દિશામાં રહેલા, સ્વયંપ્રભ નામના, અંજનગિરિ ઉપર, મેઘના જેવા પ્રભાવથી ઉતર્યા. તેણે તે પર્વત ઉપર રહેલા ચૈત્યમાં, દેવતાઓની દષ્ટિને પવિત્ર કરનાર, ઋષભાદિક અરિહંત પ્રતિમાઓની અષ્ટાન્હિકા મહોત્સવપૂર્વક પૂજા કરી, તેના ચાર દિગ્પાલોએ, તે અંજનગિરિની ચારે દિશાઓમાં રહેલી ચાર વાવડીયોમાં રહેલા દધિમુખ પર્વત ઉપરની શાશ્વતી પ્રતિમાઓની અષ્ટાન્હિકા મહોત્સવપૂર્વક પૂજા કરી. એવીરીતે ઇંદ્રાદિક સર્વે દેવો નંદીશ્વરદ્વીપ ઉપર અષ્ટાન્હિકા મહોત્સવ કરી, જેમ આવ્યા હતા તેમ સ્વ સ્થાને ગયા.

## ઉપદેશ દશમો

### વીતરાગ પરમાત્મા

मोमाराममादंद्वे, हयागदलनंमषः ।
एते यस्य न विद्यंते, तं देवं प्रणमाम्यहम् ॥१॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવાર્થ : પ્રથમ પદના આઠ અક્ષરને, બીજા પદના આઠ અક્ષર સાથે અનુક્રમે જોડવાથી, શ્લોકનો અર્થ સ્ફુટ થાય છે, જેમકે જેને મોહ, માયા, રાગ, મદ, મલ, માન, દંભ, દ્વેષ નથીતે દેવને હું નમસ્કાર કરું છું, તે દેવ એક વીતરાગ જ છે.

**વીતરાગ પરમાત્મા બે પ્રકારના,**

૧. ભવસ્થ પરમાત્મા, ૨. સિદ્ધ પરમાત્મા,

**क्षपकश्रेण्यामारुढः, कृत्वा घातिकर्मणां नाशः ।**
**आत्मा केवल भूत्या, भवस्थ परमात्मतां भजते ॥१॥**
**तदनुभवोग्राहक, कर्मसमूहं समूलमुन्मूल्य ।**
**ऋजुमत्या लोकाग्रं, प्राप्तोऽसौ सिद्धपरमात्मा ॥२॥**

ભાવાર્થ : જે જીવ ક્ષપક શ્રેણિ પર આરૂઢ થઈ, ઘાતિકર્મનો નાશ કરી, કેવલજ્ઞાનની વિભૂતિવડે આત્માને વિભૂષિત કરે છે. તે ભવસ્થ પરમાત્મા કહેવાય. ૧. ત્યારબાદ ભવોપગ્રાહી કર્મ સમૂહને, મૂળથી ઉખેડી નાખી, ઋજુગતિવડે લોકના અગ્રભાગને પામેલ આત્મા, મોક્ષમાં ગયેલો આત્મા, સિદ્ધ પરમાત્મા કહેવાય છે.

૧. ભવસ્થ પરમાત્માની સ્થિતિમાન, જઘન્યથી અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી દેશોના પૂર્વકોટી હોય છે.

૨. સિદ્ધસ્થ પરમાત્માની સ્થિતિમાન સાદિઅનંત છે.

**પરમાત્મા બે પ્રકારે**

૧. ભવસ્થ કેવલી, ૨. સિદ્ધા,

**ભવસ્થ કેવલી બે પ્રકારના,**

૧. જિના, ૨ અજિના.

૧. જિનાઃ તે જિનનામકર્મઉદયિનઃ, તીર્થંકરાઃ,

૨. અજિનાઃ તે સામાન્ય કેવલીયો,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિના નિક્ષેપથી ચાર પ્રકારે છે.

૧. નામ, ૨. સ્થાપના, ૩. દ્રવ્ય ૪. ભાવ ચાર પ્રકારે છે.

**नामजिणा जिणनामा, ठवणजिणा जिणंद पडिमाओ ।**
**दव्वजिणाजिणजीवा, भावजिणा समवरणत्था ॥१॥**

ભાવાર્થ - ૧ નામજિના ઋષભઅજિતાદિ નામજિનો કહેવાય છે, તે સાક્ષાત્ જિનગુણ રહિત છતાં પણ, પરમાત્માના ગુણ સ્મરણાદિકના હેતુપણાથી, તથા પરમાત્મ સિદ્ધિ કરવાવાળા હોવાથી, સુદષ્ટિપણાથી, સુદષ્ટિજીવોએ નિરંતર સ્મરણ કરવા, લોકને વિષે મંત્રાક્ષરના સ્મરણ કરવાથી ઉત્પન્ન થયેલા કાર્યની સિદ્ધિ દેખાય છે, માટે તે પ્રથમ નામજિનો કહ્યા છે.

૨. સ્થાપનાજિનાઃ રત્ન, સ્વર્ણ, રજતાદિમય, કૃત્રિમ, અકૃત્રિમ, જિનેંદ્ર પ્રતિમાને સ્થાપના જિનો કહેવાય છે તેમાં પણ સાક્ષાત્ જિનગુણો નથી, તો પણ તે તાત્વિક, જિનસ્વરૂપના સ્મરણ કરવાથી, જોનારા-સમ્યગદષ્ટિ જીવોના ચિત્તને વિષે-પરમ શાંત રસને ઉત્પન્ન કરવાથી, અબોધજીવોને, સદ્બોધિબીજની પ્રાપ્તિના હેતુથી, તથા કેવલીના વચનથી, જિનતુલ્યપણાથી, શુદ્ધ માર્ગને અનુસરનારા, શ્રાદ્ધ જીવોયે, નિઃશંકપણાથી, વાંદવા, પૂજવા, સ્તવવા, અને સાધુને સ્તુતિ સ્તવનાદિક, ભાવ પૂજા કરવા લાયક આગમમાં કહેલ છે, તેથી તે સ્થાપનાજિનો કહેવાય છે.

૩. દ્રવ્યજિના : તે તીર્થંકર મહારાજાના જીવો.

૪. ભાવજિનાઃ તે સાક્ષાત્ સમવસરણમાં બિરાજમાન થઈ, અમોઘ વાણીવડે, ભવ્ય જીવોને ધર્મદેશના આપે છે તે સાક્ષાત્ ભાવ જિનેશ્વરો કહેવાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉપદેશ અગિયારમો

## સમવસરણ

જે અવસરે તીર્થંકર મહારાજાને કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે, તે અવસરે વાયુકુમાર દેવતાઓ માનનો ત્યાગ કરી, એક યોજન ભૂમિને શુદ્ધ કરે છે, મેઘકુમાર દેવતાઓ તે શુદ્ધ ભૂમિને સુગંધી પાણીની વૃષ્ટિવડે સિંચન કરે છે, તે ભૂમિ ઉપર વ્યંતર દેવો ભક્તિથી પોતાના આત્માની પેઠે સુંદર કિરણોવાળા, સુવર્ણ, માણિક્ય અને રત્નોના પાષાણથી ઊંચું ભૂમિતલ બાંધે છે, તેના ઉપર જાણે પૃથ્વીથી જ ઉત્પન્ન થયેલ હોય ને શું ? એવા સુગંધી, પંચરંગી, નીચે ડીંટવાળા પુષ્પોની જાનુ પ્રમાણ વૃષ્ટિ કરે છે, તેની ચારેદિશામાં આભૂષણરૂપ કંઠીયો હોય, તેમ રત્નો, માણિક્ય અને સુવર્ણના તોરણો બાંધે છે, ત્યાં ગોઠવેલી રત્નોની પુતલીના દેહના પ્રતિબિંબ એક બીજામાં પડવાથી, સખીયોને જાણે પરસ્પર આલિંગન કરતી હોય તેવી તેઓ ભાસતી હતી. સ્નિગ્ધ, ઇંદ્રનીલ મણિયોથી ઘડેલા, મધરના ચિત્રો નાશ પામેલા કામદેવને છોડી દીધેલા, પોતાના ચિન્હરૂપ ભ્રમને ઉત્પન્ન કરનારા દેખાતા હતા. ભગવાનના કેવલજ્ઞાન કલ્યાણકથી ઉત્પન્ન થયેલા જાણે દિશાઓના હાસ્ય હોય એવા શ્વેત છત્રો ત્યાં શોભી રહે છે, અતિ હર્ષથી પૃથ્વીએ પોતાને નૃત્ય કરવા માટે, જાણે પોતાની ભુજાઓ ઊંચી કરી હોય તેવી ધ્વજાઓ ફરકતી હતી, તોરણોના નીચે સ્વસ્તિકાદિક અષ્ટમંગલિકના શ્રેષ્ઠ ચિહ્નો કર્યા હતા, તે બલીપીઠ જેવા જણાતા હતા, સમવસરણનો ઉપલો ભાગ, પ્રથમ ગઢ વૈમાનિક દેવતાઓયે બનાવેલ હતો, તેથી જાણે રત્નગિરિની, રત્નમય મેખલા ત્યાં લાગ્યા હોય તેમ જણાતું હતું, તે ગઢના ઉપર જાતજાતના મણિયોના કાંગરા બનાવ્યા હતા, તે પોતાના કિરણોથી આકાશને વિચિત્ર વર્ણવાળું બનાવતા હોય એમ લાગતું હતું, મધ્યમાં જ્યોતિષી દેવતાઓએ જાણે પિંડરૂપ થયેલ પોતાના અંગની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યોતિ હોય ને શું ? એવા સુવર્ણથી બીજો ગઢ કર્યો હતો. તે ગઢ ઉપર રત્નમય કાંગરાઓ કર્યા હતા. તે જાણે સુર, અસુરની સ્ત્રીયોને મુખ જોવા માટે રત્નોના દર્પણો રાખ્યા હોયને શું ? એવા જણાતા હતા. ભક્તિથી વૈતાઢ્ય પર્વત જાણે ગોળ થયો હોયને શું ?તેવા રૂપાનો ત્રીજો ગઢ બાહ્ય ભૂમિ ઉપર ભુવનપતિયે રચેલો હતો, તે ગઢની ઉપર દેવતાઓની વાવડીયોનાં પાણીમાં, સુવર્ણના કમળો હોય એવા વિશાલ કાંગરાઓ બનાવ્યા હતા. તે ત્રણે ગઢની પૃથ્વી, ભુવનપતિ, જ્યોતિષી વિમાનાધિપતિની લક્ષ્મીના એક ગોળાકાર કુંડલવડે શોભે તેવી શોભતી હતી, પત્રાકારના સમૂહવાળા માણિકયમય તોરણો પોતાના કિરણોથી જાણે બીજા પતાકાઓ રચતા હોય તેમ જણાતા હતા. તે દરેક ગઢને ચાર ચાર દરવાજા હતા, તે જાણે ચતુર્વિધ ધર્મને ક્રીડા કરવાના ચાર ગોખલા હોય ને શું તેવા દેખાતા હતા. તે દરેક દ્વારોએ વ્યંતરોયે મૂકેલા, ધૂપના પાત્રો, ઈંદ્રનીલમણિના સ્થંભના જેવી ધૂર્મલતાને છોડતા હતા, તે સમવસરણના દરેક દ્વારે ગઢની જેમ ચાર ચાર બારણાવાળી, સુવર્ણના કમલવાળી, વાવડીયો કરી હતી, અને બીજા ગઢમાં પ્રભુને વિશ્રામ કરવા માટે દેવચ્છંદ બનાવેલ હતો. પ્રથમ ગઢના પૂર્વદ્વારમાં અંદર, બંને તરફ સુવર્ણના જેવા વર્ણવાળા, વૈમાનિક દેવો દ્વારપાળ થઈને રહ્યા હતા, દક્ષિણ દ્વારમાં બન્ને બાજુયે જાણે એક બીજાના પ્રતિબિંબ હોય તેવા ઉજ્જવળ વર્ણવાળા વ્યંતર દેવતા દ્વારપાળો થયા હતા, પશ્ચિમ દ્વારમાં સાંયકાળે જેમ સૂર્ય અને ચંદ્ર સામસામા આવીને રહે તેમ રક્ત વર્ણવાળા, જ્યોતિષી દેવતા દ્વારપાળ થયા હતા, ઉત્તર દ્વારે જાણે ઉન્નત મેઘ હોય તેમ કૃષ્ણવર્ણવાળા બે ભુવનપતિ દેવતા, બન્ને તરફ દ્વારપાળ થઈ રહેલા હતા, બીજા ગઢના ચારેદ્વારે, બન્ને તરફ અનુક્રમે અભય, પાશ અંકુશ, મુદ્‌ગરને ધારણ કરનારી, શ્વેતમણિ, સ્વર્ણમણિ અને નીલમણિની કાંતિવારી, પ્રથમ પ્રમાણે ચાર નિકાયની, જયા, વિજયા, અજિતા, અપરાજિતા, નામની બે બે દેવીઓ પ્રતિહારી થઈ ઊભી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રહેલી હતી. છેલ્લા દ્વારના ચારે ગઢને ચારે દ્વારે તુંબરુ, ખટવાંગધારી, મનુષ્ય-મસ્તકમાલાધારી અને જટા મુકુટમંડિત, એ નામના ચાર દેવતાઓ દ્વારપાળ થયા હતા. સમવસરણની મધ્યમમાં વ્યંતરોએ, ત્રણ કોશ ઊંચું એક અશોક વૃક્ષ રચ્યું હતું, તે જાણે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી રત્નત્રયનો ઉદ્દેશ કરતું હોય તેવું જણાતું હતું. તે વૃક્ષની નીચે વિવિધ રત્નોથી એક પીઠિકા રચી હતી તે પીઠિકા ઉપર અપ્રતિમ, મણિમય એક છંદ રચ્યો હતો. છંદની મધ્યમાં પૂર્વ દિશા તરફ જાણે સર્વ લક્ષ્મીનો સાર હોય એવું પાદપીઠ સહિત રત્નમય સિંહાસનરચેલું હતું, અને તેની ઉપર ત્રણ જગતના સ્વામીપણાના ત્રણ ચિન્હો હોય તેવા ઉજ્જવળ ત્રણ છત્રો રચ્યા હતા. સિંહાસનની બે બાજુએ, બે યક્ષો, જાણે હૃદયમાં નહિ સમાવવાથી બહાર આવેલા ભક્તિના બે સમૂહ હોય તેવા બે ઉજ્જવળ ચામરોને લઇ ઊભા રહ્યા હતા. સમવસરણના ચારેદ્વારની ઉપર, અદ્‌ભૂત કાંતિના સમૂહવાળું. એક એક ધર્મચક્ર, સુવર્ણના કમલનામાં રાખ્યું હતું, બીજું પણકરવા લાયક જે જે કર્તવ્ય હતું. તે સર્વ કૃતક્ય વ્યંતરોએ કરેલું હતું, કારણ કે સાધારણ સમવસરણમાં તેઓ અધિકારી હોય છે.

## સમવસરણનું પ્રમાણ કહે છે.

ત્રણે કિલ્લાની પ્રત્યેક ભીંત ૧૦૦ ધનુષ્ય પહોળી હતી. પહેલા અને બીજા ગઢનું અંતર બન્ને પાસા મળવાથી ૦॥ અડધો કોષ થાય, અને બીજા તથા ત્રીજા ગઢનું અંતર મળવાથી એક કોષ થાય, માંહેલી ભીંતનું અંતર એક કોષ, અને ૬૦૦ ધનુષ્ય, બાહરલા ગઢ તથા માંહેલા ગઢનું અંતર ૧૦૦૦ ધનુષ્ય, બીજા ગઢની ભીંત ૧૦૦ ધનુષ્ય થાય. ત્રીજા ગઢથી ૧૩૦૦ ધનુષ્ય જઇએ, ત્યારે પીઠના મધ્ય ભાગે, સર્વ મળી જઇને બન્ને પાસે થઇને ૧ યોજન સમવસરણ ચોરસ ભૂમિવાળું થાય, તેમાં પહેલે ગઢે ૧૦,૦૦૦ પગથિયા એકેક હાથ પહોળા હોય છે, ત્યારબાદ ૫૦ ધનુષ્ય પ્રતર ભાગ ભૂમિ, બીજે ગઢે ૫૦૦૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પગથિયા અડધો હાથ પહોળા હોય, ત્યારબાદ ૫૦ હાથ પ્રતર ભૂમિ, ત્રીજે ગઢે ૫૦૦૦ પગથિયા અડધો હાથ પહોળા હોય, તે પછી પીઠિકા ભૂમિ હોય, તેના ચાર દરવાજે ત્રણ ત્રણ પગથિયા હોય. સમવસરણના મધ્ય ભાગે મણિમય પીઠિકા ૨૦૦ ધનુષ્ય લાંબી પહોળી જિનદેહ પ્રમાણ ઊંચી, તે પૃથ્વી તલથી અઢી ૨॥ કોષ ઊંચીહોય છે, એટલે ભૂમિથી અઢી કોષ ઊંચુ સમવસરણ હોય છે.

## ઉપદેશ બારમો

### જિનેશ્વર મહારાજની પૂજા

**नौरेषा भववारिधौ शिवपदप्रासादनिश्रेणिका ।**
**मार्गः स्वर्गपुरस्य दुर्गतिपुरद्वारप्रवेशार्गला ॥**
**कर्मग्रन्थी शिलोच यस्यदलने दंभोलिधारोपमा ।**
**कल्याणैक निकेतनं निगदिता पूजा जिनानां वरा ॥१॥**

ભાવાર્થ : પરમાત્માની પૂજાઃ ભવસમુદ્ર તરવા માટે નાવ સમાન છે, મુક્તિપદરૂપી મહેલમાં ચડવામાં નિસરણી સમાન છે, સ્વર્ગપુરી જવામાં સરલ માર્ગ સમાન છે, દુર્ગતિપુરીમાં પ્રવેશ નહિ કરવા માટે બારણાની ભોગળ સમાન છે, કર્મની ગાંઠરૂપી શિલાને ભેદવામાં વજની ધારા સમાન છે, કિંબહુના ? જિનેશ્વર મહારાજાએ પરમાત્માની શ્રેષ્ઠ પૂજા, ભવ્ય જીવોને, એક કલ્યાણના ઘર-સ્થાન સમાન કહેલ છે.

**पुष्पात्पूज्यपदं जलाद्विमलतासद्रूपधूमाद्विषत् ।**
**वृन्दध्वं सविधिस्तमोपहननं दीपाद् धृतात् स्निग्धता ॥**
**क्षेमं चाक्षतपात्रतः सुरभितावासाप्स्फलाद्रुपता ।**
**नृणां पूजनमष्टधा जिनपतेरौचित्यलभ्यं फलम् ॥२॥**

ભાવાર્થ : જિનેશ્વર મહારાજની પુષ્પોવડે પૂજા કરવાથી પુજ્યપદ પ્રાપ્ત થાય છે, જળવડે પૂજા કરવાથી નિર્મલતા પ્રાપ્ત થાય છે શ્રેષ્ઠધૂપવડે પૂજા કરવાથી શત્રુવૃંદનો દવંસ કરનાર થાય છે, સ્નિગ્ધ ઘીના દીપકથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દીપકપૂજા કરવાથી પાપરૂપી અંધકારનો નાશ થાય છે, અક્ષતવડે પૂજા કરવાથી કલ્યાણંભગળ કરનાર થાય છે, વાસક્ષેપવડે પૂજવાથી સુગંધી દેહવાળો થાય છે, ફળવડે પૂજવાથી શ્રેષ્ઠ રૂપવાળો થાય છે. એ પ્રકારે શાસ્ત્રકાર મહારાજાએ પૂજાના જુદા જુદા ફળો કહેલા છે વળી સત્તર ભેદી પૂજા, તથા એકવીશ પ્રકારી પૂજા પણ કહેલી છે. શાસ્ત્રકાર કહે છે કે કોટી સાગરોપમનું આયુષ્ય કદાપિ હોય, સમગ્ર વસ્તુપદાર્થના વિષયોનું યથાર્થજ્ઞાન હોય, કોટી જીહવા હોય, તો પણ પર્વ દિવસોમાં પૂજાના ફલને વર્ણવવામાં હું સમર્થ નથી. જો શીઘ્રતાથી મુક્તિ મેળવવી હોય, તો હે મહાનુભાવો ! પરમાત્માનું પૂજન કરવામાં આદરવાળા થાઓ.

## દ્રવ્ય પૂજા, અને ભાવ પૂજા.

જેમ ચિંતામણિ રત્ન મલ્યા પછી વિધિ સહિતતેનું પૂજન કરવાથી સફલ થાય છે, તેમ પરમાત્માનું વિધિ સહિત પૂજન કરવાથી મુક્તિ આપનાર થાય છે.

## પૂજા બે પ્રકારની છે, ૧. દ્રવ્ય પૂજા અને ૨. ભાવ પૂજા.

૧. દ્રવ્યપૂજા વિરતા વિરત, શીયલ સત્કાર, દાનાદિકનું આચરણ વિગેરે શ્રાવકને કહેલ છે, કષ્ટ,ચારિત્ર અનુષ્ઠાન, ઘોર, ઉગ્ર વિહાર,તપાદિકના આચરણરૂપ, ભાવપૂજા, સાધુને કહેલછે, દ્રવ્યપૂજા જિન પૂજન કરવારૂપ છે, ભાવપૂજા સ્તુતિ સ્તવનાદિક કરવારૂપ છે, દ્રવ્યપૂજા કરતાં ભાવપૂજા વિશેષે કરી પ્રશસ્ત કહેલ છે. જેમ કોઈ માણસ હજારો, લાખો. સ્થંભવડે કરી સુશોભિત સુવર્ણના તલવાળું, અને સુવર્ણના પગથિયાવાળું સુવર્ણમય જિનેશ્વર મહારાજનું મંદિર કરાવી મહાન્ પુન્ય બાંધે છે, તેમના કરતા પણ તપ સંયમ ક્રિયા અનુષ્ઠાન અધિક કહેલ હોવાથી દ્રવ્ય પૂજા કરતા ભાવપૂજા વિશેષ ફળ આપે છે, નરેંદ્રોએ, દેવોએ, દેવેન્દ્રોએ પૂજેલા જિનચૈત્યોની, (રાગાદિકને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીતનારા હોવાથી જિન કહેવાય છે,) તેનાં ચૈત્યો,એટલે ચિત્તને પ્રમોદ કરનાર જિનપ્રતિમાઓની ગંધ, ધૂપ, પુષ્પ વિગેરે દ્રવ્યોવડે પૂજન કરનાર શ્રાવક, અને ચૈત્યવંદન,સ્તુતિ, જિનાજ્ઞા પાલન, ઉગ્ર વિહાર, ઘોર બ્રહ્મચર્યપાલન, તપાદિક વિગેરે આચરણનાર, સાધુ, ભાવપૂજનથી મિથ્યાત્વ મોહનીય કર્મને જીર્ણ કરે છે, જેમ નહિ જીર્ણ થયેલું અન્ન, ભસ્મ, અર્ક, ગૂટિકા, ચૂર્ણાદિક ઔષધોના ભક્ષણ કરવાથી જીર્ણ થાય છે તેમ કર્મનું અજીર્ણ પણ જિનેશ્વર મહારાજની પૂજા કરવાથી જ જીર્ણ થાયછે.

જિનમંદિર અને ઘરદેરાસરને વિષે રહેલ પ્રત્યેક પ્રતિમાજીની ભક્તિ સહિત એકાગ્રચિત્તે વંદના, સ્તવના કરવી ત્રૈલોક્ય પૂજિત, ધર્મતીર્થને પ્રગટ કરનાર, જગદ્ગુરુનું બહુમાન સાથે દ્રવ્ય ભાવથી પૂજન કરવું, તે દ્રવ્ય, ભાવ બે પ્રકારે પૂજા કહેવાય છે, શ્રાવકોને દ્રવ્ય, ભાવ, બે પ્રકારનું પૂજન, અને સાધુઓને ભાવ પૂજન, એક જ પ્રકારે હોય છે. શ્રાવક વિધિથી સ્નાનાદિકને કરી પવિત્ર થઇ, સુગંધી જળાદિકે જિનેશ્વર મહારાજને પ્રક્ષાલન કરી, ગંધકષાય વસ્ત્રથી લુંછી, શ્રેષ્ઠ-કેસર, ચંદન, પુષ્પાદિ માળા વિગેરેથી પૂજા કરે, તે દ્રવ્યપૂજા કહેવાય છે અને સાધુ, મન, વચન, કાયાની શુદ્ધિએ ચારિત્રકષ્ટ અનુષ્ઠાનના સેવક સાથે બાવીશ પરિષહો, તેમજ અનેક જાતના ઉપસર્ગને સહન કરે છે, તે તેમને ભાવપૂજારૂપ છે, તેથી જ દ્રવ્યપૂજા કરતાં ભાવપૂજા પ્રશસ્ત છે.

## દ્રવ્યપૂજા આઠ પ્રકારે છે.

**वर गंध धूव चोक्ख कखएहिं, कुसुमेहिं पवरदीवेहि ।**
**नेवज्ज फल जलेहिय, जिणपूआ अट्ठहा भणिया ॥१॥**

ભાવાર્થ : શ્રેષ્ઠાગંધ, એટલે કેસર, કસ્તુરી, બરાસ વિગેરે સુગંધી પદાર્થોથી, ૧. ધૂપ, ૨. અખંડ અક્ષત, ૩. કુસુમ, ૪ શ્રેષ્ઠદીપક, ૫. નૈવેદ્ય, ૬. ફલ, ૭ જલ, ૮ વડે કરી જિનેશ્વર મહારાજાની પૂજા આઠ પ્રકારે કહી છે, આ દ્રવ્યપૂજા છે, ભાવપૂજાનું માહાત્મ્ય ઘણું છે, તે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેટલું કહેવું. ભાવપૂજા માટે આગમમાં કહેલું છે કે -

**मेरुस्स सरिसवस्सय, जित्तियमित्तं अंतरं होइ ।**
**दव्वत्थय भावत्थय, अंतरं तत्तिय नेयं ॥१॥**

ભાવાર્થ : મેરુ અને સરસવનું જેટલું આંતરું હોય છે તેટલું આંતરુ, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવને વિષે જાણવું. વળી પણ કહ્યું છે કે -

**उक्कोसं दव्वत्थयं, आराहिय जाइ अच्चुयं जाव ।**
**भावत्थएण पावइ अंतमुहुत्तेणं निव्वाणं ॥२॥**

ભાવાર્થ : ઉત્કૃષ્ટતાથી દ્રવ્યસ્તવના આરાધન કરવાથી બારમા દેવલોક સુધી, અને ભાવસ્તવ કરનાર અંતમુહૂર્તમાં મુક્તિને વિષે જાય છે, કારણ કે ઉત્કૃષ્ટપણે કરેલી ભાવપૂજા શીઘ્રતાથી મુક્તિમાં પહોંચાડે છે.

ભગવાન્ શ્રી મહાવીર મહારાજા. કહે છે કે હે ગૌતમ ! આ અર્થે તેજ પરમાર્થ છે,ગૃહસ્થોને ભેદ ઉપાસનારૂપ દ્રવ્યપૂજા હોય છે, ભેદ ઉપાસનારૂપ એટલે આત્માથી અરિહંત પરમેશ્વર જૂદા છે. પ્રાપ્ત થયેલા આત્માનંદના વિલાસી છે. તેની ઉપાસના એટલે નિમિત્ત આલંબનરૂપ સેવા, તે રૂપ દ્રવ્યપૂજા, ગૃહસ્થીઓને છે,અનેસાધુઓને તો અભેદ ઉપાસના, એટલે પરમાત્માથકી પોતાનો આત્મા અભિન્ન્ છે, એવા પ્રકારની ભાવપૂજા યોગ્ય છે, યદ્યપિ અર્હન્ ભગવાનના ગુણનું સ્મરણ કરવું, તેમનું બહુમાન કરવું, એવા ઉપયોગરૂપ, સવિકલ્પ ભાવપૂજા ગૃહસ્થીયોને પણ છે, તો પણ નિર્વિકલ્પ ઉપયોગવાળી, આત્મસ્વરૂપના એકત્વરૂપ ભાવપૂજા તો મુનિમહારાજાઓને જ યોગ્ય છે.

દ્રવ્ય અને ભાવ, આ બે પ્રકારની પૂજા સ્વપરના પ્રાણ રક્ષણરૂપ, દયારૂપીપાણીવડે સ્નાન કરી, પૌદ્ગલિક સુખની ઈચ્છાના અભાવરૂપ સંતોષ વસ્ત્રને ધારણ કરી, સ્વપરવિભાગના જ્ઞાન રૂપ વિવેકનું તિલક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરી, અરિહંત ભગવાનના ગુણગાનમાં, એકાગ્રતારૂપ ભાવનાવડે પવિત્ર અંતઃકરણવાળો થઇ, ભક્તિ અને શ્રદ્ધારૂપ ચંદનથી મિશ્ર કેસરના દ્રવે કરી, નવ પ્રકારના બ્રહ્મચર્યરૂપ નવ અંગોને ધારણ કરનાર, અનંત જ્ઞાનાદિપર્યાયવાળા, શુદ્ધ આત્મારૂપ દેવની પૂજા કર. પછી બે પ્રકારના ધર્મરૂપ અંગલુંછણા આગળ ધર, ધ્યાનરૂપી શ્રેષ્ઠ અલંકારો પ્રભુના અંગને વિષે નિવેષન કર, આઠ મદસ્થાનના ત્યાગરૂપ અષ્ટમંગળ પ્રભુ પાસે આલેખ, જ્ઞાનરૂપી અગ્નિમાં શુભ વિચારણરૂપ કાકતુંડ (અગર)નો ધૂપ કર, પૂર્વે કરેલા ધર્મરૂપ લવણ ઉતારી ધર્મસંન્યાસરૂપ વન્હિ સ્થાપન કરી, તેમાં ક્ષેપન કર, પછી આત્મ સામર્થ્ય રૂપ આરતિ ઉતાર તે ભાવપૂજા શીઘ્રતાથી શિવસુખ દેનારી છે.

જિનેશ્વર મહારાજની પૂજા, સ્નાત્ર,,ગુણસમૂહની સ્તુતિ, સ્તવનાદિક વિગેરે કરવાથી દર્શન રહિત (મિથ્યાત્વી) જીવોને દર્શન (સમકિત)ની પ્રાપ્તિ થાય છે, જેને દર્શન ગુણ પ્રાપ્તથયો હોય, તેને ક્ષાયિકભાવની ઉત્પત્તિ થાય છે. ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યુ કે - હે ભગવન્ ! જિનેશ્વરની સ્તુતિ, સ્તવન, મંગળ વિગેરે ભણવાથી શું થાય ? મહાવીર મહારાજાએ કહ્યું કે હે ગૌતમ ! સ્તુતિ સ્તવન મંગળથી, જીવોને જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રયીનો લાભ થાય, જિનેશ્વરની પૂજા કરવાથી પૌદ્ગલિક સુખ પણ પ્રાપ્ત થાય છે, ધન, ધાન્ય, રાજ્ય ચક્રવર્તી, ઈંદ્રાદિકની સંપત્તિ, છેવટ ચિદાનંદપદ મુક્તિ પણ મળે છે, એ પ્રકારે જિનેશ્વરની પૂજા બન્ને પ્રકારનીલક્ષ્મી પ્રાપ્તિના કારણભૂત છે, માટે પ્રમાદ છોડી ભવ્ય જીવોએ, દ્રવ્ય,તથા ભાવ, બન્ને પ્રકારની પૂજા અવશ્ય કરવી.

## ઉપદેશ તેરમો

**रम्यंयेनजिनालयं निजभुजोपात्तेन कारापितं,**
**मोक्षार्थंस्वधनेन च शुद्धमनसा पुंसासदाचारिणरिणा,**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**वेद्यंतेन नरामहेन्द्रमहितं तीर्थेश्वराणांपद,**

**प्राप्तंजन्मफलंकृतंजिनमतं गोत्रंसमुद्योतितम् ॥१॥**

ભાવાર્થ : જે પુન્યશાળી માણસે પોતાના ભુજબળથી ઉપાર્જન કરેલ ધનવડે કરી શુદ્ધ મને સદાચારથી મોક્ષને માટે મનોહર જૈનમંદિર કરાવેલ છે તે માણસ દેવોએ, ઈંદ્રોએ પૂજિત એવું તીર્થંકરમહારાજનું પદ ભોગવવાવાળો થાય છે. કિંબહુના ? તેણે મનુષ્યજન્મનું ફળ પ્રાપ્ત કર્યું, જિનેશ્વર મહારાજના મતનું આરાધન કર્યું અને પોતાના ગોત્રને પણ ઉજ્જવળ કર્યું એમ જાણવું.

જે મનુષ્યો આ મૃત્યુલોકમાં શ્રી જિનેશ્વર ભગવાનનું પૂજન કરે છે તેઓ જ ધન્યવાદને પાત્ર છે, તેઓ જ કૃતકૃત્ય છે અને તેઓનાથી જ આ પૃથ્વી શોભાયમાન છે. વેગવંત ઘોડા, મદોન્મત્ત હાથીયો, સમગ્ર જાતની સંપદા, પ્રીતિવાળા નોકરચાકરો, ધોળા છત્રો, ચામરો, સિંહાસન, મોટી શય્યાઓ, પવિત્ર આચરણવાળી અંતઃપુરની સ્ત્રીઓ, સંગીત, સુગંધી ચીજો, વારાંગના હાવભાવાદિ વિલાસો, છત્રીસ કુળના રાજપુત્રો તેમનાથી ઉત્પન્ન થતાં વિનોદો, અને અપારરમ્ય પદાર્થો જેનાવડે મળે છે. એવું રાજ્ય પણ પ્રભુપૂજાના પ્રતાપથી મળે છે, જે મનુષ્ય દૂધ, દહીં,ઘી, સાકર અને ચંદન-સુખડ એ પંચામૃતવડે શ્રી અરિહંત પરમાત્માને સ્નાત્રાભિષેક કરે છે તે પંચામૃત ભોજન કરનારો દેવ થાય છે, જે મનુષ્યો જિનાધીશને હંમેશા હાથથી પૂજે છે-સેવે છે તે મનુષ્યો તમામ જગતના મનુષ્યો કરતાં વિશેષ વૈભવવંત થાય છે. જે મનુષ્ય એક દિવસમાં એક વખત શ્રી જિનેશ્વરનું પૂજન કરે છે તે ક્ષણવારમાં અનેક ભવના સંચેલા પાપનો નાશ કરે છે. પ્રભાતે જિનેશ્વર ભગવાનનું દર્શન કરેલું રાત્રિના પાપને નાશ કરે છે, બપોરે દર્શન કરેલું દિવસનું પાપ નાશ કરે છે અને રાત્રિએ કરેલું એક જન્મમાં ઉપાર્જન કરેલું પાપ નાશ કરે છે. જે ચતુર મનુષ્ય શ્રી જિનચરણમાં ચાર વખત કુસુમાંજલી મૂકી તીર્થના કુંડ, નદી દ્રહ વિગેરેના પાણીવડે સ્નાત્ર કરે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે તે મનુષ્ય દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક એ ચાર ગતિમાં ફેરા ફરતો નથી, ચાર ગતિના ફેરાને બંધ કરી મોક્ષસુખને વરે છે. પાણી, ફળ, અખંડ ચોખા, ધૂપ, દીપ, નૈવેદ્ય, ફૂલ, તથા પાંદડી વિગેરેનાં પત્ર વડે પણ શ્રી જિનેશ્વર ભગવાનનું ભક્તિ સહિત પૂજન કરવું. જે મનુષ્ય નિરંતર જિનેશ્વર ભગવાનની આજ્ઞા પ્રમાણે અષ્ટપ્રકારી પૂજાને કરે છે તે મનુષ્યની પાસે હંમેશા આઠે સિદ્ધિઓપ્રત્યક્ષપણે હાજર રહે છે. જે મનુષ્ય ઉત્તમ આશયથી સાતે ક્ષેત્રમાં સદ્દ્રવ્યરૂપી બીજ વાવી વખતોવખત ભાવનારૂપી પાણીવડે આદર સહિત સિંચ્યા કરે છે. જે મનુષ્ય ઉત્તમ આશયથી સાતે ક્ષેત્રમાં સદ્દ્રવ્યરૂપી બીજ વાવી વખતોવખત ભાવનારૂપી પાણીવડે આદર સહિત સિંચ્યા કરે છે તે પ્રાણિ સમાધિવડે ચૌદ રાજલોકને પાર થઇ, અતુલ જ્ઞાનને પ્રાપ્ત કરીલોકાગ્રને હાથ કરે છે, જે સાત ક્ષેત્ર એટલેકે જિનમંદિર, જિનબિંબ, જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકા અને એ સાત ક્ષેત્ર છે,તેમાં પહેલા મણિરત્ન વિગેરેથી, સોનારૂપાથી, પત્થર કે લાકડાથી શ્રી જિનેશ્વર મહારાજનું દેરાસર બંધાવવું, જેઓ ફક્ત જિનભગવાનને માટે ઘાસનું ઝુંપડું બંધાવે છે તેઓ દેવપણું પામી અખંડ વિમાનને પ્રાપ્ત કરે છે, તો જેઓ ઉત્તમ મનોહર, સુવર્ણ રત્ન વિગેરેનાં જૈનમંદિરો બંધાવે છે તે પુણ્યપ્રધાન મનુષ્યોને જે ઉત્તમ ફળ મળે, તેને કોણ જાણી શકે ? જે મનુષ્ય લાકડા વિગેરેનું દેરાસર બંધાવે છે તે બંધાવનાર મનુષ્ય લાકડા વિગેરેમાં જેટલા પરમાણુઓ હોય છે તેટલા લાખ પલ્યોપમ સુધી સ્વર્ગમાં વાસ કરે છે. નવું દેરાસર બંધાવવાથી જેટલું ફળ મળે છે તે કરતાં વિવેકી મનુષ્યોને આઠગણું ફલ જૂના-જીર્ણ થઇ ગયેલા દેરાસરને સમરાવી દુરસ્ત કરાવવાથી મળે છે. શત્રુંજય વિગેરે તીર્થોમાં જે જિનમંદિર બંધાવે અને પ્રતિમાજી સ્થાપન કરાવે છે તેનું ફળ તો જો જ્ઞાની હોય તો જ જાણવા પામે છે. શ્રી અરિહંત પ્રભુની પ્રતિમાજીઓ વિધિસહિત મણિમય, રત્નમય, સુવર્ણ મય રૂપ્યમય, આરસમય, પત્થરમય કાષ્ટમય અને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માટીની કરાવી જે એક અંગુઠાથી માંડી સાતસો અંગુઠા સુધીના માપની જિનપ્રતિમાઓ કરાવે છે તે બીજા ભવને વિષે એકછત્ર સામ્રાજ્ય પ્રાપ્ત કરે છે, જેમ મેરૂપર્વતથી બીજો શ્રેષ્ઠ પર્વતનથી, કલ્પવૃક્ષથી બીજું ઉત્તમ વૃક્ષ નથી તેમ જિનપ્રતિમા કરાવવા જેવો બીજો અદ્‌ભૂત ધર્મ નથી. શ્રી જિનેશ્વરની પ્રતિમા કરાવ્યા પછી ખરાબ ગતિઓથી કોણ ભય પામે ? સિંહની પીઠ ઉપર બેસનારને શિયાળ શું કરી શકે ? જે મનુષ્યો ગુરુકથન મુજબ જિનબિંબ તૈયાર કરાવે છે તેના ઘરના આંગણામાં સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ, એ ત્રણે લોકની સંપદાઓ દાસીઓ થઈને હાજર રહે છે.જે સૂરિમંત્રવડે શ્રી અર્હંત પ્રભુની પ્રતિષ્ઠા કરાવે છે તે તીર્થંકરપણાને પ્રાપ્ત કરે છે, કેમકે  જેવું બીજ વાવે તેવું ફળ મળે છે. જેટલા હજાર વર્ષ સુધી બીજા લોકો જે પ્રતિમાજીની પૂજા કરે છે તેટલા હજાર વર્ષ સુધી તે પ્રતિમાજીના કરાવનારને પૂજાના ફળનો હિસ્સો મળ્યા કરે છે, પ્રતિષ્ઠા કરેલાં પહેલવહેલા જિનબિંબોના દર્શન કરવાથી જે આલોક તથા પરલોક હિત કરનારા ફળ થાય છે તે ફળોની ગણત્રી ફક્ત કેવલી મહારાજ જાણે છે. સારું કે નઠારું કોઈપણકામ કરનાર, કરાવનાર અને મદદ કરનાર અને અનુમોદન કરનાર અને મદદ કરનાર એ બધાને સારું કે બૂરું ફળ બરોબર હિસ્સેજ મળે છે, એમ જિનેશ્વરદેવે ફરમાવેલું છે.જે દેશમાં કે શહેરમાં શ્રી અરિહંત પ્રભુની પ્રતિષ્ઠા થાય છે તે તે ઠેકાણે રોગ દુષ્કાળ, કે દુશ્મનાઈ પેદા થતાં જ નથી.જે સ્ત્રી જિનેશ્વર મહારાજને પાળ કરવા માટે માથે પાણીની ગાગર-બેઢું ભરીને લાવે છે તે સ્ત્રી સારા ચિત્તને તાબે થવાને લીધે ચક્રવર્તીની સ્ત્રીનું પદ મેળવી છેવટે મુક્તિને મેળવે છે. જેમ જીવ વિનાનો દેહ, વિદ્યા વિનાનો સપૂત પુત્ર, આંખ વિનાનું મુખ, દિકરા વિનાનું સારુંકુળ, પાણી વિનાનું સરોવર અનેસૂર્ય વિનાનું આકાશ મનોહર લાગતું નથી. તેમ પ્રતિષ્ઠા વિનાના પ્રતિમાજી મનોહરપણાનેલાયક થતાં જ નથી. હવે સાત ક્ષેત્રમાં બીજું ક્ષેત્ર જીર્ણોદ્ધાર છે, તેનું ફળ નીચે મુજબ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

जिणभवणाइं जे उद्धरंति, भत्तीइसडियडियाणं ।
ते उद्धरंति अप्पं, भीमाओ भवसमुद्दाओ ॥१॥
अप्पा उद्धरिउच्चिय, उद्धरिओ तहय तेहि नियवंसो ।
अन्नेय भव्वसत्ता, अणुमोदंता उ जिणभवणं ॥२॥
खवियं नीयागोयं, उच्चागोयं च बंधियंतेहिं ।
गइपहो निठ्ठविओ, सुगइपहो अजिज्ओ य तह्ा ॥३॥
इहलोगंमि सुकित्ती, सुपुरिसग्गो य देसिओ होई ।
अन्नेसिं सत्ताणं, जिणभवणं उद्धरंतेहि ॥४॥
सिज्झंतिकेइ तेणावि, भवेण इंदत्तणं च पावंति ।
इंद समाकेइ पुणो, सुरसुक्खं अणु भवेउणं, ॥५॥
मणुयत्ते संपत्ता, इक्खागुकुलेसु तह यह रिवंसे।
सेवावइ अमच्चा, इब्भसुया तेण जायंति ॥६॥
कलाकलावे कुसला, कुलीणा सयाडणुकूला सरला सुसीला ।
सदेव मच्चासुरसुंदरीणं, आणंदयारी मणलोयणाणं ॥७॥
चंदोव्व सोम्मयाए, सूरोवा तेयवंतया ।
रइना होव्वरुवेणं, भरहो वाजणाइठ्ठया ॥८॥
कप्पद्दुमोव्व चिंतामणि व्वचक्कीय वासुदेवाय ।
पूइज्जंति जणोणं, जिण्णुद्धारस्कत्तारो ॥९॥
भोतूण वरे मोए, काउणं संजमं च अकलंकं ।
खविउण कम्मरासिं, सिद्धिपयंझत्ति पाविंत्ति, ॥१०॥

ભાવાર્થ : જે માણસો શટન પટન વિધ્વંસભાવને પામેલા, જિનેશ્વર મહારાજના મંદિરનોનો કીર્તિની ઇચ્છાથી નહિ, કિંતુ ભક્તિબહુમાનવડે કરી ઉદ્ધાર કરે છે, તે માણસો જન્મ, જરા, મરણાદિ દુ:ખના સમૂહરૂપ ભયંકર ભવસમુદ્રથી તથાદેવ, મનુષ્ય, તિર્યંચ, નરકરૂપ સંસારસાગરથી પોતાના આત્માનો ઉદ્ધાર કરે છે. (૧) તેઓએ જીર્ણોદ્ધારાદિ સુકૃત કરણી કરવાથી પોતાના આત્માનો ઉદ્ધાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્યો,એટલું જ નહિ પરંતુ પોતાના બાપદાદાદિક પૂર્વજોનો પણ ઉદ્ધાર કર્યો, કારણ કે કદાચ તેમના પિતૃઓ દેવગતિમાં ગયા હોય અને ત્યાંથી અવધિજ્ઞાનવડે જોવાથી, તેઓ પણ અનુમોદન કરવાથી પોતાના આત્માનો ઉદ્ધાર કરે, પોતાના પુત્ર, પૌત્રો, સગા સંબંધીઓ, જીર્ણોદ્ધાર કરેલ દેખી અનુમોદન કરી, પોતાના આત્માનો ઉદ્ધાર કરે, તેમજ નજીકમાં સિદ્ધિ પામનારા બીજા જીવો પણ જીર્ણોદ્ધારનું અનુમોદન કરી પોતાના આત્માનો ઉદ્ધાર કરવા ભાગ્યશાળી થાય. (૨) શુભ પરિણામવડે કરી તેઓએ ખરાબ કૂળને વિષે ઉત્પન્ન થવારૂપ નીચ ગોત્રને નષ્ટ કર્યું અને બહુ લોકોને પૂજવારૂપ તથા સારા કુલને વિષે જન્મને ધારણ કરવા રૂપ ઉંચગોત્ર બાંધ્યું. તેઓએ નરકાદિક કુગતિમાર્ગનો રોધ કર્યો અનેદેવગતિરૂપ તથા સુમનુષ્યગતિરૂપ સારો માર્ગ ઉપાર્જન કર્યો. ૩ ઇહલોકને વિષે આ ભવે, ભૂતકાળમાં સગરચક્રી, ભરતચક્રી આદિમહાત્માઓ તીર્થનો ઉદ્ધાર કરવાવાળા થઈ ગયા છે. તેઓએ યશકર્મ પુન્ય ઉપાર્જન કરેલ છે. તે સત્પુરુષોએ જે માર્ગને પ્રગટ કરેલ છે તે માર્ગ જીર્ણોદ્ધારના કરનારા બીજા ભવ્યપ્રાણિયોનાં પાસે પ્રગટ કરેલ છે ૪. જૈનમંદિરનો ઉદ્ધાર કરવાવાળાસમગ્ર કર્મને ક્ષીણ કરી કેટલા એક, તે જ ભવમાં મુક્તિ મેળવે છે, કર્માંશોકાંઈક બાકી રહ્યા હોય તો તેને ભોગવવા માટે કેટલાએક ઈંદ્રપણાને પામે છે, કેટલાએક ઈંદ્રની સમાન સુખવાળા સામાનિક દેવતાઓ થાય છે, કેટલાએક મહર્ધિક દેવતાઓ થાય છે અને ત્યાં દેવતાના સુખને અનુભવીને ૫ મનુષ્યપણું પામે છે. ઈક્ષ્વાકુ, હરિવંશાદિક ઉત્તમ કુળમાં ઉત્પન્ન થાય છે. હાથી, ઘોડા, રથ, પાયદળના નાયકો થાય છે. રાજા-મહારાજા, મંત્રીઓ, મહામંત્રીઓ, ધનાઢ્યો, સાર્થવાહો, સાર્થવાહના શ્રેષ્ઠપુત્રો થાય છે. ૬ ત્યાં પણ તમામ પ્રકારની કલાના સમૂહને વિષે કુશળ થાય છે. બોંતેર કળાના જાણકાર થાય છે. શુદ્ધ માતાપિતાના વંશવાળા કુલીન થાય છે. સર્વ જીવોને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સદા અનુકૂળ થાય છે, સદા હિતકારી, સરલ આશયવાળા, પવિત્ર શીલાદિક આચારવાળા તથા અપકારીના ઉપર પણ ઉપકાર કરવાવાળા થાય છે, દેવ, મનુષ્ય, અસુરની સ્ત્રીઓના મનને અને નેત્રોને આનંદ કરવાવાળા થાય છે. ૭ ચંદ્રમાના સમાન સૌમ્ય થાય છે, સૂર્યના સમાન તેજસ્વી થાય છે, કામદેવના સમાનરૂપવાન થાય છે, ભરતની પેઠે લોકોને ઈષ્ટ થાય છે. ૮. કિં બહુના ? જીર્ણોદ્ધાર કરનારને, લોકો, કલ્પવૃક્ષની પેઠે, ચિંતામણિનીપેઠે, ચક્રવર્તીની પેઠે વાસુદેવની પેઠે, પૂજન કરનારા થાય છે. ૯ મનુષ્ય ગતિમાં પણ શ્રેષ્ઠ ભોગોને ભોગવી, કષાયકાલુષ્ય રહિત સંયમ અંગિકાર કરી, કર્મરાશીને ક્ષીણ કરી શીઘ્રતાથી સિદ્ધિપદને પામનારા થાય છે. ૧૦ હવે ત્રીજું ક્ષેત્રે જ્ઞાન છે, તેનું મહાત્મ્ય કહે છે.

**ज्ञानंभो कुमतांधकारतरणिज्ञानं जगल्लोचनं ।**
**ज्ञानं नीतितरंगिणी कुलगिरिज्ञानं कषायापहं ॥**
**ज्ञानं निर्वृत्तिवश्यमंत्रममलं ज्ञानं मनःपावनं ।**
**ज्ञान स्वर्गपतिप्रयाणपटहः ज्ञानं निदानं श्रियः ॥**

ભાવાર્થ : હે મહાનુભાવ ! કુમતરૂપી અંધકારને નાશ કરવામાં જ્ઞાન સૂર્ય સમાન છે, જ્ઞાન જગતના નેત્ર સમાન છે, જ્ઞાન નીતિરૂપ નદીને નીકળવામાં મહાન્ પર્વત સમાન છે, જ્ઞાન કષાયોને નાશ કરનાર છે, જ્ઞાન મુક્તિને વશ કરવામાં નિર્મળ મંત્ર સમાન છે, જ્ઞાન, મનને પવિત્ર કરનાર છે, જ્ઞાન સ્વર્ગગતિમાં પ્રયાણ કરવામાં ઢોલ સમાન છે, જ્ઞાન મુક્તિરૂપી લક્ષ્મીનું નિદાન કારણ છે. જ્ઞાન કર્મરૂપી પર્વતને છેદવામાં વજ્ર સમાન છે જ્ઞાન પ્રાણિયોના શ્રેષ્ઠ ભૂષણ સમાન છે, જ્ઞાન જીવોને ઉત્તમ ધન સમાન છે જ્ઞાન જગતને વિષે દીપક સમાન છે, જ્ઞાન તત્ત્વ, અને અતત્વના ભેદને જણાવનાર છે. કિંબહુના ? જ્ઞાન લોકાલોકના પદાર્થને સ્પષ્ટ દેખાડવામાં અખંડ, અદ્વિતીય, પરમ, અવિનાશી, જ્યોતિ સમાન છે. જ્ઞાન સમાન બીજી કોઈ પણ વસ્તુ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્માને પ્રકાશિત કરનાર નથી, માટે જીવોએ સત્ય જ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો કે જલ્દીથી સંસારનો અંત આવે. જ્ઞાન વગર આ ક્ષેત્રમાં ભટકવાનું થાય છે. અને જ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે, તે જ્ઞાન સિદ્ધાંતના આરાધનથી જ મળે છે. તે આરાધન દ્રવ્ય તથા ભાવ, એમ બે પ્રકારે થાય છે તેમાં સુંદર પોથીબંધન, મનહર પાઠા, ઉત્તમ દોરી, પાના સચવાય તેવી કવળી, જ્ઞાનની પાસે દીપકનો પ્રકાશ, ધૂપ, ચંદનનાં છાંટણ સંગીત ગાવું, બજાવવું, અષ્ટ મંગળ ફલફૂલ અને અખંડ ચોખા ધરવા વિગેરેથી પુસ્તકોની પૂજા કરવી. તે દ્રવ્યથી જ્ઞાન આરાધન કહેવાય છે. અને જ્ઞાન સાંભળવું, તેના ઉપર વિશ્વાસ રાખવો, ભણવું, ભણાવવું, જ્ઞાન ભણનારની સેવા ચાકરી કરવી તે ભાવથી આરાધન કહેવાય છે આવી રીતે કરેલી જ્ઞાનની આરાધના સંસારનો ઘાત કરનારી અને કેવળજ્ઞાની આરાધના સંસારનો ઘાત કરનારી અને કેવળજ્ઞાનને પેદા કરનારી થાય છે. જ્ઞાનની આરાધના કરવાથી પ્રાણી ચક્રવર્તી ઈંદ્રવિગેરેના ઉત્તમ ભવો પ્રાપ્ત કરી, પ્રાંતે તીર્થંકરપદ પામી કેવળી થઈ મોક્ષપદવી પામે છે.

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાએ ચારેની પૂજા ઉપાસના કરવી. તે ચારે ક્ષેત્રો લોકોત્તર સુખને આપનારા કહેવાય છે. જેને ઘરે એ ચારેમાંથી કોઈ સંઘ આવે તેના હાથમાં ચિંતામણિ રત્ન આવ્યું છે, તેને આંગણે કલ્પવૃક્ષ ફળેલ છે, અને તેની આગળ કામધેનુ વિદ્યમાન છે એમ જ જાણવું. જેના આંગણમાં ચતુર્વિધિ સંઘ પધારે તેનું કુળ કલંક રહિત છે, તેની માતા ભાગ્યની ભૂમિ છે, અને લક્ષ્મી તેના હાથમાં વસેલી છે. એમ સમજવું. જેના માથા ઉપર સંઘના પગની રજ પડે છે, તે પવિત્ર મનુષ્યને તીર્થસેવાનું ફળ મળે છે. પાપના સમૂહરૂપ ઉન્હાળામાં શાંતિ આપવા વરસાદ સમાન, દ્રારિદ્રરૂપ રાત્રી દૂર કરવા સૂર્ય સમાન કર્મરૂપ હાથીઓનો નાશકરવામાં કેસરીસિંહ સમાન, ચતુર્વિધ સંઘ જયવંત હો, ધન, ધાન્ય ! ફળ પાન, બીડાં, કપડાં,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આહાર, ચંદન અને ફૂલોવડે જેઓએ સંઘનું પૂજન કરેલ છે. તેઓએ માનવભવ સફળ કરેલ છે. આ સાત ક્ષેત્ર જૈન રાજ્યમાં ફળ દેનારાં છે. તેમાં પણ જો ધનરૂપી બીજ વાવેલું હોય તો તેની અંદર વિઘ્નવિરહિત પણે ઉદયકારક ફળ પ્રાપ્તથાય છે.

## ઉપદેશ ચૌદમો

### તીર્થંકર ગણધર રૂપાદિ.

તીર્થંકર મહારાજના રૂપથી ગણધરનું રૂપ અનંતગણું હીન હોય છે. ગણધરના રૂપથી આહારક શરીરનું રૂપ. અનંત ગણું હીન હોય છે. આહારક શરીરથી. અનુત્તર વૈમાનના દેવોનું રૂપ અનંતગણું હીનહોય છે. અનુતર વૈમાનના દેવોથી ગ્રૈવેયકના દેવોનું રૂપ, અનુક્રમે અનંતગણું હીન હોય છે. ગ્રૈવેયકના દેવોથી બારમા દેવલોકના દેવોનું રૂપ અનંતગણું હીન હોય છે.બારમાથી અગ્યારમાનું અનંતગણું હીન. અગ્યારમાંથી દસમાનું અનંતગણું હીન. દશમાથી નવમાનું અનંતગણું હીન નવમાથી આઠમાનું અનંતગણું હીન આઠમાથીસાતમાનું અનંતગણુ હીન. સાતમાંથી છઠ્ઠાનું અનંતગણું હીન છઠ્ઠાથી પાંચમાનું અનંતગણું હીન. પાંચમાંથી ચોથાનું અનંતગણું હીન, ચોથાથી ત્રીજાનું અનંતગણુ હીન. ત્રીજાથી બીજાનું અનંતગણું હીન. બીજાથી પહેલા દેવલોકનું અનંતગણુંહીન. પહેલા દેવલોકના દેવોથી ભુવનપતિ દેવોનું રૂપ અનંતગણું હીન. ભુવનપતિથી જ્યોતિષી દેવોનું રૂપ અનંતગણું હીન. જ્યોતિષીથી વ્યંતરનું અનંતગણું હીન. વ્યંતરથી ચક્રવર્તીનું રૂપ અનંતગણું હીન. ચક્રવર્તીથી વાસુદેવનું અનંત ગણું હીન વાસુદેવથી બળદેવનું અનંતગણુ હીન. ઉતરતું ઉતરતું જાણવું.

બાકીના રાજાઓ, તથા લોકો, છ ભાગે હીન જાણવા.

૧ અનંત ભાગહીના ૨ અસંખ્ય ભાગહીના. ૩ સંખ્ય ભાગહીના. ૪ સંખ્ય ગુણહીના. ૫ અસંખ્ય ગુણહીના. ૬ અનંત ગુણહીના.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પુદ્‌ગલોની સૂક્ષ્મતા

ઔદારિકથી સૂક્ષ્મ પુદ્‌ગલોથી વૈક્રિય બાંધેલું હોય છે. વૈક્રિય શરીરથી સૂક્ષ્મ પુદ્‌ગલોથી આહારક શરીર બાંધેલું હોય છે. આહાર સૂક્ષ્મ પુદ્‌ગલોથી તેજસ બાધેલું હોય છે. તેજસ સૂક્ષ્મ પુદ્‌ગલોથી કાર્મણ શરીર બાંધેલું હોય છે.

## પાંચ શરીરના પ્રદેશો

ઔદારિકે અનંતા પ્રદેશો, એટલે સર્વથી થોડા.

વૈક્રિયે તેનાથી અસંખ્યગુણા વધારે.

આહારકે તેનાથી અસંખ્યગુણા વધારે.

તેજસે તેનાથી અનંતગુણા વધારે.

કાર્મણે તેનાથી અનંત્તગુણા વધારે.

મનુષ્યો અને તિર્યંચોને ઔદારિક શરીર હોય છે.

દેવતા નારકીયોને વૈક્રિય શરીર હોય તથા મનુષ્ય તિર્યંચ કોઈ લબ્ધિધારીને, વૈક્રિય શરીર હોય.

આહારક શરીર ચૌદ પૂર્વધરને હોય, બીજાને નહિ.

## તેઓની ગતિનો વિષય,

ઔદારિકનો વિષય વિદ્યાધરોને આશ્રિત્ય. નંદીશ્વર દ્વીપ સુધીનો હોય છે, જંઘાચારણને આશ્રિત્ય મેરુ પાંડુકવન નંદીશ્વર દ્વીપ અને રૂચકદ્વીપ સુધી હોય છે,વિદ્યાચારણોને આશ્રિત્ય માનુષ્યોતર પર્વત, મેરુ નંદન વન અને નંદીશ્વર દ્વીપ સુધી હોય છે.

આહારકનો વિષય મહાવિદેહ સુધી હોય છે.

તેજસ કાર્મણનો વિષય સર્વ લોક સુધી હોય છે કેવલી સમુદ્‌ઘાત વખતે સર્વલોકવ્યાપકત્વાત્



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## તેના પ્રયોજનો

ઔદારિકનું પ્રયોજન,સુખ દુઃખ ધર્મ, કેવલજ્ઞાન ઈત્યાદિ હોય છે.

વૈક્રિયનું પ્રયોજન, સ્થૂલ, સૂક્ષ્મ, એક, અનેક, કાર્ય કરવાપણું હોય છે.

આહારકનું પ્રયોજન, સૂક્ષ્માર્થ સંશયછેદાદિક હોય છે. તેજસનું પ્રયોજન, શ્રાપ, અનુગ્રહ, આહારપાચનાદિક કરવો વિગેરે.

કાર્મણનું પ્રયોજન, ભવાંતરે ગતિકરવારૂપ હોય છે.

તેના પ્રમાણો

ઔદારિક શરીરનું પ્રમાણ એક હજાર યોજનથી અધિક હોય છે.

વૈક્રિય શરીરનું પ્રમાણ સાતિરેકલક્ષ યોજનનું હોય છે,

આહારક શરીરનું પ્રમાણ એક હાથનું હોય છે.

તેજસ કાર્મણનું પ્રમાણ સદા ઉત્કૃષ્ટ-લોકપ્રમાણ હોય છે.

# ઉપદેશ પંદરમો

## ચોવીશ તીર્થંકરોનાં નામોનાં કારણ

વર્તમાન કાળમાં ઉત્પન્ન થયેલા ચોવીશ તીર્થંકર મહારાજાઓના નામ પ્રમાણે નીચેના ગુણો કહેલા છે.

उसभोत्ति વૃષભઃ ઈતિ સમગ્ર સંયમભારને વહન કરવાથી વૃષભ નામ થયું.

શંકા- બીજા તમામ તીર્થંકર મહારાજાઓ પણ વૃષભ કહેવાય છે, તો પ્રથમ જિનમાં વિશેષપણું શું ? સમાધાન ભગવાનના સાથલમાં વૃષભનું લાંછન હોવાથી તેમજ માતાએ ચૌદ સ્વપ્નોને વિષે પ્રથમ વૃષભ દેખવાથી ઋષભઃ ૧

પરિષહાદિકે જેને નહિ જીતવાથી અજિત તેમજ ભગવાન માતાના ગર્ભમાં હતા તે વખતે જિતશત્રુ રાજા સાથે વિજયારાણી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાસાક્રીડા કરતા રાજા રાણીને નહિ જીતી શકવાથી અજિતઃ ૨

જેને વિષે ચોત્રીશ અતિશયોની સંભાવના હોવાથી સંભવ તથા આ ભગવાનની સ્તુતિ કરવાથી સં-સુખ થાય તેથી સંભવ તેમજ ભગવાન માતાના ગર્ભમાં આવવાથી ઘણા પ્રકારના ધાન્યની ઉત્પત્તિ થઈ તેમજ ભગવાનના જન્મથી પ્રથમ પડેલો દુષ્કાળનો નાશ થયોતેથી સંભવ : ૩

દેવોના ઇંદ્રોએ વારંવાર વંદન, નમન, સ્તવન, કીર્તન કરવાથી અભિનંદન અથવા ભગવાન ગર્ભમાં આવ્યા ત્યારથી જ ઇંદ્રમહારાજાએ વારંવાર વંદન સ્તવન કરવાથી અભિનંદન ૪

ભગવાનની ઉત્તમ પ્રકારની મતિ હોવાથી સુમતિ અથવા ભગવાન ગર્ભમાં આવ્યા હતા ત્યારે તેમની માતાની બુદ્ધિ બે શોકયોનોવ્યવહારિક ઝગડો છેદવાને માટે સારા નિશ્ચયવાળી હોવાથી સુમતિઃ ૫

શરીરની કાંતિને આશ્રિત્ય કમલના સમાન જેની કાંતિ હતી તેથી પદ્મપ્રભ અથવા ભગવાન જ્યારે માતાના ગર્ભમાં આવ્યા ત્યારે પદ્મને વિષેશયન કરવાનો દોહલો ઉત્પન્ન થયોતે દેવતાએ પૂર્ણ કર્યો તેથી પદ્મપ્રભ તેમજ પદ્મના સમાન વર્ણ હોવાથી પદ્મપ્રભ.૬

જેના પડખા મહાશોભાયુક્ત હતા તેથી સુપાર્શ્વ, અથવા પ્રભુ ગર્ભને વિષે આવ્યા ત્યારે માતાના બન્ને પડખા મહાશોભનીક ઉત્તમ થયા તેથી સુપાર્શ્વ. ૭

ચન્દ્રના સમાન સૌમ્ય મનોરમ જેની કાન્તિ છે. ઈતિ ચન્દ્રપ્રભઃ તથા ભગવાન માતાના ગર્ભમાં આવ્યા ત્યારે ચન્દ્રમાનું પાન કરવાનો દોહલો ઉત્પન્ન થયો તેથી ચન્દ્રપ્રભઃ ૮.

જેને ઉત્તમ પ્રકારનો વિધિ છે. તેથી સુવિધિઃ તથા પ્રભુ ગર્ભમાં આવ્યા પછી ભગવાનની માતા સર્વ વિધિવિધાનમાં કુશલ થયા. તેથી સુવિધિ : ૯.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રાણિયોને ઉત્પન્ન થયેલા સમગ્ર સંતાપને ઉપશાન્ત કરવાથી શીતલ, તેમજ પ્રભુ જ્યારે ગર્ભાવાસમાં આવ્યા ત્યારે પ્રથમથી એટલે ગર્ભમાં આવ્યા પહેલા પિતાને ઉત્પન્ન થયેલો અને કોઈપણ પ્રકારે ચિકિત્સા નહિ કરી શકાયએવો પિત્તજ્વર ઉત્પન્ન થયેલો હતો તે ભગવાનની માતાના હાથના સ્પર્શ કરવાથી જ તુરત જ શાન્ત થઈ ગયો તેથી શીતલ : ૨૦

વિશ્વને હિત કરનારા તેથી શ્રેયાંસઃ તથા ભગવાન જ્યારે માતાના ગર્ભમાં આવ્યા ત્યારે પ્રથમ કોઈએ નહિ આક્રમણ કરેલી દેવતાધિષ્ઠિત શય્યા માતાએ આક્રમણ કરવાથી કલ્યાણ થયું તેથી શ્રેયાંસઃ ૧૧

દેવવિશેષોને પૂજવાલાયક થયા તેથી વાસુપૂજ્ય તથા ભગવાન જ્યારે ગર્ભમાં આવ્યા ત્યારે ઇંદ્રમહારાજાઓ રત્નોવડે નિરંતર તેનું ઘર ભરવા લાગ્યા તેથી વાસુપૂજ્ય. તેમજ વસુ રાજાના પુત્ર હતા તેથી પણ વાસુપૂજ્યઃ ૧૨

જેના જ્ઞાનાદિક વિમલ નિર્મલ છે તેથી વિમલઃ અગર ભગવાન કર્મરૂપી મેલથી રહિત થયેલા છે તેથી વિમલ તેમજ ભગવાન માતાના ગર્ભમાં આવ્યા પછી માતાનું શરીર અત્યંત વિમલ નિર્મલ થયું તેથી વિમલઃ તેમજ માતાની મતિ અત્યંત વિમલ થવાથી વિમલઃ ૧૩.

અનંતા કર્મોને જીતી જય મેળવવાથી અનંત, અગર અનંત જ્ઞાનાદિક જેને પ્રાપ્ત થયેલ તેથી અનંતઃ તથા ભગવાન જ્યારે માતાના ગર્ભમાં આવ્યાત્યારે માતાએ મોટા પ્રમાણવાળી રત્નની માળાએ સ્વપ્નમાં દેખવાથી અનંતઃ ૧૪.

દુર્ગતિને વિષે પડતા પ્રાણીયોના સમૂહને બચાવે અને સદ્ગતિમાં સ્થાપન કરે તેથી ધર્મ તથા પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતા દાનાદિક ધર્મકર્મમાંતત્પર થયાતેથી ધર્મ ૧૫

પોતાનો આત્મા શાન્તિમય હોવાથી શાંતિ, તથા બીજાને પણ શાન્તિ ઉત્પન્ન કરવાથી પણ શાન્તિ, તથા પ્રભુ ગર્ભમાં આવ્યા અગાઉ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્પન્ન થયેલો અને અનેક ઉપચારોથી પણ પ્રશાન્ત નહિ થયેલો મરકીનો રોગ પ્રભુ ગર્ભમાં આવ્યા પછી પ્રભુની માતાને સ્નાન કરાવી તે પાણી નગરમાં છાંટવાથી તુરત મરકીનો રોગ શાન્ત થયો તેથી શાન્તિ :૧૬

કૌ-પૃથ્વીને વિષે રહ્યા તેથીકુંથુ, અગર ભગવાન જ્યારે માતાના ગર્ભમાં આવ્યા ત્યારે માતાએ સ્વપ્નમાં વિચિત્ર રત્નનો સ્તૂપ દેખ્યો તેથી કુંથુઃ ૧૭.

મહાભાગ્યવાન તીર્થંકર મહારાજાના જીવો સર્વે મહા સત્વવંત કુલોને વિષે ઉત્પન્ન થાય છે તેથી તેની અભિવૃદ્ધિ થાય છે માટે વૃદ્ધોએ ભગવાનનું નામ અરપાડ્યું તેથી આરઃ, અગર પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતાએ સ્વપ્નને વિષે સર્વ રત્નમય અર દેખ્યો તેથી અરઃ ૧૮

પરિષહાદિક મલ્લોને જીત્યા તેથી મલ્લિ, અગર ભગવાન ગર્ભમાં આવ્યા પછી માતાને સર્વ ઋતુઓના પુષ્પોની શય્યામાં શયન કરવાનો દોહલો ઉત્પન્ન થવાથી અને તે દેવતાએ પૂર્ણ કરવાથી મલ્લિઃ ૧૯

જગતનાજીવોની ત્રિકાલ અવસ્થાને જાણે તેથી મુનિ અને જેના સારા વ્રતો છે તેથી સુવ્રત એટલે મુનિસુવ્રત અગર પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતા સારા વ્રતવાળા થયા તેથી મુનિસુવ્રત. ૨૦

પરિષહાદિક વર્ગને નમાવી દેવાથી નમિ, અગર ભગવાન ગર્ભમાં આવ્યા પછી શત્રુ રાજાઓએ નગરને ઘેરો લાવવાથી ભગવાનની પુન્ય શક્તિએ પ્રેરેલા ભગવાનની માતાને કિલ્લાના ઉપર બેસાર્યા તેથી તેને દેખીને શત્રુઓ ભગવાનની માતાને નમસ્કાર કરી ઘેરો ઉઠાવી પોતાને સ્થાને ચાલ્યા ગયા તેથી નમિ. ૨૧

અરિષ્ટ દુરિતની નેમિ-ચક્રધારા ઈવ ઈતિ નેમિ, અઘર પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાએ સ્વપ્નમાં મહાન રિષ્ટ રત્નમય નેમિ ચક્રધારાને દેખેલ તેથી નેમિ. ૨૨

સર્વભાવોને જાણે તેથી પાર્શ્વ, અગર પ્રભુ ગર્ભમાં આવ્યા પછી શય્યાને વિષે રહેલા માતાએ પાસે જતો સર્પ ગાઢ અંધકારમાં દેખ્યો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેથી પાર્શ્વ ૨૩

ઉત્પત્તિથી આરંભીને જ્ઞાનાદિકની વૃદ્ધિથી નિરંતર વૃદ્ધિને પામે તે વર્ધમાનઃ અગર પ્રભુ ગર્ભમાં આવ્યા પછી જ્ઞાતકુલ ધનધાન્યાદિક વિગેરેથી પ્રતિદિન અત્યંત વૃદ્ધિ પામવા માંડ્યુંતેથી વર્ધમાનઃ, ૨૪ ઈતિ શ્રાદ્ધદિનકૃત્યે.

## ઉપદેશ સોળમો

### જિનેશ્વર મહારાજાની ભક્તિ પાંચ પ્રકારે કહી છે.

**पु[१]ष्पाद्यर्चा तदाज्ञा[२]च, तद्‌द्रव्यपरिरक्षण[३]म् ।**
**उत्स[४]वास्तीर्थयात्रा[५] च, भक्तिः पंचविधा जिने ॥१॥**

ભાવાર્થ : વિવિધ પ્રકારના સુગંધી પુષ્પોથી, તેમજ ચંદન, કેસર, ધૂપ, દીપ વિગેરેથી પરમાત્માની ભક્તિ કરવી તે પુષ્પાદિ અર્ચા-ભક્તિ કહેવાય. ૧, જિનેશ્વર મહારાજની આજ્ઞાનું સમ્યક્ પ્રકારે પાલન કરવું તે તદાજ્ઞાભક્તિ કહેવાય, કારણ કે આજ્ઞા વિનાની ભક્તિ સર્વથાનકામી છે. ૨. દેવદ્રવ્યાદિકનું રક્ષણ કરવું, તે દેવદ્રવ્યરક્ષણભક્તિ કહેવાય. ૩, નવીન જૈન મંદિર બંધાવું, તેમાં પ્રભુજીને સ્થાપન કરવા, અષ્ટાહ્નિકા ઉત્સવાદિક કરવા, પર્યુષણાદિકમાં જૈન મંદિરમાં ઉત્સવાદિક કરી જૈન શાસનની પ્રભાવના કરવી તે ઉત્સવભક્તિ કહેવાય. ૪, અને શત્રુંજયાદિક તીર્થોની ભક્તિ કરવીતે તીર્થભક્તિ કહેવાય છે. ૫

### પાંચ પ્રકારનાં ચૈત્યો

૧ ભક્તિચૈત્ય. ૨ મંગળચૈત્ય. ૩ નિશ્રાકૃતચૈત્ય ૪. અનિશ્રાકૃતચૈત્ય અને ૫ શાશ્વત ચૈત્ય.

૧. જે ઘરને વિષે યથોક્ત લક્ષણાદિ ઉપેત જિનપ્રતિમાની વંદન પૂજાદિ ભક્તિ કરવામાં આવે છે, તે ભક્તિચૈત્ય કહેવાય છે.

૨. ઘરના બારણા ઉપર મધ્યમ ભાગે કાષ્ટને વિષે બનાવેલ જિનબિંબ હોય છે તે મંગલ ચૈત્ય કહેવાય છે. મથુરાનગરીમાં મંગલ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માટે તમામ ઘરે લાકડામાં પ્રથમ જિનપ્રતિમાજી બનાવીને સ્થાપન કરે છે, અન્યથા તે ઘર પડી જાય છે. કહ્યું છે કે -

**जम्मि सिरिपासपडिमं, सांतिकए पडिगिहदुवारे ।**
**अज्जवि जणा पुरिं तं, महुरमधन्ना न पेच्छंति ॥१॥**

ભાવાર્થ : જે મથુરાનગરીને વિષે જ્યારે ઘર કરાવે ત્યારે દરેક ઘરના બારણાના મધ્ય ભાગને વિષે કાષ્ઠની શ્રી પાર્શ્વનાથજી મહારાજની મૂર્તિ કરાવી, શાંતિ નિમિત્તે સ્થાપન કરે છે, તે મથુરાનગરીને હાલમાં પણ ધન્ય લોકો દેખી શકતા નથી એમ સિદ્ધસેન આચાર્યે કહેલ છે.

૩. કોઈ ગચ્છની નિશ્રાયે કરેલ ચૈત્ય હોય તે નિશ્રાકૃત ચૈત્ય કહેવાય છે તેમાં તે ગચ્છના આચાર્યાદિક પ્રતિષ્ઠાદિક કરવા લાયક ગણાય. ત્યાં પ્રતિષ્ઠાદિક કરવાનો બીજાનો અધિકાર નથી.

૪. તેનાથી વિપરીત એટલે સર્વ ગણના નાયકો, પદવીધરો, પ્રતિષ્ઠાદિક તથા માલારોપણાદિક વિધિને કરે છે, જેમકે શત્રુંજય મૂલચૈત્યમ્, તેમાં સર્વે આચાર્યાદિકોને પ્રતિષ્ઠા, ધ્વજારોપણ, માલારોપણ વિગેરે કરાવવાનો અધિકાર છે.

૫ સિદ્ધાયતનમ્, શાશ્વત ચૈત્યમ્.

**બીજા પણ પાંચ પ્રકારે ચૈત્યો કહેલ છે.**

૧. નિત્ય, ૨. દ્વિવિધ, ૩. ભક્તિકૃત, ૪. મંગલકૃત અને ૫. સાધર્મિક-એ પાંચ પ્રકારેકહેલા છે.

૧. નિત્યાનિશાશ્વત જિનચૈત્યાનિ. દેવલોકાદિકને વિષે છે તે.

૨. નિશ્રાકૃતાનિ ૧ અનિશ્રાકૃતાનિ ૨ ઉપરોક્ત કહેલ છે તે.

૩. ભક્તિકૃતાનિ-ભરત મહારાજાદિકે કરાવેલા ચૈત્યો.

૪. મંગલાકૃતાનિ-મથુરાનગરીમાં મંગલ નિમિત્તે બારણાના ઉત્તરંગને વિષે સ્થાપેલ છે તે.

૫. સાધર્મિક વારત્રક મુનિના પુત્રે મનોહર દેવગૃહને વિષે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોતાના પિતા મુનિની મૂર્તિ સ્થાપન કરેલી હતી તે સાધર્મિક ચૈત્ય કહેવાય.

## કેવા બિંબોનું પૂજન કરવું.

યથોક્ત બિંબ પ્રથમ સો વર્ષનું હોય, અને અંગોપાંગોથી દૂષિત હોય તો પણ પૂજવું નહિ, પરંતુમહાપુરુષોયે વિધિવિધાન અનુષ્ઠાનથી તે બિંબને ચૈત્યાદિકને વિષે સ્થાપન કરેલ હોય અને સો વર્ષ ઉપરનું હોય તેમજ અંગોપાંગોમાં કાંઇ દૂષિત હોય તો પણ પૂજવામાં કોઈપણ પ્રકારનો બાદ નથી. શ્રી સિદ્ધસેન આચાર્ય મહારાજે કહ્યું છે કે-

**वरिस सयाओ उड्ढं, जं बिंबं उत्तमेहिं संठवियं ।**
**वियलंगुवि पुइज्जइ, तं बिंबं न निप्फलं जओत्ति ॥१॥**

ભાવાર્થ : સો વર્ષ પ્રથમનું હોય તથા જે બિંબને ઉત્તમ મહાપુરુષોએ વિધિ અનુષ્ઠાનથી સ્થાતન કરેલ હોય અને તે અંગો પાંગોમાં દૂષિત હોય, તો પણ તેને પૂજવું, કારણ કે તે બિંબને નિષ્ફલ કહેલ નથી. આના અંદર એટલું વિશેષ છે કે-મુખ, નયન, નાસિકા, ડોક, કમ્મર ઇત્યાદિ પ્રદેશોમાં ખંડિત થયેલું બિંબ સર્વથા અપૂજનિક છે. પરંતુ મૂલનાયકજીનું બિંબ, આધાર, પરિકર, લાંછનાદિક પ્રદેશોથી ખંડિત થયેલ હોય તો પણ પૂજવા લાયક છે.

**अतीताब्दशतं यच्च, यच्च स्थापितमुत्तमैः ।**
**यद्व्यंगमपि पूज्यं, स्याद्विम्बं तं निष्फलं नहि ॥१॥**

ભાવાર્થ : જે બિંબ સો વર્ષ પ્રથમનું હોય, તથા જે બિંબને ઉત્તમ પુરુષોયે સ્થાપન કરેલ હોય, તે બિંબઅંગોપાંગમા દૂષિત હોય તો પણ પૂજવા લાયક છે, પરતુ તે બિંબ નિષ્ફલ નથી.

ઇતિ આચારદિનકર ગ્રંથે

વળી ધાતુ લેપાદિક બિંબ અંગરહિત હોય, તો ફરીથી સજ્જ કરી શકાયછે, પરંતુ પાષાણમય, રત્નમય, કાષ્ટમય બિંબો ફરીથી સજ્જ


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરી શકાય નહિ માટે તેવા બિંબો પૂજવાલાયક ગણી શકાય નહિ.

**नखांगुली बाहुनासां ध्रीणां भंगेष्वनुक्रमात् ।**
**शत्रुभीर्देशभंगश्च, धनबंधु लक्षयः ॥१॥**

ભાવાર્થ : નખ, આંગુલી, બાહુ, નાસિકા, પગ વિગેરેનો ભંગ થવાથી અનુક્રમે શત્રુનો ભય, દેશભંગ, ધન, બંધુ અને કુલનો ક્ષય થાય છે.

**पीठयानपरिवारध्वंसे सति यथाक्रमम् ।**
**नैजवाहनभृत्यानां, नाशोभवति निश्चितम् ॥२॥**

ભાવાર્થ : પીઠ, વાહન, પરિવારનો ધ્વંસ થવાથી અનુક્રમે પોતાના વાહન તથા નોકરોનો નિશ્ચય નાશ થાય છે.

## અરિહંતના બિંબને ક્યો માણસ બનાવી શકે ?

**चैत्यगृहे नवं बिंबं, कारयन् स्नातकः कृती ।**
**सप्तधा निजनामार्हं, जैनबिंबं विधापयेत् ॥१॥**

ભાવાર્થ : જિનચૈત્ય તથા ઘર દેરાસરને વિષે નવિન બિંબકરાવનાર સ્નાતક તથાકૃતજ્ઞ, સાત પ્રકારેપોતાના નામને યોગ્ય અરિહતના બિંબને ભરાવે, બનાવે, કરાવી શકે.

## મૂર્તિ કેવી હોવી જોઇએ.

**रौद्री निहन्ति कर्तार-मधिकांगी तु शिल्पिनम् ।**
**हीनांगी द्रव्यनाशाय, दुर्भिक्षाय कृशोदरी ॥१॥**
**वक्रनासातिदुःखाय, ह्रस्वांगी क्षयकारिणी ।**
**अनेत्रानेत्रनाशाय, स्वल्या स्याद् भोगवर्जिता ॥२॥**
**जायते प्रतिमाहीनकटीराचार्यघातिनी ।**
**जंघाहीना भवेद् भ्रातृपुत्रमित्रविनाशिनी ॥३॥**
**पाणिपादविहिना तु, धनक्षयविधायिनी ।**
**चिरपर्युषितार्चा तु, नार्दतव्या यतस्ततः ॥४॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अर्थं हृत्प्रतिमोत्ताना, चिंता हेतुरधोमुखी ।**
**आधिप्रदातिरश्चीना, नीचोच्चस्था विदेशदा ॥५॥**
**अन्यायद्रव्यनिष्पन्ना, परवास्तुदलोद्भवा ।**
**हीनाधिकांगी प्रतिमा, स्वपरोन्नत्तिनाशिनी ॥६॥**
**ऊर्ध्वद्रग्द्रव्यनाशाय, तिर्यगृदग्भोगहानये**
**दुःखदा स्तब्ध दृष्टिश्चा-धोमुखी कुलनाशिनी ॥७॥**

ભાવાર્થ : રૌદ્ર આકારવાળી મૂર્તિ, ઘડનારને મારે છે, અધિક અંગોપાંગવાળી મૂર્તિ-શિલ્પના જાણકારને હણે છે, હીન અંગો પાંગવાળી મૂર્તિ દ્રવ્યનો નાશ કરે છે. દુર્બલ ઉદરવાળી મૂર્તિ દુષ્કાળને કરવાવાળી થાય છે. (૧) વક્ર નાસિકાવાળી અતિ દુઃખ આપનારી થાય છે, અલ્પઅંગોપાંગ વાળી ક્ષય કરવાવાળી થાય છે, નેત્ર વિનાની નેત્રનો નાશ કરે છે અને સર્વથા નાની મૂર્તિ ભોગ રહિત કરનારી છે, (૨) હીન કમ્મરવાળી મૂર્તિ આચાર્યનો ઘાત કરનારી છે, જંઘાહીન મૂર્તિ, ભાઈ, પુત્ર, મિત્રનો વિનાશ કરનારી થાય છે, (૩) હાથ પગ વિનાની મૂર્તિ ધનનો ક્ષય કરે છે, લાંબા કાળથી નહિ પૂજાયેલી મૂર્તિ જ્યાં ત્યાં આદર કરવા લાયક ગણાય નહિ (૪) ઉત્તાન પ્રતિમા લક્ષ્મીને હરણ કરે છે, અધોમુખી પ્રતિમા ચિંતાના હેતુભૂત થાય છે, તિર્છી પ્રતિમા આધિ, માનસિક પીડા ને ઉત્પન્ન કરે છે, ઊંચી નીચી મૂર્તિ વિદેશમાં રખડાવનારી થાય છે, (૫) અન્યાયના દ્રવ્યથી નિષ્પન્ન થયેલી તથા હીનાધિક અંગો પાંગવાળી પ્રતિમા સ્વપરની ઉન્નતિનો નાશ કરનારી થાય છે, (૬) ઊંચી દષ્ટિવાળી મૂર્તિ દ્રવ્યનો નાશ કરે છે, તિર્છી દષ્ટિવાળી ભોગની હાનિ કરનારી છે, સ્તબ્ધ દષ્ટિવાળી દુઃખને આપનારી છે. અને અધોમુખી મૂર્તિ કુલનો નાશ કરે છે. (૭)

**विषमैरंगुलैर्हस्तैः, कार्यं बिंबं न तत्समैः ।**
**द्वादशांगुलतो हीनं, बिंब चैत्ये न धारयेत् ॥१॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ततस्त्वऽधिकागारे, सुखाकांक्षी न पूजयेत् ।
लोहाश्मदंतकाष्टमृद्, चित्रगोविड्मयानिच ॥२॥
बिंबानि कुशलाकांक्षी, न गृहे पूजयेत् क्वचित् ।
खंडितांगानि वक्राणि, परिवारोज्झितानि च ॥३॥
प्रमाणाधिकहीनानि, विषमांगस्थितानि च ।
अप्रतिष्ठानि दुष्टानि, बिंबानि गलितानि च ॥४॥
चैत्ये गृहेन धार्याणि, बिंबानि सुविचक्षणैः ।
धातुलेप्यमयं सर्वं, व्यंगं संस्कारमर्हति ॥५॥
काष्ठपाषाण निष्पन्नं, संस्कारार्हं पुनर्नहि ।
यच्च वर्षशतातीतं, यच्च स्थापितमुत्तमैः ॥६॥
तद्व्यंगमपि पूज्यस्याद्बिंबं तन्निष्फलं नहि ।
तच्च धार्यं परं चैत्ये, गेहे पूज्यं न पंडितै ॥७॥
प्रतिष्ठिते पुनर्बिंबे, संस्कारःस्यान्न कर्हिचित् ।
संस्कारे च कृते कार्या, प्रतिष्ठा तादृशी पुनः ॥८॥
संस्कृते तु लिते चै व, दुष्टस्पृष्टे परीक्षिते ।
ह्रीते बिंबे च लिंगे च, प्रतिष्ठा पुनरेव हि ॥९॥

ભાવાર્થ : વિષમ, વાંકાચૂકા, હાથ અને આંગળા હોય, એવું બિંબ તેના સમાન વાંકુંચુકું કરવું નહિ, પરંતુ સમાન અંગો પાંગવાળું બિંબ કરવું, બાર આંગલુથી હીન બિંબ જૈન મંદિરમાં સ્થાપન કરવું નહિ (૧) સુખની ઈચ્છા કરનાર માણસે અગ્યાર આંગુલથી અધિક આંગલવાળું બિંબ, ઘરદેરાસરજીને વિષે પૂજવું નહિ, તથા લોઢાનું, પત્થરનું, દાંતનું, કાષ્ટનું, માટીનું ચિત્રમિં, છાણનું આ તમામ બિંબો ઘર દેરાસરજીને વિષે પૂજવા નહિ (૨) કુશલની આકાંક્ષા કરનારાએ, કદાપિ કાલે પોતાના ઘરને વિષે અંગોપાંગ ખંડિત થયેલા, વક્રઅંગોપાંગવાળા તથા પરિવારવડે કરી રહિત બિંબોને પૂજવા નહિ, (૩) પ્રમાણવડે કરી અધિક અને હીન બિંબો હોય, જેના અંગોપાંગો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિષમ રહેલા હોય, જે બિંબો પ્રતિષ્ઠા નહિ કરેલ હોય, દુષ્ટ તેમજ મલિન બિંબો હોય, (૪) એવા બિંબો દેરાસરજીમાં, ઘરદેરાસરજીમાં, વિચક્ષણ પુરુષોએ ધારણ કરવા નહિ, રાખવા નહિ, તથા ધાતુમય, લેપમય, બિંબો જો અંગોપાંગોથી દૂષિત હોય, તો તેને ફરીથી સુધારવા જોઇએ, (૫) કાષ્ટમય, પાષાણમય, બિંબો અંગોપાંગોમાં દૂષિત થયેલા હોય તો તે સુધારવા યોગ્ય નથી, પણ જે બિંબ સો વર્ષ વ્યતીત થયેલું હોય, જે બિંબને ઉત્તમ પુરૂષોએ સ્થાપન કરેલ હોય, (૬) તે બિંબ અંગોપાંગોથી દૂષિત હોય, તોપણ પૂજવા લાયક છે, પરંતુ તે બિંબ નિષ્ફલ નથી, તે બિંબ જૈન મંદિરને વિષે સ્થાપન કરવું, પણ તે બિંબને પંડિત પુરૂષોએ ઘરદેરાસરજીમાં પૂજવું નહિ, (૭) પ્રતિષ્ઠા કરેલ બિંબને સુધારો ફરીથી કદાપિ કાલે થતો નથી, અને જો સુધારો કરવામાં આવે તો તેના પ્રમાણમાં ફરીથી પ્રતિષ્ઠા કરવી જોઇએ, ૮. કહ્યું છે કે - જે બિંબને સુધારેલ હોય, તોળેલ હોય, તથા દુષ્ટ જીવોએ સ્પર્શ કરેલ હોય બગાડો અગર નાશ કરેલ હોય તથા જે બિંબ ચોરાઇ ગયું હોય, લિંગેદૂષિત થયેલ હોય, તેની પ્રતિષ્ઠા નિશ્ચય ફરીથી કરવી જોઇએ, ૯.

અતિઅંગા, ૧. હીનાંગાર ૨. કુશોદરી ૩. વૃદ્ધોદરી ૪. અધોમુખી ૫. રૌદ્રમુખી ૬. પ્રતિમા ઇષ્ટશાન્તિ નહિ ઉત્પન્ન કરનારી હોવાથી, તથા રાજાનો ભય, સ્વામીનો નાશ, લક્ષ્મીનો વિનાશ, આપત્તિ, સંતાપ, વિગેરે અશુભ સૂચવનારી હોવાથી, તે પ્રતિમા સજ્જન પુરૂષોને પૂજવા લાયક નથી, પણ યથોચિત અંગોપાંગને ધારણકરનારી, શાન્ત દૃષ્ટિવાળી, જિનપ્રતિમા સદ્ભાવને ઉત્પન્ન કરનારી હોવાથી તથા શાન્તિ સૌભાગ્યવૃધ્યાદિકને સૂચવનારી હોવાથી, આદેયપણાથી, સદૈવ પૂજવા લાયક છે.

ગૃહસ્થોએ ઉપર બતાવેલા દોષો રહિત, એક આંગુલથી અગ્યાર આંગુલ માનવાળી, પરઘર સંયુક્ત, સ્વર્ણમયી રૂપ્યમયી, પિત્તલ મયી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સર્વાંગે સુંદર જે પ્રતિમા હોય, તે જિનપ્રતિમાંનું સ્વગૃહે પૂજન કરવું. પરઘર તેમજ ઉપરોક્ત માનવડે કરી વર્જિત, તથા પાષાણમયી, દાંતમયી, લેપમયી, કાષ્ટમયી, ચિત્રલિખત, જિનપ્રતિમા પોતાના ઘરમાં પૂજવી નહિ, ઘરમાં રહેલી પ્રતિમાજી પાસે બલી વિસ્તાર કરવો નહિ, પરંતુ નિરંતર ભાવથી ત્રિસંધ્ય પૂજન વિગેરે કરવું, અગ્યાર આંગુલથી વધારે આંગુલવાળી પ્રતિમા જિનમંદિરમાં પૂજવી, પણ પોતાના ઘર દેરાસરજીમાં પૂજવી નહિ, અગ્યાર આંગુલથી હીન પ્રતિમા, જૈન મંદિરમાં મૂળનાયકપણે સ્થાપન કરવી નહિ, વિધિથી જિનબિંબને સ્થાપન કરનારને ઋદ્ધિ, વૃદ્ધિ, સિદ્ધિની સર્વદા પ્રાપ્તિ થાય છે, તથા દુઃખ દારિદ્ર, દૌર્ભાગ્ય, કુગતિ, કુમતિ, કુશરીર, રોગ, શોક, સંતાપ, ભય, અપમાનાદિક, કદાપિ કાલે તેને થતા નથી.

## ઘર દેરાસરજીને વિષે કેવા બિંબ જોઇએ.

**अथातः संप्रवक्ष्यामि, गृहे बिंबस्य लक्षणम् ।**
**एकांगुलं भवेच्छेष्ठं, द्वयंगुलं धननाशनम् ॥१॥**
**त्र्यंगुले जायते सिद्धिः, स्वादुद्वेगसतु षडंगुले ॥२॥**
**सप्तांगुले गवां वृद्धि, हांनिरष्टांगुले मता ।**
**नवांगुले पुत्रवृद्धि, धर्मनाशो दशांगुले ॥३॥**
**एकादशांगुलं बिंब, सर्वकामार्थकारकं ।**
**एतत्प्रमाणमाखेयातं, तत ऊर्ध्वंन कारयेत् ॥४॥**

ભાવાર્થ : ઘરદેરાસરજીને વિષે કેવા બિંબ જોઈએ, તેના લક્ષણને શાસ્ત્રકાર મહારાજ કહે છે કે હું કહીશ, એક આંગુલનું બિંબ હોય તો તે શ્રેષ્ઠ કહેવાય છે, બે આંગુલનું બિંબ હોય તો ધનનો નાશ કરે છે, (૧) ત્રણ આંગુલનું હોય તો સિદ્ધિ થાય છે, ચાર આંગુલનું હોય તો પીડા થાય છે, પાંચ આંગુલનું હોય તો વૃદ્ધિ થાય છે, છ આંગુલનું બિંબ હોય તો ઉદ્વેગ કરનાર થાય છે. (૨) સાત આંગુલનું હોય તો ગાયોની વૃદ્ધિ થાય છે, આઠ આંગુલનું હોય તો હાનિ થાય છે, નવ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આંગુલનું હોય તો પુત્રની વૃદ્ધિ થાય છે, દસ આંગુલનું હોય તો ધનનો નાશ થાય છે. (૩) અગિયાર આંગુલનું બિંબ હોય તો સર્વ કામાર્થને કરવાવાળું થાય છે. ઘરદેરાસરજીને વિષે બિંબોને સ્થાપન કરવાનું પ્રમાણ એ પ્રકારે કહ્યું છે, અગિયાર આંગુલથી વધારે આંગુલનું બિંબ ઘરદેરાસરજીમાં સ્થાપન કરી શકાય નહિ, છતાં સ્થાપન કરે તો મહાઅનર્થની પરંપરાની વૃદ્ધિ થાય છે.

**आरभ्येकांगुलाद्बिंबाद्, यावदेकादशांगुलम् ।**
**गृहेषु पूजयेद्बिंब-मूर्ध्वं प्रासादगं पुनः ॥१॥**

ભાવાર્થ : એક આંગુલથી આરંભીને યાવત્ અગિયાર આંગુલ સુધીનું બિંબ, ઘરદેરાસરજીને વિષે પૂજવું અને તેના પછી બાર આંગુલથી લઈ વિશેષ આંગુલ પ્રમાણવાળું બિંબ જૈન પ્રાસાદને વિષે પૂજવું.

**प्रतिमाकाष्ठलेप्याश्मदन्तचित्रायसां गृहे ।**
**मानाधिकापरिवार-रहिता नैव पूज्यते ॥२॥**

ભાવાર્થ : કાષ્ઠમય, લેપમય, પત્થરની, દાંતની, ચિત્રમય, લોખંડની પ્રતિમા તથા માનવડે કરી અધિક પરિવાર રહિત પ્રતિમા, ઘરદેરાસરજીને વિષે પૂજવી નહિ.

## ઉપદેશ સત્તરમો

### લબ્ધિચારી મુનિમહારાજાઓ

અતિશય લબ્ધિચારી બે પ્રકારના છે.

૧. જંઘાચારણ, ૨ વિદ્યાચારણ.

૧. જે ચારિત્ર તથા તપવિશેષના પ્રભાવથી ગમનાગમન સંબંધી ઉત્પન્ન થયેલી લબ્ધિસંપન્ન હોય છે તે જંઘાચારણ કહેવાય છે,

૨. જે વિદ્યાના વશવર્તીપણાથી, ગમનાગમન સંબંધી ઉત્પન્ન થયેલીલબ્ધિસંપન્ન હોય છે તે વિદ્યાચારણ કહેવાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩. જંઘાચારણ, રૂચકદ્વીપ સુધી જવાથી શક્તિવાળો હોય છે.

૪. વિદ્યાચારણ નંદીશ્વર દ્વીપ સુધી જવાથી શક્તિવાળા હોય છે.

૫. જંઘાચારણ પોતાના ઈચ્છા મુજબ, જયાં જવું હોય ત્યાંસૂર્યના કિરણને આશ્રીને તત્કાળ જાય છે.

૬. વિદ્યાચારણ પણ એવી જ રીતે જાય છે.

૭. જંઘાચારણ રૂચક દ્વીપ પ્રત્યે ગમન કરતા, એક જ ઉત્પાતે ત્યાં જાય છે,પાછા ફરતાં એક ઉત્પાતે નંદીશ્વર દ્વીપે આવે છે અને બીજે ઉત્પાતે પોતાને મૂળ સ્થાને આવે છે.

૮. જંઘાચારણા ચારિત્ર અતિશયના પ્રભાવથી થાય છે, તેથી લબ્ધિના ઉપજીવનથી, ઉત્સુક ભાવનાથી, અગર પ્રમાદના સંભવથી, ચારિત્રઅતિશય નિબંધનથી, લબ્ધિની હાનિ થવાથી પાછા ફરતા, બે ઉત્પાતે પોતાને સ્થાને આવે છે.

૯. જો મેરુપર્વત ઉપર જવાની ઈચ્છા હોય તો, પ્રથમ ઉત્પાતે પાંડુ વને જાય છે, પાછા ફરતા એક ઉત્પાતે નંદન વને જાય છે, બીજે ઉત્પાતે પોતાને મૂળસ્થાને આવે છે,

૧૦. વિદ્યાચારણા, પ્રથમ ઉત્પાતે માનુષ્યોત્તર પર્વતે જાય છે, બીજે ઉત્પાતે નંદીશ્વર દ્વીપે જાય છે, ત્યાં ચૈત્યોને વાંદે છે, ત્યાંથી પાછા ફરતા એક ઉત્પાતે પોતાને સ્થાને આવે છે,

૧૧. જો મેરુપર્વત ઉપર ગમન કરે તો એક ઉત્પાતે નંદનવને જાય છે, બીજે ઉત્પાતે મેરુ પર્વતે જાય છે, ત્યાં ચૈત્યોને વાંદે છે, ત્યાંથી પાછા ફરતા એક ઉત્પાતે પોતાને સ્થાને આવે છે.

૧૨. વિદ્યાચારણા, વિદ્યાના વશવર્તીપણાથી થાય છે, વિદ્યાના પરિશીલનથી સ્ફુટ-સ્ફુટતર થાય છે, તેથી પાછા ફરતા, શક્તિ અતિશયના સંભાળથી એક જ ઉત્પાતે પોતાને સ્થાને આવે છે.

એ પ્રકારે જંઘાચારણ, વિદ્યાચરણનું સ્વરૂપ કહ્યું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**બીજા પણ ઘણા પ્રકારના ચારણો છે.**

૧. કેટલાએક આકાશગામિનઃ, પલોંઠીવાળી બેઠેલા, કાર્યોત્સર્ગે રહેલા, પગને ચલાવ્યા વિના આકાશમાં ગમન કરે છે, તે આકાશગામી, આકાશચારણા કહેવાય છે.

૨. કેટલા એક સરોવર, નદી, સમુદ્રાદિકના જળના ઉપર ભૂમિના પેઠે પગલા સ્થાપન કરવામાં કુશળ, અને અપ્‌કાયની વિરાધના નહિ કરતા પાણી ઉપર ચાલે છે, તે જળચારણ કહેવાય છે.

૩. કેટલાયેક ભૂમિના ઉપર, ચાર આંગુલ જંઘાને ધારણ કરવામાં કુશળ હોય છે, તે જંઘાચારણા કહેવાય છે.

૪. કેટલાયેક નાના પ્રકારના વૃક્ષોના, ગુલ્મ, લતા, પુષ્પોને લેતા છતાં, અને પુષ્પોના જીવોને નહિ વિરાધતા, પુષ્પ, પાંદડાને આલંબન કરી ગમન કરનારા હોય છે, તે પુષ્પચારણા કહેવાય છે.

૫. કેટલાયેક ૪૦૦ યોજન ઊંચા નિષધ, નીલ પર્વતની ટંક છિન્ન શ્રેણિને અંગીકાર કરી, ઉપર નીચે ચડવા ઉતરવામાં, પગલા મુકવામાં નિપુણ હોય છે, તે શ્રેણિચારણા કહેવાય છે.

૬. કેટલાયેક અગ્નિશિખાને ગ્રહણ કરી, અગ્નિકાયના જીવોની વિરાધના નહિ કરતા, અને પોતે પણ નહિ બળતા, પગ વિહારને વિષે નિપુણ હોય, તે અગ્નિશિખાચારણા કહેવાય છે.

૭. કેટલાયેક ઊંચી તથા તિર્છી જતી ધૂમશ્રેણિને આલંબન કરી, અસ્ખલિત રીતે ગમન કરનારા હોય છે તે ધૂમચારણા કહેવાય છે.

૮. કેટલાયેક નાના નાના વૃક્ષોના અંતરના મધ્યભાગના પ્રદેશને વિષે બંધાયેલ, મર્કટતંતુઓને વિશેષે આલંબન કરી, પગલાને ઉપાડતા-મૂકતા, મર્કટતંતુને નહિ છતાં અસ્ખલિત રીતે ગમન કરનારા હોય છે તે મર્કટતંતુચારણા કહેવાય છે.

૯. કેટલાએક ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રાદિક, અન્યતમ જ્યોતિષીના રશ્મિના સંબંધવડે કરી પૃથ્વી ઉપરના જ પેઠે ચાલવામાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રવીણ હોય તે, જ્યોતિષચારણા કહેવાય છે.

૧૦. કેટલાએક પ્રતિલોમ, અનુલોમ, નાના પ્રકારના દિશાને વિષે ગમન કરતા, પવનના ચાલવાના પ્રમાણમાં, તે તે દિશા વિષે મુખ કરી, પવનના પ્રદેશને અંગીકાર કરી, અસ્ખલિત ગતિવડે પગલાને મૂકતા-ઉવડતા, ગમન કરનારા હોય છે તે વાયુચારણા કહેવાય છે.

૧૧. કેટલાએક નીહારને આલંબન કરી, અપ્કાયના જીવોને પીડા નહિ કરતા અસંગ ગતિએ કરતા ચાલનારા હોય છે, તે નીહારચારણા કહેવાય છે.

૧૨. એ પ્રકારે મેઘચારણા, વસ્યાચારણા, ફળચારણા વિગેરે ઘણા પ્રકારનાચારણા હોય છે.

## ઉપદેશ અઢારમો

### લબ્ધિવંત મુનિમહારાજો.

આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં ત્રણ મુનિ મહારાજાઓ લબ્ધિવંત હતા,

૧. વસ્રપુષ્પમિત્ર, ૨. ઘૃતપુષ્પમિત્ર, ૩. દુર્બલિકાપુષ્પમિત્ર,

૧. વસ્રપુષ્પમિત્ર, દ્રવ્યથી-ગચ્છને જેટલા વસ્ત્રો જોઈએ તેટલા લાવે, ક્ષેત્રથી મથુરા નગરીના હોય, કાળથી શીતઋતુ અગર વર્ષાઋતુ હોય, ભાવથી કાયાથી દુર્બલ સ્ત્રી હોય, દુઃખી સ્ત્રી હોય, ક્ષુધાથી મરતી હોય, ઘણો કલેશ ધારણ કરી, સુતર કાંતી વણાવેલ હોય, અને કાલે સારો દિવસ છે તેથી પહેરીશ એવી ભાવનાથી રાખી મૂકેલ હોય, એવા વખતમાં ઉપરોક્ત લબ્ધિધારી સાધુ આવીને, જો વસ્ર માગે, તો હર્ષથી, તુષ્ટિથી તુરત તે વસ્ર આપી દે છે.

૨. ઘૃતપુષ્પમિત્ર, દ્રવ્યથી ગચ્છને જેટલું ઘી જોઈએ તેટલું લાવી આપે છે, ક્ષેત્રથી ઉજ્જયિની નગરીનું હોય, કાળથી જેઠ અષાઢ માસ હોય, ભાવથી એક બ્રાહ્મણી સગર્ભા હોય, જાતિથી જ પોતાનો ભર્તાર રૌરવ હોય, તેનેકહે કે મારે પ્રસવ સમયે ઘી જોશે માટે ભીખ માગીને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થોડું થોડું ભેગુંકર, બૈરીના કહેવાથી તેણે પણ દિવસે દિવસે, પળી પળી ભીખ માગી છ માસે ઘડો ભરી દઈ, તે બ્રાહ્મણીને આપ્યો હોય તે વખતે ઉપરોક્ત લબ્ધિવંત મુનિ આવીને માગે તો હર્ષથી, તુષ્ટિથી તમામ ઘી આપી દે છે.

૩. દુર્બલિકાપુષ્પમિત્ર નવ પૂર્વથી અધિક ભણેલા હતા, તેને નિરંતર નવીન જ્ઞાન મેળવવાની ચિંતાથી અને ભણેલું પરાવર્તન ન કરે તો ભૂલી જવાની ચિંતાથી ઘણો સબળ આહાર કરવા છતાં પણ તદ્દન દુર્બલ દેખી, તેમના સગા સંબંધીયો આવીને ગુરુજીને કહેવા લાગ્યા કે, શું દુનિયામાં અન્ન નથી ? શું તમોને કોઈ અન્ન આપતું નથી કે તમોયે અમારા સગાને દુર્બલ બનાવી દીધા ? ગુરુજીએ વાત કર્યા છતાં નહિ માનવાથી કેટલાયેક દિવસ તેમના જ સગા સંબંધીએ આપેલ આહાર કરાવ્યો છતાં દુર્બલ જ રહેવાથી તેના સંસારપક્ષના સગાસંબંધીનો વહેમ ગયો, અને સબળ આહાર કરાવ્યા છતાં પણ નવીન ભણવાની ચિંતાથી, અને જૂનું ભણેલું સંભારવાની ચિંતાથી જ તેઓ અત્યંત દુર્બલ રહે છે તેમ માન્ય કર્યું.

## ઉપદેશ ઓગણીશમો

### ગુરુ-ગુણો

ગુરુ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવના જાણકાર હોય છે.
ગુરુ વ્યવહાર નિશ્ચય, ઉત્સર્ગ અપવાદ માર્ગના જાણ હોય છે.
ગુરુ પંચમહાવ્રતાદિકનુંપ્રતિપાલન કરનારા હોય છે.
ગુરુ પંચ શુદ્ધ સમિતિના ધારણ કરનારા હોય છે.
ગુરુ પાંચ પ્રકારના નિર્મલ આચારને પાલન કરનારા હોય છે.
ગુરુ ત્રણ પ્રકારની ગુપ્તિવડે સુશોભિત હોય છે.
ગુરુ સ્થિરતાને આલંબન કરનારા હોય છે.
ગુરુ કષાયથી મુક્ત થયેલ હોય છે.
ગુરુ રાગ દ્વેષથી રહિત હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુરુ નિરંતર ઉપદેશઆપવામાં રક્ત હોય છે.

ગુરુ પરશાસ્ત્રના જાણકાર હોય છે.

ગુરુ આદેય વચન યુક્ત હોય છે.

ગુરુ એક વાર દેખેલને ફરીથી ઓળખી શકનાર હોય છે.

ગુરુ સ્મરણાદિક યુક્ત હોય છે.

ગુરુ પટુ પંચેંદ્રિય યુક્ત હોય છે.

ગુરુ બાહ્ય સંસર્ગવર્જિત હોય છે.

ગુરુ રોગ રહિત હોય છે.

ગુરુ કૃતજ્ઞ વિચારશીલ હોય છે.

ગુરુ મૃદુ વાણી યુક્ત પંડિતહોય છે.

ગુરુ અભિગ્રહને ધારણ કરનારા હોય છે.

ગુરુ ગુરૂગુણ આશ્રિત હોય છે.

ગુરુ સિદ્ધાંતનાં પારગામી હોય છે.

ગુરુ બુદ્ધિ-વૃદ્ધિ સમન્વિત હોય છે.

ગુરુ સર્વ કદાગ્રહ મુક્ત હોય છે.

ગુરુ વિષયથી વિરકત હોય છે.

ગુરુ ગંભીર, ધીર તથા જનહિતકારી હોય છે.

ગુરુ પ્રમાદ રહિત તથાદયાળુ હોય છે.

ગુરુ તત્વજ્ઞ તથા ગ્રંથ કરનાર હોય છે.

ગુરુ સૌમ્ય સ્મૃતિ યુક્ત હોય છે.

ગુરુ અપ્રતિપાતિ તથા સર્વગુણસંપન્ન હોય છે.

ક્રોધરૂપી અંધકારને નાશ કરવામાં ગુરુ સૂર્ય સમાન, માનરૂપી પર્વતને તોડી નાખવામાં વજ્ર સમાન માયારૂપી વેલડીને બાળવામાં હિમસમાન, લોભરૂપી સમુદ્રને શોષણ કરવામાં અગસ્તિ ઋષિ સમાન, સામ્યતારૂપી વેલજીને પુષ્ટ કરવામાં બગીચા સમાંન મહાવ્રતોવડે મનોહર લબ્ધિના ભંડાર, મૂર્તિમાન શ્રી જૈન ધર્મ સમાન, મહાસાત્વિક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્મારામી, સંસારસાગરમાં જહાજ, શિવ માર્ગસાધક, કર્મબાધક, ભવમાથ, જગત જીવનાથ, સમાન હોય છે.

કોઈક પદ્માસનવાળા, કોઈક વજ્રાસનવાળા, કોઈક વીરાસનવાળા, કોઈક મયૂરાસનવાળા, કોઈક ભદ્રાસનવાળા, કોઈક દંડાસનવાળા, કોઈક હંસાસનવાળા, કોઈક કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા, કોઈક શીલાંગ રથ પરાવર્તન કરનારા, કોઈક કાલ અનુષ્ઠાન ક્રિયા કરનારા, કોઈક દક્ષ મહાત્માએ બતાવેલા ભાંગાઓને ગણવાવાળા, કોઇ સિદ્ધાંતને વાંચનારા, કોઈક પાત્રાને લેપ કરનારા, કોઈક મૌન પણું ધારણ કરનારા, કોઈક સાધુઓને ભણાવનારા, કોઈક કર્મ ગ્રંથસ્થિત કર્મપ્રકૃતિને વિચારનારા, કોઈક સ્વાધ્યાય ધ્યાન કરનારા, કોઈક ધ્યાનમાં મસ્ત બનેલા, કોઈક સિદ્ધાંતને ભણનારા, કોઈક ભાષ્ય, કોઈક ચૂર્ણી આદિ પદોના વ્યાખ્યાન કરનારા, કોઈક પ્રશ્ન કરનારા, કોઈક ભવ્ય જીવોના સંશય છેદનારા, કોઈક પ્રકરણોને ફેરવનારા, કોઈક તીવ્ર તપને તપનારા, કોઈક કર્મશત્રુઓને જીવતા કટિબદ્ધ થએલા, એવા મુનિરાજાઓ હોય છે.

**गुशब्दस्त्वंकाराख्यो, रुशब्दस्तन्निरोधकः ।**
**उभयोः संमिलित्वाच्च, गुरुरित्यभिधीयते ॥१॥**

ભાવાર્થ - ગુ શબ્દ અંધકારવાચી છે અને રુ શબ્દ અંધકારનો નાશ કરનાર છે. આ બન્ને દસ્તક મળીને ગુરુ શબ્દ કહેવાય છે. આ શબ્દમાં ઘણો ગુણ છે, કારણ કે મિથ્યાત્વ તેમજ પાપરૂપી અંધકારને જે રોકે તેજ ગુરુ કહેવાય છે.

**गुरुविना को नहि मुक्तिदाता, गुरुविना को नहि मार्गगंता ।**
**गुरुविना को नहि जाड्यहर्ता, गुरुविना को नहि सौख्यकर्ता ॥१॥**

ભાવાર્થ : અનાદિ કાળથી સંસારમાં રઝળતા જીવોને પરિભ્રમણનું દુઃખ ટાળી મુક્તિ આપનાર ગુરુ વિના બીજો કોઈ નથી તથા વીતરાગ મહારાજના ઉત્તમોત્તમ માર્ગને ગુરુમુખથી જાણ્યા વિના ગુરુ વિના કોઈ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુક્તિ માર્ગ પ્રત્યે ચાલનાર નથી, મિથ્યાત્વરૂપી જડતાથી જીવોની જડતાને ગુરુ વિના કોઈ હરણ કરનાર નથી, અને ઇહલોક પરલોક તેમજ મુક્તિના પરમ સુખને કરનાર ગુરુ વિના આ જગતમાં કોઈ છે જ નહિ,

**सर्वेषु जीवेषु दयालवो ये, ते साधवो मे गुरवो न चान्ये ।**
**पाखंडिनस्तूदरपूरकाच्च, प्राणातिपातेन वदंति धर्मः ॥१॥**

ભાવાર્થ : જે સર્વે જીવોને વિષે દયાલુપણું ધારણ કરનારા હોય તે સાધુઓજ મારા ગુરુઓ છે, પરંતુતે સિવાય બીજા નથી જે જીવઘાતવડે કરી ધર્મને કહે છે તે ઉદરપોષણ કરનારા પાખંડીયો છે, માટે તે ગુરૂપદને લાયક નથી.

**काष्ठे च काष्ठांतरता यथास्ति, दुग्धे चदुग्धांतरता यथास्ति ।**
**जले जले चांतरता यथास्ति, गुरौ गुरौ चांतरता तथास्ति ॥१॥**

ભાવાર્થ : જેમ કાષ્ટ કાષ્ટમાં અંતર હોય છે, જેમ દુધ દૂધમાં અંતર હોય છે, જેમ પાણી પાણીમાં અંતર હોય છે, તેમ ગુરુ ગુરુમાં અંતર (ફેરફાર) હોય છે,આથી સમજવું કે ગુરુગુરુમાં પણ ઉત્તમ, મધ્યમ, જઘન્ય, ગુણ, નિર્ગુણ સામાન્ય,પ્રગલ્ભપણું વિગેરે તારતમ્યપણું હોય છે.

તમામ પ્રકારનો ઉપદેશ કરવાથી જંગમ તીર્થરૂપ, અને ધર્મરૂપી ચક્ષુને ખુલ્લી કરવાથી ગૃહસ્થાશ્રમી જીવોને ગુરુ પૂજવા લાયક છે, કારણ કે ગુરુના ઉપદેશવિના પંડિતપુરૂષો પણ ધર્મના રહસ્યને જાણી શકતા નથી, વિદ્યા, કળાઓ, રસ, સિદ્ધિઓ, ધર્મનું તત્ત્વ, ધન સંપાદન કરવું - એ સર્વ ડાહ્યા મનુષ્યોને પણ, ગુરુ ઉપદેશ વિના પ્રાપ્ત થતાં નથી. માતા, પિતા ભાઈ વગેરે સર્વના ઋણમાંથીમનુષ્ય મુક્ત થઈ શકે છે, પરંતુગુરુના દેવામાંથી સેંકડો ઉપાયોથી મુક્ત થઇ શકતો નથી, માતા, પિતાવિગેરે સગા વહાલા જ્યાં જ્યાં જન્મ થાયત્યાં ત્યાં મળે છે પણ ધર્મોપદેશક સદ્‌ગુરુતો મહાન પુન્યોદયથી કવચિત જગ્યાએ જ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મળે છે, સદ્‌ગુરુરૂપ ચિંતામણિરત્ન પ્રાપ્ત થવું બહુ જ મુશીબત છે.

# ઉપદેશ વીશમો

## આઠ પ્રકારના ગુરૂઓ

**૧. નીલચાસ પક્ષીના સમાન ગુરુ.**

જેમ નીલચાસ પક્ષિમાં પાંચે વર્ણો સુંદર હોવાથી, તે શકુન માં જોવા લાયક છે,પણ ઉપદેશ વચન સુંદર નથી અને કીડા આદિના ભક્ષણ કરવાથી ક્રિયા પણ સારી નથી, તેવી રીતેકેટલાક નામ ધારી, ગુરુઓનો વેષ દેખાવામાં તો સુવિહિત સાધુ જેવો હોય છે, પણ ઉત્સૂત્રની પ્રરૂપણા કરવાથી ઉપદેશ શુદ્ધ નથી,તથા ક્રિયા પણ મૂલ ગુણ ઉત્તરગુણરૂપ નથી. પ્રમાદથી શુદ્ધ આહારાદિકની ગવેષણા પણ નથી તેમજ ષટ્‌કાયની વિરાધના કરવાથી ગૃહસ્થ સમાન છે, હાલમાં તેઓ બહુ જ છે, ભૂતકાલમાં કુલવાલાદીક જાણવા, તેમાં વેષ સુવિહત નથી તો, પણ માગધિકા વેશ્યામાં લુબ્ધ થવાથી, ક્રિયા સારી નહોતી, તથા વિશાલા નગરીના ભંગનુંકારણભૂત પોતે થઈ, મહા આરંભાદિકથી વ્રતોનું ખંડન કરવાવાલો થયેલો છે.

**૨. ક્રૌચ પક્ષીના સમાન ગુરુ**

ક્રૌંચ પક્ષીનું રૂપ સારૂં નથી. તથા કીડા આદિકને ખાવાથી કેવલ ક્રિયા પણ સારી નથી, ફક્ત ઉપદેશ (વચન) મીઠા ધ્વનિ વાલો છેતેવા પ્રકારે કેટલાક ગુરુઓને, ચારિત્રધારી સાધુઓના સમાન વેષનો અભાવ હોવાથી રૂપ નથી, તથા પ્રમાદ આચરણથી ક્રિયા પણ સારી નથી, પણ શુદ્ધ માર્ગનીપ્રરૂપણાકરવાનો ઉપદેશ સારો છે. મરીચી આદિ વેષધારી પરિવ્રાજકના પેઠે, એક યથાચ્છંદી સિવાય, પાસત્થો, ઓસન્નો કુશીલ, સંસક્ત, આચાર શુદ્ધ પ્રરૂપણા કરનારા હોઈ શકે છે.

**૩. ભમરાના સમાન ગુરુ.**

કાળો વર્ણ હોવાથી ભમરામાં રૂપ સારૂ નથી, મધુર વચન પણ નથી, પરંતુ પુષ્પોને પીડા કર્યા સિવાય પુષ્પોથી રસ ગ્રહણ કરવાથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેવલ ક્રિયા જ સારી છે, તેવી જ રીતે કેટલાક ગુરુઓમાં સાધુનો વેષ નથી અને તેઓ ઉપદેશ આપવા લાયક પણ નથી, પરંતુ ક્રિયાયુક્ત છે, જેમ પ્રત્યેકબુદ્ધાદિકોમાં, પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધ,તીર્થંકરાદીક જો કે સાધુ છે, પરંતુ તીર્થગત સાધુઓની સાથે પ્રવચનલીંગથી સાધર્મિક નથી, સાધુવેષ પણ નથી, ઉપદેશ પણ નથી,દેશનાના સેવક પ્રત્યેક બુદ્ધાદિની જેમ તે જ ભવમાં મોક્ષગામી હોવાથી ક્રિયા તો સારી જ છે.

**૪. મોર સમાન ગુરુ.**

જેમ મોરમાં પાંચ વર્ણો સુંદર હોવાથી તેનું રૂપ સારુ છે, ઉપદેશશબ્દ પણ સુંદરછે, મધુર છે, પણ સર્પાદિકના ભક્ષણ કરવાથી ક્રિયા સારી નથી, તેમ કેટલાએક ગુરુઓમાં વેષ અને ઉપદેશ સારા છે, પણ ક્રિયા સારી નથી. મંગુ આચાર્યાદિકનું દૃષ્ટાંત આ બાબતમાં જાણવું.

**૫. કોયલ સમાન ગુરુ**

કોયલમાં રૂપ સારુ નથી, વચન પંચમ સ્વર ગાવાથી મધુર છે. આંબાની શુદ્ધ માંજર ભક્ષણરૂપ ક્રિયા પણ સારી છે, તેમજ કેટલાયેક ગુરુઓનો વેષ સારો નથી, સરસ્વતી સાધ્વીને વાળવા ગયેલ ગર્દભીલ્લઉચ્છેદી કાલિકાચાર્યના પેઠે, સિવાયઉપદેશક્રિયા સારા હતા.

**૬. હંસ સમાન ગુરુ**

હંસનું રૂપ સારું છે, ક્રિયા કમલના બીસતંતુઓને ભક્ષણ કરવાથી સારી છે, પણ ઉપદેશ (વચન) મધુર ધ્વનિ નથી, તેવા પ્રકારે કેટલાયેક ગુરૂઓમાં સાધુપણાનો વેષ સારો છે, તથા ક્રિયા પણ સારી છે, પરંતુ વચન સારૂ નથી, ઉપદેશ નથી, ગુરૂ મહારાજાએ. આજ્ઞા નહી આપવાથી ધન્નાશાલિભદ્રાદિકની પેઠે ઉપદેશ આપી શકતા નથી.

**૭. પોપટ સમાન ગુરુ**

પોપટનું રૂપ સુંદર છે, તથા સૂક્તાદીકના બોલવાથી શબ્દ પણ સારો છે, સુંદર દ્રાક્ષ દાડીમાદિકના ફળો ભક્ષણ કરવાથી ક્રિયા પણસારી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે, તેવી જ રીતે કેટલાયેક ગુરુઓના વેષ, ઉપદેશ અને ક્રિયા વગેરે ગુણો સારા હોય છે. શ્રીમાન જંબુસ્વામીજી મહારાજની પેઠે.

૮. કાગડાના સમાન ગુરુ -

જેમ કાગડામાં રૂપ નથી, શબ્દો કઠોર હોવાથી ઉપદેશપણ સારો નથી, બાળક બુઢા, રોગી, જાનવરો આદિની આંખો ફોડી નાખવાથી ક્રિયા પણ સારી નથી, માંસાદિકના ભક્ષણ કરવાથી ક્રિયા સારી નથી,તેવી જ રીતેકેટલાયેક સાધુઓમાં વેષ ઉપદેશ, ક્રિયા સારી નહી હોવાથી આ ત્રણે અશુદ્ધી હોવાથી, પાસત્થાદિક તથા પરિતિર્થીયોનેકાગડા સમાન ગુરુ કહેલા છે.

## સુસાધુ ગુણો.

**गयणंवनिरालंबो, हुज्ज धरामंडलं व सव्वसहो ।**
**मेरुव्व निप्पकंपो, गंभीरो नीर नाहुव्व ॥१॥**
**चंदुव्व सोमले सो, सुरुव्वफुरंत उग्गतवतेओ ।**
**सीहुव्व असंखो मो, सुसीयलो चंदणवणं व ॥२॥**
**पवणुव्व अपडिबद्धो, भारंडविग्हंगमुव्व अप्पमत्तो ।**
**मुद्रवहुव्व वियारो, सायरसलिलं व सुद्धमणो ॥३॥**

ભાવાંર્થ : સુસાધુ આકાશમાં પેઠે આલંબન રહિત હોય છે. પૃથ્વીના પેઠે સર્વને સહન કરનાર હોય છે. મેરુના પેઠેસ્થિર હોય છે. સમુદ્રના પેઠે ગંભીરહોય છે. (૧) ચંદ્રમાની પેઠે સૌમ્ય લેશ્યાયુક્ત હોય છે. સૂર્યના પેઠે ઉગ્ર તપ તેજધારી હોય છે. સિંહના પેઠે અક્ષુબ્ધ હોય છે. ચંદનવનના પેઠે સારી રીતે શીતલ હોય છે. (૨) પવનના પેઠે અપ્રતિબદ્ધ હોય છે. ભારંડ પક્ષીના પેઠે અપ્રમત્ત હોય છે. નાની બાળકન્યાના પેઠે વિકાર રહિત હોય છે. શરદઋતુના પાણીના પેઠે નિર્મલ મનવાળો હોય છે. ૩.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સાધુસેવાનું ફળ.

**अभिगमणवंदन नमंसणोण, पडिपुच्छणोण साहूणं ।**
**चिरसंचियांपि कम्मं, खणोण विरलत्तमुवेइ ॥१॥**

ભાવાર્થ : સાધુઓના સન્મુખ જાવાથી તથા વંદન નમન તેમજ શરીર સંબંધી નિરાબાધતાના સમાચાર પૂછવાથી ઘણા કાળનું સંચિત કરેલું પાપકર્મ ક્ષણવારમાં સ્વલ્પપણાને પામે છે. અર્થાત્ ઉપરોક્ત પ્રમાણે કરવાથી સાધુસેવક ઘણા જ કર્મને છેદી નાખે છે.

સાધુઓની સેવામાં ફળ છે, એટલું જ નહિ પણ ગ્લાન સાધુની સેવા કરવાનું ફળ પણ અતિ પ્રબલ કહ્યું છે.જુઓ

**किं भंते ! जे गिलाणं पडियरइसे धन्ने, उयाहु जे तुमं दंसणेण पडियरइ से धन्ने ! गोयमा ? जे गिलाणं पडियरइ से धन्ने सेकेण ठेणं भंते ? एवं वुच्चइ ! गोयमा ! जे गिलाण पडियरइ सेमं दंसणेण पडिवज्जइ जेमं दंसणेण पडिवज्जइ से गिलाण पडियरइ आकारणसारं खु अरहं ताणं दंसणं, एएण ट्ठेणं गोयमा ! एवं वुज्झइ, जे गिलाणं पडियरइ सेमं पडिबज्जइ, जेमं पडिवज्जइ से गिलाणं पडियरइ इति ।**

ભાવાર્થ : હે ભગવન્ ! જે ગ્લાનની સેવા કરે તે ધન્યવાદને યોગ્ય છે ? કે જે તમારા દર્શનને અંગીકાર કરે છે તે ધન્યવાદને યોગ્ય છે ? હે ગૌતમ ! જે ગ્લાનની વૈયાવચ્ચ કરે છે તેને ધન્યવાદ છે. હે ભગવન્ ! જે ગ્લાનની વૈયાવચ્ચ કરે છે તેને ધન્યવાદ શા કારણથી આપેલ છે ? હે ગૌતમ ! જે ગ્લાનની વૈયાવચ્ચ કરે છે,તે મહારા દર્શનને પામેલા છે, તે ગ્લાનની વૈયાવચ્ચને કરનારા છે, કારણ કે ભગવાનની આજ્ઞાને માનવાનું જે સારભૂત છે તેજ નિશ્ચય અરિહંત ભગવાનનું દર્શન કહેલ છે. તે કારણ માટે એમ કહ્યું છે કે હે ગૌતમ ! જે ગ્લાનની સારવાર વૈયાવચ્ચ કરે તે મારા દર્શનને પામેલા છે. અને જે મહારા દર્શનને પામેલા છે, તે ગ્લાનની વૈયાવચ્ચ સારવાર કરે છે.

આ ઉપરથી એ સમજવાનું છે કે ગ્લાનીની વૈયાવચ્ચ કરનારા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભગવાનના વચનને માનનારા છે, અને નહિ વૈયાવચ્ચ કરનારા ભગવાનના દર્શનને માનનારા નથી એમ સચોટ જણાવે છે, માટે ઉત્તમ જીવોએ ગ્લાનીની વૈયાવચ્ચ કરવા ચૂકવુ નહિ એટલું જ નહિ પરંતુ દ્રઢભાવથી વૈયાવચ્ચ કરવી. શ્રાદ્ધદિનકૃત્યે

## ઉપદેશ એકવીશમો

**ये व्यापारपरायणाः प्रणयिनी प्रेमप्रवीणाश्च ये ।**
**ये धान्यादिपदिग्रहाग्रहगृहं सर्वाभिलाषाश्च ये ॥**
**ये मिथ्यावचनप्रपंचचतुरा येऽहर्निशं भोजिनः ।**
**स्ते सेव्या न भवोदधौ कुगुरवः सच्छिद्रपोता इव ॥**

ભાવાર્થ : જે વ્યાપાર કરવામાં તત્પર હોય, જે સ્ત્રીયોના સાથે પ્રેમ કરવામાં પ્રવીણ હોય, જે ધાન્યાદિક પરિગ્રહને ગ્રહણ કરવાના આગ્રહના ઘર જેવા હોય અર્થાત્ અત્યંત પરિગ્રહધારી હોય જે સર્વ વસ્તુ પદાર્થાદિકના અભિલાષી હોય, જે મિથ્યા વચનો બોલવાના પ્રપંચોમાં ચતુર હોય જે નિરંતર ભોજન કરનાર હોય, તે કુગુરૂઓને ભવરૂપી સમુદ્રમાં બુડાડવાવાળા માની સેવવા નહિ. જેમ સમુદ્રના પારને પામવાની ઈચ્છા કરનારા જીવો સમુદ્રમાં છિદ્રવાળા વહાણમાં નહિ બેસતા તેનો ત્યાગ કરે છે તેમ ઉત્તમ જીવોએ ભવસમુદ્રને તારવાવાળા સુગુરુનું સેવન કરી ઉપરોક્ત કુગુરૂઓનો ત્યાગ કરવો.

### પાંચ પ્રકારનાકુગુરૂઓ

૧ પાસત્થો, ૨ ઓસન્નો, ૩ કુશીલ, ૪ સંસક્ત, અને ૫ યથા ચ્છંદી એ પાંચે કુગુરુઓ કહેલ છે.

**૧.પાસત્થો** બે પ્રકારે છે : ૧ સર્વથી પાસત્થો અને ૨ દેશથી પાસત્થો. તેમાં પોતાનારાગી શ્રાવકને સંભાળી રાખે, અને સારા સાધુઓની સોબત કરતા અટકાવે, ભોળા લોકોને ભરમાવે, પોતાના અવગુણોને ઢાંકે પારકા અવગુણને દેખે, મોક્ષમાર્ગ પૂછનારા ભવ્ય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવોને અવળો માર્ગ બતાવે અને સારા સાધુઓની નિંદા કરે. એમ અનેક અવગુણથી ભરેલો હોય તે સર્વથી પાસત્થો કહેવાય. દેશપાસત્થો-શય્યાતરનો તથા રાજાનો પિંડ કારણ વિના ગ્રહણ કરે, તથા સન્મુખ લાવેલો આહાર લે, દેશ, નગર,કુલવિગેરેમાં મમતાવાળો, શુદ્ધ કુળમર્યાદાને ઉત્થાપનારો, વિવાહ મહોત્સવને જોનારો, જેવા તેવા માણસોનો પરિચય કરનારો અને મહાવ્રતનો ત્યાગ કરી પ્રમાદમાં પડેલો તે દેશથી પાસત્થો કહેવાય છે.

૨. **ઉસન્નો**-ગળીયા બળદની જેમ મહાવ્રતાદિકના ભારને ઉપાડે તે ઓસન્નો જાણવો. તે પણ દેશથી અને સર્વથી એમ બે પ્રકારે હોય છે. તેમાં શેષકાળે કારણ વિના પાટે પાટલા વાપરે, અમુક શ્રાવકના ઘરનું જ લાવેલું મારે ભોજન લેવું ઇત્યાદિ દોષયુક્ત પિંડ લેવાવાળો જે હોય છે તે સર્વથી ઓસન્નો કહેવાય છે. દેશથી તો પ્રતિક્રમણાદિક ઠેકાણા ઓછા વધારેકરે, અને સુગુરુનું વચન જાળવે નહિ, રાજ વેઠી કામ કરનાર અને ઉપયોગ વિના કામ કરનાર એમ કરવાથી આગામી ભવે જેને ચારિત્ર મળવુ મહાદુર્લભ છે તેવો અને પોતાના શિષ્યોને પણક્રિયામાં શિથિલ કરનારા હોય તેદેશથી ઓસન્નો કહેવાય છે.

૩. **કુશીલ.** જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી ત્રણ પ્રકારે કુશીલ હોય છે એટલે ત્રણ રત્નોની આરાધના ન કરે તો કુશીલ જાણવો જેમકે જ્ઞાનથી કાલે વિણયે બહુમાણે ઇત્યાદિ જ્ઞાનાચરનો ભંગ કરે, દર્શનથી નિસ્સંકિય નિક્કંખિય ઇત્યાદિ જ્ઞાનાચારનો ભંગ કરે, દર્શનથી નિસ્સંકિય નિક્કંખિય ઇત્યાદિ દર્શનાચારનો ભંગ કરે, ચારિત્રથી પણિહાણજોગજુતો, પંચહિં સમઇહિં તિહિં ગુત્તિહિં, ઇત્યાદિ ચારિત્રાચારનો ભંગ કરે, શોભા માટે સ્નાન કરે, ઔષધ આપવા વૈદિક વિગેરના કામો કરે, અને પ્રશ્ન વિદ્યાપ્રમુખના બળથી કારણ વિના પોતાને મનાવવા, પૂજાવવા નિમિત્તાદિકને કહે, તેમજ જાતિકુલ પ્રમુખથી આજીવિકા કરે, અને કપટનો ભંડાર સ્ત્રી પ્રમુખના અંગલક્ષણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહે, નીચ માર્ગે મંત્રાદિકના કામ કરે-ઈત્યાદિ ચારિત્રને દૂષણ લગાડવાના કાર્યો કરવાથી ચારિત્ર કુશીલ જાણવો.

૪. **સંસક્ત** - જે ઠેકાણે જાય ત્યાં તેના જેવો થઈ જાય અને નાટકીયાની જેમ બહુરૂપી થઈને ફરે, શ્રી તીર્થંકર મહારાજના વેષને વગોવે તે અશુભ સંસક્ત કહેવાય છે. કેમકે આગમના અર્થો બે પ્રકારે છે. શુભ અને અશુભ તેમાં જો મહાવ્રતાદિ મૂળ ગુણમાં તથા પિંડવિશુદ્ધિ પ્રમુખ ઉત્તરગુણમાં થતાં દોષોને નિવારનાર શુદ્ધયોગી પુરુષોની સાથે એટલે સંવેગી પુરુષોની સાથે આગમનો અર્થ મળ્યો હોય તો શુભરીતેપરિણમવાથી શુભ કહેવાય છે, અને તે જ આગમનો અર્થ જો પાસત્થાદિ સાથે મળ્યો હોય તો પ્રાયઃ કરી અશુભ કરી પરિણમવાથી અશુભ કહેવાય છે. કેમકે લીંબડાના સમાગમથી મીઠા આંબામાં પણ કડવાશ આવે છે, તો આ ઠેકાણે આંબાના જેવા આગમો જાણવા અને લીંબડાના સમાન પાસત્થાદિ જાણવા. અહીં અશુભ સંસક્તો એટલે પ્રાણાતિપાતાદિ પાંચ આશ્રવમાં અને ઋદ્ધિગારવાદિકમાં આશક્ત હોય, બહુકામી હોય, મોહથી ઘેરાયેલ હોય તે અશુભ સંસકતો જાણવો, અને આગમના જાણ શુદ્ધ માર્ગે ચાલનારા ગીતાર્થ પ્રમુખ જે સંવેગી પુરુષો હોય, તે શુભ સંસક્તા જાણવા, પણ અહીં કુગુરુના સંબંધમાં અશુભ સંસક્તો ગ્રહણ કરવો.

૫. **યથાચ્છંદી** - જૈન સૂત્રથી વિરુદ્ધાચારે ચાલતો હોય, અને સૂત્ર વિરુદ્ધ બોલીને ઉત્સૂત્રની પ્રરૂપણા કરનાર, અને સ્વેચ્છાએ વર્તમાન હોય તે યથાચ્છંદી કહેવાય છે. તેમાં જે વચનો સૂત્ર વર્તનાર હોય તે યથાચ્છંદી કહેવાય છે. તેમાં જે વચનો સૂત્ર અને પરંપરાથી મળતાં ન હોય તે વચન ઉત્સૂત્ર કહેવાય છે ગારવમાં મચ્યો રહે અને ગૃહસ્થ કરતાં પણ નીચકાર્ય કરે, ભોળા લોકોને ભરમાવવા માટે પોતાની મતિકલ્પિત વચનો બોલે-જેમકે હે ભાઈઓ ! આપણે એકલી મુહપત્તિથી પડિલેહણ કરીશું, માટે ચરવળાનુ શું કામ છે ? અને આપણે પાત્રામાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માત્રું કરીશું માટે કુંડીનું શું કામ છે ? અથવા ચોલપટ્ટાના આપણે પડલા કરીશું માટે જુદા પડલા રાખવાની કાંઇ જરૂર નથી અને ચોમાસામાં જો વરસાદ ન આવતો હોયતો સાધુઓને વિહાર કરવામાં શું દોષ છે ? અથવા ચોમાસામાં સાધુઓને વસ્ત્ર વહોરવાથી શું દોષ છે ? વહોરે તો કાંઈ હરકત નથી. એમ કુભાષણ કરે અથવા પોતાને ગમતું ન લગાડેતો અહો ! તીર્થંકર આ પ્રમાણે કયાં કહ્યું ? ઈત્યાદિ સ્વમતિકલ્પનાથી ભૂત ગ્રસિત અથવા ગાંડા માણસની પેઠે બોલે અને તેનું મન પણ શુદ્ધ હોય નહિ તે મિથ્યાદષ્ટિ યથાચ્છંદી જાણવો. એ પાંચે કુગુઓનું વિશેષ સ્વરૂપશ્રી વ્યવહાર ભાષ્ય આવશ્યક સૂત્ર તથા યોગબિંદુ વિગેરેમાં છે.

## ઉપદેશ ૨૨ મો

### ધર્મનાં હેતુઓ

૧. પોતે માપેલા વ્રત, નિયમ, તપનો પારગામી કુલહીન માણસ થઇ શકતો નથી, માટે કુલ પણ ધર્મના હેતુભૂત છે.

૨. હીનાધિકં અગોપાંગવાળો માણસ પ્રાયઃ કરીને વિષમ પ્રકૃતિવાળો હોય છે તેથી તેને વિષ ગુણો હોતા નથી માટે રૂપવાન મનુષ્ય પણ ધર્મના હેતુભૂત છે.

૩. કુષ્ટ, જળોદર, કાસ-શ્વાસ, જવર ભગંદર વિગેરે રોગાદિક દુઃખયુક્ત માણસ, વ્રતાદિક ધર્મકરણી કરવામાં શક્તિમાન થઇ શકતો નથી માટે નીરોગી શરીર પણ ધર્મના હેતુભૂત છે.

૪. જે માણસ અલ્પાયુષવાળો હોય તે માણસ સંયમ, તપ, જપ, જ્ઞાનવૃદ્ધાદિકને કરી શકતો નથી, માટે દીર્ઘ આયુષ્ય ધર્મના હેતુભૂત છે.

૫. નિર્મળ બુદ્ધિ રહિત જે માણસ હેય, જ્ઞેય, ઉપાદેય ધર્મની પરીક્ષાને જાણી શકતો નથી, તે માણસ બુદ્ધિના અભાવે આત્મહિત કેવી રીતે સાધી શકે ? માટે નિર્મળ બુદ્ધિ પણ ધર્મના હેતુભૂત છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬. સંવેગ નિર્વેદ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ, તથા તત્ત્વાદિકનો અધિગમ-આ વિગેરે ગુરુમહારાજના ઉપદેશને શ્રવણ કરવાનું ફળ છે. તેને જે માણસ ગુરુમુખથી શ્રવણ કરતો નથી તે માણસ ઉપદેશ શ્રવણ કરવાના ગુણોનું ફલ કેવી રીતે જાણી શકે ? માટે ગુરુમહારાજના ઉપદેશને શ્રવણ કરવો તે પણ ધર્મના હેતુભૂત છે.

૭. જેવી રીતે છિદ્રવાળા ઘડામાં નાખેલું પાણી ટકી શકતું નથી, તેમજ નીચે ઢળી જવાથી વિશિષ્ટ ગુણના હેતુભૂત થતું નથી, તેવી જ રીતે ગુરમહારાજની વાણીરૂપી વારિ કહેતાં પાણી હૃદય રૂપી ઘડાને વિષે ધારણ કર્યા સિવાય કેવી રીતે ટકી શકનાર હતું ? માટે અવધારણા પણ ધર્મના હેતુભૂત છે.

૮. ગુરુમહારાજની ઉપદેશને શ્રવણ કરી હૃદયમાં રાખ્યો, પરંતુશ્રદ્ધારહિત જીવોને, વંધ્યા ગાયના પેઠે તે કોઈપણ ઉપકાર કરનાર થઇ શકતો નથી, માટે શ્રદ્ધા તે પણ ધર્મના હેતુભૂત છે.

## ઉપદેશ ૨૩મો

### ધર્મફળ

સો વર્ષના ૩૬ હજાર દિવસો થાય છે, મનુષ્યનું તેટલુ આયુષ્ય હોય, તો પણ સમયેસમયે ક્ષીણ થાય છે.

૧. જે માણસ તપ સહિત પૌષધ કરી, ધર્મકરણી કરતો, એક દિવસ નિર્ગમન કરેતો ૨૭૭૦ ક્રોડ, ૭૭ લાખ, ૭૭ હજાર, ૭૭૭ પલ્યોપમ ને પલ્યોપમના સાતમા ભાગ જેટલું દેવનું આયુષ બાંધે છે.

૨. સો વર્ષના ૨ લાખ, ૮૮ હજાર પ્રહરો થાય છે, તેમાંથી જે મનુષ્ય એક પ્રહરે પૌષધ અગર ધર્મકરણી કરે, તો ૩૪૭ ક્રોડ, ૨૨ લાખ, ૨૨ હજાર, ૨૨૨ પલ્યોપમ ઉપર પલ્યોમપના બે ભાગ જેટલું આયુષ્ય બાંધે છે.

૩. સો વર્ષના અંતર્મુહુર્ત (બેઘડીયો) ૧૦ લાખ, ૮૦ હજાર થાય છે, તેમાંથી ફક્ત બે ઘડી શાંતિ રાખી, કોઈ માણસ સામાયિક કરે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો ૯૨ ક્રોડ, ૫૯ લાખ, ૨૫ હજાર, ૯૨૫ પલ્યોપમ, અને ઉપર પલ્યોપમના આઠી યા સાત ભાગ જેટલું દેવનું આયુષ બાંધે છે,

૪. સો વર્ષની એક ઘડીયો ૨૧ લાખ અને ૬૦ હજાર થાય છે, તેમાંથી ફક્ત એક જ ઘડી શાંતિથી, કોઈપણ માણસ ધર્મકરણી કરે તો ૪૬ ક્રોડ, ૨૯ લાખ, ૬૬ હજાર, ૯ સો, કાંઈક ઓછા ૬૩. પલ્યોપમના દેવના આયુષ્યને બાંધે છે.

જે માણસની એક પણ ઘડી ધર્મ વિનાની જાય છે તેનો જન્મ સર્વ પ્રકારે નિષ્ફળ જાણવો.

૫. સો વર્ષના શ્વાસોશ્વાસ ૪૦૭ ક્રોડ, ૪૮ લાખ, ૪૦ હજાર થાય છે, તેમાંથી એક શ્વાસોશ્વાસ પણ જો કોઈ માણસ ધર્મકરણી કરે તો ૨ લાખ, ૪૫ હજાર, ૪૦૮ પલ્યોપમ કાંઈક ઓછા ચાર ભાગ જેટલા દેવતાનું આયુષ્ય બાંધે છે.

૬. એક નવકાર ગણે અગર આઠ શ્વાસોશ્વાસ કોઈ માણસ ધર્મકરણી કરે તો૧૯ લાખ, ૬૩ હજાર, ૨૬૮ પલ્યોપમના દેવતાના આયુષ્યને બાંધે છે.

૭. એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે, અગર પચીસ શ્વાસોશ્વાસ કોઈ પણ માણસ ધર્મકરણી કરે તો, ૬૧ લાખ, ૩૫ હજાર, ૨૧૦ પલ્યોપમના દેવતાના આયુષ્યને બાંધે છે.

## ઉપદેશ ૨૪ મો.

### ધર્મની શ્રેષ્ઠતા

ધર્મ જે તે ઉત્કૃષ્ટ મંગળ છે, સ્વર્ગ મોક્ષને આપનાર છે. સંસારરૂપી વનને ઉલ્લંઘન કરવામાં માર્ગ બતાવનાર છે. ધર્મ માતાના પેઠે પોષણ કરનાર છે, પિતાના પેઠે રક્ષણ કરનાર છે, મિત્રની જેમ પ્રસન્ન કરનાર છે, સ્ત્રીના પેઠે સુખ કરનાર છે, સ્વામીના પેઠે ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠા કરાવનાર છે, તેમજ ગુરુના પેઠે ઉજવળ ગુણોનું આરોપણ કરી ઊંચી હદે પહોંચાડનાર છે. ધર્મ જે છે તે સુખનો તો એક અદ્વિતીય મહેલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમજ શત્રુરૂપી સંકટમાં બજ્રતર સમાન છે, શીતથી ઉત્પન્ન થયેલી જડતાને છેદન કરવામાં ઉષ્ણતારૂપ છે, તેમજ પાપના મર્મને જાણનાર છે. ધર્મથી જીવ રાજા થાય છે, વાસુદેવ બળદેવ ચક્રવર્તી થાય છે, ધર્મથી દેવ, ઇંદ્ર, અહમિંદ્ર, ગ્રૈવેયક અને અનુત્તરવાસી દેવ, અનુત્તર વૈમાનમાં અહમિંદ્રપણું પ્રાપ્ત થાય છે, એટલું જ નહિ પણ ધર્મથી તીર્થંકર પદને પણ ઉપાર્જન કરે છે. આ જગતમાં ધર્મથી જ સર્વ પ્રકારની સિદ્ધિ થાય છે, દુર્ગતિને વિષે પડતાં જીવોને ધારણ કરી રાખવાથી, ધર્મકહેવાય છે કિંબહુના ? ધર્મ તે જ જગતના જીવોને તારનાર છે, તે ધર્મ દાન શીયળ, તપ અને ભાવ, એ ભેદ વડે ચાર પ્રકારનો છે. તેમાં જે દાન ધર્મ છે તે જ્ઞાનદાન, અભયદાન, ધર્મોપગ્રહ દાન એ નામથી ત્રણ પ્રકારે કહેલો છે.

તેમાં ધર્મને નહિ જાણનારા પુરુષોને, વાચંના અગર દેશનાદિકનું દાન આપવું અગર જ્ઞાનના સાધનોનું દાન આપવું તે **જ્ઞાનદાન** કહેવાય છે, જ્ઞાનદાનવડે કરીને પ્રાણી પોતાના હિત અહિતને જાણી શકે છે, તેથી જીવાદિક તત્ત્વોને જાણી વિરતિને પ્રાપ્ત કરે છે, જ્ઞાનદાનથી પ્રાણી ઉજ્વળ કેવલજ્ઞાન પામી, સર્વ લોકના અનુગ્રહકારી, લોકાગ્ર ઉપર આરૂઢ થાય-છે મોક્ષપદને પામે છે.

મન, વચન, કાયાએ કરી જીવનો વધ કરવો નહિ, કરાવવો નહિ, તેમજ જીવનવધ કરનારની અનુમોદના કરવી નહિ તેનું નામ **અભયદાન** કહેવાય છે.

તે જીવ ત્રસ અને સ્થાવર એ ભેદથી બે પ્રકારે છે, અને તે બન્નેની પર્યાપ્તિ એટલે પોતાને જેટલી હોયતેટલી પર્યાપ્તિ પૂરી કરે તે પર્યાપ્ત કહેવાય છે અને અપર્યાપ્ત, એટલે પર્યાપ્તિ પૂરી કર્યા સિવાય મરણ પામે તે અપર્યાપ્તો કહેવાય છે. એ ઉપરોક્ત બે પ્રકારે છે.

પર્યાપ્ય પણાનાકારણરૂપ છ પર્યાપ્તિઓ કહેલી છે. ૧. આહાર, ૨. શરીર, ૩. ઇંદ્રિય. ૪. શ્વાસોશ્વાસ. ૫. ભાષા. અને ૬. મન.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ છ પ્રકારે કહેલી છે. તમાં તે પર્યાપ્તિઓ એકેંદ્રિયને ચાર, વિકલેંદ્રિયને (બેઇંદ્રિય, તેઇંદ્રિય ચૌરિંદ્રિય) પાંચ, અને પંચેદ્રિય જીવને અનુક્રમે બધી હોય છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, એ પાંચે એકેંદ્રિય સ્થાવર કહેવાય છે.

તેઓમાં પહેલા ચાર છે તે સૂક્ષ્મ અને બાદર એવા બે પ્રકારના છે, અને વનસ્પતિપ્રત્યેક અને સાધારણ એવા બે પ્રકારના છે, અને વનસ્પતિ પ્રત્યેક અનેસાધારણ, એવા બે ભેદવાળી કહેલી છે, તેમાં પણ સાધારણ વનસ્પતિના સૂક્ષ્મ અને બાદરબે ભેદ છે.

ત્રસ જીવો, બેઇંદ્રિ, તેઇંદ્રિ, ચૌરિંદ્રિ અને પંચેદ્રિ એવા ચાર પ્રકારના છે.

તેમાં પંચેદ્રિયના સંજ્ઞી અને અસંજ્ઞી એવા બે ભેદ છે.

જેઓ મન અને પ્રાણ પ્રવર્તન કરી, શિક્ષા ઉપદેશ અને આલાપન જાણે છે, તે સંજ્ઞી કહેવાય છે. અને તેઓથી જે વિપરીત હોય છે, તે અસંજ્ઞી કહેવાય છે.

સ્પર્શ, રસ ઘ્રાણ, ચક્ષુ, શ્રોત, એ પાંચ ઇંદ્રિયો છે, અનેતેઓના અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ એ વિષયો છે. બેઇંદ્રિય જીવોમાં કૃમિ, શંખ, ગંડોળા, જળો, કીડીઓ વિગેરે વિવિધ આકૃતિવાળા પ્રાણીઓ છે.

જૂ. માંકડ, મંકોડા અને લીખ વિગેરેને, તેઇંદ્રિય જીવો, કથન કરેલા છે.

પતંગીઆ, માખી, ભમરા, ડાંસ, વિગેરેને ચૌરિંદ્રય જીવોમાં ગણ્યા છે.

જળચારી, સ્થળચારી અને આકાશચારી તિર્યંચો, તેમજ નારકી, મનુષ્યો, દેવતા એ સર્વેને પંચેંદ્રિય જીવો કહેલા છે.

એ પ્રકારે સર્વ જીવોના આયુષ્યનો ક્ષય કરવો, તેઓને દુઃખ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપવું તેમજ તેઓનેકલેશ ઉત્પન્ન કરવો, એ ત્રણે પ્રકારે વધ કહેવાય છે. એ ત્રણે પ્રકારના જીવોના વધનો ત્યાગ કરવો તેનું નામ અભયદાન કહેવાય છે, જેપુરૂષો જીવોને અભયદાન આપે છે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પ્રકારના પુરુષાર્થને આપે છે, કારણ કે વધથી બચાવેલો જીવ જો જીવે છે તો તેને ચારે પુરૂષાર્થો પ્રાપ્ત થઇ શકે છે, કારણ કે દરેક પ્રાણીને રાજ્ય, સામ્રાજ્ય, દેવરાજ્ય કરતાં પણ જીવિતવ્ય વધારે પ્રિય હોય છે, અને તે જ કારણથી અશુચિમાં રહેલા કૃમિને, તેમજ સ્વર્ગમાં રહેલા ઈંદ્રને પણ, પ્રાણાપહારી ભય સરિખો છે, માટે સુબુદ્ધિવાળા જીવોએ નિરંત્તર સર્વ જગને ઈષ્ટ, એવા અભયદાનને વિષે અપ્રમત્તપણું ધારણ કરી, પ્રવર્તવું જોઇએ. અભયદાન આપવાથી, જીવ, મનોહર શરીરવાળો દીર્ઘાયુષી આરોગ્યતાવાળો, રૂપસંપન્ન લાવણ્યતા યુક્ત અને શક્તિમાન થાય છે.

ધર્મોપગ્રહ દાનના ૧. દાયકશુદ્ધ ૨. ગ્રાહકશુદ્ધ ૩. દેયશુદ્ધ, ૪. કાળશુદ્ધ ૫. ભાવશુદ્ધ એ પાંચ પ્રકાર થાય છે, તેમાં ન્યાયોપાર્જિત દ્રવ્યવાળો સારી બુદ્ધિવાળો, આસંસા વિનાનો જ્ઞાનવાન તેમજ આપીને પશ્ચાત્તાપ નહિં કરનારો જે દાન આપે છે તે દાયકશુદ્ધ દાન કહેવાય છે.આવું ચિત્ત, આવું વિત્ત અને આવું પાત્ર મને પ્રાપ્ત થયું તેથી હું કૃતાર્થ થયો છું, એવું જે માનનારો હોય તેદાયકશુદ્ધ દાન કહેવાય છે.

સાવદ્ય યોગથી વિરક્ત, ત્રણ ગારવથી રહિતને ત્રણ ગુપ્તિ નો ધારક, પાંચ સમિતિનું પાલન કરનાર, રાગ દ્વેષથી વર્જિત, નગરનિવાસસ્થાન, શરીર ઉપકરણાદિકમાં મમતા રહિત, અઢાર શીલાંગ રથને ધારણ કરનાર જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયીને ધારણ કરનાર, ધીર સુવર્ણ અને લોહમાં સમાન દૃષ્ટિવાળો ધર્મધ્યાન શુકલધ્યાનમાં સ્થિત કરનાર ઉદરપૂર્તિમાત્ર આહારને ગ્રહણ કરનાર, હંમેશાશક્તિપ્રમાણે નાના પ્રકારના તપ કરનાર, અખંડિતપણે સત્તર ભેદે સંયમનું પ્રતિપાલન કરનાર, એ અઢાર પ્રકારે બ્રહ્મચર્યને ધારણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરનાર એવા ગ્રાહકને જે દાન દેવું તે ગ્રાહકશુદ્ધ દાન કહેવાય છે. બેંતાલીશ દોષથી રહિત, અશનં, પાનં, ખાદિમં, સ્વાદિમં, વસ્ત્રસંથારો વિગેરેનું જે દાન તે દેયશુદ્ધદાન કહેવાય છે. યોગ્ય કાળે પાત્રને દાન આપવું તે કાળદાન કહેવાય છે અને કોઈ પણ પ્રકારની વાંછારહિતપણે શ્રદ્ધાથી જે દાન આપવું તે ભાવશુદ્ધ દાન કહેવાય છે.

દેહ વિના ધર્મનું આરાધન થતું નથી અને અન્નાદિક વિના દેહ ટકી શકતો નથી, માટે હંમેશા ધર્મના ઉપકરણોનું જે દાન આપે છે તથા જે માણસઅશનપાનાદિક ધર્મોપગ્રહ દાન સુપાત્રને આપે છે તે તીર્થનો અવિચ્છેદ કરે છે અને પરમપદને પામે છે.

સાવદ્યયોગનું જે પ્રત્યાખ્યાન કરવું તે શીલ કહેવાય છે, અને તે દેશવિરતિ તથા સર્વવિરતિ એમ બે પ્રકારે છે. તેમાં દેશવિરતિના પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એવા બાર પ્રકારના છે.

સ્થૂળ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પાંચ અણુવ્રત જિનેશ્વર મહારાજાએ કહેલા છે, તથા દિગ્‌વિરતિ, ભોગોપભોગવિરતિ અને અનર્થદંડવિરતિ એ ત્રણને ગુણવ્રત કહેલા છે, તેમજ સામાયિક, દેશાવકાશિક, પૌષધ અને અતિથિ-સંવિભાગ એ ચારને શિક્ષાવ્રત કહેલા છે,

એ પ્રકારે દેશવિરતિ ગુણ, શુશ્રૂષા વિગેરે ગુણવાળા, યતિધર્મ ઉપર અનુરાગી, ધર્મરૂપ પથ્ય ભોજનને ઈચ્છનારા, શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકયતા એ પાંચ લક્ષણ યુક્ત સમકિતને પામેલા, મિથ્યાત્વથી નિવૃત્ત થએલા,અને સાનુબંધ ક્રોધના ઉદયથી વર્જિત એવાં ગૃહસ્થ મહાત્માઓને ચારિત્ર મોહનીયનો નાશ થવાથી ઉત્પન્ન થાય છે.

સ્થાવર અને ત્રસ જીવોની હિંસાદિકનું સર્વથા પ્રકારે વર્જવું તે સર્વવિરતિ કહેવાય છે, અને તે સિદ્ધિરૂપી મહેલ ઉપર ચડવાની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિસરણીરૂપ છે.

એ સર્વવિરતિ અલ્પકષાયવાળા ભવસુખથી વિરક્ત અને વિનયાદિગુણોને વિષે રક્ત એવા મહાત્મા મુનિવરોને જ પ્રાપ્ત થાય છે.

જે કર્મને તપાવે તે તપ કહેવાય છે, અને તેના બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદ છે,

અનશન, ઊનોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગં, કાયક્લેશ, સંલિનતા, એ છ પ્રકારે બાહ્યતપ કહેવાય છે, તથા પ્રાયશ્ચિત વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વિનય, કાયોત્સર્ગ અને શુભ ધ્યાન એ છ પ્રકારના અભ્યંતર તપ કહેવાય છે.

જ્ઞાન દર્શન ચારિત્રરૂપી રત્નત્રયીના ધારણ કરનારાએ વિષે, અદ્વિતીય ભક્તિ તથા તેના કાર્યનું કરવું તથા શુભની જ ચિંતા અને સંસારની નિંદા કરવી તે ભાવના કહેવાય છે.

એ ચાર પ્રકારનો ધર્મ મોક્ષફલને આપવામાં સાધનરૂપ છે,તેથી ભવભ્રમણથી ભય પામેલા મનુષ્યોએ તે ધર્મ સાધવા યોગ્ય છે.

## ઉપદેશ ૨૫ મો.

### ભગવાન મહાવીર મહારાજાના દશ શ્રાવકો

**वाणिअ गाम पुरंमी, आणंदो नामगिह वई आसी,**
**सिवनंदासे भज्जा, दससहसस्स गोउलाचउरो. ॥१॥**
**निहिववहार कलंतर, ठाणे सुकणयकोडिबारसगं ॥**
**सोसिरिवीर जिणेसर पयमूले सावओ जाओ ॥२॥**

ભાવાર્થ : વાણિજ્ય ગામે આનંદગાથા પતિ તેની શિવાનંદા સ્ત્રી હતી. ચાર ક્રોડ સોના મોહોરો ભંડારમાં ચાર ક્રોડ વ્યાજે ચાર ક્રોડ વ્યાપારમાં આવી રીતે તેના પાસે બારક્રોડ સોના મોહોરો હતી, દરેક ગોકુળમાં દસ દસ હજાર ગાયો એવા ચાર ગોકુલો હતા, ભગવાન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહાવીર મહારાજા પધાર્યા, વંદને જવું. ધર્મોપદેશ શ્રવણ તેથી બોધ થયો, બાર વ્રતો શ્રાવકના અંગીકાર કર્યા, અગ્યાર પડિમાંનું વહન કર્યું, અવધિજ્ઞાન ઉત્પન્ન થયું, વલણ સમુદ્રમાં પૂર્વ દિશાયે ૫૦૦ યોજન ક્ષેત્ર જાણે દેખે તેવી જ રીતે દક્ષિણ તથા પશ્ચિમદિશાયે જાણે દેખે ઉત્તર દિશાયે ચૂલહિમવંત પર્વત તથા વર્ષધર પર્વત સુધી જાણે દેખે ઉંચે સૌધર્મ દેવલોક સુધી જાણે દેખે, નીચે રત્નપ્રભાને વિષે ચોરાશી હજાર વર્ષના આયુષ્યવાળા નારકીયો રહે તે લોલુપ નરકાવાસ સુધી જાણે દેખે કોલાક સન્નિવેશે મહાવીર મહારાજા પધાર્યા, ગૌતમ સ્વામી ગોચરીયે નીકલ્યા લોકોના મુખથી આણંદના અણસણની વાર્તા સાંભળી ત્યાં ગૌતમસ્વામી પધાર્યા, આણંદે બહુમાન કરી ગૌતમસ્વામીને વંદન કરી મને ઉપર પ્રમાણે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે,તેમ કહેવાથી ગૌતમસ્વામીયે કહ્યું કે હે આનંદ ? ગૃહસ્થ ને એટલું બધું અવધિજ્ઞાન ન હોય માટે મિચ્છામિદુક્કડમદે, આણંદે કહ્યું. હે ભગવાન ? સાચો હોય તે મિચ્છામિદુક્કડે ? ગૌત્તમસ્વામી શંકા ભગવાન પાસે જઇને કહ્યું. હે ભગવાન્ ? હું મિચ્છામિદુક્કડમ્ આપુ કે આણંદ આપે ? ભગવાને કહ્યું કે હે ગૌતમ ? તું મિચ્છામિદુક્કડમ્દે ગૌતમસ્વામી આણંદને મિચ્છામિદુક્કડમ્ આપે છે, આણંદ અણસણ કરી કાળધર્મપામી સૌધર્મદેવલોકે અરૂણવૈમાને ચાર પલ્યોપમના આયુષ્યવાળા દેવ થયા,

**चंपाइकामदेवो, भदाभज्जोसुसावगोजाओ ।**

**छगोउलअट्ठारस, कंचणकोडीणजोसामी, ॥३ ॥**

ભાવાર્થ : ચંપાનગરીમાં કામદેવ ગાથાપતિ તેની ભદ્રા સ્ત્રી હતી, છક્રોડ નિધાને છક્રોડ વ્યાજે છ ક્રોડવ્યાપારે એવી રીતે અઢાર ક્રોડ સોના મહોરો તેના પાસે હતી,દરેકમાંદસ હજાર ગાયો એવા છ ગોકુલો હતા, ભગવાન મહાવીર મહારાજા પધાર્યા વંદને જવું. ધર્મોપદેશ શ્રવણ બોધ થયો, બાર વ્રત લીધા. શ્રાવકની અગ્યાર પડિમાનું વહન કર્યું એકદા પૌષધમાં મિથ્યા દૃષ્ટિ દેવે આવી તિરસ્કાર કરી ઉપસર્ગ કર્યો. રે રે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અપ્રાર્થ્યપ્રાર્થિક, દુરતંપ્રાંતલક્ષણ, હીનપુન્યચતુર્દશીજાત ? શ્રી હી ધૃતિ કીર્તિ વર્જિત ધર્મકામી પુન્યકામી, સ્વર્ગકામી મોક્ષકામી ધર્મકાંક્ષિત પુન્યકાંક્ષિત, સ્વર્ગકાંક્ષિત, મોક્ષકાંક્ષિત, ધર્મપિપાસિત, પુન્ય પિપાસિત,સ્વર્ગપિપાસિત, મોક્ષપિપાસિત વગેરે કહી હસ્તિ તથા સર્પરૂપે અનેક ઉપસર્ગો કર્યા તથાપિ અભીત, અત્રસ્ત, અક્ષુભિન, અછલિત, અસંભ્રાંત, અનુદ્વિગ્ન, તૂષ્ણીક, ધર્મધ્યાનોપગતઃ, દેવપ્રતઘક્ષ ઈંદ્રમાહારેજ પ્રશંસા કરી હતી તેવો જ તું છે વિગેરે કહી વારંવાર પોતાનો અપરાધ ખમાવી દેવ ગયો. પ્રાતઃકાલે ભગવાન મહાવીર મહારાજ પધાર્યા. પૌષધ સહિત ભગવંતને વંદન કરવા કામદેવ ગયો. પ્રભુને વંદન કર્યા. બાદ પ્રભુએ કહ્યું હંહો કામદેવ ! રાત્રિએ દેવે ઉપસર્ગ કર્યો હતો ? કામદેવે ઉત્તર આપ્યો હા, પ્રભુ. ભગવાનને સાધુ સાધ્વીયોને કહ્યું-ગૃહસ્થાવસ્થામાં પણ કર્મક્ષીણતાને માટે મહાન ઉપસર્ગોને મહાનુભાવો સહન કરે છે,માટે કર્મક્ષીણ કરવા આત્મબળ પ્રગટ કરો, પ્રભુનેં વચન સાધું સાધ્વીઓ આજ્ઞા અને વિનયે કરી તહત્તિ કરી સદ્દહે છે અને કર્મદળ ચૂરવા, મહાતપજપ ધ્યાન કરી કર્મને હઠાવે છે. પૌષધ પારી કામદેવ ઘરે ગયો. અણસણે કાળધર્મ પામી, સૌધર્મદેવલોકે અરૂણાભવૈમાને, ચાર પલ્યોપમના આષ્યુયવાળા દેવપણે ઉત્પન્ન થયા, ૨.

**कासीए चूलणीपिआ, सामा भज्जा यगोउल्ला अट्ट ।**
**चउवीसकणयकोडी, सड्डाणसिरोमणी जाओ ॥४॥**

ભાવાર્થ : વાણારસી નગરીનાં ચૂલણીપિતા શ્રાવક શિરોમણિ હતો, તેને શ્યામા નામની સ્ત્રી હતી, આઠ ક્રોડ નિધાને, આઠ ક્રોડ વ્યાજે,આઠ ક્રોડ વ્યાપારે એવી રીતે ચોવીશ ક્રોડ તેને સોનામહોરો હતી.દરેકમાં દસ દસ હજાર ગાયો એવા આઠ ગોકુલો હતા, ભગવાન મહાવીર મહારાજા પધાર્યા,વંદન જવું, ધર્મોપદેશ શ્રવણ, બોધ થયો, શ્રાવકના બાર વ્રત લીધા, અગ્યાર પાડિમાનું વહન, મિથ્યાત્વી દેવ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપસર્ગ,કાળધર્મ, સૌધર્મ દેવલોકે અરૂણપ્રભે, વૈમાને ચાર પલ્યોપમના આયુષ્યવાળા દેવપણે ઉત્પન્ન થયા. ૩

**कासीए सुरादेवो, धन्ना भज्जा य गोउला छञ्च ।**
**कण यट्ठारसक कोडी, गहिअवओ सावओ जाओ ॥५॥**

ભાવાર્થ : વાણારસી નગરીમાં સુરદેવ શ્રાવક હો, ધન્યા તેને સ્ત્રી હતી, આઠ ક્રોડ નિધાને, આઠ ક્રોડ વ્યાજે, આઠ ક્રોડ વ્યાપારે કુલ ચોવીશ ક્રોડ તેને સોનામહોરો હતી. કોઈ પુસ્તકમાં અઢાર ક્રોડ સોનામહોરો લખેલ છે. દરેકમાં દસ દસ હજાર ગાયો એવા છ ગોકુલો તેને હતા. ભગવાન મહાવીર મહારાજા પધાર્યા. વદંને જવું, ધર્મોપદેશ શ્રવણ, બોધ થયો. શ્રાવકના બાર વ્રતો ગ્રહણ કર્યા, શ્રાવકની અગ્યાર પંડિમાનું વહન કર્યું, દેવતાનો ઉપસર્ગ કાળધર્મ પામી સૌધર્મ દેવલોકે અરૂણકાંત વૈમાને ચાર પ૯ યોપમના આયુષ્યવાળા દેવપણે ઉત્પન્ન થયા. ૪

**आलमिआणयरिए, नामेण चुल्लसयगओ सड्ढो ।**
**बहुलानामेण पिया, रिद्धिसे कामदेवसमा ॥६॥**

ભાવાર્થ : આલંભિકા નગરીમાં ચૂલ્લશતક ગાથપતિ હતો, તેને બહુલા નામની સ્ત્રી હતી, છ ક્રોડ નિધાને, છ ક્રોડ વ્યાજે, છ ક્રોડ વ્યાપારે એવી રીતે તેને અઢાર ક્રોડ સોનામહોરો હતી, દરેક ગોકુલમાં દસ દસ હજાર ગાયો એવા છ ગોકુલો હતા. ભગવાન મહાવીર મહારાજા પધાર્યા, વંદને જવું. ધર્મોપદેશ શ્રવણ, બોધ થયો, શ્રાવકના બારવ્રતો ગ્રહણ કર્યા, અગ્યાર પડિમાનું વહન, દેવતાનો ઉપસર્ગ, અણસણ કર્યુ કાળધર્મ પામી સૌધર્મદેવલોકે અરૂણશિષ્ટ વિમાને ચાર પલ્યોપમના આયુષ્યવાળા દેવપણે ઉત્પન્ન થયા. ૫.

**कंपिलपट्टणंमि, सड्ढो नामेण कुंडकोलिअओ ।**
**पुस्सा पुण तस्स पिया, रिद्धिसेकामदेवसमा ॥७॥**

ભાવાર્થ : કાંપિલ્યપુરે કુંડકોલિક ગાથાપતિ હતો, પુષ્પા નામની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેને સ્ત્રી હતી, કોઈક ઠેકાણે પુન્યા સ્ત્રી કહી છે, છ ક્રોડ નિધાને, છક્રોડ વ્યાજે, છ ક્રોડ વ્યાપારે આવી રીતે તેને અઢાર ક્રોડ સોનામહોરો હતી. દરેકમાં દસ દસ હજાર ગાયો એવા છ ગોકુલો તેને હતા. ભગવાન મહાવીર મહારાજા પધાર્યા, વંદને જવું, ધર્મોપદેશ શ્રવણ બોધ થયો, શ્રાવકના બાર વ્રતો ગ્રહણ કર્યા, અગ્યાર પડિમાનું વહન કર્યું, એકદા રાત્રિમાં દેવતાએ ગોશાળાના મત સંબંધી પ્રશ્નો કર્યા, ઉત્તર આપ્યો, દેવતાનિરુત્તર થઈગયો, પ્રાતઃકાળે ભગવાન મહારાજા પધાર્યા, દેવતાના પ્રશ્ન સંબંધી પૂછયું હા પાડવાથી ભગવાને પ્રશંસા કરી, અણસણ, દેવતાનો ઉપસર્ગ કાળધર્મ સૌધર્મ દેવલોકે અરૂણધ્વજ વિમાને ચાર પલ્યોપમના આયુષ્યવાળા દેવપણે ઉત્પન્ન થયા. ૭.

**सद्दालपुत्त नामा, पोलासंमी कुलालजाइओ ।**
**भज्जा य अग्गिमित्ता, कंचणकोडी असेतिन्नि ॥८॥**

ભાવાર્થ : પોલાસપુરે સદાલપુત્ર કુંભકાર હતો. તેને અગ્નિમિત્રા સ્ત્રી હતી, એક ક્રોડ નિધાને, એકક્રોડવ્યાજે, એક ક્રોડ વ્યાપારે, એવી રીતે ત્રણ ક્રોડ તેના પાસે સોનામહોરો હતી, અને દસ હજાર ગાયોવાળું એક ગોકુલ હતું. તે ગોશાલાનો ભક્ત હતો. અન્યદા, રાત્રિયે દેવતાએ સ્વપ્નમાંકહ્યું કાલે મહામાહણ આવશે તું તેની ભકતિ કરજે, સ્વપ્ન દેખી જાગીને વિચારે છે. મારો ધર્માચાર્ય ગોશાળો આવશે. તેની ભક્તિ કરીશ. પણ તે ન આવ્યો અને ભગવાન મહાવીર મહારાજા પધાર્યા, વંદને ગયો. ભગવાનની રિદ્ધિ દેખી આનંદ પામ્યો,વંદન કરી ઉપદેશ શ્રવણ પછી ભગવાને રાત્રિમાં દેવ આવ્યો હતો. તેમ પૂછવાથી ઉત્તર હા, પાડી પોતાને આશ્રમે પધારવા વિનંતિ કરી, ભગવાન પધાર્યા, ભગવાને ભાંડ સંબંધી પ્રશ્ન કરવાથી બંધાણો બોધ થયો, શ્રાવકોના બાર વ્રતો લીધા, અગયાર પડિમાનું વહન કર્યું અણસણ દેવ ઉપસર્ગકાળધર્મ પામી સૌધર્મ દેવલોકે અરૂણભૂત વિમાને ચાર પલ્યોપમના આયુષ્યવાળા દેવપણે ઉત્પન્ન થયા. ॥૮॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**चउवीसय कणयकोडी, गोकुल अट्ठे व राजगिहनगरे ।**
**सयगोभज्जा तेरस, रेवइ अडसेसकोडिओ ॥९॥**

ભાવાર્થ : રાજગૃહ નગરે મહાશતક શ્રાવક હતો, રેવતી, આદિ તેને તેર સ્ત્રીયો હતો, આઠ ક્રોડ નિધાને, આઠ ક્રોડ વ્યાજે, આઠ ક્રોડ વ્યાપારે એવીરીતે તેને ચોવીશ ક્રોડ સોનામહોરો હતી. દરેકમાં દસ દસ હજાર ગાયો એવા આઠ ગોકુલો હતા. ભગવાન મહાવીર મહારાજા પધાર્યા વંદને જવું, ધર્મોપદેશે શ્રવણ, બોધ થયો,શ્રાવકના બાર વ્રતો લીધા, અગ્યાર પડિમાનું વહન, આણંદ જેવું અવધિજ્ઞાન ઉત્પન્ન થયું, રેવતીયે છ સ્ત્રીને શસ્ત્રથી અને છ સ્ત્રીને વિષથી મારી હતી કુકર્મી થઈ, મહાશતકે અણસણ કર્યું, તેમાં રેવતીની કામલાલસાનો ઉપસર્ગ, મહાશતકે ક્રોધ કરીસાતમે દિવસે લોલુપ નરકાવાસમાં ઉત્પત્તિ કહી, ભયથી રેવતી પાછી હઠી, ભગવાને ગૌતમસ્વામીને મોકલી પ્રાયશ્ચિત લેવરાવ્યું, મિચ્છામિ દુક્કડમ્ દીધો, રેવતી મરી નરકે ગઈ મહાશતક કાળધર્મ પામી સૌધર્મ દેવલોકે અરૂણવડિંસક વૈમાને ચાર પલ્યોપમના આયુષ્યવાળા દેવપણે ઉત્પન્ન થયા. ॥૯॥

**सावत्थिनयरीए, नंदणीपिअनाम सड्ढओ जाओ ।**
**अस्सिमणिनामा भज्जा, आणंदसमो अ रिद्धिए ॥१०॥**

ભાવાર્થ : શ્રાવસ્તિનગરીમાં નંદિનીપ્રિય ગાથાપતિ હતો. તેને અશ્વિની સ્ત્રી હતી. ચાર ક્રોડ નિધાને, ચાર ક્રોડ વ્યાજે, ચાર ક્રોડ વ્યાપારે, એવી રીતેબાર ક્રોડ સોનામહોરો હતી. પ્રત્યેકમાં દસ દસ હજાર ગાયો એવા ચાર ગોકુલો હતા. મહાવીર મહારાજા પધાર્યા, વંદને જવું, ધર્મોપદેશ શ્રવણ, બોધ થયો, શ્રાવકના બારવ્રત લીધા, અગ્યાર પડિમા વહન, અણસણ, દેવ ઉપસર્ગ, કાળધર્મ સૌધર્મ દેવલોકે અરૂણગ વિમાને ચાર પલ્યોપમના આયુષ્યવાળાદેવ થયા. ॥૧૦॥

**सावत्थिवत्थव्वो, लंतगपिअनाम सड्ढओ पवरो ।**
**फग्गुणिनामकलत्ता, आणंदसमो अरिद्धिए ॥११॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવાર્થ : શ્રાવસ્તિનગરીમાં લાંતકપ્રિય (શાલિહપ્રિય) નામનો શ્રેષ્ઠ શ્રાવક હતો. તેને ફલ્ગુની નામની સ્ત્રી હતી. ચાર ક્રોડ નિધાને, ચાર ક્રોડ વ્યાજે, ચાર ક્રોડ વ્યાપારે એવી રીતે તેને બાર ક્રોડ સોનામહોરો હતી. દરેકમાં દસ દસ હજાર ગાયો એવા ચાર ગોકુલો હતા. ભગવાન પધાર્યા, વંદને જવું, ધર્મોપદેશ શ્રવણ બોધ થયો, બાર વ્રત લીધા, અગ્યાર પડિમાનું વહન, અણસણ, દેવ ઉપસર્ગ, કાળ ધર્મ, સૌધર્મ દેવલોકે અરૂણકીલ વિમાને ચાર પલ્યોપમના આયુષ્યવાળા દેવપણે ઉત્પન્ન થયા. ૧૦

એ દસે શ્રાવકો મહાવીર મહારાજાથી બોધ પામેલા હતા, દસે શ્રાવકો ભગવાનના ભક્તો હતા, દસે શ્રાવકો બાર વ્રતધારી હતા, દસે શ્રાવકો અગ્યાર પડિમાના વહન કરનારા હતા, ધર્મ પામ્યા બાદ દસે શ્રાવકોએ ચૌદ વર્ષ પછી સંસારવ્યાપારનો ત્યાગ કર્યો હતો, દસે શ્રાવકોએ બહુ દૂષ્કર તપશ્ચર્ય.ા આચરેલી હતી, એક આનંદને છોડીને દેવતાયે સર્વેને ઉપસર્ગો કરેલ હતા, આનંદ અને મહાશતકને પ્રથમ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હતું, બાકીના આઠને છેડે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હતું, દસે જણાએ છેવટે અણસણ કર્યું હતું, દસે જણાયે માસિકી સંલેખના કરી હતી, દસે જણા વીશ વર્ષ સ્વર્ગે ગયા, દસે જણા સ્વર્ગથી ચ્યવીને, મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામીને, સીમંધરસ્વામી મહારાજા પાસે દીક્ષા લઇ કેવલજ્ઞાન ઉપાર્જન કરી મોક્ષે જશે.

## ઉપદેશ છવીશમો

**त्रैकाल्यं जिनपूजनं प्रतिदिनं संघस्य सन्माननं ।**
**स्वाध्यायो गुरुसेवनं च विधिना दानं तथावश्यकं ॥**
**शक्त्या च व्रतपालनं वरतपो ज्ञानस्य पाठस्तथा ।**
**सैषः श्रावकपुंगवस्य कथितो धर्मो जिनेंद्रागमे ॥१॥**

ભાવાર્થ : ત્રિકાલ પરમાત્માનું પૂજન કરવું તથા પ્રતિદિન સંઘનું સન્માન કરવું, તથા સજ્ઝાય ધ્યાન કરવું તથા ગુરુની સેવા કરવી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિધિવડે કરી સત્પાત્રને વિષે દાન આપવું તથા આવશ્યકાદિકની ક્રિયા કરવી, શક્તિ અનુસારે વ્રતોનું પ્રતિપાલન કરવું, શ્રેષ્ઠ તપ કર્મનું આચરણ કરવું તેમજ ઉત્તમ પ્રકારે જ્ઞાનનો પાઠ કરવો. ઉપરોક્ત પ્રકારે શ્રાવકોને વિષે શ્રેષ્ઠ શ્રાવકનો ધર્મ શ્રી જિનેશ્વરમહારાજના આગમને વિષે કહેલો છે.

## શ્રાવકોને કરવાના અભિગ્રહો

જ્ઞાની મહારાજાએ ૧૩૮૪ ક્રોડ, ૧૨ લાખ ૮૭ હજાર, ૨૦૨ અભિગ્રહો શ્રાવકોને કરવાના કહેલ છે. ઉપરોક્ત ન બને તો મિથ્યાત્વના પરિહાર, અને સમકિત સહિત ધર્મનું આચરણ કરવું અને ચોમાસામાં વિવિધ પ્રકારના અભિગ્રહો ધારણ કરવા.

૧. દ્રવ્ય, ૨ ક્ષેત્ર, ૩ કાળ , ૪ ભાવ - એ ચાર પ્રકારે અભિગ્રહો કહેલ છે.

**૧. દ્રવ્ય** - દરેક વર્ષે પોતાની આવકના પ્રમાણમાં, સારા માર્ગમાં દ્રવ્ય ખર્ચવું. સાધુને મુખવસ્ત્રિકા વિગેરેનું દાન દેવું, ગ્લાનને દાનસાર ઔષધ આપી, રાત્રિ દિવસ તેમની ભક્તિમાં તત્પર રહેવું, લોચ કરેલ સાધુને ગોળ-ઘી વિગરેનું વિશેષ દાન દેવું, સાધર્મિકભાઈઓનું વિશેષતાથી અગર શક્તિ અનુસારે વાત્સલ્ય કરવું, જિનબિંબ, સ્વસ્તિક અષ્ટમંગલ વિગેરેનું પૂજન કરવું.

**૨. ક્ષેત્ર** -ચૈત્યાદિકનું પ્રમાર્જન કરવું, જૈન મંદિરમાં આવ્યા પછી કરવા લાયક, નહિ કરવા લાયક કાર્યોની ચિંતા કરવી, દેવદ્રવ્ય તથાદેરાસરજીના ગામક્ષેત્રાદિની સંભાળ રાખવી.

**૩. કાળ** - આઠમ, ચૌદશ તિથિયોને વિષે જિનેશ્વર મહારાજને સ્નાત્ર આરાત્રિક વિગેરે કરવા. બીજે દિવસે કરતો હોય તેના કરતા એકાસણું, આયંબિલ, નીવી ઉપવાસ વિગેરે અધિક તપ કરવો, પ્રાતઃકાળે નિદ્રાનાત્યાગ સાથે મસ્તકે બે હાથ લગાવી પંચ પરમેષ્ઠી મહારાજને નમસ્કાર કરવો. હું કોણ છું ? ક્યાંથી આવ્યો ? ક્યાં જઈશ ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માતા, પિતા,વંશકોણ ? દેવ, ગુરુ ધર્મ કોણ ? આદરવા લાયક, ત્યાગ કરવા લાયક, જાણવા લાયક શું ? એવી ચિંતવના સાથેપ્રતિક્રમણ કરવું, વિધિથી જૈન મંદિરને જાવું. દ્રવ્યભાવથી જ જિનબિંબ પૂજવાનો અભિગ્રહ કરવો, ભોજનસમયે નજીકમાં જૈનમંદિર ન હોય તો ઘરદેરાસરજીમાં જિનપ્રતિમા પાસે નૈવેદ્ય સ્થાપન કરવું, ફરીથી ચૈત્યવંદન કરવું, કાલાદિક ઉચિત, ભોજન કરતી વખતેસાધુઓના પ્રત્યાખ્યાનનું ચિંતવન કરવું. વિકાસવેલાએ ખાવું નહિ, બે ઘડી દિવસ બાકી રહે ત્યારે આહાર કરી લેવો. યથાશક્તિ વિહાર, ચૌવિહારનું પચ્ચખ્ખાણ કરવું, પછી જૈનમંદિર જવું, ચૈત્યવંદન કરવું, સાધુઓને વંદન કરવું, શક્તિ અનુસારે તેમની ભક્તિ કરવી, વિકથા છોડી દઇ, સજ્જાય ધ્યાન કરવું ઇત્યાદિ.

૪. **ભાવ :** અનિત્યાદિક બાર ભાવના ભાવવી, આવશ્યકાદિક ક્રિયા કરવી. દશ, વીશ, ત્રીશ લોગસ્સનો કાયમ કાઉસ્સગ્ગ કરવો જૈન મતના ગાથા-પ્રકરણાદિકનો પાઠ કરવો, પોતે ભણવું, અન્ય ને ભણાવવું, ભણેલું ભૂલી ન જાય માટે નિરંતર પાઠ કરવો, ચાર શરણો કરવા, ઇહલોક, પરલોકના પાપકર્મોનેનિંદવા, પરના તથા પોતાના સુકૃત કર્તવ્યોની અનુમોદના કરવી, કષાયોને જીતવા, ઉદય આવેલાને પોતાના સામર્થ્યથી નિષ્ફળ કરવા, ઉપદેશ આપી બીજાના કષાયોને શમાવવા, વ્રત,તપ, જપ, નિયમ વિગેરે ધર્મ કર્તવ્યો ચોમાસામાં શ્રાવકોએ વિશેષ પ્રકારે અવશ્ય કરવા,

**व्याख्यानं श्रवण जिनालयगतिर्नित्यं गुरोर्वंदनं,**
**प्रत्याख्यानविधानगाममगिरां चित्ते चिरं स्थापनं ।**
**कल्याणकर्णनमात्मशक्तितपसा संवत्सराराधनं,**
**श्राद्धैः श्लाध्यतपो धनादिति फलं लभ्यं चतुर्मासके ॥**

ભાવાર્થ : નિરંતર વ્યાખ્યાન સાંભળવું, જિનેશ્વર મહારાજના મંદિર જેવું નિરંતર ગુરુને વંદન કરવું, પ્રત્યાખ્યાન કરવું, પરમાત્માએ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહેલ આગમવાણીને લાંબા કાળ સુધી ચિત્તને વિષે સ્થાપના કરવી, કલ્પસૂત્ર સાંભળવું,પોતાના આત્માની શક્તિ પ્રમાણે તપસ્યા કરી સંવત્સરી પર્વનું આરાધન કરવું, તેમજ પ્રશંસાપાત્ર તપ કરી, તથા ધનાદિકનો વ્યય કરી,પોતાના આત્માને નિર્મળ કરી, શ્રાવકોએ ચોમાસામાં ઉપરોક્ત ધર્મકાર્યો કરી ચોમાસાને વિષે બહુ જ સારું ફળ પ્રાપ્ત કરવું.

### શ્રાવકના ૧૨ વ્રતો

૫ અણુવ્રત, ૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત, બારવ્રતના ૧૨૪ અતિચાર. ૫ પ્રાણાતિપાતવિરમણના. ૫ મૃષાવાદવિરમણના. ૫ અદત્તાદાનવિરમણના, ૫ મૈથુનવિરમણના, ૫ પરિગ્રહપરિમાણ-વિરમણના, ૫ દિશિપરિમાણવિરમણના. ૨૦ ભોગોપભોગપ્રમાણ-વિરમણના, ૫ અનર્થદંડવિરમણના, ૫ સામાયિક દોષ વિરમણના, ૫ દેશાવકાશિક દોષ વિરમણના, ૫ પોષધદોષવિરમણના, ૫ અતિથિસંવિભાગ વિરમણના, ૮ જ્ઞાનાચારણના. ૮ દર્શનાચારના, ૮ ચારિત્રાચારના, ૧૨ તપાચારના, ૩ વીર્યાચારના. ૫ સમ્યક્ત્વના, ૫ સંલેખનાના,

## ઉપદેશ સત્યાવીશમો

**चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।**
**माणुस्सत्तं सुइ सद्धा, संजमं मिय विरियं ॥१॥**

ભાવાર્થ : ઇહ લોકને વિષે પ્રાણિયોને શ્રેષ્ઠ ચાર અંગો પ્રાપ્તથવા અત્યંત દુર્લભ છે. ૧ મનુષ્યપણું, ૨ શ્રુતશ્રવણ, ૩ શ્રદ્ધા, અને ૪ સંયમને વિષે વીર્ય-એ ચાર મળવા મહાદુર્લભ છે.

### માનુષ્ય જન્મની ઉત્તમતા

જેમ સમગ્ર પર્વતને વિષે મેરુ શ્રેષ્ઠ છે, તેમાં પણ નંદનવન વિશેષ શ્રેષ્ઠ છે, નંદનવનમાં પણ કલ્પવૃક્ષ વિશેષ ચિત્તને આકર્ષણ કરનાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે, તેમજ સમગ્ર ગતિયોને વિષે મનુષ્ય ગતિ વિશેષે કરી પ્રધાન છે.

જેમ શરીરના સમગ્ર અવયવોમાં મુખ પ્રધાન છે, મુખને વિષે પણ બે નેત્રો શ્રેષ્ઠ છે, બે નેત્રોને વિષે પણ કીકીનું ઉત્તમ સ્થાન છે, તેમજ તમામ ગતિયોમાં મનુષ્યગતિ પ્રધાન છે.

જેમ સુંદર રસવાળી વસ્તુઓમાં દૂધ શ્રેષ્ઠ છે. દૂધમાં પણ દહીં મગંલમય છે, તેમાં પણ માખણ પ્રધાન છે, તેમાં પણ ઘી પ્રધાન છે, તેમ મનુષ્યભવ સર્વથી શ્રેષ્ઠ છે.

જેમ ગગનમંડલ અતિ વિશાળ છે, તેમાં પણ જ્યોતિશ્ચક્ર મનોહર છે, તેમાં પણ ચંદ્રબિંબ સુંદર છે, તેમાં પણ અમૃત અતિ મનોહર છે તેમ મનુષ્યગતિ ઉત્તમમાં ઉત્તમ સારભૂત છે,

જેમ સમગ્ર સરોવરમાં માનસસરોવર શ્રેષ્ઠ છે, તેમાંપણ પાણી પવિત્ર છે, તેમાં પણ કમલો શ્રેષ્ઠ છે. તેમાં પણ નિર્મલ વર્ણવાળા હંસલાઓ શ્રેષ્ઠ છે, તેમ તમામ ગતિયોને વિષે મનુષ્ય ગતિ પ્રધાન છે,

જેમ સમુદ્રમાં ક્ષીરસમુદ્ર મહાન છે, દ્વીપોમાં નંદીશ્વર દ્વીપ મહાન છે, દેવોમાં ઇંદ્ર પ્રધાન છે, મનુષ્યોમાં ચક્રવર્તી પ્રધાન છે, સમગ્ર ભોજનમાં ચક્રવર્તીનું કલ્યાણકારી ભોજન પ્રધાન છે, તેજસ્વી વસ્તુઓમાં સૂર્ય પ્રધાન છે, તેમ તમામ જન્મોમાં મનુષ્ય જન્મ જ પ્રધાન છે, મનુષ્ય જન્મ સિવાય બીજા એક પણ ભવથી જીવોને મુક્તિ મળી શકતી નથી.

જેમ પત્થરની ખાણોમાં ઉત્તમ પત્થર પ્રધાન છે,તેમાંપણસામાન્ય રત્નો પ્રધાન છે, તેમાં પણ ભારેરત્નો પ્રધાન છે, તેમા અત્યંત તેજસ્વી અને ઇચ્છિત તમામ વસ્તુઓને આપનાર ચિંતામણિ રત્ન પ્રધાન છે, તેમ સમગ્ર ભવોને વિષે માનુષ્યભવ શ્રેષ્ઠ છે.

જેમ વૃક્ષોમાં અશોક વૃક્ષ પ્રધાન છે, તેમાં પણ આમ્રવૃક્ષ વિશેષે મધુરા ફલ આપનારા છે, તેમાં પણ ભાગ્યહીન માણસને દુર્લભ સંપૂર્ણ સુખની સિદ્ધિ આપનાર કલ્પવૃક્ષ પ્રધાન છે, તેમ તમામ ભવોમાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મનુષ્યભવ પ્રધાન છે.

જેમ નદીઓમાં ગંગાનદી પ્રધાન છે, ગાયોમાં કામગવી પ્રધાન છે, ઘડામાં કામઘટ પ્રધાન છે તેમ સર્વ ભવોમાં માનવભવ પ્રધાન છે.

તીર્થંકર, સામાન્ય કેવલી, ગણધર, પૂર્વધર, ગણિ, ચક્રવર્તી બળદેવ, વાસુદેવવિગેરે પદવીયોનોલાભ મનુષ્યગતિમાં જ થાય છે, માટે મનુષ્ય ગતિને ઉત્તમોત્તમ કહેલી છે.

કેવલજ્ઞાન, કેવલદર્શન,મનઃ પર્યવજ્ઞાન આહારક શરીર તથા યથાખ્યાત ચારિત્ર, મનુષ્યગતિ સિવાય અન્ય ગતિમાં નહિ મળી શકવાથી મનુષ્યગતિ અત્યંત શ્રેષ્ઠ ગણાય છે.

જંઘાચારણ અને વિદ્યાચરણની લબ્ધિ, વિજ્ઞાન અને મુક્તિ વિગેરેના લાભો મનુષ્ય ગતિ સિવાય બીજી ગતિમાં નહિ મળી શકવાથી મનુષ્ય ગતિ શ્રેષ્ઠ ગણાય છે.

ઉત્તમ સત્યપાત્રમાં દાન, ધર્મના દાન શીયલ તપ ભાવના એ ચાર અંગો અને સર્વવિરતિનો લાભ , મનુષ્ય ગતિમાં જ હોવાથી મનુષ્યગતિ જ અવશ્ય આદર્શરૂપ શ્રેષ્ઠ ગણાય છે.

ઉત્તમ જાતિ, કુલ, ઉત્તમ, ક્ષેત્ર, ભાષા દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રમુખ કાર્યોનો અને આર્યપુરુષોનો, મનુષ્યપણા સાથે સંબંધ હોવાથી મનુષ્યપણાની ઉત્તમા નિઃસંદેહપણે સ્વતઃ સિદ્ધ જ છે.

ઈત્યાદિક ઉપર બતાવેલ વિશેષ પ્રકારના સમસ્ત લાભોનો અભાવ, દેવગતિને વિષે હોવાથી અને મનુષ્યગતિને વિષે સંભવ હોવાથી, મનુષ્ય ગતિ જ ઉત્તમ છે.

આ જગતમાં મહામહેનતે મેળવી શકાય એવા મનુષ્યજન્મને જે મનુષ્ય પામીને પરલોકને વિષે હિતકારી ધર્મને નથી કરતો તે છેવટની વખતે પશ્ચાતાપ કરનારા થાય છે. જેમ કાદવમાં ખૂંચી ગયેલ હાથી, જાળમાં સપડાયેલ હરણીયો શોક કરે છે તેના પેઠે વ્યાધિ ગ્રસ્ત થયેલ વૃદ્ધાવસ્થાથી ઘેરાયેલ, છેવટની મરણનિદ્રાથી દબાયેલ, કર્તવ્યને નહિ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાણતો અને કર્મના પરિણામથી પ્રેરાયેલો મનુષ્ય પણ શોક કરે છે.

જન્મ, જરા, અને મરણોવડે ચાર ગતિમાં, અનેક વાર પર્યટન કરી, ઘણી જ મુશ્કેલીથી જે મનુષ્યપણું મેળવેલ છે, તે વીજલીના ઝબકારા જેવું ચંચળ અને દુર્લભ મનુષ્યપણું પામ્યા બાદ વ્યર્થ ગુમાવી દે છે, અને ધર્મકર્મને કરતો નથી, તે સત્પુરુષ નથી, પરંતુ કાપુરુષ છે, કનીષ્ટ છે એમ જાણવું.

જે જીવો અમૂલ્ય મનુષ્ય જન્મને પામીને, પ્રમાદ કરી સત્ય ધર્મના લાભથી વંચિત રહી જાય છેતેઓ કલ્પવૃક્ષ પામીને પણ યાચના કર્યા વિનાના દરિદ્ર રહેનારા મનુષ્યો જેવા જ છે.

અપાર જલથી ભરેલા સમુદ્રમાં ડૂબનારાઓને નાવડું મલ્યા છતાં પણ, નહિ નીકલી શકનારા મનુષ્ય જેવા, સમ્યકત્વને પ્રાપ્ત કરીને ગુમાવનારા મનુષ્યો, આ લોકમાં પ્રમાદથી મનુષ્યપણું ગુમાવનારા છે.

જે મનુષ્યો અનેક વ્યાધિઓથી ઘેરાયલા, વિહવલ અને પ્રમાદને વિષે તત્પર રહે છે તેઓએ ધર્મ વિના અમૃત કુંડનો પ્રાપ્ત કરી ગુમાવી દેવા જેવું કર્યું છે.

કિંબહુના ? મનુષ્ય જન્મ આપીને પ્રમાદ અને પાપગ્રસ્ત થઇ અનેક પ્રકારના વ્યસનમગ્ન થઇ દસ દૃષ્ટાન્તે દુર્લભ મનુષ્ય જન્મ ને લહીને વિષયકષાયમાં મૂઢ બની લક્ષ્મીના લોભમાં ફસાઇ સંસારની જાળમાં જકડાઇ જેણે પરલોકના ભાતારૂપ ધર્મને આરાધ્યો નથી તેણે ઇહલોક પરલોક બન્ને ગુમાવ્યા છે તેમ જાણવું.

## શ્રુતિ

મનુષ્ય જન્મ તો પૂર્વે કરેલા પ્રબલ પુન્યોદયથી કદાચ મળે છે, અને ધર્મની સામગ્રી પણ સુલભ થાય છે,પરંતુ પરમાત્માના વચનને શ્રવણ કરવાની રુચિ થતી નથી. પરમાત્માના વચનોને શ્રવણ કર્યા વિના મનુષ્ય જન્મ નકામો જાય છે. સારાસાર, હિતાહિત, કાર્યાકાર્ય, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય અને લાભાલાભનું કારણ શાસ્ત્રશ્રવણથી જ જાણી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શકાય છે. કહ્યું છે કે શાસ્ત્રશ્રવણથી કલ્યાણ માર્ગને જાણે છે, પાપમાર્ગને પણ શાસ્ત્રશ્રવણથી જાણે છે ઉપરોક્ત બન્ને પણ શાસ્ત્રશ્રવણથી જાણી શકાય છે, માટે આ બેમાંથી જે રુચે અગર કલ્યાણકારી હોય તેનું આચરણ કરો, કારણ કે નિકટભવી હોય અને ધર્મધનયુક્ત હોયતો પણ શાસ્ત્રશ્રવણ વિના તેનો એક પણ અર્થ સરી શકતો નથી. અર્થ અને કામમાં ઉપદેશની જરૂર પડતી નથી, કેમકે અનાદિકાળની વાસના હોવાનેલીધે સારી દુનિયા તેમાં મોહી રહી છે-મુંઝાઇ ગઇ છે તેથી તે બન્ને જલ્દીથી ઉદયમાં આવે છે પણ ધર્મને આચરેલ નહિ હોવાથી તેને આદરવો જોઈએ. સદ્‌ગરૂ વિના સાચો બોધ, બીજો કોઈ બતાવી શકતો નથી. માટે આળસ, નિદ્રા વિકથા, પ્રમાદ, મિથ્યાત્વ છોડી શાસ્ત્રશ્રવણ કરો.

**अंहसंतति भूधरे कुलिशति क्रोधानले नीरति,**
**स्फुर्ज्जद्‌जाड्यतमोभरे मीहिरतिश्रेयोद्रुमे मेघति,**
**माद्यन्मोहसमुद्रशोषणविधौ कुंभोद् भवत्यन्वहं,**
**सम्यग्‌धर्म विचारसारकलितस्या कर्णानंदेहिनाम् ॥१॥**

ભાવાર્થ : ધર્મવિચારનું સારપણું જેને વિષે અત્યંત રહેલું છે એવું પરમાત્માનું વચન શ્રવણ કરવાથી દેહધારી મનુષ્યોને તે વચન પાપના સમૂહરૂપી પર્વતને વિષે વજ્ર સમાન આચરણ કરે છે. જેમ વજ્ર પર્વતને તોડી પાડે છે તેમ પરમાત્માનું વચનરૂપી વજ્ર પ્રાણિયોના પાપરૂપી પર્વતોને તોડી પાડે છે અને જેમ અગ્નિને બુઝાવવા પાણી શક્તિમાન છે તેમજ ક્રોધરૂપી દાવાનલને વિષે પાણીના સમાન પરમાત્માની વાણી આચરણ કરે છે, અર્થાત્ પરમાત્માની વાણીરૂપી પાણીના યોગે ભવ્યાત્મ જીવોનો ક્રોધરૂપી અગ્નિ બુઝાઇ જાય છે. જેમ સૂર્યના કિરણ યોગે ઘણો અંધકાર નાશ પામે છે તેમ પરમાત્માના વચનને શ્રવણ કરવાથી પરમાત્માના વચનો ભવ્ય જીવોના જડતારૂપી અંધકારને નાશ કરે છે. વૃક્ષના ઉપર પાણી પડવાથી જેમ નવપલ્લવિત થાય છેતેમ પરમાત્મા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વચન રૂપી પાણીવડે ભવ્યાત્મા જીવોના કલ્યાણરૂપી વૃક્ષને સિંચન કરી નવપલ્લવિત બનાવે છે. જેમ અગસ્તિ ઋષિ સમુદ્રના પાણીનું શોષણ કરી જાય છે તેમ પરમાત્માનું શ્રવણ કરેલુ વચન મદોન્મત્ત મોહરૂપી સમુદ્રને શોષણ કરવામાં નિરંતર અગસ્તિ ઋષિના સમાન થાય છે. અર્થાત્ પરમાત્માની વાણી શ્રવણ કરવાથી ભવ્ય જીવોનો મોહરૂપી સમુદ્ર શોષાઇ જાય છે. એવું સમજી નિરંતર વીતરાગની વાણીનું પાન કરવું.

## શાસ્ત્રશ્રવણ

परलोकविधौ शास्त्रात्, प्रायो नान्यदपेक्षते ।
आसन्नभव्यो मतिमान्, श्रद्धाधनसमन्वितः ॥१॥
उपदेशं विनाप्यर्थकामौ पतिपदुर्जनाः ।
धर्मस्तु नविनाशास्त्रादिति तत्रादरो हितः ॥२॥
पापामयौषधं शास्त्रं शास्त्रं पुन्यनिबंधनम् ।
चक्षुः सर्वत्रगं शास्त्रं, शास्त्रं सर्वार्थसाधकम् ॥३॥
मलिनस्य यथात्यंतं, जलं वस्त्रस्य शोधनम् ।
अंतः करणरत्नस्य, तथा शास्त्र विदुर्बुधाः ॥४॥
शास्त्रे भक्तिर्जगद्वंद्यैर्मुक्तिदूतिपरोदिता ।
अत्रवेयमतो न्यायात्तत् प्राप्त्या सन्नभावतः ॥५॥
श्रुत्वा धर्म विजानाति, श्रुत्वा त्यजति दुर्मतिम् ।
श्रुत्वा ज्ञानमवाप्नोति, श्रुत्वा मोक्षं च गच्छति ॥६॥

ભાવાર્થ : નિકટભવી, બુદ્ધિમાન, અને શ્રદ્ધારૂપી લક્ષ્મીયુક્ત મહાનુભાવ જીવ, પરલોકની વિધિને વિષે, પ્રાયઃ કરી અન્યની અપેક્ષા રાખતો નથી, ઉત્તમ જીવ શાસ્ત્રશ્રવણથી જ પરલોકના માર્ગને જાણે છે. (૧) ઉપદેશ વિના પણ લોકો, અર્થ અને કામ બન્ને અંગીકાર કરે છે, પરંતુ ધર્મ તો શાસ્ત્રશ્રવણ વિના જાણી શકતો નથી, એમ જાણી શાસ્ત્રશ્રવણમાં આદર કરવો તે હિતાવહ છે, (૨) શાસ્ત્ર પાપરૂપી રોગને નાશકરવા ઉત્તમ ઔષધ છે, શાસ્ત્ર પુણ્યકર્મબંધનનું નિદાન કરણ છે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાસ્ત્ર સર્વ જગ્યાએ ગમન કરનાર, સર્વ વસ્તુપદાર્થને દેખવા માટે દિવ્યચક્ષુ છે, સર્વાર્થને સાધનાર છે, (૩) જેમ પાણી અત્યંત મલિન વસ્ત્રને શુદ્ધ કરનાર છે તેમ અંતઃકરણને શુદ્ધ કરનાર શાસ્ત્ર જ છે.આવી રીતે પંડિત પુરુષો બોલે છે, કહે છે, (૪) જગદ્‌વંદ્ય શ્રી જિનેશ્વર મહારાજાએ શાસ્ત્રને વિષે રહેલી ભક્તિને, મુક્તિની શ્રેષ્ઠ દૂતી કહેલી છે, એ ન્યાયે શાસ્ત્રને વિષે નજીકમાં જો અતિ ભાવથી ભક્તિ પ્રાપ્ત થાય તો મુક્તિ પણ નજીકમાં છે, તેમાંકાંઇ પણ શંકા કરવા જેવું નથી, (૫) શાસ્ત્રને શ્રવણ કરી ધર્મને જાણે છે, શાસ્ત્રને શ્રવણ કરી દુર્મતિનો ત્યાગ કરે છે, શાસ્ત્રને શ્રવણ કરી જ્ઞાનને પ્રાપ્ત કરે છે, અને શાસ્ત્રને શ્રવણ કરીને મોક્ષે પણ જાય છે. (૬)

જીવ, અજીવ, તત્ત્વાતત્ત્વ, નયનિક્ષેપ, પંચાસ્તિકાયાદિક ષડદ્રવ્યાદિક કર્મગ્રંથ, કમ્મપયડી, ચૌદરાજલોકાદિકનું સ્વરૂપ શાસ્ત્રશ્રવણથી જ જાણે છે, માટે શાસ્ત્રશ્રવણ કરવા કટિબદ્ધ થાઓ.

## શ્રદ્ધા

સત્કર્મના યોગે જીવને પરમાત્માના વચનો શ્રવણ કરવામાં પ્રેમ થયો, અને બરાબર આગમને શ્રવણ કરે છે પરંતુ લવલેશ માત્ર શ્રદ્ધા થતી નથી, તો પછી તે શાસ્ત્રશ્રવણ આ જીવને લાભ કરનાર શું થાય ? જેમ એકડા વિનાના મીંડા નકામા છે તેમ શ્રદ્ધા વિનાના શાસ્ત્રશ્રવણ પણ નકામું છે. જેમ વાંજણી ગાયને ગમે તેટલી સારી વસ્તુઓ ખાવા આપી એ પણ તે તેના પેટમાં જ રહે. પરંતુ દૂધ કે બચ્ચા કાંઇ પણ આપી શકે નહિ તેમ શાસ્ત્રશ્રવણ કર્યા છતાં પણ આ જીવને કાંઇ પણ ઉપદેશ લાગુ ને પડે,કોઈ પણ બાબતનું જ્ઞાન ન થાય, અઢાર પાપસ્થાનો ઓલખી તેને પરિહાર ન કરે, સંસારને અનિત્ય ન જાણે, વિષયવાસના ઉપરથી ચિત્તન ઉઠે, વૈરાગ્ય દશા જાગૃત ન થાય, ભવને અતિ કિલષ્ટ દુઃખનું કારણ ન જાણે,કષાયો દુરતંર દુઃખને આપનારા છે એવું ન જાણે, અને હું અનંતકાળથી ચાર ગતિમાં રઝળું છું, પુન્યોદયે મનુષ્ય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જન્મ અને જૈનાગમનું શ્રવણ પ્રાપ્ત થયું છે, હા. હા. ઇતિ ખેદે હજી પણ મને વૈરાગ્યજ્ઞાન શ્રદ્ધા થતા નથી માટે મને ધિક્કાર છે, આવી ભાવના ન થાય તો શ્રવણ કરેલ શાસ્ત્ર પણ ફળદાયક ન થાય. કદાપિ લેશમાત્ર શ્રદ્ધા થાય તો કોને ખબર છે સ્વર્ગ નરકની ? કોણ ત્યાં જઇને આવેલ છે ? અગર કાંઇપણ સ્વર્ગ નરકાદિક પ્રત્યક્ષ દેખાતા નથી માટે કાંઇ જ છે નહિ આવી ભાવના અને ધારણા કરનાર માણસ મહાઅજ્ઞાની ગણાય છે. પરમાત્માને માને છે તો પછી ચૌદ રાજ લોકોના સ્વરૂપને બતાવનારા પરમાત્માના વચનોને ન માને તે તેની મોટી ભૂલ છે. જિનેશ્વર મહારાજા જ્ઞાની હતા અને જ્ઞાન ચક્ષુવડે દેખીને જે જે બાબતો તેમણે કહી છે તે સત્ય જ છે, એવું નહિ માનનાર માણસ શ્રદ્ધાહીન થઇ મિથ્યાદષ્ટિપણું પામે છે, અને પરમાત્માનાં વચનોને શ્રવણ કરતા છતાં તે મિથ્યાદષ્ટિ કહેવાય.તો પાણીમાંથી અગ્નિ ઉત્પન્ન થયા જેવું છે,માટે બુદ્ધિમાન જીવોએ શાસ્ત્રને શ્રવણ કરી તેમને વિષે બરાબર શ્રદ્ધા ધારણ કરવી. માણસોને જો બરાબર શ્રદ્ધા થાય છે તો સંસારને ઠોક્કર મારી જન્મ, જરા અને મરણાદિકના દારૂણ દુઃખને નિવારનાર એવા સંયમને ગ્રહણ કરવામાં જરા પણ વિલંબ કરતો નથી.

**सुइंच लध्धुं सध्धंच, वीरिअं पुण दुल्लहं ।**
**बहवेरोयमाणावि नो अणं पडिवज्जए ।।१।।**

ભાવાર્થ : શ્રુત પામીને પણ શ્રદ્ધા થવી દુર્લભ છે, શ્રદ્ધા થઇ તોપુરુષાર્થકરવોદુર્લભ છે, ઘણા જણાને રુચે તો પણ અંગીકાર કરે નહિ.

## સંયમમાં વીર્ય ફોરવવું.

ચારિત્રા વર્ણીય-કર્મની ક્ષીણતાથવાથી, શ્રદ્ધાના પ્રબલયોગે ચારિત્ર તો કદાચ લીધું, પરંતુ તેમાં કર્મની ક્ષીણતાને માટે પુરુષાર્થ નહિ કરતો આ જીવ પ્રમાદને ધારણ કરી ખાવું, પીવું, સૂવું, શરીરની જ સેવા બજાવવી, વિકથા-નિંદા-લોભ માનસમાં મગ્ન થઇ. પરિગ્રહ એકત્ર કરવામાં, ભક્ત ભક્તાણીયો વધારવામાં અને માનમરતબો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મેળવવા માટે લોકપ્રવાહમાં તણાઇ જઇ આળસુ થઇ કાળક્ષેપ કરે છે તે ભગવાનની આણાને ઉત્થાપી વિરાધક દશા પામે છે, માટે તેમ નહિ કરતા જ્ઞાનધ્યાન કરી વડીલ વર્ગની સેવા કરી, શાસ્ત્રના પરમ રહસ્યને જાણી ગીતાર્થ થઇ રાગદ્વેષાદિક તથા કષાયાદિકનો જય કરી, શુદ્ધ સંયમ આરાધી, ભણી ભણાવી, શાસ્ત્રો લખી લખાવી, નાના પ્રકારના તપને તપતો ક્ષણે ક્ષણે વૈરાગ્ય દશાની વૃદ્ધિ કરતો, સત્ય ઉપદેશ કરી જૈન શાસનની ઉન્નતિ કરી, જૈન શાસનને દીપાવતો બોધશક્તિવડે ભાગ્યશાલી જીવોને સંસારથી તારતો, સારણા-વારણા-ચોયણા-પરિચોયણા, આ ચારની વૃદ્ધિને કરતો, સંયમ લેવા શક્તિ રહિત જીવોને બાર વ્રતોનું પ્રદાનપણું કરતો એક જગ્યાએ નહિ રહેતા જુદા જુદાદેશના ગામ, નગર, પુર, પાટણ, શહેરને વિષે ઉગ્ર વિહારપણું ધારણ કરતો, શત્રુ મિત્રને સમાન ગણતો, તીર્થયાત્રા કરતો, ધર્મોપદેશ લોકોને આપતો, અકિંચન વૃત્તિ ધારણ કરી ઘણા મિથ્યાત્વી જીવોને બોધ કરતો જ્યારેદિવસને નિર્ગમન કરે છે ત્યારે જ તે સાચો સાધુ કહેવાય છે, માટે દિનપ્રતિદિન સાધુધર્મની વૃદ્ધિ થાય તેવો પુરૂષાર્થ કરે તો તે સંયમમાં વીર્ય ફોરવનારા ગણી શકાય છે. ભૂતકાળમાં જે જે મહાત્માઓ થઇ ગયા છે, તેમણે જે જે માર્ગે જેવી જેવી રીતે જૈન શાસસની ઉન્નતિકરી છે તે તે માર્ગે પોતાની શક્તિ પ્રમાણે પુરૂષાર્થ કરી જૈન શાસનને દીપાવે, જૈન શાસનની વૃદ્ધિ કરે, જૈનની સંખ્યામાં વધારો કરે અને સત્ય પ્રરૂપણા સાથે પ્રશાંતવૃત્તિ ધારણ કરી પુસ્તકોમાં લખ્યા પ્રમાણે સાધુમાર્ગને શોભાવે તે જ મહાત્મા સત્ય શુદ્ધ સંયમધારી કહેવાય છે, માટે સંયમીએ તેમ કરવા ચૂકવું નહિ.

## ઉપદેશ ૨૮મો

### પાંચ પ્રકારના સ્વાધ્યાય

સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે. પહેલો પ્રકાર વાચના છે, વાચના એટલે સૂત્ર તથા અર્થનો અભ્યાસ કરવો, કરાવવો તે, તે પ્રકાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વજ્રસ્વામી અને ભદ્રબાહુસ્વામી વિગેરેની જેમ નિરતંર કરવો. બીજો પૃચ્છના નામનો સ્વાધ્યાય છે. સૂત્ર તથા અર્થ સંબંધી સંદેહ દૂર કરવા માટે અને હૃદયમાં દૃઢ કરવા માટે બીજા વિશેષ જ્ઞાતાને પૂછવું તે પૃચ્છના કહેવાય છે. તે પૃચ્છના ચિલાતિપુત્ર, મહાબળનો જીવ, સુદર્શન શેઠ અને હરિભદ્ર બ્રાહ્મણની જેમ અવશ્ય કરવી ત્રીજો પરાવર્તના નામનો સ્વાધ્યાય છે. ભણી ગએલા સૂત્રાદિક વિ. સરીન જવાય માટે તેનું વારંવાર ગણવું, આવૃતિ કરવી તે પરાવર્તના નામનો સ્વાધ્યાય છે. ભણી ગએલા સૂત્રાદિક વીસરી ન જવાય માટે તેનું વારંવાર ગણવું, આવૃતિ કરવી તે પરાવર્તના કહેવાય છે, તે અતિમુક્તક તથા ક્ષુલ્લક ઋષિની જેમ કરવુ તથા તંતુ વણકરની જેમ વિસ્તારવું, કોઈ એક વણકર પાંજણી પાતાં તે તંતુઓના પ્રાંતભાગને પકડીને બન્ને છેડે ઊભી રહેલી પોતાની બે સ્ત્રીઓ પાસે જ્યારે જ્યારે જતો ત્યારે ત્યારે કુસમર્દન તથા અધરચુંબાનિ કરતો હતો, તેની આ પ્રમાણેની ચેષ્ટામાર્ગે જતા કોઈ મુનિએ જોઇ, એટલે તે ઊભા રહ્યા. તે વખતે વણકરે મુનિને કહ્યું કે સાધુ ! તમો શું જુઓછો ? આવું સુખ તમે ક્યાંઇ જોયું છે ? તમારે તો આવું સુખ સ્વપ્નમાં પણ ક્યાંથી હોય ? આ પ્રમાણે અભિમાનવાળું તેનું વચન સાંભળીને, મુનિએ અવધિજ્ઞાનનો ઉપયોગ દીધો, તો તે વણકરનું એક ક્ષણનું આયુષ્ય બાકી રહેલું જોઇ, તેને પોતાની પાસે બોલાવીને કહ્યું કે હે ભદ્ર !કેટલી વખત જીવવા માટે આવી કામચેષ્ટા કર` છે, તારું આયુષ્ય તો હમણાં જ પૂર્ણ થવાનું છે. તે સાંભળીને વણકર ભય પામીને બોલ્યો કે ત્યારે તમે મને કાંઇ પણ જીવવાનો ઉપાય કહો. પછી મુનિએ તેને નવકાર મંત્ર આપ્યો.તે મંત્રને એક વાર ગણીન`તેનુ પરાવર્તન કરતો તે મૃત્યુ પામીને સ્વર્ગે ગયો. પોતાના પતિનું અકસ્માત મૃત્યુ જોઇ તે સ્ત્રીઓએ મુનિને કલંક ચડાવ્યું કે તમે મારા સ્વામીને મુઠ વિગેરેના પ્રયોગથી મારી નાખ્યો. મુનિએ તેમને ઘણો ઉપદેશ તથા શિખામણ આપી, પણ તે સ્ત્રીઓએ પોતાનો કદાગ્રહ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છોડયો નહિ, અને ગામના લોકોને ભેગા કરી મુનિને કલંક આપવા લાગી. મુનિ પણતે દેવના આગમનની રાહજોતા ત્યાં જ ઊભા રહ્યા, એટલામાં તે વણકર દેવ પોતાના ગુરુના ઉપકારનું સ્મરણ થતાં તત્કાળ ત્યાં આવ્યો અને ગામના લોકોને તથા પોતાની સ્ત્રીઓને સર્વ વૃત્તાંત કહીને તેમની શંકા દૂર કરી ગુરુને નમી સ્તવીને સ્વર્ગે ગયો.

ચોથો અનુપ્રેક્ષા નામનો સ્વાધ્યાય છે. અનુપ્રેક્ષા એટલે સૂત્રાર્થનો મુખથી ઉચ્ચાર કર્યા વિના મનમાં ધ્યાન કરવું તે કાર્યોત્સર્ગાદિકમાં, અને સ્વાધ્યાયને દિવસે, મુખે પરાવર્તન થઈ શકે નહિ તે વખતે અનુપ્રેક્ષાવડે જ શ્રુત, સ્મૃતિ વગેરે થાય છે, પરાવર્તના કરતાં અનુપ્રેક્ષા અધિક ફળદાયી છે, કેમકે અભ્યાસના વશથી મન શૂન્યપણું છતાં પણમુખવડેપરાવર્તનાથઈ શકે છે અને અનુપ્રેક્ષા તો મન સાવધાન હોય ત્યારે જ થઈ શકે છે. મંત્રીની આરાધના વિગેરેમાં સ્મરણ અનુપ્રેક્ષાથી જ વિશેષ સિદ્ધિ થાય છે કહ્યું છે.

**संकुला द्विजने भव्यः, सशब्दान्मौनवान्शुभः ।**
**मौनजनान्मानसः श्रेष्ठो, जापः श्लाघ्यः परः परः ॥१॥**

ભાવાર્થ : ઘણા માણસોમાં રહીને જાપ કરવો, તે કરતાં એકાંતે કરવો તે શ્રેષ્ઠ છે, તેમાં પણ મુખથી બોલીને કરવા કરતાં મૌન ધારણ કરી કરવો તે શ્રેષ્ઠ છે, મૌન જાપ કરતાં પણ મનથી જાપ કરવો તે શ્રેષ્ઠ છે, એવી રીતે ઉત્તરોત્તર જાપ વખાણવા લાયક છે.

સંલેખના, અનશન વિગેરે કરવાથી બહુ ક્ષીણ શરીરવાળા થઈ જવાને લીધે, પરાવર્તનાદિક કરવાની શક્તિ રહેતી નથી, ત્યારે અનુપ્રેક્ષાએ કરીને જ પ્રતિક્રમણ વિગેરે નિત્ય ક્રિયા થાય છે, તેથી ઘાતીકર્મનો ક્ષય થઈને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અને પ્રાંતે સિદ્ધિપદ પ્રાપ્ત થાય છે,

પાંચમો ધર્મકથા નામનો સ્વાધ્યાય છે. ધર્મકથા એટલે ધર્મનો ઉપદેશ અને સૂત્રાર્થની વ્યાખ્યા કરવી તથા સાંભળવી તે. ધર્મકથા નંદિષેણની પેઠે કરવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પાંચે પ્રકારના સ્વાધ્યાયે કરી તપની પૂર્તિ થાય છે. તે વિષે આલોચના ગ્રંથમાં કહ્યું છે કે એકાસણું ભંગ થાય તોપાંચસો નવકારગણવા, નીવીનો ભંગ થાય તો છસો ને સડસઠ નવકાર ગણવા, આયંબિલનો ભંગ થથા તો એક હજાર નવકાર ગણવા અને ઉપવાસનો ભંગ થાય તો બે હજાર નવકાર ગણવા, ચોવિહારનો ભંગ થાય તો એક ઉપવાસ કરવો. હંમેશા એકસો નવકાર ગણવાથી વર્ષે છત્રીશ હજાર નવકારનો સ્વાધ્યાય થાય છે, હંમેશા બસો નવકાર ગણવાથી વર્ષે બોંતેર હજાર નવકારનો અને હંમેશા ત્રણસો નવકાર ગણવાથી એક વર્ષે એક લાખ અને આઠ હજાર નવકારનો સ્વાધ્યાય થાય છે. આવીરીતના સ્વાધ્યાય તપને જિનેશ્વરે સર્વોત્તમ એટલે સર્વ તપમાં ઉત્તમ તપ કહેલ છે, મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે -

**बारस विहंमि वितवे, सब्भिंतर बाहिरे कुसल दिट्ठे ।**
**नवि अत्थि नविअ होहि, सज्झाय समतवो कम्मं ॥१॥**

ભાવાર્થ : સર્વજ્ઞ ભગવાને કહેલા અભ્યતંર અને બાહ્ય એવા બાર પ્રકારના તપમાં સ્વાધ્યાય જેવુંતપ કર્મ કોઈ છે નહિ, થશે પણ નહિ.

**मण वयण काय गुत्तो, नाणा वरणं च खवइ अणु समयं ।**
**सज्झाये वट्टंतो, खणे खणे जाइ वैरग्गं ॥२॥**

ભાવાર્થ : સ્વાધ્યાયમાં વર્તતો માણસ મન, વચન, કાયાની ગુપ્તિએ કરીને પ્રતિસમયે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે, તેને ક્ષણે ક્ષણે વૈરાગ્ય પ્રાપ્ત થાય છે.

**इग दु ति मासखवणं, संवच्छरमविअणसिउ हुज्जा ।**
**सज्झयझाणरहिओ, एगो वासफलं पि न लभेज्जा ॥३॥**

ભાવાર્થ : એક માસ, બે માસ કે ત્રણ માસક્ષમણ કરે અથવા એક વર્ષ સુધી અનશન ઉપવાસકરે, પણ જો સ્વાધ્યાય ધ્યાન રહિત હોયતો એક ઉપવાસનું ફળ પણ મેળવતો નથી.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

उग्गम उप्पाय एसणाहिं, सद्धुं च निच्चं भुंजंतो ।
जइ तिविहेणा उत्तो, अणुसमयं भविज्ज सज्झाए ॥४॥
ता तं गोयम एगग्गमाणसं, नेवउ वमिउं सक्का ।
संवच्छर खवणेण वि, जेस तहिं निज्जरा णंता ॥५॥

ભાવાર્થ : ઉદ્‌ગમ, ઉત્પાદ અને એષણાના દોષ વિનાના શુદ્ધ આહારને દરરોજ ભોગવતો છતો પણ, જો તે પ્રતિસમયે ત્રિવિધ યોગવડે સ્વાધ્યાયમાં યુક્ત-તત્પર હોય તો, હે ગોયમ ! તે એકાગ્ર મનવાળાને સાંવત્સરિક તપવડે કરીને પણ,ઉપમી શકીએ નહિ, અર્થાત્ તેની સાથે પણ સરખાવી શકીએ નહિ, કારણ કે સાંવત્સરિક ઉપવાસ કરતાં તેને અનંતગુણી નિર્જરા થાય.

स्वाध्यायः पंचधा प्रोक्तो, महती निर्जराकरः।
तपो पूर्तिरनेन स्यात्, सर्वोत्कृष्टस्ततोऽर्हता ॥१॥

ભાવાર્થ : સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે, તે કર્મની નિર્જરા કરનારા છે, એનાવડે તપની પૂર્ણતા થાય છે, માટે જ અરિહંતે તે સ્વાધ્યાય તપને સર્વોત્કૃષ્ટ તપ કહેલો છે.

## ઉપદેશ ૨૯મો

### પાંચ પ્રકારના અનુષ્ઠાન

(૧) આ લોકને અર્થે તપસ્યા કે ક્રિયા વિગેરે જે કાંઇ કરે તે વિષે અનુષ્ઠાન જાણવું. માગધિકા વેશ્યાએ કુલવાકને ભ્રષ્ટ કરવા માટે કર્યું હતું તેની જેમ.

(૨) પરલોકના સુખને અર્થે જે તપશ્યા વિગેરે ક્રિયા કરે તે ગરલ અનુષ્ઠાન જાણવું, વસુદેવના જીવ નંદીષેણની જેમ.

(૩) ઉપયોગ વગર જેતપ, સામાયિક વિગેરે કરે અથવા બીજાની ક્રિયા જોઇએ સંમૂર્ચ્છિમની જેમ કરે તે અન્યોન્ય અનુષ્ઠાન જાણવું. લૌકિક શાસ્ત્રમાં પણ ગુરુના ઉપદેશ વિના જે કોઈ બીજાનું દેખીને આચરે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે જટિલના મૂર્ખ શિષ્યની જેમ હાસ્ય કરવા યોગ્ય થાય છે ઈહાં જટિલમૂર્ખ શિષ્ય દૃષ્ટાંત કહેવું.

(૪) ઉપયોગી પણાથી અભ્યાસને અનુકૂળ એવી ક્રિયા કરવી તે, તદ્દહેતુ અનુષ્ઠાન જાણવું, તે આનંદ શ્રાવક વિગેરેની જેમ.

(૫) મોક્ષને અર્થે યથાર્થ વિધિપૂર્વક જે તપ, ક્રિયાદિ કરવું તે અમૃત અનુષ્ટાન,વીતરાગ સંયમીઅર્જુન માળી વિગેરેની જેમ જાણવું.

આ પાંચ પ્રકારનાં અનુષ્ઠાનમાં પહેલા ત્રણ ત્યાગ કરવા યોગ્ય છે અને છેલ્લા બે સ્વીકારવા યોગ્ય છે. એવી રીતે બીજા પણ અનુષ્ઠાનનાં ચાર પ્રકાર છે.

(૧) જે પ્રીતિ રસવડે કરાય. અને અતિરુચિથી વધે તે પ્રીતિ અનુષ્ઠાન કહેવાય છે. તે સરલ સ્વભાવથી જીવોને હંમેશા ક્રિયામાં થાય છે.

(૨) બહુમાનથી ભવ્ય જીવો પૂજ્ય ઉપરની પ્રીતિવડે જે કરે તે ભક્તિ અનુષ્ઠાન કહેવાય છે. પ્રીતિઅનુષ્ઠાન અને ભક્તિ અનુષ્ઠાનમાં એટલો તફાવત છે કે સ્ત્રીનું પાલન પ્રીતિથી થાય છે અને માતાની સેવા ભક્તિથી થાય છે.

(૩) સૂત્રના વચનથી જે ક્રિયા કરવામાં આવે તે વચન અનુષ્ઠાન કહેવાય છે તે સર્વત્ર આગમને અનુસારે પ્રવૃત્તિ કરવારૂપ હોવાથી ચારિત્રધારી સાધુને હોય છે, પાસત્થાદિકને હોતું નથી.

(૪) જે અભ્યાસના બળથી શ્રુતની અપેક્ષા વગર ફળની ઈચ્છા વગર જિનકલ્પિની જેમ, યથાર્થ કરે તે અસંગઅનુષ્ઠાન કહેવાય છે. વચનઅનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાનમાં એટલો તફાવત છે કે, કુંભારના ચક્રનું ભ્રમણ દંડના સંબંધથી થાય છે, તેની જેમ વચન અનુષ્ઠાન અને પછી જે ચક્રનું ભ્રમણ, દંડના સંયોગ વિનાકેવલ સંસ્કાર માત્રથી થાય છે. તેની જેમ અસંગ અનુષ્ઠાન એટલે જે શ્રુત સંસ્કારથી ક્રિયાકાળે વચનની અપેક્ષા વગર થાય, તે અસંગ અનુષ્ઠાન કહેવાય છે. આ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યુક્તિથી બંનેમાં ભેદ સમજવો. આ ચારે ભેદ અનુક્રમે વિશેષ શુદ્ધ છે. તે વિષે બૃહદ્ ભાષ્યમાં કહ્યું છે કે - પ્રથમ ભાવની સ્વકલ્પનાથી પ્રાયઃ બાલા દલને સંભવે છે, પછી ઉત્તરોત્તર નિશ્ચય શુદ્ધ યથાર્થ ક્રિયાની પ્રાપ્તિ હોય છે. આ પ્રમાણે અનુષ્ઠાનનું સ્વરૂપ સાંભળીને, તેને વિધિપૂર્વક આદરવું તેમ કરવાથી જ સારું ફળ પ્રાપ્ત થાય છે.

## ઉપદેશ ત્રીશમો

આ દુનિયામાં જન્મ પામેલા જીવો, રોગી અવસ્થાને વિષે સારા થવા માટે જેમ ઔષધ કરે છે, તેમ તેઓને ધર્મ કરવાની પણ આવશ્યકતા છે, હવે તે ઔષધને દેખાડે છે.

### ચાર પ્રકારના ઔષધો

૧. કોઈક ઔષધ વ્યાધિના પ્રકોપરૂપ દોષને ઉત્પન્ન કરે છે, જેમકે પિત્તજવરવાળો માણસ, પિત્તજવરની બહુ જ પીડા પામતી વખતે, બહુ જ બોલબોલ કરે છે, વૈદ્ય તેની તેવી સ્થિતિ દેખી, રોગની શાંતિને માટે અઢાર વસ્તુઓનો કવાથ આપે છે, તે કવાથથી પિત્ત નો વધારે પ્રકોપ થાય છે, અને તેને આશ્રય કરેલા બીજા વ્યાધિયો ઉત્પન્ન થાય છે, પણ તે કવાથ કાંઈ પણ ગુણ કરતો નથી.

૨. કોઈક ઔષધ રોગીને, વ્યાધિના ઉપશમ ગુણને કરે છે, પરંતુ દોષ કરતું નથી, જેમ કે ત્રિદોષયુક્ત જવરવડે પીડા પામેલા રોગની, અઢાર વસ્તુનો કવાથ આવાથી ત્રિદોષ જવરને શાંતિ કરી આરોગ્યનો ગુણ કરે છે.

૩. કોઈક ઔષધ ગુણ દોષ બન્નેને કરે છે,જેમકે અભિનવ પિત્તજવડે પીડાયેલા રોગીને, ગાયના દૂધમાં સાકર નાખીને આપવાથી ઔષધ થાય છે, તેનાથી પિત્તની શાંતિ થવાથી એકને ગુણ થાય છે, પણ દાહના અધિકપણાથી, સાકરથી કાંઈક શ્લેષમાદિકની ઉત્પત્તિ થવાથી દોષને ઉત્પન્ન કરે છે.

૪. કોઈક ઔષધ ગુણદોષ કાંઈ પણ કરતું નથી, જેમકે વાત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પિત્ત જ્વરવાળા રોગની, સિંધવ તથા જીરા સહિત. બીજોરૂ આપવાથી, તે વાત પિત્ત બન્નેને શમાવે પણ નહિ, તેમ રોગનો પણ પ્રકોપ ન કરે પણ સમાન રહે, તો ઔષધ પ્રમાણે ધર્મ પણ ૧ દોષ ૨ ગુણ, ૩ ગુણદોષ, ૪ નહિ ગુણનહિ દોષ એ ચારે પ્રકારે કરે છે, આ હકીકત નીચે પ્રમાણે ઘટાવે છે.

૧. જેમકે મિથ્યાત્વને ધર્મમાનનારા, દેવગુરુધર્મને વિષે વિપરીત બુદ્ધિ રાખનારને ગોચર, કુતીર્થિકો કહેલા છે. તેઓ સ્નાન યજ્ઞાદિકની ક્રિયા વિગેરેને માનનાર હોય છે, તે મિથ્યાદ્રષ્ટિ લોકોને વિષે જે ધર્મની રૂઢી હોય છે. તેને જ તે લોકો ધર્મ કહે છે આ ધર્મ દુરંતર ચાર ગતિરૂપ સંસારચક્રવાલને વિષે પરિભ્રમણ કરાવનાર છે. યજ્ઞ કરાવનાર તુરમણિ રાજા પેઠે દુર્ગતિમાં લઈ જનાર છે, કેટલાયેક ચરકાદિકો તાપસો પાપકર્મને વિષે તત્પર રહેલા છતાં પણ, માસક્ષમણાદિક તપકર્મ, કાયકષ્ટ કરવાથી કિંચિત્ શુભ ફળને તેઓ પામે છે, પરંતુ અનંતર ભવને વિષે તેઓ નિશ્ચય નરકાદિક ગતિને વિષે જઈ દુઃખના ભાજન થાય છે. જેમ કોઈ માણસને સોજા ચડવાથી દુઃખ કરનારા થાયછે તેમ મિથ્યાત્વ ધર્મ પણ દોષરૂપ અવગુણ ઉત્પન્ન કરનાર થાય છે.

૨. નિર્નિદાન ધર્મ પોતે કરેલા તપકર્મ આદિનું ફળ પર લોકે માંગવુ નહિ તથા ઇહલોકે પણ પ્રાર્થના નહિ કરવારૂપ, સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર લક્ષણયુક્ત, સર્વજ્ઞપ્રણીત ધર્મ, મહાગુણને કરે છે. આ ધર્મકર્મક્ષયરૂપ ગુણને કરે છે, એટલે વાંછિત ફળરૂપ, ધનસુખ, સંયોગ,રાજ્યાદિક સાંસારિક સુખોને આપી, જલ્દીથી મોક્ષની પ્રાપ્તિ કરાવે છે માટે શ્રેયાંસકુમાર અને ચંદનબાળાની પેઠે એકાંત રીતે ગુણકારી છે.

૩. સનિદાન ધર્મ તપફળની પ્રાપ્તિ કરવાવાળો ધર્મ, સર્વજ્ઞપ્રણીત સનિદાન ધર્મ ગુણ દોષ ઉભયને કરનાર થાયછે. તે ધર્મ આરાધકને બીજે ભવે, પ્રાર્થિત રાજ્યાદિક શુભ ફળને આપનારા થાય છે, પછીના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભવમાં દુર્ગતિમાં લઈ જાય છે,નિયાણું બાંધેલ છે માટે,

શંકા મિથ્યાત્વ ક્રિયાયુક્ત ધર્મનું ફળ રાજ્યની પ્રાપ્તિ, અને બીજે ભવે દુર્ગતિ જવાનો ભય કહ્યો, પરંતુ અહીં તો સનિદાન ધર્મનું ફળ રાજ્યાદિકની પ્રાપ્તિ છે, તોદુર્ગતિના હેતુભૂત વિષે પણ ગુણપણુ ધારણ કરીએ તો શો વાંધો, ? ઉત્તર મિથ્યાદષ્ટિ તાપસાદિક, તથા પ્રકારની વિધિ રહિત હોવાથી રાજ્યાદિકની પ્રાપ્તિ પણ,પાપાનુબંધના હેતુભૂત હોવાથી, અને ધર્મવિમુખ મહાઆરંભાદિકનું પ્રવર્તન કરવાથી કેટલાકને, હિંસામય યજ્ઞાદિકની ક્રિયાને વિષે મિથ્યાપણાની, એક જ રુચિ પ્રવર્તાવવાથી તેને દુર્લભબોધિપણું પ્રાપ્ત થાય છે,તે દોષ છે, કારણ કે જિન મતને વિષે સનિદાન તપફળ રાજ્યાદિકની પ્રાપ્તિકહેલ છે, અને જિન ધર્મના ઉપર રાગાદિકથી સર્વવિરતિ આદિ વિશેષ ધર્મની પ્રાપ્તિથી ભવાંતરે સુલભબોધિપણું પ્રાપ્ત થાય છે તે ગુણ કહેલ છે, માટે બ્રહ્મદત્ત ચક્રીના જીવની પેઠે ગુણદોષરૂપ કહેલ છે,

૪. ગુણદોષ કંઈકરે નહિ, જેમ કે કૃષ્ણ મહારાજની સાથે અઢાર હજાર મુનિને વંદન કરનાર વીરોસાળવી અઢાર હજાર મુનિને વંદન કરતા છતાં પણ ભાવના શુન્યહોવાથી કોઈ પણ પ્રકારના ફળને પામ્યો નથી, એટલે તેને કોઈ પણ ગુણદોષ થયો નથી.

## ઉપદેશ એકત્રીશમો

### દશ પ્રકારના ધર્માધર્માદિ

૧ ધર્માધર્મ, ૨ કાર્યાકાર્ય, ૩ સારાસારં , ૪ ગમ્યાગમ્યં, ૫ યુકત્યાયુક્તં, ૬ મધ્યામધ્યં, ૭ ભક્ષ્યાભક્ષ્યં, ૮ ભોજ્યાભોજ્યં, ૯ પેયાપેયં, ૧૦ સૌખ્યાસૌખ્યં,

**૧ ધર્માધર્મ**-દ્વિધા બે પ્રકારે છે. ૧ લૌકિકં અને લોકોત્તરં, તેમાં લૌકિક ધર્મ-ગ્રામ્યાદિ ધર્મકથા, જેને વિષે એક ઉત્તર આપે તે સર્વે ઉત્તર આપે પરંતુ સત્યાસત્યાનો તથા પૂર્વાપરનો તેઓને વિચાર હોતો નથી કે યથાર્થ શું છે ? લોકોત્તર ધર્મ-સાધુ આશ્રયી સમ્યગ્દર્શન જ્ઞાન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચારિત્રરૂપ, અને શ્રાવક આશ્રયી શ્રાવકના નિરતિચાર બાર વ્રતરૂપ, લોકોત્તર ધર્મ કહેવાય છે, અને અધર્મ તે બન્નેને એટલે લૌકિક અને લોકોત્તર આ બન્નેને હિંસારૂપ, એટલે કે જો હિંસાકરે તો બન્ને અધર્મ થાય. બન્ને અધર્મી કહેવાય.

૨ **કાર્યાકાર્ય :** દ્વિધા બે પ્રકારે છે. ૧ લૌકિક. ૨. લોકોત્તર તેમાં લૌકિક કાર્ય અવિરુદ્ધ વ્યાપારાદિક અર્થાત્ ન્યાયનિષ્ઠાથી વ્યાપારાદિકને કરે તે, અને અકાર્ય ખોટા-તુલા અને ખોટા માનાદિકવડે કરી વધારે લેવું અને ઓછું આપવું તે, તથા લોકોત્તર કાર્ય સાધુઓને ઉત્તમ પ્રકારે તપ, જપ, વ્રત, પ્રત્યાખ્યાન, પાન, ધ્યાન, ક્રિયાકાંડાદિ અને અકાર્ય સમાચારિ, વિલોપાદિક કહેવાય છે. તથા શ્રાવકોને લોકોત્તર કાર્ય જિનેશ્વર મહારાજને વંદન, નમન, પૂજન વિગેરે ભક્તિ આધિ, તથા ગુરુપૂજને તેમજ સદ્ધર્મસમાચારણાદિ, અને અકાર્ય મિથ્યાત્વનું સેવન તથા ધર્મવિરુદ્ધ તેમજ લોકવિરુદ્ધ આચરણોને સેવવારૂપ કહેવાય છે.

૩ **સારાસારં :** દ્વિધા બે પ્રકારે છે. ૧ લૌકિક અને ૨ લોકોત્તરં તેમાં લૌકિક સારં, વજ્ર, ચંદન, ગોશીર્ષાદિ અને અસારખદીર, એરંડ, કંટક, કાષ્ઠાદિ, તથા લોકોત્તરસારં સાધુ અને નવવિધ બ્રહ્મચર્ય પ્રતિપાલનાદિ, તથા અસારં નવવિધ બ્રહ્મચર્યને અતિક્રમણાદિકથી મલિનકરણાદિ તથા લોકોત્તરસારં શ્રાવકોને સર્વવિરતિની લાલસા, ઇચ્છાના પરિણામાદિ તથા અસારં પ્રમાદાદિકનું સેવનાદિ કહેવાય છે.

૪ **ગમ્યાગમ્યં :** દ્વિધા બે પ્રકારે છે, ૧ લૌકિક અને ૨ લોકોત્તર. તેમાં લૌકિકગમ્યં સ્વસ્ત્રિયાદિકને વિષે અને અગમ્ય ભગિની આદિકની વિષે તથા લોકોત્તર ગમ્યં સાધુઓને મર્યાદા શીલ ક્ષેત્રાદિકને વિષે, તથા અગમ્યં અનાર્યાદિકને વિષે, તથા લોકોત્તર ગમ્યં શ્રાવકોને સ્વભાર્યાદિષુ તથા અગમ્યં પરસ્ત્રિયાદિકને વિષે કહેવાય છે.

૫ **યુકત્યાયુક્ત્યં :** દ્વિધા બે પ્રકારે છે, ૧ લૌકિક અને ૨ લોકોત્તર. તેમાં લૌકિક યુક્ત્યં અભ્યાગત, પ્રતિપત્તિ આદિ, અને અયુક્ત્યં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરદ્રોહાદિ, તથા લોકોત્તરં યુક્ત્યં સાધુઓને પરોપકાર કરણાદિ, અને અયુક્ત્યં સિદ્ધાંતના અર્થગોપાલનાદિક, તથા લોકોત્તરયુક્ત્યં શ્રાવકોને મુનિમહારાજાની ઉપાસનાદિક, તથા અયુક્ત્યં પાખંડી તથા કુગુરૂની ઉપાસનાદિ કહેવાય છે.

**૬. મધ્યામધ્યં :** દ્વિધા બે પ્રકારે કહેવાય છે. ૧ લૌકિક અને ૨ લોકોત્તર. તેમાં લૌકિક મધ્યામધ્યં બંન્ને પક્ષને વિષે સાર અસાર, મધ્યસ્થતાદિ અને લોકોત્તર મધ્યામધ્યં સારાસારં કહેવાય છે.

**૭ ભક્ષ્યાભક્ષ્યં :** દ્વિધા બે પ્રકારે કહેવાય છે. ૧ લૌકિક અને ૨ લોકોત્તર. તેમાં લૌકિકભક્ષ્યં નાલિકેરાદિ તથા મોદકાદિ, અને અભક્ષ્યં કિંપાકફલાદિ, તથા લોકોત્તર ભક્ષ્યં સાધુઓને એષણીય આહારાદિ અને અભક્ષ્યં અનેષણીય આહારાદિ, અને શ્રાવકોનેપણ તે જ પ્રકારે સમજવું.

**૮ ભોજ્યાભોજ્યં :** દ્વિધા બે પ્રકારે છે ૧ લૌકિક અને ૨ લોકોત્તરતેમાં લૌકિક ભોજ્યં ઓદનાદિ અને અભોજ્યં માંસાદિ, તથા લોકોત્તર ભોજ્યં સાધુઓને એષણીય, કલ્પનીય,દોષાદિરહિત આહાર પિંડાદિક, અને અભોજ્યં અનેષણીય, અકલ્પનીય, પિંડાદિક તથા શ્રાવકોને લોકોત્તરભોજ્યં અસંસક્તભક્તાદિ અને અભોજ્યં અનંત જંતુઓના જીવઘાતરૂપ અનંતકાયાદિક કંદમૂલાદિકનું ભક્ષણ કહેવાય છે.

**૯ પેયાપેયં :** દ્વિધા તે બે પ્રકારે છે. ૧ લૌકિક અને ૨ લોકોત્તર તેમાં લૌકિક પેયં દુગ્ધાદિ અને અપેયં રુધિરાદિ, તથા મદિરાદિ, લોકોત્તરપેયં સાધુઓને પ્રાસુક એષણીયાદિ અને અપેયં અપકાયાદિ સચિત્ત જલાદિ, અને લોકોત્તર પેયં શ્રાવકોને ઉદકાદિ અને અપેયં મદિરાદિક જાણવું.

**૧૦ સૌખ્યાસૌખ્યં :** દ્વિધા બે પ્રકારે છે ૧ લૌકિક અને ૨ લોકોત્તર તેમાં લૌકિક સૌખ્યં વિષય સૌખ્યાદિ, અને અસૌખ્યંતત્ અપ્રાપ્તિરૂપાદિ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તથા લોકોત્તર સૌખ્યં સાધુઓને વ્રતપર્યાય ધૃત્યાદિ, અને અસૌખ્યં અરત્યાદિ, તથા લોકોત્તર સૌખ્યં શ્રાવકોને પૌષધ અનુષ્ઠાન કરણાદિ, અને અસૌખ્યં શંકા કાંક્ષાદિ આકુલચિત્તાદિ તથા સર્વથા સૌખ્યં બન્નેને મોક્ષાદિ કહેવાય છે.

## ઉપદેશ બત્રીશમો

### સંસારની અસારતા

આ સંસાર અસાર છે. ધન નદીના વેગના જેવું ચંચળ છે, શરીર વિજળીનાં વિલાસનું જેવું નાશવંત છે, તેથી સુજ્ઞ પુરુષોએ, તે ત્રણેમાં સર્વથા પ્રકારે અનાસ્થા રાખી, સાધુ થઈ મોક્ષમાર્ગ રૂપ, યતિધર્મને વિષે પ્રયત્ન કરવો. જો તેમ કરવામાં અશક્તપણું હોય તો તેની આકાંક્ષા રાખી. સમ્યકત્વ યુક્ત શ્રાવકોના બાર વ્રતોને અંગીકાર કરી, શ્રાવક ધર્મને વિષે ઉજમાળ થવું જોઈએ, શ્રાવકોએ પ્રમાદ છોડી મન, વચન, કાયાએ કરી, ધર્મયુક્ત કરણીથી જ અહોરાત્ર વ્યતીત કરવા.

શ્રાવકોએ બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠી, પંચપરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરી વિચારવું કે હું ક્યા કુળનો છું ? મારો ધર્મ શું છે ? મારે વ્રત શું છે ? એમ વિચારી, પછી પવિત્ર થઈ, જૈન મંદિર જઈ ગૃહચૈત્યે જઈ, પુષ્પ, નૈવેદ્ય, સ્તોત્રવડે દેવોની પૂજા કરી યથા શક્તિ પ્રત્યાખ્યાન કરી પછી, મોટા દેરાસરજી જવું, ત્યાં પ્રભુને ત્રણ પ્રદક્ષિણા વિધિવડે કરી, પુષ્પાદિકથી પ્રભુની પૂજા કરીને સુંદર સ્તોત્રોવડે પ્રભુની સ્તુતિ કરીને, પછી ગુરુ પાસે જઈ વંદન કરી, વિશુદ્ધ બુદ્ધિવડે આત્માને નિર્મળ કરીને, પચ્ચખ્ખાણ લેવું, ગુરુ દર્શન થતાં જ ઊભું થવું, ગુરુ આવતા હોય ત્યારે સામાજવું, અને ગુરુને દેખ્યે મસ્તક ઉપર બે હાથ લગાવી અંજલી કરવી, અને ગુરુ તેના આસને બેઠા પછી તેમની ઉપાસના કરી, ગુરુ જ્યારે જાય ત્યારે તેમની પાછળ જવું, આ પ્રમાણે કરવાથી ગુરુ મહારાજની વિનય સહિત ભક્તિકરેલી કહેવાય છે.

ત્યારબાદ ફરીને પોતાને ઘેર આવવું અને પછી સદ્‌બુદ્ધિપૂર્વક,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધર્મના અવિરોધપૂર્વક, ઉદ્યમ-વ્યાપાર કરવો. પછી ફરીથી મધ્યાન્હકાળે, જિનપૂજા કરી ભોજન કરવું, ત્યારબાદ શાસ્ત્રના જાણકારો પાસે જઈ શાસ્ત્રોના રહસ્યોની વિચારણા કરવી. પછી સંધ્યા વખતે ફરીથી દેવાર્ચન કરી, આવશ્યક પ્રતિક્રમણ કરવું પછી ઉત્તમ પ્રકારે સજ્ઝાય ધ્યાન કરવું, ત્યારબાદ રાત્રિએ યોગ્ય સમયે, દેવગુરુધર્મના સ્મરણપૂર્વક પવિત્ર થઈ અલ્પનિદ્રા કરવી. પ્રાયઃ કરી બ્રહ્મચર્યનું પ્રતિપાલન કરવું. વચ્ચે જો નિદ્રા ઊડી જાય તો, સ્ત્રીઓના બિભત્સ અંગોપાંગોનું ચિંતવન કરવું, મહાત્મા પુરુષોએ, જેનાથી નિવૃત્તિ કહીને તેનો વિચાર કરવો, સ્ત્રીનું શરીર મળ, મુત્ર વિષ્ટા, મજ્જા, શ્લેષમ, અસ્થિ, રુધિર,તેમજ માંસની ગ્રંથીઓથી ભરપૂર છે. સ્નાયુથી સીવેલથેળી સમાન છે, જો સ્ત્રીના શરીરના ઉપરના ભાગને અંદર અને અંદરના ભાગને બહાર ઉપર ભાગને વિષે કરવામાં આવે તો દરેક કામી પુરુષોને, શીયાલ અને ગીધ વિગેરેથી તેના શરીરનું રક્ષણ કરવું પડે.

જો કામદેવ સ્ત્રીરૂપ શસ્ત્રથી, જગતને જીવવાની ઈચ્છા કરતો હોય, તો તે મૂઢ બુદ્ધિવાળો હલકા પીંછું શસ્ત્ર શા માટે રાખતો નથી. અહો ! અહો ! સંકલ્પથકી જ ઉત્પન્ન થનારા રામદેવે, આ વિશ્વને બહુ જ વિડંબિત કર્યું છે, પરંતુ દુઃખનું મૂળ સંકલ્પ છે આવી વિચારણા કરવી અને જે જે બાધકકારી દોષો હોય તેનો પ્રતીકાર ચિંતવવો, તેમજ તેવા દોષોથી મુક્ત એવા મુનિઓને વિષે હર્ષ કરવો. સર્વ જીવોને વિષે રહેલી મહાદુખકાર ભવ-સ્થિતિને વિષે વિચાર કરી, સ્વભાવથી જ સુખકારક સુખદાયક એવા મોક્ષમાર્ગનો શોધ કરવો, જેમાં જિનેશ્વરદેવ, દયા ધર્મ અને મુનિઓ ગુરુ છે, તેવા શ્રાવકધર્મની કયો પંડિત પુરુષ પ્રશંસા નહી કરે.

વળી ઉત્તમ જીવોએ તે વખતે નીચે પ્રકારના મનોરથોનું ચિંતવન કરવું કે હું જૈન ધર્મ રહિત, ચક્રવર્તી પણાને પણ ઇચ્છતો નથી, પરંતુ જૈનધર્મ સહિત, દરિદ્રપણું અગર કિંકરપણુ હોય તેને પણ શ્રેષ્ઠ માનું છું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વળી સર્વ સંગતને છોડી દઈ, જીર્ણ વસ્ત્ર પહેરી, મલિન શરીર રાખી, મધુકરી વૃત્તિને અંગીકાર કરી, મુનિચર્યાને કયારે આચરીશ ? દુ:શીલ લોકોની સંગતિને ત્યાગ કરી, ગુરુમહારાજની ચરણરજનો સ્પર્શ કરી, યોગનો અભ્યાસ કરતો, હું આ સંસાર છેદવાને ક્યારે સમર્થ થઈશ ? અર્ધરાત્રે નગર બહાર કાયોત્સર્ગ કરીને રહેલા અને સ્થંભવત્ થએલા, મારા શરીર સાથે, વૃષભો પોતાના સ્કંધને કયારે ઘસ્યા કરશે ? વનમાં પદ્માસન વાળી બેઠેલા એવા મારા ઉત્સંગમાં બેસી વૃદ્ધ મૃગલાઓ મારા સુખને ક્યારે સુંઘશે, શત્રુ અને મિત્રતામાં, તૃણ અનેસ્ત્રીમાં, સુવર્ણ અને પાષાણમાં, મણિ અને મૃતિકામાં, સંસાર અને મોક્ષમાં મારી બુદ્ધિ સમાન ક્યારે થશે ?

આ પ્રમાણે મુક્તિરૂપી મહેલની નીસરણીરૂપ, ગુણશ્રેણી ઉપર ચડવાને માટે પરમ આનંદરૂપ લતાના મૂળભૂત મનોરથો હંમેશા કર્યા કરવા, તે જ ઉત્તમોત્તમ છે.

આવી રીતે અહોરાત્રિની ચર્યા પ્રતિદિન પ્રમાદ રહિતપણે આચરતો અને કહેલા વ્રતોને વિષે યથાર્થ રીતે સ્થિર રહેતો શ્રાવક ગૃહસ્થપણાને વિષે પણ વિશુદ્ધ થાય છે.

## ઉપદેશ તેત્રીશમો

### શરીરની અશુચિતા

અહો ! આ શરીર સ્વાભાવિકપણાથી જ અશુચિમય છે. તો તેને ઉપચારોથી નવું નવું કરી કેટલા કાળ સુધી ગોપવવું આ શરીરને અનેક વાર સત્કાર કર્યા છતાં પણ જો એક વાર સત્કાર કરવામાં ન આવે તો, ખલ પુરુષના પેઠે તત્કાળ આ શરીર વિકાર પામ્યા વિનારહેતું નથી.

અહો ! અહો ! બહાર પડેલા મળ, મૂત્ર, વિષ્ટા કફ, વિગેરે અશુચિ પદાર્થોથી પ્રાણીઓ દુભાય છે, પરંતુ શરીરના અંદર તે સર્વે રહેલા છે, તેનાથી કેમ દુભાતા નથી ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીર્ણ થએલા વૃક્ષના કોટરમાં જેમ સર્પ, વીંછી વિગેરે ક્રૂર પ્રાણિઓ ઉત્પન્ન થાય છે તેમ આ શરીરમાં પીડા કરનારા અનેક રોગો ઉત્પન્ન થાય છે.

શરદઋતુના મેઘની માફક આ કાયા સ્વભાવથી જ નાશવંત છે, યૌવનલક્ષ્મી વિદ્યુતના પેઠે, જોતજોતામાં વિનાશ પામનારી છે, આયુષ્યપવનથકી કંપાયમાન થએલી પતાકાના સમાન ચંચળ છે, અને સંપત્તિઓ સમુદ્રના તરંગો જેવી ચપળ છે, ભોગો ભુજગની જેમ ફણના જેવા વિષમ છે, અને સંગમ સ્વપ્નના જેવો મિથ્યા છે.

શરીરના અંદર રહેલો આત્મા, કામ ક્રોધાદિકના તાપોથી તપાયમાન થઈ, પુટપાકના પેઠે રાત્રિદિવસ રંધાયા કરે છે, તેથી દુઃખદ અવસ્થાને પામે છે.

અહો ! અતિ દુઃખ કરાવનારા વિષયોમાં સુખ માનનારા પ્રાણીઓ, અશૂચિ સ્થાનમાંહેના, અશૂચિ કીડાની પેઠે, કાંઈ પણ વૈરાગ્ય પામતા નથી, દુરંત વિષયનાસ્વાદમાં પરાધીન ચિત્તવાળો મનુષ્ય, અંધ જેમ કૂવાને દેખતો નથી તેમ પોતાના પગના પાસે રહેલ મૃત્યુને દેખતો નથી. વિષની માફક આપત માત્ર મધુર, અને પરિણામે અત્યંત દારુણ એવા વિષયોમાં આ આત્મા મૂર્ચ્છાને પામે છે, તેથી પોતાના હિતને માટે કાંઈ પણ વિચાર કરી શકતો નથી. ચારે પુરુષાર્થની તુલ્યતા છતાં પણ આત્મા પાપરૂપ એવા કામને વિષે જ પ્રવર્તતે છે, પરંતુ ધર્મમાં પ્રવર્તતો નથી અને મોક્ષને માટે પ્રયત્ન કરતો નથી.

આ અપાર સંસારરૂપી સમુદ્રને વિષે, અમૂલ્ય રત્નના પેઠે પ્રાણીઓને મનુષ્યજન્મ પ્રાપ્ત થવો બહુ જ દુર્લભ છે, કદાચ મનુષ્યપણું પ્રાપ્ત થયું તો પણ તેમાં અર્હંતદેવ અને સુસાધુ ગુરુએ પ્રબળ પુન્યે જ પ્રાપ્ત થાય છે.

જો આપણે મનુષ્યભવનું ફલ ન ગ્રહણ કરીએ તો વસ્તીવાળા શહેરમાં લુંટાયા જેવું થાય છે, માટે ઉત્તમ જીવોએ, નદી જેમ કાંઠે રહેલા વૃક્ષોનું ઉન્મૂલન કરે છે, તેમ વિષયાદિકનું ઉન્મૂલન કરી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શીઘ્રતાથી મોક્ષ મળે તેવા આત્મ સાધનરૂપ કર્મને વિષે પ્રવર્તમાન થવું જોઈએ. અહો ! આ વિષયથી આક્રાંત થએલા લોકોને ધિક્કાર છે, કે જેઓ પોતાના આત્મહિતને જાણતા જ નથી.

આ સંસારરૂપી કૂવાને વિષે, અરઘટ ઘટીયંત્રના ન્યાયવડે કરીને જંતુઓ,પોતાના કર્મથી, ગમનાગમન ક્રિયાને કરે છે, મોહથી અંધ થએલા પ્રાણીના જન્મને ધિક્કાર છે કે, જેમનો જન્મ રાત્રિના અંદર નિદ્રા કરી ગએલાની રાત્રિની પેઠે કેવળ વ્યર્થ જાય છે.

ઉંદર જેમ વૃક્ષને છેદી નાખે છે, તેમ રાગ, દ્વેષ મોહ, ઉદ્યમ વંત પ્રાણીઓના ધર્મને પણ મૂળમાંથી જ છેદી નાખે છે.

અહો ! અહો ! મુગ્ધ લોકો વડલાનાં વૃક્ષની પેઠે ક્રોધને વધારે છે, કે જે ક્રોધ પોતાના વધારનારનું જ મૂળમાંથી ભક્ષણ કરે છે, હાથી ઉપર ચડેલા માનવની પેઠે,માનરૂપી હસ્તિના ઉપર ચડેલા મનુષ્યો, મર્યાદાનું ઉલ્લંઘન કરી કોઈને પણ ગણતા નથી, દુરાશય પ્રાણીઓકોચના બીજની શીંગના જેવી ઉત્પાતને કરનારી માયાને છોડતા નથી.

તુષોદકથી જેમ દુધ બગડે છે, કાજળથી જેમ ઉજ્જવળ વસ્ત્ર મલિન થાય છે તેમ લોભથી જીવો પોતાના ઉજ્જવળ ગુણ ગ્રામને દૂષિત કરે છે.

સંસારરૂપી કારાગૃહના પહેરેગીરની પેઠે, એ ચારે કષાયો જ્યાં સુધી જાગતા છે ત્યાં સુધી પ્રાણીઓને મોક્ષ ક્યાંથી પ્રાપ્ત થાય ?

અહો ! જેમ ભૂત વળગેલું હોય તેમ અંગનાના આલિંગનમાં વ્યગ્ર થએલા પ્રાણીઓ, પોતાના ક્ષીણ થતા આત્માને દેખતા નથી.

કોઈ માણસ ઔષધીથી જેમ સિંહને નિરોગી કરે અને તે નિરોગી થએલો સિંહ, જેમ ઔષધ કરનારના પ્રાણ લે તેમ મનુષ્યો રસેંદ્રિયના લોભથી જુદા જુદા પ્રકારના આહારને કરવાથી તે આહાર તે મનુષ્યોના પ્રાણ લે છે, અને તે આહારથી ઉત્પન્ન થએલ ઉન્માદ જે છે તે જ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવોને ભવભ્રમણના હેતુભૂત થાય છે.

આ સુગંધી છે કે તે સુગંધી છે, હું શું ગ્રહણ કરું એમ વિચાર કરતો પ્રાણી તેમાં લંપટ થઇ, મુગ્ધ બની જઇ, મૂઢ થઇ, ભ્રમરના પેઠે ભમ્યા કરે છે તેવી રીતના વર્તનથી તે કદાપી કાળે સુખી થતો નથી.

જેમ રમકડાથી બાળકને છેતરે તેવી રીતે ફક્ત દેખાવમાં જ મનોહર લાગનારી, રમણિક વસ્તુઓથી પોતાના આત્માને લોકો છેતરે છે.

નિદ્રા કરનારા માણસ જેમ શસ્ત્રના ચિંતવનથી ભ્રષ્ટ થાય છે. તેમ નિરંતર પ્રાણીઓ, વિણા, વેણુનાદમાં કાન દઇ પોતાના સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે.

એક સાથે જ પ્રબળ થયેલા, વાત પિત કફની પેઠે પ્રબળ થએલા વિષયોથી પ્રાણીઓ પોતાના ચૈતન્યને લુપ્ત કરી નાખે છે. માટે તેને ધિક્કાર છે !

## ઉપદેશ ચોત્રીશમો

### સંસારી જીવોની હાલત

જેમ કાચા સુતરના તાંતણાવડે કરી બાંધેલા ખાટલા ઉપર ચડવાવાળો માણસ નીચે પડવાવાળો થાય છે, તેમ વિષય સેવન કરવાવાળો માણસ, સંસારરૂપી ભૂમિને વિષે પડવાવાળો થાય છે.

ચોરાશી લાખ જીવાયોનિમાં ભટકતા જીવોને જે ભાર અનંત દુ:ખને માટે થાય છે, તે પોતે કરેલા ધર્મના પરિણામથીજ થાય છે, અને તેથી તેઓ અનેક પ્રકારે દુ:ખી થાય છે.

જે જે જીવો, પોતપોતાના કરેલા દુષ્કર્મોના યોગે નરકગતિને વિષે ઉત્પન્ન થાય છે તેઓમાં કેટલાકના શરીર ભેદાય છે, કેટલાએકના શરીર છેદાય છે, કેટલાએકના અંગોપાંગ કપાય છે, કેટલાએકના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મસ્તકો કતરાય છે, કેટલાઓને ઘાણીમાં ઘાલી તલના પેઠે પરમાધામીઓ પીલે છે, કેટલાએકને લાકડાની પેઠે દારુણ કરવતથી વેરે છે, કેટલાએકને લોઢાના મોટા ઘણથી લોહપાત્રના પેઠે કૂટે છે, પરમાધામીઓ કેટલાએકોને લોઢાની શય્યાની શૂળી ઉપર સુવાડે છે, કેટલાએકને વસ્ત્રના પેઠે શિલતાલ ઉપર અફાળે છે, કેટલાએકને શાકના પેઠે ખંડોખંડ કરી ટુકડા કરે છે, તે નારકી ઓના શરીર વૈક્રિય હોવાથી તુરત તે ટુકાડાઓ મળી જાય છે. તેથી પરમાધામીઓ ફરીથી પણ તે જ પ્રકારે પીડા કરે છે, એવી રીતે દુઃખ ભોગવતા તેઓ કરુણ સ્વરવડે આક્રંદ કરે છે. ત્યાં તૃષિત થએલા જીવોને તપાવેલા સીસાને રસ વારંવાર પાય છે, અને છાયાની ઈચ્છાવાળા જીવોને તરવારના સમાન તીક્ષ્ણ જેના પાંદડા છે એવા વૃક્ષની નીચે બેસાડે છે, તેથી તે પત્રોરૂપી ઝાટકા ઉપરાઉપર પડવાથી રોરવ દુઃખને સહન કરે છે, તે નરકના જીવો એક મુહૂર્ત માત્ર વેદના વિના રહી શકતા નથી.

નપુંસકવેદી નારકીઓને જે દુઃખ ઉત્પન્ન થાય છે, તે દુઃખનું વર્ણન સાંભળનાર પણ દુઃખી થાય છે.

નારકીઓની વાત તો દૂર રહી પરંતુ પ્રત્યક્ષ દેખાય છે એવા જળચર, સ્થળચર અને ખેચર તિર્યંચ જીવો પણ પોતાના પૂર્વ કર્મવડે કરી પ્રાપ્ત થએલા, અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે. જળચર જીવોમાંનાં કેટલાએક જીવો એક બીજાનું ભક્ષણ કરી જાય છે, કેટલાએકોને બગલાઓ ગળી જાય છે, ત્વચાના અર્થી મનુષ્યો તેઓનીત્વચા ઉતારે છે, ખાવાની ઈચ્છાવાળાતેઓને પકાવે છે અને ચરબીની ઈચ્છાવાળા તેઓને ગાળે છે.

સ્થળચર જીવોમાં, નિર્બળ મૃગલા વિગેરેને સબળ સિંહાદિક જીવો માંસની ઈચ્છાથી તેમને મારી નાંખે છે, મૃગયામાં આસક્ત ચિત્તવાળા અગર માંસની ઈચ્છાથી, અથવા ક્રીડા નિમિત્તે તે નિરપરાધી પ્રાણીઓનો વધ કરે છે, અને બળદ વિગેરે પ્રાણીઓને ક્ષુધા, તૃષા,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શીત, તાપ સહન કરવો, અતિભાર વહન કરવો, ચાબુક, અંકુશ, પરોણાનો માર સહન કરવો વિગેરે પ્રકારની ઘણી વેદનાઓ સહન કરવી પડે છે.

ખેચર આકાશચારી જંતુઓમાં તેતર શુક,કપોત, ચકલા વિગેરેને તેઓનાં માંસની ઈચ્છાવાળા, બાજ સિંચાણા ગીધ વિગેરે પક્ષીઓ પકડીને ખાઈ જાય છે, શિકારીઓ એ સર્વેને નાના પ્રકારના ઉપયોગવડે કરી પકડી ઘણી વિંટેબના પમાડે છે તે તિર્યંચોને બીજા શસ્ત્રાદિક તથા જવાળાદિકનો પણ ભય હોય છે, તે જીવો પણ પોતપોતાના જેને કોઈ પ્રકારે નહિ રોકી શકાય તેવા, કર્મના બાંધવા વડે કરી દુ:ખી થાય છે.

જેઓને મનુષ્યપણું પ્રાપ્ત થયું હોય,તેઓમાંના કેટલાએકો તો જન્મથીજ આંધળા હોય છે, બહેરા-મુંગા-પાંગળા -કોઢીયા હોય છે, કેટલાએક ચોરી કરનારા પરસ્ત્રીગમન કરનારા જીવો નારકીઓના પેઠે,જુદા જુદા પ્રકારની શિક્ષાથી મરણ પામનારા હોય છે. અને મરણ પામીનેપણ દુ:ખી થાય છે, કેટલાએકો નાના પ્રકારની વ્યાધિઓથી પીડાતા છતા પોતાના પુત્રોથી પણ ઉપેક્ષાને પામે છે,કેટલાએકો કલેશથી પરાભવને પામેલા,પોતપોતાના સ્વામીપણાથી બદ્ધ થએલા,દુખી મનુષ્યો હોય છે, કેટલાએક દેવો પણ મત્સર કલેશ ઈર્ષ્યાથી પોતાના સ્વામીના સેવકપણાથી બંધાએલા હોવાથી,દારૂણ દુ:ખને ભોગવનારા હોય છે, જેમ સમુદ્રમાં જળજંતુઓનો પાર નથી, તેમ આ દારૂણ દુ:ખમય સંસારસમુદ્રમાં દુ:ખનો પાર નથી.

ભૂત પ્રેતાદિકનાં સંકુલિત સ્થાનમાં, જેમ મંત્રાક્ષરતેમનો પ્રતિકાર કરનાર થાયછે, તેમ દુ:ખના સ્થાનભૂત આ સંસારમાં જિનેશ્વર મહારાજે કથન કરેલો ધર્મ પણ સંસાર દુ:ખનો પ્રતિકાર કરનાર છે.

અતિભારથી વહાણ જેમ સમુદ્રમાં ડૂબી જાય છે તેમ અહિંસાથી પ્રાણી નરકરૂપી સમુદ્રમાં ડૂબી જાય છે,માટે કદાપિ કાળે હિંસાકરવીનહિ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હંમેશા અસત્યનો ત્યાગ કરવો. અસત્ય બોલવાથી , વંટોળીઆ વાયરાથી જેમ તૃણ ભમે છે તેમ જીવો આ સંસારમાં ચિરકાળ ભમ્યા કરે છે.

કોઈની આપેલી વસ્તુ લેવી નહિ એટલે કોઈ પણ વસ્તુની ચોરી કરવી નહિ, કારણકે કૌચફળના સ્પર્શની જેમ અદત્ત લેવાથી ક્યારે ય પણ સુખ થતું નથી.

અબ્રહ્મચર્યનો ત્યાગ કરવો કારણ કે અબ્રહ્મચર્ય રાંકના પેઠે માણસોને ગળે પકડી નરકમાં લઈ જાય છે.

પરિગ્રહ એકઠો કરવો નહિ, કારણ કે ઘણા ભારથી વૃષભ જેમ કાદવમાં ખૂંચી જાય છે તેમ માણસ પરિગ્રહના પરવશપણાથી દુઃખમાં ડૂબી જાય છે.

જેઓ હિંસા વિગેરે પાંચ અવ્રતોનો દેશથી પણ ત્યાગ કરે છે તેઓ ઉત્તરોત્તર કલ્યાણસંપત્તિના પાત્ર થાય છે.

## ઉપદેશ પાંત્રીશમો

### સંસારની અસારતા

રે ! જીવ ! તું વિચાર કર,વિચાર કર. વિચાર કરીને ચિંતવના કર કે આજ સુધીમાં ઘણા ભોગફળ ભોગવાઈ ગએલા હોવાથી મારે સાંસારિક કર્તવ્યોમાં વિમુખતા કરવી જોઈએ. આ દેશનું હવે મારે રક્ષણ કરવું જોઈએ, આ ગામો મહારે સાચવવા જોઈએ હવેથી મારે સાંસારિક કર્તવ્યોમાં વિમુખતા કરવી જોઈએ. આ દેશનું હવે મારે રક્ષણ કરવું જોઈએ, આ ગામો મહારે સાચવવા જોઈએ હાથી ઘોડાઓ ગાય અને સેવકોનું મારે પોષણ કરવું જોઈએ, શરણાગતોને બચાવવા જોઈએ, પંડિતોને બોલાવવા જોઈએ, મિત્રોનો સત્કાર કરવો જોઈએ, અનેક બંધુઓનો ઉદ્ધાર કરવો જોઈએ, સ્ત્રીઓને રંજિત કરવી જોઈએ, પુત્રોને લાલિત કરવા જોઈએ આવી રીતે ઉપરોક્ત કર્તવ્યોને વિષે તેઓ પરકાર્યને વિષે આકુળવ્યાકુળ થઈ પોતાના મનુષ્ય જન્મને નિષ્ફળ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુમાવે છે.

એ ઉપરોક્ત સમગ્ર કાર્યમાં વ્યગ્ર થએલ પ્રાણી યુક્ત અયુક્ત નહિ વિચારતો મૂઢપણે પશુઓના પેઠે નાના પ્રકારના પાપકર્મોને આચરે છે.

આ મુગ્ધ બુદ્ધિવાળો પુરુષ જેને માટે પાપકર્મને કરે છે તેઓ મરણ પામનારા પુરુષના પાછળ કોઈપણ જતા નથી. ધારો કે તેઓ ભલે અહીં રહે પરંતુ આ દેહ પણ આત્માના પાછળ એક પણ પગલું નહિ ભરતા તે પણઅહીં જ પડ્યો રહે છે તેથી આકૃતઘ્ન શરીર માટે મુગ્ધ પ્રાણીઓ ફોગટ પાપકર્મ કરી, કર્મબંધન કરી, પોતાના આત્માને કેવળ ભારે કરે છે. આ સંસારને વિષે પ્રાણી એકલો જ ઉત્પન્ન થાય છે, મરણ પણ પામે છે અને પોતે ઉપાર્જન કરેલા કર્મ વિપાક રૂપ ફળોને પોતે એકલો જ ભોગવે છે.

જે દ્રવ્ય પાપકર્મ કરીને પોતે ઉપાર્જન કરેલ છે તે દ્રવ્યને સર્વે તેના સગાવહાલા ભેગા મળીને ખાયછે, પોતે ઉપાર્જન કરેલા પાપ કર્મને નરકમાં જઈ વિડંબના પૂર્વક અનેક રીતે સહન કરેછે, દુઃખ રૂપી દાવાનળથી ભયંકર સંસારરૂપી મહાવનમાં કર્મને વશ થયેલો પ્રાણી એકલો જ ભમે છે, તેમજ સંસારથી ઉત્પન્ન થતું દુઃખ અને મોક્ષથી પ્રાપ્ત થતું સુખ આ આત્મા એકલો જ ભોગવે છે, તેમાં તેને કોઈપણ બીજો સહાય કરનાર નથી. જેમ હૃદય હાથ પગને જોડી રહેલો માણસ તેનો ઉપયોગ નહિ કરવાથી વાવ, કુવા, નદી, સરોવર, તળાવ, સમુદ્રને તરી શકતો નથી, પણ સર્વે શરીરના અવયવોને ઉપયોગમાં લઈ, સહેલાઈથી તરી શકે છે તેવી રીતે ધન અને દેહાદિકના પરિગ્રહથી પરાંમુખ થઈ, તેનો સદુપયોગ કરી આત્મસ્વરૂપમાં સ્થિર થએલો પ્રાણી જલ્દીથી આ સંસારસમુદ્રનો પાર પામી જાય છે, સર્વને મૃત્યુ સાધારણ છે, આ પૃથ્વીને વિષે પર્વતમાં મેરુ સમાન અમારું ઘર ઘણું જ ઉંચુ છે, તેમજ ઉત્કૃષ્ટ છે, પરંતુ આ ઘરને વિષે પણ ત્રણ જગતને માનવા લાયક યોગ્ય શાસનવાળા, તીર્થંકરોમાં પ્રથમ અને રાજાઓમાં પણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રથમ, વળી લક્ષ યોજન પ્રમાણ ઊંચા મેરુ પર્વતના દંડરૂપ અને આ પૃથ્વીને છત્રરૂપ પોતાના ભુજાદંડથી કરવામાં સમર્થ, તેમજ ચોસઠ ઇંદ્રોના પૂજનિક એવા ઋષભદેવ પણ કાળના યોગે મૃત્યુને શરણ થએલા છે, તેમના પ્રથમ પુત્ર ભરત મહારાજા, ચક્રવર્તી ઓમાં પ્રથમ ચક્રવર્તી હતા, અને સુર અસુરો પણ જેઓની આજ્ઞાને માન્ય કરતા હતા, જે સૌધર્મેંદ્રના અર્ધ આસન પર બિરાજમાન થતા હતા તે પણકાળ જતાં મરણને શરણથએલ છે, તેમના નાનાભાઈ ભુજાબળથી સ્વયંભૂરમણ સમુદ્રની પેઠે મુખ્ય ગણાતા હતા, અને ચારિત્રને ગ્રહણ કર્યા પછી, હસ્તિ અષ્ટાપદ વિગેરે જાનવરો, તેના શરીર સાથે, પોતાના શરીરને ઘસતાહતા, તો પણ સર્વને વજ્ર દંડના પેઠે સહન કરીને બાર માસ સુધી આહારપાણીનો ત્યાગ કરીને રહેલા હતા, એવા બાહુપરાક્રમી બાહુબલજી પણ, આયુષ્યની સમાપ્તિ થતા, એક ક્ષણ માત્ર પણ આ દુનિયામાં ટકી રહેલ નથી.

ઉગ્ર તેજથી આદિત્ય સૂર્ય જેવા પણ, આદિત્યયશા મહાપરાક્રમી ભરત મહારાજાના પુત્ર થતા,તેનો પુત્ર મહાયશા નામે હતો, તેનો યશ દિગંત પર્યંત ગવાતો હતો, જે પરાક્રમી પુરુષોને વિષે શિરોમણિ હતા.તેનો પુત્ર અતિબળ નામે થયો, તે ઇંદ્રના પેઠે અખંડ શાસનવાળો, આ પૃથ્વીને વિષે રાજા થએલો હતો. તેનો પુત્ર બળભદ્ર થયો. તેપોતાના બળથી જગતને વશ કરનાર, અને તેજથી જાણે સૂર્ય હોય તેવા પ્રકારે મહાતેજસ્વી હતો, તેનો પુત્ર બળવીર્ય થયો, તે મહાપરાક્રમી શૌર્ય ધૈર્યધારીમાં મુખ્ય અને સમગ્ર રાજાઓમાં અગ્રેસરી થએલો હતો,કીર્તિ અને વીર્યથી શોભિત, તેનો પુત્ર કીર્તિવીર્ય થએલો હતો. તે એક દીપકની જેમ બીજા તેમ ઉજ્જવળ થએલો હતો, તેનો પુત્ર હસ્તિયોમાં ગંધહસ્તિના જેમ, અને આયુધોમાં વજ્ર, દંડના જેમ બીજાઓથી જેનું અનિવાર્ય પરાક્રમ છે એવો જળવીર્ય નામે થયો. તેનો પુત્ર દંડવીર્ય થયો. છે જાણે સાક્ષાંત્ બીજો યમરાજ હોયને શું, તેમ તે અખંડ દંડ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શક્તિવાળો, અને ઉદ્દંડ ભુજદંડવાળો હતો, તેઓ સર્વે દક્ષિણાર્દ્ધ ભરતના સ્વામી તથા પરાક્રમીતેમજઈંદ્રે આપેલા મુકુટને ધારણ કરવાવાળા હતા, પોતાના લોકોત્તર પરાક્રમથી દેવો અને અસુરોથી પણ જીતી શકાયતેવા નહોતા. તેઓ પણ કર્મને યોગે આજ ઘરને વિશે જન્મ પામેલા હતા, અનેકાળને યોગે તેઓ સર્વે પણ મરણને પામેલા છે.

ત્યાંથી માંડીને બીજા અસંખ્ય રાજાઓ થયેલા છે તે પણ મરણને શરણ થએલા છે, કારણ કે કાળ દુરતિક્રમ છે, ચાડીયાના પેઠે સર્વથા પ્રકારે નુકશાનકર્તા છે, અગ્નિના પેઠે સર્વભક્ષી છે, અને જળના પેઠે સર્વભેદી છે. આવી રીતે તમામ સંસારી જીવોનો સંહાર કરતો કાળને દેખી જે જીવો તેને જીતવાને માટે, જ્ઞાન દર્શન ચારિત્રનું આલંબન કરે છે તે મુક્તિને મેળવવાવાળા થાય છે.

## ઉપદેશ છત્રીશમો.

### પાપની મજા નરકની સજા

જે માણસ,સ્ત્રી ભર્તારિને સાસુ વહુને સ્વામી સેવકને બંને મિત્રોને તેમજ ગુરૂ શિષ્યોને અરસપરસ વૈરવિરોધ કરાવી વિયોગ કરાવે છે તે માણસને પરમાધામી નરકને વિષે તેટલી વાર મસ્તકને વિષે વેરે છે વિદારે છે.

જે માણસો વક્ર બુદ્ધિવાળા થઇ સાધુઓના ઉપર અગર કોઈ પણ માણસોના ઉપર જૂઠા કલંકો ચડાવે છે તથા સજ્જ પુરુષોના ઉપર જૂઠા આરોપ ચડાવવા, પિશુનતારૂપ જુઠી ચુગલી કરે છે તથા ધર્મીષ્ટ માણસને ઉપહાસના વચનોથી નીચો કરે છે, તથા તિરસ્કાર કરે છે, તેમજ માતા-પિતાને પણ દુષ્ટ વચનોથી તર્જના કરી દુઃખ ઉત્પન્ન કરે છે, તેઓતેને કહેલા વચનોના અક્ષરોની સંખ્યા જેટલા સેકંડો વર્ષો સુધી, તીક્ષ્ણ મુખવાળા વજ્રના પહારવડે પોતાના જીહ્વાના છેદને પામે છે તેઓએદુષ્ટ બુદ્ધિવડે પરસ્ત્રીને દેખેલ હોય તેમજ સેવન કરેલ હોય, અધમતાથી ચોરી કરનારાને સંગ કરેલ હોય તેને પ્રેમથી નિહાળેલ હોય,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેઓના નેત્રને તેના નિમેષ માત્ર જેટલા લાખ વર્ષ સુધી વજમુખવાળા પક્ષીઓ તીક્ષ્ણ દાંતવડે કરીને ખણે છે. જેઓ એક આવાસને વિષે રહેલા,પોતાના કુટુમ્બને વિષે અત્યંતનિદર્યપણું ગુજારેછે, તથા કુટુંબીઓ સાથે કલેશ કરીને, તથાતેમનાદ્રવ્યને હરણ કરીને, તથા તેમનાથી અલગ રહીને એકાકી પણે તે દ્રવ્ય ખાય છેતેમજ જેઓ એક જ સાર્થને વિષે આવ્યા છતાં પણ અને બીજા ભૂખ્યા છતાં પણ જેનાથી અળગ બેસી પોતેખાય છે, તથા જે પૈસા પાત્રો પૈસા રહિતપોતાના ભાઈઓની ઉપેક્ષા કરી દ્રવ્યને ખાય, તેઓ એકવાર ભોજન કરવામાં જેટલાકોળિયાના આહાર કરે છે, તેટલા કોળિયાની લાંઘણ થાકી પછી, તેના મુખમાં પરમાધામી વિષ્ટારૂપી ઉચ્છિષ્ટ પદાર્થ નાખે છે, જે માણસોએ જેટલીવાર જેના ઉપર પૂર્વભવને વિષે દ્રોહ કરી ભોજન કરેલ હોય તે માણસને તેટલી વાર નરકને વિષે કદર્થના થાય છે.

જે માણસો અપરાધ રહિત જીવોને મારી તેનું માંસ ખાય છે, તે માણસોતેના રોમ સમાન તેટલા હજાર વર્ષ સુધી તપાવેલા તાંબાના કકડાનું ભોજન કરનાર થાય છે.

જે માણસો રાત્રિને વિષે લોકો નિદ્રા કરી ગયા પછી. અગ્નિ મૂકે છે, તે માણસોના દેહને પરમાધામી લોઢાના તપાવેલા ઉંદરનું રૂપ કરી બાળી મૂકે છે.

જે માણસો બીજી સ્ત્રીને આધીન થઈ, પોતાની સ્ત્રીને સંતાપી ત્યાગ કરે છે તેના દેહને પરમાધામી તપાવેલા તેલવડે સીંચે છે.

ઇત્યાદિ પ્રકારે, નરકને વિષે અનેક કોટાકોટી જે મહાન દુખો છે, તેને કોટી વર્ષે પણ કોઈ વર્ણવી શકનાર નથી, નારકીના જીવોને નરકને વિષે જે વેદનાઓ થાય છે તેથી તેઓ પાંચસો-પાંચસો યોજન, ઊંચ ઉછળી નીચા પડે છે. કિંબહુના ચક્ષુ મીચીને ઉઘાડે એટલું માત્ર પણ નરકના જીવોને સુખ નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઉપદેશ સાડત્રીશમો.

### છૂટી ઇંદ્રિયોનું ફળ

રાજ્ય, ભોગ, વિષયભોગની તૃષાવાળો જીવ, આર્તધ્યાનાદિકથી પીડા પામી નરકને વિષે જાય છે.

જાતિમદથી મદોન્મત થયેલા જીવો મરીને કૃમિ જાતિને વિષે ઉત્પન્ન થાય છે.

કુળનો મદ કરવાથી શીયાળ પણે ઉત્પન્ન થાય છે.

રૂપનો મદ કરવાથી ઊંટ આદિ યોનિમાં ઉત્પન્ન થાય છે.

બળનો મદ કરવાથી મરીને પંતગીયા થાય છે.

બુદ્ધિનો મદ કરવાથી મરીને કુકડા થાય છે.

રિદ્ધિનો મદ કરવાથી મરીને કૂતરા વિગેરે થાય છે.

સૌભાગ્યનો મદ કરવાથી સર્પ, કાગડા વિગેરે થાય છે.

જ્ઞાનનો મદ કરવાથી મરીને બળદ થાય છે.

ક્રોધ કરનારા મરીને અગ્નિને વિષે ઉત્પન્ન થાય છે.

માયા કરનારા મરીને બગલાપણે ઉત્પન્ન થાય છે.

લોભી માણસો મરીને ઉંદરડા થાય છે.

મનદંડથી મનના અત્યંત દુષ્ટ પરિણામવાળો જીવ મરીને તંદુલીયા મચ્છપણે ઉત્પન્ન થાય છે.

વચનના દંડથી પોપટ, સારિકા, તેતર વિગેરે થઇ બંધનમાં પડે છે.

કાયદંડથી મોટા મોટા માછલા અને બીલાડા થાય છે. અને નાના પ્રકારના પરાક્રમો કરી નરકે જાય છે.

સ્પર્શેંદ્રિયના લોલુપી જીવો મરીને વનને વિષે ભુંડપણે ઉત્પન્ન થાય છે.

રસેંદ્રિયના લોલુપી જીવો મરીને વાઘ થાય છે.

ઘ્રાણેંદ્રિયના લોલુપી જીવો મરીને સર્પ થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચક્ષુ ઈંદ્રિયના લોલુપી જીવો મરીને પતંગીયા થાય છે.

શ્રોત્રેંદ્રિયેના લોલુપી જીવો મરીને મૃગલાપણે ઉત્પન્ન થાય છે. તે તેં ઈંદ્રિયોના દોષોથી ફરીને પણ નાશ પામી સંસારમાં રઝળે છે.

જે ધર્મને વિષે મુકિતની પ્રાપ્તિ હોય જીવદયાનું પ્રેમિપણું હોય, વિષયથી વિરકત પણું હોય, કષાયોનું ત્યાગીપણું હોય, ક્રિયામા અપ્રમાદીપણુંહોય દેવગુરુધર્મમાં પૂર્ણ દઢતા હોય, ગુણોમાં પ્રીતિ ધારણ કરવાપણુંહોય અને વચનમાં સત્યપણું હોય તે જ ધર્મ જીવોને તારવાવાળો થઇ શકે છે.

## ઉપદેશ આડત્રીશમો

### કષાયો

અનંતાનુબંધી ક્રોધ, પત્થરની અંદર પડેલી લીટી સમાન છે.

અનંતાનુંબંધી માન, પત્થરના સ્થંભ સમાન હોય છે.

અનંતાનુંબધી માયા, વાંસની ગાંઠ સમાન હોય છે.

અનંતાનુંબંધીલોભ, કીરમજી (ગળી)ના રંગના સમાન છે.

આ કષાયનો ઉદય યાવત્ જીવ રહે છે, સમ્યકત્વને રોકે છે અને નરકગતિને વિષે પહોંચાડે છે.

અપ્રત્યાખ્યાન ક્રોધ,સૂકા તળાવમાં પડેલી લીટી સમાન છે.

અપ્રત્યાખ્યાન માન, દાંતના સ્તંભ સમાન છે.

અપ્રત્યાખ્યાન માયા, મેંઢાના શીંગડા સમાન છે.

અપ્રત્યાખ્યાન લોભ, ગાડાના પૈડાના કીલ સમાન છે.

આ પ્રત્યાખ્યાનનો ઉદય બાર માસ રહે છે, પ્રત્યાખ્યાન લવ લેશ ઉદય આવવાદે નહિ, દેશવિરતિપણું આવવા દે નહિ, તિર્યંચ ગતિએ વિષે પહોચાંડે છે.

પ્રત્યાખ્યાન ક્રોધ, રેતીમાં પડેલી લીટી સમાન છે.

પ્રત્યાખ્યાન માન, કાષ્ટના સ્થંભ સમાન છે.

પ્રત્યાખ્યાન માયા, ગાયના મૂત્રની રેખા સમાન છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રયાખ્યાન લોભ, કાજળના રંગ સમાન છે.

આ કષાય ચાર માસ સુધી રહે છે, સર્વવિરતિ ઉદય આવવા દે નહિ અને મનુષ્યગતિમાં પહોંચાડે છે.

સંજવલન ક્રોધ,પાણીના અંદર પડેલી લીટી સમાન છે.

સંજવલન માયા, વાસની છાલ સમાન છે.

સંજવલન લોભ, હળદરના રંગ સમાન છે.

આ કષાયની સ્થિતિ પંદર દિવસની છે. આ કષાય ધારણ કરનાર ચારિત્રી થોડું દીપે, યથાખ્યાત ચારિત્ર ઉદય આવવા દે નહિ અને દેવગતિમાં પહોંચાડે છે.

## ઉપદેશ ઓગણચાલીશમો.

### અજ્ઞાનતા

જેમ કોઈ અજ્ઞાની મનુષ્ય કોડીને માટે કોટીનેહારે છે સૂત્રને માટે વૈડુર્ય મણિને દળી નાખે છે, લોખંડને માટે ભરસમુદ્રને વિષે નાવને ભાગે છે, રક્ષાને માટે, જાતિવંત ચંદનને બાળી નાખે છે, કોદરાને માટે કપુરવૃક્ષને મૂળમાંથી છેંદી નાખે છે તેવી જ રીતે અજ્ઞાની ભારેકર્મી જીવ ચિંતામણિને કાંકરાપણે ગણીને

કલ્પવૃક્ષને-કેરડાપણે ગણીને

અમૃતને-કાલકૂટ વિષયપણે ગણીને

ગાયનાઘીને-છાશપણે ગણીને

દૂધને-તેલપણ ગણીને

સૂર્યને-રાહુ પણ ગણીને.

ગરુડને-સર્પણ ગણીને

હંસને-કાગડાપણે ગણીને

મહાન હસ્તીને-ડુક્કરપણે ગણીને

શુકલપક્ષને-કૃષ્ણપક્ષપણે ગણીને

સ્નિગ્ધને-લૂખાપણે ગણીને

સારને-અસારપણે ગણીને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાજાને-રંકપણે ગણીને

શ્રીજિનેશ્વરની આજ્ઞાને-કટુક વચનવડે ગણીને

ધર્મના સાધનભૂત-મહામહેનતે પ્રાપ્ત થએલ માનુષ્ય જન્મને ધર્મકરણી સિવાય ફોગટ ગુમાવી દે છે તેવા જીવો સંસારના પારને કોઈપણ પ્રકારે પામી શકતા નથી.

## ઉપદેશચાલીશમો.

### ઇન્દ્રિયોનું દમન

ઘોડાના વેગને પેઠે ચંચલ, દુર્દમ અને લોકોને ઉત્સુક્ત બનાવનારી.પાંચે ઇંદ્રિયોનું દમન કર, પરંતુ હે જીવ ! તું તેને છૂટી ન મુક.

સરાગ ગીતશાસ્ત્રને વિષે પોતાના ઉત્કર્ષપણાની વાત સાંભળવામાં પોતાના હિતની ઇચ્છા કરવાવાળો, તુંતે થકી પોતાના કાનને નિવર્તમાન કર.

સ્ત્રિયાદિકના રૂપને જોવાને વિષે તું તારી દ્રષ્ટિ ફેરવ નહિ, કારણ કે તે તહારા નિર્મલપણામાં મલિનતા ઉત્પન્ન કરશે.

જો તારે જીભને જીતવી હોય તો તું સરસ આહારને વિષે રસનેંદ્રિયના લંપટપણાને દૂર કર.

દુર્ગંધને ત્યાગ કરવાથી, સુગંધને ગ્રહણ કરવાથી સુકુમારસ્પર્શનો જે કામુક થતો નથી, તે જ માણસ, પુરુષરત્નની કોટિને વિષે ગણાઈ શકે છે.

જે માણસ વિષયથકી નિર્વતમાન થાય છે, તથા તમામ ઇંદ્રિયોનો રોધ કરે છે, તેનો જ માનુષ્યજન્મ સાર્થક રીતે સફળ થયો ગણી શકાય છે.

પાંચે ઇંદ્રિયોને કાબૂમાં રાખી, ધર્મકર્મમાં તત્પર રહેનાર માણસને, મુક્તિસુખની પ્રાપ્તિ થવી દુર્લભ, દુષ્કર નથી, કિંતુ સહજ માત્રમાં છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઉપદેશએક્તાલીશમો.

### ધર્મરૂપી કલ્પવૃક્ષ

હે મહાનુભાવ ! જો તારે સુખની ઈચ્છા હોય તો ધર્મરૂપી કલ્પવૃક્ષનો આશ્રય કર, તે ધર્મરૂપી કલ્પવૃક્ષ કેવા પ્રકારનું છે,તે શાસ્ત્રકાર મહારાજા બતાવે છે.

જીવદયારૂપી જેનું બીજ છે, સારા વ્રતરૂપી જેનો કંદ છે, લજ્જારૂપી દ્રઢસ્તંભ છે, દાન, શીયલ તપ, ભાવનારૂપી જેની મુખ્ય ચાર શાખાઓ છે.

આચાર, વિચાર, વિનયાદિક જેની સેંકડો પ્રશાખાઓ છે, સારી બુદ્ધિરૂપી જેનીછાલ રહેલી છે.

વિવેકાદિક ગુણોનો સમૂહ જેના નવીન કુંપળાઓ છે, જીવાજીવાદિક તત્ત્વો, જિનપૂજાદિક, તથા બાર ભાવના આદિ વિવિધ પ્રકારના જેના પત્રો છે.

સારા કુળને વિષે જન્મ, સ્વર્ગાદિક સુખો રંગબેરંગી જેના પુષ્પો છે. અક્ષય સુખ જેમાં છે તેવા મોક્ષરૂપી ફળો રહેલા છે, જે પુન્યરૂપ કલ્પવૃક્ષની, મિત્ર, પુત્ર, સ્ત્રી, કલત્ર, સ્વજન, કુટુંબી માતા, પિતા, ધન, ધાન્ય વિગેરે ગૃહસ્થોને નિરંતર શીતલ છાંયા છે.

મનશુદ્ધિરૂપી પાણીના સમૂહથી જે પ્રતિદિન વૃદ્ધિ પામેલ છે.દીન, અનાથ, માનુષ્યોરૂપી, પક્ષીયોના જે આધાર ભૂત છે, જેના મનોહર ફળના આસ્વાદન કરનારા જીવોને, શાસ્ત્ર ક્ષેત્રરૂપી દોષ વર્જિત શુદ્ધ ભૂમિ રહેલી છે.

માટે ઉત્તમ જીવોએ દંભરહિત માનસને વિષે, આવા ધર્મરૂપી કલ્પવૃક્ષને સ્થાપન કરી નિરંતર ઉજ્જવલ ચિત્તે તેનું સેવન કરવું, તે જ આવકારદાયક છે.

## ઉપદેશ બેંતાલીશમો

### સર્વશ્રેષ્ઠ ધર્મકલા

તમો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર છો ? અગર ચાર પ્રકારના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે વર્ણોમાંથી કોણ છો ? કયા વર્ણના છો ? અંબષ્ટ અને માગધ વિગેરે દેશોમાંના તમે કયા દેશના છો ? તમો શ્રોત્રિય છો ? પુરાણી છો ? સ્માર્ત છો ? જોશી છો ? તૃણ વિદ્યાના જાણકાર છો ? ધનુષાચાર્ય છો? ઢાલ તરવારમાં ચતુર છો ? ભાલાદિ હથિયારમાં તમારો અભ્યાસ છે? શસ્ત્ર જાતિના શસ્ત્રમાં તમારું કુશળપણુ છે ? તમો ગદાયુદ્ધ જાણનારા છો ? દંડયુદ્ધમાં પંડિત છો ? તમારા શક્તિના હથીયારમાં વિશેષ શક્તિ ધરાવનાર છો ? મુશળશસ્ત્રમાં કુશળ છો ? હળ શાસ્ત્રમાં અતિ પ્રવીણ છો ? છરી યુદ્ધમાં નિપુણ છો ? ચક્ર યુદ્ધમાં પરાક્રમી છો ? બાહુ યુદ્ધમાં બાહોશ છો ? અશ્વ વિદ્યાના જાણકાર છો ? હસ્તિશિક્ષામાં કુશળ છો? વ્યૂહરચનામાં સમર્થ છો ? વ્યૂહરચનાનો ભેદ કરવામાં આચાર્ય છો? રથની રચનામાં તથા ચલાવવાની વિદ્યામાં ચતુર છો ? રૂપું, સુવર્ણ આદિઓને ઘડી જાણો છો ? ચૈત્ય, હવેલી, પ્રાસાદ વિગેરેને બાંધવામાં નીપુણ છો ? વિચિત્ર યંત્રો અને કિલ્લાઓ બાંધવામાં બુદ્ધિશાળી છો? તમે કોઈ વહાણવટીનું કામ કરો છો ? ઘાંચીનું કામ કરો છો ? વીણા બનાવી જાણો છો ? વીણાનો અભિનય કરો છો ? નટાચાર્ય, નટના નાયક છો ? નાટકાચાર્ય છો ? ભાટ છો ? સંસારક છો ? ચારણ છો? સર્વ વિષયોના જાણકારો છો ? ચિત્રકાર છો ? માટીનું કામ કરનાર છો ? કોઈ અન્ય પ્રકારના કારીગર છો ? નદીદ્રહ સમુદ્રને તરવામાં શ્રમ કરનારા છો ? ઈંદ્રજાળ અગર જાદુઈ કપટકળામાં પ્રવીણ છો ? વેદજ્ઞ, વૈદ્ય છો ? વેદ કરવામાં કવિ નટ છો ? આ બધા ગુણ તમારામાં હોય પણ ધર્મકળા તમારામાં ન હોય તો તમો નકામા છો.

## ઉપદેશ તેંતાલીશમો

### સંસારની અસારતા

આ સંસારમાં વિષયસુખ, મોહ, માયા, પ્રભુતા, એ સર્વેને ધિક્કાર છે, જેનાથી વહાલામાં વહાલા ભાઈઓ, કુટુંબકબીલામાં પણ વિરોધ થાય છે, એવી પાપથી ઉત્પન્ન થયેલી લક્ષ્મીને પણ ધિક્કાર છે. જેમ વિષ વેલડી વિષને અને સારી વેલડી સારા ફળને ઉત્પન્ન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરે છે, તેમ જે જીવો જેવા કર્મ કરે છે તેને તેવું જ ફળ મળે છે. જે જીવો સારા કામ નહિ કરે, તેને મુક્તિ કેવી રીતે મળશે ? અધર્મરૂપી ચંડાલના સ્પર્શ કરવાથી પ્રાણિઓ સંસારચક્રમાં પરિભ્રમણ કરી રહ્યા છે. અરેરે ! મહાદુઃખની વાત છે કે સંસારરૂપી વનમાં ફરનારા પ્રાણીઓના પ્રાણને હરણ કરનારા કષાયરૂપી વિષની નીકથી સિંચાયેલી વિષવૃક્ષોની જીવો સેવા કરે છે. માટે મહાનુભાવો ! આ મોહજાળની કષાયરૂપી ગ્રીષ્મઋતુના તાપથી તપેલા તમારા આત્માને શમતારૂપી અમૃતના સિંચનવડે શાંત કરો. સંસારના સંતાપને દૂર કરવામાં ગુરુ ઉપદેશ અમૃતરૂપ છે, માટે મનરૂપી ક્ષેત્રને, ગુરુના વચનરૂપ જલવડે સિંચનથી પુણ્યરૂપી બીજનો અંકુરો પ્રગટ થાય છે, કષાયરૂપી દૃષ્ટિ મહાખરાબ છે, વિષયરૂપ સર્પરાજના વિષવડે વ્યાકુળ થયેલા હૃદયને શાંત કરનાર, ગુરુનું વચનરૂપ એક અમૃત જ સમર્થ છે, જેમ મેઘની વૃષ્ટિ થવાથી નદીઓ ભરપૂર ભરાય છે અને નજીકની વાવડીને પરિપૂર્ણ કરી દે છે, પછી તેના પ્રત્યે હંસપક્ષી વાસ કરી શકતો નથી, તેમ કષાયરૂપી મેઘની વૃષ્ટિ થવાથી મનરૂપી વાવડી તરબોળ થઈ ગયા પછી ત્યાં ધર્મરૂપી હંસ વાસ કેવી રીતે કરી શકે ? કષાયરૂપ મંદરના પાનથી જેનાં ચિત્તો પરાધીન થયેલા છે તે જીવો ધર્મિષ્ટ હોય, દેવ સમાન હોય તો પણ તે સ્વજનવર્ગને મારવા તત્પર થાય છે. કષાયરૂપી નદીના પૂરથી ખોદાયેલા ભાગ્યરૂપી વૃક્ષને જડમૂળથી ઉખેડી અલ્પજ્ઞાનવાળા જીવોરૂપી દ્વીપને અનુક્રમે વિપત્તિરૂપી સમુદ્રનાં બળી દે છે, કષાયરૂપી સ્વતંત્ર ચોર જો રસ્તે જતા ન મળે તો મનુષ્ય તાલીયો પાડતો સનાતનપુરીમાં જઈ શકે છે. જે પુરુષ પુણ્યરૂપી સરોવરના અમૃતનો આશ્રય કરે છે તે જ કષાયરૂપ દાવનલથી બચે છે. અરે ! પામર આત્મા ! જ્ઞાનથી વિચારી, તું સંસારથી ઉદ્વિગ્ન થઈ સંસારનો ત્યાગ કર. સંસાર સાગર તરવામાં ગુરુજહાજ સમાન છે. સર્વ સંસારી જીવોને સદ્‌ગુરુ મેઘ સમાન છે માટે હે જીવ ! હવે તું દુઃખના સમૂહરૂપ ગીષ્મ ઋતુના સંતાપને ત્યાગી શાંત થા અને મુક્તિ પદના પંથરૂપ વ્રતને ધારણ કર.

જે આત્માએ દેવસુખ સારામાં સારું ભોગવ્યું છે, છતાં પણ જે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કામચેષ્ટામાં લિપ્ત રહે છે. તેને ધિક્કાર છે ! અજ્ઞાની જીવ, અનેક જન્મમાં અપાર સુખો વિલસ્યા છતાં જરા પણ તૃપ્ત થતો નથી, અને ફરીથી તે સુખોને જન્મોજન્મમાં મેળવવાની ચાહના રાખે છે, પરંતુ જરા દુઃખ આવતાં તુરત ઉદાસ થઈ જાય છે, પુણ્ય કરવાથી જીવને અનેક સુખ મળે છે, છતાં તે પુણ્યને વિષે જીવને રુચિ થતી નથી. પ્રમાદથી દુઃખ થાય છે, છતાં તેમાં જીવ પ્રીતિ કરવાવાળો થાય છે. જડ જીવ કાર્ય જુદું કરે છે અને તેથી જુદા જ ફળ મેળવવાની અભિલાષા રાખે છે, પરંતુ લીંબોળી વાવવાથી તેમાંથી શું કલ્પવૃક્ષનો ફણગો ફુટે છે ? કદી નહી. આ ભવસમુદ્રમાં વિષયરૂપ લલચાવા લાયક ખોરાકના લોભથી, અજ્ઞાની પ્રાણીઓ માછલાની પેઠે, વિષયકષાયરૂપ માછીમારોની દુઃખરૂપી જાળમાં ફસાય છે. આ સંસારરૂપ બજારમાં વિષયરૂપ મરજી મુજબ ચાલનારા દુશ્મનો પુન્યરૂપ ચૈતન્યને કપટથી હરી લે છે. જન્મો જન્મમાં દીકરો, મિત્ર, સ્ત્રી, રૂપ બંધનવડે બંધાયેલ પ્રાણી પક્ષીની પેઠે પોતાની મરજી મુજબ ધર્મને વિષે રમણતા કરી શકતો નથી. જેઓ વિષય સંબંધી હલકા સુખની લાલચથી પોતાનાં સુકૃત હારી જાય છે તેઓ પગ પખાળવા અમૃતનો ઉપયોગ કરે છે માટે સંસારસાગર તરવાની ઈચ્છા હોય તો હે ભાગ્યશાળી ! વિષમય વિષયોત્યાગ કરવા કટિબદ્ધ થા.

## ઉપદેશ ચુમાલીશ મો.

### ધર્મ જ તારણહાર

હે મનુષ્યો ! જેમ કસ્તૂરી મૃગની ડુંટીમાંથી થાય છે, છતાં પોતાનાં સારા ગંધરૂપ ગુણ લઈ જગતમાં અમૂલ્યપણાને પ્રાપ્ત થાય છે તેમ આ પવિત્ર મનુષ્યદેહ, ધર્મરૂપ ગુણવડે શ્રેષ્ઠપણાને પામે છે. આ દેહમાં બહાર તથા અંદર સાત ધાતુરૂપ મળ ભરેલો છે.તેણે કરી અપવિત્ર આ શરીર સર્વથા પ્રકારે અર્થ વિનાનું છે, છતાં આશ્ચર્ય છે કે મૂર્ખ જીવો અહંકાર તથા ગાઢ આકરા કર્મને વશ થઈ,પોતાના દેહને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવિનાશી માની મરજી મુજબ વર્તન કરે છે. અનેક પ્રકારના હથિયાર, જળ, અગ્નિ, સ્થાવર ઝેર એટલે સોમલ, વછનાગ, અફીણ વિગેરેનું ઝેર અને જંગલ ઝેર એટલે સર્પ,વીંછી વિગેરેનું ઝેર. એ બે પ્રકારના ઝેર શત્રુઓ તીક્ષ્ણ રોગ, અકસ્માત મૃત્યુ, ટાઢ અને તડકાદિકની પીડા, ઘડપણ તથા વહાલી વસ્તુ અને મિત્રોનો વિયોગ વિગેરે અનેક દુઃખથી આ શરીરને બહુ બહુ પ્રકારના કલેશ થાય છે, માટે આ અર્થ વિનાના દેહમાં આવી જગતમાં સારભૂત અને પૂજ્ય એવા ધર્મને ઉતાવળે પ્રાપ્ત કરો, જો કાચ એકઠા કરવાથી અમૂલ્ય ચિંતામણિ હાથ લાગતું હોય, રેતીનો ઢગલો કરવાથી સોનું હાથમાં આવતું હોય, જળકણોનાં સંચયથી અમૃતનો સમુદ્ર પ્રાપ્ત થતો હોય ? ઘરના યોગથી ચક્રવર્તીનું રાજ્ય મળતું હોય ? એ જ પ્રમાણે વિનાશી દેહથી પુણ્યફળ સધાતું હોય તો સત્ અસત્‌નો વિચાર કરનાર કોણ પુરુષ તે ન સાધી લે ? આ જગતમાં માતા, પિતા, બહેન, ભાઈ મિત્ર તથા રાજા કોઈ રક્ષણ કરી શકતા નથી, માત્ર ધર્મજ રક્ષણ કરે છે, માટે મનુષ્ય દેહમાં આવી ધર્મનેજ સેવવો જરૂરનો છે. ખરો ધર્મ સંપાદન કરવાનાં ઉપાયો, યોગ્ય આચરણો તથા ખરા જ્ઞાનવાળી ક્રિયાઓ વડે બુદ્ધિમાન મનુષ્યનો જન્મ વખાણવાને યોગ્ય થાય છે. અવશ્ય વિશ્વના સ્વામિની પદવી હાથ કરવાને લાયક પ્રત્યક્ષ ધર્મ જ છે. તેની આજ્ઞા પ્રમાણે ચાલનારા લોકો ત્રણ લોકના અધિપતિ થાય છે હે ભવ્ય જીવો ! રાજા ઇત્યાદિક (મનુષ્યો)ની ચાકરી કરી શરીરને મિથ્યા કષ્ટ શું કરવા દ્યો છો ? રાજાને પણ જે રાજ્યપદવી બક્ષે છે તે ધર્મને જ સેવો. ધર્મ સિવાય કાંઇપણ પ્રાપ્ત થતું નથી.સંસારમાં કેટલાક જે સુખ અને કેટલાક જે દુઃખ ભોગવે છે વિચારશો તો જણાશે કે તેમાં ધર્મ અધર્મ જ કારણ છે, હે જીવો ! તમે કદી રાગ વિગેરેને વશ થતા નહિ, કેમકે તે તમને ઉપર ઉપરથી સુખ બતાવી પરિણામે નરક ઇત્યાદિ દુર્ગતિ આપશે. મારા નિશ્ચયથી મને તો લાગે છે કે, આ જગતનાં અન્ય નહિ પણ વિષયો જ ખરા દુશ્મન છે, આરંભમાં તે સારા લાગે છે, પણ છેવટે તે સઘળાનો નાશ કરે છે. ધર્મરૂપી સૂર્યનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આકરો તડકો જેમની નજીકનાં તપતો નથી તેઓની પાસે ટાળી શકાય નહિ એવું વિષયરૂપી અંધારૂં રૂડી રીતે ફેલાય છે. આળશરૂપી પીડાથી જેનાં જ્ઞાનચક્ષુ ઢંકાયા છે એવા જીવો કષ્ટ કરી નીચ રસ્તે ચાલી હિંસક પ્રાણિયોથી ભરપૂર નરકારણ્યમાં પડે છે. જેમ પૃથ્વી ઉપર સૂર્યચંદ્રના દર્શનથી આપણને વહાલી વસ્તુનો લાભ થાય છે, પરંતુ તેનું માહાત્મ્ય આપણે જાણી શકતા નથી. જેમ દહાડો તથા રાત તથા જાગૃત તથા નિદ્રા, તેમ સુખ તથા દુઃખ જોવાથી સુકૃત તથા દુષ્કૃતનું ફળ પ્રત્યક્ષ દેખાય છે. ક્ષુદ્ર રાક્ષસો સિંહ તથા સર્પાદિ પ્રાણીઓ પુણ્યવાન જીવને પીડા દેવાને લેશ પણ સમર્થ થતા નથી, એ જ ધર્મનું માહાત્મ્ય સર્વ સ્થળે પ્રકાશિત છે. ધર્મ દ્વેષી પ્રબળ પ્રમાદને સર્વ પ્રકારે મૂકી દેવો જોઈએ છે,જ્યારે પ્રમાદથી ધર્મનો નાશ થાય છે ત્યારે શરીરમાં રોગ તથા બંધ ઈત્યાદિ પીડાઓ થાય છે માટે હે જીવો ! પુન્ય તથા પાપના પરિણામનો વિચાર કરી શુભની સિદ્ધિ થાય છે એવા ધર્મને

આ જગતમાં ધર્મ કારણ વિનાનો ભાઈ છે. જગત્વત્સલ પીડાને મટાડનાર અને કલ્યાણ કરનાર ધર્મ જ છે, તેથી તે ધર્મ બહુ ભક્તિથી સેવન કરવા લાયક છે. તે ધર્મરૂપી વૃક્ષની ચાર શાખાઓ છે તેમાં સુપાત્રને દાન દેવું તે પ્રથમ શાખા છે. અખંડ શીયલ પાળવું તે બીજી શાખા છે. સમગ્ર પ્રકારના વિઘ્નના ભયને નાશ કરનાર તપ કરવો તે ત્રીજી શાખા છે સંસારને છેદન કરનારી ભાવના ભાવવી તે ચોથી શાખા છે સિદ્ધગિરિ અને ગિરનાર આદિ તીર્થોની સેવા, દેવનું અર્ચન, સદ્ગુરુની સેવાના અને પાપના સમૂહને નાશ કરનાર, પંચ પરમેષ્ટીના મંત્રપદનો જાપ, એ ધર્મરૂપ વૃક્ષની ચોટની શાખાના ફલોની ટીસીઓ છે, તેનું ફળ મોક્ષ છે, માટે સારા યોગની સેવનારૂપ શ્રેણી ઉપર ચડી, ઉત્કૃષ્ટ સમતાને અંતઃકરણમાં ધારિણી કરી, ઉદાર સ્તવનવડે ચિત્તરૂપ વાયરાના ધ્રુજવાથી રહિતપણે તે મોક્ષરૂપી ફળ ને હાથ કરી લેવું. હે ભવ્યો ! કુકર્મરૂપ શીકારી પ્રાણીઓથી આ કુલ, આ ભવરૂપી ક્રૂર જંગલમાં શરણરહિત સંસારી પ્રાણી, નરકાદિક ખરાબ ગતિયોમાં દુઃખ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભોગવે છે. ચાર કષાયોથી ચાર ગતિઓની અંદર ભટકતો પ્રાણી, કિલ્વિષરૂપી ભીલની રોકાણથી પોતાની ઇચ્છાએ હેરાન થાય છે. તેમાં કારણ વિનાના મિત્ર અને જગત્પૂજ્ય માત્ર ધર્મથી જ પ્રાણીનું રક્ષણ થાય છે, પરંતુ બીજાથી રક્ષણ થતું જ નથી. જે અનાથનો નાથ, સમગ્રને ભયરહિત કરનાર અને સ્વર્ગ તથા મોક્ષના કારણરૂપ ધર્મ જ છે તે નિરંતર સમગ્ર જીવોને સેવન કરવા લાયક છે.

## ઉપદેશ પિસ્તાલીશમો.

### સત્ અસત્

રે જીવ ! આ જગતમાં વસ્તુની અનુલબ્ધિ (અપ્રાપ્તિ)બે પ્રકારે હોય છે : એક તો સત્ (છતી) વસ્તુની અપ્રાપ્તિ અને બીજી અસત્ (અછતી) વસ્તુની અપ્રાપ્તિ. તેમાં સસલાંનાં શીંગડા, આકાશનું પુષ્પ વિગેરે અસત્ વસ્તુની અપ્રાપ્તિ કહેવાય છે. તે વસ્તુ દુનિયામાં છે જ નહી, બીજી સત્ (છતી) વસ્તુની અપ્રાપ્તિ, તે આઠ પ્રકારની છે. તેમાં અતિ દૂરે રહેલી વસ્તુની પ્રાપ્તિ ન થાય તે પહેલો પ્રકાર છે, તેના પણ દેશકાળ અને સ્વભાવએ ત્રણ ભેદ છે, જેમ કોઈ માણસ બીજે ગામ ગયો તેથી તે દેખાતો નથી, તેથી તે માણસ શું નથી ? છે જ, પણ દેશથકી અતિદૂર રહેલો હોવાથી તેની પ્રાપ્તિ થતી નથી. એ પ્રમાણે સમુદ્રને પેલે પાર મેરુ વિગરે છે, તે સત્ છતાં પણદૂર હોવાથી દેખાતો નથી, તથા કાળથી દૂર હોય તે પણ દેખાતા નથી. જેમ મૃત્યુ પામેલા પોતાના પૂર્વજો, તથાહવે પછી થવાના પદ્મનાભ જિનેશ્વર વિગેરે કાળથી દૂર હોવાને લીધે દેખાતા નથી, ત્રીજો પ્રકાર સ્વભાવથી દૂર હોય, તે પણદેખાતા નથી, જેમ આકાશ, જીવ, ભૂત, પિશાચ, વિગેરે દેખાતા નથી, તે પદાર્થો છે. પણ ચર્મ ચક્ષુથી ગોચર થઇ શકતા નથી. આ ત્રણ ભેદ પહેલા વિપ્રકર્ષ (દૂર) નામના પ્રકારના છે, બીજો પ્રકાર અતિ સમિપ જે વસ્તુ હોય તે પણ દેખાતી નથી, જેમ નેત્રમાં રહેલું કાજળ દેખાતુ નથી. તે શું નથી ? છે જ. ઇંદ્રિયોનો ઘાત થવાથી વસ્તુ દેખાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નહિ, તે ત્રીજો પ્રકાર છે, જેમ અંધ, બધીર,વિગેરે માણસોરૂપ, શબ્દ વિગેરે જોઈ, સાંભળી શકતા નથી, તો શું રૂપ શબ્દ વિગેરે નથી ? છે જ. તથા મનના અસાવધાનપણાથી વસ્તુ દેખાય નહિ, તે ચોથો પ્રકાર છે. જેમ અસ્થિર ચિત્તવાળો મનુષ્ય પોતાની પાસે થઈને જતાંહાથીને પણ જોઈ શકતો નથી, તો શું હાથી ત્યાંથી ગયો નથી ? ગયો છે, તથા અતિસૂક્ષ્મપણાથી વસ્તુ દેખાય નહી, તે પાંચમો પ્રકાર છે.જેમકે જાળીયાની અંદર પડતાં સૂર્યના કિરણોમાં રહેલી ત્રસરેણુ (રજકણો),તથા પરમાણુ, દ્વયણુક વિગેરે તથા સૂક્ષ્મનિગોદના જીવો વિગેરે દેખાતા નથી,તેથીતે શું નથી ? છે જ, તથાકોઈ વસ્તુના આવરણથી કોઈ વસ્તુ દેખાય નહિં તે છઠ્ઠો પ્રકાર છે. જેમ ભીંતને અંતરે રહેલી વસ્તુ દેખાતી નથી, તો તે વસ્તુ શું નથી ? છે જ. ચંદ્રમંડળનો પાછળનો ભાગ દેખાતો નથી, કેમકે તે આગળના ભાગથી વ્યવહિત થએલો છે, તેમજ શાસ્ત્રનો સૂક્ષ્મ અર્થ પણ મતિની મંદતાને લીધે જાણી શકાતો નથી. તથા એક વસ્તુવડે બીજી વસ્તુનો પરાભવ થવાથી તે (બીજી) વસ્તુ દેખાતી નથી, તે સાતમો પ્રકાર છે.જેમ સૂર્યાદિકના તેજથી પરાભવ પામેલા ગ્રહ, નક્ષત્રો આકાશમાં પ્રગટ છતાં પણ દેખાતાં નથી, તેમજ અંધકારથી પરાભવ પામેલો ઘડો દેખાતો નથી, તો શું તે વસ્તુ નથી ? છે જ, તથા સમાન વસ્તુ સાથે મળી જવાથી જે દેખાય નહીં તે આઠમો પ્રકાર છે.જેમ કોઈના મગના ઢગલામાં આપણા એક મુઠી મગ નાખ્યા,તથા કોઈના તલના ઢગલામાં આપણે તલ નાખ્યા,તે આપણે જાણીએ છીએ તો પણ આપણે નાખેલા મગ તથા તલ, દેખાતા નથી. (જુદા પાડી શકતા નથી.) તેમજ જળમાં નાખેલું લવણ સાકર વગેરે દેખાતું નથી,તો તે જળમાં શું લવણ કે સાકર નથી ? છે જ આ પ્રમાણે આઠે પ્રકારે છતી વસ્તુની પણ અપ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે પુદ્ગલ તથા જીવ વિગેરેમાં અનેક સ્વભાવોની વિપ્રકર્ષાદિક કારણોને લીધે પ્રાપ્તિ થઈ શકતી નથી,એમ સર્વત્ર જાણવું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં કોઈ શંકા કરે કે ઉપર બતાવેલા પ્રકારોમાં દેવદત્તવિગેરે દેશાંતર ગએલા દેખાતા નથી એમ કહ્યું, તેઓ જો કે આપણને અદશ્ય છે, તો પણ તેઓ જે દેશમાં ગયા છે તે દેશના લોકોને તો તેઓ પ્રત્યક્ષ છે, તેથી તેઓની સત્તા હોવાપણું માનવામાં મને વાંધો નથી, પણ જીવાદિત તો કોઈપણ કદાપિ દેખી શકાતા નથી, તો તે જીવાદિક છે એમ શી રીતે માની શકાય ? આનો જવાબ એ છે કે જેમ પરદેશ ગયેલા દેવદત્તાદિક, કેટલાકને પ્રત્યક્ષ હોવાથી તેમનું હોવાપણું માની શકાય છે, અથવા પરમાણુઓ નિરંતર અપ્રત્યક્ષ છે,તો પણ તેના (પરમાણુના) કાર્યથી, તેની સત્તા (હોવાપણું) સિદ્ધ થાય છે, તેમ જીવાદિક પણ તેના કાર્યથી અનુમાનવડે સિદ્ધ થાય છે.

## ઉપદેશ છેંતાળીસમો.

### સંસાર અસાર

આ સંસાર અસાર છે, શરીર રોગ અને શોકનું ભાજન છે, વિષયો વિષ સરખા દુઃખ દેનારા છે, ભોગો સર્પની ફણા સરખા છે, જીવન પાણીના બિંદુ સરખું સ્થિરતા વિનાનું છે, જે વસ્તુ એક ક્ષણ પહેલા સુખ આપનારી દેખાતી હોય તે વસ્તુ બીજા ક્ષણે બહુ જ દુખ આપનારથઇ પડે છે, તાત્વિક દૃષ્ટિએ તપાસ કરતાં, આ સંસારમાં કોઈ પણ કાયમ નથી, ફક્ત ત્રણ તત્વ જ (દેવ-ગુરુ-ધર્મ) કાયમ છે, કુટુંબ અને દ્રવ્યાદિક, પાશબંધ નથી. આ સંસારરૂપ બંદીખાનામાં વિદ્વાનો પણ આળશથી બંધાય છે, જેઓ આ વિષંય આવર્તવાળા ભવસમુદ્રમાં વહન થયા નથી, તેવા પુરુષો કાળી ચિત્રાવેલીની પેઠે દેખાવા વિરલા જ છે.

આ સંસારસમુદ્રના તરંગો સરખો ચંચળ છે, તેની અંદર વિષયરૂપી પાણીની ભમરીઓમાં ફસાઇ પડતાં પામર જનો ડુબી મરે છે. આ સાત અંગવાળું રાજ્ય સાતે નરક સરખું છે, અને ચતુરંગી સૈન્ય, દુર્ગતિના દુખરુપ ચાર ગતિના કારણરૂપ છે, સ્વર્ગાતિમા જતા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રાણીને અંતર રહેલી રાજ્યલક્ષ્મી, છત્રના બહાનાથી વેરણના પેઠે ગતિને ઢાંકી દે છે, ચાચર અમર થવાથી ચાહનાને હણી, રાજ્યના તૃષ્ણાતુર નરને તિર્યંચ ગતિમાં કે નરક ગતિમાં ખેંચી જાય છે, હાથીઓ કાનથી ઘોડાઓ પુંછડાથી, ખડગો ધૂજારાથી અને વારાંગનાઓ ચામરોથી, રાજ્યલક્ષ્મીની ચંચળતા દેખાડે છે, જે સંસારમાં હંમેશા ભય, દ્રોહ, અપયશ અને કુચેષ્ટાથી ઈર્ષ્યા કરાય છે તે સંસારને ધિક્કાર છે. આ દુષ્ટ સંસારમાં દુઃખના સમૂહને આપનારા વિષયો, માર્ગે ચાલતાં પ્રાણીઓને પણ, પિશાચના પેઠે ઠગે છે, વિષયથી જીતાએલ સંસારી જીવ, પોતાની મરજી મુજબ ફરતો ઇહલોક તથા પરલોકને વિષે, ઘણાં તીવ્ર દુઃખોને ભોગવે છે, સર્પના સમાન પાંચે ઇંદ્રિયોના વિષયોથી હુંણાતો રાંકડો જીવ, શી રીતે કલ્યાણને હાથ કરી શકે ? પહેલાં પ્રાણીઓને કિંચિત સુખમાં લલચાવી પછી એ દુષ્ટ વિષયો ભયંકર રાક્ષસોની પેઠે છેતરે છે, છેતરવામાં પંડિત, કષાય દુષ્મનો અગાડી સંગ્રહ કરેલા પુન્ય રૂપી બહોળા ધનનો જોતજોતામાં તરત હરી લે છે, તેમાં ક્રોધરૂપી મોટો લડવૈયો કોઈનાથી પાછો હઠે એવો નથી, તે પોતાના સ્થાનને પણ દોષવંત કરી, પ્રકૃતિમાં દાખલ થઇ જીવને દોષિત કરે છે. જો ક્રોધરૂપી અગ્નિ શરીરરૂપી ઘરમાં સળગી ઉઠયો હોય, તો તે જીવનનાંતમામ પુણ્યરૂપ પદાર્થોને ભસ્મિભૂત કરી દે છે તેથી જ સમગ્ર કષાયોમાં ક્રોધને મુખ્ય કહેલ છે, ધર્મરૂપી વૃક્ષનું મૂળ દયા છે, ક્રોધથી દયાનો નાશ થાય છે, ક્રોધને દયા હોતી નથી, તેથી ક્રોધીને ધર્મ, અને સારી ગતિ હાથ લાગતાં નથી, જો આળસથી પણ જીવની હિંસા થતી હોય, તોપણ ખરાબ યોનીમાં અવતાર લેવો પડે છે, તો ક્રોધથી જે જીવની હિંસા કરવી તે તો નરકનું જ નિદાન છે, અક્કલવાળા મનુષ્યોએ એકેંદ્રિય જીવની પણ હિંસા તજવા લાયક તો પછી બેઇંદ્રિયાદિક જીવની હિંસા નરકને આપનારી થાય તેમાં આશ્ચર્ય શું? બીજાનો દ્રોહ કરવો તે, ધર્મરૂપી વૃક્ષને કાપી નાખવા રૂપ કુહાડો છે, બોધી બીજને બાળવામાં દાવાનળ છે, નરકદ્વારના તાળાને ઉઘાડવામાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુંચી સમાન છે, હિંસાબને માત્ર મનમાં યાદ કરવાથી દુખોને આપનારી છે,તો વિશેષ આદરવાથી દુર્ગતિના દર્શન કરાવે છે તેમાં નવાઇ શી ? જે માણસો હાથી, ઘોડા, રથ, પાયદળ, રાજ્ય, ઋદ્ધિ વિગેરેનો પોતાના સુખને માટે નાશ કરે છે, તે અજવાળું કરવાથી આશાએ પોતાનું ઘર બાળી દે છે. પ્રાણ ઘાસના અગ્નિ જેવા ક્ષણવારમાં બુઝાઇ જનાર છે, માટે તમે કોઈ પાપ કર્મને કરો નહિ.

## ઉપદેશ સુડતાળીશમો.

### આત્મસ્વરૂપ

હે જીવો ! વિવેક રહિત તિર્યંચ પ્રાણીઓને પહેલાં તો પંચેંદ્રિયની પૂર્ણતા કઠીન છે, કદાચિત તે થઇ જાય તો જાણવા પણું દુર્લભ છે, કદાચિત તે બન્ને પ્રાપ્ત થયા તો ધર્મ પ્રાપ્ત થવો ઘણો કઠણ છે. પૂર્વજન્મમાં ધર્મની વિરાધના કરી હોય ત્યારે જ તિર્યંચપણાને પમાય છે, તિર્યંચ અવસ્થાને વિષે પણ પાપ આચરે તો નરકગતિ થાય છે. ત્યાં પાપી પ્રાણીઓને તપાવેલા લોઢાવડે દઝાડે છે, તપાવેલો સીસાનો રસ પીવો પડે છે. વજ્રના કાંટાવાડે આંકે છે, બંધાવું, છેદાવું, ભેદાવું ઈત્યાદિ અનેક કષ્ટ કરવાં પડે છે, માટે તમારે આર્ત તથા રૌદ્ર ધ્યાન આચરવાં નહિં, કોઈ જીવની હિંસા કરવી નહિ, સ્થાવર તથા જંગમ સઘળા જગતને આત્માની પેઠે જોવું, હે મહાનુભાવો ! નિરંતર પાછળ પડેલ મરણ જ્યાં લગી આવે નહિ ત્યાં સુધી સમગ્ર સંપદાઓ અને રાજ્યાદિક અક્ષય રહેલ છે, પ્રાણ ક્ષણભંગુર છે, શરીર રોગનું મંદિર છે, રાજ્ય સંધ્યાના વાદળા સમાન ચંચળ છે, માટે આત્માના સ્વરૂપનાં વિચાર કરો. આત્મા શરીરનો અર્થ કરે છે, પણ શરીર આત્માનો અર્થ કરનારી નથી. તેથી પંડિત પુરુષો આ સાર વિનાના શરીરથી આત્માના અર્થને સાધી લે છે, મળ, મૂત્ર, માંસ, રૂદિર પરૂ, હાડ, ચામ,મજ્જા આદિને નવદ્વારથી વહન કરનાર, અને રોગોથી પૂર્ણ ભરેલ ચંચળથી પણ ચંચળ અપવિત્રથી પણ અપવિત્ર, દુર્ગંધમય એવા શરીરને માટે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્યો ડાહ્યો માણસ ખોટી ગતિ આપનાર પાપનું આચરણ કરે ? આ અસાર અને અનિત્ય શરીરથી જો શાશ્વત ધર્મ પ્રાપ્ત કરી શકાતો હોય, તો બુદ્ધિવંત માણસોએ શું ન પ્રાપ્ત કર્યું ગણાય ? દાન દેવું, શીયલ પાળવું, તપ તપવો, જાપ જપવો, ભણવું. અને ભણાવવું, સર્વ જીવો ઉપરદયા રાખવી, એથી જેટલું ફળ થાય છે. તે સમગ્ર ફળ એક જિનેશ્વર મહારાજની સેવા કરવાથી થાય છે. જિનેશ્વર ભગવાનનું પૂજન કરનાર માણસોને સામ્રાજ્ય, લક્ષ્મી, સદ્બુદ્ધિ, પુન્યનો વધારો થાય છે. અનેપાપનો નાશ થઈ ગ્રહપીડા જતી રહે છે. પ્રાતકાળે મધ્યાન્હે, અને સાયંકાળે. સારા સુગંધી વસ્તુ, પદાર્થ દ્રવ્યોવડે, તેમજ સારા ફળો વડે, જે માણસ પૂજન કરે છે, તે જ પુરુષ આ વિશ્વમાં ગુણવાન, પુણ્યવાન. અને ધન્યવાન, ગણાય છે, માટે ધર્મને વિષે ઉદ્યમી માણસોએ પ્રમાદનો ત્યાગ કરી, પાપને ટાળનારી પ્રભુ પૂજામાં ત્રણે કાળ ઉજમાળ રહેવું. તીર્થો, તીર્થંકર, ગુરુસેવા, ધર્મશાસ્ત્રોમાં શ્રદ્ધા, દયા, સુપાત્ર જોઈ દાન આપવું, વહાલું વચન બોલવું, અને વિવેક રાખવો. તે આસ્તિકોના લક્ષણો છે. આર્ય એટલે 'પવિત્ર દેશ, માનુષ્યત્વ, દીર્ઘ આયુષ્ય,ક્ષમા, કુલીનતા અને ન્યાયથી સંપાદન કરેલું ધન, એ મનુષ્યોને પુણ્ય મેળવવામાં સાધનરૂપ છે. મનુષ્યને જન્મ પામી, આર્ય દેશમાં અવતરવાથી નઠારા કામ કરવાની રુચિ થતાં, હૃદયને વિષે લજ્જા ધર્મશાસ્ત્રો શ્રવણ કરવાનો સંયોગ, કૃત્યાકૃત્યનો વિવેક કરવામાં સ્નેહયુક્ત મતિ, ગુરુભક્તિ, નિંદાનો ભય, થઈ ગયેલા પાપનો નાશ કરવાની ઈચ્છા, તથા ઉત્તમ ધર્મ કરવામાં નિરંતર રુચી થવી, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચારે પુરૂષાર્થો સાધી શકાય એવા મનુષ્ય જન્મની પ્રશંસા કોણ કરી શકે એમ છે ? ન્યાયથી મેળવેલું દ્રવ્ય, કોઈ ઉત્તમ એવા દાતારને ઘરે હોય તો તે કૃતકૃત્ય થઈ જાય છે. જો પવિત્ર ભૂમિમાં મનુષ્ય દેહ પ્રાપ્ત થાય. અને શુદ્ધ વિવેકીના કુળમાં થાય તો વિશેષ વખાણવા લાયક છે. જેઓ ઉદ્યમ વિના એક ક્ષણ પણ પોતાનોકાળ નિષ્ફળ ગુમાવતા નથી અને હંમેશા ધર્મ કૃત્યો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરવામાં પોતાનો વ્યય કરે છે, તેવા પુરુષો આ લોકમાં સારા વિવેકવાળા લેખાય છે, તેઓમાં પણ જે ઉધરસ, શ્વાસ, સંગ્રહણી, મસા, રક્તપિત્ત, તથા તાવ ઇત્યાદિ વ્યાધિઓથી પીડાએલા હોય છે. તેમનાથી પુણ્યસંચય શી રીતે થઈ શકે ? ઘણું કરીને સત્વગુણ, દીનતાને અર્થે શૌર્ય નાશને માટે, ઉદ્યોગ ખરાબ અવસ્થાને માટે અને પવિત્ર કુળ પાપકર્મ કરવાને માટેહોતું નથી.

## ઉપદેશ અડતળીશમો

### ધર્મના આશ્રયથી મોક્ષ

ધર્મ, અર્થ, કામ-આ ત્રણ પ્રકારના પુરુષાર્થો માનેલા છે, તેમાં પણ ધર્મને શ્રેષ્ઠ કહેલ છે, કારણ કે ધર્મ વિના અર્થ અને કામની પ્રાપ્તિ થતી નથી. તે ધર્મ દાન, શીયલ, તપ ભાવ ચારે પ્રકારે કહેલ છે. આગમને વિષે ૧. જ્ઞાન દાન, ૨. અભયદાન, ૩. ઉપગ્રહદાન. એ ત્રણ પ્રકારે દાન કહેલ છે. દુખથી ભય પામેલા જીવનું રક્ષણ કરવું, તેના આત્માનો બચાવ કરવો તે અભયદાન કહેવાય છે. ૧ ભવ્યાત્મા જીવોને ઉપદેશ આપી, તથા ભણાવવાથી આગમનું જ્ઞાન પ્રાપ્ત કરાવવું તે જ્ઞાનદાન કહેવાય છે, અને જ્ઞાન તથા અભયદાન આપનારને શુદ્ધ આહારાદિક કલ્પનીય વસ્તુ, વસ્ત્ર, પાત્રાદિક, આપવાથી ત્રીજું ધર્મોપગ્રહદાન કહેવાય છે.

પ્રાણીઓ પાપનો ત્યાગ કરી, દેશથી અને સર્વથી શીયલનું પ્રતિપાલન કરે છે, તે શીયલ ધર્મ કહેવાય છે. જેનાથી કર્મને તપાવાય છે તેને તપ કહેવાય છે. તે તપ બાહ્ય અને અભ્યંતર બે પ્રકારે કહેલ છે. ૧ અણસણ કરવાથી બાહ્ય તપ કહેવાય છે, ૨ પ્રાયશ્ચિત લઈ જે તપ કરવામાં આવે છે તે અભ્યંતર તપ કહેવાય છે. ભવ્ય જીવો. જે ભાવના વડે વીતરાગના સ્વરૂપને ભાવે છે તે અનિત્યાદિક બાર પ્રકારની ભાવનાઓ કહેલ છે. અર્થને જે પુરુષાર્થ કહેલ છે તે નામ માત્રથી જ છે, પરંતુ પરમાર્થથી તો અર્થ અનર્થરૂપ જ છેજ. કારણ કે તે અર્થ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દુઃખે કરી ઉપાર્જન થઇ શકે છે. દુઃખે કરી રક્ષણ કરી શકાય છે, તેના વ્યર્થ અને નાશને વિષે આત્માને મહાદુઃખ થાય છે. કામ, કઠીણકર્મી જીવોને આપાતમાત્ર મનોહર છે, પરંતુ વિપાકને વિષે કિંપાકના ફળ સમાન છે, તથા અત્યંત દારૂણ અને મરણને કરનાર છે, માટે હે ભવ્ય જીવો ! અર્થ અને કામ, બન્નેનો નાશ કરી તેને ધિક્કારી ત્રીજો પુરુષાર્થ ધર્મ છે તેનો આશ્રય કરો, કે તે ધર્મના આશ્રયથી સ્વલ્પ સમયમાં ચોથો મોટો જે પુરાષાર્થ મોક્ષ છે તે તમોને પ્રાપ્ત થાય છે.

## ઉદ્દેશ ઓગણપચાસમો

### અનર્થકારી કષાય

દુઃપ્રાપ્ય મનુષ્ય જન્મ પામી હે ભવ્ય જીવો ! પોતાના આત્માના સુખની ઇચ્છા કરનારે, સર્વથા પ્રકારે ધર્મને વિષે પ્રયત્ન કરવો. પંડિત પુરુષોએ પ્રથમ તો , દુષ્કર્મને બંધન કરવાના ઉપાયભૂત, સુખશ્રીને અંતરાય કરનાર, તપસ્યા કરનારને રોગભૂત કષાયોનો ત્યાગ કરવો, કારણ કે કષાય કરનાર માણસ ગુનવાન હોય તો પણ સજ્જનોમાં શોભા પામતો નથી, વિષમય ખરીનું કદાપિ ભોજન થતુ નથી, અને કરે તો મરે. વગડામાં પ્રદીપ્ત થયેલો અગ્નિ વૃક્ષાદિકને જેમ શીઘ્રતાથી બાળે છે, તેમજ કષાય અગ્નિને વશ થયેલો જીવ જિંદગી પર્યંત કરેલ તપકર્મને બાળે છે. કષાયથી કલુષિત ભાવને પામેલા જીવોના ચિત્તમાં, ગળીમાં રંગેલુ લુગડાને જેમ કુસુંબના રંગમાં રંગી શકાતું નથી તેમજ ધર્મને ધારણ કરી શકાતો નથી. જેમ ઢેઢને સ્પર્શ કરી સુવર્ણના પાણીથી શુદ્ધિ થતી નથી, તેમ કષાયી માણસ તપકર્મથી પણ શુદ્ધ થતો નથી. જેમ એક દિવસનો તાવ પણ છ માસ ના તેજને હરણ કરે છે, તેમ ક્રોધ પણ પૂર્વકોટિ વર્ષ સુધી ઉપાર્જન કરેલા તપને હણે છે. સન્નિપાતના તાવના પેઠે ક્રોધથી વ્યાકુલ જીવ, વિદ્વાન હોય તો પણકૃત્યાકૃત્યના વિવેકને વિષે જડબુદ્ધિવાળો થાય છે. ઉત્કૃષ્ટ તપ કરી જેણે દેવતાને પણ વશ કરેલ છે, એવો કુરટ ઉત્કુરટ મુનિયો ક્રોધથી નરકેગયા છે. વિવેક રૂપી લોચન લુપ્ત થવાથી આત્મા અંધ બને છે, તેથી માન માનનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંધકાર, જીવને નિશ્ચય નરકરૂપી કૂવામાં નાખે છે, ભગવાન શ્રી મહાવીર મહારાજા લોકને અલોકને વિષે સ્થાપન કરવાની સત્તા વાળા છતાં પણ, સહેજ અભિમાન કરવાથી નીચ કુળમાં અવતર્યા, કહ્યું છેકે જાતિ, લાભ, કુલ, બલ, ઐશ્વર્ય, રૂપ, તપ, શ્રુત વિગેરેનો મદ કરવાથી મનુષ્ય હીનપણાને પામે છે. અસત્યની ખાણ, દોષરૂપી અંધકારને વિસ્તરવામાં રાત્રિ સમાન, પાપની માતા, દુર્ગતિ આપનારી માયાનો ત્યાગ કરવો, પૂર્વજન્મમાં દુઃખે કરીને પણ તપી શકાય એવો તપ તપીને ભવસમુદ્રના પારને પામ્યા છતાં પણ મલ્લિનાથ ભગવાન સ્ત્રીના અવતારને પામ્યા. દોષોની ખાણ, સર્વ સારા ગુણોરૂપી વૃક્ષને બાળવામાં અગ્નિ સમાન, કલેશનું ઘર એવો લોભ, લોકોને દુઃખરૂપી દરિયામાં નાખે છે. બીજા ભરતને સાધવાનો લોભી સુભુમ ચક્રી, ભોગજીવિતથી ભ્રષ્ટ થઇ સાતમી નરકે ગયો. એક એક કષાયને અંગીકાર કરવાથી તે લોકોને મહાઅનર્થ કરનારા થાય છે, તો ચારે કષાયો સમકાળે સેવવાથી કેટલો અનર્થ કરે તે જ્ઞાની વિના બીજો કોણ કહી શકે ? કષાયના પરિહારથી જીવ દેવતાઓને માનવા લાયક, તથા મુક્તિને શીઘ્રતાથી મેળવવાવાળો થઇ શકે છે.

## ઉપદેશ પચાસમો

### ધર્મસ્વરૂપ

અનાદિ કાળથીસૂક્ષ્મ કર્મબંધનના યોગથી આ જીવન અનાદિ વનસ્પતિમાં રહી, અનંતા પુદ્‌ગલપરાવર્તન કરે છે. ત્યાંથી બાદર વનસ્પતિકાયમાં આવે છે. પછી કોઈપણ પ્રકારે ત્રસપણું પામે છે. પછી લઘુકર્મી થઇ પંચેંદ્રિયપણું પામે છે. ત્યાં પણ પુન્યહીન, આર્યક્ષેત્રને પામતો નથી. કદાપિ આર્ય ક્ષેત્ર મલે તોપણ કુલ, જાતિ,રૂપ, બલને પામતો નથી, પુન્યોદયે કદાચ તે પણ પામે, પરંતુ શરીરમાં રોગીષ્ટપણું હોય છે, કદાપિ નિરોગી હોય તો પણદીર્ઘઆયુષી ન હોય, પુન્યોદયે તે પણ હોય, તો પણ જ્ઞાનદર્શનના આવરણથી વિવેક રહિત જીવ જૈનધર્મને પામે,કદાચ તે પણ પામે, તો દર્શનમોહનીયના ઉદયથી, શંકાવડે કલુષિત ચિત્તવાળો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થઈ ગુરુવચન ઉપર સદહણા ન કરે, કદાપિ નિર્મલચિત્ત કરી ગુરુવચને યથાસ્થિતપણે સદહે તો પણ જ્ઞાનાવરણીય કર્મના ઉદયે બોધ આપતા છતાં પણ સંશયથી બોધ ન પામે, કદાપિ સંશય રહિત સદહે અને અન્ય ને બોધ પણ કરે, પરંતુ ચારિત્રાવરણી કર્મનો ક્ષય થાય, ત્યારે નિર્મલ સંયમ આરાધી આત્મા મુક્તિમાં જાય છે.

હે મહાનુભાવો ! ધર્મને વિષે અભિરુચિ વધે અને પાપકર્મ થી દૂર થાય એ પ્રકારના જીવોને બોધ કરવો તેને દેશના કહે છે જિનપ્રભુની પૂજા, રૂડા ગુરુની સેવા, ભણવું, ભણાવવું, ઉજ્જવળ વૃત્તિથી તપ કરવો, દાનદેવું, દયા કરવી, એ છ કર્મ ગૃહસ્થાશ્રમી ઓએ હંમેશા કરવા, માતા, પિતા, પવિત્ર ધર્મને દેખાડનાર એટલા ઉપકારીઓનું સેવન કરી, હંમેશા પુણ્ય ફળ મેળવવું પ્રાણીમાત્ર પર દયા, સુપાત્રને વિષે દાન દેવું, ગરીબ પ્રાણીઓને તારવાની શુદ્ધ મતિ, જેમ બને તેમ સઘળાં પ્રાણીઓનો ઉપકાર થાય એવો ધર્મ ભવસાગરમાંથી ઉદ્ધાર કરનારો છે. જ્ઞાન, અભયદાન, દુઃખીને ઔષધસ્થાન અને વસ્ત્ર આપવાં, અર્હતનું પૂજન, શમયુક્ત મુનિઓને , વંદના, સ્વપ્રમાં સંતોષ, પારકી સ્ત્રીથી વિમુખતા એ સઘળાં પુરુષોનાં અલંકાર છે. મત્સર, પારકી ચોરી, હિંસા, નિંદા, રાત્રિએ જમવું અને કન્યાસંબંધી કપટ, જૂઠું બોલવું, એ સર્વનો અવશ્ય ત્યાગ કરવો, કારણ કે તે સમગ્ર જેવું બીજું એકે પાપસ્થાનક નથી. જે પુરુષો ચિત્તમાં વિચાર કરી પાપને ટાળનાર જ્ઞાન, દર્શન, ચારિત્ર એ રત્નત્રયીને ગ્રહણ કરે છે તે પવિત્ર ભાવનાયુક્ત પુરુષો, ત્રણે જન્મે સિદ્ધિ સુખને પ્રાપ્ત કરે છે.

## ઉપદેશ એકાવનમો.

### દ્રવ્યસ્વરૂપ

દ્રવ્યો બે પ્રકારના છે : કેટલાક ભાવુક, અને કેટલાક અન્ય ભાવુક.

૧. વૈડુર્યમણિ પરદ્રવ્યથી ભાવુક નથી,તેથી સંગત કરવા છતાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ. તેને વિષનો દોષ લાગતો નથી.

૨. સર્પની દાઢામાં કદાચ મણિનો યોગ્ય લાગે તો,દાઢો નિર્વિષ થાય પરંતુ તેમ બનવું બહુ જ મુશ્કેલ છે.

૩. જીવ દ્રવ્ય ભાવુક છે,તેને સંસર્ગથી ગુણ અવગુણની પ્રાપ્તિ થાય છે.

૪. મલિનની સંગતિ કરવાથી ઉજ્જવળ ગુણો પણ મલિન થાય છે, કારણ કે ઢેઢની સંગતિ કરવાથી તથા સ્પર્શ કરવાથી બ્રાહ્મણ મલિન થાય છે.

૫. તેવી જ રીતે પવિત્રપણું ધારણ કરનારૂં એવું પણ ચંડાળ ને ઘરે રહેવું પાણી, તે પણ કીર્તિ રહિત અપવિત્રપણું કરનારૂં ગણાય છે, કારણ કે ધોળી વસ્તુને મસીલગાડવાથી તે કાળી વસ્તુ થાય છે,પરંતુ કાળી વસ્તુ જે છે તે ધોળી થતી નથી,

૬.ગળો આદિ કડવી વસ્તુમાં સાકર પડવાથી સાકર કડવી થાયછે, પણ ગળો મીઠી થતી નથી, તેમજ દુર્જનનો સંગ કરવાથી સજ્જનને દૂષણ પ્રાપ્ત થાય છે પણ દુર્જનને સજ્જનપણું પ્રાપ્ત થતું નથી.

## ઉપદેશ બાવનમો

### નરકને વિષે પરમાધામીઓએ કરેલીવેદના

૧ તપાવેલું સીસું પાય છે.
૨ તપાવેલી લોઢાની પુતળીયો સાથે આલિગંન કરાવે છે.
૩ છરા સમાન તીક્ષ્ણ પાંદડાવાળા શાલ્મલી વૃક્ષ ઉપર ચલાવે છે.
૪. લોઢાના ઘણોથી કુટે છે.
૫. વાંસલાથી શરીર છોલે છે.
૬ ચાંદા ઉપરખાર છાંટે છે.
૭ ગરમ તેલની કડાઈમાં તળે છે.
૮ ભાલાઓની અણી પર ચડાવે છે.
૯ ભટ્ટીમાં ભુંજે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૦ ઘાણીમાં પીલે છે.

૧૧ કરવતથી વહેરે છે.

૧૨ સિંહના રૂપથી ચીરે છે.

૧૩ તપાવેલી વેળુમાં લોટાવે છે.

૧૪ ખડગોના વનમાં પેસારે છે.

૧૫ વૈતરણીમાં બોળે છે.

૧૬ કુંભીપાકમાં પચાવે છે.

એવી અનેક વેદનાથી પાંચસો યોજન ઊંચા ઉછળતાં અને નીચે પડતા નારકીઓને પશુ પક્ષી, વાઘ વિગેરે તોડી ફોડી ખાય છે.

## ઉપદેશ ત્રેપનમો

### ચારિત્રરૂપી જહાજ

જેનો દુઃખે કરીને પાર પામી શકાય એવો, આ સંસાર સાગર અત્યંત ખારો છે, સમુદ્રમાં જેમ પાણીના કલ્લોલો હોય છે તેમ સંસારરૂપી સમુદ્ર જન્મ, જરા, મરણરૂપી ચંચળ પાણીના કલ્લોલથી ભરપૂર ભરેલો છે.સમુદ્રમાં જેમ વડવાનલ અગ્નિ રહેલો છે તેમ સંસારરૂપી સમુદ્રમાં ક્રોધરૂપી વડનાવલ અગ્નિ છે, સમુદ્રમાં જેમ પર્વત વાસ કરીને રહેલો હોય છે તેમ સંસારરૂપી સમુદ્ર માનરૂપી પર્વતના વાસથી વાસિત છે.

જેમ સમુદ્રમાં પાણીની વેલા હોય છે તેમ સંસારરૂપી સમુદ્રમાં માયારૂપી વેલા વહેલી છે જેમ સમુદ્ર ગંભીર પાણીના આવર્તવડે દુસ્તર છે, તેમ સંસારરૂપી સમુદ્ર લોભરૂપી આવર્તથી દુસ્તર છે. સમુદ્ર જેમ જલચક્ર, નક્રચક્રાદિકના સમૂહથી ભરેલો છે તેમ સંસારરૂપી સમુદ્ર આધિ,વ્યાધિ, ઉપાધિ, રોગ, શોક, સંતાપાદિ નક્ર, ચક્રાદીના સમૂહથી પરિપૂર્ણ ભરેલો છે. સમુદ્ર જેમ નદીઓ અને કાદવવડે કરીને યુક્ત હોય છે,તેમ આ સંસારરૂપી સમુદ્ર આશ્રવરૂપી નદીઓના પાણી તથા કર્મપંકથી ભરેલો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમુદ્રમાં જેમ ફીણ હોય છે તેમ સંસારસમુદ્રહાસ્યરૂપી ફીણથી વ્યાપ્ત છે. સમુદ્ર જેમ દુસ્સહ પવનથી દુઃખે કરીને સહન કરી શકાય છે, તેમ સંસારરૂપી સમુદ્રમાં દ્વેષરૂપી પ્રચંડ પવન દુઃખેકરીને સહન કરી શકાય છે.

સમુદ્રમા જેમ નિરંતર ભરતી હોયછે, તેમ સંસારરૂપી સમુદ્રતૃષ્ણારૂપી ભરતીથી અત્યંત ભરેલો છે.

સમુદ્રમાં કાદવને વિષે ખૂંચી ગએલા અગર સમુદ્રમાં પડેલાને બહાર કાઢવા માટે જેમ વહાણની જરૂર પડે છે તેમ આ સંસારરૂપી ખારા સમુદ્રને વિષે ઊંચ ગોત્રરૂપી પાણીને વિષે ડૂબતા અને નીચ ગોત્ર રૂપી કાદવને વિષે ખુંચતાને બહાર કાઢવા માટે ચારિત્ર રૂપી જહાજની ખાસ જરૂર છે.

જેમ વહાણમાં બેસવાનું સ્થાન છે તેમ ચારિત્રરૂપી જહાજ ને વિષે, સમ્યક્ત્વરૂપી ઉત્તમ બેસવાનું સ્થાન છે.

જેમ જહાજને વિષે પાટીયા હોય છેતેમ ચારિત્રરૂપી જહાજને વિષે, સારા વ્રતોરૂપી લાકડાના પાટિયાહોય છે.

જેમ જહાજને વિષે દોરડો હોય છે, તેમ ચારિત્રરૂપી જહાજને વિષે ગુણોના સમૂહરૂપી દોરડા હોય છે.

જેમ જહાજને વિષે કૂવા હોયછે,તેમ ચારિત્રરૂપી જહાજને વિષે નિશ્ચલ મનરૂપી કૂવાઓ હોય છે.

જેમ જહાજને વિષે સઢો હોયછે, તેમ ચારિત્રરૂપીજહાજને વિષે ઉજ્જવલ ધ્યાનરૂપી ઉત્તમ સઢો હોયછે.

જહાજમાં જેમ પાણી કાપવાની ક્ષેપણી હોય છે, તેમ ચારિત્રરૂપી જહાજમાં સારા સારા નિયમો તેમજ ક્ષમારૂપી પાવડીઓ હોય છે.

જહાજમાં જેમ ધ્રુવ હોય છે,તેમ ચારિત્રરૂપી જહાજમાં જ્ઞાનરૂપીધ્રુવ હોય છે.

જેમ જહાજમાં ગોખલો હોય છે તેમ ચારિત્રરૂપી જહાજમાં સંતોષરૂપી ગોખલો હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમ જહાજમાં તોપ હોય છે તેમ ચારિત્રરૂપી જહાજમાં ધ્યારૂપી તોપ હોય છે.

જેમ જહાજમાં નાવડાના ચલાવનારા ભીલડા હોય છે, તેમ ચારિત્રરૂપી જહાજમાં છ બાહ્ય અને છ અભ્યંતર તપના બાર ભેદરૂપી ભીલડા હોય છે.

જેમ જહાજનો ચલાવનાર નાવિક હોય છે, તેમ ચારિત્રરૂપી જહાજનો ચલાવનાર ગુરુમહારાજરૂપી નાવિક હોય છે.

આવા જહાજનો જે ભવ્ય જીવો આશ્રય કરે છે, તે મહાનુભાવો અતિશય ખારા એવા સંસારસાગરને સુખ શાન્તિથી તરે છે, માટે ભવભીરુ અને મુક્તિના કામી જીવોએ ઉપરોક્ત જહાજનો શીઘ્રતાથી આશ્રય કરવા ચૂકવું જોઇએ નહિ.

## ઉપદેશ ચોપનમો

### ગુણોની પ્રાપ્તિ મહાદુર્લભ

**मानुष्यं वरवंशजन्मविभवो दीर्घायुरारोग्यता,**
**सन् मित्रं सुमतिः सती प्रियतमा भक्तिश्च तीर्थंकरे ॥**
**ज्ञानत्वं निनयत्व मिंद्रियजयः सुपात्रदाने रतिः ।**
**सत्पुण्येन विना त्रयोदशगुणाः संसारिणां दुर्लभा : ॥१॥**

ભાવાર્થ : ૧ મનુષ્યપણું, ૨ શ્રેષ્ઠ વંશને વિષે જન્મ, ૩ સારો વૈભવ ૪ દીર્ઘ આયુષ્ય, ૫ આરોગી શરીર, ૬ સારો મિત્ર, ૭ સારી બુદ્ધિ, ૮ સતી સ્ત્રી, ૯ તીર્થંકરમહારાજને વિષે ભક્તિ, ૧૦ જ્ઞાનની પ્રાપ્તિ, ૧૧ વિનયીપણું, ૧૨ ઇંદ્રિયોનો જય, ૧૩ સત્પાત્રને વિષે દાન આપવામાં પ્રીતિ, આ તેર ગુણો સારા પુણ્ય કર્મના ઉદય વિના સંસારી જીવોનેપ્રાપ્તથવા મહાદુર્લભ છે.

કોઈક જગ્યાયે પંદર પામવા દુર્લભ કહેલ છે તે આ પ્રમાણે

૧. પ્રાણીઓમાં જે જંગલપણું, ત્રસપણું પામવું તે અત્યંત દુર્લભ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨ તેમાં પણ પંચેંદ્રિય પણાની પ્રાપ્તિ થવી દુર્લભ છે.

૩. પંચેદ્રિયપણામાં પણ મનુષ્યપણું પ્રાપ્ત થવું દુર્લભ છે.

૪ મનુષ્યપણામાં પણ આર્ય દેશ મળવો મુશ્કેલ છે.

૫ આર્ય દેશમાં પણ ઉત્તમ કુળ મળવું દુર્લભ છે.

૬ ઉત્તમ કુળમાં પણ ઉત્તમ (જાતિ) મળવી દુર્લભ છે.

૭ ઉત્તમ જાતિમાં પણ ઉત્તમ રૂપ (પંચેંદ્રિયપટુતા) પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે.

૮ તેમાં પણ શારીરિક બળ પ્રાપ્ત થવું દુર્લભ છે.

૯ બળ છતાં જય મેળવવો દુર્લભ છે.

૧૦ તેમાં પણ વિજ્ઞાનની પ્રાપ્તિ થવીદુર્લભ છે.

૧૧ તેમાં પણ સમકિતની પ્રાપ્તિ થવી દુર્લભ છે.

૧૨ તેમાં પણ શીયળની પ્રાપ્તિ થવી દુર્લભ છે.

૧૩ તેમાં પણ ક્ષાયિકભાવ મેળવવો દુર્લભ છે.

૧૪ તેમાં પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવી દુર્લભ છે.

૧૫ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા છતાં પણ જ્યારે મુક્તિ મળે છે ત્યારે જ ઉત્તમ સુખ છે.

મનુષ્ય જન્મ પામવો મહાદુર્લભ છે. તેમાં પણ સર્વજ્ઞોદિત ધર્મની પ્રાપ્તિ દુર્લભ છે, અને સાધુ સાધર્મીઓની સામગ્રી પણ દુર્લભ છે. ધન, ધાન્ય, બંધુ, મિત્રસમાગમ અને જીવિતવ્ય આ તમામ ચપલ છે. ક્ષણ માત્રમાં વ્યાધિયો ઘેરો ઘાલે છે, માટે પ્રમાદ કરવો યુક્ત નથી, ધર્મકર્મમાં પ્રમાદી થઈ દેવગતિ આદિ લાભનો નાશ કરી, મનોહર મનુષ્યગતિની પ્રાપ્તનો રોધ કરી, આત્મા જે ધર્મરૂપી મૂળનું ઊચ્છેદન કરે છે તે ધર્મને ચોરો લૂંટી શકતા નથી, અગ્નિ બાળી શકતો નથી. જુગારને વિષે પણ તે ધર્મને હારી શકાય નહિ કારણ કે મનુષ્ય જન્મ મૂલધનરૂપ છે. દેવગતિની પ્રાપ્તિરૂપ લાભ કહેલ છે તે મૂલ ધન હારીજવાથી તિર્યંચ અને નરકગતિની પ્રાપ્તિ થાય છે તેથી જ ધર્મ રહિત જીવ હાથના અગ્ર ભાગથી કાળા સર્પને ગ્રહણ કરે છે, અને વિષ જે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે તેને ગળામાં ઘુંટે છે. વિષ પીવે છે અને નિધાનનો ત્યાગ કરીને કાચના ટુકડાને અંગીકાર કરે છે. તે કારણ માટે હે સૌમ્ય ! જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ સર્વજ્ઞદર્શિત મનુષ્યજન્મની પ્રાપ્ત દુર્લભતા સમન્વિત પ્રમાદને ત્યાગ નથીકરતો તેથી ભવસમુદ્રમાં ડૂબતાં મહોશોચને કરવાવાળો થઈશ, કારણ કે જે દુર્લભ મનુષ્ય જન્મને પામી. પરલોકના હિતને નથી કરતો તે મરણકાળે શોચ કરનાર થાય છે. જેમ પાણી કાદવમાં મગ્ન થયેલો હાથી જેમ આંકડામાં વીંધાયેલો મત્સ્ય, જેમ જાળમાં જકડાયેલ મૃગલો જેમ પાંજરામાં પૂરાયેલ પક્ષી શોક કરનાર થાય છે તેમ પ્રમાદી ધર્મ રહિત જીવ મૃત્યુ જરાવડે કરી મૂર્ચ્છિત થઈ દીર્ઘ નિદ્રામાં પડેલો કર્મભારથી ભરેલો જીવ, કોઈ રક્ષણકરનાર નહિ હોવાથી શોચ કરવાવાળો થાય છે, માટે ધર્મકરણી નહિ કરી મનુષ્ય જન્મને હારી જાય છે તે સત્પુરુષ નહિ પરંતુકાયર પુરુષ કહેવાય છે.

સેંકડો વ્યસનોથી પરાભવ પામેલા, વીજળીના ચમત્કારના પેઠે ચંચળ, ક્ષણભંગુર, અનિત્ય, પહેલા અઘર છેલ્લા પણ અવશ્ય ત્યાગ કરવા લાયક મનુષ્ય ભવ છે, માટેહે જીવો ! સુખી થવું હોય તો છેતો.

## ઉપદેશ પંચાવનમો

### નાસ્તિક આસ્તિક

એક હળુકર્મી જીવ ! ભારે કર્મીજીવને કહે છે કે હે ભાઈ ! નિરંતર ધર્મકર્મ કરે, તો પર્વને દિવસે તો ધર્મ કાંઈક કર ? જો આજે જિનેશ્વર મહારાજના મંદિરમાં આંગી-રચનાદિ ભારે મહોત્સવ થઈ રહેલ છે, અને પરમાત્માને વંદન કરી, પૂજ્ય ગુરુને વંદન કરી આશીર્વાદ મેળવ. આવો ઉપદેશ સાંભળી નાસ્તિકે નીચે પ્રમાણે આસ્તિકને કહ્યું કે -

**अन्नं नास्त्युदकंनास्ति, नास्ति तांबूलचर्वणम् ।**
**मंदिरेषु महोत्साहः, शुष्कचर्मस्य ताडनम् ॥१॥**

ભાવાર્થ : અન્ન નથી, પાણી નથી,તાંબૂલ ચાવવાનું નથી, લોકો કહે છે કે ચલો ભાઈ ચાલો, મંદિરને વિષે મોટો મહોત્સવ છે, મોટા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહોત્સવને વિષે સુકા ચામડાને તાડના કરવાની છે, એટલે નગારું વગાડવાનું છે, ને નરઘાને થપ્પા મારવાનું છે. આ સિવાય બીજું કાંઇ પણ નથી.

નાસ્તિકોને તે ખબર ન હોય કે જૈન મંદિરમાં ખાવાપીવાનું ન હોય, પણ ઉત્સવ કરી ભાવના ભાવી અણાહારી પદ (મુક્તિ) મેળવવા માટે જ મહોત્સવ હોય છે, કારણ કે આહાર છે ત્યાં સંસાર છે. આહાર નથી ત્યાં સંસાર નથી પણ સિદ્ધિ છે, પરંતુ ભવભ્રમણ કરવાવાળા જીવોને તે સિદ્ધિસુખ રુચતું નથી.

**नमस्कारसहस्त्रेषु, शाकपत्रं न लभ्यते ।**
**आशीर्वादसहस्त्रेषु, रोमवृद्धिर्न जायते ॥**

ભાવાર્થ : લોકો કહે છે દેરાસરે ચાલો, ઉપાશ્રયે ચાલો, પણ પ્રથમ પ્રશ્નો ઉત્તર આપો કે ત્યાં જઇને શું કરવું છે ? ઉત્તર મળે છે કે ભગવાનને નમસ્કાર કરવાથી નવ નિધિ અને અષ્ટ મહાસિદ્ધિ પ્રાપ્ત થાય છે અને ગુરુને નમસ્કાર કરવાથી સારો આશીર્વાદ મળે છે. તે સાંભલી નાસ્તિક બોલે છે કે ભાઈ નવનિધિ અને અષ્ટ મહાસિદ્ધિ તો દૂર રહી પણ હજાર વાર નમસ્કાર કરવા છતાં પણ શાકનું એક પાંદડું પણ મળતું નથી અને ઉપાશ્રયે જઇ હજારોવાર આશીર્વાદ સાધુને વંદન કરી લઇ આવ્યા તો પણ એક રોમમાત્ર રૂંવાડું પણ વધ્યું નહિ માટે અમારે દેવગુરુ બેમાંથી એકનો પણ ખપ નથી.

ભારેકર્મી જીવોને કોઈ ગમે તે પ્રકારે બોધ કરે તો પણ મગોળીયા પાષાણની પેઠે તેનું કઠોર હૃદય ભીંજાતું નથી, માટે એવાઓને ઉપદેશ દેવોનો પરિશ્રમ ન કરવો.

## ઉપદેશ છપ્પનમો

### જલમનુષ્યો

એક લાખ યોજનના જંબૂદ્વીપને વીટીને બે લાખ યોજનનો લવણ સમુદ્ર રહેલો છે, તેના જે સ્થાન પ્રત્યે સિંધુ મહાનદી આવી ને પડેલી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે તે પ્રદેશના દક્ષિણ દિશાના ભાગે વેદિકાથી પંચાવન યોજન દૂર હસ્તિના કુંભસ્થળના આકારવાળું, બહુ દુઃખને આપનારું, પાપના સ્થાનભૂત, સાડા બાર યોજન પ્રમાણવાળું, પ્રતિસંતાપદાયક નામનું સ્થળ રહેલું છે, તે સ્થાપનનો ઉત્સેધ ભાગ સાડાત્રણ યોજન લવણ સમુદ્રમાં રહેલો છે.ત્યાં અત્યંત ઘોર અંધકારવાળી, ઘડીયાળના આકાર જેવી ગોળ, છેંતાલીશ ગુફાઓ રહેલી છે. તેમાં યુગે યુગે જળમનુષ્યો રહેલા છે.

જે જલમનુષ્યો વજ્રઋષભનારાચ સંઘયણવાળા, સાડાબાર હાથના દેહ માનવાળા, સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા, રૌદ્ર આકારવાળા, ખરાબ વર્ણવાળા, વિરૂપ અંગવાળા, સિંહના સમાન ઘોર દૃષ્ટિવાળા, હસ્તિના પેઠે પહોળા મુખવાળા, પરાક્રમ યુક્ત ભુજા વાળા, વજ્રની પેઠે નિષ્ઠુર પ્રહારવાળા, સામસાંમા બહુ પ્રેમ કરનારા, સ્ત્રીને વિષે અતિ આસકત્ ઘોર આકારવાળા, સાક્ષાત્ યમના કિંકરો જેવા ત્યાં વાસકરે છે.

તે જલમનુષ્યોની અંડગોલિકાને ગ્રહણ કરી, ચમરી ગાયોના ધોળા પુંછડાના વાળથી તેને ગુંથી, બન્ને કાનમાં દ્રઢ બાંધી, વણિક લોકો, મહામૂલ્યવાળા રત્નો લેવા સમુદ્રમાં પડે છે. ત્યાં જલચર જીવોના ભયનો ત્યાગ કરી, સમુદ્રમાં પડે છે. મહાન જાતિવંત રત્નોને ગ્રહણ કરી, સુખપૂર્વક ઉપર આવી શાંતિથી પોતાને ઘરે પહોંચે છે.

તે અંડગોલિકાને ગ્રહણકરતી વખતે, દેહના અંતે કરનારી પીડા જલમનુષ્યનોજે ઉત્પન્ન થાય છે તે પીડાને દિન, મન, વચન, કાયાયુક્ત થઇ પૂર્વભવમાં ઉપાર્જન કરેલા ઘોર કર્મને તે લોકો ભોગવે છે.

મહાવીર મહારાજાને શ્રી ગૌતમસ્વામી પૂછે છે, હે ભગવન્ ! એવા સ્થાને જલમનુષ્યની અંડગોલિકા કેવી રીતેગ્રહણ કરે છે ?

વીર પરમાત્મા કહે છે કે હે ગૌતમ ! મહાશૂરવીર પુરુષો બહુ ધીરવીરપુરુષો સન્નદ્ધબદ્ધ થઇ બકતર ધારણ કરી, વીકરાલ, તરવાર,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાલાદિ શસ્ત્રોથી સજ્જ થઈ બુદ્ધિના પ્રયોગે, છળભેદ, પ્રપંચ કપટ કરી, અત્યંત કષ્ટે તે જલમનુષ્યનો જીવિતવ્ય સાથે અંડગોલિકાને ગ્રહણ કરે છે, તે વખતે નરક સમાન તીવ્રદુસ્સહ વેદનાને જલમનુષ્યો સહન કરે છે.

હે ભગવન્ ! તે ગોલિકાને કોણ ગ્રહણ કરે છે ?

હે ગૌતમ ! તે લવણસમુદ્રમાં, પ્રતિસંતાપદાયક સ્થળથી ૧૩૧ યોજન દૂર રત્નદ્વીપ નામનો અંતરદ્વીપ રહેલ છે, તેને વિષે વસનારા માણસો તે ગોલિકાને ગ્રહણ કરે છે.

હે ભગવન્ ! કેવા પ્રકારના કાર્ય વિધાનથી કેવા પ્રયોગે લે છે ?

• હે ગૌતમ ! તેરત્નદ્વીપને વિષે, ૨૦-૧૯-૧૦-૮-૭ ધનુષ્ય માનવાળા ઘંટલાના આકારવાળા, અત્યંત કઠોર કર્કશ સ્પર્શવાળા, વજ્રશિલાના સંપુટો છે, રત્નદીપના મનુષ્યો તે શિલાસંપુટોને ખુલ્લા મૂકે છે.પછી તેમાં ક્ષેત્રસ્વભાવ સિદ્ધિયોગે કરીને જ, મદ્ય અને માછલાઓ લેપીને મૂકે છે.

પછી મદ્ય માંસના તુંબડા બન્ને હાથમાં લઈ પ્રતિસંતાપદાયક સ્થળ પ્રત્યે તે લોકો જાય છે. રત્નદ્વીપના મનુષ્યોને દેખી, તે ગુફાવાસી જળમનુષ્યો તેને મારવાદોડે છે. તે લોકો પણ રત્નદ્વીપ પ્રત્યે દોડતા દોડતા વચ્ચે વચ્ચે મદ્ય-માંસના તુંબડા મુકતા ચાલ્યા જાય છે. તેને આસ્વાદન કરતા જલમનુષ્યો પણ અતિવેગથી તે લોકોની પાછળ દોડે છે. આવી રીતેવજ્રના ઘંટીના સુધી રત્નદીપના મનુષ્યો, જળમનુષ્યનો લાવે છે. પછી વજ્રશિલ્લાસંપુટ ઉપર તમામ મદ્ય માંસ મૂકી, લોકો રત્નદીપે ચાલ્યા જાય છે. મદ્ય માંસ ખાવાના લોલુપી તે જલમનુષ્યો, ત્યાં બેઠા બેઠાઆઠ દિવસ સુધી ખાય-પીવે છે, તેવામાં તે રત્નદીપના મનુષ્યો, સન્નદ્ધ-બદ્ધ થઈ, બકતર પહેરી, તીક્ષ્ણ તરવાર આદિ અત્યંત રૌદ્રભાલાદિક લઈ સાત આઠ પંક્તિયે કરી, તે શિલાસંપુટને વીંટે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભયવાળા માણસો જેવામાં ઘંટીનું પડ જળમનુષ્યો ઉપર મૂકવા વિલંબ કરે છે. તેવામાં બીજા નિષ્કરુણ, નિર્ભય લોકો,તુરત ઘંટલાનું પડ તે જળમનુષ્યોના ઉપર મૂકે છે. તે ઘટંલાની અંદર આવી પડેલા જળમનુષ્યોા શરીરને દળી નાખ્યા, પીલી નાખ્યા છતાં પણ તે લોકો મરતા નથી, પછી તે ઘંટલાને કાળા બળદ જોડી ઘાણીના પેઠે બાર બાર માસ ફેરવે છે ત્યાં સુધી તે બિચારા, દિન મન-વચન-કાયાવાળા, નરકના સમાન ઘોર દારૂણ દુઃખને ભોગવે છે. આવીરીતે પીલ્યા છતાં પણ, હાડકાના બે ટુકડા થતા નથી, પણ શરીર જર્જરીત થાયછે. પછી શિલાસંપુટને ઊઘાડી મહામહેનતે તે જલમનુષ્યનો પ્રાણનાસાથે ઘોર કર્મવાળા રત્નદ્વીપના મનુષ્યો ગોલિકાને ગ્રહણ કરે છે, અને રત્નદ્વિપ જઇ હે ગૌતમ ! મહામૂલ્યથી તે ગોળીયો વેચે છે.

હે ભગવાન ! આહાર પાણી રહિત દુસ્સહ પીડાયે સહિત , જળમનુષ્યો બાર બાર માસ સુધી પ્રાણ કેમ ધારણ કરી શકે છે ?

હે ગૌતમ ! પૂર્વભવના પાપકર્મના ઉદયથી તેઓ ક્ષુધા તૃષાપીડાદિ દુસ્સહ દુઃખને સહન કરે છે.

## ઉપદેશ સત્તાવનમો

### જીવાભિગમ તથા પન્નવણાસૂત્રમાં, ૩૦ અકર્મકભૂમિમાં તથા ૫૬ અંતરદ્વિપમાં, યુગલિયાઓ ઉત્પન્ન થાય છે, તેનો વિચાર.

૫ દેવકુરૂ, ૫, ઉત્તરકુરૂના યુગલિયાના શરીર ત્રણ ગાઉ ઉંચા હોય છે, તેમનું ૩ પલ્યોપમનું આયુષ્ય હોયછે, તેઓ ત્રણ દિવસને આંતરે આહાર લે છે, તેઓને ૨૫૬ પૃષ્ટ કરંડક હોય છે, અને ૪૯ દિવસ અપત્યનું પાલન કરે છે.

૫ હરિવર્ષ અને ૫ રમ્યક્ યુગલિયાના શરીર બે ગાઉ ઊંચા હોય છે. તેમું આયુષ્ય ૨ પલ્યોપમનું હોય છે. તેઓ બે ઉપવાસને આંતરે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આહાર લે છે. તેઓને ૧૨૮ પૃષ્ટકરંડ હોય છે, અને ૬૪ દિવસ અપત્યનું પાલન કરે છે.

૫ હિમવંત અને ૫ હૈરણ્વંત યુગલિયાના શરીર ૧ ગાઉ ઊંચાહોય છે. તેઓનું આયુષ્ય ૧ પલ્યોપમનું હોય છે.તેઓ ચતુર્થાંતર એક ઉપવાસને આંતરે આહાર લે છે.તેઓને ૬૪ પૃષ્ઠકરંડક હોય છે.તેઓ ૭૯ દિવસ અપત્યનું પાલન કરે છે.

છપ્પન્ન અંતરદ્વીપના યુગલિયાઓના શરીર ૮૦૦ ધનુષ્ય ઊંચા હોય છે. તેઓનું પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય હોય છે. તેઓ એકઉપવાસને આંતરે આહાર લેનારા હોય છે. તેઓને ૬૪ પૃષ્ટકરંડક હોય છે અને ૭૯ દિવસ અપત્યનું પાલન કરે છે,

તેઓ તમામ યુગલિયાઓ અહમિંદ્રપણું ભોગવનારા હોય છે. સ્વામિસેવકના સંબંધથી રહિત હોય છે.

તેઓવજ્ર ઋષભનારાચ સંઘયણવાળા હોય છે.

સમચતુરસ્ત્ર સંસ્થાનવાળા હોય છે.

અનુલોમ વાયુવેગવાળા હોય છે.

સારા કાચબાના જેવા સુપ્રતિષ્ઠ ચરણવાળા હોય છે.

અત્યંત સુકુમાલ,સૂક્ષ્મ, થોડા રોમવડે કરી યુક્ત ગોળ જંઘા યુગલવાળા હોય છે.

અત્યંત ગૂઢ અને સારી રીતે સંધિયોથી બાંધેલા ઢીંચણ પ્રદેશવાળા હોય છે.

હાથીની સુંઢ જેવા ગોળ સાથળવાળાં હોય છે.

સિંહના સમાન કમ્મર પ્રદેશવાળા હોય છે.

વજ્રના સમાન મધ્ય ભાગવાળા હોય છે.

ગોળ નાભિમંડલવડેકરી યુક્ત હોય છે.

શ્રીવત્સવડે કરી લાંછિત, વિશાલ ગોળ વક્ષસ્થલવાળા હોય છે.

નગરના દરવાજાના બારણાની ભોગળ સમાન લાંબા હાથવાળા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોય છે.

અત્યંત સુંદર મણિબંધવાળા હોય છે.

લાલ કમલના પત્ર સમાન, લાલ પગના તલિયાવાળા હોય છે. ચાર આંગુલ પ્રમાણ, ગોળ શંખના સમાન ડોકવાળા હોય છે. શરદ ઋતુના ચંદ્રમાનાં સમાન મુખવાળા હોય છે,

છત્રાકાર મસ્તકને વિષે સ્ફુટ પણાને પામેલા માથામાં કોમલ કેશવાળા હોય છે.

કમંડલું, કલશ, યૂપ સ્તૂપ, વાપી ધ્વજ, પતાકા, સ્વસ્તિક, યવ, મત્સ્ય, મકર, રથવર, સ્થાલ, કૂર્મ, અંશુક, અષ્ટાપદ અંકુશ, સુપ્રતિષ્ઠિક, મયૂર, શ્રીદામ, અભિષેક, તોરણ, મેદિની, જલધિ, વર ભવનઆદર્શ પર્વત, ગજ, વૃષભ, સિંહ, ચામર ઈત્યાદિક પ્રકારના મસ્તક લક્ષણોને ધારણ કરનારાહોય છે.

## સ્ત્રીઓ પણ

સુજાત સર્વાંગવડે કરી સુંદર હોય છે.

સ્ત્રીના સમસ્ત ગુણો વડે કરી સહિત હોય છે.

સંહિતાંગુલી પદ્મદલના પેઠે, સુકુમાર કાચબાના શરીર જેવા મનોહર ચરણવાલી હોય છે.

રોમ રહિત પ્રશસ્ત લક્ષણોપેત જંઘા યુગલવાલી હોય છે.

માંસવડે કરી પુષ્ટ ગૂઢ ઢીંચણવાળી હોય છે.

કેળના સ્થંભ સમાન પ્રશસ્ત સુકુમાળ પૃષ્ટ સાથળવાલી હોય છે.

માંસલ વિશાલ જંઘાયુગલવાળી હોય છે.

સ્નિગ્ધ, મનોહર, સુવિભક્ત, કોમળ, રોમરાજીવાળી હોય છે.

દક્ષિણાવર્ત શંખના સમાન, અભંગુર નાભિમંડળવાળી હોય છે.

પ્રશસ્ત લક્ષણોપેત કુક્ષીવાળી હોય છે.

સુસંગતબન્ને પડખાવાળી હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કનક સમાન, કોમલ ઉન્નતવૃત્ત સુંદર આકૃતિવાળા પુષ્ટ સુંદર સ્તનવાળી હોય છે.

સુકુમાર બાહુલતિકાવાળી હોય છે.

સ્વસ્તિક, શંખ, ચક્ર આકૃતિવાળા લક્ષણો યુક્ત હાથ પગના તળીયાવાળી હોય છે.

ઉત્તમ પ્રકારનાં શંખના જેવી માંસલ ડોકવાળી હોય છે.

પ્રશસ્ત લક્ષણોપેતમાં સલહનું, હડપસીવાળી હોય છે.

દાડમના પુષ્પના સમાન લાલ ઓષ્ટપુટવાળી હોય છે.

રક્ત કમળના સમાન લાલ તાળવા તથા જીભવાળીહોય છે.

વિકસ્વર કમલના સમાન વિસ્તારવાળા મનોહર નેત્રવાળીહોય છે.

ધનુષ્યને વિષે ચડાવેલ બાણના સમાન સારી ભ્રકુટીવાળી હોય છે.

પ્રમાણવડે કરી વ્યાપ્ત લલાટપટવાળી હોય છે.

સુસ્નિગ્ધ, કાંત, કોમળ કેશવાલીહોય છે.

પુરુષથીકાંઈક નીચા શરીરવાળીહોય છે.

સ્ફાર, ઉદાર, મનોહર વેષવાળી હોય છે.

સ્વભાવથી જ હસવું,બોલવું,વિલાસકરવો, વિષયને વિષે અત્યંત નિપુણતાવાળીહોય છે.

મનુષ્ય મનુષ્યણીઓ સ્વભાવથી જ સુંગધી મુખવાળા હોય છે.

પ્રતનું ક્રોધ, માન, માયા, લોભાદિકવાળા હોય છે.

સંતોષને ધારણ કરવાવાળા હોય છે.

ઉત્સુકતાવર્જિત હોય છે.

આર્જવ, માર્દવ સંયુક્ત હોય છે.

વૈરાદિક ભાવને ત્યાગ કરવાવાળા હોય છે.

સુવર્ણાદિકની પ્રાપ્તિ છતાં પણ મમત્વભાવવડે કરી રહિત હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મારી, જ્વરાદિકના રોગવડે રહિત હોય છે.

યક્ષ, પિશાચ, ગ્રહાદિક પીડાવડે રહિત છે.

હાથી, ઘોડા, ગાય, ભેંસ વિદ્યમાન છતાં પણ, તેના પરિભોગથી વિમુખ અને પગે ચાલનારા હોય છે.

છ માસ આયુષ્ય બાકી રહે ત્યારે યુગલ પ્રસૂતિધર્મ વાળા હોય છે.

યુગલીયાઓને મોહ, મમત્વ, યાગાદિક, નાટક, લોકોત્સવ, દેવ, પૂજાદિક વ્યવસાય ન હોય.

શકટાદિક પ્રવહણાદિક હોતા નથી.

ગર્તા, અગ્નિ, પ્રબલ વાયુ, વાદળા, મેઘ, વૃષ્ટિ, ઉત્પાત, ઉપદ્રવ, સંધ્યારાગ, સૂર્યગ્રહણ ચંદ્રગ્રહણ, ઈત્યાદિક કાંઈ પણ હોય નહિ.

ઘઉં, ચણા, મગ, મઠાદિક કોઈ પણ ધાન્ય પરિભોગીન હોય

જૂ માંકડ, મશક, દંશાદિક ન હોય. કોઈ પણ જાતના રજ, કંટકાદિક ન હોય.

વ્યાઘ્ર, સર્પ, સિંહાદિક ક્રૂર દુષ્ટ ન હોય, પણ પ્રશાંત હોય.

શીત કાલ, ઉષ્ણ કાલની બાધા ન હોય.

વેલડીઓ, સદા પત્ર, પુષ્પ, ફલોવડે સંયુક્ત હોય છે.

સાકરથી પણ અત્યંત મીઠી તે ભૂમિની માટી હોય છે.

ચક્રવર્તીના ભોજન કરતાં પણ અનંતગણા સ્વાદિષ્ટ મધુર કલ્પવૃક્ષોના ફળ ફૂલો હોય છે.

• છપ્પન અંતરદ્વીપના મનુષ્યો કરતાં ૫ હિમવંત અને ૫ હૈરણ્યવંતને વિષે મનુષ્યોના ઉત્થાન, બલવીર્યાદિક તથા કલ્પવૃક્ષોનો ફલોના સ્વાદ ભૂમિનું માધુર્ય પણ અનંતગણું અધિક હોય છે.

તેના કરતા ૫ હરિવર્ષ અને ૫ રમ્યક આ દશ ક્ષેત્રમાં તમામ ઉપરલા કરતા અનંતગુણાં મધુર હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેના કરતાં ૫ દેવકુરુ અને ૫ ઉત્તરકુરુ આ દસ ક્ષેત્રમાં ઉપરલા તમામ કરતા અનંતગુણાં મધુર હોય છે.

તે તમામ યુગલિયાઓ, વિચિત્ર પ્રકારના મહેલો, ધવલ ગૃહાદિક આકારવાળા, કલ્પવૃક્ષોમાં રહે છે, બેસે છે, ઊઠે છે, સુવે છે.તે કલ્પવૃક્ષો સદા ફળ ફૂલ પત્રોવડે યુક્ત દસ પ્રકારના હોય છે.

## દસ પ્રકારના કલ્પવૃક્ષો

૧. **મત્તંગ** નામે કલ્પવૃક્ષ બલી, વીર્ય, કાન્તિના હેતુભૂત સ્વભાવ, પરિણત, સરસ, સુગંધ, મનોહર, નાના પ્રકારના મદિરાપૂર્ણ ફલે કરી શોભિત શોભાયમાન હોય છે, તેથી કરીને યુગલીયાઓને સર્વાંગે આલ્હાદકારી મદ્યપાન સંભવે છે.

૨. **ભિયંગા** નામે કલ્પવૃક્ષ, વિસ્રસા પરિણતિ, મણિ, કનકમય, વિચિત્ર, સ્થાલ, કચોલાદિક ભાજને કરી પરિપૂર્ણ હોય છે.

૩. **તુડીયંગા** નામે કલ્પવૃક્ષ, તત,વિતત, ઘન, શુશિરભેદભિન્ન વાજીંત્રથી પરિપૂર્ણ હોય છે.

૪. **જોઈસિયા** નામે કલ્પવૃક્ષ, ઘણા પ્રકારના રત્નોવડે પરિપૂર્ણ હોય છે.

૫. **દિવસિહા** નામે કલ્પવૃક્ષ, મણિ કનકમય,દીવીયોએ, ઉદ્યોત કરતા, વિસ્રસા પરિણત, તેજોમંડલવડે પરિપૂર્ણ હોય છે.

૬. **ચિત્રાંગ** નામે કલ્પવૃક્ષ વિચિત્ર, સરસ, સુરભિ, પંચવર્ણ ફૂલોથી પરિપૂર્ણ હોય છે.

૭. **ચિત્રરસા** નામે કલ્પવૃક્ષ, કલમ, શાલી, દાલી, પકવાન્ન વ્યંજનાદિકથી અત્યંત માધુર્ય સ્વાદુતા ગુણોપેત વિચિત્ર ભોજ્ય વસ્તુથી પરિપૂર્ણ હોય છે.

૮. **મણિયંગા** નામે કલ્પવૃક્ષ વિસ્રસા પરિણત, મણિ, સુવર્ણમય, કેયૂર, નુપુર, હારાદિકથી પરિપૂર્ણ હોય છે.

૯. **ગેહાકારા** કલ્પવૃક્ષ, વિસ્રસા પરિણત, પ્રાકાર, નીસરણી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સોપાન પંક્તિ, વિચિત્રશાલા, ગવાક્ષ ગુપ્ત, પ્રકટ અનેક અપવર્ગ, કુટ્ટિમ તલાદિ અલંકૃત વિવિધ ધવલ ગૃહાદિકે પરિપૂર્ણ હોય છે.

૧૦ **અણિયંગા** નામે કલ્પવૃક્ષ સુકુમાલ દેવદુષ્યાનુકારી પ્રચૂર પ્રધાન વસ્તુઓથી પરિપૂર્ણ હોય છે.

એ દસે પ્રકારના કલ્પવૃક્ષો યુગલીયાની મનકામના પૂરે છે. તે યુગલીયાઓને છેલ્લે સમયે ઉધરસ, છીંક, બગાસુ ઇત્યાદિક નિમિત્તથી નિરાબાધપણે મરણ હોય છે અને તે યુગલિયાઓ મરીને ભુવનપતિથી માંડીને ઇશાન દેવલોક સુધી જાય છે. એટલે અંતરદ્વીપમાં જન્મેલાઓ ભુવનપતિ અને વ્યંતરો સુધીમાં જાયિ છે. હૈમવંત અને હિરણ્યવંતમાં જન્મેલાઓ સૌધર્મ દેવલોક સુધી જાય છે અને હરિવર્ષ રમ્યક, દેવકુરુ અને ઉત્તરકુરુમાં જન્મેલાઓ ઇશાન દેવલોકમાં જાય છે, કારણ કે ઇશાન દેવલોકને વિષે જઘન્ય આયુષ્યની સ્થિતિ પલ્યોપમથી અધિક હોય છે અનેપોતાના યુગલિકપણામાં જેટલું આયુષ્ય હોય તેટલા આ યુષ્યવાળા અગરહીન આયુષ્યવાળા થઇ દેવપણે ઉત્પન્ન થાય છે. સંખ્યાતાવર્ષના આયુષ્યવાલા મનુષ્ય તિર્યંચો મરીને યુગલિયા પણે ઉત્પન્ન થાયછે.

## યુગલિયાઓનો આહાર

પહેલે આરે તુવરના દાણા જેટલો હોયછે.

બીજે આરે બોર જેટલો હોય છે.

ત્રીજે આરે આંબળા જેટલો હોય છે.

આ સર્વ તુવર, બોર, આંબળા આરા પ્રમાણે જાણવા.

# ઉપદેશ અઠાવનમો

## ધર્મસ્વરૂપ અને શ્રાવકવ્રત

આધિ, વ્યાધિ, જરા અને મરણરૂપી સેંકડો જ્વાળાઓથી આકુળ એવો સંસાર, સર્વ જીવનો દેદીપ્યમાન અગ્નિ જ્વાળા જેવો છે, તેથી તેમાં પંડિતોએ લેશમાત્ર પણ પ્રમાદ કરવો યુક્ત નથી, કારણ કે રાત્રિએ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગમન કરવા લાયક એવા મરુદેશમાં અજ્ઞાની એવો કોણ માણસ પ્રમાદ કરે ? અર્થાત્ કોઈ જ નહિ.

અનેક જીવાયોનિરૂપ આવર્તોવડે કરી આકુલ એવા આ સંસારસમુદ્રમાં, અટન કરતા પ્રાણીઓને, ઉત્તમ રત્નના પેઠે, મનુષ્ય જન્મ પ્રાપ્ત થવો બહુ જ દુર્લભ છે.

દોહદ પૂરવાથી જેમ વૃક્ષ ફળ યુક્ત થાય છે તેમજ પરલોકનું સાધન કરવાથી પ્રાણીઓનો મનુષ્ય જન્મ સફળ થાય છે

આ સંસારમાં શઠ લોકોની વાણીની પેઠે પ્રથમ મધુર, અને પરિણામે અત્યંત દારૂણ એવા વિષયો વિશ્વને ઠગનારા છે. ઘણી જ ઊંચાઈનો અંત જેમ પડવા માટે જ થાય છે, તેમજ આ સંસારની અંદર વર્તતા, સર્વ પદાર્થોના સંયોગનો અંત વિયોગમાં જ છે.

જાણે પરસ્પર સ્પર્ધા કરતાહોય ને શું ? તેમ આ સંસારમાં પ્રાણિઓના યૌવન, આયુષ્ય, ધન એ સર્વે નાશવંત છે, તેમજ જવાની ત્વરાવાળા છે.

મરુદેશની ભૂમિને વિષે જેમ સ્વાદિષ્ટ પાણી મળી શકતું નથી,તેમજ આ સંસારની ચારે ગતિને વિષે કદાપિ કાળે સુખ પણ હોતું નથી. ક્ષેત્રદોષથી કલેશ પામેલાઅંને પરમાધામીઓએ કદર્થના કરેલા એવા નારકીના જીવોને સુખનો લવલેશ માત્ર ક્યાંથી હોય ?

શીત, વાત, આતપ અને પાણીથી તેમજ વધ, બંધન, અકન, દોહન, નાથન, મારણ, ક્ષુધા, તૃષા વિગેરેથી વિવિધ પ્રકારની પીડા પામેલા તિર્યંચોને પણ સુખ શું છે ?

ગર્ભાવાસ, આધિ, વ્યાધિ, ને ઉપાધિ, દુઃખ દ્રારિદ્રય અને દૌર્ભાગ્ય તેમજ જન્મ, જરા અને મૃત્યુથી ઉત્પન્ન થતા દુઃખોવડે કરી, આલિંગિત ભાવને પામેલા મનુષ્યનો પણ સુખનો ગંધમાત્ર કયાં છે ? પરસ્પર મત્સર, અમર્ષ, કલેશ તેમજ ચ્યવન વિગેરેના દુઃખોથી બળી રહેલા દેવતાઓને પણ સુખનો લેશમાત્ર નથી, તથાપિ જળ જેમ નીચી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભૂમિ પ્રત્યે જાય છે તેમજ પ્રાણીઓ અજ્ઞાનથી વારંવાર આ સંસાર તરફ જ ચાલે છે, માટે હે ચેતના વિવેકવંત જીવો ! હે જ્ઞાનવાળા ભવ્ય જીવો ! દૂધવડે કરી સંર્પનું પોષણ કરવાના પેઠે, તમે પોતાના માનવજન્મવડે કરી, સંસારનું પોષણ કરશો નહિ. હે વિવેકિયો ! આ સંસારનિવાસથી ઉત્પન્ન થતા અનેક દુઃખોને વિચારીને તમો સર્વ પ્રકારે મોક્ષને માટે પ્રયત્ન કરો. કારણ કે નરકાવાસના દુઃખ જેવું ગર્ભાવાસનું દુઃખ, સંસારની પેઠે કયારે પણ પ્રાણીઓને મુક્તિમાં પ્રાપ્ત થતું નથી.

કુંભીપાકના મધ્યમાંથી આકર્ષક કરાતા નારકીના જીવોની પીડા જેવી પ્રસવ વેદના, મોક્ષમાં ક્યારે પણ પ્રાપ્ત થતી નથી.

બહાર અને અંદર નાખેલા શલ્ય જેવા તેમજ પીડાના કારણરૂપ, એવા આધિ વ્યાધિ વિગેરે ત્યાં નથી.

યમરાજની અગ્ર દૂતી સર્વ પ્રકારનાતેજનેચોરનારી, સર્વથા પ્રકારે પરાધીન પણાને ઉત્પન્ન કરનારી, જરા-વૃદ્ધાવસ્થા પણ મોક્ષમાં નથી.

દેવ, મનુષ્ય, તિર્યંચ, નિરકગતિમા પેઠે ફરીથી ભવભ્રમણાના કારણરૂપ એવું મરણ પણ મોક્ષમાં નથી.

પરંતુ ત્યાં તો અમંદ, આનંદમય, અદ્વૈત, અક્ષય, અવ્યાબાધ સુખ સાથે શાશ્વત સ્થિતિ અને અખંડ કેવળજ્ઞાનરૂપી સૂર્ય વડે કરી અખંડ જ્યોતી ઝળકી રહેલી છે.

હંમેશા જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ત્રણ ઉજ્વળ રત્નોનું પ્રતિપાલન કરનારા મનુષ્યો જ મુક્તિને મેળવી શકે છે. તેમાં જીવાદિક તત્ત્વોનો સંક્ષેપથી અથવા વિસ્તારથી, યથાર્થ જે અવબોધ તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે. મતિ, શ્રુત, અવધિ મનઃ પર્યવ અને કેવળ એવા અન્વય સહિત ભેદોથી તે જ્ઞાન પાંચ પ્રકારનું છે તેમાં અવગ્રહાદિક ભેદોવાળું તથા બીજા બહુગ્રાહી અને અબહુગ્રાહી ભેદોવાળું અને ઇંદ્રિય તથા અનિંદ્રિયથી જે ઉત્પન્ન થાય તે મતિજ્ઞાન કહેવાય છે. પૂર્વ, અંગ, ઉપાંગ સૂત્રો, પ્રકીર્ણો, ગ્રંથો વિગેરેથી બહુ પ્રકારે વિસ્તારને પામેલું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તથા સ્યાત્ શબ્દવડે કરી લાંછિત એવું શ્રુતજ્ઞાન અનેક પ્રકારે કહેલું છે. દેવતા તથા નારકીના જીવોને ભવ સંબંધી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે અવધિજ્ઞાન કહેવાય છે તે અવધિજ્ઞાન ક્ષય ઉપશમ લક્ષણવાળું છે અને મનુષ્ય તથા તિર્યંચને આશ્રીને તેના મુખ્ય છ ભેદો કહેલા છે. મનઃપર્યવ જ્ઞાન ઋજુમતિ અને વિપુલમતિ એવા બે પ્રકારનું છે. તેમાં વિપુલમતિનું વિશુદ્ધિપણું અને અપ્રતિપાતિપણું વિશેષે કરીને સમજવાનું છે, સમગ્ર વ્યપર્યાયના વિષયવાળું વિશ્વનાલોચન સમાન એક અનંત, ઈંદ્રિયોના વિષય વિનાનું જે જ્ઞાન હોય તે જ્ઞાન કેવળજ્ઞાન કહેવાય છે.

શાસ્ત્રોક્ત તત્ત્વને વિષે જે રુચિ તે સમ્યક્શ્રદ્ધા કહેવાય છે. તે શ્રદ્ધા સમકિતસ્વભાવથી તથા ગુરુના ઉપદેશથી એમ બે પ્રકારે પ્રાપ્ત થાય છે. આઅનાદિ સંસારના આવર્તમાં વર્તતા પ્રાણીઓને જ્ઞાનાવરણીય દર્શનાવરણીય વેદનીય અને અંતરાય નામના કર્મોની ઉત્કૃષ્ટ સીત્તેર કોટાકોટી સાગરોપમની છે.

અનુક્રમે ફલના અનુભવથી તે સર્વ કર્મો પર્વતમાંથી નીકળેલી નદીમાં અથડાતો પત્થર જેમ ગોળ થઈ જાય છે તેમ તે ન્યાયે પોતાની મેળે ક્ષય પામે છે. એ પ્રમાણે કર્મની અનુક્રમે ૨૯, ૧૯, ૬૯ કોટાકોટી સાગરોપમની સ્થિતિ ક્ષય પામ્યે છતે. અને દેશે ઊણી કાંઈક ઓછી એક કોટાકોટી સાગરોપમની સ્થિતિ બાકી રહે છે. ત્યારે પ્રાણી યથાપ્રવૃત્તિ કારણ વડે કરી ગ્રંથીદેશને પ્રાપ્ત થાય છે. રાગદ્વેષના દુઃખે કરીને ભેદ કરી શકાય. એવા જે પરિણામ તે ગ્રંથી કહેવાય છે.

તે ગ્રંથી કાષ્ઠની ગાંઠ જેવી દુરચ્છેદ અને ઘણી જ દૃઢ હોય છેકિનારા સમીપે આવેલું વાયુપ્રેરિત વાહણ જેમ સમુદ્રમાં પાછું જતું રહે છે તેમ રાગાદિકથી પ્રેરેલા કેટલાએક જીવો ગ્રંથીને ભેદ્યા વિના જ ગ્રંથી સમીપથી પાછા ફરે છે.

કેટલાએક પ્રાણીઓમાર્ગમાં સ્ખલના પામેલા સરિતાના જળની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પેઠે કોઈ પણ પરિણામ વિશેષથીત્યાં જ વિરામ પામે છે ત્યાં જ ઠરી જાય છે. કોઈક પ્રાણીઓ કે જેમનું ભવિષ્યમાં ભદ્ર થવાનું હોય છે તેઓ અપૂર્વ કરણવડે કરી, પોતાના બળવીર્યને પ્રગટ કરીને મોટા માર્ગને ઉલ્લંઘન કરનારા મુસાફરો લોકો જેમ ઘાટની ભૂમિનું ઉલ્લંઘન કરી જાય છે. તેમજ દુર્લંધ્ય એવી ગ્રંથીને તત્કાળ ભેદી નાખે છે. પછી કેટલાએક ચારે ગતિવાળા પ્રાણીઓ, અનિવૃત્તિ કરણવડે કરીને, મિથ્યાત્વ વિરલ કરી, અંતર્મુહૂર્ત માત્ર સમ્યગ દર્શને પામે છે, તે નૈસર્ગિક સ્વાભાવિક સમ્યક્ શ્રદ્ધાન કહેવાય છે.

ગુરુના ઉપદેશના આલંબનથી ભવ્ય પ્રાણીઓને જે સમકિત ઉત્પન્ન થાયછેતે ગુરુના અધિગમની ઉત્પન્ન થએલું સમકિત ઉત્પન્ન થએલું સમકિત કેહવાય છે.

સમકિતના ઔપશમિક, સાસ્વાદન , ક્ષયોપશમિક વેદક અને ક્ષાયિક એવા પાંચ પ્રકાર છે.

જેની કર્મગ્રંથી ભેદ પામેલી છે એવા પ્રાણીને જે સમકિતનો લાભ પ્રથમ અંતર્મુહર્ત માત્ર થાય છે તે ઔપશમિક સમકિત કહેવાય છે.તેમજ ઉપશમશ્રેણીના યોગથી જેનો મોહ શાંત થયો છે એવા દેહીને, મોહના ઉપશમથી જે ઉત્પન્ન થાય છેપણ સમકિત ઔપશમિક કહેવાય છે.

સમ્યગ્ ભાવને ત્યાગ કરીને મિથ્યાત્વની સન્મુખ થએલા પ્રાણીને અનંતાનુબંધી કષાયનો ઉદય થતા ઉત્કૃષ્ટથી ૬ આવલી પર્યંત અને જઘન્યથી એક સમય સમકિતના પરિણામ રહે તે સાસ્વાદન સમકિત કહેવાય છે.

મિથ્યાત્વમોહનીયનો ક્ષય અને ઉપશમ થવાથકી ઉત્પન્ન થએલું ત્રીજું ક્ષાયોપશિમ સમ્યક્ત્વ કહેવાય છે.

જે સમકિત મોહનીના ઉદય પરિણામવાળા પ્રાણીને થાય છે તે વેદક નામનું ચોથું સમકિત કહેવાય છે.

ક્ષાયિકભાવને પ્રાપ્ત થએલા અનંતાનુબંધી કષાયની ચોકડી ક્ષય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થએલા, ક્ષાયક સમકિતની સન્મુખ થએલા, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય જેમની સમ્યક્ પ્રકારે ક્ષય પામી છે એવા અને સમકિતમોહનીના છેલ્લા અંશને ભોગવનારા એવા તથા સાત પ્રકૃતિને એટલે અનંતાનુબંધી કષાયની ચાર પ્રકૃતિ અને સમકિતમોહનીય, મિશ્રમોહની અને મિથ્યાત્વનોહની એ ત્રણે મળીને સાત પ્રકૃતિ જાળવી. તેને ક્ષીણ કરનારા એવા અને શુભ ભાવવાળા પ્રાણીને ક્ષાયિક નામનું પાંચમું સમકિત પ્રાપ્ત થાય છે.

સમકિત દર્શન ગુણથી, રોચક, દીપક અને કારક એવા નામથી ત્રણ પ્રકારનું છે.

તેમાં શાસ્ત્રોક્ત તત્ત્વોમાં હેતુ અને ઉદાહરણ વિના જે દઢપ્રતિતિ ઉત્પન્ન થાય તે રોચક સમકિત કહેવાય છે, અને જે બીજાઓ સમકિતને પ્રદીપ્ત કરે તે દીપક સમકિત કહેવાય છે, અને જે સંયમ અને તપ વિગેરે ને ઉત્પન્ન કરે તે કારક સમકિત કહેવાય છે.

તે સમકિત શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય એ પાંચ લક્ષણોથી સારી રીતે ઓળખાય છે.

અનંતાનુબધી કષાયનો ઉદય ન થાય તે શમ કહેવાય છે, અથવા સમ્યક્ પ્રકૃતિથી કષાયના પરિણામને જે જોવું તે પણ શમ કહેવાય છે. કર્મના પરિણામ અને સંસારની અસારતાને ચિંતવતા પુરુષને વિષયોમાં જે વૈરાગ્ય થાય છે તે સંવેગ કહેવાય છે.

સંવેગવાળા પુરુષને સંસારવાસ કારાગૃહ છે, અને સ્વજન જે છે તે બંધન છે, એવો જે વિચાર થયા કરે તે નિર્વેદ કહેવાય છે.

એકેંદ્રિય વિગેરે પ્રાણીઓને સંસારસાગરમાં ડૂબવાથી ઉત્પન્ન થતા કલેશને જોઈ, હૃદયમાં આર્દ્રતા તથા તેમના દુઃખે દુઃખી પણું, તેમજ તે દુઃખના નિવારણ કરવા માટે તેના ઉપાયોમાં, યથાશક્તિ પ્રવૃત્તિ કરવી તે અનુકંપા કહેવાય છે.

બીજા તત્ત્વો સાંભળતા છતાં પણ અર્હત તત્ત્વમાં આકાંક્ષા રહિત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિપત્તિ રહેવી તે આસ્તિક્ય કહેવાય છે.

એવી રીતેસમ્યગ્ દર્શન વર્ણવેલું છે. તેની ક્ષણવાર પણ પ્રાપ્તિ થતાં પૂર્વનું જે મતિ અજ્ઞાન પરાભવને પામીને, શ્રુત જ્ઞાનપણાને પામે છે, અને વિભંગજ્ઞાન પરાભવને પામીને અવધિજ્ઞાનના ભાવને પામે છે.

સર્વ સાવદ્ય યોગનો જે ત્યાગ તે ચારિત્ર કહેવાય છે, અને તે અહિંસાદિક વ્રતના ભેદથી પાંચ પ્રકારે કહેલ છે.

અહિંસા, સત્ય અચૌર્ય, બ્રહ્મચર્ય., અને અપરિગ્રહ-એ પાંચ વ્રતો પાંચ પાંચ ભાવનાઓ યુક્ત થવાથી મોક્ષને અર્થે થાય છે. પ્રમાદના યોગથી ત્રસ અને સ્થાવર જીવોના જીવિતવ્યનો નાશ ન કરવો તે અહિંસા વ્રત કહેવાય છે.

પ્રિય હિતકારી, સત્ય વચન બોલવું તે સત્યવ્રત કહેવાય છે, અપ્રિય અને હિતકારી, સત્ય વચન પણ અસત્ય સમાન જ ગણી શકાય છે. અદત્ત વસ્તુનું ગ્રહણ ન કરવું તે અસત્ય વ્રત કહેવાય છે, કેમકે દ્રવ્ય એ મનુષ્યનો બાહ્ય પ્રાણ છે, તેથી તેનું હરણ કરનાર પુરુષ તેના પ્રાણને હરણ કરે છે એમ જાણવું.

દિવ્ય એટલે વૈક્રિય અને ઔદારિક શરીરવડે કરી, અબ્રહ્મચર્ય સેવનનું, મન વચન, કાયાથી કરવું, કરાવવું અને અનુમોદન કરવું એ ત્રણે પ્રકારે વર્જન કરવું તે બ્રહ્મચર્ય વ્રત કહેવાય છે, અને તેના અઢાર થાય છે.

સર્વ પદાર્થો ઉપરથી મોહ મૂર્છાનો ત્યાગ કરવો તે અપરિગ્રહ વ્રત કહેવાય છે, કેમકે મોહથી અછતી વસ્તુમાં પણ ચિત્તનો વિપ્લવ થાય છે, યતિ ધર્માનુરક્ત એવા યતીંદ્રોને આ પ્રમાણે સર્વથી ચારિત્ર કહેલું છે, અને ગૃહસ્થોને દેશથી ચારિત્ર કહેલું છે.

સમકિત મૂળ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતએ પ્રમાણે ગૃહસ્થોના બાર વ્રતો છે. બુદ્ધિવંત પુરુષો એ પંગુપણું, કુષ્ટિપણું,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુશિત્વપણું વિગેરે હિંસાના ફળને દેખી, નિરાપરાધીત્રસ જંતુઓની હિંસા સંકલ્પથી પણ છોડી દેવી જોઈએ.

મન્મનપણું, કાહલપણું, મુંગાપણું,મુખરોગીપણું વિગેરે અસત્યના ફળને જોઇ, કન્યાઅલિ વિગેરે પાંચ મોટા અસત્ય છોડી દેવા, એટલે કન્યા, ગાય ભૂમિ સંબંધી અસત્ય, થાપણ ઓળવવી, ખોટી સાક્ષી પૂરવી, એ પાંચ સ્થૂળ મોટા અસત્ય કહેવાય છે તેને છોડી દેવા. દાસત્વ, દૌભાર્ગ્ય, દરિદ્રતા, કાસીદુ અંગનો છેદએ વિગેરે અદત્તાદાન ચોરી વિગેરેના ફળ જાણી સ્થૂળ ચૌર્યનો ત્યાગ કરવો, તે અદત્તાદાન ત્યાગ કહેવાય છે.

નપુંસકપણું અને ઈંદ્રિયનો વિચ્છેદ એ બ્રહ્મચર્યના ફળને જાણી, સદ્‌બુદ્ધિવંત પુરુષે, સ્વ સ્ત્રીમાં સંતુષ્ટ થઇ, પરસ્ત્રીનો ત્યાગકરવો,

અસંતોષ અવિશ્વાસ આરંભ અને દુઃખ એ સર્વ પરિગ્રહની મૂર્છાના ફળને જાણી, પરિગ્રહનું પ્રમાણ કરવું તે પાંચમુ અણુવ્રત કહેવાય છે.

દશે દિશામાં નિર્ણય કરેલી સીમાનું ઉલ્લંઘન ન કરવું, તે દિગ્‌વિરતિનામનું, પ્રથમ ગુણવ્રત કહેવાય છે

જેને વિષે શક્તિપૂર્વક ભોગ ઉપભોગની સંખ્યા કરાય તે ભોગોપભોગપ્રમાણ નામનું બીજું ગુણવ્રંત કહેવાય છે.

આર્ત અને રૌદ્ર એ બે અપધ્યાન, પાપકર્મનો ઉપદેશ, હિંસક અધિકરણોનું આપવું, તેમજ પ્રમાદાચરણનું સેવન કરવું, તે ચારે પ્રકારે અનર્થદંડ કહેવાય છે. શરીરાદિ અર્થદંડના પ્રતિપક્ષ પણે રહેલ અનર્થદંડનો ત્યાગ કરવો એ ત્રીજું ગુણવ્રત કહેવાય છે.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરીને, તથા સાવદ્ય કર્મને છોડી દઈને, અંતર્મુહુર્ત બે ઘડી સુધી સમતા ધારણ કરવી તે સામાયિક કહેવાય છે.

દિવસ અને રાત્રિ સંબંધી દિગ્‌વ્રતમાં પરિમાણ કરેલું હોય, તેનું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંક્ષેપણ કરવું, તે દેશાવકાશિક વ્રત કહેવાય છે. ચાર પર્વને દિવસે ઉપવાસ વિગેરે તપ કરવો, કુવ્યાપાર એટલે સંસાર સંબંધી સર્વ વ્યાપારનો ત્યાગ કરવો, તથા બ્રહ્મચર્ય પાળવું તેમ જ બીજી સ્નાનાદિક ક્રિયાનો ત્યાગ કરવો તે પૌષધવ્રત કહેવાય છે.

અતિથિ મુનિને ચતુર્વિધ આહાર વિગેરેનું દાન કરવું તે અતિથિ સંવિભાગ નામે વ્રત કહેવાય છે. મોક્ષની પ્રાપ્તિને અર્થે સાધુઓ અને શ્રાવકોએ સમ્યક્ પ્રકારે ત્રણ રત્નોની હંમેશા ઉપાસના કરવી.

## ઉપદેશ ઓગણસાઠમો

### મદ્યપાનથી થતું નુકસાન

સર્વ પ્રાણીઓને લક્ષ્મી વિદ્યુતના વિલાસના જેની ચપળ છે, સંયોગો છેવટે વિયોગોને જ પ્રાપ્ત કરાવનારા તથા સ્વપ્નમાં પ્રાપ્ત થએલા દ્રવ્ય જેવા છે, યૌવન મેઘની છાયા જેવું નાશવંત છે પ્રાણીઓનું શરીર જળના પરપોટાજેવું છે, તેથી આ અસાર સંસારમાં બીજું કાંઈ પણ સારભૂત નથી માત્ર જ્ઞાન, દર્શન, ચારિત્રનું પ્રતિપાલન કરવું તે જ સારભૂત છે.

તેમાં તત્ત્વ ઉપર જે શ્રદ્ધા, તે સમ્યક્ દર્શન કહેવાય છે, યથાર્થ તત્ત્વનો જેબોધ, તે જ્ઞાન કહેવાય છે, અને સાવદ્ય યોગની જે વિરતિ તે મુક્તિનું કારણ ચારિત્ર કહેવાય છે. તે ચારિત્ર મુનિઓને સર્વાત્મપણે અને ગૃહસ્થોને દેશથી હોય છે.

શ્રાવક યાવજ્જીવ દેશ ચારિત્રને વિષે તત્પર સર્વ સાધુઓનો ઉપાસક સંસારના સ્વરૂપનો જાણનારહોય છે, શ્રાવકે મદ્ય, મદિરા, માંસ, માખણ પાંચથી નવ પ્રકાર સુધી પાંચ પ્રકારના ઉદુંબરાદિક વૃક્ષોના ફળો એટલે ઉંબરો, વડલો, પીપર, પીપળો, કાક ઉદુંબર આના ફળો જીવોથી બહુ જ વ્યાપ્ત હોય છે તે, ૧૦ અનંતકાય કંદમૂળ ૧૧ અજાણ્યા ફળ ૧૨ રાત્રિભોજન ૧૩ કાચા દૂધ દહીં છાશના સાથે મળેલું દ્વિદલ એટલે ઊનું કર્યા વિનાના કાચા દૂધ,દહીં, છાશની સાથે જેની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બે ફાડો થાય છે તેવા મગ, અડદ, ચણા આદિ કઠોળ પદાર્થોની દાળ તેનો લોટ વિગેરે નાખી ખાય છે.

ઈતિહાસ પુરાણેમાં પણ કહેલું છે કે :

**गोरसं माषमध्येतु, मुद्गादिषु विशेषतः ।**

**भक्षमाणं भवेन्नूनं, मांसतुल्यं च सर्वदा ।।**

ભાવાર્થ : ગોરસ (કાચું દૂધ, કાચું દહી, કાચી છાશ એ ત્રણે ઊનું કર્યા વિનાના) અડદ સાથે,વિશેષથી મગ આદિની સાથે ભક્ષણ કરવાથી નિરંતર માંસ સમાન થાય છે. તમામ પ્રકારના કઠોળ સાથે ગોરસ, કાચુ દૂધ, કાચું દહી, કાચી છાશ ખાવાથી તે અન્ન માંસ તુલ્ય થાય છે, માટે તેવું ભક્ષણ જીવોએ કરવુ નહિ. આવું લખાણ અન્ય દર્શનીયોનાગ્રંથોમાં છે. જૈન દર્શનમાં વિશેષ નિષેધ છે, ત્યારે ઘણા જૈનો વિશેષે કરી ઉપરોક્ત પ્રમાણે જ ભક્ષણ કરે છે. પરંતુ તેથી તેનીગતિ સારી થવી મુશ્કેલ છે, માટે સદ્ગતિના કામી જૈનોએ તે ત્યાગ કરવા લાયક છે. શીખંડના જમણમાં મગની, ચણાની, વાલની દાળ પહેલી ખાય છે, તે ન ખાવી જોઈએ. કાચી છાશ અને ખીચડી ખાય છે તે ન ખાવી જોઈએ. કઢીમાં ચણાનો લોટ નાખી શીખંડના ભોજન વખતે ભાત કઢી  ખાય છે. ન ખાવા જોઈએ.કિં બહુના ? કઠોળની દાળ, કઠોળનો લોટ કાચા દૂધ,દહીં, છાશના સાથે તથા કઠોલના અન્નની સાથે કદાપિ કાળે ખાવા નહિ.

૧૪ પુષ્પિભાત, વાશી અન્ન, દાળ, ભાત રોટલી વિગેરે, અને બે  દિવસ વ્યતીત થએલું દહીં, કોહાઇ ગએલું અન્ન વિગેરે તથા ચલિત રસ, કાળ વ્યતીત થંયેલી મીઠાઇ વિગેરે, તથા આમાં ગણાવ્યા ઉપરાંત હિંમ, કરા, બરફ, સર્વ પ્રકારે વિષ, કાચી માટી, મીઠું, તુચ્છ ફલ, બોળ અથાણું, બહુબીજ અને વેંગણ વિગેરે મળી બાવીશ અભક્ષ્યો થાય છે તેને ત્યાગ કરવા.

**भवति मद्यवशेन मनो भ्रमो, भजति कर्म मनो भ्रमतो यतः ।**

**व्रजति कर्मवशेन च दुर्गति, त्यजत मद्यमतस्त्रिविधेन भोः ।।१।।**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવાર્થ : મદ્યપાન કરવાથી ભ્રમ ઉત્પન્ન થાય છે, ભ્રમ થવાથી કર્મબંધન થાય છે, કર્મબંધનથી દુર્ગતિમાં જાય છે, માટેહે મહાનુભાવો! મન, વચન, કાયા, ત્રિવિધ યોગથી સર્વથા પ્રકારે મદ્યનો ત્યાગ કરો.

દારુના પચ્ચખ્ખાણ કરનારાઓને વિશેષે ખ્યાલ રાખવાનો છે કે વિલાયતી દવામાં પણ વિલાયતી દારૂ આવે છે, તેની વપરાશ ગામ, નગર, પુર, પાટણ, શહેરાદિકમાં ઘરે ઘરે છે, માટે તેનો પણ બહિષ્કાર કરવો જોઈએ.

જેમ પુરુષ ચતુર છતાં પણ તેના દુર્ભાગ્યના ઉદયથી સ્ત્રી નહીં ઈચ્છતી તેનાથી દૂર રહે છે.

તેમ મદિરાના પાન કરનારા માણસથી બુદ્ધિ પણ દૂર રહે છે, મદિરાનું પાન કરી, પરવશ થએલા પાપી પુરુષો, પોતાની માતાને સ્ત્રીપણે અને સ્ત્રીને માતાપણે માને છે.

મદિરા પાન કરનાર પોતાનું ચિત્ત પરવશ થવાથી, ભ્રમિત થવાથી પોતાને કે પરને તેમજ પોતાના કે પરના પદાર્થોને જાણી શકતા નથી.

મડદાના પેઠે મુખને પહોળું કરી બજારમાં આલોટતા એવા, મદિરાપાન કરનારના મુખમાં વિવરની શંકાથી કૂતરાઓ લઘુનીતિ કરે છે.

મદ્યપાનના રસમાં મગ્ન થએલો માણસ, નગ્ન થઈ બજારમાં સૂવે છે, અને લીલામાત્રમાં પોતાનો ગુપ્ત અભિપ્રાય પણ લોકો સમક્ષ પ્રગટ કરી દે છે.

જેમ ચિત્રવિચિત્ર મહેલોની રચના, કાજળ લગાવવાથી નષ્ટ થઈ જાય છે, તેમજ મદ્યપાન કરનારની કીર્તિ, કાંતિ, બુદ્ધિ, લક્ષ્મી નષ્ટ થઈ જાય છે.

મદિરાપાન કરનાર ભૂત વળગેલાની પેઠે નાચે છે, કૂદે છે, શોક સહિત હોય તેમ પોકાર પાડે છે અને દાહ જ્વર થયો હોય તેમ પૃથ્વી પર લોટે છે.

મદિરા હળાહળ વિષની પેઠે અંગને શિથિલ કરે છે અને ઇંદ્રિયોને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગ્લાનિ આપી મહાન્ મૂર્ચ્છા પમાડે છે.

જેમ અગ્નિના એક તૃણ માત્રથી મોટી એવી ઘાસની ગંજી બળી જાયછે, તેમ મદ્યપાન કરનારના વિવેક સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા અને ક્ષણા વિગેરે વિલીન થઇ જાય છે.

મદિરાના રસમાં ઘણા સૂક્ષ્મ જંતુઓ ઉત્પન્ન થાય છે, તેથી હિંસાથી ઉત્પન્ન થતા ભીરુ પુરુષોએ કદાપિ કાળે-પ્રણાંતે પણ મદ્યપાન કરવું નહિ.

મદ્યપાન કરનારની બુદ્ધિ બહેર મારી જવાથી આપેલને નહિં આપેલ, લીધેલને નહિં લીધેલ કહે છે, કરેલને નહિ કરેલ અને નહિ કરેલને કરેલ કહે છે.

મદ્યપાન કરનાર માણસ મૂઢ બુદ્ધિવાળો થઇ, રાજયાદિકના ભયને વિસારી મુખમાં જેમ આવે તેમ બોલે છે. તથા ઇહલોક પરલોકના ભયને વિસારી દઇ, ઘરે બાહિર કે જંગલમાં જયાં મળે ત્યાંથી પારકાના દ્રવ્યને ખૂંચી લે છે.

મદ્યપાનના પરવશપણાથી ઉન્મત્ત થએલો માણસ, બાલિકા, યુવતી, બ્રાહ્મણી, ચંડાળણી, વૃદ્ધાઅવસ્થાવાળી વિગેરે સ્ત્રીઓ પ્રત્યે ગમન કરે છે.

મદ્યપાનના કેફમાં ચકચૂર થએલો માણસ, હસતો, રડતો, બેસતો, ઉઠતો, દોડતો, લોટતો, નમતો, ભમતો, નટની જેમ અનેક પ્રકારની ક્રિયા કરતો ભટકયા કરે છે.

નિરંતર અનેક પ્રાણીઓનું ભક્ષણ કરવાં છતાં પણ જેમ યમરાજ તૃપ્તિ પામતો નથી તેમજ સર્વ દોષોના કારણભૂત એવા મદ્યપાન કરનાર માણસ મદ્યપાનથી ધરાતો નથી, માટે જ રોગી જેમ અપથ્યનો ત્યાગ કરે છે તેમ સર્વ જીવોએ મદ્યપાનને ઉચ્છિષ્ટ પદાર્થ જાણીને દૂરથી જ છોડી દેવું જોઇએ.

જે માણસો પ્રાણીઓના પ્રાણને હરણ કરી માંસની ઇચ્છા કરે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે તે ધર્મરૂપી વૃક્ષના દયા નામના મૂળનું ઉન્મૂલન કરે છે, જે માણસ હંમેશા માંસનું ભક્ષણ કરતો દયા પાળવાની ઈચ્છા કરે છે તે પ્રજ્વલિત અગ્નિમાં વેલડીઓને રોપણ કરવાનું ઈચ્છે છે. જે માણસ માંસભક્ષણ કરવામાં લુબ્ધ હોય છે તેની બુદ્ધિ દુર્બુદ્ધિવાળી ડાકણના પેઠે તમામ પ્રાણીને હણવામાં પ્રવર્તેલી છે.

જેઓ દિવ્ય ભોજન છતાં પણ માંસનું ભક્ષણ કરે છે તેઓ અમૃત રસને છોડી હલાહલ વિષનું ભક્ષણ કરે છે.

જે માણસ નરકરૂપી અગ્નિમાં લાકડાના જેવા પોતાના માંસને બીજા જીવોના માંસથી પોષણ કરવાની ઈચ્છા કરે છે તેના જેવો બીજો કોઈ પણ જીવ કનીષ્ટ તેમજ નિર્દય નથી.

શુક્ર અને શોણિતથી ઉત્પન્ન થએલા વિષ્ટારસથી વધેલા લોહી વડે કરી ઠરી ગએલા અને નરકમાં પડવાના ફલના સમાન માંસનું કોણ બુદ્ધિમાન ભક્ષણ કરે ?

**आमासु अ पक्कासु अ, विपच्चमाणासु मंसपेसीसु ।**
**सययं चिय उववाओ, भणिओ अ निगोअ जीवाणं ॥१॥**

ભાવાર્થ : કાચા, પાકામાં સમાં અને પચવાતી એવી માંસની પેશીમાં સદા નિરંતર નિગોદીયા જીવોનો ઉપપાત કહેલો છે.

**मांसाशिनो नास्ति दया सुभाजां, दयां विना नास्ति जनस्य पुण्यम् ।**
**पुण्यं विना याति दुरंत दुःख, संसारकांतारमलभ्यपारम् ॥२॥**

ભાવાર્થ : માંસભક્ષણ કરનારને પ્રાણીયોને વિષે દયા હોતી નથી, દયા વિના માણસને પુણ્ય થતું નથી, પુણ્ય વિના પ્રાણિયો દુઃખે કરીને અંત થાય તેવા પારવિનાના મોટા સંસારવનના દુઃખને પામે છે એટલે પુણ્ય.રહિત જીવો દીર્ઘકાળ સુધી સંસાર રૂપી વનમાં ભટકયા કરે છે, પરંતુ ભવનો પાર પામતા નથી.

**मज्जे महुंमि मंसंमि, न वणीयंमि चउत्थए ।**
**उप्पज्जंति असंखा तव्वन्ना तत्थ जंतुणो ॥१॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવાર્થ : મદિરામાં, મધમાં, માંસમાં, માખણમાં, તેજ વર્ણ(રંગ)ના અસંખ્ય જંતુઓ ઉત્પન્ન થાય છે.

**नागपडलग्रंथेपि**

**मद्ये मांसे मधुनि च, नवनीते बहिर्नीते ।**

**उत्पद्यंते विघट्यंते, सुसूक्ष्माजंतुराशयः ॥१॥**

ભાવાર્થ : મદ્યમાં, માંસમાં, મધમાં અને છાશથી બહાર કાઢેલ માખણમાં ઘણા સૂક્ષ્મ જીવોના ઢગલા ઉત્પન્ન થાય છે ને મરે છે.

અંતર્મુહૂર્ત પછી તુરત જેના અંદર અનેક સૂક્ષ્મ જંતુઓ ઉત્પન્ન થાય છે તેવા માખણને કદિપણ વિવેકી પુરુષોએ ખાવું નહિ. જ્યારે એક જીવની હિંસામાં વિશેષે કરી પાપ કથન કરેલ છે તો અનેક જીવોની હિંસામય માખણનું ભક્ષણ કોણ ડાહ્યો પુરુષ કરે ? અર્થાત્ કોઈ જ નહિ.

જે અનેક જંતુઓની હિંસાથી ઉત્પન્ન થએલું છે તેમજ જે લાળની જેમ જાગુપ્સા કરવા લાયક છે, એવા મધને કયો ડાહ્યો માણસ ચાખનાર હતો ? અર્થાત્ કોઈ જ નહિ, કારણ કે એક એક પુષ્પના રસને લઇને મક્ષિકાએ વમન કરેલા મધ્યને ધાર્મિક પુરુષો કદાપિ કાળે ખાતા નથી.

**सप्तग्रामेषु यत्पाप-मग्निना मस्मात्कृते ।**

**तत्पापं जायते जंतो र्मध्वैकबिंदुभक्षणे ॥१॥**

ભાવાર્થ : સાત ગામને અગ્નિથી ભસ્મીભૂત કરવા વડે જેટલું પાપ થાય છે. તેટલું પાપ પ્રાણિયોને મધના એક બિંદુના ભક્ષણ કરવાથી થાય છે.

આવી રીતે અન્ય દર્શનીના પુસ્તકોમાં કહેલ છે, તો જૈન દર્શનના પુસ્તકોમાં મધ ખાવાનો નિષેધ હોય તેમાં આશ્ચર્ય શું ? ઘણા જીવો મધના પચ્ચખાણ કરે છે, પણ દવાના અંદર છૂટ રાખે છે. આ તેમની મોટી ભૂલ છે, મધ દવામાં ખાવાથી કાંઈ જીવિતવ્ય બચાવે તેમ નથી. પણ દવાના સાથે મધ ખાધુ હોય અને આયુષ્ય પૂર્ણ થઇ ગયું હોય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો દુર્ગતિમાં જાય છે. માટે માંદગીના ટાઈમને વિષે પણ સર્વથા મધ છોડી દેવું.

ઉંબરો, વડ, પીપર, પીપળો, કાકઉદંબરના ફળો, ઘણા જ જીવજતુંઓથી સંપૂર્ણ ભરેલા હોય છે તેથી તે પાંચે વૃક્ષોના ફળો કદાપિ કાળે ખાવા લાયક નથી. બીજું ભક્ષ્ય ન મળ્યું હોય અને શરીર ક્ષુધાથી દુર્બલ થયું હોય તો પણ પુન્યશાળી જીવોએ એ પાંચેમાંથી એકેના પણ ફળ ખાવા નહિ.

સર્વ જાતિના આદ્ર કંદ, સર્વ જાતિના કુંપળીયા, સર્વ જાતિના થોર, લવણ વૃક્ષની છાલ, કુંવાર, ગિરિકર્ણિકા, શતાવરી, વિરૂઢ, ગડુચી, કોમળ આંબલી, પલ્યંક, અમૃતવેલ, સુકર જાતિના વાલ અને બીજા સૂત્રમાંહે કહેલા જે અનંતકાયના પદાર્થો કે જે મિથ્યાદષ્ટિઓથી અજાણ્યા છે તે સર્વનો દયાળુ જીવોએ પ્રયત્નથી ત્યાગ કરવો.

શાસ્ત્રોને વિષે નિષેધ કરેલા ફળોનું ભક્ષણ કરવામાં, તેમજ વિષફળનું ભક્ષણ કરવામાં આ જીવની પ્રવૃત્તિ ન થાઓ એ હેતુથી ડાહ્યા માણસોએ, પોતે જાણેલા ફળનું ભક્ષણ કરવું પરંતુ અજાણ્યું ફળ ખાવું નહિ,

રાત્રિને વિષે નિરંકુશપણે ફરતા, પ્રેત પિશાચ વિગેરે ક્ષુદ્ર દેવોથી અન્ન ઉચ્છિષ્ટ કરાય છે, તેથી રાત્રિને વિષે કદાપિ કાળે ભોજન કરવું નહિ,

## રાત્રિ ભોજનથી થતું નુકસાન

રાત્રિના ઘોર અંધારા સમયે, માણસની દષ્ટિ રુંધાએલી હોવાથી ભોજન વિષે પડતા જંતુઓને તેનાથી જોઈ શકાતા નથી, તેવા રાત્રિભોજનને કોણ કરે ?

રાત્રિએ ભોજન કરવાથી, ભોજનમાં કદાચ કીડી આવી ગઇ હોય તો બુદ્ધિનો નાશ કરે છે, જૂ ખાવામાં આવી ગઇ હોય તો જળોદરનો રોગ થાય છે, માખી ખાવામાં આવી ગઇ હોય તો વમન કરાવે છે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરોળીયો આવી ગયો હોય તો કુષ્ટનો રોગ કરે છે, કાંટો તેમજ લાકડાનો ટુકડો ખાવામાં આવી ગએલ હોય તો ગળાને વિષે પીડા કરે છે, વીંછી આવી ગએલ હોય તો તાળવાને વીંધે છે-ડંખ મારે છે, વાળ આવી ગયો હોય તો ગળામાં પીડા કરી સ્વરભંગ કરે છે - આ વિગેરે અનેક દોષોને સર્વે મનુષ્યોએ રાત્રિ ભોજનમાં દેખેલ છે. વળી રાત્રિએ સૂક્ષ્મ જંતુઓ પણ દેખવામાં નહિ આવવાથી, પ્રાસુક પદાર્થો પણ રાત્રિએ ખાવા નહિં કારણ કે તે વખતે ભોજનમાં અનેક સૂક્ષ્મ જંતુઓની ઉત્પત્તિ સંભવે છે.

જેમાં અનેક જીવો ઉત્પન્ન થાય છે, તેવા રાત્રિભોજનને જમનારા મૂઢ માણસો, રાક્ષસથકી પણ અધિક અધમ ગણાય છે.

જે માણસ રાત્રિદિવસ ભક્ષણ ભોજન કર્યા કરે છે તે શ્રૃંગ પુચ્છ વિનાના સાક્ષાત્ પશુ સમાન ગણાય છે.

રાત્રિભોજનના નિયમને જાણનાર જે માણસ દિવસમાં પ્રારંભની તથા અંતની બબે ઘડીનો ત્યાગ કરીને ભોજન કરે છે તે પુન્યશાળી કહેવાય છે.

જેમ રૂા. આપ્યા હોય પરંતુવ્યાજ લેવાનું નામ ન પાડેલું હોય, તેમજ બોલી ન કરેલી હોય તો વ્યાજનો વધારો મળી શકતો નથી, તેમજ કોઈ માણસ રાત્રિભોજન ન કરતો હોય, પરંતુ જો નિયમ ન કરેલો હોય તો તે ચોખા ફળને પામી શકતો નથી, માટે જ રાત્રિભોજનનો નિયમ કરવો જોઈએ.

જે માણસ દિવસનો ત્યાગ કરી રાત્રિએ ભોજન કરે છે, તે માણસ રત્નોનો ત્યાગ કરી કાચનો સ્વીકાર કરે છે.

રાત્રિભોજન કરનારા પરભવને વિષે ઘુવડ, કાગડા, બિલાડા, ગીધ, શંબર, મૃગ, ભુંડ, સર્પ, વીંછી ઘો, ઘરોળી વિગેરેના અવતારોને પામે છે.

જે ભાગ્યશાળી જીવો રાત્રિભોજનનો પરિહાર કરે છે તેઓ પોતાના આયુષ્યના અર્ધા ભાગના ઉપવાસના ફળને જરૂર પામે છે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમાં બીલકુલ શક જેવું નથી.

જેટલા ગુણો રાત્રિભોજન ત્યાગ કરવામાં રહેલા છે તેટલા ગુણો સદ્‌ગતિને જ ઉત્પન્ન કરનારા છે,તેવા ગુણોની ગણત્રી કરવા કોણ સમર્થ થઇ શકે ?

કાચા ગોરસ, દુધ-દહીં, છાશમાં, દ્વિદળ કઠોળ મળવાથી, તેમાંથી ઉત્પન્ન થતાં સૂક્ષ્મ જીવોને કેવળી મહારાજાએ દેખેલો છે તેથી તેને પણ વર્જવા જોઈએ.

દયાધર્મમાં તત્પર એવા માણસોએ, જંતુમિશ્ર, પુષ્પો, ફળોનો ત્યાગ કરવો જોઈએ.

જીવોમિશ્રિત અથાણા કે, જેમાં દીર્ઘકાળ રહેવાથી ઘણા ત્રસ જીવો ઉત્પન્ન થાય છે તેને પણ વર્જવા જોઈએ.

આવી રીતે સર્વ ધર્મમાં દયામય ધર્મ જ મુખ્ય છે, એમ જાણીને ભક્ષ પદાર્થોને વિષે પણ,વિવેકબુદ્ધિવાળો શ્રાવક અનુક્રમે સંસારથી મુક્ત થાય છે.

## ઉપદેશ સાઠમો

### શ્રાવકના વ્રતો

હે ભવ્ય જીવો ! જન્મ, જરા, મરણ, રોગ, શોકથી ભરેલા આ સંસારરૂપ મહાઅરણ્યમાં ધર્મ વિના બીજો કોઈ પણ ત્રાતા નથી, માટે હંમેશા તેને જ સેવવા લાયક છે. તે ધર્મ સર્વવિરતિ અને દેશવિરતિ એમ બે પ્રકારે છે. તેમાં અનગારી સાધુઓનો, પહેલો સર્વવિરતિ ધર્મ છે, તે સંયમાદિ દશ પ્રકારનો છે, અને આગારી ગૃહસ્થનો બીજો દેશવિરતિ ધર્મ છે. તે પાંચ અણુવ્રત, ત્રાણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ બાર પ્રકારનો છે.

હવે જો તે વ્રતો અતિચારવાળા હોય છે, તો તે સુકૃતને આપતા નથી, તેથી તે એક એક વ્રતના પાંચ પાંચ અતિચારો છે, તે ત્યજવા લાયક છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પહેલાં અહિંસા વ્રતના પાંચ અતિચારો નીચે મુજબ કહેલા છે. ક્રોધ વડે કરી બંધ ૧, છવિચ્છેદ ૨, અધિક ભારનું આરોપણ ૩, પ્રહાર ૪, અને અન્નાદિકનો રોધ ૫, એ પાંચ અતિચાર છે.

બીજા મૃષાવાદ વ્રતના ત્યાગમાં પાંચ અતિચારો કહેલા છે. સત્ય વચન ઉપર મિથ્યા ઉપદેશ ૧, સહસા અભ્યાખાન ૨, ગુહ્ય ભાષણ, ૩, વિશ્વાસીએ કહેલા રહસ્યનો ભેદ ૪, અને કૂટલેખ ૫, એ પાંચ અતિચાર છે.

ત્રીજું વ્રત અસ્તેય ચોરી ન કરવી તેના પાંચ અતિચાર છે ચોરને અનુજ્ઞા આપવી. ૧, ચોરેલી વસ્તુને ગ્રહણ કરવી ૨, શત્રુ રાજ્યનું ઉલ્લંઘન કરવું, પ્રતિરૂપ વસ્તુનો ભેળસંભેળ કરવો ૪, અને તોલા, માન, માપ ખોટા રાખવા-એ પાંચ અતિચાર છે.

ચોથું વ્રત બ્રહ્મચર્ય છે, તેના પાંચ અતિચાર છે. અપરિગૃહિતાગમન ૧, ઈત્વરપરિગૃહિતા ગમન ૨, પરવિવાહકરણ ૩. તીવ્ર કામભોગ અનુરાગ ૪. અને અનંગક્રીડા ૫, એ પાંચ અતિચાર છે.

પાંચમું અપરિગ્રહવ્રતના પાંચ અતિચાર છે, ૧ ધનધાન્યના પ્રમાણનું અતિક્રમપણું ૨. તાંબાપીતળ વિગેરેના પ્રમાણનું અતિ ક્રમપણું, ૩ દ્વિપદ ચતુષ્પદના પ્રમાણનું અતિક્રમપણું ૪. ક્ષેત્રવસ્તુના પ્રમાણનું અતિક્રમપણું, ૫ રૂપ્ય સુવર્ણના પ્રમાણનું અતિક્રમપણું એ પાંચ અતિચાર છે. તે પાંચ અતિચારો અનાજના નાના મોટા માપ કરવાથી, દ્વિપદ, ચતુષ્પદના ગર્ભ ધારણ કરવાથી એલીવૃદ્ધિથી, તામ્રાદિકના ભાજનો નાના મોટા કરવાથી, ક્ષેત્ર કે ઘર વિગેરેની ભીંત કે વાડ વચ્ચેથી કાઢી નાખી એકત્ર કરી દેવાથી અને રૂપ્ય, સુવર્ણ કોઇને આપી દેવાથી લાગે છે, માટે તે પાંચ અતિચાર વ્રત ગ્રહણ કરનારે લગાડવા યોગ્ય નથી.

૧. સ્મૃતિ ન રહેવી ૨. ઉપર જવાના, ૩. નીચે જવાના, ૪. તિર્ચ્છા જવાના પ્રમાણનું ઉલ્લંઘન કરવું, ૫. ક્ષેત્રની હાનિ વૃદ્ધિ કરવી તે પાંચ છઠ્ઠા દિગ્‌વિરતિ વ્રતના અતિચારો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧. સચિત્ત ભક્ષણ ૨. સચિત્તના સંબંધવાળા પદાર્થનું ભક્ષણ તુચ્છ ઔષધીનું ભક્ષણ. ૪ અપકવ વસ્તુનો ૫ તથા દુ:પકવ વસ્તુનો આહાર-એ પાંચ અતિચાર ભોગોપભોગ પ્રમાણ નામના સાતમા વ્રતના છે, અને તે અતિચારો ભોજન આશ્રિ ત્યાગ કરવાના છે.

બીજા પંદર કર્મથી ત્યાગ કરવાના છે, તેમાં ખરકર્મનો ત્યાગ કરવો તે ખરક્રમ પંદર પ્રકારના કર્માદાન રૂપ છે, તે નીચે પ્રમાણે છે.

૧ અંગારજીવિકા. ૨ વનજીવિકા. ૩ શકટજીવિકા. ૪ ભાટકજીવિકા. ૫ સ્ફોટકજીવિકા. ૬ દંતવાણિજ્ય. ૭ લક્ષવાણિજ્ય. ૮ રસવાણિજ્ય ૯ કેશવાણિજ્ય. ૧૦ વિષવાણિજ્ય. ૧૧ યંત્રપીડા ૧૨ નિર્લાછન. કર્મ, ૧૩ અસતીપોષણ. ૧૪ દવદાન. ૧૫ સરશોષણ એ પંદર પ્રકારના કર્માદાન કહેવાય છે.

૧ અંગારની ભટ્ઠી કરવી, કુંભાર, લુવાર, સુવર્ણકારપણુ કરવું અને ચૂનો ઇંટો પકાવવા. એ કામો કરી જે આજીવિકા ચલાવવી તે અંગારજીવિકા કહેવાય છે.

૨. છેદેલા અને વગર છેદેલા, વનના પુષ્પ ફળોને લાવી વેચવા, અને અનાજને દળવું, ખાંડવું, એ વિગેરે કામો કરીને આજીવિકા ચલાવવી તે વનજીવિકા કહેવાય છે.

૩. શકટ તે ગાડા, અને તેના પૈડા, ધરી વિગેરે અંગો ઘડવા, ખડવા અને વેચવા, એથી જે આજીવિકા ચલાવવી તે શકટ જીવિકા કહેવાય છે.

૪.ગાડા, બળદ, પાડા, ઉંટ, ખર, ખચ્ચર, ઘોડા વિગેરે ભાડે આપી, ભાર વહન કરાવીને તેના વડે જે આજીવિકા કરવી તે ભાટકજીવિકા છે,

૫. સરોવર, કુવા વિગેરેને ખોદવા, શિલા પાષાણને ઘડવા, એમ પૃથ્વી સંબંધી જે કાંઇ આરંભ કરવા અને તે વડે કરી આજીવિકા કરવી તે સ્ફોટક જીવિકા કહેવાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬. પશુઓના દાંત,કેશ, અસ્થિ, નખ, ત્વચા અને રૂવાડાં વિગેરેને તેના ઉત્પત્તિ સ્થાનોથી ગ્રહણ કરી, ત્રસ અંગોનો. જે વ્યાપાર કરવો તે દંતવાણિજ્ય.

૭. લાખ, મણશિલ, ગળી, ધાવડી અને ટંકણખાર વિગેરે વસ્તુઓનો જે વ્યાપાર કરવો, તે પાપના ગૃહરૂપ લક્ષ વાણિજ્ય કહેવાય છે

૮. ચરબી, માખણ, મધ, મદિરા વિગેરે વસ્તુઓનો જે વ્યાપાર કરવો, તે રસવાણિજ્ય કહેવાય છે.

૯. બે પગવાળા મનુષ્યાદિ, અને ચાર પગવાળા પશુઓ આદિનો જે વ્યાપાર કરવો, તેકેશ વાણિજ્ય કહેવાય છે.

૧૦. કોઈ પણ જાતનું ઝેર, કોઈ પણ જાતનું શસ્ત્ર, હળ, યંત્ર, લોહ અને હડતાળ વિગેરે જીવિતવ્યના નાશને કરનારી વસ્તુઓનો જે વ્યાપાર કરવો, તે વિષવાણિજ્ય કહેવાય છે.

૧૧. તલ, સરસવ, શેલડી, એરંડા વિગેરે જળયંત્રાદિક વિગેરેથી જે પીલવા, તથા પત્રમાંથી તેલ અંતર કાઢીને તેનો વ્યાપાર કરવો, તે યંત્રપીડા કહેવાય છે.

૧૨.પશુઓના નાક વિંધાવવા, ડામ દઈ તેને આંકવા, મુષ્કચ્છેદ (ખાસ્ત કરવા), પૃષ્ટ ભાગને ગાળવો અને કાન વિગેરે અંગને વીંધવા તે નિર્લાંછન કર્મ કહેવાય છે,

૧૩. દ્રવ્યના માટે, મેના, પોપટ, માર્જર, કુતરા અને કુકડા, મોર વિગેરેને પાળવા-પોષવા અનેદાસીઓનું પોષણ કરવું તે અસતી પોષણ કહેવાય છે.

૧૪. વ્યસનથી અથવા પુન્યબુદ્ધિથી એમ બે પ્રકારે દાવાનળ મૂકવો તે દવદાન કહેવાય છે,

૧૫. સરોવર, નદી, દ્રહો વિગેરેના જળોને શોષી લેવાના જે ઉપાયો કરવા તે સરશોષણ કહેવાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પ્રમાણે પંદર કર્માદાન છે તે તેનો ત્યાગ કરવો,

૧. સંયુક્ત અધિકરણતા, ૨. ઉપભોગ અતિરિક્તતા, ૩ અતિવાચાલતા, ૪. કૌકુચ્ય અને ૫. કંદર્પ ચેષ્ટા, એ પાંચ અતિચાર અનર્થદંડવિરમણ નામના આઠમા વ્રતના છે.

૧. મનથી. ૨. વચનથી. ૩ કાયાથી દુષ્ટ પ્રણિધાન. ૪. અનાદર અને ૫. સ્મૃતિનું અનુસ્થાપન, એ પાંચ અતિચાર સામાયિક વ્રતના છે.

૧. પ્રેષ્ય પ્રયોગ. ૨ આનયન પ્રયોગ. ૩ પુદ્ગળનો પ્રક્ષેપ. ૪ શબ્દાનુપાત. ૫ અને રૂપાનુપાત, એ પાંચ અતિચારો દેશાવગાશિક વ્રતના છે.

૧ સંથારાદિક. ૨ બરાબર જોયા વિના. ૩ પ્રમાજ્યા વિના લેવા મૂકવા ૪ તથા અનાદર ૫ અને સ્મૃતિનું અનુસ્થાપન એ પાંચ અતિચાર પૌષધ વ્રતના છે.

૧. સચિત્તની ઉપર મૂકી દેવું. ૨ સચિત્તવડે કરી ઢાંકવું. ૩ કાળનું ઉલ્લંઘન કરી આમંત્રણ કરવા જવું. ૪ મત્સર રાખવો, અને ૫ વ્યપદેશ કરવો, એ પાંચ અતિચાર અતિથિ સંવિભાગના છે.

એ ઉપરોક્ત કહેલા અતિચારોને ટાળનારો અને શુદ્ધ વ્રતોને પાળનારો શ્રાવક પણ, શુદ્ધ આત્મા પણ, અનુક્રમે ભવબંધનથી મુક્ત થઈ જાય છે.

## ઉપદેશ એકસઠમો

### સંસાર દુઃખોની ખાણ

અહો ! અહો ! લાખો યોનિરૂપી મહાઘુમરીઓમાં પડવાના કલેશથી, ભયંકર એવા આ સંસારરૂપી સમુદ્રને ધિક્કાર છે, ઇંદ્રજાળ અને સ્વપ્નજાળની પેઠે, આ સંસારને વિષે ક્ષણવાર જોવામાં આવતાં, અને ક્ષણવારમાં નાશપામતાં પદાર્થોથી સર્વે જંતુઓ મોહ પામે છે, એ કેવી ખેદકારક વાત છે, યૌવન રૂપી પવને કંપાવેલા પતાકાના છેડાની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પેઠે ચંચળ, તેમજ કુશાગ્ર ભાગને વિષે રહેલા ચંચળ જળના બિંદુના પેઠે આયુષ્ય જે તે પણ નાશવંત છે,

એ આયુષ્યનો કેટલોએક ભાગ, ગર્ભાવાસની અંદર નરકવાસના પેઠે, મહાદુઃખે કરીને વ્યતીત થાય છે, અને તે સ્થિતિના મહિનાઓ પલ્યોપમના જેવા થઇ પડે છે. જન્મ્યા પછી બાલ્યાવસ્થાના આયુષ્યનો કેટલો ભાગ અંધની પેઠે પરાધીનપણામાં જ ચાલ્યો જાય છે. યૌવનમાં ઇંદ્રિયાર્થને આનંદ આપનારા સ્વાદિષ્ટ રસના આસ્વાદમાં જ કેટલા આયુષ્યનો ભાગ ઉન્મત માણસના પેઠે વ્યર્થ જાય છે અને વૃદ્ધાવસ્થાં, ત્રિવર્ગ સાધનામાં અશક્ત થએલા, પ્રાણીઓનું અવશેષ આયુષ્ય સૂતેલા માણસની પેઠે ફોગટ ચાલ્યું જાય છે. જેમ વિષયના સ્વાદથી લંપટ થએલ પુરુષ રોગના માટે જ કલ્પાય છે, તેમ આવી રીતે જાણતાં છતાં પણ સંસારી જીવો, સંસારને માટે કલ્પાય છે. સંસારી જીવો સંસારની વૃદ્ધિ કરવા માટે જ તેની ચેષ્ટા કરવાથી પરિભ્રમણ માટે જ કલપ્યા છે, યૌવનવયમાં વિષયને માટે, મનુષ્યો જેવી રીતે પ્રયત્ન કરે છે. તેવી રીતે જો મુક્તિને માટે પ્રયત્ન કરે તો, શું ન્યૂન રહે ? વળી કરોળીઓ, પોતાની જ તંતુજાળમાં વીંટાઇ જાય છે તેમ પ્રાણીઓ પણ પોતાના જ કરેલા કર્મપાશમાં પોતે જ વીંટાઇ જાય છે.

સમુદ્ર મધ્યે નાખેલ યુગમશીલા-એકત્ર મળવા જેમ મહામુશીબત છે તેમ જ પ્રાણીઓને ઘણા જન્મો કર્યા છતાં પણ મનુષ્યજન્મની પ્રાપ્તિ થતી બહુ જ મુશીબત છે, કારણ કે ઘણા પુન્યના યોગે જ મનુષ્યપણું પ્રાપ્ત થાય છે.

તેમાં પણ આર્ય દેશમાં જન્મ, સારા કુળની પ્રાપ્તિ અને ગુરુકુળ સેવા-એવી દુષ્કર સામગ્રી પામ્યા છતાં પણ જે પ્રાણી પોતાના કલ્યાણને માટે પ્રયત્ન કરતો નથી. તે તૈયાર રસોઇ મળ્યા છતાં પણ ભૂખ્યો બેસી રહેનાર માણસના જેવો છે તેમ જાણવું.

સ્વાર્ગાદિક ઊર્ધ્વ ગતિ અને નરકાદિક અધોગતિ આ બન્ને પોતાને જ આધીન જ છે, તો પણ જડ બુદ્ધિવાળા પ્રાણી, જળની પેઠે અધોમુખે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ દોડે છે, હું સમય આવશે એટલે સાવ્રતને સાધીશ એવો વિચાર રાખી ધર્મ કાર્યથી દુર રહેનારાઓને, ધર્મકાર્યોના અગાઉ જ વગડામાંતસ્કરનાપેઠે યમદૂતો અકસ્માત આવીને લઇ જાય છે. પાપ કરીને સર્વનું પોષણ કરેલ છે એવા તે સર્વને જોતાં છતાં પણ કાળ રાંક જેવા રક્ષણ રહિત પ્રાણીને અકસ્માત આવીને લઇ જાય છે. ત્યાંથી નરકગતિને પ્રાપ્ત થએલો પ્રાણી ત્યાં અત્યંત વેદના ભોગવે છે, કારણ કે માણસને ઋણની પેઠે કર્મો પણ ભવાંતરમાં સાથે દોડનારા છે.

આ મારી માતા, આ મારો પિતા, આ મારો ભ્રાતા, આ મારો પુત્ર, આ મારી સ્ત્રી આવી જે મમતા છે તે ખોટી છે. કારણ કે આ શરીર પણ પોતાનું નથી, તો જુદી જુદી ગતિથી આવેલા એવા માતાપિતાદિકની સ્થિતિ, વૃક્ષના ઉપર આવી રહેલા પક્ષીઓની પેઠે એક ઠેકાણે થએલી છે. રાત્રિએ એકત્ર રહી, પ્રભાત કાળે, જુદી જુદી દિશાઓમાં ચાલ્યા જાય છે, તેમ તેઓપણ જુદી જુદી ગતિમાં પોતાના કર્માનુસારે ચાલ્યા જાય છે, માટે માત પિતાદિક કોઈ કોઈનું નથી.

આ સંસારમાં પાણીના રેંટની માફક જા-આવક કરનારા પ્રાણીઓને પોતાના કે પારકા કોઈ છે જ નહિ, માટે ત્યાગ કરવા લાયક કુટુંબાદિકનો પ્રથમથી જ ત્યાગ કરવો, તે જ સુજ્ઞ જીવોને હિતાવહ છે અને સ્વાર્થને માટે પ્રયત્ન કરવો તે જ લાભદાયક છે, કારણ કે સ્વાર્થ ભ્રષ્ટ થવું તે કેવળ મૂર્ખતા જ ગણાય છે, મોક્ષ લક્ષણવાળો તે સ્વાર્થ, જીવોને એકાંત રીતે સુખ આપનાર છે, અને તે મૂલગુણ તેમજ ઉત્તરગુણ વડે સૂર્યના કિરણના પેઠે પ્રગટ થાય છે.

સંસારરૂપી વિષયવૃક્ષના અનંત દુ:ખરૂપી ફળોનો અનુભવ કરતાં છતાં પણ, મનુષ્યોને વૈરાગ ઉત્પન્ન થતો નથી, તે જ આશ્ચર્યભૂત છે. આ સંસારમાં વૈરાગવંત બુદ્ધિયુક્ત માણસોને, વૈરાગ્ય પામવાના અનેક કારણો મળે છે, અને તે કારણોને પામીને પણ, સંસારને ત્યાગ કરે તો તેની બલિહારી છે, કારણ કે ભાવનાથી જીવો વૈરાગરંગિત થાય છે, અને તેથી સંસાર ત્યાગી મુક્તિને મેળવી શકે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૂર્યના કિરણના પ્રસારને વારનારી પત્રલતા કયાં ? અને આતાપના એક છત્રપણું કયાં ? તે કુંજના અંદર વિશ્રાંતિ લેનારી રમણીઓની રમણીયતા ક્યાં અને નિદ્રા લેતાં અજગરોનું દારૂણપણું કયાં ? તે મોર અનેકોયલના મધુર આલાપપણું કયાં ? અને ચપળ એવા કાગડાના કઠોર શબ્દોના અવાજથી વ્યાકુળતા કયાં ? લાંબા લટકતા આર્દ્ર વલ્કલ વસ્ત્રોનું ઘાટાપણું કયાં ? અને સુકી વૃક્ષની શાખાઓ ઉપર હીંચકા ખાતા સર્પો કયાં ? ખુશબો દાર પુષ્પોવાળી દિશાઓ કયાં ? અને ચકલી, કપોત, કાગડાનીદુર્ગંધતા કયાં ? પુષ્પરસના ઝરણાથી છંટકાએલી ભૂમિ કયાં ? અને જ્વાજલ્યમાન ભઠ્ઠીના ઉપર શેકેલી રેતીના જેવી સંતાપકારી આ રજ કયાં ? ફળોના ભારથી નમેલા તે વૃક્ષો કયાં ? અને મૂળમાં ઉધેય લાગવાથી સડી પડી ગએલા તે વૃક્ષો કયાં ? અનેક વેલડીઓની વલય લટોથી બનેલી વાડો કયાં અને ભયંકર સર્પોની બિહામણી કાંચલીઓથી યુક્ત વાડો કયાં ? અને ઉત્પન્ન થએલા સ્થળના ઉત્કટ કાંટા કયાં ? આવી રીતે બગીચો જેમ જુદા જુદા રૂપમાં જોવામાં આવે છે તેમજ સંસારી જીવોની સ્થિતિ પણ જુદા જુદા રૂપમાં જ જોવામાં આવે છે તે પ્રત્યક્ષ છે.

જે માણસ પોતાના સૌંદર્યપણાથી જયારે કામદેવના જેવો દેખાતો હોય અને તે માણસ જયારે ભયંકર રોગગ્રસ્ત થાય છેત્યારે તે સર્વથા કંગાળ જેવો લાગે છે.

જે માણસ છટાદાર વાણીથી બૃહસ્પતિના જેવું બોલી શકે છે, તે માણસ જિહ્વાના સ્ખલના પામવાથી અત્યંત મૂંગો બની જાય છે,જે માણસ પોતાની ચલાવાની શક્તિથી, જાતિવંત ઘોડાની પેઠે આચરણ કરે છે તે માણસ કોઈ કાળે, વાયુ વિગેરે રોગથી ગતિ ભંગ થવાથી પાંગળો બની જાય છે.

જે માણસ પોતાના પરાક્રમી હસ્તથી હસ્તમલ્લ જેવો આચરણ કરે છે, તે માણસ રોગાદિકથી અસમર્થ થઇ જતાંહાથથી ઠુંઠો બની જાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે માણસ પોતે દૂરદર્શનશક્તિથી ગીધપક્ષીનાપેઠે આચરણ કરે છે તે જ માણસ પરોષદર્શમાં અશક્ત થઈ કેવળ આંધળો બની જાય છે.

વળી આ પ્રાણીઓના શરીર ક્ષણમાં સમર્થ, ક્ષણમાં અસમર્થ, ક્ષણમાં રમ્ય, ક્ષણમાં અરમ્ય, ક્ષણમાં દૃષ્ટ અને ક્ષણમાં અદષ્ટ થઈ જાય છે.

આવી રીતે ચિંતવના કરનારા મનુષ્યોને વૈરાગ્ય પ્રાપ્ત થાય છે, અને તે વૈરાગી જીવો સંસારનો ત્યાગ કરી સુખે કરીને મોક્ષ મેળવવા ભાગ્યશાળી બને છે.

## ઉપદેશ બાસઠમો

### જીવોનું પરિભ્રમણ

મિથ્યાત્વમોહિત જીવો પ્રથમ સૂક્ષ્મનિગોદમાં, અનંતો કાળ દુ:ખમાં ગુમાવે છે, ત્યાંથી નીકલી બાદરનિગોદમાં આવે છે, ત્યાં છેદન, ભેદન આદિ અનંતું દુ:ખ સહન કરી કાળ નિર્ગમન કરે છે. ત્યાંથી નીકળી પૃથ્વીકાયાદિકને વિષે આવે છે, ત્યાં અસંખ્યકાળ સુધી નાના પ્રકારની પીડાને સહન કરે છે, ત્યાંથી નીકળી અસંખ્યાતાને કાળે પ્રત્યેકવનસ્પતિકાયને વિષે જાય છે,ત્યાં પવનથી કુટાય છે, શસ્ત્રોથી છેદાય છે, કુહાડાથી કપાય છે, વિવિધ પ્રકારના જીવોથી ખવાય છે,અગ્નિથી દહનભાવને પામે છે, ત્યાંથી નીકળી .

પુષ્પને વિષે ઉત્પન્ન થઈ, સંખ્યાતા કાળ સુધી, શીત, વાત, આતપ, સંમર્દ વિગેરેથી દુ:ખી થાય છે, ત્યાંથી નીકલી બેઇંદ્રિ, તેઇંદ્રિ, ચૌરિંદ્રિયમાં જઈ ઘણો કાળ દુ:ખને વિષે નિર્ગમન કરે છે, ત્યાર બાદ.

જલચર, સ્થલચર, ખેચરને વિષે પણ સંખ્યાતા કાળ સુધી સંજ્ઞી અસંજ્ઞીને વિષે ઉત્પન્ન થાય છે.

તેમાં જલચરને વિષે માછલા કાચબાદિક થઈ પરસ્પર ગળીને મરે છે. માછીમારો ગ્રહણ કરે છે. વિવિધ પ્રકારના શસ્ત્રોથી છેદાય





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે, શૂળીમાં પરોવાય છે, વડિશથી વિંધાય છે, અગ્નિથી પચાય છે, ભાઠાથી શેકાય છે, કડકડતા તેલના તવામાં તળાય છે, માંસાર્થિયોથી પકડાય છે, બગલા આદિથી ગળાય છે, એવા પ્રકારના દુ:ખોને જળચર જીવો સહન કરે છે, સ્થળચરને વિષે પણ ડુક્કર, સસલા, મૃગલા, હરણિયા, નાહાર વાઘ, ચિત્રા, હાથી, બળદાદિક જે તે વ્યાધાદિકથી તથા રક્ષણ કરનારા માણસોથી પણ વિના અપરાધે દુ:ખદ અવસ્થા પામે છે. આર, ભાલા, તરવાર, અંકુશ, કશા, યષ્ટી, મુષ્ટી, પરોણાથી અનેક પ્રકારે માર ખાય છે. શીત, વાત,આતપ, ક્ષુધા, તૃષાદિક અનેક દુ:ખોને સહન કરે છે, તેમા વર્ષાઋતુમાં પણ ઘણા દુ:ખોને સહન કરે છે, અંકન, નાથન દોહન, વધ, બંધન, ષંઢીકરણ, દુર્વચનાદિક દુ:ખોથી બહુ જ ત્રાસિત થાય છે.

ખેચરને વિષે બળરહિત, કબૂતરાદિક જીવોને શ્યેનાદિક, હિંસક બલીષ્ટ જીવો પણ પગથી પકડે છે, મુખથી છેદે છે, ચાંચોથી ઉતરડે છે અને માંસને માટે નાના પ્રકારની કદર્થનાને કરે છે.

મયૂર મત્સ્યાદિકના માંસને ભક્ષણ કરનારા નરકમાં જઈદારૂણ વેદના ભોગવે છે. ત્યાં પણ શીત, ઉષ્ણ, અન્યોન્ય પરસ્પર તેમજ પરમાધામીકૃત, અસહ્ય અનંત વેદના ભોગવે છે. ત્યાંથી નીકળી સિંહાદિકને વિષે જઈ, નરકમાં ઉત્પન્ન થાય છે, એમ અનંત કાળ સુધી રઝલ્યા કરે છે,

ત્યાંથી નીકળી અનાર્યમાં ઉત્પન્ન થાય છે. ત્યાં પણ અગમ્યામાં ગમન કરી, અસેવ્યને સેવન કરી, અભક્ષ્યને ભક્ષણ કરી, અપેયનું પાન કરી, તિર્યંચ તથા નરકને વિષે જાય છે, એવી રીતે અનંત કાળ સુધી ભમે છે.

આવી રીતે ભમતા ભટકતાં, અનંત કાળે માનુષ્યપણામાં આવે છે, તેમાં પ્રથમ ગર્ભાવાસની તથા પ્રસવની અનંતી વેદના સહન કરે છે, બાળપણે, મળ-મૂત્ર-વિષ્ટામાં અચેતનના પેઠે દુ:ખે કરી કાળ ગુમાવે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે, તારુણ્યપણાને વિષે રાગ, દ્વેષ, પ્રેમ, પાશ, ધનાશાદિકમાં અનેક કુકર્મો કરે છે, દેશાંતરમાં જાય છે અને બહુ જ દુઃખ ભોગવે છે.

વૃદ્ધાવસ્થામાં પણ અશક્તિ, ધિક્કારાદિક દુઃખને વિષે કષ્ટ સહન કરે છે, તેમજ રોષ, તોષ, પોષ, રોગ, શોકના, દુઃખાદિકથી બળી જઈ માનવ જન્મને એળે ગુમાવી, અનંત સંસાર રઝળે છે.

પછી માનવજન્મને પામી, સમ્યકત્વને ઉપાર્જન કરે છે. સમ્યક્ત્વ પામ્યા પછી બે થી નવ પલ્યોપમે, દેશવિરતિપણાને પામી શકે છે.

દેશવિરતિપણું પામ્યા પછી, સંખ્યાતા સાગરોપમે સર્વવિરતિપણું પ્રાપ્ત કરે છે.

પછી સંખ્યાતા સાગરોપમ ક્ષય થયે, ઉપશમશ્રેણી પામે છે. પછી અસંખ્યાતા સાગરોપમે ક્ષપકશ્રેણી પામી, કેવળજ્ઞાન ઉપાર્જન કરી મોક્ષ મેળવે છે.

કેટલાકને અપ્રતિપાતિ સમ્યક્ત્વ પ્રાપ્ત થયા છતાં પણ, કેટલેક ભવે મોક્ષ પ્રાપ્ત થાય છે.

કેટલાયેક તીવ્ર શુભ પરિણામવાળા જીવોને, ઉપશમશ્રેણી છોડી, બીજી તમામ શ્રેણીયો પ્રાપ્ત થવાથી શીઘ્ર મોક્ષ મળે છે.

કેટલાયેક જીવો દેવ મનુષ્યમાં સમ્યક્ત્વથી નહિ પડવાથી, બીજી શ્રેણિયોને ત્યાગ કરી, એક જ ભવમાં સર્વ શ્રેણિયો પ્રાપ્ત કરી, જલ્દીથી મોક્ષને મેળવે છે.

## ઉપદેશ ત્રેસઠમો

### સંસારી સ્નેહ

**पिययमायवच्च भज्जा, सयण धण सबळ तित्थि मंत्ति निवा ।**
**नागरिय अहम पमाया, परमत्थ मयाणि जीवाणं ॥१॥**

ભાવાર્થ : પિતા, માતા, પુત્ર, ભાર્યા, સ્વજન, ધન, સબલતીર્થિક મંત્રી રાજા, નગરના લોકો આ દસે અધર્મી હોય તો પરમાર્થીથી જીવોને ભય કરવાવાળા થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧ ધર્મરહિત પિતા પુત્ર ઉપરના સ્નેહને લીધે ધર્મ નિષેધ કરવાથી ભયના હેતુભૂત છે પદ્મરથ રાજા પોતાના પુત્ર શિવકુમારને વ્રત અંગીકાર કરવામાં ભય અને અંતરાયના હેતુભૂત થયો હતો, અગર બીજા પ્રસંગથી પોતાના પુત્રના અંગોપાંગ છેદાવનાર કનકકેતુ રાજા ભયના હેતુભૂત થયો હતો.

૨ સ્નેહાદિકથી માતા પણ પુત્રને ભયના હેતુભૂત થાય છે. ચંદ્રમતીએ યશોધર રાજાને ધર્મનો નિષેધ કરાવ્યો હતો અગર બીજે પ્રકારે ચૂલનીયે પોતાના પુત્ર બ્રહ્મદત્તને મારવાને ઉપક્રમે કરી પોતે ભયના કારણભૂત થઇ હતી.

૩ પુત્રનો સ્નેહ પણ પ્રસન્નચંદ્ર રાજર્ષિને ભયના હેતુભુત થયો હતો, સાતમી નરકના દળીયા અને પાછળથી કેવલજ્ઞાન.

૪ ભાર્યા પણ ભયના હેતુભૂત થાય છે. એક માણસ પાસે ગૌતમસ્વામીએ નીર્યામણા કરાવવા માંડેલ તેથી પોતાના સ્વામીનું મરણ નિશ્ચય જાણી તેની સ્ત્રિયે પોતાનું માથું ભીંત સાથે અફલાવ્યું, તેથી તેના માથામાંથી નીકળેલા લોહીને દેખી, મોહિત તેના સ્વામીનો જીવ તેમાં રહેવાથી મરીને, તે લોહીમાં કીડાપણે ઉત્પન્ન થયો, તેથી સ્ત્રી ભયના હેતુભૂત છે.

અગર સૂરીકાંતાએ પોતાના સ્વામી પ્રદેશી રાજાને પરપુરુષના સ્નેહથી, ઝેર દઇને માર્યો, તેથી પણ સ્ત્રી ભયના હેતુભૂત છે, અગર કોઈ સ્ત્રી પોતાના પતિના મરણથી, તેનો વિરહ નહિ સહન કરી શકવાથી, અગ્નિને વિષે પડી બળી મરે છે અને ધર્મ થકી ભ્રષ્ટ થાય છે.

અગર એક નાસ્તિકે, પોતાની આસ્તિક સ્ત્રીને વૃકનું પગલું પડાવી નાસ્તિક બનાવી, ધર્મજીવિતથકી ભ્રષ્ટ કરી, દુર્ગતિમાં દાખલ કરી હતી, તે સ્ત્રીને પતિ પણ ભય અને અંતરાયના હેતુભૂત છે.

૫ સ્નેહથી સ્વજનવર્ગ પણ ધર્મભ્રષ્ટના હેતુભૂત થાય છે. કાલક સૂરીયા કસાઈયે, પોતાના પુત્ર સુલસ આદિ કુટુંબને પાડા મારવાની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રેરણા કરી હતી.

૬ ધન છે તે પણ ભયના હેતુભૂત થાયછે. શ્રીપુરનગરે શ્રેષ્ઠિ નિધાન ઉપર ફણિધર થયો.

સગર ચક્રવર્તી પુત્રોના લોભથી દુઃખી થયો.

કુચીકર્ણ ગોધનથી દુઃખી થયો.

તિલક શ્રેષ્ઠી દાણાના લોભથી દુઃખી થયો,

નવનંદ સુવર્ણના નવ ઢગલાના લોભથી પણ તૃપ્તિ પામેલ નથી, માટે લોભના ત્યાગથી ચક્રવર્તીઓ પણ મોક્ષમાં જાય છે.

૭ સબલતીર્થિકો. તે ૨ પ્રકારના છે : ૧ સ્વસબલતીર્થિકો ૨ પરસબલતીર્થિકો તેમાં.

૧ સ્વસબલતીર્થિકો તે પાસત્થાદિક કહેવાય છે, કારણ કે તેઓ નિધ્વંસ પરિણામી હોય છે, લોકોને ઉપદેશ એવો આપે કે તેને વચને વચને શંકા ઉત્પન્ન થાય, તેવા યાદશ તાદશ વચનો કહે છે, અને મિથ્યાત્વની પુષ્ટિ કરે છે, અને આગમ રીતિથી રહિત સમ્યક્ત્વ વર્જિત ધર્મ પરિણામપતિત હોવા છતાં પણ શ્રાવકોને પોતાના ગુણો વારંવાર બતાવે છે. વળી પોતાની આજીવિકાના લોભથી અગર માથુ ફોડીને પણ તેને ભય બતાવે છે, શ્રાવિકાઓને સુવિહત મુનિરાજો પ્રત્યે ધર્મશ્રવણ કરવા જતા અટકાવે છે, મંત્ર, તંત્ર, જ્યોતિષ ચિકિત્સાદિકથી, રાજા મંત્રી આદિને વશ કરી માન મેળવી બલવંત થયેલા સ્વસબલતીર્થિકો કહેવાય છે.

૨ અને પરસબલતીર્થિકોબૌદ્ધો અને બ્રાહ્મણાદિકો કહેવાય છે.

૮ રાજાના મંત્રીઓ ઘણા લોકોને ભ્રષ્ટ કરવાવાળા થાય છે. જેમકે શોભને દીક્ષા લીધા પછી ધનપાળ પંડિતે, ભોજ રાજાને ઊંધું ચીતું ભરાવી ૧૨ વર્ષ સુધી સારા માળવા દેશમાં જૈન સાધુનો વિહાર અટકાવ્યો હતો વિગેરે પ્રસિદ્ધ છે.

૯ રાજાઓ પણ ધર્મરહિત પણાથી એવા જ હોય છે. પ્રદેશી રાજા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ ધર્મપ્રાપ્તિ પહેલા જ્યારે નાસ્તિક હતો ત્યારે તે પણ ધર્મિષ્ટ લોકોને અંતરાય કરી, ધર્મકર્મ કરવા દેતો નહિ, તેમજ સાધુઓને પણ નગરમાં પેસવા દેતો નહિ, મ્લેચ્છોમાં પણ મર્યાદાના ભંગ કરવાવાળા ઘણા રાજાઓ થઈ ગયેલા છે, તે શાસ્ત્ર શ્રવણથી દેખવા વિગેરેમાં આવે છે.

૧૦ નગરવાસી લોકો, મહામિથ્યાદષ્ટિ હોય ત્યારે નગરના લોકોને ધર્મ કરવો બહુ જ મુશ્કેલ થાય છે, કારણ કે તે લોકો હાસ્ય, મશ્કરી, ઠઠ્ઠા એવા પ્રકારે કરે કે ધર્મ કરનારા જીવોના ચિત્ત ધર્મ-કર્મ કરવા ઉપરથી ઉઠી જાય છે. તે મિથ્યાત્વી લોકોના સહવાસથી મિથ્યાત્વના સેવન કરવાથી, તેમની પ્રશંસા કરવાથી, તેમના મંદિરે જવાથી, તેમની કથા-વાર્તા સાંભળવાથી, હડહડતા મિથ્યાત્વીઓ બની જાય છે. જો ન જાય, ન સાંભળે, ન બોલે તો મશ્કરી, ઝેર, વેર કરે છે અને જાય છે તો મિથ્યાત્વનો પાસ લાગે છે. વળી તે તમામનું બળ ઘણું હોય તો આજિવિકાનો નિર્વાહ પણ થવા ન દેતો ધર્મ-કર્મ સામાન કરવા દે તેની તો આશા જ શાની રાખવી ?

## ઉપદેશ ચોસઠમો

### પોતાના શરીરની રક્ષા કરવા સર્વ જીવોનો પ્રયત્ન -

૧ એકેંદ્રિયાદિક વલ્લી આદિક જે છે તે પણ વાડો અને વૃક્ષાદિકના ઉપર ચડે છે. તેમ જ કેટલીક વેલડીઓ તો કાંટાવડે પણ પોતાને વીંટે છે.

૨ ઇલ્લિકાદિક જે તે કાંટાના બકતરો કરી, તેના પછાડી છુપાઈ રહે છે.

૩ કીડીઓ અને મકોડા આદિ જે છે તે પણ પોતાના રક્ષણને માટે શીઘ્રતાથી ધરો કરે છે.

૪ ગુણા કાષ્ટ કીડાઓ જે છે, તે પણ લાકડાને કોરી નાખી તેના અંદર વાસ કરે છે.

૫ કરોળીઓ, કોષ્ટપુટાદિ તથા તંતુજાળાદિકને કરે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬ ઉંદર આદિ જે છે તે પણ મોટા મોટા દરો કરે છે.

૭ સર્પાદિક તથા નકુલાદિક જે છે, તે પણ મોટા મોટા રાફડાઓ કરી તેમાં વાસ કરે છે.

૮. કાગડા, સમળી આદિ જે છે તેઓ પણ વૃક્ષોમાં કોટરો કોરી તેમાં વાસ કરે છે.

૯. રાજાદિકો વિષમ ગિરિ, ગુફા, પર્વતાદિકોમાં પ્રકારો બનાવી તેમાં રહે છે અને શયન વખતે હજારો હાથી, ઘોડા, પાયદળો પોતાના ચારે તરફ ગોઠવી નિદ્રા કરે છે. તેમજ કાષ્ટના પાંજરામાં તથા ભોંયરામાં વાસ કરે છે.

૧૦ બીજા લોકો પણ પોતપોતાની સંપત્તિ પ્રમાણે ઘર, હાટ, હવેલી, દુકાનો કરાવી, તેના ચોતરફ વંડી જાળીયા માળિયા કરાવી, સાંકળ તાળા ભોગળ વિગેરેથી બંદોબસ્ત કરી પોતાના શરીરનું રક્ષણ કરે છે.

૧૧ એટલું જ નહિ પરંતુ મંત્ર, તંત્ર વિગેરેથી પણ વિશિષ્ટ પ્રકારે પોતાના શરીરનું રક્ષણ કરવાને માટે ચૂકતા નથી.

૧૨ દેવતાઓ પણ તમસ્કાયની વિકુવર્ણા કરી, પોતાનું રક્ષણ કરે છે, તો પણ રક્ષણ થઇ શકતું નથી, પરંતુ શસ્ત્ર, અગ્નિ, પાણી, રોગ, શોક, શૂળ, ક્ષુધા, તૃષા, મળ, મૂત્ર, નિરોધાત આઘાત પ્રત્યાઘાત, પરાઘાત, નિમિત્ત, આહાર, વેદના, સ્પર્શ, શ્વાસોશ્વાસ વિગેરે નિમિત્તાદિકને પામી આપ્યુ પૂર્ણ કરી પરલોકે પહોંચે છે.

૧૩ નિરંતર સેરડીના ચારાને ચરનારી એવી સવા લાખ ગાયોના દૂધની ખીરને રાંધનારા, ૩૬૦ રસોયાએ કાળજીપૂર્વક બનાવેલી મધુર, મનોહર, ખીરને ખાનારા, વજ્ર, જેવા ઉત્તમ દેહધારી ચક્રવર્તીઓ પણ મરણને શરણ થાય છે, તો બીજાનું શું કહેવું

૧૪ આકાશનું જ પાણી પીવાના નિયમ કરવાવાળા તથા વચ્ચે જોળી બાંધી, તેમાં મંત્રીને કાંકરો મૂકવાથી પાણી બીજે નહિ પડતા તે જોળી જમાં જ પડે છે. આવી અખંડ શક્તિવાળા જીવો પણ સંસારમાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આહાર, વિષય પૈસો વિગેરેમાં ગૃદ્ધ થઈ દુર્ગતિમાં જાય છે. પરંતુ કાળ કોઈને છોડતો નથી. આવી રીતે અસ્થિર શરીરને માટે ઘણા જીવો ઉપક્રમો કરી દુઃખ છતાં સુખ માને છે, પરંતુ ધર્મકર્મને વિષે સુખ નહિ માનતા તેમાં પ્રયત્ન કરતા નથી અને લોભને વિષે પ્રયત્ન કરે છે.

૧૫ લોભે બિલ્લપલાશાદિક પોતાના મૂળથી નિધાનને ઢાંકે છે.

૧૬ માક્ષિકાદિકો મધુ છત્રાદિકને બનાવે છે ને લેનારને કરડી ખાય છે.

૧૭ ભમરા, ભમરીયો મધપુડા બનાવે છે ને લેનારને કરડી ખાય છે, ન નાસે તો અગ્નિમાં ભસ્મ થાય છે.

૧૮ ખંડરીટ પક્ષી નિધાનને દેખી નાચે છે.

૧૯ શીયાલાદિક નિધિ દેખીને શબ્દ કરે છે.

૨૦ ઉંદર સર્પાદિક નિધાન ઢાંકી ઉપર બેસે છે, તે કોઈ પણ જો હરણ કરે તો હૃદય સ્ફોટથી મરણ પામે છે.

૨૧ લોકોએ રક્ષણ કર્યા છતાં પણ ચોર, નટ, વિટ ભાગીદાર, રાજા, યક્ષાદિક હરણ કરે છે તો પણ નટ વિટના પેકટ સમાન કુટુંબ મોહી જીવો મોહ પામે છે, પરંતુ ધર્મને વિષે પ્રેમ ધારણ કરી ધર્મનું આરાધન કરતા નથી.

## ઉપદેશ પાંસઠમો

### પુણ્યાનુબંધી ચૌભંગી

૧. પુન્યાનુબંધી પુન્ય, ૨. પાપાનુબંધી પન્ય, ૩. પુન્યાનુબંધી પાપ ૪. પાપાનુંબંધી પાપ.

૧. પુન્યાનુબંધી પુન્ય જેણે પૂર્વે જૈનધર્મના સાથે વિરોધ ન કરેલો હોય, તથા જિનેશ્વર મહારાજની આજ્ઞાનું અખંડપણે પ્રતિપાલન કરેલું હોય તે આ ભવમાં સુખ-સંપત્તિ પામે છે, ભરત મહારાજાના પેઠે.

૨. પાપાનુબંધી પુન્ય જે જીવ પૂર્વભવમાં તાપસાદિકને વિષે અજ્ઞાન કષ્ટથી તપ કર્માદિક કષ્ટને કરે છે, તે આ ભવને વિષે મનોહર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રૂપ, મનોજ્ઞપણું, પંચેંદ્રિયનું પટુપણું, મહર્દ્ધિકપણું પામે છે, અને નિરંતર કુડકપટ કૈતવને વિષે રક્ત રહે છે, તે પાપાનુબંધી પુન્ય કહેવાય છે, કોણિકના પેઠે.

૩. પુન્યાનુબંધી પાપ-કોઈ જીવ પૂર્વ ભવને વિષે દરિદ્રપણાથી પરાભવ પામેલો હોય અને દુષ્ટ સંગતવાળો હોય અને તેવી ખરાબ સંગતવાલો હોવા છતાં પણ, જૈનધર્મની વાસનાથી, ઇહભવમાં દરિદ્ર દુઃખી હોવા છતાં પણ, જૈનધર્મને પામે છે, તે પુન્યાનુબંધી પાપ કહેવાય છે, દ્રમક ઋષિના પેઠે.

૪. પાપાનુબંધી પાપ-જેણે પૂર્વભવમાં પાપકર્મ ઉપાર્જન કરેલું હોય, તે માણસ નિર્ધનપણું તથા પરાભવપણુ પરાભવ પામી દુઃખી થાય છે તે પાપાનુબંધી પાપ કહેવાય છે, કાળકસૂરીયા કસાઈના પેઠે.

## બીજા ચાર પ્રકારને પુન્યાનુબંધી ચૌભંગી

૧. પુન્યાનુંબધી પુન્ય. ૨. પાપાનુબંધી પુન્ય
૩. પુન્યાનુબંધી પાપ. ૪. પાપાનુબંધી પાપ

૧. જેમ કોઈ માણસ એક ઉત્તમ પ્રકારના ઘરથકી નીકલી, બીજા ઉત્તમ પ્રકારના ઘર પ્રત્યે જાય છે, તે ઘર કેવું છે ? તે કહે છે ઉત્તમ પ્રકારનો કૃપામય ધર્મ કરવાથી, ઉપાર્જન કરેલો શુભ એવો જે મનુષ્ય ભવ, તે રૂપી ઉત્તમ ઘર, તે ઘરથકી ઉત્તમોત્તમ દેવરૂપી બીજું ઘર, તે પ્રત્યે જાય છે. તે પુન્યાનુબંધી પુન્ય કહેવાય છે, ભરતાદિવત્.

૨. કોઈ માણસ ઉત્તમ શોભનિક ઘરથકી નીકળી, કનીષ્ટ ખરાબ ઘર પ્રત્યે જાય છે, તે ઘર કેવું છે ? તે કહે છે, અન્યાય અધર્મ, પાપમય, દયાદિક વર્જીને, અધર્મ કરવાથી, પૂર્વે પૂન્ય કરવાથી ઉત્તમ મનુષ્ય ભવરૂપી મળેલું જે ઘર, તેને છોડી, દુઃખની ખાણરૂપ, ખરાબ નરકાદિક ભવને વિષે જાય છે, તેને પાપાનુબંધી પુન્ય કહે છે બ્રહ્મદત્ત ચક્રીના પેઠે.

૩. જેમ કોઈ માણસ અશુભ ખરાબ ઘરથી સારા ઘરે જાય છે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તિર્યંચરૂપી ખરાબ ઘર તે કેવું છે ? તો કે પૂર્વ ભવે અકુશળ અનુષ્ઠાનમિશ્ર, કરવાથી અશુભ ગતિ તિર્યંચાદિકથી નિર્નિદાનાદિક શુભ કુશલ ક્રિયાના કરવાથી શુભ મનુષ્યાદિક ભવને પામે છે, અને ત્યાંથી સારી કરણી કરી,દેવલોકાદિકને વિષે જાય છે, તે પુન્યાનુંબધી પાપ કહેવાય છે.

૪. કોઈ માણસ અશુભ ખરાબ એટલે મહાન પાપકર્મને બંધાવનાર ખરાબ ઘરથી ખરાબ ઘર પ્રત્યે જાય છે, તે ઘર કેવું છે ? તે કહે છે,ખરાબ તિર્યંચરૂપ પાપઘરની, નરક ગતિરૂપ પાપ ઘર પ્રત્યે જાય છે. તે પાપાનુબંધી પાપ કહેવાય છે, તિર્યંચ ગતિમાં પ્રબળ હિંસા કરવાથી, અગર મનુષ્યમાં, મહાન્ પાપ કરવાથી નરકે જાય છે, કાલકસરુથી કસાઈના પેઠે.

# ઉપદેશ છાસઠમો

## અષ્ટકર્મ વડે પરિભ્રમણ

૧ જન્મ, જરા, મરણ, વ્યાધિ, વિયોગ, શોક દુઃખાદિકથી ભરપૂર ભરેલ આ સંસારને વિષે અષ્ટ પ્રકારના કર્મવડે જીવ પરિભ્રમણ કરે છે,

૨ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદની, મોહનીય આયુનામ, ગોત્ર, અંતરાય-એ આઠ પ્રકારના જ્ઞાની મહારાજાએ કર્મો કહેલ છે.

૩. તેમાં પાંચ, નવ, બે અઠ્ઠાવીશ ચાર, બેંતાલીશ, બે અને પાંચ, એ ઉપર પ્રમાણે આઠે કર્મોની ઉત્તરપ્રકૃતિ કહેલી છે.

૪ મિથ્યાર્શન, અવિરતિ, કષાય, યોગો, તે સર્વે બંધના હેતુભૂત છે અને તે ઓઘથી વિશેષ પ્રકારે નીચે પ્રમાણે કહેલા છે.

૫ પ્રત્યનીકપણું, અંતરાય ઉપઘાત તત્પ્રદ્વેષ, નિન્હનપણું વિગેરે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મને બંધાવનાર છે.

૬ પ્રાણીઓને વિષે અનુકંપા કરનાર, જિનેશ્વર મહારાજની ભક્તિ સંયુક્ત, ક્ષમા, દયા દાન, વિનયને વિષે તત્પર જીવ શાતા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વેદનીય કર્મને બાંધે છે, તે થકી વિપરીત અશાતાવેદનીય કર્મને બાંધે છે.

૭. અરિહંત, ચૈત્ય, સિદ્ધ, તીર્થાદિકને વિષે પ્રત્યનીક-શત્રુપણુ ધારણ કરનાર, સંસારની વૃદ્ધિ કરનાર, મિથ્યાત્વ મોહનીય કર્મ બાંધે છે.

૮. ખરાબ આહારાદિકને ગ્રહણ કરનાર, મિથ્યાત્વ મહાઆરંભ મહાપરિગ્રહને વિષે રક્ત, રૌદ્ર પરિણામી અને પાપબુદ્ધિવાળો જીવ નરકના આયુષ્યને બાંધે છે,

૯. ઉન્માર્ગનો દર્શક, માર્ગનો નાશ કરનાર, આર્ત્તધ્યાનને ધારણ કરનાર, બહુ જ કપટરક્ત જીવ તિર્યંચના આયુષ્યને બાંધે છે.

૧૦. સ્વભાવથી જ સ્વલ્પ કષાયાં, દાનરક્ત, પ્રકૃતિ, ભદ્રિક, વિનીત વિગેરે મધ્યમાદિક ગુણોથી મનુષ્યનું આયુષ્ય બાંધે છે.

૧૧. અણુવ્રત અને મહાવ્રતાકિના પ્રતિપાલન કરવાથી બાલતપ. તથા અકામ નિર્જરાથી, જે જીવ સમ્યકત્વદૃષ્ટિપણું ધારણ કરનાર હોય તે દેવતાનું આયુષ્ય બાંધે છે.

૧૨. મન, વચન, કાયાથી, વક્ર પ્રકૃતિવાળો ગુણદ્વેષી ગારવથી બંધાયેલ અશુભ નામકર્મને બાંધે છે, અને તેથી વિપરીત શુભ નામકર્મને બાંધે છે.

૧૩. અરિહંતાદિકને વિષે ભક્ત સૂત્રને વિષે રુચિવાળો પ્રતનુ કષાય ગુણરાગી જીવ ઊંચ ગોત્રને બાંધે છે અને તે થકી વિપરીત નીચ ગોત્રને બાંધે છે.

૧૪. પ્રાણીવધને વિષે રક્ત જિનપૂજા, દાન, ભોગાદિકને વિષે વિઘ્ન કરનાર અંતરાય કર્મને બાંધે છે, તેથી ઇચ્છિત વસ્તુને તે મેળવી શકતો નથી.

૧૫. એ પ્રમાણે પાપકર્મબંધના હેતુભૂત અને ભવભ્રમણ કરનારી પ્રકૃતિઓ છે. તેને વિવેકી પુરુષોએ ત્યાગ કરવા લાયક છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૬. જ્ઞાનાદિક ગુણના વશવર્તી પણાથી, સમગ્ર કર્મ ક્ષય થાય છે, અને જીવોને નિર્વાણ પ્રાપ્ત થાય છે, માટે જ્ઞાનાદિકને વિષે ઉદ્યમ કરવો યુક્ત છે.

૧૭. જ્ઞાનથી ભાવને જાણે છે, સમ્યગ્દર્શન ગુણથી સદ્દહણા વૃદ્ધિ પામે છે, ચારિત્રથી કર્મોનો નાશ થાય છે તથા તપ કરવાથી શુદ્ધ થાય છે.

## ઉપદેશ સડસઠમો

### અભવી આટલા સ્થાનો ન પામે.

૧. અભવી, તીર્થંકર ગણધર, કેવલીના હાથે દીક્ષા ન પામે.

૨. અભવી, તીર્થંકર મહારાજના હાથે સંવત્સરી દાન ન પામે.

૩ અભવી, તીર્થંકર,ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, બળદેવ, નારદપણું ન પામે.

૪. અભવી, ઇંદ્રપણું, વિમાનના અધિપતિપણું, અનુત્તરવાસી દેવપણું, દેવપતિપણું, લોકાંતિકદેવપણું, ત્રાયત્રિંશક દેવપણું, તીર્થંકરના અધિષ્ટાયકજી દેવ-દેવીપણું પામતો નથી.

૫. અભવી, યુગલીયા મનુષ્યપણું પામતો નથી.

૬. અભવી, આહારક લબ્ધિ, પુલાક લબ્ધિ, પૂર્વધર લબ્ધિ, સંભિન્નશ્રોત લબ્ધિ, મધુસર્પિલબ્ધિ, ક્ષીરાશ્રવલબ્ધિ, અક્ષીણ મહાનસીલબ્ધિ, મતિજ્ઞાન લબ્ધિ, શ્રુતજ્ઞાન લબ્ધિ, જંઘાચારણ લબ્ધિ અને વિદ્યાચરણની લબ્ધિને પામતો નથી.

૭. અભવી ચક્રવર્તીના ચૌદરત્નપણું પામતો નથી,

૮ અભવી, તીર્થંકર મહારાજ તથા તેમની મૂર્તિના યોગમાં પૃથ્વીકાયાદિક ભાવને પામતો નથી.

૯ અભવી, તીર્થંકરના માતાપિતાપણું પામતો નથી.

૧૦ અભવી, સમ્યક્ પ્રકારે જ્ઞાન, દર્શન, ચારિત્રને પામતો નથી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તથા બાહ્યઅભ્યંતર તપને સમ્યક્પ્રકારે પામતો નથી.

૧૧ અભવી જિનેશ્વર મહારાજની આજ્ઞા પ્રમાણે અનુભવ યુક્ત, સાધર્મિક ભાઈયોની સેવાભક્તિ પામતો નથી.

૧૨. અભવી, સંસારથી વૈરાગ્યપણું તથા શુકલપાક્ષિકપણું પામતો નથી.

૧૩ અભવી આચાર્યાદિક દસનો વિનય પામતો નથી.

૧૪ અભવી યુગપ્રધાનપણું પામતો નથી.

૧૫ અભવી બોધિબીજને પામતો નથી.

૧૬ અભવી કાલે સુપાત્રદાન અને અંતે સમાધિમરણ પામતો નથી.

૧૭ અભવી પરમાર્થથી ગુણાધિકપણું પામતો નથી.

૧૮ અભવી ભગવાને કહેલી, અનુબંધ, હેતુ સ્વરૂપ, ત્રણ પ્રકારે અહિંસા દ્રવ્ય અને ભાવ, એ બે ભેદથી પામતો નથી.

આ સંસાર સમુદ્રના સમાન છે. જેમ સમુદ્રને બહાર પરિધિ છે તેમ સંસારરૂપ સમુદ્રમાં ચોરાશી લાખ જીવાયોનિરૂપ પરિધિ છે. જેમ સમુદ્ર પાણીની ગંભીરતાથી ભરેલો છે તેમ સંસારરૂપ સમુદ્ર જન્મ, જરા, મરણરૂપ પાણીની ગંભીરતાથી ભરેલો છે. જેમ સમુદ્રમાં કાદવ હોય છે તેમ સંસારરૂપ સમુદ્રમાં કામભોગરૂપી કાદવ છે.જેમ સમુદ્રમાં ફીણ હોય છે તેમ સંસારરૂપ સમુદ્રમાં અભિમાનરૂપી ફીણ છે. જેમ સમુદ્રમાં પાતાલકલશો છે, તેમ સંસારસમુદ્રમાં ચાર ગતિરૂપ પાતાલકલશો છે, જેમ સમુદ્રમાં નાના મોટા માછલા હોય છે તેમ સંસારસમુદ્રમાં કુટુંબ રૂપ નાના મોટા માછલાઓ છે. જેમ સમુદ્રમાં મગરમચ્છ હોય છે તેમ સંસારસમુદ્રમાં મોહરૂપી મગરમચ્છ છે. જેમ સમુદ્રમાં પર્વત હોય છે તેમ સંસારસમુદ્રમાં આઠ કર્મરૂપી પર્વત હોય છે. જેમ સમુદ્રમાં વડવાનલ અગ્નિ હોય છે તેમ સંસારસમુદ્રમાં ક્રોધ રૂપી અગ્નિ છે. જેમ સમુદ્રમાં પાણીની ભમરીયો હોય છે તેમ સંસારસમુદ્રમાં કપરૂપી ભમરી છે. જેમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમુદ્રમાં પાણીના કલ્લોલા છે તેમ સંસારસમુદ્રમાં સંયોગવિયોગરૂપ પાણિના કલ્લોલા છે. જેમ સમુદ્રમાં તરંગો છે તેમ સંસારસમુદ્રમાં ચપલ મનરુપ તરંગો છે. જેમ સમુદ્રમાં સર્વ સ્થળે પાણી છે તેમ સંસારસમુદ્રમાં મરણના ભયરૂપ પાણી છે. જેમ સમુદ્રમાં પાણીનો વિસ્તાર છે તેમ સંસારસમુદ્રમાં ભવભ્રમણરૂપ પાણીનો વિસ્તાર છે. જેમ સમુદ્રમાં પવન છે તેમ સંસારસમુદ્રમાં અસ્થિરતારૂપ પવન છે. જેમ સમુદ્રમાં ઊંડું તળિયું છે તેમ સંસારસમુદ્રમાં આશાતૃષ્ણારૂપ ઊંડું તળિયું છે. જેમ સમુદ્રમાં અંધકાર છે તેમ સંસારસમુદ્રમાં મિથ્યાત્વ રૂપી અંધકાર છે. જેમ સમુદ્રમાં ઘણાં હિંસક જીવો છે તેમ સંસાર સમુદ્રમાં પ્રમાદાદિક હિંસક જીવો ઘણાં છે. જેમ સમુદ્રમાં મોટા જલ જંતુઓ છે તેમ સંસારસમુદ્રમાં ઋદ્ધિગારવ, રસગારવ, શાતાગારવરૂપ જલજંતુઓ છે. જેમ સમુદ્રમાં ઊંચા નીચા જીવો ડૂબી રહ્યા છે તેમ સંસારસમુદ્રમાં પાંચે આશ્રવોવડે કરી જીવો ઊંચ નીચપણે ડૂબી રહેલા છે. જેમ સમુદ્રનો પાર નથી તેમ સંસારસાગરમાં દુઃખનો પાર નથી. જેમ સમુદ્રને આધાર નથી તેમ સંસારસમુદ્રમાં કુદેવ કુગુરુ, કુધર્મને વશ પડેલો જીવોને કોઈનો આધાર નથી. જેમ સમુદ્ર ગર્જાવ કરી રહેલ છે, તેમ સંસારસાગર ચિંતા, શોક, ભયથી ગાજી રહેલ છે. જેમ સમુદ્રને કાંઠો છેતેમ સંસારસાગરના પારભૂત મોક્ષરૂપી કાંઠો છે.

## ઉપદેશ અડસઠમો

### દુષ્કાળના સમયે લોકોની સ્થિતિ

मानं मुंचतिगौरवं परिहरत्यायाति दीनात्मनां ।
लज्जामुत्सृजति श्रयत्यदयतां नीचत्वमालंबते ॥
भार्याबंधुसुहृत्सुतेष्वेवकृतीर्नाना विधाश्चेष्टते ।
किंकियन्नकरोति निंदितमपि प्राणि क्षुधापीडितः ॥१॥

ભાવાર્થ : માનને મૂકે છે, ગૌરવને પરિહરે છે, દીનતા ધારણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરે છે, લજ્જાને ત્યાગ કરે છે, નિર્દયપણું ધારણ કરે છે, નીચપણું પામે છે, ભાઈ સ્ત્રી, મિત્રને વિષે અપકાર કરનારી નાના પ્રકારની ચેષ્ટા કરે છે, કિંબહુના ? ક્ષુધાથી પીડિત જીવ, એવુ નિંદિત કાર્ય કર્યુ નથી કરતો ? અર્થાત્ ક્ષુધાતુર તમામ ઉપરોક્ત નિંદિત કાર્ય કરવામાં બિલકુલ શોચ કરતો નથી, વિચાર કરતો નથી.

ધનવંતો પણ નિર્ધનના સમાન આચરણ કરે છે.

રાજાઓ પણ રંકના સમાન આચરણ કરે છે.

સાહસિકો પણ કાયરના સમાન આચરણ કરે છે.

શાહુકારો પણ ચોરના સમાન આચરણ કરે છે.

મોટી ઈચ્છાવાળાઓ પણ તુચ્છના સમાન આચરણ કરે છે.

ધર્મીઓ પણ અધર્મીઓના સમાન આચરણ કરે છે.

દાતાર શિરોમણિયો પણ પ્રમાણોપેત આપનારા થાય છે.

સારા કામ કરનારા પણ નબળા કામ કરનારા થાય છે.

લજ્જાશીલો પણ નિર્લજ્જપણું ધારણ કરનારા થાય છે.

વિવેકિયો પણ નિર્વિવેકપણું આચરણનારા થાય છે.

દાક્ષિણ્યતાવાળા પણ દાક્ષિણ્યતા રહિત થાય છે.

દયાળુઓ પણ નિર્દયપણું ધારણ કરે છે.

સસ્નેહિયો પણ નિસ્નેહિયો બની જાય છે.

સુગવાળાઓ પણ સુગ રહિત થાય છે.

અકઠોરો પણ કઠોરતા ધારણ કરવાવાળા થાય છે.

શ્રેષ્ઠ સંતોષિયો પણ સંતોષ રહિત થાય છે.

સારા પ્રતિષ્ઠિતો પણ પ્રતિષ્ઠા રહિતપણું આદરનારા થાય છે.

સારી બુદ્ધિવાળા પણ દુષ્ટ બુદ્ધિવાળા બને છે.

કિંબહુના ? ક્ષુધા મહારાક્ષસીથી પરવશ ચિત્તવાળા પિત્રાદિકો. પણ, પ્રાણથી અધિક પોતાના પુત્રાદિકનો ત્યાગ કરી, તેના માંસનું ભક્ષણ કરવાવાળા થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માટે દુષ્કાળ તથા દુષ્ખાળ પીડિત, ક્ષુધાબાધિક જીવોને ધિક્કાર છે !

## ઉપદેશ ઓગણસીત્તેરમો

### સુખક્ષણિક છે.

આપાતમાત્ર મધુર અને પરિણામે દારૂણ વિષયોને જ્ઞાની મહારાજાએ કિંપાક વૃક્ષના ફળ સમાન કહેલા છે. વિષયને વિષે મધ્યમ જીવો મોહ પામે છે પણ ઉત્તમ જીવો મોહ પામતા નથી, બીભત્સ શ્લેષમમાં મક્ષિકા ઝંપલાય છે, પણ ભમરા તેમાં ઝંપલાવતા નથી. વિષયગણિકાપુરુષને વશ કરે છે, પણ સતપુરુષને નહિ, કારણ કે લુતા તંતુ મત્સરને બાંધે છે, પણ માતંગ (હસ્તિ)નેનહિ. ઇંદ્રિયસુખ, તુચ્છઅને ક્ષણિક હોવાથી તે સુખ કહેવાતું નથી. તત્ત્વથી તો ખરૂં શાશ્વતું સુખ પંડિતોએ મુક્તિમાં જ કહેલું છે. જેમ બાળક અજ્ઞાનથીપોતાની જ વિષ્ટામાં રમે છે તેમ મોહાંધ જીવ, જુગુપ્સા કરવા લાયક વિષય કર્દમમાં રમે છે. જેમ ધંતુરાનું પાન કરવાથી લોખંડ પણ પીળું દેખાય છે તેમ મોહાંધ જીવોને વિષયો દુઃખને આપનારા થાય છે. વિષ એક વખત મારે છે, વિષયો ભવોભવ મારે છે. તેથી વિષ અને વિષયોમાં અનંતગણો ફેર છે. વિષયો સ્ત્રીઓને સ્વાયત્ત છે, સ્ત્રીઓ પણ અતિચપલ, અને પરપુરુષને સેવન કરનારી થાય છે. આવું જાણી ઉત્તમ જીવોએ વિષયોને વિષે તૃષ્ણા છોડી દેવી.

સૂર્યના પ્રચંડ કિરણના સમૂહવડે કરી અંગારાના સમાન તપી ગયેલી મારવાડની ભૂમિને વિષે કેરડો, બોરડી જેવા વૃક્ષો પણ હોતા નથી, એવી ભૂમિમાં દારિદ્રપણાને દૂર કરનાર, અને અનેક પ્રકારે સંકલ્પના સાથે જ દેવતાઇ સુખ આપનારા કલ્પવૃક્ષ ક્યાંથી હોય ?

ઘણા જીવો જ્યાંમરેલા છે, તેના અતિશય દુર્ગંધથી ભરેલા માતંગના ઘરને વિષે દેવતાના સમૂહને વિષે, બિરાજમાન ઉત્તમોત્તમ ઐરાવણ હસ્તિ ક્યાંથી હોય ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યાં રહેવાનું ઘર નથી, પહેરવાનું વસ્ત્ર નથી, વાપરવા માટે વાસણકુસણ નથી, પાથરવા ઓઢવા ગોદડા નથી,સૂઈ રહેવા ખાટલો નથી, ખાવાને દાણા નથી,કિંબહુના દુષ્કાળરૂપી રાજાના પડહ જેવા દરિદ્રીના ઘરને વિષે, મન વચન કાયા નેતૃષ્ટિ-પુષ્ટિ આપનાર સુવર્ણની વૃષ્ટિ ક્યાંથી હોય ?

જ્યાં હડહડતો ગાઢ અંધકારનો સમૂહ રહેલો છે એવી તમિસ્ત્રા ગુફામાં ઉત્તમોત્તમ રત્નનો પ્રદીપ ક્યાંથી હોય ? તેમ સ્ત્રિયોને આધીન થયેલા પરલોકથી વિમુખ થયેલા સ્વર્ગમોક્ષથી વંચિત થયેલા, સંસાર ચક્રવાલમાં દીર્ઘકાળ ફરનારા વિષયાંધ જીવોને સત્ય સુખ સ્વપ્નને વિષે પણ હોય જ નહિ.

## ઉપદેશ સીત્તેરમો

### दान दारिद्रहरम्

ભાવાર્થ : દાન દારિદ્રપણાને હરણ કરનારા છે.

૧. ધના સાર્થવાહના ભવમાં સાધુઓને ઘીનું દાન આપવાથી, આદિનાથજી ત્રણ લોકના નાથ તીર્થંકર થયા.

૨. મેઘરથ રાજાના ભવમાં પારેવાને અભયદાન આપવાથી શાંતિનાથ મહારાજા, એક ભવમાં ચક્રવર્તી અને તીર્થંકરની બે પદવીઓ પામ્યા.

૩. પૂર્વ ભવમાં ૫૦૦ સધુઓને આહાર લાવી આપવાથી ભરત મહારાજા ચક્રવર્તી થયા.

૪. મુનિને શરીરે રોગ હતો, તેદૂર કરવા માટે રત્નકંબળ અને બાવનાચંદન આપવાથી તે વ્યાપારી વણિક તે જ ભવમાં સિદ્ધિપદને પામ્યો.

૫. મહાતપસ્વી સાધુને ખીરનું દાન દેવાથી ગોવાળીઓ મહાન ઋદ્ધિવાળો શાલીભદ્ર થયો.

૬.પૂર્વભવમાં અદ્‌ભૂત પ્રકારે મુનિમહારાજને દાન આપવાથી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કયવન્નો શેઠ મહાન પુન્યયુક્ત લક્ષ્મી અને યશવાળો થયો.

૭. બીલ્કુલ દોષ રહિત ઘૃતપુષ્પ અને વસ્ત્રપુષ્પ નામના બે સાધુઓ,પોતાની લબ્ધિવડે કરી, ગચ્છની નિર્મળ ભક્તિ કરવાથી સદ્ગતિ પામ્યા.

૮. જીવિત સ્વામીભગવાન શ્રીમહાવીર મહારાજની ભક્તિ કરવાથી, ગામ, ગરાસ દાનમાં આપી, ઉદાયન રાજર્ષિતે જ ભવમાં મોક્ષે ગયો.

૯ શુદ્ધ ભાવ અને શુદ્ધ ભક્તિ, નિર્મળ નિર્દોષ અડદના બાળકળાનું દાન, માસક્ષપણને પારણે તપસ્વી મહામુનિને આપવાથી જિતશત્રુ રાજાનો પુત્ર મૂળદેવ હજાર હાથીઓવાળા મોટા રાજ્યની ઋદ્ધિને પામ્યો.

૧૦. અનુકંપા અને ભક્તિદાનથી સંપ્રતિરાજા, જૈન શાસનનો મહાપ્રભાવક થયો, અને પૃથ્વીને જૈન મંદિરથી ભૂષિત કરી.

૧૧. દુનિયાના જીવોને અત્યંત દાન આપી, પોતાની પ્રાણથી પણ પરનો ઉપકાર કરનારો વિક્રમ રાજા, દુનિયામાં અત્યારસુધી પણ મનાય-પૂજાય છે.

૧૨. તીર્થંકર મહારાજાઓ પ્રગટ દાનથી, દુનિયાના દારિદ્રયને ચૂરી, તેમને ભવ્યત્વપણાની છાપ આપે છે.

૧૩. આ હુંડાવસર્પિણી કાળને વિષે, દાન ધર્મના મહાત્મ્યને પ્રગટ કરનાર, શ્રેયાંસકુમાર મોક્ષે ગયો, તેનું અનુમોદન કયો ભાગ્યશાલી જીવ નહિ કરે ?

૧૪. છ માસિક તપસ્યા કરનાર, ભગવાન મહાવીર મહારાજાને અડદના બાકલાનું દાન આપી ચંદનબાળાને મોક્ષ લીધું, તેથી કોણ આશ્ચર્ય નહિ પામે ?

૧૫. તીર્થંકર મહારાજાઓ તપને પાંરણે જેને ઘેર જાય છે, તે ઘરવાળો દાતાર આહારાદિકનું દાન આપી, રત્ન સોનેયાની મહાન્ વૃષ્ટિને મેળવે છે, તે દાનનો મહાન્ પ્રભાવ સમજવો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉપદેશ એકોતેરમો

## शीलं दुर्गतिनाशनम्

ભાવાર્થ શીયલ દુર્ગતિને નાશકરનાર છે.

૧. બાલ્યાવસ્થામાં જે પ્રચંડ બ્રહ્મચારી થયા, તે નેમિનાથ ભગવાનના ચરણકમળને કોણ ન સેવે ?

૨ ઉગ્રસેન રાજાની પુત્રી રાજીમતી તથા રથનેમિ ઉજ્જવળ શીયળ પાળી મુક્તે ગયા, તેને કોણ પીછાણતું નથી ?

૩ જેણે ચાળણીને કાચા સુતરને તાંતણે બાંધી, તે વડે કુવામાંથીપાણી કાઢી ચંપાનગરીના બાર ઉઘાડ્યા. તે સતી સુભદ્રાને તોલે જગતમાં કોણ આવનાર હતું ?

૪ જેણે પોતાનું શીયળ સાચવવા ગાંડાપણું ધારણ કરી, કાદવમાં પોતાના શરીરને રગદોળી, અખંડ શીયલ રાખ્યું તે નર્મદાસુંદરી જગમાં જયવંતી કેમ ન રહે ?

૫ બીનઅપરાધે, રાજાએ વનમાં ત્યજી દીધેલ, કલાવતીએ શીયળના પ્રભાવથી, પોતાના કપાએલા બન્ને હાથને નવપલ્લવિત બનાવ્યા તેથી કોણ અજાણ્યું છે ?

૬ જેણીના શીયળ ખંડન કરવા માટે રાજાએ મોકલાવેલ ચારે પ્રધાનોને ખાડામાં નાખી, પોતાના નિર્મળ શીયળનું રક્ષણ કર્યું તે શીયળવતીના ગુણગ્રામ કરવા ઇંદ્રમહારાજા પણ શક્તિમાન્ ક્યાંથી હોય ?

૭ પૂર્ણિમાનાં ચંદ્રના સમાન મુખવાળી સતી સુલસા શ્રાવિકાને મહાવીર મહારાજાએ ધર્મલાભ કહેવારાવ્યો, તે કોને આશ્ચર્ય નહિં કરે?

૮ ચોર અને પલ્લિપતિએ કદર્થના કર્યા છતાં પણ જેને મનથી પણ શીયળ ખંડન કરવાની ઈચ્છા કરી નથી, આવી મહાપવિત્ર અચ્છંકારી ભટ્ટાને કોણ પિછાણતું નથી ?

૯ જે જગમાતા સીતા અખંડ બ્રહ્મચર્યના પ્રતાપે અદ્યાપિ પર્યંત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દુનિયામાં પોતાના નામને ઝળકાવી રહેલ છે, તેને કોણ જાણતું નથી ?

૧૦ હરિહર, બ્રહ્મા, પુરંદર, નરેંદ્ર, નાગેંદ્રના મદને ગાળી નાખનાર, કામદેવને જેણે લીલામાત્રમાં ચૂર્ણ કરી નાખેલ છે એવા સ્થૂલિભદ્ર મહારાજાને તોલે બીજો કોણ હતો ?

૧૧ કોટી સોનેયા સહિત કન્યાને આપવા માટે ધનાશેઠે મહાન્ પ્રાર્થના કર્યા છતાં પણ ઉપદેશ આપી રૂક્ષમણી કન્યાને દીક્ષા આપી તારી, આના સમાન વજસ્વામી મહારાજનું બીજું શું આશ્ચર્ય હતું ?

૧૨ વિષયની પુતલી કપિલા તથા અભયાને, મહાકદર્થના કર્યા છતાં પણ જેનો રોમ માત્ર ચલાયમાન થયો નથી, આવા સુદર્શન શ્રેષ્ઠીના ગુણો ગાવાનું ઇંદ્રમહારાજનું પણ શું ગજું ?

**शीलादेव भवन्ति मानवमरुत्संपत्तयः पत्तयः ।**
**शीलादेव भुवि भ्रमन्ति शशभृद्धिस्फूर्तयः कीर्त्यं ॥**
**शीलादेव पतन्ति पादपुरतः सच्छक्तयः शक्तयः ।**
**शीलादेव पुनंतिपाणिपुटकं सर्वर्द्धयः सिद्धयः ॥**

ભાવાર્થ : શીયલથી જ દેવતા અને મનુષ્યની ઉત્તમ પ્રકારની સંપત્તિની પ્રાપ્તિ થાય છે, શીયલથી જ ચંદ્રમાના સમાન વિસ્તારવાળી ઉજ્જવલ કીર્તિ જગતને વિષે ફરવાવાળી થાય છે, શીયલથી જ ચરણકમલમાં સારી શક્તિવાળી, શક્તિઓ આવીને પડે છે, કિંબહુના ? શીયલથી જ ઉત્તમ પ્રકારની ઋદ્ધિસિદ્ધિ સર્વથા પ્રકારે કરકમલમાં પ્રાપ્ત થઈ, હસ્તકમલને પવિત્ર કરે છે.

## ઉપદેશ બોંતેરમો

### तपो दुःकर्मनाशाय

ભાવાર્થ : તપ દુષ્ટ કર્મનો નાશ કરે છે.

૧. બારમાસ સુધી પ્રબળ તપવડે પ્રચંડ પાપકર્મો બાળ્યા તે આદિનાથ પ્રભુ ભક્તજનોનું કલ્યાણ કરો.

૨. બાર માસ સુધી બાહુબળીજીએ, આહારપાણી ત્યાગકરી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેવળજ્ઞાન ઉપાર્જન કર્યું તેનાથી બીજું કૌતુકક્યું ?

૩. યાવજ્જીવ, છઠ્ઠને પારણે છઠ્ઠ કરી, ગૌતમસ્વામિ મહારાજ અક્ષીણ મહાનસી મહાલબ્ધિવાળા થયા તે કોના જાણવામાં નથી ?

૪. સાતસો વર્ષ સુધી મહાન તપસ્યા કરી જેણે ખેલાદિક લબ્ધિયો ઉપાર્જન કરી છે તેવા સનત્કુમાર ચક્રી રાજર્ષિયે, પોતાના મુખની થુંકની આંગળીથી પોતાની કાયા સુવર્ણસમાન કરી, તેના સમાન બીજી શક્તિ કોની હતી ?

૫. બાળહત્યા, સ્ત્રીહત્યા, ગૌહત્યા તથા બ્રહ્મહત્યાના કરનારા દ્રઢ પ્રહારી મહાત્મા, છમાસે કેવળી થયા તે તપનો જ પ્રભાવ છે.

૬. નિરંતર છ પુરુષ અને એક સ્ત્રીનો વધ કરનાર, ઘોર પાપી એવા અર્જુનમાળીએ મહાવીર મહારાજા પાસે દીક્ષા અંગીકાર કરી, છઠ્ઠને પારણે છઠ્ઠ કરવાનો જાવજ્જીવનો નિયમ ધારણ કરી, ઘોર ઉપસર્ગ સહન કરી, છ માસે કેવલજ્ઞાન ઉપાર્જન કર્યું. આ વાત કોના માન્યામાં નહિ આવે ?

૭. નંદીષેણ મુનિના ભવમાં મહાતપ કરવાથી, તેઓ ૭૨ હજાર સ્ત્રીના સ્વામી વસુદેવ થયા, તે આશ્ચર્ય તપનું જાણવું.

૮. નીચ કુળને વિષે ઉત્પન્ન થએલા છતાં પણ, તપ તપનારા હરિકેશી મુનિની દેવતાઓ પણ સેવા કરે છે, તે તપનો જ પ્રભાવ છે,

૯. શ્રીનેમિનાથ મહારાજએ પોતાના ૧૮ હજાર મુનિઓમાં કૃષ્ણ મહારાજા પાસે ઢંઢણ ઋષિને વખાણ્યા તે તપનો જ મહિમા છે.

૧૦. જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓ, એકી કાળે, આઠમા નંદીશ્વર દ્વીપે, તથા તેરમા રૂચક દ્વીપે જાય છે તે ઉત્તમોત્તમ તપકર્મનો જ પ્રભાવ છે.

૧૧. શ્રી મહાવીર મહારાજાએ શ્રેણિક મહારાજા પાસે જેના તપકર્મને વખાણેલ છે તે ધન્નો, અને ધન્નો કાકંદી, સર્વાર્થસિદ્ધ વિમાને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગયા છે, તેમાં ખોટું શું છે ?

૧૨. શ્રી આદિનાથ દાદાની દીકરી, સુંદરીએ, સાઠ હજાર વર્ષ સુધી ઘોર આંબેલની તપસ્યા કરી, તે સાંભળી કોનું હૃદય નહિ કંપે?

૧૩. પૂર્વભવમાં શિવકુમારે બાર વર્ષ સુધી આંબેલની તપસ્યા કરી તેથી અખંડ સૌભાગ્યનિધિ જંબૂકુમાર તથા તેને કોણ જાણતું નથી?

૧૪. જિનકલ્પી, પરિહારવિશુદ્ધિ, પ્રતિમાધારી યથાછંદી સાધુઓના તીવ્ર તપોના તોલે કોણ આવનાર હતો ?

૧૫. મહારૂપવંત છતાં, વગડામાં રહીને તીવ્ર તપસ્યા કરી, હિંસક પ્રાણીઓને પણ પ્રતિબોધ કરેલ છે તે બળભદ્રમુનિને કોણ પિછાણતું નથી ?

૧૬. મેરુપર્વત ઉપર વાસ કરનાર વિષ્ણકુમાર મુનિમહારાજાએ, તપબળથી સાયર-ડોલાવી, લક્ષ યોજનનું શરીર કરી, નમુચિને શિક્ષા કરી, શ્રી સંઘનું રક્ષણ કર્યું તેવી રીતે કરવાની બીજા કોની શક્તિ હતી?

સત્ત્વાધિક જીવોથી સાધ્ય, અને નિઃસત્વ જીવોથી અસાધ્ય એવો તપ મોટા કાયમાં પ્રથમ જિનેશ્વર મહારાજાએ કહેલ છે.

મનુષ્યોને તપબળથી દુર્લભ હોય તે સુલભ, વક્ર હોય તે સરળ, અસ્થિર હોય તે સ્થિર, અને દુઃસાધ્ય પણ સુસાધ્ય થાય છે. જેમ ઘણા કાષ્ટોને પણ અગ્નિ બાળીને ભસ્મીભૂત કરે છે તેમ ઘણા કાળના આચરેલા અનંતા કર્મોને પણ તપ શીઘ્રતાથી બાળીને ભસ્મીભૂત કરે છે. બાહ્ય, અભ્યંતર, તપરૂપી અગ્નિ પ્રજલિત થવાથી, સાધુ દુર્જર કર્મોને પણબાળી ભસ્મ કરે છે. કર્મ પ્રેરિત પુરુષ, પૂરાવે મહાન પાપકર્મને બાંધે છે, તે જ પાપકર્મનો સમ્યક્પ્રકારે આલોચના પૂર્વક તપ કરીને નાશ કરે છે.

## ઉપદેશ તોંતેરમો

**भावना भवनाशिनी ।**

ભાવાર્થ : ભાવના ભવનો નાશ કરનારી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧. પોતાની ભૂલની સાચા દિલથી ક્ષમા માંગી, કેવળજ્ઞાન ઉપાર્જન કર્યું તે મૃગાવતી સાધ્વીને તોલે કોણ આવે ?

૨. વાસ ઉપર ચઢી નાટક કરતાં છતાં પણ, મુનિરાજને દેખી ઈલાયચી કુમાર કેવળજ્ઞાન પામ્યા તે ભાવનાનો જ પ્રતાપ.

૩. કપિલ બ્રાહ્મણ અશોક વાટિકામાં, જાતિસ્મરણજ્ઞાન પામ્યા તે સર્વ ભાવનાનો જ પ્રતાપ છે.

૪. ભોજનમાં થૂંક તથા નાસિકાનો મેલ પાત્રમાં નાખ્યા છતાં પણ, તે ભોજન શુદ્ધ આશયથી વાપરી જઈ કુરગડુ મુનિ કેવળજ્ઞાન પામ્યા, તે ઉત્તમતા ભાવનાની જ છે.

૫. પૂર્વભવમાં આચાર્યપણે જ્ઞાનની આસાતના કરવાથી જ્ઞાનહીન થએલા માસતુષ મુનિ કેવળી થયા, તે ભાવનાના પ્રતાપે જ

૬. હસ્તિના ઉપર બેઠેલા મરૂદેવા માતા, શ્રી ઋષભદેવપરમાત્માની ઋદ્ધિ દેખી, કેવળી થઈ મોક્ષે ગયા તે ભાવનાનો જ પ્રતાપ.

૭. અરણિકા પુત્ર આચાર્યની વૈયાવચ્ચ કરતા,પુષ્પચૂલા સાધ્વી કેવળી થયા તેનું વર્ણન કોણ નહિં કરે ?

૮. શ્રી ગૌતમસ્વામીએ દીક્ષા આપેલ ૧૫૦૩ તાપસો કેવળ પામ્યા તે ભાવનાની જ મહત્તા છે.

૯. પાપી પાલકો, ઘાણીમાં ઘાલી પીલેલા ૫૦૦ મુનિમહારાજાઓ કેવળી થઈ મોક્ષે ગયા તે પ્રતાપ શુદ્ધ ભાવનાનો છે.

૧૦. શ્રી મહાવીરસ્વામી મહારાજાને ચરણે, સીંદુવારના પુષ્પો ચડાવી પૂજા કરવાની ઈચ્છાવાળી, દુર્ગતા નારી સ્વર્ગે ગઈ તેમજ એકાવતારી થઈતે ભાવનાની જ બલિહારી છે.

૧૧. મહાવીરસ્વામીને નમવા જતો દેડકો, શ્રેણિક મહારાજના ઘોડાના પગ તળે ચગદાઈ જવાથી મરણ પામી દુર્દરાંક દેવપણે ઉત્પન્ન થયો, તે મહિમા ભાવનાનો જ જાણવો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૨. વિરતિ સાધુ અને અવિરતિ શ્રાવકની સ્ત્રી, વંદન માટે નદી ઉતરતા, નદી પાસે માર્ગ માગવાથી તે શ્રાવિકા રાણીને નદીએ માર્ગ આપવાથી ઇચ્છિત કાર્ય જતાં આવતાં કર્યું તે ભાવનાનો જ પ્રતાપ.

૧૩. તત્કાળના દીક્ષિત ચંડરુદ્રાચાર્યના શિષ્ય, ગુરુએ તાડના-તર્જના કર્યા છતાં પણ કેવળજ્ઞાન પામ્યા, તે પ્રતાપ સુંદર ભાવનાનો જ છે.

૧૪. મસ્તકે માટીની પાળ બાંધી, સોમિલ સસરે ખેરના અંગારા ધારણ કરવાથી, કેવળી થઇ, ગજસુકુમાર મોક્ષે ગયા તે ઉચ્ચ પદ અપાવનારા ભાવના જ છે.

૧૫. સોનીએ મેતારજ મુનિને મસ્તકને વિષે આર્દ્ર ચામડું બાંધી તડકે ઊભા રાખ્યા છતાં લવલેશ માત્ર કાયરપણું નહિ ધારણ કરતાંપૂર્વના મહાન્ પુરુષોને યાદ કરતા, કેવળી થઇ, મેતાર્ય મુનિ મુક્તિમાં ગયા તે ઉત્તમોત્તમ ભાવનાનો જ મહિમા છે.

## ઉપદેશ ચુંમોતેરમો

### દાનમહિમા

**दानं ख्यातिकरं सदा हितकरं संसार सौख्यंकरं,**
**नृणां प्रीतिकरं गुणाकरकरं लक्ष्मीकरं किंकरं ।**
**स्वर्गावासकरं गतिक्षयकरं निर्वाणसंपत्करं,**
**वर्णायुर्बलबुद्धिवर्द्धनकरं दानं प्रदेयं बुधैः ॥१॥**

ભાવાર્થ : દાન, પ્રસિદ્ધિને કરનારું છે, નિરંતર હિત કરનારું, સંસારના સુખને કરનારું, પુરુષોનેપ્રીતિ કરનારું, ગુણના સમૂહને કરનારું, લક્ષ્મીને કરનારું, જીવોને દાસ બનાવનારું, સ્વાર્ગાવાસને કરનારું, ગતિક્ષય કરનારું, મુક્તિની સંપત્તિને કરનારું, તથા વર્ણ, આયુષ્ય, બલ બુદ્ધિની વૃદ્ધિનેકરનારું છે, માટે પંડિત પુરુષોએ દાન દેવું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**पात्रे धर्मनिबंधनं तदितरे प्रोद्यद्दयाख्यापकम्,**
**मीत्रे प्रीतिविवद्र्धकं रिपुजने वैरापहारक्षमम् ।**
**भृत्ये भक्तिभरावहं नरपतौ स्यान्मानपूजाप्रदम्,**
**भट्टादौ च यशस्करं वितरणं न क्वाप्यहो निष्फळम् ॥२॥**

ભાવાર્થ : પાત્રને વિષે દાન આપવાથી ધર્મપ્રાપ્તિનું કારણ થાય છે, બીજાને આપવાથી અત્યંત દયાલુપણાને જણાવનારું થાય છે, મિત્રને દાન આપવાથી પ્રીતિમાં વધારો કરનારું થાય છે, અને શત્રુને આપવાથી વૈરને નાશકરનારૂં થાય છે, નોકરચાકરને આપવાથી ભક્તિના સમૂહને કરનારું, રાજાને આપવાથી માન-પાન-પૂજા પ્રદાન કરનારું, અને ભાટ-ચારણોને દાન આપવાથી યશને કરનાર થાય છે, માટે અહો ! ઇતિ આશ્ચર્ય આપેલું દાન કોઈ પણ જગ્યાએ નિષ્ફળ થતું નથી.

## ત્રણ પ્રકારનાં દાનો.

૧. અભયદાન, ૨ ઉચિતદાન, ૩. સર્વદાન-એ ત્રણ પ્રકારે છે.

## ચાર પ્રકારનાં દાનો.

૧. અન્નદાન, ૨. જ્ઞાનદાન, ૩. ઔષધદાન, ૪. ધર્મોપકરણદાન

## પાંચ પ્રકારનાં દાનો

૧. અભયદાન, ૨. સુપાત્રદાન, ૩. અનુકંપાદાન, ૪. ઉચિતદાન અને ૫. કીર્તિદાન.

## દશ પ્રકારનાં દાનો.

૧. અનુકંપાદાન, દુઃખી દુર્બલને દાન આપવું. તે,
૨. સંગ્રહદાન, એકત્ર કરી દાન આપવું તે.
૩. ભયદાન, ભીતિ-બીકથી દાન આપવું તે.
૪. કરુણાદાન, દયાથી દાન આપવું તે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫. લજ્જાદાન, લજ્જાના વશથી દાન આપવું. તે.

૬. ગર્વદાન, અભિમાનથી ભાટ ચારણને આપવું તે.

૭. ધર્મદાન, સુપાત્ર સાધુને આપવું તે.

૮. અધર્મદાન, જેના આપવાથી અધર્મ ઉત્પન્ન થાય તે.

૯. કાહીદાન, કોઈ કોઈ ઠેકાણે આપવું તે.

૧૦ કથનદાન, કાંઈક લઈ દઈને આપવું. તે

## મહાદાની અરિહંત મહારાજા હોય છે.

મહાદાની તીર્થંકર મહારાજા કહેવાય છે, છતાં અજ્ઞાની લોકો, તેમને ઈર્ષ્યાથી મહાદાની નહિં ગણતા, પોતાના બુદ્ધિને મહાદાની ગણી નીચેની કલ્પના ઊભી કરે છે -

**एते हाटकराशयः प्रविततता : शैलप्रतिस्पर्द्धिनो,**
**रत्नानां निचयाः स्फुरंति किरणैराक्रम्य मानो : प्रभाम् ।**
**हारा पीवरमौक्तिकौघरचित्ता, स्तारावली भासुरा :,**
**यामादाय निजानिस्वगृहतः स्वैरं जनो गच्छति ॥११।**

ભાવાર્થ : વિસ્તારવાળા પર્વતની સ્પર્ધા કરવાવાળા, સોનાના ઢગલાઓને તથા સૂર્યના કિરણોને આક્રમણ કરનારા, સ્ફુરણાયમાન રત્નોના ઢગલાને, તથા તારાના સમૂહના સમાન દેદીપ્યમાન મોતીયોના સમૂહથી બનાવેલા હારોના ઢગલાને બૌદ્ધે દાન આપવાથી, લોકો પોતાના ગણી જાણે પોતાના ઘરથી જ લઈ જતા હોય ને શું ? તેમ લોકો લઈ જઈ પોતાની સ્વેચ્છાએ ગમન કરે છે.

બૌદ્ધ લોકોએ દાનને મહત્ શબ્દથી અલંકૃત કરી, બૌદ્ધના મહાદાનનું મોહ અને અજ્ઞાનથી વર્ણન કરેલ છે, તેને શાસ્ત્રકાર મહારાજા સત્ય ઉત્તર આપી નિરુત્તર કરી, તેઓ કેવલ અસત્યવાદી છે, તે સિદ્ધ કરી બતાવે છે.

ભગવાન્ ત્રિલોકીનાથ જ્યારે દાન આપે છે ત્યારે વરં વૃણષ્વ, વરં વૃણષ્વ, વર માગો, વર માગો, એમ કહી અતિશયપૂર્વક દાન આપે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. તે પણ ત્રિક, ચતુષ્કર, ચત્વર, ચતુર્મુખ, ખૃંગાટક વિગેરે મહાન્ રસ્તાઓ, દ્વારોને વિષે, તમામ શેરીયોને વિષે વર માગો, વર માગો, એવી ઉદ્‌ઘોષણાપૂર્વક દાન આપે છે, તેથી સર્વ જીવોને સંતોષ થાય છે.

સર્વ ધર્મવાળા દાનને ગૌણપણે ગણે છે, તેના મતને દૂર કરવા, આગમને અનુસારે, દાન સર્વ ધર્મમાં મુખ્ય છે તે દેખાડવાને માટે શાસ્ત્રકાર મહારાજા, તીર્થંકર મહારાજાના મહાદાનનું વર્ણન કરે છે.

## તીર્થંકર મહારાજના સાતિશય દાનો

અનંતાકાળમાં જેટલા તીર્થંકર મહારાજાઓ થઇ ગયા તેઓએ સાંવત્સરિક દાન આપ્યા પછી જ દીક્ષાને ગ્રહણ કરેલ છે, તેથી જ દાનને સર્વ ધર્મને વિષે મુખ્ય કહેલ છે, તીર્થંકર મહારાજાના દાનનો ક્રમ નીચે મુજબ છે.

તીર્થંકર મહારાજા જ્યારે દાન આપવાની ઇચ્છા કરે છે ત્યારે અચલ ઇંદ્ર મહારાજાનું સિંહાસન કંપાયમાન થાયછે, તેથી અવધિજ્ઞાનવડે જાણી, ઇંદ્ર મહારાજા, ધનદ કુબેર ભંડારીને ભગવાનનો ભંડાર સોનામહોરોથી ભરવાને માટે આજ્ઞા કરે છે, અને ધનદ-કુબેર ભંડારી, તિર્યકજૂંભક દેવોને આજ્ઞા કરે છે તેથી તે દેવો પણષ ક્ષણાસ્ટકર્મનિર્મિત, ઘડીના છઠ્ઠા ભાગમાં, પ્રભુને નિરંતર દાન દેવા માટે, પ્રત્યેક દિવસે ૧ ક્રોડ, અને ૮ લાખ સોનામહોરોના પ્રમાણે, બાર માસ સુધી આપવા માટે ૩૮૮ ક્રોડ, અને ૮૦ લાખ સોનોમહોરોથી, તીર્થંકર મહારાજના પિતાજીનો ભંડાર ભરે છે.

દરેક સોનામહોરો ૧૬ માસા પ્રમાણની હોય છે. એક માસાની પાંચ રત્ની થાય છે, તેથી દરેક સોનામહોરો ૮૦ રતી ભારની હોય છે, અનેદરેક સોનામહોરો ઉપર, તીર્થંકર-મહારાજાના માતા, પિતા તથા તીર્થંકર મહારાજનું નામ હોય છે.

દરેક દિવસના દાનમાં ભગવાન ૯૦૦૦ મણ સોનાનું દાન દે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે, ૪૦ મણ સોનું એક ગાડામાં ભરે છે. અને ૯૦૦૦ મણ સોનાનાં ૨૨૫ ગાડા ભરાય છે.

૩૦ સોનામહોરે ૧ શેર સોનું થાય છે, અને ૧૨૦૦ સોનામહોરે એક મણ થાય છે, એવી રીતે એક ગાડામાં ૪૦ મણ સોનું નાખતા ૪૮૦૦૦, સોનાહોરો થાય છે, તેવી જ રીતે ૨૨૫ ગાડામાં સોનામહોરો ભરતાં ૧, ક્રોડ, અને ૮ લાખ સોનામહોરો થાય છે, તેનું દાન નિરંતર ભગવાન આપે છે. એવી રીતે દાન આપતાં બાર માસે ભગવાન ૩૮૮ ક્રોડ, અને ૮૦ લાખ સોનામહોરોનું દાન કરે છે.

જ્ઞાતાસૂત્રદીપિકાને વિષે શ્રી મલ્લિનાથ મહારાજના દાન અધ્યયનને વિષે પણ એમજ કહેલ છે, તથા વિચારરત્નાકર ગ્રંથને વિષે પણ એમજ કહેલ છે.

કલ્પસૂત્રની અંતરવાચના ટીકાને વિષે તો ૪૮ વાલનો એક માષ કહેલ છે, એ ગણત્રીથી ૧૨૫૦ મણ સોનું થાય છે, તેટલા પ્રમાણનું ભગવાન દાન કરે, કોઈક દેશમાં એવું પણ પ્રમાણ હોય છે.

એ ઉપરોક્ત સોનામહોરોનું દાન ભગવાન પ્રતિદિન, પ્રાતઃકાળથી સૂર્યોદયથી આરંભી, મધ્યાહ્નકાળ સુધી સંપૂર્ણ બે પહોર સુધીમાં આપે છે, એવી રીતે નિરંતર બાર માસ સુધી દાન આપે છે. પ્રભુને દાન આપતી વખતનાં છ અતિશયો

## પ્રભુને દાન આપતી વખતમાં છ અતિશયો

૧. ભગવાન જ્યારે સોનામહોરોની મુઠી ભરી દાન આપે છે તે વખતે, સૌધર્મેંદ્ર. ભગવાનના જમણા હાથમાં મહાશક્તિને સ્થાપન કરે છે, તેથી લવલેશ માત્ર પણ પ્રભુને ખેદનો ઉદય રહેતો નથી.

**શંકા :** પ્રભુનો અનંત બલવીર્યના ધણી છે, છતાં ઇંદ્રમહારાજ તેમનાહાથમાં શક્તિ સ્થાપન કરે છે તે અસ્થાને ગણાય, યુક્તિયુક્ત તો ન જ કહેવાય,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સમાધાન :** અલબત્ત, તીર્થંકર મહારાજ અનંતબલ વીર્યના ધણી હોવાથી, બીજાની શક્તિથી કામ કરવાની પરવા રાખતા નથી, પરંતુ અનંતકાળમાં અનંત તીર્થંકરના વારામાં, અનંતા ઇંદ્રો થઇ ગયા, તે સર્વેનો અનાદિકાળથી પ્રભુ ભક્તિ કરવાનો નિયમ પૂર્વપરંપરાથી ચાલ્યો આવતો હોવાથી, તેને ખંડન નહિ કરવાની મર્યાદાથી જ , ભક્તિથી જ ઇંદ્રમહારાજા ભગવાનના હાથમાં મહાશક્તિને સ્થાપન કરે છે તે અયુક્ત ન જ ગણાય. અલબત્ત તેમ કરવું જ જોઇએ.

૨. ભગવાનદાન આપે છે ત્યારે ઇશાન ઇંદ્ર રત્નજડિત લાકડી લઇ સોનામહોરોના ઢગલા વચ્ચે ઊભો રહે છે, અને બીજા સામાન્ય દેવતાઓને દુર કરી, હે પ્રભુ ! મને આપો, એમ બોલાવી, જેને જે જોઇતું હોય તે. તેને પ્રભુના હાથે અપાવે છે.

૩. ચમરેંદ્ર, લોકોના ભાગ્ય પ્રમાણે, ભગવાનની મુઠી ભરાવે છે, ખોબો ભરાવે છે.

૪. બલીંદ્ર, ભરાવેલ મુઠી, ખોબાને ખાલી કરાવે છે.

૫. ભુવનપતિ દેવો, ભારતવાસી જીવોને દાન લેવા ભગવાનની પાસે ઉપાડી લાવે છે,.

૬. વ્યંતરદેવો, દાન લીધેલાને, તેને સ્થાને પહોંચાડે છે.

૭. જ્યોતિષિદેવો, વિદ્યાધરોને લાવીને, ભગવાનના પાસેથી દાન ગ્રહણ કરાવે છે.

ઇંદ્રો પણ પોતાને ભવ્યત્વની છાપના નિશ્ચય માટે પ્રભુ પાસેથી દાન લે છે.

ઉપદેશપ્રાસાદને વિષે કહેલ છે કે, ભગવાન પાસેથી ઇંદ્રોએ લીધેલા દાનના પ્રતાપે, ૬૪ ઇંદ્રોમાં, બે વરસ પર્યંત લડાઇ-ટંટો થતા નથી.

જ્ઞાતાસૂત્રની ટીકામાં કહ્યું છે કે - તીર્થંકર મહારાજના હાથે દાન લેવાથી થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચક્રવર્ત્યાદિક પણ, પોતાનો ભંડાર અક્ષય રાખવા માટે, તીર્થંકર મહારાજના પાસેથી દાન લે છે.

શ્રેષ્ઠી આદિ લોકો પણ પોતાનાં યશ, કીર્તિ, માનની વૃદ્ધિ માટે, ભગવાન પાસેથી દાન લે છે.

રોગી પુરુષો પણ પોતાના મૂળ રોગની હાનિ માટે અને ૧૨ વર્ષ સુધી નવીન રોગ ન ઉત્પન્ન થાય તેના માટે ભગવાનના હાથથી દાન ગ્રહણ કરે છે.

કિંબહુના ? સર્વ જીવો, તથા પ્રકારના યોગને પામી, પોતાના વાંછિતાર્થની સિદ્ધિ માટે જિનેશ્વર મહારાજના હાથથી દાન લે છે અભવ્ય જીવો, તીર્થંકરમાહારાજના હાથથી દાન લઈ શકતા નથી. પ્રભુના દાનસમયે તીર્થંકરમહારાજાના માતા, પિતા ભ્રાતા ત્રણ દાનશાળા મંડાવે છે દાન લેવા આવેલાને ૧લીમાં ભોજન કરાવી બીજીમાં વસ્ત્ર આપી ત્રીજીમાં અલંકારો આપી સંતોષી સર્વ જીવોને વિદાય કરે છે, કહ્યું છે કે -

**जगत्प्रिये सुरुपे च, शशिनो रश्मिमंडले ।**
**सत्यप्यंभोजिनीखंड, न विकाशं प्रपद्यते ॥१॥**

ભાવાર્થ : જગતને પ્રિય, સારા રૂપયુક્ત, ચંદ્રમાના કિરણનું મંડલ છતાં પણ દિવસને વિષે વિકસ્વર થવાવાળું કમલોનું વન પ્રફુલ્લિત થતું નથી. રાત્રિવિકાસિત કમલો ચંદ્રોદયથી અને દિવસવિકાસી કમલો સૂર્યોદયથી જ વિકસ્વર થાય છે.

તેવી જ રીતે બૌદ્ધાદિક દાન આપનારા નિરતિશયી હોવાથી અને લખેલું દાન તેમનું કલ્પિત હોવાથી, સંખ્યાતા દાનનો સંભવ છે, પણ અસંખ્યાત દાન નહિ, માટે ભગવાન જ મહાદાની કહેવાય છે. ભગવાનના અતિશય જેવું દાન આપનારા અન્ય કોઈ છે જ નહિ. આવીરીતે ઉત્તર આપવાથી નિરુત્તર થયેલ તે લોકો કહે છે કે - તીર્થંકર મહારાજને મોક્ષ મેળવવું છે. અને દાન આપે છે, તો શંકા ઉપસ્થિત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થાય છે કે તીર્થંકરના દાનને લઇ તે પૈસાથી લોકો સંસાર જન્ય અનેક કર્તવ્યો કરે છે, તેથી ભવની પરંપરાની વૃદ્ધિ થવાથી તેને મોક્ષ મળતું નથી.

આવી શંકા કરનારાને શાસ્ત્રકાર મહારાજા ઉત્તર આપે છે, કે જગદ્ગુરુ જે દાન આપે છે તે સર્વ જગતના જીવોને હિત કરવા માટે જ, પરંતુલોકોના પાસેથી પાછું ફળ મેળવવાની આશાથી નહિં. સમગ્ર તીર્થંકર મહારાજાનો તેવો જીવ માર્ગ કલ્પ, (વ્યવહાર), છે. પ્રભુ ધર્માંગપણાથી દાન આપે છે, દાનની ધર્માંગતા ક્ષમાશયરૂપ તથા કલ્યાણની પ્રાપ્તિનું કારણ છે.

યાચના કરનાર બ્રાહ્મણને ઇંદ્ર મહારાજે આપેલ દેવદૂષ્ય અર્ધવસ્ત્રને ભગવાને આપેલ છે, તે અનુકંપાથી જ આપેલ હોવાથી પુન્યાર્થે થયેલ છે. અન્યથા गिहिणो वेयावडियं नकुज्जा, इति दसवैकालिकचूर्णौ ત્યાગીયો ગૃહસ્થોની વૈયાવચ્ચન કરે તેમ દશવૈકાલિક ચૂર્ણીને વિષે કહેલ છે, નિરુત્તર થયેલા કોઈક વળી કહે છે કે જગદ્ગુરૂ દીક્ષા લેતી વખતે પુત્ર પૌત્રાદિકને રાજય ભાગ આપે છે,તે તેમને અશુભ કર્મના બંધનરૂપ થાય છે. રાજયાદિકનું દાન અશુભ કર્મના મહાબંધના હેતુભૂત હોઇ,રૌરવ દુર્ગતિ આપનાર થાય છે. મહાઆરંભ,મહાપરિગ્રહ, કુણિપ આહાર, પંચેંદ્રિયાદિક જીવોના વધવા હેતુભૂત હોવાથી, જેમ અગ્નિ, શસ્ત્રાદિકનું દાન, વધના હેતુભૂત હોવાથી દુર્ગતિનું કારણ થાય ચે, તેમ આ રાજયનું દાન પણ દુર્ગતિના હેતુભૂત થાય છે, માટે આપવું લાયક નથી. આવું બોલનારાને શાસ્ત્રકાર મહારાજા ઉત્તર આપે છે. નાયકના અભાવથી, લોકો પરસ્પર કલેશ કરી મરણ પામે છે. તેમાં કાળનો દોષ નથી, કારણ કે આ અવસર્પિણી કાળમાં સર્વે હીન, હીનતર સ્વભાવથી મયાર્દાનો લોપ કરનારા હોય છે નાયક હોવા છતાં પણ કેટલાક લોકો તો લડાઇ ટંટો કરી નાશ પામતા દેખાય છે, તો નિર્ણાયકપણાનું તો કહેવું જ શું ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઈહલોકમાં મનુષ્ય જન્મને વિષે પ્રાણાદિકનો ક્ષય થાય અને હિંસા, અસત્ય ચોરી, વિગેરેના કારણથી પરલોક નરકગતિની પ્રાપ્તિ થાય,તે નિવારવા માટે જ, ઉપકારબુદ્ધિથી, પુત્ર પૌત્રાદિકને, જગદ્‌ગુરુએ રાજ્ય આપેલ છે. છતી શક્તિએ ઉપેક્ષા કરવી જગદ્‌ગુરુને ઘટે નહિ વળી તીર્થંકર મહારાજા, રાજ્યનું દાન કરે છે તે ઉપકારને માટે જ થાય છે પણ દોષને માટે થતું નથી. પરસ્પર લડી મરતાને બચાવવા તે જગજાહેર ઉપકાર જ છે.

આવા કારણથી જ જગદ્‌ગુરુને, વિવાહાદિક કરવામાં તથા શિલ્પાદિક બતાવવામાં, રાજ્યદાન પેઠે કાંઈ પણ દોષ નથી, કારણ કે શિલ્પાદિક નહિ જાણવાથી, ઉદરપોષણ માટે હિંસા, અસત્ય,ચોરી આદિ અનેક પાપકર્મથી મહાઅનર્થ કરે છે સ્ત્રીયાદિક નહિ હોવાથી પરસ્ત્રીનું સેવન કરી દુર્ગતિમાં જાય છે. શિલ્પાદિક દોષસ્વલ્પ છે અને ઉપરોક્ત મહાન્ દોષ નિવારવાથી પ્રભુને બીલકુલ દોષલાગતો નથી. આ વાતને દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે.

જેમ સર્પ, ઘો આદિ જાનવરોથી દૂર ખેંચીને પોતાના પુત્રાદિકનું રક્ષણ કરાય છે અને ખાડામાં પડી ગયેલાનું માથું, હાથ, વિગેરે ખેંચીને બહાર કઢાય છે, બહાર કાઢતી વખતે તેને જરા ઈજા જેવું થાય છે, પરંતુ પરિણામે જીવ બચાવવાનો આશય હોવાથી, સામાન્ય ઉપાધિ છતાં લાભકાર્ય મહાન્ હોવાથી તેમાં કાંઈ દૂષિત પણું નથી, તેમ શિલ્પાદિકને બતાવવામાં કાંઈ દોષાપત્તિ નથી. આ વાતને દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે.

એક બાઈનો નાનો છોકરો એક ખાડાના કાંઠા ઉપર રમતો હતો. તેના સન્મુખ સર્પ આવતો દેખ્યો તેથી ભય પામેલી બાળકની માતાએ સર્પને તરત ખાડામાં નાખી છોકરાનોબચાવ કર્યો. પછી તે દયાળુ સ્ત્રીયે સર્પને પણ બહાર કાઢી બીજી જગ્યાએ મૂક્યો. જેમ તે સ્ત્રીએ પોતાના છોકરા તથા સર્પનો બચાવ કર્યો, તેમ પ્રભુ પણ દાનાદિક તમામ આપી સ્વપરનો પાપથી બચાવ કરે છે. આ દૃષ્ટાંતના ન્યાયથી જગદ્‌ગુરુને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોઈ પણ પ્રકારનો દોષ લાગતો નથી. આવા ઉત્તરથી અસત્યવાદીઓ નિરુત્તર થયા અને જગદ્ગુરુ જિનેશ્વર મહારાજા મહાદાની સિદ્ધ થયા.

## ઉપદેશ પંચોતેરમો

### ઇન્દ્રિયોનું સેવન અનર્થકારી

એક એક ઇંદ્રિય પણ ઈહલોક, પરલોકમાં મહાઅનર્થને ઉત્પન્ન કરે છે, તો પછી પાંચે ઇંદ્રિયોનું સેવન કરવાથી, અનર્થની પરંપરા વૃદ્ધિ થાયતેનું તો કહેવું જ શું ? જુઓ

**सारंगमातंगपतंगभृंमीना हताः पंचभिरेव पंच ।**
**एक प्रमादी स कथं न हन्याद्यः सेवते पंचभिरेव पंच ॥१॥**

ભાવાર્થ : મૃગ, હાથી, પતંગ, ભ્રમર અને મત્સ્ય, એ પાંચ પ્રાણીઓ પાંચ ઇંદ્રિયોમાંથી એક એકના સેવવાવડે હણાય છે, એટલે પાંચથી પાંચ હણાયા છે, તો જે પ્રમાદી મનુષ્ય એકલો પાંચે ઇંદ્રિયોવડે પાંચેના વિષયોને સેવે છે તે કેમ ન હણાય ? તે તો અવશ્ય હણાય.

મૃગલા સ્વેચ્છાએ અરણ્યામાં ફરે છે. તેને પકડવા માટે પારધીઓ સારંગી, વીણા વિગેરેના નાદ કરે છે. તેથી કર્ણના વિષયમાં લુબ્ધ થએલા મૃગલા મોહ પામીને તે સાંભળવા આવે છે. તે વખતે પારધીઓ જલ્દીથી તેને હણી નાખે છે (૧) હાથીને પકડવા માટે દુષ્ટ પુરુષો, એક મોટા ખાડામાં કાગળની હાથણી બનાવીને રાખે છે. તે જોઈને તેનો સ્પર્શ કરવાને ઉત્સુક થએલો હાથી તે ખાડામાં પડે છે. ત્યાંથી તે નીકળી શકતો નથી. પછી ક્ષુધા, તૃષા વિગેરેથી પીડા પામેલા તે હાથીને નિર્બલ થએલો જાણીને, કેટલાક દિવસે તેને બાંધે છે અથવા મારી પણ નાખે છે (૨) નેત્રના વિષયમાં આસક્ત થએલ પતંગીયું દીવાની જ્યોતિમાં મોહ પામીને, તેમાં પોતાનાદેહને હોમી મરણ પામે છે (૩) ઘ્રાણેંદ્રિયના વિષયમાં આશક્ત થએલ ભ્રમર,કમળની સુગંધથી મોહ પામીને દિવસે તે કમળમાં પેસે છે. રાત્રીએ કમળ બીડાઇ જવાથી તે દુઃખ પામે છે અને મરણ પણ પામી જાય છે (૪) જિહ્વા ઇંદ્રિયને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વશ થએલા મત્સ્યો, લોઢાના કાંટાના અગ્રભાગ ઉપર રાખેલી લોટની ગોળીઓને જોઇને, તેમાં લુબ્ધ થઇ, માંસની બુદ્ધિથી ગોળીઓ ખાવા જાય છે, એટલે તરત જ લોખંડના કાંટાથી વીંધાઇને મરણ પામે છે (૫) એઉપરોક્ત પ્રમાણે જાણી, દક્ષ પુરુષોએ લવલેશ માત્ર પણ, ઈંદ્રિયોનો વિશ્વાસ નહિ કરતાં તેમાં મુંઝાવું નહિ, ઈંદ્રિયોને નહિ જીતવાથી સંસારની વૃદ્ધિ થાય છે અને જીતવાથી સંસારનો અંત થાય છે, માટે ભવ્ય જીવોએ ઈંદ્રિયોને જીતવા પ્રયત્ન કરવો. ૧ શ્રોત્ર, ૨ નેત્ર ૩ નાસિકા, ૪ જિહ્વા, ૫ સ્પર્શ એ પાંચ ઈંદ્રિય છે, તે દરેક ઈંદ્રિયો દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે છે, દ્રવ્યઈંદ્રિયા બે પ્રકારે છે, એક નિવૃત્તિ ઈંદ્રિય, બીજી ઉપકરણ ઈંદ્રિય, નિવૃત્તિ એટલે ઈંદ્રિયનો આખર. તે પણ બાહ્ય અને અભ્યંતર ભેદે કરી બે પ્રકારની છે, તેમાં પણ બાહ્ય આકાર સ્ફુટ છે. તે દરેક જાતિને વિષે જુદા જૂદા સ્વરૂપવાળો, કાનની પાપડી વિગેરે જે બહાર દેખાય છે તે જાણવો, બાહ્ય આકાર વિચિત્ર આકારવાળો હોવાથી અશ્વ, મનુષ્ય વિગેરે જાતિમાં સમાન રૂપવાળો હોવાથી અશ્વ, મનુષ્ય વિગેરે જાતિમાં સમાન રૂપવાળો નથી. અભ્યંતર આકાર સર્વ જાતિમાં સમાન હોય છે તે આ પ્રમાણે છે, શ્રોત્રનો અભ્યંતર આકાર કદંબ પુષ્પના આકાર જેવા માંસના ગોલારૂપ છે, નેત્રોનો અભ્યંતર આકાર, મસૂરના ધાન્યની જેવો હોય છે નાસિકાનો અભ્યંતર આકાર, મસૂરના ધાન્યની જેવો હોય છે નાસિકાને અભ્યંતર આકાર, અતિમુક્તક (અગથીઆ)ના પુષ્પ જેવો હોયછે. જિહવાનો આકાર ક્ષુરપ્ર (અસ્ત્રા)ના જેવો હોય છે અને સ્પર્શ ઈંદ્રિયોની આકૃતિ જુદા જુદા પ્રકારની હોય છે. પણ તે બાહ્ય અને અભ્યંતર એક જ સ્વરૂપે હોય છે. આ પ્રમાણે નિવૃત્તિ ઈંદ્રિયનું સ્વરૂપ જાણવું. ઉપકરણ ઈંદ્રિયનું સ્વરૂપ એવું છે કે જે ખડ્ગની ધારમાં છેદન કરવાની શક્તિ છે તેમ શુદ્ધ પદ્ગલમય શબ્દાદિ વિષયનેગ્રહણ કરવાની જે શક્તિ વિશેષ તે ઉપકરણ ઈંદ્રિય જાણવી તે ઈંદ્રિયનો અતિ કઠોર મેઘગર્જનાવડે ઉપઘાત થાય તો બહેરાપણું વિગેરે પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે દ્રવ્ય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇંદ્રિયના નિવૃત્તિ અને ઉપકરણ એવા બન્ને ભેદનું સ્વરૂપ જાણવું હવે ભાવ ઇંદ્રિયના પણ બે પ્રકાર છે. લબ્ધિ અને ઉપયોગ તેમાં શ્રોત્ર વિગેરે ઇંદ્રિયોના વિષયવાળા સર્વ આત્મપ્રદેશને આવરણ કરતાં કર્મનો જે ક્ષયોપશમ તે લબ્ધિરૂપ ઇંદ્રિયને અનુસારે આત્માનો જે વ્યાપાર, પ્રણિધાન તે ઉપયોગ ઇંદ્રિય જાણવી. પાંચે ઉપકરણ ઇંદ્રિયો અંગુલના અસંખ્યેય ભાગ પ્રમાણ સ્થૂળ (જાડાઇમાં) છે. તેમાં શ્રોત્ર, નાસિકા અને નેત્ર, અંગુલના અસંખ્યાતમા ભાગે પૃથુ છે, જિહ્વા. ઇંદ્રિય બેથી નવ આંગુલ વિસ્તારવાળી છે અને સ્પર્શેંદ્રિય દેહ પ્રમાણ વિસ્તાર વાળી છે, પાંચે ઇંદ્રિયોના વિષયનું માન નીચે પ્રમાણે છે. નેત્ર વિના બીજી ચાર ઇંદ્રિયો, જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ માત્રમાં રહેલા વિષયને જાણે છે, તેથી વધારે નજીક રહેલાને જાણતી નથી. નેત્ર ઇંદ્રિય જઘન્યથી અંગુલના અસંખ્યાતા ભાગમાં રહેલા પદાર્થને જોઇ શકે છે પણ અતિ સમિપ રહેલાં અંજન, રજ, મેલ વિગેરેને જોઇ શકતી નથી. નાસિકા, જિહ્વા અને સ્પર્શ એ ત્રણ ઇંદ્રિયો ઉત્કૃષ્ટ નવ યોજનથી આવતા ગંધ, રસ તથા સ્પર્શને ગ્રહણ કરે છે. કર્ણ ઇંદ્રિય ઉત્કૃષ્ટ બાર યોજન દૂરથી આવતા શબ્દને સાંભળે છે અને ચક્ષુ ઇંદ્રિય સાધિક લાખ યોજન દૂર રહેલા રૂપને જોઇ શકે છે. વળી એકેંદ્રિયાદિક વ્યવહાર દ્રવ્ય ઇંદ્રિયોએ કરીને જ થાયછે, નહિં તો બકુલ વૃક્ષ પાંચે ઇંદ્રિયોના ઉપયોગવાળું હોવાથી પંચેંદ્રિય કહેવાય પણ તે તો એકેંદ્રિય જ છે. પગમાં શબ્દ કરતાં નૂપુર વિગેરે શૃંગાર ધારણ કરનાર અને સુંદર તથા ચપળ નેત્રવાળી સ્ત્રીના મુખથી નીકળતા સુગંધી મદિરાના કોગળાથી બકુલ વૃક્ષ પુષ્પિત થાય છે. અહિં બકુલ વૃક્ષને પાંચે ભાવ ઇંદ્રિયોનો ઉપયોગ નીચે પ્રમાણે જાણવો. નુપુરતા શબ્દવાળા પાદનો સ્પર્શ કરવાથી પ્રફુલ્લિત થાય છે. તેથી કર્ણ અને સ્પર્શ એ બે ઇંદ્રિયોનો ઉપયોગ, સુંદર નેત્રવાળી સ્ત્રીને લીધે પ્રફુલ્લિત થાય છે તેથી નેત્ર ઇંદ્રિયનો ઉપયોગ, અને સુગંધી મદિરાના રસથી પ્રફુલ્લિત થાય છે. તેથી રસેંદ્રિય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને ઘ્રાણેંદ્રિયનો ઉપયોગ -એવી રીતે પાંચે ઇંદ્રિયનો ઉપયોગ જાણવો, આ પ્રમાણે ઇંદ્રિયોના સ્વરૂપને જાણીને તેના શબ્દાદિ વિષયોમાં, ક્ષણમાત્ર પણ મનની પ્રવૃત્તિ કરવી નહિ. કહ્યું છે કે ઇંદ્રિયરૂપી ધૂર્તોને તલના ફોતરા જેટલો પણ અવકાશ આપીશ નહીં, છતાં પણ એક ક્ષણ માત્ર જો અવકાશ આપીશ તો તે કોટી વર્ષો સુધી જશે નહિ, પાંચે ઇંદ્રિયોનો પ્રયોગ, પ્રશસ્ત પરિણામ અને અપ્રશસ્ત પરિણામે કરી બે પ્રકારનો છે, તેમાં શ્રવણ ઇંદ્રિયનો દેવગુરુના ગુણગ્રામ, અને ધર્મદેશનાદિકના શ્રવણ કરવામાં શુભ અધ્યવસાયથી જે ઉપયોગ કરાય તે પ્રશસ્ત કહેવાય છે, અને ઇષ્ટ તથા અનિષ્ટ શબ્દો શ્રવણ કરીને રાગ દ્વેષનું જે નિમિત્ત થાય છે અપ્રશસ્ત ઉપયોગ કહેવાય છે ચક્ષુ ઇંદ્રિયનો દેવ, ગુરુ, સંઘ, તથા શાસ્ત્રો જોવામાં અને પડિલેહણ તથા પ્રમાર્જન વિગેરેમાં ઇર્યાસમિતિમાં ધર્મસ્થાનાદિક જોવામાં જે ઉપયોગ કરાયતે પ્રશસ્ત છે, અને હાસ્ય નૃત્ય, ક્રીડા, રુદન, ભાંડચેષ્ઠા, ઇંદ્રજાળ, પરસ્પર યુદ્ધ સ્ત્રીના સુરૂપ-કુરૂપ અંગોપાંગ વિગેરે જોવામાં, જે ઉપયોગ કરાય તે અપ્રશસ્ત છે. નાસિકાનો અરિહંત ભગવાનની પૂજામાં ઉપયોગી પુષ્પો, કેશર, કપુર, સુગંધી તેલ વિગેરેની પરીક્ષામાં, ગુરુ અને ગ્લાન મુનિને માટે, પથ્ય કે ઔષધ આપવામાં, સાધુઓને અન્ન, જળ, ભક્ષ્ય, અભક્ષ્ય વિગેરે જાણવામાં ઉપયોગ કરાય તે પ્રશસ્ત કહેવાય છે, અને રાગ દ્વેષ ઉત્પન્ન કરનાર સુગંધી તથા દુર્ગંધી પદાર્થોમાં ઉપયોગ કરાય તે અપ્રશસ્ત છે.જિહ્‌વા ઇંદ્રિયનો સ્વાધ્યાય કરવામાં, દેવગુરુની સ્તુતિ કરવામાં, પરને ઉપદેશ આપવામાં, ગુરુ વિગેરેની ભક્તિ કરવામાં અને મુનિઓને આહારપાણી આપતાં તે વસ્તુઓની પરીક્ષા કરવામાં ઉપયોગ કરાય તેપ્રશસ્ત છે, અને સ્ત્રી વિગેરે ચાર પ્રકારની વિકથા કરવામાં, પાપશાસ્ત્રનો અભ્યાસ કરવામાં, પરને તાપ ઉપજાવવામાં, અને રાગ, દ્વેષ ઉત્પન્ન કરનાર, ઇષ્ટ અનિષ્ટ આહારાદિકમાં જે ઉપયોગ કરાય તે અપ્રશસ્ત છે, સ્પર્શ ઇંદ્રિયનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનપ્રતિમાનું સ્નાનાદિક કરવામાં, તથા ગુરુ અને ગ્લાન સાધુ વિગેરેની વૈયાવચ્ચ કરવામાં જે ઉપયોગ કરાય તે પ્રશસ્ત છે, અને સ્ત્રીને આલિંગન કરવામાં જે ઉપયોગ થાય. તે અપ્રશસ્ત છે. આ પ્રમાણે સર્વ વસ્તુઓમાં શુભ, અશુભ, અધ્યવસાયની ફળપ્રાપ્તિને અનુસારે, પ્રશસ્ત, અપ્રશસ્તભાવ જાણવો, તેવી રીતે વિચારતાં અહીં ચાર ભાંગા થાય છે તે નીચે પ્રમાણે છે કેટલાએક જીવોને શુભ અધ્યવસાયના કારણ(સાધનકારણ) ભૂત જિનબિંબાદિક પ્રશસ્ત વસ્તુ જોઈને કાલકસૌરિક વિગેરની જેમ અપ્રશસ્ત બાધક ભાવ ઉદયપામે છે, કેટલાએકજીવોને શુભ અધ્યવસાયને સાધનાર સાધક કારણભૂત, સમવસરણાદિક પ્રશસ્ત વસ્તુ જોઈને પંદરસો તાપસોની જેમ, પ્રશસ્ત સાધકભાવ ઉત્પન્ન થાય છે.

કેટલાક જીવોને બાધક કારણભૂત અપ્રશસ્ત વસ્તુ જોઈને પણ આષાઢ નાના નર્તક ઋષિની જેમ, પ્રશસ્ત એવો સાધકભાવ વૃદ્ધિ પામે છે અને કેટલાક જીવોને અપ્રશસ્ત બાધક વસ્તુ જોઈને, સુભૂમચક્રી બ્રહ્મદત્તચક્રી વિગેરેની જેમ અપ્રશસ્ત બાધકભાવ ઉત્પન્ન થાય છે.

## ઉપદેશ છોંતેરમો

### નવગ્રહ પૂજાવિચાર

૧. રવિપીડાને વિષે, રાતા પુષ્પોવડે શ્રી પદ્મપ્રભુજીની પૂજા કરવી અને ऊँ ह्रीँ नमो सिद्धाणं, પદનો રોજ ૧૦૮ જાપ કરવો

૨. ચંદ્રપીડાને વિષે ચંદન અને શ્વેત પુષ્પોવડે શ્રી ચંદ્રપ્રભુની સેવા કરવી, અને ॐ ह्रीँ नमो आयरियाणं, પદનો નિરંતર જાપ કરવો.

૩. મંગલપીડાને વિષે કેશર, તથા લાલ પુષ્પોવડે, વાસુપૂજયસ્વામીની પૂજા કરવી, અને ॐ ह्रीँ नमो सिद्धाणं પદનોનિરંતર ૧૦૮ જાપ કરવો.

૪. બુધપીડાને વિષે દૂધથી સ્નાત્ર, પખાળ, અને નૈવેદ્યથી શ્રીશાંતિનાથ મહારાજની પૂજા કરવી અને ॐ ह्रीँ नमो आयरियाणं પદનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૦૮ નિરંતર જાપ કરવો.

૫. ગુરુપીડાને વિષે જંબીર ફળના સાથે દહીંનું ભોજન કરવું. ચંદનનું વિલેપન કરી, આદિનાથજીની પૂજા કરવી અને ॐ ह्रीँ नमो आयरियाणं પદનો ૧૦૮ જાપ કરવો.

૬. શુક્રપીડાને વિષે ધોળા પુષ્પો અને ચંદનવડે સુવિધિનાથની પૂજા કરવી, ચૈત્યને વિષે ઘી આપવું, અને ॐ ह्रीँ नमो अरिहंताणं પદનો નિરંતર ૧૦૮ જાપ કરવો.

૭. શનિની પીડાને વિષે લીલા પુષ્પોવડે મુનિસુવ્રતસ્વામીની પૂજા કરવી, તેલનું સ્નાન, તથા તેલનું દાન કરવું અને ॐ ह्रीँ नमो लोएसव्वसाहूणं, પદનો નિરંતર ૧૦૮ જાપ કરવો.

૮. રાહુની પીડાને વિષે લીલા પુષ્પોવડે શ્રી નેમિનાથજીની પૂજા કરવી, અને ॐ ह्रीँ नमो लोएसव्वसाहूणं, પદનો નિરંતર ૧૦૮ જાપ કરવો.

૯. કેતુ પીડાને વિષે દાડમિયાદિક પુષ્પોવડે શ્રી પાર્શ્વનાથજીની પૂજા કરવી, અને ॐ ह्रीँ नमो लोएसव्वसाहूणं પદનો નિરંતર ૧૦૮ જાપ કરવો.

જ્યારે સર્વેગ્રહો પીડા કરતા હોય રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિશ્વર, રાહુ, કેતવઃ સર્વે ગ્રહાઃ મમ સાનુગ્રહાઃ ભવનું સ્વાહાઃ આ પદનો નિરંતર ૧૦૮ જાપ કરવો.

તેમ કરવાથી નવે ગ્રહો શાંત થાય છે.

## ઉપદેશ સત્યોતેરમો

### નમસ્કાર મહામંત્ર ગણવાની વિધિ.

પ્રથમ નિરંતર પવિત્ર દેહ કરી, પવિત્ર વસ્ત્ર ધારણ કરી, વિધિ સહિત, ત્રિકાળ પરમાત્માની પૂજા કરે, પછી પરમાત્માની મૂર્તિ પાસે, પવિત્ર આસન સ્થાપન કરી બેસે-પછી બન્ને હોઠને પરસ્પરસ્પર્શીભૂત કરે, પછી નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ સ્થાપન કરે. દાંતના જોડે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દાંત લગાવે નહિ, પછી પ્રસન્નતા, પૂર્વક મન, વચન, કાયાના યોગોને એકત્ર કરી, ત્રિકરણ શુદ્ધિથી બ્રહ્મચર્યનું પાલન કરી વિશિષ્ટ પ્રકારના તપયુક્ત થઇ, એકસોને આઠ ઉજ્જવલ અખંડ, ચોખાના ત્રણ વાર નવકાર ગણવાપૂર્વક ત્રણસાથીયા કરી,જાપ કરવા બેસે, સ્વર્ગાદિકની સંપત્તિ દૂર રહો પણ નિર્મલ પરિણામના યોગથી તીર્થંકરગોત્ર ઉપાર્જિન કરે છે. ઉપર પ્રમાણે બંધનથી કદાચ કોઈ ન કરી શકે ? તો પવિત્રતાથી તથા ચિત્તની શાંતિથી વિધિપૂર્વક, એક લાખ નવકારનો જાપ કરી અખંડ એક લાખ ચોખા જો પરમાત્મા પાસે સ્થાપન કરે તો નિર્મળ સમકિતદૃષ્ટિપણું પામી, ઘોર કર્મવાળા હોય તો પણ પાપથી નિવર્તમાન થાય છે અને એક કોટી નવકાર ગણ્યા પછી એક કોટી અખંડ ચોખા પરમાત્મા પાસે સ્થાપન કરે તો, સર્વ પાપથી મુક્ત થઇ, સાત આઠ ભવને વિષે મોક્ષે જાય છે, પરંતુ મનની જેવી સ્થિરતા હોય છે તેવું જ ફળ મળે છે. તેનો ઉપાય બતાવે છે.

જાપ ત્રણ પ્રકારનો છે. ૧ પૂર્વ્યાનુપૂર્વ્યા, ૨ પશ્ચાનુપૂર્વ્યાય, ૩ અનાનુપૂર્વ્યા.

ઉપર વર્ણન કર્યા પ્રમાણે જાપ કરે તો તે પૂર્વ્યો કહેવાય છે અથવા ચિંત્તની સ્થિરતાથી, કમલબંધથી જાપ કરવો.

નાભિપ્રદેશથી ઉત્પન્ન થયેલા નાલયુક્ત અને બ્રહ્મરંધ્ર પ્રતિષ્ઠિત, કમલદળને વિષે ધ્યાન કરવાથી એ પ્રકારનું તત્ત્વ ફલિભૂત થાય છે.

૧. પ્રથમ પદના ઉચ્ચારને વિષે કમલની કર્ણિકાને વિષે આઠ મહાપ્રતિહાર્ય યુક્ત અને શ્વેત વર્ણવાળા શ્રીમાન્ અરિહંત પરમાત્માનું ધ્યાન કરવું.

૨ બીજા પદના ઉચ્ચારને વિષે લલાટપટના ઉપર રહેલા દળને વિષે સિદ્ધાસનને વિષે રહેલા, લાલ વર્ણવાળા, સિદ્ધ પરમાત્માનું ધ્યાન કરવું.

૩ ત્રીજા પદના ઉચ્ચારને વિષે જમણા કાનના ઉપર રહેલા દલને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિષે પ્રવચન મુદ્રાથી સૂરિમંત્રના સ્મરણ કરનારા અને સુવર્ણવર્ણવાળા આચાર્ય મહારાજનું ધ્યાન કરવું.

૪ ચોથા પદના ઉચ્ચારને વિષે ડોકના ઉપર રહેલા પશ્ચિમ દળને વિષે શિષ્યને આગમ ભણાવનારા ઉપાધ્યાય મહારાજનું ધ્યાન કરવું.

૫ પાંચમા પદના ઉચ્ચારને વિષે ડાબા કાનની ઉપર રહેલા દળને વિષે કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા શ્યામ વર્ણવાળા સાધુ મહારાજનું ધ્યાન કરવું.

જો ઉજ્જવળ વર્ણવાળા પાંચ પરમેષ્ઠિનું ઉપર કહેલ કમળ દળને વિષે ધ્યાન કરવામાં આવે તો સર્વ વ્યાધિને નાશ કરવાવાળા તથા સર્વ કર્મોને ક્ષય કરવાવાળા થાય છે.

## ઉપદેશ અઠયોતેરમો

### નવકારવાળીયો

૧ શંખની, પ્રવાલની, રતાંજણી રક્તચંદન)ની નૌકારવાળીથી જાપ કરવાથી હજારગણું ફલ થાય.

૨ સ્ફટિકની નૌકારવાળીથી દસ હજારગણા ફલની પ્રાપ્તિ થાય.

૩ મોતીની નૌકારવાળી ગણવાથી લાખગણું ફળ પ્રાપ્ત થાય.

૪ ચંદન (સુખડની) નૌકારવાળીથી કોટીગણું ફળ પ્રાપ્ત થાય.

૫ સોનાની નૌકારવાળીથી દસ કોટીગણું ફળ પ્રાપ્ત થાય.

૬ રૂદ્રાક્ષની નૌકારવાળીથી ગણવાથી અસંખ્યગણું ફલ પ્રાપ્ત થા.

૭ પુત્તજીવા (પુત્રજીવા) નૌકારવાળીથી અનંતગણું ફલ પ્રાપ્ત થાય.

૮ સુતરની નૌકારવાળીથી પૂર્ણ ફલની પ્રાપ્તિ થાય છે.

૯. પુત્તજીવા, પીપળા જેવા, એક જાતિના વૃક્ષો થાય છે. તેના ફળો સોપારી જેવડા થાય છે. આ વૃક્ષો જેપુર, પટ્ટી (પંજાબ), હરદ્વાર તરફ વિશેષ થાય છે. તેના ફળની માલા સંત, સંન્યાસી, દાદુપંથી વિશેષે રાખે છે, તે માલા મહિમાવાળી હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૦ જે સ્ત્રીને પુત્રો ન થતા હોય, તથા નાની વયમાં મરી જતા હોય તે સ્ત્રી, જો આ માલા ગણે તો તેનો મૃતવત્સા દોષ નાશ પામે છે, તેથી ગુણનિષ્પન્ન તેનું નામ પુત્રજીવા પાડેલું છે. અપભ્રંશમાં, પોતાજીવા પણ કહેવાય છે.

૧૧ એ પ્રકારે નૌકારવાળીના ફલો જુદા જુદા પ્રકારે કહેલા છે, પરંતુ તે તો બાહ્ય નિમિત્ત છે, સિવાય અંતરંગની ભાવના વડે જ ફળ મેળવી શકાય છે. જેમ જેમ, ભાવનાની નિર્મલતા, ચિત્તની પ્રસન્નતા, મનની એકાગ્રતા અને વિશિષ્ટ પણે પરમાત્માના ગુણોનું વર્ણન કરવાથી સંપૂર્ણ ફલની પ્રાપ્તિ થાય છે તેમ તેમ અંતરશુદ્ધિથી વિશુદ્ધ ફલની પ્રાપ્તિ થાય છે, ભાવનાની મંદતાએ મંદ ફળ મળે છે.

૧૨ શંખની, પ્રવાલની, રતાંજણિની, સ્ફટિકની, મોતીની સોનાની, રૂદ્રાક્ષની વિગેરે નૌકારવાળીયો શ્રીમંતો મેળવી શકે છે, પરંતુ તે બધી નૌકારવાળીયો કરતા સુખડની, પુત્તજીવાની, સુતરની નૌકારવાળીયોનું ફલ વિશેષ કહેલ છે.

૧૩ જેને મોક્ષમાં જવાની ઇચ્છા હોય, તેણે અંગૂઠાના ઉપર નૌકારવાળી રાખી તેના પાસે રહેતી, તર્જની આંગુળીથી નૌકારવાળી ગણવાથી મોક્ષને આપે છે.

૧૪ મધ્યમાં આંગુલીથી ગણવાથી દ્રવ્યની પ્રાપ્તિ થાય છે.

૧૫ અનામિકા આંગુલીથી ગણવાથી ઘરંમાં શાંતિ થાય છે.

૧૬ કનિષ્ઠિકા-આંગુલીથી ગણવાથી શત્રુઓ આવી તેને પગે લાગે છે.

૧૭ નૌકારવાળીમાં ૧૦૮ મણકા હોવાથી, નૌકારવાળી ગણનાર પંચમેષ્ઠીના ૧૦૮ ગુણોં સ્મરણ કરનાર થઇ શકે છે.

૧૮. દાઝેલી, બળેલી સુખડના કાષ્ટ વિનાની, બીજા કોઈ કાષ્ઠની, હાડકાની, પત્થરની નૌકારવાળીયો ગણવી નહિ. મૂર્ખ માણસો જ આવી નૌકારવાળીયોને ગણે છે, કારણ કે તે નૌકારવાળીયો અલ્પ અને હલકા ફળવાળી કહેલી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अंगुल्याग्रेण यज्जप्तं, यज्जप्तं मेरुलंघनैः ।**

**व्यग्रचित्तेन यज्जप्तं, तत्सर्वं निष्फल भवेत् ॥१॥**

ભાવાર્થ : આંગુલીના અગ્રભાગથી કરેલ જાપ, મેરુને ઉલ્લંઘન કરી કરેલ જાપ, ચિત્તની વ્યગ્રતાથી કરેલ જાપ આ સર્વ નિષ્ફળ થાય છે તે બરાબર ધ્યાનમાં રાખવાનું છે.

આ ચાલતા કાળમાં નૌકારવાળીયો ગણનારા તો બહુ જ છે, પણ નૌકારવાળી ગણતાં વાતો કરવી, ક્રોધ કરવો, અસત્ય બોલવું, ચાલતા ગણવી, વ્યાખ્યાનમાં ગણવી, એક પગ ઊભો રાખી ગણવી, લમણે હાથ દઈ ગણવી, કમ્મરે હાથ દઈ ગણવી, ડોલતા ડોલતા ગણવી, ઊંઘતા ઊંઘતા ગણવી, તે તો નૌકારવાળીયો ગણનારાના મૂળ પ્રીન્સીપલો છે, સિવાય ચિત્તની નિર્મલતા, ગણવામાં આસ્થા ફળમાં લાલસા રહિતતા, હોય, ન હોય તો નૌકારવાળી ગણનારાના આત્માઓ અને પરમાત્મા બે જાણે આ બાબત મારા જેવા પામરથી, વિશેષે કરી લખી શકાય નહિ.

## ઉપદેશ ઓગણએંસીમો

### નવ નિધાનો

૧. નૈસર્પ, ગામ, નગર, પુર, પાટણ જળપથ, થલપથ, દ્રોણ મુખ, મંડપ, કટકને વિષે, હાટ ગ્રામાદિકની સ્થાપના કરે છે.

૨. પાંડુક, ગણવાની વસ્તુઓ દિનારાદિ, સોપારી આદિ, ગાયના સ્વરભેદ, પાટવતાકરણં, ધાન્યાનુમાન, સેતિકાદિમાન, ઉન્માન, તુલાદિ, બીજાદિ, શાલ્યાદિનું વપન, દેશકાળ પ્રમાણે ઉત્પન્ન કરે છે.

૩. પિંગળ મનુષ્યોના, સ્ત્રીઓના, હાથીના, ઘોડા વિગેરેના આભરણાદિકને આપે છે.

૪. સર્વ રત્ન, ચક્રવર્તીના ચૌદ રત્નો ઉત્પન્ન કરે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫. મહાપદ્મ, સર્વ જાતિના વસ્ત્રો, તથા રંગવા ધોવાની વિધિ વિગેરે ઉત્પન્ન કરે છે.

૬. કાળ શુભાશુભ, શિલ્પ, વિષમ, શતકર્મ, કૃષિ, વાણિ જ્યાદિજ્ઞાન, તથા ત્રણ કાળના જ્ઞાનને જણાવનાર છે.

૭. મહાકાળ, સોનુ, રૂપું, મણિ, મોતીવિગેરે ઉત્પન્ન કરે છે.

૮. માણવક, સમગ્ર પ્રકારની યુદ્ધની નીતિ તથા સમગ્ર શસ્ત્રો, સુભટોને યોગ્ય બખતરાદિકને ઉત્પન્ન કરે છે.

૯. શંખ, સમગ્ર વાજીંત્રોના અંગોને તથા ચાર પ્રકારના કાવ્યો નાટકાદિકની વિધિને, નાચવાની વિધિને તથા ધર્મ, અર્થ અને કામની વિધિને બતાવે છે.

કોઈક નવે નિધાનોને દેવો કહે છે.

આઠ ચક્રને વિષે રહે છે તે દરેક આઠ યોજન ઊંચા, બાર યોજન આયામ, નવ યોજન વિસ્તારવાળા, પેટીના આકારવાળા, વૈડુર્યમણિના કમાડવાળા, નિરંતર ગંગાનાં મુખે રહેનારા, અધિષ્ઠાયક દેવરૂપ, તથા નવે પલ્યોપમના આયુષ્યવાળા, તથા નિધાનના નામવાળા દેવતા કહેવાય છે, ઈતિ પ્રશ્ન વ્યાકરણ. એ નવે નિધાનોને વિષે પુસ્તકો છે તે શાશ્વતા છે, અને તેમાં સારા જગતની સ્થિતિ કહેલી છે.

## ઉપદેશ ઑસીમો

### લોકવિરુદ્ધતાનો અર્થ

**सव्वस्सचेवनिंदा, विसेस ओ तहय गुण समिद्धाणं,**
**उजु धम्मकरण इसणं, राढा जण पूयणिज्जाणं ॥१॥**
**बहु जळ विरुद्धसंगो, देसादाचार लंघणंचेव,**
**उव्वण भोगोयतहा, दाणा इवि पयडमन्नेउ, ॥२॥**
**साहु वसणं मितोसो, सइ सामत्थंमि अपडियारोउ,**
**अेमाइयाइ ईत्थं, लोग विरुद्धाइं ने यायं, ॥३॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવાર્થ : સર્વેની નિંદા કરવી અને ગુણવડે કરી ગરીષ્ઠ જીવોની વિશેષ નિંદા કરવી, તથા ઋજુ (સરલ)જીવો ધર્મકરણી કરે તેની હાંસી-મશ્કરી કરવી, અને લોકોને વિષેપૂજનિક જીવોની ખિસના કરવી, જેના વિરોધી બહુ લોકો હોય તેનો સંગ કરવો તથા દેશાચારનું ઉલ્લંઘન કરવું, તથા ઉદ્‌ભટ્ટ ભોગ કરવો એટલે દાનધર્માદિક પ્રગટપણે માનતા છતાં પણ ઉત્તમ જીવો દાન ધર્માદિકને માને છે કરે છે. તે પ્રગટ જોયા છતાં પણતેમના ઉપર પ્રેમ નહિ ધારણ કરતાં, દાનધર્માદિકને નહિ માનતાં પરલોકના સુખ પ્રત્યે અનાદર કરતા અહીં જ ભોગફળમાં કેવળ લક્ષ્મીને ઉડાવી દેનારાઓ તથા સાધુને દુઃખ આપે, સજ્જનોને પીડા થાય તે દેખીને રાજી થનારા, તથા પોતાની છતી શક્તિ છતાં પણ તેનો સદ્‌ઉપયોગ નહિ કરનારા તેમજ બીજાનો ઉપકાર નહિ કરનારાઓ જેઓ હોય છે તે સર્વને એટલે ઉપરોક્ત તમામ લોકવિરુદ્ધ કર્તવ્યો જાણવા.

## ઉપદેશ એકાશીમો

### લોકસ્થિતિ આઠ પ્રકારે

૧. જંબૂદ્વીપ અને લવણ સમુદ્ર.
૨. ઘાતકી ખંડ અને કાલોદધિ સમુદ્ર.
૩. પુષ્કરવર દ્વીપ અને પુષ્કરવર સમુદ્ર.
૪. વરુણવર દ્વીપ અને વરુણવર સમુદ્ર.
૫. ક્ષીરવીર દ્વીપ અને ક્ષીરવર સમુદ્ર.
૬. ઘૃતવર દ્વીપ અને ઘૃતવર સમુદ્ર
૭. ઈક્ષુવર દ્વીપ અને ઈક્ષુવર સમુદ્ર.
૮. નંદીશ્વર દ્વીપ અને નંદીશ્વર સમુદ્ર.

એવી રીતે સ્વયંભૂરમણ સમુદ્ર સુધીમાં અસંખ્યાતા દ્વીપ સમુદ્રો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## માનુષોત્તર પર્વત પહેલાં

૧. જંબુદ્વીપ ૩. પુષ્કરાર્ધ.

૨. ઘાતકી ખંડ એવી રીતે અઢી દ્વીપ છે.

૧. લવણ સમુદ્ર. ૨. કાલોદધિ સમુદ્ર એ બે સમુદ્રો છે.

જંબૂદ્વીપે ભરતાદિક સાત ક્ષેત્રો ૭.

ઘાતકીખંડે ભરતાદિક ચૌદ ક્ષેત્રો ૧૪.

પુષ્કરાર્ધે ભરતાદિક ચૌદ ક્ષેત્રો ૧૪.

એવી રીતે અઢી દ્વીપમાં ૩૫ ક્ષેત્રો છે.

જંબૂદ્વીપે૬, પુષ્કરાર્ધે ૧૨.

ઘાતકીખંડે ૧૨. કુલ ૩૦ વર્ષધર પર્વતો છે.

જંબૂદ્વીપે ૧. ઘાતકીખંડે ૨. પુષ્કરાર્ધે ૨. ૫ દેવકુરુ

જંબૂદ્વીપે ૧. ઘાતકી ખંડે ૨. પુષ્કરાર્ધે ૨. ૫ ઉત્તરકુરુ

જંબૂદ્વીપે ૩૨ પુષ્કરાર્ધે ૬૪. ઘાતકીખંડે ૬૪. કુલ ૧૬૦ વિજયો ચક્રવર્તીના છે.

૫. ભરતે ૫. ઐરવતે પ્રત્યેકે ૨૫॥ આર્યક્ષેત્રો છે. ૨૫૫ કુલ આર્યક્ષેત્રો થયા

જંબૂદ્વીપને વિષે જ હિમવંત આગળ પાછળ વિદિશાને વિષે સાત સાત અંતરદ્વીપો ૨૮ અને ઉત્તર શિખરીઓ ૨૮ કુલ ૫૬ અંતરદ્વીપો છે.

ઉત્સેધ આંગુલને ૧૦૦૦ ગુણીએ ત્યારે પ્રમાણાંગુલ થાય, તેના અનુમાને કરીદ્વીપ, ક્ષેત્ર, ગિરિ, કૂટ, સાગર, કાંડ, પાતાળ, ભવન, કલ્પ વિમાનાદિકના વિષ્કંભ આયામ, પરિધિ ગ્રહણ કરવા, ક્ષેત્રાદિક યથાર્થ પરિણામથી યથાવત્ જાણવું, કારણ કે તીર્થંકર મહારાજાએ યથાર્થ પ્રરૂપેલ છે.

કયા દ્વીપે, કયા સમુદ્રે, કયા ક્ષેત્રે, કયાકેવા મનુષ્યો આર્યાદિત ભેદવડે કરી બતાવેલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માનુષોત્તર પર્વત સુધીમાં અંતર દ્વીપ સહિત ૩૫ ક્ષેત્રોને વિષે મનુષ્યો ઉત્પન્ન થાય છે, સંહરણ વિદ્યા ઋદ્ધિના યોગથી સર્વ અઢી દ્વીપને વિષે તથા બે સમુદ્રને વિષે,તથા મંદર પર્વતને વિષે પણ ભરતના હૈમવંતના એ આદિક્ષેત્ર વિભાગવડે વિભાગો કરેલા છે.

મનુષ્યો ૨ પ્રકારના છે. ૧ આર્યો ૨ મ્લેચ્છા ૬ પ્રકારના આર્યો.

૧. ક્ષેત્રાર્યા ૩ કુલાર્યા ૫ શિલ્પાર્યા

૨ જાત્યાર્યા ૪ કર્માર્યા ૬ ભાષાર્યા.

૧ ક્ષેત્રાર્યા -કર્મભૂમિને વિષે ઉત્પન્ન થએલા, તથા ભરતને વિષે ૨૫॥ દેશને વિષે થએલા અને ચક્રવર્તીના વિજયોમાં થયેલા હોય છે તે ઈત્યાદિ.

૨ જાત્યાર્યા-ઈક્ષ્વાકવો, અંબષ્ટ, વિદેહા, હરયો, જ્ઞાતાકુરવ, બુંવનાળા (બુચનાળા) ઉગ્રા, ભોગા, રાજન્યા ઈત્યાદિ.

૩. કુલાર્યા-કુલકરો, ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો અને બીજા પણ આ ત્રીજાત્ આ પંચમાત્ આ સાતમાત્ વા કુલકરોથી વિશુદ્ધ અન્વય પ્રકૃતય ઈત્યાદિ.

૪ કર્માર્યા-યજન, યાજન, અધ્યનન, અધ્યાપન, પ્રયોગ, કૃષી, લિપિ, વાણિજ્ય, યોનિપોષણ વૃત્તિવાળા ઈત્યાદિ.

૫ શિલ્પાર્યા-તંતુવાય, કુલાલ, નાપિત, તુન્નાવાય, દેવટાદાયો, અલ્પસાવદ્યા, અગર્હિતજીવા ઈત્યાદિ.

૬ ભાષાર્યા શિષ્ટભાષા નિયતવર્ણ, લોકભાષા, હ્રઢીભાષા, સ્પષ્ટ શબ્દ, આર્યોના પાંચ પ્રકારના પણ સમ્યક્ પ્રકારના વ્યવહારને બોલનારા, ઈત્યાદિ,.

ક્ષેત્ર, જાતિ, કુલ, કર્મ, શિલ્પ, ભાષા, જ્ઞાન, દર્શન, ચારિત્રાદિકને વિષે શિષ્ટ લોક ન્યાયધર્મોપેત, આચરણશિલા આર્યા, તેનાથી જે વિપરીત હોય તે મ્લેચ્છા, અવ્યક્ત, અનિયત ભાષાની ચેષ્ટાવાળા છે તેથી મ્લેચ્છ કહેવાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## છ પ્રકારના આર્યો.

૧. ક્ષેત્રાર્યા-જાતિ, કુળ, કર્મ શિલ્પભાષાના જ્ઞાનથી ક્ષેત્રાર્યાઃ ઈત્યાદિ.

૨. જાત્યાર્યા-ઈક્ષ્વાકવઃ ઈત્યાદિ સર્વે જાતિના ભેદો કોઈક નિમિત્ત અંતરથી જાણવા,

૩. કુલાર્યા-અહીં પણ નિમિત્ત ભેદોથી જાણવા, બીજા કહે છે, પિતૃ વંશ જાતિ, માતૃ વંશ કુલ.

૪. કર્માર્યા-અનાચાર્યકં, નિશ્ચય કર્મ તેને વિષે આર્યા ઈત્યાદિ

૫. શિલ્પાર્યા આચાર્યાદિકના ઉપદેશથી શીખેલ તંતુવાય શિલ્પાદિ તેને વિષે આર્યા, ઈત્યાદિ.

૬. ભાષાર્યા નામ ઈત્યાદિ.

તેમાં સર્વ અતિશય સંપન્ન ગણધરાદિક તથા તેમની ભાષા સંસ્કૃત તથા અર્ધમાગધી તેમાં વિશિષ્ટ ભાષા, નિશ્ચય અકારાદિક વર્ણો વિશિષ્ટપણા વડે કરી યોર્વાપર્યેણ જેને વિષે સ્થાપન કરેલ છે તે શિષ્ટભાષા નિયત વર્ણવાળી ભાષા કહેવાય છે.

લોકરૂઢ, સ્પષ્ટ શબ્દ, સમ્યક્ પ્રકારના વ્યવહારને વિષે અત્યંત પ્રસિદ્ધિ સ્પષ્ટ અને સ્ફુટ પરંતુ બાળભાષાના પેઠે અવ્યક્ત નહિ. લોકરૂઢ સ્પષ્ટ શબ્દ જેને વિષે રહેલો છે એવી ભાષા બોલવામાં આવે.

એ પ્રકારે ક્ષેત્રાદિ ભાષાના ભેદના વ્યવહારને જે જાણનારા છે તે આવ, જા, આ કામ કરીશ નહિ, એવીરીતે સ્ફુટભાષા બોલે તે ભાષાર્યા કહેવાય છે.

મ્લેચ્છા : તેનાથી વિપરીત હોય છે, એટલે ક્ષેત્ર,જાતિ, કુળ, કર્મ, શિલ્પ, ભાષા આ છ પ્રકારોથી મ્લેચ્છો વિપરીત કહેવાય છે.

યવન, શક, કિરાત, કાંબોજ, વાલ્હિકાદિ અનેક ભેદો છે, તથા અંતરદ્વીપના પણ નિશ્ચય મ્લેચ્છો છે.

હિમવંત પર્વતના પૂર્વ પશ્ચાત્ ચારે દિશાને વિષે ૩૦૦ યોજન લવણસમુદ્રને અવગાહીને પ્રથમ દ્વીપો રહેલા છે, તેને વિષે પ્રથમ એકોરૂ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દ્વીપના મનુષ્યોનું કહે છે.

તેમાં પૂર્વે ઉત્તર દિશાને વિષે ૩૦૦ યોજન આયામ, વિષ્કંભ લવણ સમુદ્રનું પાણી અવગાહીને એકોરૂ નામનો દ્વીપ છે. તે દ્વીપના જ નામવાળા એકોરૂ મનુષ્યો વસે છે. તે લોકો સર્વ અગોપાંગોને વિષે સુંદર તથા દેખાવમાં મનોહર હોય છે. દક્ષિણ પૂર્વ દિશાને વિષે લવણસમુદ્રને આયામ વિષ્કંભ ૩૦૦ યોજન અવગાહીને પ્રથમ આભાસિક નામનો દ્વીપ રહેલો છે. તે દ્વીપમાં આભાસિક નામના લોકો રહે છે.

દક્ષિણ પર પશ્ચિમ દિશાને હિમવાનથી ત્રણસો યોજન લવણ સમુદ્ર અવગાહ્ય, ૩૦૦ યોજન આયામ, વિષ્કંભ, લાંગુલિક નામના લોકો વાસિત વૈષાણિક નામનો દ્વીપ છે. પ્રથમ દ્વીપ છે, તથા ઉત્તર પર પશ્ચિમ દિશાને વિષે ૩૦૦ યોજન લવણસમુદ્રનું પાણી અવગાહ્ય, ૩૦૦ યોજન આયામ વિષ્કંભ, વૈષાણિક નામના લોકો વાસિત વૈષાણિક નામનો દ્વીપ છે.

એવી રીતે હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ, શષ્કુલીકર્ણ એ ચાર દ્વીપો છે. તે ૪૦૦ યોજન આયામ વિષ્કંભ ચારે દિશાને વિષે રહેલા છે, તે પૂર્વના પેઠે રહેલા છે. એ પ્રકારેબાકીના ચારનું પણ પૂર્વના પેઠે સમજી લેવું,

યાવત્ સાતમો દ્વીપ ૯૦૦ યોજન જળને વિષે અવગાહીને ૯૦૦ યોજન આયામ વિષ્કંભ વિદિશાને વિષે જાણવો.

આદર્શમુખ, મેષમુખ, હયમુખ, ગજમુખ, અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ, વ્યાઘ્રમુખ, અશ્વકર્ણ, સિંહકર્ણ, હસ્તિકર્ણ, કર્ણ પ્રાવરણા, ઉલ્કામુખ, વિદ્યુત્જિહ્વ, મેષમુખ, વિદ્યુદંતા, ધનદંતા, ગૂઢદંત, વિશિષ્ટદંત શુદ્ધદંત નામના અંતરદ્વીપો છે.

તેમાં યુગ્મ પ્રસવા યુગલિક પરૂષો પલ્યોપમના અસંખ્યાતમાં ભાગના આયુષ્યવાળા અને ૮૦૦ ધનુષ્ય ઊંચા પુરુષોહોય છે.

એવી રીતે ૨૮ દ્વીપો હિમવાન્ પર્વત પૂર્વ પર પ્રવાહયુક્ત ઉક્ત ન્યાયથી હોય છે.

તથા ઐરાવતક્ષેત્રના વિભાગ કરનારા પર્વતો, પૂર્વાપર પ્રથમના પેઠે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્રમથી આ જ નામવડે કરીને ૨૮ અંતરદ્વીપો જાણવા એવી રીતે ૫૬ અંતરદ્વીપો છે.

## ઉપદેશ બાસીમો

### હિત શિખામણ

સારી વાંછા કરનારે સદા શાન્તિને માન્ય કરવી.

સર્વ જીવોને વિષે મિત્રતા ધારણ કરવી.

અપકારીના ઉપર પણ ઉપકાર કરવો.

નરકાદિક પ્રાપ્ત થાય તેવી કરણી દૂર કરવી.

મિથ્યાત્વીના શાસ્ત્રોને કોઈ દિવસ સાંભળવા નહિં.

આદરથી આરંભનો ત્યાગ કરી, ષટકાયની વિરાધના વર્જવી.

સર્વ જીવોને પોતાના સમાન ગણવા.

પ્રચંડ પાપકર્મનો અનર્થ દંડ ત્યજવો.

મનરૂપી મર્કટને બરાબર વશવર્તી કરવો.

પરાભવને સહન કરવો, પરંતુ નિર્માલ્ય થવું નહિ.

વિશ્વાસઘાત વર્જી, નિરંતર સરલપણું ધારણ કરવું.

ક્રોધ, માન, માયા, લોભાદિકને વર્જી સત્ય વક્તા થવું.

નિરંતર સમિતિ ગુપ્તિને ધારણ કરવી.

પરનું દુ:ખ દેખી, કોઈ દિવસ હાસ્ય કરવું નહિ.

પ્રતિદિન ભવભયથી ઉદાસીનતા ધારણ કરવી.

પાપકર્મને કરતા ક્ષણે ક્ષણે કંપાયમાન થવું.

દેવ, ગુરુ, ધર્મની શુદ્ધતા સહિત, ઉજ્જવળ રત્નત્રયી મેળવવા ઉદ્યમ કરવો.

કર્મ ક્ષય કરવામાં સહાયક, સહસ્રમલ્લાદિક મુનિમહારાજાઓનું, અહર્નિશ પોતાના હૃદયકમલને વિષે ચિંતવન કરવું.

## ઉપદેશ ત્र્યાશીમો

### શોચકરવા લાયક શું ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જોઓયે જૈન દીક્ષા લીધી નથી, તે શોચ કરવા લાયક છે.

અપ્રાપ્ત જિનદીક્ષા શોચ કરવા લાયક છે.

અશ્રુતસિદ્ધાંતવચના શોચ કરવા લાયક છે.

અબોધિત લોક શોચ કરવા લાયક છે.

અકૃતધર્મા શોચ કરવા લાયક છે.

અકૃત અણુવ્રતો શોચ કરવા લાયક છે.

અક્ષામિત સર્વે જીવા શોચ કરવાલાયક છે.

અનાલોચિત સર્વે પાપો, શોચ કરવા લાયક છે.

આઠ મદ પાંચ પ્રમાદ યુક્તા શોચ કરવા લાયક છે.

એ ઉપરોક્ત જીવો પરલોકને વિષે ગમન કરતા શોચ કરવા લાયક છે.

ગૃહીતદીક્ષા શોચ કરવા લાયક નથી.

પઠિત સિદ્ધાન્તા શોચ કરવા લાયક નથી.

બોધિતલોકો શોચ કરવા લાયક નથી.

કૃતસુકૃતા શોચ કરવા લાયક નથી.

અંગીકૃત અણુવ્રતો શોચ કરવા લાયક નથી.

કૃતસાધર્મિકવાત્સલ્યા શોચ કરવા લાયક નથી.

જ્ઞાન ભણનારને કૃતહાયા શોચ કરવા લાયક નથી.

ભાવિત શુભભાવનાયુક્તા શોચ કરવા લાયક નથી.

લેખિત જિનવચનસિદ્ધાન્તા શોચ કરવા લાયક નથી.

ખામિત સર્વે જીવા શોચ કરવા લાયક નથી.

આલોચિત સર્વે પાપા શોચ કરવા લાયક નથી.

આઠ મદ પાંચ પ્રમાદ રહિત શોચ કરવા લાયક નથી.

એ ઉપરોક્ત જીવો પરલોકને વિષે ગમન કરતા શોચ કરવા લાયક નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઉપદેશ ચોરાશીમો

### પુણ્ય ઉપાર્જન

ઈહલોકને વિષે સમગ્ર સામગ્રીપૂર્ણ માનુષ્યપણું પામી, ભુક્તિ, મુક્તિ, સિદ્ધિના સુખની સિદ્ધિને માટે જીવોએ પુન્ય ઉપાર્જન કરવું તે જ શ્રેયસ્કર છે.

જ્ઞાનથી પુન્ય થાય છે, તે જ્ઞાન ગુરુ ઉપદેશથી પ્રાપ્ત થાય છે. ગુરુ ઉપદેશ શાસ્ત્રથી થાય છે, કારણ કે શાસ્ત્ર છે તે પુસ્તક છે અને શાસ્ત્રનો આધાર પણ પુસ્તક છે.

માટે સર્વે ક્ષેત્રોને વિષે પુન્યનું મહાન્ ક્ષેત્ર શાસ્ત્ર જ છે, કારણ કે શાસ્ત્રને વિષે તથા સર્વ પુન્ય ને વિષે મહાન્ પુન્ય તરીકે શાસ્ત્રને જ ગણેલ છે.

પાંચ જ્ઞાનને વિષે, શ્રુતજ્ઞાન જ દેવ, દાનવ, માનવને પ્રતિબોધ, કરનાર હોવાથી મુખ્ય ગણાય છે.

તેમજ મતિશ્રુતાદિ પ્રભુના પાંચ પુત્રો ગણાય છે, તેમાં પણ પ્રભુએ શ્રુતજ્ઞાનને જ પોતાના પદે સ્થાપન કરેલ છે માટે જ્ઞાનની ભક્તિ કરવી અને જ્ઞાનની આશાતનાને ટાળવી, જ્ઞાન તેમજ જ્ઞાનીનું બહુમાન કરવું કે ભવાંતરમાં જ્ઞાનનું સુલભપણું પ્રાપ્ત થવા થકી આત્મા શીઘ્રતાથી કર્મનો ઉચ્છેદ કરવાવાળો થઈ શકે.

## ઉપદેશ પંચાશીમો

### પાંચમહાવ્રત

આ સંસાર સમુદ્રના જેવો દારૂણ છે, અને તેનું કારણ વૃક્ષના બીજની જેમ કર્મ જ છે, પોતાના જ કરેલા કર્મથી કેટલાયેક વિવેક રહિત થયેલા પ્રાણિયો, કુવો ખોદનારા પેઠે અધોગતિને પામે છે, અને શુદ્ધ હૃદયવાળા પુરૂષો, મહેલ બાંધનારા ના પેઠે ઉંચી ગતિને પામે છે, કર્મ બંધનના કારણભૂત, એવા પ્રાણિની હિંસા કદાપિ કાળે કરવી નહિ, હંમેશા પોતાના પ્રાણના પેઠે બીજાના પ્રાણની રક્ષા કરવામાં તત્પર રહેવું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોતાના આત્માની પીડાના પેઠે, પરની પીડાને હરણ કરવાની ઇચ્છા કરનારા પ્રાણિયોયે, અસત્ય નહિ બોલતા, સર્વદાસત્ય જ બોલવું.

મનુષ્યોના બાહ્યપ્રાણ લેવા જેવું, કોઈ દિવસ અદત્તદ્રવ્ય, ચોરી કરીને લેવું નહિ, કારણ કે તેનું દ્રવ્યય લેવાથી તેના પ્રાણનો વધ કરેલો જ ગણી શકાય છે.

ઘણા જીવોનું ઉપમર્દન કરનારૂ, મૈથુનનું પણ કદાપિ કાલે સેવન કરવુ નહિ, પણ પંડિત પુરૂષોયે, પરબ્રહમ મોક્ષને આપનારૂ બ્રહ્મચર્યનું જ પ્રતિપાલન કરવું.

પરિગ્રહને પણ ધારણ કરવો નહિ, કારણ કે ઘણા પરિગ્રહને લીધે, અધિક ભારથી બળદની જેણે, પ્રાણી વિધુર થઇ અધોગતિને વિષે પડે છે,

આ પ્રાણાતિપાત વગેરેના બે ભેદો છે, તેમાંથી જો સૂક્ષ્મને છોડી શકાય નહિ, તો પછી સૂક્ષ્મના ત્યાગને વિષે, અનુરાગી થઇ બાદરનો ત્યાગ તો જરૂર કરવો.

## ઉપદેશ છાશીમો

### પંચમહાવ્રતની દુર્લભતા

આ અપાર સંસાર સમુદ્રના અંદર, દક્ષિણા વર્ત શંખની જેમ માનુષ્ય જન્મ કદાચિત્ જ પ્રાપ્ત થાય છે, તો પણ બોધિ બીજની પ્રાપ્તિ થવી બહુ જ દુર્લભ છે, કદાપિ તે પણ પ્રાપ્ત થાય છે, પરંતુ મહાવ્રતો સાધુપણું પ્રાપ્ત થવું, તે પણ પૂર્વ કર્મના યોગે જ બની શકે છે.

જ્યાં સુધી વર્ષાઋતુ સંબંધી મેઘ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી જ પૃથ્વી ઉપર સૂર્યના સંતાપનો ઉપતાપ રહે છે.

જ્યાં સુધી સૂર્યનો ઉદય ન થાય, ત્યાં સુધી જ જગત અંધકારથી અંધ દશામાં રહે છે, જ્યાં સુધી કેશરીસિંહ ન આવે ત્યાં સુધી જ હાથીઓથી વનનો નાશ રહે છે, જ્યાં સુધી પક્ષીયોનો રાજા ગરૂડ ન હોય, ત્યાં સુધી જ પ્રાણીઓ સર્પ થકી ભય ભ્રાંત દશાવાલા રહે છે, જ્યાં સુધી કલ્પવૃક્ષની પ્રાપ્તિ જીવોને થતી નથી, ત્યાં સુધી દારિદ્રયપણું ટકે છે, તેમજ જ્યાં સુધી પંચમહાવ્રત પ્રાપ્ત કરેલ નથી, ત્યાં સુધી જ પ્રાણીયોને સંસારનો ભય રહે છે, આરોગ્યતા, રૂપ, લાવણ્ય, દીર્ઘ આયુષ્ય, સમૃદ્ધિ, ઐશ્વર્ય, હુકમ પ્રતાપીપણું, સામ્રાજ્ય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેવપણું, ઈંદ્રપણું, ચક્રવર્તીપણું, અહમિંદ્રપણું, તીર્થંકરપણું, સિદ્ધપણું, જે પ્રાપ્ત થાય છે, તે સર્વ પંચ મહાવ્રતનો જ પ્રતાપ છે.

નિર્મોહી થઈને, એક દિવસ પણ જો વ્રતનું માણસ પ્રતિપાલન કરે તો મોક્ષ ન પામે, તો પણ અવશ્ય સ્વર્ગગામી તો થાય જ ત્યારે જે મહાનુભાવ, તૃણના પેઠે સર્વ લક્ષ્મીને છોડી દઈ દિક્ષા ગ્રહણ કરી, ચિરકાલ સુધી પાળે છે, તેની તો વાત જ શી કરવી, અર્થાત્ તે અવશ્ય શીઘ્રતાથી મોક્ષ મેળવે છે.

## ઉપદેશ સત્યાશીમો

### ચારપુરૂષાર્થ

આ જગતને વિષે, ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, એ ચાર પ્રકારના પુરૂષાર્થ કહેલા છે, તેમાં અર્થ, અને કામ તો પ્રાણિયોને ફક્ત નામથી જ અર્થ રૂપ છે, પરંતુ પરમાર્થ થી તો અનર્થ રૂપ જ છે, એ ચારે પુરૂષાર્થને વિષે, ખરી રીતે અર્થ રૂપ તો ફક્ત એક મોક્ષ જ છે, અને તેનું કારણ પણ ધર્મ છે,

તે ધર્મ, સંયમ વિગેરે દસ પ્રકારનો કહેલો છે, અને સંસાર સાગરથી તારનારો છે, કારણ કે અનંત દુઃખ રૂપ સંસાર છે, અને અનંત સુખ રૂપ મોક્ષ છે, તેથી સંસારના ત્યાગનો અને મોક્ષની પ્રાપ્તિનો હેતુ ધર્મ વિના બીજો કોઈ નથી,

જેમ પાંગલો માણસ પણ, વાહનની પ્રાપ્તિથી દૂર જઈ શકે છે. તેમ ઘણા કર્મવાળો જીવ હોય તો પણ, ધર્મના આશ્રયથી મોક્ષને વિષે જાય છે.

શાસ્ત્રકાર મહારાજા ધર્મને રાજાની ઉપમા આપે છે રાજાને જેમ સામગ્રી હોય છે, તેમ ધર્મ રૂપી રાજાની સામગ્રી ભવ્ય જીવોને બતાવે છે, ત્રૈલોકય રૂપી ભૂમિ છે, જૈન શાસન નામનું નગર છે, આ નગર વિજય ક્ષમા, તથા સારા પ્રકારની કરણીવાળા લોકોથી પરિપૂર્ણ ભરેલું છે જેમાં જ્ઞાન રૂપી દ્રઢ સ્થાન છે, તેની વ્યાખ્યા રૂપી શ્રેષ્ઠ વેદિકા છે, વિવેકરૂપી મહાન્ પ્રધાન છે, સિદ્ધાન્તરૂપી સંધિકાર છે, સંઘરૂપી જેનું ચતુર્વિધ સૈન્ય છે આવો ધર્મરૂપી રાજા છે. તેનો આશ્રય જે માર્ગે છે, તેને તે ધર્મરાજા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શુદ્ધ રત્નત્રયીને આપી સુખી કરે છે. જેમ પાણી વિનાનું ઘર નાસિકા વિનાનું મુખ ઇંદ્ર વિનાનું સ્વર્ગ બુદ્ધિ વિનાનો વિદ્યાર્થી પ્રાણ વિનાનો દેહ શોભા પામે નહિ તેમ ધર્મ વિનાનો માણસ શોભા પામી શકતો નથી.

મોટા મોટા સારભૂત આદેશોથી શું ?

કલ્પવૃક્ષ સમાન મહાન્ પ્રાસાદવડે કરીને શું ?

સર્વ પ્રકારના સુંદર રૂપવડે કરીને પણ શું ?

મોટા મોટા રાજ્યો અને નગરોવડે કરીને શું ?

ભવ્ય મનોહર દેહ ગેહવડે કરીને પણ શું ?

અનુકૂલ એવા વસ્ત્રાલંકારો વડે કરીને પણે શું ?

સાર સ્ફાર ઉદાર શ્રૃંગારોથી પણ શું ?

દેદીપ્યામાન વાહન વૈભવ અને ગાનતાનથી પણ શું ?

સુંદર વિવિધ પ્રકારના આહારાદિકવડે કરીને પણ શું ?

કિંબહુના ? એ તમામ પદાર્થો ધર્મકર્મ વિના આત્માને સર્વથા પ્રકારે દુઃખ આપનારા હોઈવ્યર્થ નકામા કલેશ કરાવનારા છે.

## ઉપદેશ અઠયાશીમો

### રાગ, દ્વેષ, મોહ

હે ભવ્યો ! પુરુષ વ્રતધારી વીર પુરુષોયે તો અત્યંત દ્રોહ કરનારા વૈરીવર્ગની સાથે જ યુદ્ધ કરવું જોઈએ, કારણ કે રાગ, દ્વેષ, મોહ અને કષાયો જીવોને સેંકડો જન્માંતરમાં પણ અનર્થ ઉત્પન્ન કરનારા શત્રુઓ છે.

રાગ સદ્ગતિએ જવામાં લોઢાની સાંકળ સમાન બંધનકારક છે, દ્વેષ નરકાવાસને વિષે નિવાસ કરાવવામાં બળવાન સાક્ષીરૂપ છે, મોહ સંસારસમુદ્રની ઘુમરીમાં નાખવા પ્રતિજ્ઞારૂપ છે, મોહે એવી પ્રતિજ્ઞા કરી છે કે મારે સર્વે પ્રાણિયોને સંસારરૂપી ઘુમરીમાં અવશ્ય નાખવા જ જોઈયે, કષાયો અગ્નિના પેઠે પોતાના આશ્રિત જનોને દહન કરનારા છે માટે અવિનાશી કારણરૂપ શાસ્ત્રોથી યુદ્ધ કરીને તે વૈરીયોને પુરૂષોએ જીતવા અને સત્ય શરણભૂત ધર્મની સેવા કરવી કે શાસ્વત આનંદમય પદની પ્રાપ્તિ સુલભ થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાજ્યલક્ષ્મી અને ગૃહલક્ષ્મી અનેક યોનિમાં પાત કરાવનારી છે, વિવિધ પ્રકારે પીડા કરનારી અને અભિમાનરૂપ ફળવાળી છે. જ્યારે સ્વર્ગના સુખોથી પણ આ આત્માને સુખની તૃપ્તિ થઇ નથી, તો ક્ષણિક પ્રાયઃ એવા મનુષ્યોના સુખથી શાન્તિની આશા રાખવી જ શી ? માટે વિવેકી પુરૂષોએ, અમંદ આનંદના ઝરારૂપ, અને મોક્ષપ્રાપ્તિના કારણરૂપ, સંયમ સામ્રાજ્ય અંગીકાર કરવું, તે જ યુક્તિયુક્ત છે.

## ઉપદેશ નેવાસીમો

### મનુષ્યભવની સફળતા

લક્ષ્મીવંતો દેશકાળને ઉચિત ક્રિયા જાણતા નથી, કારણ કે કૃષ્ણ, ઉનાળાની ઋતુનો ત્યાગ કરી વર્ષાઋતુમાં સમુદ્રમાં શયન કરે છે. જુઓ લક્ષ્મી સર્વ જીવોને લક્ષ્મી આપનારી થતી નથી, પરંતુ વૈરને ઉત્પન્ન કરનારી અને પુન્યનો ક્ષય કરનારી થાય છે.

મનોહર એકલી કળાથી જ મનુષ્યપણું સફળ થતું નથી, કારણ કે કરોળીયા અને સુખી પક્ષીનું ઘણું જ્ઞાન જોવામાં આવે છે.

પાડાદિક ઘણા જીવો યુદ્ધ કરેછે, પણ મનુષ્યપણું તો ધર્મ કરવાથી જ સફળ થાય છે. તે ધર્મ પંડિત પુરૂષોયે અનેક પ્રકારે કહેલ છે, પણ સર્વવિરતિને તોલે એક પણ ધર્મ આવતો નથી. ધર્મને વિષે મનુષ્યો જે અંતરાય કરે છે. તેજ અંતરાય પોતે પૂર્વ ભવમાં ભોગવે છે. જેમ બીજ વિના પૃથ્વીને વિષે ધાન્ય ઉત્પન્ન થતું નથી. તેમ ધર્મ વિના કદાપિકાલે સુખ પણ પ્રાપ્ત થતું નથી. દેવગતિને વિષે ધર્મની ઉત્પત્તિ નથી, નરકગતિને વિષે ધર્મકથાની વાત પણ નથી, તિર્યંચને વિષે કવચિત-કદાચિત હોય, ફક્ત મનુષ્યને વિષે જ ખરેખરી ધર્મની સામગ્રી હોય છે.

આર્યદેશાદિક પામ્યા છતાં પણ, મનુષ્યને ધર્મ કરવો મહાદુર્લભ છે, જેમકે-પાંચ પુરુષો નીવી લઇ પરદેશે વ્યાપાર કરવા ગયા. ગામમાં તેમને પેસતા કોઈ રાજાયે દેખ્યા. તેમાં એક વ્યસનને સેવનારો પાપી હતો તેથી રાજાયે તેની નીવી લઇ, અંધારા કૂવામાં નાખ્યો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજો મૂર્ખ હતો. તેને જૂઠું સમજાવી, જૂઠી વસ્તુ આપી, નીવી લઇ રાજાયે વિસર્જન કર્યો. ત્રીજો પ્રમાદી હતો તેણે પ્રમાદી છતાં પણ મૂળ મૂડી સાચવી રાખી, નવુ ધન ઉપાર્જન કર્યું નહિ. ચોથો ઉદ્યમી હતો. તેણે ઉદ્યમ કરી અપૂર્વ રત્નો ગ્રહણ કર્યા. અને પાંચમો વસ્તુતત્વનો જાણકાર હતો તેણે ચિંતામણિ રત્ન મેળવ્યું

## તેનો ઉપનય નીચે પ્રમાણે સમજવો

નીવીરૂપ મનુષ્યભવ કથન કરેલ છે.
નગરને આર્યદેશ કહેલ છે.
રાજાને કર્મના પરિણામ કહેલ છે.
પાપોને વ્યસનો કહેલ છે.
કૂવાને નરક કહેલ છે,તે અંદર પડેલાને પીડા કરેલ છે.
મિથ્યાગતિ દુષ્ટો તે અસત્ય ભાષા બોલનારા છે.

જૂઠી વસ્તુ તે મિથ્યાત્વ અને તેનાથી તિર્યંચ ગતિ તથા મનુષ્યપણું કહેલ છે.

લાભ તે મનુષ્યગતિમાં સ્વર્ગ મોક્ષ છે.

## ઉપદેશ નેવુમો

### જ્યોતિષીઓનું પ્રમાણ

| જ્યોતિષિ નામ | યોજન જવું | કુલ યોજન | જ્યોતિષિ |
|---|---|---|---|
| સંભૂતલાથકી | ૭૯૦ | ૭૯૦ | તારા |
| તારાથકી | ૧૦ | ૮૦૦ | સૂર્ય |
| સૂર્યથકી | ૮૦ | ૮૮૦ | ચંદ્ર |
| ચંદ્રથકી | ૪ | ૮૮૪ | નક્ષત્ર |
| નક્ષત્રથકી | ૪ | ૮૮૮ | બુધ |
| બુધથકી | ૩ | ૮૯૧ | શુક્ર |
| શુક્રથકી | ૩ | ૮૯૪ | ગુરૂ |
| ગુરૂથકી | ૩ | ૮૯૭ | મંગળ |
| મંગળથકી | ૩ | ૯૦૦ | શનિ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ચંદ્રમાનું વિમાન ૧૬ હજાર દેવતાઓ ઉપાડે છે.**

૪ હજાર દેવતા પૂર્વ દિશામાં સિંહના રૂપે ઉપાડે છે.
૪ હજાર દેવતા દક્ષિણ દિશામાં હસ્તિનારૂપે ઉપાડે છે.
૪ હજાર દેવતા પશ્ચિમ દિશામાં બળદના રૂપે ઉપાડે છે.
૪ હજાર દેવતા ઉત્તર દિશામાં ઘોડાના રૂપે ઉપાડે છે.

**સૂર્યના વિમાનને પણ ઉપરના પ્રમાણે જ ઉપાડે છે.**

**ગ્રહના વિમાનને ૮ હજાર દેવતાઓ ઉપાડે છે.**

૨ હજાર દેવતા પૂર્વ દિશામાં સિંહના રૂપે ઉપાડે છે.
૨ હજાર દેવતાદક્ષિણ દિશામાં હસ્તિના રૂપે ઉપાડે છે.
૨ હજાર દેવતા પશ્ચિમ દિશામાં બળદના રૂપે ઉપાડે છે.
૨ હજાર દેવતા ઉત્તર દિશામાં ઘોડાના રૂપે ઉપાડે છે.

**નક્ષત્રના વિમાનને ૪ હજાર દેવતાઓ ઉપાડે છે.**

૧ હજાર દેવતા પૂર્વ દિશામાં સિંહના રૂપે ઉપાડેછે.
૧ હજાર દેવતા દક્ષિણ દિશામાં હસ્તિના રૂપે ઉપાડે છે.
૧ હજાર દેવતા પશ્ચિમ દિશામાં બળદના રૂપે ઉપાડે છે.
૧ હજાર દેવતા ઉત્તર દિશામાં ઘોડાના રૂપે ઉપાડે છે.

**તારાના વિમાનને બે હજાર દેવતાઓ ઉપાડે છે.**

૫૦૦ દેવતા પૂર્વ દિશામાં સિંહના રૂપે ઉપાડે છે.
૫૦૦ દેવતા દક્ષિણ દિશામાં હસ્તિના રૂપે ઉપાડે છે.
૫૦૦ દેવતા પશ્ચિમ દિશામાં બળદના રૂપે ઉપાડે છે.
૫૦૦ દેવતા ઉત્તર દિશામાં ઘોડાના રૂપે ઉપાડે છે.

**તેઓની ચાલવાની ગતિ**

| ચંદ્ર | સૂર્ય | ગ્રહ | નક્ષત્ર | તારા | બુધ | શુક્ર | મંગળ | ગુરુ | શનિ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મંદ | શીઘ્ર | શી | શી | શી | શી | શી | શી | શી | શી |

**ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા**

| નામ | જંબૂદ્વીપે | લવણસમુદ્રે | ધાતકીખંડે | કાલોદધૌ | પુષ્કારાર્ધે | સર્વે |
|---|---|---|---|---|---|---|
| ચંદ્રસૂર્યા | ૨ | ૪ | ૧૨ | ૪૨ | ૭૨ | ૧૩૨ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ગ્રહો | ૧૭૬ | ૩૫૨ | ૧૦૫૬ | ૩૬૯૬ | ૬૩૩૬ | ૧૧૬૧૬ |
| નક્ષત્રો | ૫૬ | ૧૧૨ | ૩૩૬ | ૧૧૭૫ | ૨૦૧૬ | ૩૬૯૬ |
| તારાકોટી | ૧૩૩૯૫ | ૨૬૭૯ | ૮૦૩૭ | ૨૮૧૨૯૫ | ૪૮૨૨ | ૮૮૪૦૭ |
| કોટ્ય | શૂન્ય૧૫ | શૂ.૧૬ | શૂ.૧૬ | શૂ.૧૫ | શૂ.૧૬ | શૂ.૧૬ |
| અભિજિત | | સ્વાતિ | મૂલ | ભરણી | | |

સર્વથી શ્રેષ્ઠ ઋદ્ધિ ચંદ્રની તેનાથી ઉતરતી સૂર્યની તેનાથી ઉતરતી ગ્રહોની તેનાથી ઉતરતી નક્ષત્રોની તેનાથી ઉતરતી તારાની

## ઉપદેશ એકાણુમો

### છ આરાનું પ્રમાણ

પાંચ ભરત અને પાંચ ઐરવત એટલે જંબુદ્વીપમાં એક, ધાતકી ખંડમાં બે અને પુષ્કરાર્ધમાં બે એવી રીતે પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્ર જાણવા.

તે ક્ષેત્રોમાં કાળની વ્યવસ્થા કરવામાં કારણરૂપ, બાર આરાનું કાળચક્ર ગણાય છે તે કાળચક્ર ઉત્સર્પિણી અને અવસર્પિણી એવા ભેદથી બે પ્રકારે છે. તેમાં અવસર્પિણી કાળના એકાંત સુષમા વિગેરે છ આરાઓ છે. તેમાં એકાંત સુષમાનામે પહેલો આરો ચાર કોટાકોટી સાગરોપમનો છે.

સુષમા નામનો બીજો આરો ત્રણ કોટાકોટી સાગરોપમનો છે.

સુષમદુષમ નામનો ત્રીજો આરો બે કોટાકોટી સાગરોપમનો છે.

દુષમસુષમ નામનો ચોથો આરો. બેંતાળીશ હજાર વર્ષ ન્યૂન, એક કોટાકોટી સાગરોપમનો છે.

દુષમ નામનો પાંચમો આરો એકવીશ હજાર વર્ષનો છે.

દુષમદુષમા નામનો છઠ્ઠો આરો એકવીશ હજાર વર્ષનો છે.

આ અવસાર્પિણી કાળના છ આરા કહ્યા છે. તેના અવળા ક્રમથી ઉત્સર્પિણી કાળના છ આરા પણ જાણી લેવા.

ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળની એકંદર સંખ્યા વીશ કોટાકોટી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાગરોપમની છે, એને વીશ કોટાકોટી સાગરોપમે એક કાળચક્ર કહેવાય છે.

પ્રથમ આરામાં મનુષ્યો ત્રણ પલ્યોપમ સુધી જીવનારા હોય છે. ત્રણ ગાઉ ઉંચા શરીરવાળા હોય છે, ચોથે દિવસે ભોજન કરનારા હોય છે, તેઓ સમચતુરસ્રસંસ્થાનવાળા વજ્રઋષભનારાચ સંઘયણવાળા, સર્વ લક્ષણ યુક્ત. અને સદા સુખી હોય છે.

વળી તેઓ ક્રોધ, માન, માયા,લોભ રહિત હોય છે. સ્વભાવથી જ અધર્મનો ત્યાગ કરવાવાળા હોય છે. ઉત્તરકુરુની પેઠે તે સમયે રાત્રિદિવસ તેઓની ઈચ્છિત મન કામના પૂર્ણ કરનારા મદ્યાંગાદિ દસ પ્રકારના કલ્પવૃક્ષો હોય છે.

તે આરામાં અનુક્રમે ધીમે ધીમે આયુષ્ય, સંહનનાદિક અને કલ્પવૃક્ષોના પ્રભાવો ન્યૂન થતા જાય છે. બીજા આરામાં મનુષ્યો બે પલ્યોપમના આયુષ્યવાળા હોય છે. બે ગાઉ ઊંચા શરીરવાળા હોય છે અને ત્રીજે દિવસે ભોજન કરનારા હોય છે.તે કાળે કલ્પવૃક્ષો કાંઈક ન્યૂન પ્રભાવવાળા તથા પૃથ્વી ન્યૂન સ્વાદવાળી અને પાણી પણ મીઠાશમાં પ્રથમ કરતાં કાંઈક ઉતરતા હોય છે. પહેલા આરાની જેમ આ આરામાં પણ હસ્તિની સૂંઢમાં જેમ ઓછી ઓછી સ્થૂળતા હોય તેમ સર્વ બાબતમાં અનુક્રમે ન્યૂનતા થતી જાય છે,ત્રીજા આરામાં મનુષ્યો એક પલ્યોપમ સુધી જીવનારા, એક ગાઉ ઊંચા શરીરવાળા અને બીજે દિવસે ભોજન કરનારા હોય છે. આ આરામાં પણ પૂર્વની જેમ શરીર, આયુષ્ય, પૃથ્વીની મીઠાશ અને કલ્પવૃક્ષોનો મહિમા ન્યૂન થતા જાયછે. ચોથો આરો પૂર્વનો પ્રભાવ એટલે કલ્પવૃક્ષો સ્વાદિષ્ટ, પૃથ્વી અને પાણીની મીઠાશ વિગેરેથી રહિત હોય છે. તેમાં મનુષ્યો કોટી પૂર્વ વર્ષના આયુષ્ય વાળા હોય છે, અને પાંચસો ધનુષ્ય ઉંચા શરીરવાળા હોય છે. પાચમાં આરામાં સાત હાથની કાયાવાળા મનુષ્યો હોય છે, છઠ્ઠા આરામાં મનુષ્યો ફક્ત સોળ વર્ષના આયુષ્યવાળા અને એક હાથ ઊંચા શરીરવાળા હોયછે. એકાંત દુષમ નામે પેલા આરાથી શરૂ થતા ઉત્સર્પિણી કાળમાં, એ જ ઊલટી રીતે છ આરામાં મનુષ્યો જાણવા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉપદેશ બાણુમો

## સંયોગ ત્યાં વિયોગ

આ સંસારને વિષે રમણીય વસ્તુઓ પણ ક્ષણવારમાં નાશ પામે છે, માટે સાંસારિક વસ્તુઓના પ્રાપ્તિને વિષે હર્ષ કરવો નહિ, તેમજ તેનો વિયોગ થશે શોક પણ કરવો નહિ. આ બન્નેને વિષે જે જીવો હર્ષ શોક કરે છે તે જીવોને જ્ઞાની મહારાજા કાયર અને નિર્માલ્ય ગણે છે. શોકરૂપી બંધનને કરાવનારી સ્ત્રીઓ જ છે અને લોકોને શોક સમુદ્રમાં તેઓજ નાખે છે. તેના સંગથી પ્રશ્રવણના પેઠે શ્રોતાંસિ ઝર્યા જ કરે છે, જેમ બલીષ્ટ અગ્નિના તાપમાં લાખ પેસવા ન પામે અને પ્રવેશ કરે તો બળી જાય, ઓગળી જાય તેમ પ્રજવલિત હૃદયના દાહના પેઠે વિવેક સ્વપ્નને વિષે પણ હૃદયને વિષે પ્રવેશ કરી શકતો નથી અને સ્મૃતિ પણ ભયપામેલના પેઠેદૂર ભમે છેતેના ચૈતન્યની વાડની પેઠે ધૃતિ પણ તેના સાથે જ જાયછે, તથા વાર્ધુષિક પ્રયુક્ત ધનના પેઠે પ્રતિ દિવસ દુઃખ વૃદ્ધિ પામે છે, શોકાનળના ધૂમાડાથી ઉત્પન્ન થએલા અને વૃદ્ધિ પામેલા મેઘના પેઠે, નયન વારિ ધારા વર્ષા વધ્યા જ કરે છે, અને શોકાગ્નિના પેઠે હૃદયને બાળનારા વડવાનળ ઉઠે છે, વજ્રના પેઠે પર્વતને વિદારે છે, ક્ષય પક્ષના પેઠે ક્ષપાકરને ક્ષેપે છે, રાહુના પેઠે લોકોને ગળે છે, બૃહત્ બુદ્ધિઓનો અબોધવડે કરીને સાધુભાષિતાના અસાધ્યવડે કરીને, તથા ગુરુવાણીના અગમ્ય પણાથી, સાધુ સંપર્કના અશક્ય પણાવડે કરીને, બુદ્ધિવંત પંડિતોના અપંથોવડે કરીને, સહૃદોના અગોચરતાવડે કરીને વિષય ઉપયોગીયોના એ વિષયવડે કરીને, તેમજ શોકવડે કરી સ્ખલના પામેલા લોકો માટે શું કરવું ? શું ચેષ્ટા કરવી ? કઈ દિશાએ જવું ? શો ઉપાય કરવો ? કઇ યુક્તિ લગાડવી ? કયો પ્રતિકાર કરવો ? કોનો આશ્રય કરવો ? અને ધૃતિ કેવા પ્રકારે ઉત્પન્ન કરવી ? કેવી કુશળતા વડે કરીને ? કેવી શક્તિવડે કરીને ? કેવા સમાશ્વાસન વડે કરીને ? આવી રીતે સમાશ્વસનીય થવાથી સંસારનું નિસ્સારપણું જાણીને, વ્યસનોનું દારુણપણું દેખીને, શોકનું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનિવાર્ય પણું જાણીને,દૈવનું અતિ નિષ્ઠુરપણું જાણીને, સ્નેહનું બહુ દુઃખ પણું જાણીને, સર્વ ભાવોનું અનિત્યપણું જાણીને, સર્વ સુખનું એકાંતે ભંગપણું જાણીને, બહુ શોક કરવાથી પણ, ગઈ વસ્તુ મળનાર નથી માટે ઉત્તમ જીવોએ આત્માને કદાપિ કાળે શોક કરવાનો અવસર આપવો નહિં.

## ઉપદેશ ત્રાણુંમો

### કર્મ સ્વરૂપ

આ આત્મા ચિંતવે છે, બોલે છે, જેવા જેવા પ્રકારની ચેષ્ટા કરે છે, તેવા તેવા પ્રકારના તેના શુભાશુભ કર્મો બંધાય છે, અને પોતે બાંધેલા કર્મોને પરભવને વિષે એકલો જ ભોગવે છે.

દુષ્ટ અધ્યવસાયથી ત્રણ પ્રકારે કર્મો બાંધેલા હોય છે, તેને અનંતભવ સુધી તે કર્મો ભોગવ્યા વિના છૂટકો થતો નથી.

જઘન્યથી બાંધેલા કર્મનો વિપાક દશગણો હોય છે, તેને ખમાવવાથી, અગર આત્મનિંદા કરવાથી તે કર્મવિપાક નાશ થાય છે.

મધ્યમ અધ્યવસાયથી જો કર્મ પ્રકૃતિ, સ્થિતિ, પ્રદેશ અને રસ એ ચાર પ્રકારે બંધાય છે, તેમજ બીજી રીતે, મિથ્યાત્વ અવિરતિ, કષાય અને યોગ એ ચાર પ્રકારે બંધાય છે.

કર્મ બંધનું મુખ્ય કારણ અહીં એક રસ કહેલ છે, તથા શુભાશુભ કર્મના વિભાગે, બે પ્રકારે કહેલ છે, તે પણસ્થૂળ બુદ્ધિવાળા જીવોને, એક સ્થાનાદિ ભેદવડે કરીને કહેલ છે, સિવાય કર્મબંધનના હેતુભૂત અસંખ્યાતા અધ્યવસાયો કહેલ છે. તેમાં ૧ સ્પષ્ટ, ૨ બદ્ધ, ૩ નિધત્ત અને ૪ નિકાચિત એ ચાર પ્રકારે કર્મ કહેલા છે.

(૧) સોયોના ઢગલાને હાથમાં લઈને ભૂમિ ઉપર મૂકીએ ત્યાં સુધી તે ભેગી હોય છે, અને જેવામાં હાથ પહોળા કરીએ છીએ કે તુરત સોયો છૂટી થઈ જાય છે,તેવીજ રીતે ઉપયોગ છતાં પણ જે કર્મ સહસાકારથી થાય છે તે કર્મ આલોચના માત્રથી નાશ પામે છે, તેથી તે સ્પષ્ટ કર્મ કહેવાય છે.

(૨) તે જ સોયોને દોરો બાંધવાથી આપણે તેને સ્પર્શ કરશું, ભૂમિ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપર મૂકશું. તો પણ તે છૂટી થશે નહિ, પરંતુ બંધન છોડી નાખવાથી છૂટી થઇ જશે, તેવી રીતે કથા આદિ પ્રમાદ આચરણના સેવનથી તથા પ્રાણાતિપાતાદિદોષોથી, જે કર્મ બંધાએલા હોય છે તે કર્મો આલોચના તથા પ્રતિક્રમણાદિકથી નાશપામે છે તે બધ્ધકર્મ કહેવાય છે.

(૩) તેજ સોયોનો સમૂહ ગાઢ બંધનથી બાંધેલો હોય, અને તેજ સ્થિતિમાં જેમને તેમ લાંબા કાળ સુધી બંધાએલ પડ્યો રહે અરસપરસ કાટ લાગવાથી તે સોયોને હાથ લગાડી છૂટી કરીએ, છતાં પણ ચોંટી જવાથી છૂટી થઇ શકે નહિ, પરંતુ તેલ, અગ્નિ, તાપ, પત્થર ઉપર ઘસવાના પ્રયોગ, તેમજ બહુ ઉપક્રમ કરવાથી તે સોયો જુદી થાય છે અને સાફથાય છે, તેવી રીતે જે કર્મ દોડવું, છેદવું, કાપવું, ધોવું, અભિમાન કરવાપણું તેમજ આકુટ્ટ આદિ દોષથી ઉપાર્જન કરેલું હોય, લાંબા કાળ સુધી તેની આલોચના નહિ લીધેલ હોવથી આત્માના પ્રદેશ સાથે જે ગાઢ રીતે બંધાએલ હોય છે તે તીવ્ર પશ્ચાતાપ, આત્મનિંદા તથા ગુરુએ આપેલ ઘોર છમાસની તપસ્યાદિકવડે કરીને નાશ થાય છે, તે નિદ્ધત્ત કર્મ કહેવાય છે.

(૪) તેજ સોયોને ધગધગતા અગ્નિને વિષે તપાવીને તેને લોઢાના ઘણથી ટીપીને એકમેક કરી દીધેલી હોય છે, તે બહુ ઉપક્રમ કરવાથી પણ કેમે કરી જુદી થતી નથી, પણ જેમ લોઢાનો પિંડ એકત્ર કર્યો તેમ ભાંગી ભાંગીને જુદી પાડે ત્યારે નવીન સોયો બને, તેમજ આ જીવે રાચીમાચીને જે જે કર્મો, કર્યાં હોય, દુષ્ટ ભાવનાથી જે કર્મો કરેલા હોય, જાણતા છતાં કરેલા હોય બહુ જ સારૂં કર્યું, હજી પણ એમજ કરીશ, એવી રીતે નિરંતર વારંવાર અનુમોદન કરેલ હોય, કર્મબંધન કરતા લગાર માત્ર પણ શોચ, વિચાર કર્યો ન હોય તે કર્મોની આલોચના પણ લીધેલી ન હોય, અને આત્મપ્રદેશ સાથે ગાઢ રીતે વ્યાપ્ત થએલ હોય તે નિકાચિત કર્મ કહેવાય છે. તે નિકાચિત કર્મ, પોતે જેવીરીતે આચરેલું, કરેલું, બાંધેલું હોય તેના વિપરીત કર્મથી, અગર ઘોર તપસ્યા કરવાથી નાશ પામે છે. આ સિવાય નાશ થતું નથી. તે નિકાચિત કર્મ કહેવાય છે.

કર્મો જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદની મોહની આયુ,નામ, ગોત્ર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ને અંતરાય એ મૂળપ્રકૃતિના ભેદવડે કરીને આઠ પ્રકારના છે.

અને જ્ઞાના. ૫,દર્શના, ૯, વેદની ૨, મોહની ૨૮, આયુ ૪, ગોત્ર ૨, નામ ૧૦૩ અને અંતરાય ૫ ઉત્તરપ્રકૃતિ બંધ વિષે ૧૨૦ અને ઉદયે ૧૨૨, ઉદીરણાને વિષે ઉત્તરપ્રકૃતિ કહે છે, અને સત્તાને વિષે ૧૫૮ પ્રકૃતિ કહેલી છે.

## ઉપદેશ ચોરાણુંમો

### જીવનનું પરિભ્રમણ

હે ભવ્યજના: સાંભલો. આ જીવ અનાદિ કાળથી સંસારમાં રઝળ્યા કરે છે. આ જીવે સૂક્ષ્મનિગોદમાં, બાદરનિગોદમાં, તથા વનસ્પતિકાયને વિષે અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ સુધી, પરિભ્રમણ કર્યું છે અને ત્યાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અનંતા પુદ્ગલપરાવર્તનો કર્યા ત્યાંથી નીકળી, અકામનિર્જરા વડે મહામુસીબતે બાદરનિગોદ (વ્યવહાર રાશી)માં આ જીવ આવે છે.

ત્યાંથી નીકળી પૃથ્વીકાયાદિકને વિષે અસંખ્યાતા કાળ સુધી તેમજ વિકેલેંદ્રિયને વિષે કેટલોએક કાળ સુધી ફરે છે.

એવી રીતે પંચેંદ્રિયને વિષે કેટલોક કાળ ફરીને મનુષ્યોને વિષે સાત-આઠ ભવ કરે છે. આવી રીતે સર્વ પ્રાણીઓની સ્થિતિ જાણવી. આ સ્થિતિ વ્યવહારાશીવાળાની કહી.

સિવાય નિગોદીઆ જીવોને માટે અનંત કાળની સ્થિતિ કહેલી છે. વળી પૃથ્વીકાયે ૨૨ હજાર, અપકાયે ૭ હજાર, તેઉકાયે ૩ અહોરાત્ર, વાઉકાયે ૩ હજાર અને વનસ્પતિકાયે ૧૦ હજાર વર્ષનું આયુષ્ય કહેલું છે.

બેઇંદ્રયનું બાર વર્ષનું, તેઇંદ્રયિનું ૪૯ દિવસનું, ચૌરેંદ્રિયનું ૬ માસનું, પંચેંદ્રિયનું ૩ પલ્યોપમનું, સુરનારકીનું જઘન્ય ૧૦ હજાર વર્ષનું અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમનું કહેલું છે. એ પ્રકારે ચોરાશી લાખ જીવાયોનિમાંહે આ જીવવારંવાર ગતિ આગતિ કરે છે એવી રીતે સર્વ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યોનીઓમાં ફરતા ફરતા દશ દૃષ્ટાંતે દુર્લભ મનુષ્યજન્મ સર્વથા પ્રકારે આશાને પુરવાવાળો કહેલો છે.

તેમાં પણ અનાર્ય દેશના બાહુલ્યપણાથી આર્ય દેશ દુર્લભ કહેલ છે. જેમ વૃક્ષોમાં કલ્પવૃક્ષ મણિઓમાં ચિંતામણિ દુર્લભ કહેલ છે તેમ આર્ય દેશની પ્રાપ્તિપણ દુર્લભ, તેમાં પણ ધર્મ કર્મ સુકર્મ સુવંશની પ્રાપ્તિ થવી દુર્લભ છે, તેમાં પણ ગુરુમહારાજના પવિત્ર વાસ યુક્ત નગરને વિષે જન્મ થવો દુર્લભ છે, કારણકે ગુરુવાસથી, અભ્યાસની પ્રાપ્તિ લોકોને વિષ પ્રસિદ્ધિ પામેલ છે,તેમાં બુદ્ધિથી બૃહસ્પતિને પણ જીતનાર પરોપકારમાં રક્ત રહેનાર, શોભાવડે કરીને મહાન એવા ગુરુમહારાજની પ્રાપ્તિ અગણ્ય પુન્યોદયથી થાય છે, તેમાં પણ કટુતાવર્જિત અને અદ્‌ભૂત પંચેંદ્રિયની પટુતાની પ્રાપ્તિ થવી દુર્લભ છે. તેમાં પણ કાનને વિષે અમૃતરસના પારણા સમાન ધર્મોપદેશનું શ્રવણ દુર્લભ છે. તેમાં પણ શ્રદ્ધાની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે, તેમાં પણ નિરામય કાયા, અક્ષય ધર્મકર્મને માટે થાય છે તેમા પણ આલસ્યાદિકનો ત્યાગ દુર્લભ છે.

તેમાં પણ ધર્મરાજાની સેવામાં ૧૩ કાઠીયા આડા આવે છે. કિં બહુના ? ભવસમુદ્રને તારનાર ધર્મ કર્મનું ફલ તો દૂર રહ્યું, પરંતુ ધર્મનો પક્ષપાત પણ દુઃખને વિષે સુખદાય છે.

## ઉપદેશ પંચાણુમો

### જીવને શિખામણ

આ મનુષ્ય જન્મ ચિંતામણિ રત્ન સમાન છે. તેને પામીને રે જીવ ! પ્રમાદ ન કરે, પણ તેનો સારો ઉપયોગ કર.

લોકો અન્ન માટી અને સુવર્ણ કથન કરે છે, કારણ કે તેનું શરીર બનેલું છે, તેથી માટે રૂપવાળા ને માટી અને સુવર્ણ રૂપવાળાને સુવર્ણ બને છે.

રે જીવ ! તું પૂર્ણ કલાભૃત્ ચંદ્ર થયો, માટે તેના સમાન સુવ્રતોને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધારણ કર, પરંતુ ચંદ્રમાને કલંક છે માટે તારે નિષ્કલંક થઇ અંધકારનો નાશ કરવો.

જેઓ અંતઃકરણને વિષે પ્રવેશ કરી આત્માની મહાન્ ખરાબી કરે છે તે ક્રોધાદિક શત્રુઓનો તું નાશકર.

મોટાઓને વિષે તારે નમ્ર થવું, કારણ કે નમ્રતા વિનાનો સ્તબ્ધ માણસ લઘુતાને પામે છે.

હું ઉત્તમ પુરુષ છું. એવું તું ન માન, કારણ કે પુરુષોની અપેક્ષાએ તું મધ્યમ પુરુષ છે.

હું સલક્ષણી છું એવું તું ન માન, કારણકે એક વિઘ્નથી તે સર્વે નાશ પામે છે.

વૃદ્ધિ પામીને મનને વિષે તું ગર્વ ન કર, કારણ કે તેથી ગુણની હાનિ થયા વિના રહેતી નથી.

તારે સદા ન્યાયમાર્ગમાં તત્પર રહેવું તે તને લાયક છે.

ઉત્તમ જીવોને સદા દાન આપવું, પાપકર્મને વિષે હર્ષનો ત્યાગ કરવો, તેમજ દેવતત્ત્વનું નિરંતર ધ્યાન કરવું.

વળી કોઇપણ કાર્યકોઈ દિવસ ઉતાવળથી કરવું નહિ.

દુષ્ટની સંગતિનો ત્યાગ કરી, ગુરૂગુણોનું ગાન કરવું.

તેમજ નિરંતર વ્યસનોનો ત્યાગ કરી, ઉચ્ચધર્મનું આલંબન કરવું. અને સિદ્ધાંતના વચનોનું પાન કરવું.

ગુરુકથિત તત્ત્વના ચિંતવન સાથે, નિરંતર શાસ્ત્રોનું પરાવર્તન કરવું કે કોઈ દિવસ ભુલી ન જવાય.

દેવગુરુધર્મનું સ્મરણ કરી, ચાર શરણા કરી કાળે શયન કરવું. કુકર્મનું વારણ કરી, ગુરુવચન બરાબર હૃદયમાં કોતરી રાખવું. મિત્રને કોઈ દિવસ નહીં ઠગતા સદા પરોપકાર કરવો.

જીતવા લાયકને જીતી પોતાના સુકૃતથી દુઃખ દરીઆને તરવો, ખરાબ કામ કરનારને તર્જના કરી ગ્રહણ કરેલ વ્રતનું પાલન કરવું, શરીરનું બહુ લાલનપાલન નહિ કરતા ગુણગણને ઉપાર્જન કરવા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોરીના વ્યસનને ત્યાગ કરી, કુટુંબનું ભરણ પોષણ કરવું, રોષ યુક્ત મનથી મુક્ત થઇ,સ્વજન વર્ગ સાથે ભોજન કરવું, આત્મહિત ધારણ કરવા, ધર્મકર્મને જલાંજલી ન દેવી, કાનના દુર્બળ થવું નહિ કારણ કે તેમાં ભવિષ્યનું સુખ બહુ છે, રિપુ, રોગ, અગ્નિ, વિષે શસ્ત્ર વિગેરેનો વિશ્વાસ ન કરવો,

વિશ્વાસઘાતી થઇ પરવંચના કદાપિ કરવી નહિ.

દુર્જન, કામી, નટ, વિટ, વેશ્યા વિગેરેનો સંગ તેમજ વિશ્વાસ લવલેશ માત્ર કરવો નહિ.

ન્યાયમાર્ગનો વાહક બની ગુણો ઉપાર્જન કરવાનો પ્રેમી થા, કામને જીતી પ્રતિષ્ઠિત પુન્ય કર્મનું સત્પાત્ર થા.

સત્કર્મ કરી સત્ય પ્રતિજ્ઞાવાળો થા.

નિર્વિકારી થઇ, સુકૃત દ્રુમનો આલવાલ થા.

બાહ્મણ, સ્ત્રી, ગાય, બાળક, તપસ્વી, વૃદ્ધ, રોગી, શરણાગત અને શસ્ત્ર રહિતનો વધ કદાપિ કાળે કરીશ નહિ.

## ઉપદેશ છન્નુંમો

### જ્ઞાનવિના શૂન્ય

જો સત્ય પુછાવો તો કાલિકાચાર્ય જેવો, સત્યવાદી મહાપુરુષોને ધન્ય છે, કારણ કે જેણે પ્રાણાંત કષ્ટ જેવા કટોકટીના સમયમાં પણ યજ્ઞનું ફળ પૂછનારા પોતાના ભાણેજ દત્તરાજાને ‘યજ્ઞનું ફળ નરકગતિ’ એવો ચોખ્ખો ઉત્તર નિડરપણે આપ્યો. શાસ્ત્રકાર મહારાજા કહે છે કે, જે માણસ પ્રગટપણે યથાર્થ યથાસ્થિત સત્ય ન કહે. તે માણસ બોધીબીજને હણી બોધિદુર્લભતા પ્રાપ્ત કરે છે, જન્મ જરા મરણરૂપ સમુદ્રને વિષે ડૂબી છે, સંસારમાં પરિભ્રમણ કરે છે, ઉત્સૂત્રની પ્રરૂપણા કરવાથી અનંત સંસાર વધારીને ચારે ગતિમાં વારંવાર પરિભ્રમણ કર્યાકરે છે.

જે મનુષ્ય માયામૃષાવાદી હોય તે પણ સંસારમાં પરિભ્રમણ કરે છે, તો ધર્મકર્મમાં માયા કરવી તે દુઃખદાયક છે, તેથી ધાર્મિક કાર્યપ્રસંગે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કદાપિ કાળે માયા-કપટ કાંઇ પણ કરવા નહિ, તેમજ પરનું મનરંજન કરવા, સદોષી અસત્ય વચન કદાપિ બોલવું નહિ. જે સત્ય હકીકત હોય તે લજ્જા રાખ્યા સિવાય તુરત કહી દેવી. ધર્મકર્મને વિષે માયા, કપટ કે અસત્યનો કચરો કદાપિ કાળે હોઇ શકે જ નહિ, માટે છળ, કપટ, પ્રપંચ, પરવંચના એ સર્વે સર્વથા ત્યજવા લાયક છે. દેવો હોય કે મનુષ્યો હોય પરંતુ ધર્મમાં જે છળકપટ કરે છે તે સઘળા બુડે છે અને ભવની બુદ્ધિ કરે છે, સર્વે જીવોને એક સરખું સત્ય વચન કહેનારા જ મુક્તિ પંથના દર્શન કહી શકાય.

ઉત્તમ મનુષ્યો જેવું સભાને વિષે બોલે છે તેવું એકાંતરને વિષે પણ બોલે છે અને લોકોના સમૂહને વિષે જેવા આચરણ આચરે છે તેવું આચરણ એકાંતને વિષે પણ આચરે છે. સુતા જાગતા, બેસતા, ઊઠતા, બોલતા, ચાલતા. જેની એક જ પ્રવૃત્તિ હોય છે તે માણસ અને તેનું જ્ઞાન જ વ્યાખ્યાન કરવા લાયક હોય છે, તે માણસ જ ખરી સમજણવાળો ગણી શકાય છે.

જે જીવો ધર્મોપદેશ સાંભળ્યા પછી, પોતાની શક્તિ અનુસારે શુભ પ્રવૃત્તિ કરી શકે છે તે જ ભવિષ્યમાં ઊંચી હદે પહોંચી શકે છે. જે મનુષ્યો નિર્મળ જ્ઞાન મળ્યા છતાં પણ જો ક્રિયાને કરતા નથી, તે સંસારમાં રઝળ્યા કરે છે. અને કોઈ પણ રીતે સંસારનો પાર પામી શકતા નથી.

સંસારજન્ય સુખોના આસ્વાદન કરતા તેણે ત્યાગ માર્ગ રુચી શકતો નથી. તરવાવાળા મનુષ્યોનેતરવાનું જ્ઞાન છે, પરંતુ હાથ પગ નહિ ચલાવાથી તર્યા વિના તે જેમ ઊંડાઅધો ભાગે ચાલ્યા જાય છે તેમજ ચારિત્ર વિનાનું જ્ઞાન કશા પણ કામનું નથી. જ્યારે સમજણ મેળવી તે પ્રમાણે ક્રિયા કરે ત્યારે જ તે જ્ઞાન ઉપયોગી થઇ પડે છે, અને જ્ઞાન ક્રિયા યુક્ત જે જીવો હોય તે જીવો જ શુકલપક્ષીયા જીવો કહી શકાય છે, સમકિતિ હોય કે મિથ્યાદષ્ટિ હોય, પરંતુ જો ક્રિયાવાદી હોય, ક્રિયા કરવામાં તત્પર હોય તે જ પરિણામે અવશ્ય મુક્તિસુખને મેળવી શકે છે.

જ્ઞાની જીવો અલ્પ તપ, જપ, ક્રિયા, અનુષ્ઠાનાદિક કરે તો પણ તે ઘણા કર્મનો ક્ષય કરે છે, અને અજ્ઞાની જેવો અતિશય લાંબા કાળ સુધી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તપ કર્મને કરવા છતાં તેટલા કર્મની ક્ષીણ કરી શકતા નથી, પરંતુ ઘણો જ અલ્પ લાભ મેળવે છે.

તામલી તાપસે તથા પૂરણ તાપસે અત્યંત તપ કર્મ કરેલ છે પરંતુ તે જ્ઞાન યુક્ત નહિ હોવાથી, ફક્ત તેમને ઇંદ્રની પદવી જ પ્રાપ્ત થઇ, પરંતુ તેનાથી કર્મનો ક્ષય થયો નહિ તેમજ મુક્તિના સુખને પણ મેલવી શકયા નહિ, કારણ કે અજ્ઞાનતાથી મુક્તિસુખ દૂર છે.

વળી જ્ઞાન નહિ હોવા છતાં પણ જો શ્રદ્ધા ન હોય તો તેની અનેક પ્રકારે આચરેલી ક્રિયા પણ અંગારમર્દક આચાર્યની પેઠેનિષ્ફળ જ સમજવી એટલા માટે જ સમ્યકત્વ અને શ્રદ્ધા સહિતચારિત્રનું પ્રતિપાલન કરનારા મહાનુભાવ જીવો સિદ્ધિભોક્તા થઇ શકે છે.

## ઉપદેશ સત્તાણુંમો

### ધર્મોપદેશ

અરે જીવો ! તમે દુનીયાના જીવોની કર્મ બાહુલ્યતાને જુઓ ? જેમ જેમ વૃદ્ધા અવસ્થા વૃદ્ધિ પામતી જાય છે, તેમ તેમ મનુષ્યો પાપના આચરણોને આચરે છે, તે લાયક નથી માટે વૃદ્ધાવસ્થાના વખતમાં પાપકર્મોને છોડી દઇ ધર્મધ્યાનમાં ઉદ્યમવાળા થવું જોઇએ, તે પાપકર્મ છોડવાનો રસ્તો એ છે કે ગુરૂમહારાજના પાસે જઇ નિરંતર ધર્મોપદેશને શ્રવણ કરવો, અને સાંભળીને નીચે પ્રમાણે અમલમાં મુકવો.

૧. જીવઘાત અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ છોડી દેવા જોઇએ.

૨. દિશાનું પરિમાણ કરવું.

૩. અનર્થદંડાદિકનો પરિહાર કરવો.

૪. રાત્રિભોજન ૨૨ અભક્ષ્ય તેમજ ૩૨ અનંતકાયાદિકને વર્જવા,

૫. પંદર કર્માદાનોનો પરિહાર કરવો,

૬. હાસ્યા કુતુહલાદિકને છોડી દેવો,

૭. શસ્ત્રાદિક તથા ઘંટી મૂશળાદિક માગવા આપવા નહિ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૮. કોઈને શુળીએ ચડાવતા હોય ત્યાં જોવા જવું નહિ,

૯. સાત વ્યસનોને ત્યાગ કરવા,

૧૦. નિરંત્તર ચૌદ નિયમને ધારણ કરવા.

૧૧. પર્વતિથિએ દેશાવગાશિક તથા પૌષધ કરવા,

૧૨. નિરંતર સામાઇક તથા બન્ને વખતના આવશ્યક કરવા.

૧૩. આઠમ ચૌદશે પૌષધ કરી બીજે દિવસે પારી અતિથિ સંવિભાગ કરવો.

૧૪. મુનિઓને સદા દાન આપવું.

૧૫ જ્ઞાન લખાવી મુનિઓને આપવું,

૧૬. બાળ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વિ, શૈક્ષ, તેમજ આચાર્યાદિકની, તથા મહર્ધિકોની વિશેષે વૈયાવચ્ચ કરવી,

૧૭. સમ્યકત્વની શુદ્ધિ રાખવી.

૧૮. ન્યાય નીતિથી જે લક્ષ્મી ઉપાર્જન કરેલીહોય તે લક્ષ્મીને સાતક્ષેત્રના સુકૃત માર્ગે વાપરવી.

૧૯.પરોપકાર કરવો તેમજ દીન હીન પ્રાણિઓને ઉદ્ધાર કરવો.

૨૦. પરોપકાર કર્મઠબુદ્ધિ રાખવી.

૨૧. કોઈની ચાડી ચુગલી, તથા નિંદા કરવી નહિ, તેમજ કોઈના મર્મો ખોલવા નહિ.

૨૨. રાગ રોષાદિક કામ ક્રોધાદિક માન માયા મોહાદિકને વર્જવા.

૨૩ લોભનો પરિહાર કરી, સંતોષી થઇ અઢારે પાપસ્થાનોનો પરિહાર કરી, કેવળ ધર્મને વિષે લીન થવું.

૨૪. સાયંકાળે ચોવિહારનું પચ્ચખાણ કરી સૂતી વેળાએ પોરિસી ભણાવવી, અને તમામને વોસિરાવીને શયન કરવું, પરંતુ ભાંડ ભવાયા નાટક પ્રેક્ષણાદિકની જે કુટેવ હોય, તેને ઉપરોક્ત કરણી કરી છોડી દેવી, ઘણી જગ્યાએ વૃદ્ધાવસ્થાવાળા પણ નાટક પ્રેક્ષણાદિકમાં, તેમજ ભાંડ ભવાયા દિકમાં, જુવાન અવસ્થાવાળા જેવા આચરણો કરે છે, આ બહુજ શોચ કરવા લાયક છે, કારણ કે વૃદ્ધાવસ્થામાં મરણ નજદિક હોવાથી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ સર્વે દુર્ગતિને વિષે લઇ જવામાં પ્રબળ સાધનભૂત બને છે માટે ખાસ કરીને તેને છોડી દેવાની આવશ્યકતા છે,

૨૫ પ્રાતઃકાળે ચાર ઘડી રાત્રિ રહ્યા પછી, ઉઠીને પંચ પરમેષ્ઠિ મહારાજાને નમસ્કાર કરી શય્યાને છોડી દઇને શાંતિથી પ્રતિક્રમણ કરવું.

૨૬ ત્યારબાદ ગુરૂને વંદન કરી પ્રત્યાખ્યાન કરવું, પછી પરમાત્માનું પૂજન કરીને, વ્યાખ્યાન શ્રવણકરવું.

૨૭. અનિત્ય અસરણાદિક બાર ભાવનાના સ્વરૂપને ચિંતવતા, નવા, કર્મો ન બંધાયા, અને જુના બાંધેલા હોય તે શટન પટન વિધ્વંસ ભાવને પામે, તેવી નિર્મળ ભાવના નિર્મળ ભાવે ચિત્તની વિશુદ્ધતાથી, નિરંતર ભાવની, કે જેથી કરીને આ ભવને વિષે એ ઉપરોક્ત કરણી, વૃદ્ધા અવસ્થામાં કરવાથી, આવતા, ભવને વિષે પણ તે તમામ સુલભતાથી પ્રાપ્ત થાય, તેમ કરી સ્વલ્પ ભવનો વિષે જ મુક્તિમાર્ગના અધિકારી ભોક્તા સહેલાઇથી થઇ શકાય છે.

## ઉપદેશ અઠાણુમો

### ધર્મોપદેશ

દશ દૃષ્ટાન્તે દુર્લભ એવા મનુષ્ય જન્મને પામી, મનુષ્યોએ પોતાના મનને સ્થિર કરી, એક મુહૂર્ત માત્ર વ્યર્થ જાય તેવું કામ કરવું નહિ.

દિવસના ચાર પહોર સુધી મનુષ્યોએ એવું કામ કરવું કે રાત્રિએ નિશ્ચિંત હૃદયથી સુખપૂર્વક નિદ્રા આવે.

વિવેકી મનુષ્યોએ આઠ માસ સુધી એવું કામ કરવું કે ચોમાસાના ચાર માસમાં, સુખશાંતિથી એક જગ્યાએ સ્થિરતા કરી, શુભ વાસના સહિત ધર્મકરણીકરી શકાય.

યૌવન અવસ્થા પામી મતિમાન્ મનુષ્યોએ એવા પ્રકારનું કામ કરવું કે વૃદ્ધાવસ્થામાં સર્વાર્થસિદ્ધિસુખને મેળવી સુખી થવાય,

કળાવાન મનુષ્યોએ આ જિંદગીમાં કોઈ અદ્ભુત એવું કામ કરવું કે જે કામ કરવાથી શુદ્ધ જન્માંતર પ્રાપ્ત થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મનુષ્યોએ પ્રત્યેક વર્ષે ગુરુમહારાજ પાસેથી પ્રાયશ્ચિત ગ્રહણ કરવું, કારણ કે તેમ કરવાથી આદર્શના પેઠે પોતાનો આત્મા નિર્મળ થાય છે.

રે જીવ ! તું સમ્યક્ત્વનું સેવન કર, કુસ્થિત મતનો ત્યાગકર

જિનેશ્વર મહારાજને દેવ માન, ઉત્તમ સાધુને ગુરુ ભક્તિથી માન્ય કર, મદનો ત્યાગ કર, અને કોઈપણ જીવોની નિંદા કરવી છોડી દે. સુશીલ, ગુણી, પવિત્ર અને અત્યંત ઉત્તમ આત્માના ધણી ગુણી જીવો ઉપર મત્સર દ્વેષ કરવો છોડી દે. કિં બહુના ? તું તારા આત્મામાં જ રમણ કર કે જેથી મોક્ષ સુખ તારાથી દૂર નહિ રહેતા જલ્દીથી તને પ્રાપ્ત થાય.

જે માણસના મન, વચન કાયાના યોગો નિર્મળ છે, તે માણસ સંસારસમુદ્રનો પારગામી થાય છે.

મનુષ્યોને બંધ અને મોક્ષનું કારણ મન છે. વિષયાદિકના આસંગીપણાથી બંધ થાય છે, અને વિષયલાલસાને ત્યાગ કરવાથી મોક્ષ મળે છે. જેનું મન શુદ્ધ હોતું નથી તેના દાન, પૂજા, તપ, જપ, તીર્થસેવા, શ્રુત વિગેરે વૃથા જાણવા.

સ્નેહયુક્ત સ્વજનસંબંધીને વિષે તથા અપકાર કરનાર શત્રુ વર્ગને વિષે, જ્યારે તન્મય ચિત્ત થશે ત્યારે તને પરમ સુખ મળશે. સારા શબ્દાદિકને વિષે, અગર ખરાબ વિષયગ્રામને વિષે જ્યારે એકાકાર ચિત્ત થશે ત્યારે જ તને પરમસુખની પ્રાપ્તિ થશે.

ગોશીર્ષ ચંદનના લેપને વિષે, અને કુહાંડાના ઘાને વિષે જ્યારે ચિત્તની અભિન્ન વૃત્તિ થશે ત્યારે જ તને પરમ સુખ પ્રાપ્ત થશે.

અમૃતના પેઠે સુસ્વાદ યુક્ત, સૂર્યના પેઠે બોધ કરનાર, તત્ત્વ યુક્ત સજ્જન પુરુષોના વચનોનો વિસ્તાર હોય છે.

સત્ય, કરુણાયુક્ત તેમજ આકુળતા વિનાનું, ગૌરવ યુક્તઅને ગ્રહણ કરવા લાયક વચન, સજ્જન પુરુષોને માન્ય કરવા લાયક થઇ શકે છે.

હિત-મિત-પ્રિય-સ્નિગ્ધ-મધુર પરિણામી વચન અને ભોજન ભુક્તિ, મુક્તિને માટે પ્રશંસા કરવા લાયક છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સર્વ અશુચિની ખાણ સમાન, કૃતઘ્ન, તેમજ વિનાશી દેહનું વર્ણન કેવળ મૂઢ માણસ જ કરે છે.

પંડિત પુરુષો વ્રણ ચાંદાને શરીર કહે છે, અને ભોજનને તેનો પિંડ કહે છે. તથા સ્નાનને તેનું પ્રક્ષાલન કહે છે અને વસ્ત્રને તેનો પાટો કહે છે.

કપૂર, કસ્તુરી, અગર કેસર, હરિચંદન આદિ સુગંધી પદાર્થો ને પણ આ શરીર મલિન કરે છે, સુસ્વાદુ ઘૃતપૂરાદિકની મીઠાઇને તથા દ્રાક્ષાદિક મેવાને, આમ્રાદિક ઉત્તમ ફળોને દાળ, ભાત, શાક, પેંડા દિકને ભક્ષણ કરેલાની સાથે આ દેહ મિલન કરે છે, એવા અસાર દેહથકી પુન્યનું સેવન કરવાપણું, પરોપકાર કરવાપણું વ્રતાદિક અભિગ્રહોને ધારણ કરવાપણું, જો બને તો તે બહુ જ સારભૂત છે,

પુરુષને મનની વિશુદ્ધતા, તીર્થની સેવા, વાણીની વિશુદ્ધિ, અને ઇંદ્રિયોનો નિગ્રહ આ સર્વ સ્વર્ગ અને મોક્ષ દેખાડે છે.

મત્સરને જીતવાવાળા, પરના હિતાર્થે ઉદ્યમ કરવાવાળા, પરઅભ્યુદયઉત્થિત, પરવિપત્તિને વિષે ખેદ યુક્ત, મહાપુરુષની કથા સાંભળવાથી રોમાંચ ઉદ્ગમનવાળા અને સમગ્ર પાપરૂપી સમુદ્રને તરવામાં સેતુરૂપ એવા સત્પુરુષો જ કહેવાય છે,

જે માણસ સ્વસ્વાર્થને વિષે પ્રમાદી અને પરાર્થે પ્રગુણ એવો થઇ પરના સમિહિત કર્તવ્યોને કરે છે તે માણસ કોને પલ્લભ થતો નથી ? અપિતુ સર્વેને વલ્લભ થાય છે.

સારા વાક્યથી બીજું એક પણ વશીકરણ નથી, કલાથી બીજું એક પણ ધન નથી, દયાથી બીજો કોઈપણ ધર્મ નથી, સંતોષથી બીજું કોઈપણ સુખ નથી, માટે તેનો આદર કરવો જોઇએ.

વિનયનું મૂળ ધર્મ છે, અને વિનયથી જ લક્ષ્મી ઉપાર્જન કરી શકાય છે. વિનયી સ્ત્રી પોતાના સ્વામીને સ્વર્ગ સમાન છે.

દરિદ્રીના ઘરને વિષે જેમ દીપક લાંબો ટાઇમ ટકી શકતો નથી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમ થોડા પુન્યવાળા પ્રાણીઓના ચિત્તને વિષે વિવેક લાંબો કાળ ટકી શકતો નથી.

## ઉપદેશ નવાણુંમો

### પાપની નિંદા

કાળ અને વિનય વિગેરે જે આઠ પ્રકારનો જ્ઞાનાચાર કહેલ છે, તેમાં મને જો કોઈપણ અતિચાર લાગ્યો હોય, તો તેને હું મન, વચન, કાયાથી નિંદુ છું.

નિઃશંક્તિ, વિગેરે જે આઠ પ્રકારનો દર્શનાચાર કહેલો છે તેમાં મને જો કોઈપણ અતિચાર લાગેલો હોય, તો તેને હું મન, વચન, કાયાથી વોસિરાવું છું.

લોભથી અગર મોહથી, મેં પ્રાણીઓની, સૂક્ષ્મ અને બાદર જે હિંસા કરેલી હોય, તેને પણ મન, વચન, કાયાએ કરી વોસિરાવું છું.

હાસ્ય, ભય ક્રોધ, લોભ વિગેરેથી મેં જે કાંઈ મૃષા ભાષણ કર્યું હોય તે સર્વેને હુ નિંદુ છું, તેમજ તેનું પ્રાયશ્ચિત હું આચરું છું.

રાગથી કે દ્વેષથી, થોડું અથવા વધારે, મેં જે કોઈનું કાંઈ પણ પરદ્રવ્ય, ચોરી કરીને લીધેલું હોય તે સર્વેને હું વોસિરાવું છું

પૂર્વે મેં જે તિર્યંચ સંબંધી, મનુષ્ય સંબંધી, દેવ સંબધી, મૈથુન મન, વચન, કાયાથી સેવ્યું હોય, તે પણ હું ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

લોભના દોષથી, ધન ધાન્ય, પશુ વિગેરેનો બહુ પ્રકારનો મેં પરિગ્રહ ધારણ કર્યો હોય તેને પણ હું મન, વચન, કાયાથી વોસરાવું છું.

સ્ત્રી પુરૂષ મિત્ર, ધન, ધાન્ય, ઘર અને બીજા કોઈપણ પ્રકારના પદાર્થોમાં મમતા રહેલી હોય તો તેને હું વોસિરાવું છું.

ઇંદ્રિયોથી પરાભવ પામીને, રાત્રિએ મેં જે ચતુર્વિધ આહાર કરેલ હોય તેને પણ હું મન, વચન, કાયાથી નિંદુ છું.

ક્રોધ, લોભ, રાગ, દ્વેષ પિશુનતા, પરનિંદા, અભ્યાખ્યાન અને બીજું કાંઈપણ આચરણ ચારિત્રાચારને વિષે કરેલું હોય તેને હું મન, વચન,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાયાથી વોસિરાવું છું.

બાહ્ય કે અભ્યંતર તપસ્યા કરતા મને મન, વચન, કાયાથી જે કોઈ અતિચાર લાગેલો હોય તેને હું મન, વચન, કાયાએ કરીને ગર્હું છું નિંદુ છું.

ધર્મના અનુષ્ઠાનને વિષે મેં જે કાંઇપણ વીર્ય ગોપવ્યું હોય તે વીર્યાચારના અતિચારને પણ હું મન, વચન, કાયાએ કરી નિંદુ છું.

મેં કોઇને માર્યો હોય, દુષ્ટ વચનો કહ્યા હોય તેમજ કોઇનું કાંઇ પણ હરણ કરી લીધેલું હોય અથવા કોઇનો કાંઇ પણ અપરાધ કરેલો હોય તે સર્વે મારા ઉપર ક્ષમા કરજો.

જે કોઈ મારા મિત્ર કે શત્રુ, સ્વજન કે પરજન, હોય તે, મને મારા અપરાધને માટે ક્ષમા કરજો કારણ કે હું હવે સર્વને વિષે સમાન બુદ્ધિવાળો છું.

મેં તિર્યંચપણામાં તિર્યંચોને, નારકીપણામાં નારકીઓને મનુષ્ય પણામાં મનુષ્યોને તથા દેવપણામાં દેવને, દુઃખી કર્યાં હોય, તે સર્વે મને ખમજો. હું તે સર્વેને ખમાવું છું અને હવે મારે તે સર્વે જીવો સાથે મિત્રતા છે પણ કોઈના ઉપર શત્રુતા નથી.

જીવિત, યૌવન, લક્ષ્મી અને પ્રિયસમાગમ એ સર્વે વાયુએ નચાવેલા સમુદ્રના તરંગો-કલ્લોલના સમાન અતિ ચપળ છે.

વ્યાધિ, જન્મ, જરા, મરણથી ગ્રસ્ત થયેલા પ્રાણીઓને આ સંસારમાં જિનેશ્વરે કથન કરેલા ધર્મ વિના બીજું કોઈપણ શરણભૂત નથી.

સર્વે જીવો સ્વજન પણ થયેલ છે તથા પરજન પણ થયેલ છે, તો તેમાં કિંચિત્ માત્ર પણકોણ પ્રતિબંધ કરે ? કારણકે પ્રાણી એકલો જ જન્મે છે, એકલો જ મરે છે અને દુઃખનો અનુભવ પણ એકલો જ કરે છે, પ્રથમ તો આત્માથી આ શરીર અન્ય છે, ધન ધાન્યાદિક પણ અન્ય છે, બંધુવર્ગાદિકપણ અન્ય છે, અને તે દેહ, ધન, ધાન્ય, બંધુવર્ગ વિગેરેથી આત્મા પણ અન્ય છે. તે દેહને વિષે મૂર્ખ માણસો ફોગટ મોહ રાખે છે, ચરબી, રુધિર, માંસ, અસ્થિ, ગ્રંથી, વિષ્ટા અને મૂત્ર વિગેરેથી પરિપૂર્ણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવને પામેલા અશુચિના સ્થાનભૂત શરીરને વિષે કયો બુદ્ધિમાન માણસ મોહને ધારણ કરે ?

જેમ ભાડે રાખેલા ઘરને અવશ્ય છોડી દેવું જ પડે છે તેમ ગમે તે પ્રકારે, લાલનપાલન કરેલ શરીરને પણ અવશ્ય છોડી દેવું જ પડે છે.

ધીર તેમજ કાયર પુરુષને અવશ્ય મરવાનું તો છે જ, પરંતુ પંડિત પુરૂષોએ એવીરીતે મરવું કે ફરીથી મરવું પડે નહીં.

મને અરિહંત પ્રભુનું શરણ હજો, સિદ્ધ ભગવાનનું શરણ હજો, સાધુઓનું શરણ હજો તેમજ કેવળી મહારાજએ પ્રરૂપેલા ધર્મનું શરણ હજો, મારે માતા શ્રી જૈન ધર્મ છે, પિતાશ્રી ગુરુ મહારાજાઓ છે, સહોદર સાધુઓ છે અને સ્વધર્મી મારા બંધુઓ છે, આ સિવાય આ જગતમાં મારું કોઈપણ સગું નથી.

આ હુંડાવસર્પિણી કાળને વિષે શ્રી ઋષભદેવજી આદિ થઇ ગયેલા તીર્થંકર મહારાજાઓને તેમજ બીજા ભરત, ઐરવત, મહાવિદેહાદિક ક્ષેત્રોને વિષે થઇ ગયેલા અને રહેલા તીર્થંકર મહારાજાઓને હું નમસ્કાર કરું છું, કારણકે તીર્થંકર મહારાજાને કરેલો નમસ્કાર પ્રાણીઓને બોધિબીજના લાભના માટે તેમજ સંસારના છેદન માટે થાય છે.

હું સિદ્ધ મહારાજાઓને નમસ્કાર કરું છું કારણ કે જેઓએ ધ્યાનરૂપ અગ્નિવડે હજારો તેમજ લાખો ભવના કર્મરૂપી કાષ્ટોને બાળીને ભસ્મીભૂત કરેલા છે,

પંચવિધ આચારના પ્રતિપાલન કરનારા આચાર્યમહારાજાઓને હું નમસ્કાર કરું છું, કારણ કે જેઓ ભવનું છેદન કરવા ઉજમાળ થઇ પ્રવચનને જૈન શાસનને ધારણ કરે છે.

જેઓ સર્વે શ્રુતને ધારણ કરેછે, શિષ્યોને ભણાવે છે તે મહાત્મા ઉપાધ્યાયને હું નમસ્કાર કરું છું.

વળી જે લાખો ભવોને વિષે ઉપાર્જન કરેલા પાપકર્મોનો ક્ષણવારમાં નાશ કરે છે તેવી શીયળવ્રતધારી મુનિમહારાજાઓને હું નમસ્કાર કરું છું.

સાવદ્ય યોગ અને બાહ્ય ઉપાધીને, હું મન-વચન કાયાથી યાવજ્જીવ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વોસિરાવું છું.

યાવજ્જીવ હું ચતુર્વિધ આહારનો ત્યાગ કરું છું, અને ચરમ સમયે દેહને પણ વોસિરાવું છું.

દુષ્કર્મની ગર્હણા, પ્રાણીઓને ખામણા, શુભ ભાવના, ચાર શરણા, નમસ્કાર સ્મરણ અને અણસણ આ છ પ્રકારોની આરાધના કરવાથી જીવો સદ્‌ગતિ પામે છે.

## ઉપદેશ સોમો

### સુકૃત અનુમોદના

ત્રણ લોકને વંદન કરવા લાયક અરિહંતને, તથા સમસ્ત કર્મોના નાશ કરનાર સિદ્ધોને, મોક્ષમાર્ગને સાધનારા સાધુઓને અને ચારે ગતિથી ઉદ્ધાર કરનાર શ્રી જૈનધર્મનું હું શરણકરું છું.

મેં ઇહલોક પરલોકને વિષે જે કાંઇ દુષ્કર્મ કરેલું હોય, દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, ગુરૂદ્રવ્ય, સાધારણદ્રવ્ય વિગેરે કાંઇપણ ભક્ષણ કર્યું હોય, કોઇક ભક્ષણ કરતો હોય તો ઉદાસીનતા ધારણ કરીહોય તે સર્વે અપરાધોને હું ખમાવું છું અને આત્માની સાથે ગર્હું છું.

પૃથ્વીકાયને વિષે ઉત્પન્ન થયેલ લોહ, પત્થર આદિ મૂર્તિને વિષે તથા જળપ્લવે જળને વિષે અગ્નિને વિષે દીપકથકી, જંઝાદ્યૈ-વાયુભાવને વિષે વનસ્પતિને વિષે ધનુષ્યદંડ બાણવડે કરીને જીવોની પીડા કરી હોય, મારેલા હોય, તેમજ તેનાથી નાના પ્રકારનો કર્મબંધનો કરેલા હોય અને તે પણ રાગદ્વેષથી મોહથી ગાઢ કર્મોઃ બાંધેલા હોય તે સર્વેને હું આત્માની સાથે નિંદુ છું.

વળી જ્ઞાનદર્શન, ચારિત્રની દ્રષ્ટિએ, જે જે સુકૃત કરેલું હોય તે સર્વેનું હું અનુમોદન કરું છું.

વળી પૃથ્વીકાયને વિષે જિનેશ્વરમહારાજાના બિંબાદિકને વિષે તેમજ અપકાયને વિષે ભગવાનના સ્નાત્રાદિને વિષે, અગ્નિકાયને વિષે જિનેશ્વર મહારાજના ધૂપાદિકને વિષે,વાયુકાયે જિનેશ્વરમહારાજની આજ્ઞાધારક શ્રી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંઘ તીર્થમાર્ગને વિષે, બીજાને ઉપકાર કરવાને વિષે વનસ્પિતકાયને વિષે પાત્રાને વિષે દાંડાને વિષે જે જે ઉપકરણોને વિષે હું આવેલો હોઉં તે સર્વે હું અનુમોદન કરું છું.

જિનેશ્વરાહાજાની પૂજાને વિષે વૃક્ષ, ફળફૂલોને વિષે, ત્રસકાયને વિષે જે જે ધર્મના હેતુને વિષે હું કામમાં આવેલ હોઉં તે સર્વેનું હું અનુમોદન કરું છું.

શાશ્વત જનબિંબોને હું મેરુપર્વતાદિકને વિષે નમસ્કાર કરું છું,તેમજ શત્રુંજયાદિક તીર્થોને વિષે, જે અનિત્ય જિનબિંબો રહેલા છે તેને પણ ત્રિવિધે ત્રિવિધે નમસ્કાર કરું છું.

પાંચ ભરત, પાંચઐરવત, પાંચં મહાવિદેહ ક્ષેત્રને વિષે સમગ્ર તીર્થંકર મહારજાઓને કેવળી મહારાજાઓને મુનિહારાજાઓને ત્રિવિધે ત્રિવિધે નમસ્કાર કરું છું.

અર્હંતોની અરહંતતા, સિદ્ધોની સિદ્ધતા, આચાર્યોની આચાર્યતા, ઉપાધ્યાયોની ઉપાધ્યાયતા, સાધુઓની સાધુતા શ્રાવકોની સુશ્રાદ્ધતા સુવ્રતતા હોય, તે સર્વેનું હું અનુમોદન કરું છું.

ધર્મને વિષે જે ધન જાણેલું અજાણેલું હોય, મેં અગર બીજાએ આપેલ હોય, તેને સર્વથા પ્રકારે હું અનુમોદન કરું છું.

મેં શ્રી સમ્યગ્દર્શનવાળા ગુરુમહારાજ પાસે, વ્રતને અંગીકાર કરેલ છે છતાં હાલમાં પણ વ્રતોને અંગીકાર કરું છું.

જ્ઞાન, દર્શન, ચારિત્રાચારને વિષે ભિન્ન ભિન્ન આઠ આઠ પ્રકારે, જે કોઈ અતિચાર લાગ્યો હોય તે અતિચારની હું આલોચના કરું છું.

પાંચ આશ્રવો, રાત્રિભોજન, ચાર કષાયો, માયા, મૃષા, રાગ, દ્વેષ, પિશુનતા, અવર્ણવાદ, અભ્યાખ્યાન, મિથ્યાદર્શન શલ્ય એ અઢારે પાપસ્થાનોને હું વર્જું છું.

જે તપની મેં વિરાધના કરી હોય,છતી શક્તિએ સામર્થ્ય ગોપવ્યું હોય તેની નિર્માયી મને હું આલોચના કરું છું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સર્વ બાહ્ય ઉપાધિને અંતરના સાવદ્ય યોગોને, આ શરીરને છેલ્લા શ્વાસોશ્વાસે હું વોસિરાવું છું.

સર્વ વસ્તુઓનું અનિત્યપણું, મરણથી અશરણપણું, સંસારનું વૈચિત્ર્યપણું. કર્મને મથન કરવામાં, જીવ તથા શરીરને અન્યત્વપણું છે, શરીરને વિષે અશૌચપણું છે, તથા કર્મોનું જ આશ્રય કરવાપણું છે, તેનો જે સંવર તેને નિર્જરા કહે છે, તે નિર્જરાને તથા ધર્મનું સારી રીતે ખ્યાતિપણું, બોધિસુલભતા વિગેરે બાર ભાવના તથા મૈત્રી આદિ ચાર ભાવના એ સર્વેને હું ભાવું છું.

ગુરુ, સંઘ, માતા, પિતા, નાથ, ધર્મ, શત્રુ, મિત્ર, સાધર્મી, વૈધર્મી વિગેરેને ખેદ પમાડેલાને હું ખમાવું છું.

સર્વે પોતપોતાના કરેલા કર્મોને ભોગવે છે, માટે તેમા બીજો કોઈઅપકારી કે ઉપકારી નથી,માટે તેને વિષે રોષ તોષ કરવો યુક્ત નથી, તેથી તેને ખમાવું છું, હું ખમું છું.

હું સર્વે જીવોને ખમાવું છું, તે સર્વેને વિષે મારે મિત્રભાવ છે, પણ વિરોધ નથી.

વળી મેરુપર્વતના સમાન પ્રમાણવાળા આહારથી પણ મારી તૃપ્તિ થઇ નથી, અને ષડ્નિકાયના જીવોના ઘાતથી, જેની ઉત્પત્તિ નિશ્ચય છે, જે આહારની ચારે ગતિમાં સુપ્રાપ્તિ છે તે આહારને હું સત્ત્વ ધારણ કરી વોસિરાવું છું.

જે નમસ્કારને પામીને પાપિષ્ટ જીવો પણ દેવ ગતિને પામે છે, ચક્રવર્તીપણામાં દેવપણામાં જે મનુષ્યોને જે નમસ્કાર મંત્ર પ્રાપ્ત થવો દુર્લભ છે જેના પ્રતાપથી સમગ્ર સુખો પ્રાપ્ત થાય છે, તેમજ ભવસમુદ્ર પણ ગોષ્પદ માત્ર બની રહે છે તે પંચમપરમેષ્ઠી મહારાજના નમસ્કારનું હું સ્મરણ કરું છું, આવી રીતે જે ભાગ્યશાળી જીવ, મરણ વખતે આરાધના કરે છે તે શીઘ્રતાથી ભવસમુદ્રના પારને પામે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉપદેશ એકસો એકમો.

## ધર્મનો આશ્રય સુખકારી

હિંસા, અસત્ય ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ એ પાંચ, ક્રોધ, માન, માયા, લોભ એ સર્વે પાપના હેતુભૂત છે, તેનાથી જે વિપરીત પણું છે તે ધર્મના હેતુભૂત છે, માટે સુખની ઇચ્છા કરનારાઓએ તે ધર્મના જે હેતુભૂત છે તેને વિષે પ્રયત્ન કરવો.

નિરંતર ભક્તિ તથા બહુમાનવડે કરી, ગુણવૃદ્ધ મહાત્મા સાધુઓની સેવા કરવી તે, સર્વે જીવો ઉપર કરેલા ઉપકારના પ્રત્યુપકારની આશા રાખ્યા સિવાય વિશિષ્ટ ભાવનાથી મૈત્રી કરવી તે, આત્માએ બાહ્ય સંગનો જે આગ્રહ કરેલ છે તે, સંસારજન્ય મોહ સંગાદિકનો પરમાર્થવડે ત્યાગ કરવો, તે જ ધર્મના હેતુભૂત છે.

સાધુસેવાનું ફળ પવિત્ર સાધુઓના દર્શન, નિરંતર કલ્યાણ કુશળતાની પરંપરાને સાધનારો ઉપદેશ તેમને વંદનાદિક કરવા તે, વિનયીપણું આ સર્વ ધર્માંગ સાધનાભૂત સાધુસેવાનું ફળ છે.

સર્વે જીવોને વિષે મિત્રતાની ભાવના ધારણ કરવાથી નિરંતર શુદ્ધ ભાવ પ્રગટ થાય છે અને શુદ્ધ ભાવરૂપી પાણીથી દ્વેષ મત્સર રૂપી અગ્નિ શાંત થાય છે.

જે હિંસા છે, તે જૂઠ અજ્ઞાનાદિક દોષોની માતા છે, સમગ્ર ગુણોનો ઘાત કરનારી છે, ઉપશમાદિક ગુણોનો નાશ કરવાવાળી છે, તે હિંસાનો બાહ્યસંગના ત્યાગ કરવાવડે કરી, તૃષ્ણાલૌલુપ્યતાની પરિણતી પણ નાશ પામે છે.

એ ઉક્ત પ્રકારે દુ:ખના હેતુભૂત મળવડે કરી રહિત ગુણયુક્ત, તેમજ સ્થિરાશય, સ્થિરાચિત્તવાળા આત્માને જિનેશ્વર મહારાજાએ, આગમોક્ત વિધિવડે કરીને સમ્યક્પ્રકારના નિયમની ભાવનાથી ધર્મ કરવાના સાધનભૂત કહેલ છે.

આ સંસારનેપ્રિય સંગમાદિક જે છે તે દુ:ખનું જ કારણ છે, તેથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિરંતર દુઃખ આપવાવાળા ભોગોનો પરિહાર કરી પંડિત પુરુષોએ, સદા પ્રધાન પુરૂષાર્થરૂપ નિરતિચાર તથા આશંસાના અભાવથી મુક્તિને માટે ધર્મ ગ્રહણ કરવો તે જ યોગ્યતા છે.

આ સંસારને વિષે, જેને વિષે ઈર્ષ્યા, શોકની વાત્સલ્યતા રહેલી છે, તે પ્રિય સંયોગ પણ અનિત્ય છે, તેમજ કુત્સિત ખરાબ વ્યવહારનું જેને વિષે આચરણ રહેલું છે તેવું યૌવન પણ અનિત્ય છે, તીવ્ર ક્લેશ વહ્નિથકી ઉત્પન્ન થયેલી, દુઃખના ઉપાદાન કારણ ભૂત સંપત્તિઓ પણ અનિત્ય છે, તેમજ સમગ્ર વ્યવહારના કારણભૂત દુઃખરૂપ જીવિત પણ અનિત્ય છે, વારંવાર જન્મ અને વારંવાર મરણ, એમ વારંવાર જન્મમરણથી હીન હીનતર સ્થાનોના આશ્રય થવાથી આ ભવમાં બિલકુલસુખનો ગંધ માત્ર નથી.

આ સંસારને વિષે પ્રકૃતિથી જ પ્રિય સંગમાદિક સર્વ અસુંદર ખરાબ છે, માટે વિવેકી પંડિત પુરુષોને કોઈપણ સ્થળે આ સંસારમાં આસ્થા કરવા જેવું છે ? હોય તો કહો ? બોલો !

અધ્યાત્મ કલંક, કલ્યાણિકલંક વર્જિત ત્રૈલોકયવંદિત, નિરંતર સનાતન, અને તીર્થંકરાદિ ભાવના હેતુભૂત સ્થિર આશયવાળા શીલશાળી પુરુષોએ સેવેલ ધર્મ મૂકી બીજું કાંઇ પણ સુખ આ જગતમાં નથી, કાંઇપણ નિત્ય નથી, તેમજ કાંઈપણ શાશ્વત નથી.

બીજાઓ કહે છે કે, સૂક્ષ્મ નીતિરીતિપણે જો જોવા જોઇએ તો ધર્મને વિષે પણ આસ્થા કરવી યુક્ત નથી, કારણ કે ધર્મ કરણીકરવાથી પુણ્યકર્મરૂપ શાતાવેદનીનો બંધ પડે છે, તે પણ સોનાની બેડીરૂપ છે, અને અધર્મ કરે છે, તો તે પણ પાપકર્મરૂપ અશાતા વેદનીનોબંધ પડે છે. તે પણ લોઢાની બેડીરૂપ છે, તો આ બન્નેને વિષે આત્માનું પરતંત્રપણું રહે છે, તેથી પરતંત્રપણામાં આત્માનું કલ્યાણ થઇ શકે નહિ, માટે ધર્મકરણી કરવામાં આસ્થા કરવી યુક્ત નથી, આવું જાણી અધર્મના પેઠે, ધર્મને પણ મૂકવાની ઇચ્છા કરનારે, ધર્મનો પણ ત્યાગ કરવો, કારણ કે ધર્મ તથા અધર્મના ક્ષયથી જ આત્માને મુક્તિ મળે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો કે ઉપરોક્ત કહ્યા પ્રમાણે જ છે, તો પણ અમો કહીએ છીએ કે ધર્મ બે પ્રકારે માનેલો છે.

જ્ઞાનક્રિયા રૂપ તપકર્મ, તે અવિધિ અસેવના, મળરહિત દેવાદિક ફળની આકાંક્ષા દોષ વર્જિત તથા અતિશયપણાથી મુક્તિના સાધનરૂપ ધર્મને સર્વજ્ઞોએ કથન કરેલ છે.

ધર્મ તે જ તપ છે ? એવો તે જ તપ છે, પ્રશ્ન-ત્યારે તે શું તપ લક્ષણરૂપ ધર્મ બંધ ફળરૂપ નથી ? ઉત્તર-આશંસા વર્જીત જે ધર્મ છે, તે બંધ ફળરૂપ નથી, ભોગ ફળ શુદ્ધ તપરૂપ ધર્મ છે, તો તેમાં અબંધ ફળ કેમ ન હોય ? કારણ કે તે આશંસા વર્જિત છે, એ પ્રકારે ધર્મનું દ્વિવિધપણુ બતાવે છે.

૧. પુણ્ય લક્ષણરૂપ ધર્મ, ભોગ ફળ યુક્ત.

૨. શુદ્ધ તપ રૂપ ધર્મ, મુક્તિ ફલ યુક્ત જીવોને હોય છે.

હવે તમો વિચારો કે-જ્ઞાન, ક્રિયા , યોગલક્ષણવાળા ધર્મ વિના સંસારના ફલભૂત, ધર્મ અધર્મનો ક્ષય કેવા પ્રકારે થાય ? કારણ કે તેમ કરવા સિવાય બીજો હેતુ નથી.

આશંસારૂપ, તથા પુન્યલક્ષણયુક્ત ધર્મનો ત્યાગ કરીને, નિરાશારૂપ સદ્જ્ઞાન યોગરૂપ, ધર્મને અંગીકાર કરવાથી જ, આત્માને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## ઉપદેશ એકસો બે

### ચક્રવર્તીના ચૌદ રત્નો

૧. સેનાપતિ-ગંગા અનેસિંધુ નદીના બન્ને સામા કાંઠા પર રહેલા દેશને જીતવાની શક્તિવાળો, બીજાઓથી તેની શક્તિ કોઈ પણ પ્રકારે હણાતી નથી.

૨. ગૃહપતિ-ગૃહને ઉચિત શાલ્યાદિ સર્વ ધાન્યો, તથા ફળો શાકોને તુરત ઉત્પન્ન કરી ચક્રવર્તીના તમામ સૈન્યનું પોષણ કરનાર હોય છે.

૩. પુરોહિત-સર્વ શુદ્ધ ઉપદ્રવને નાશ કરનાર હોય છે.





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪-૫ હાથી, ઘોડા-આ બન્ને અત્યંત વેગવાળા પરાક્રમ યુક્ત હોય છે.

૬. વાર્ધિકી-સમગ્ર ચક્રવર્તીના સૈન્યને જે અવસરે જોઈએ તે અવસરે મહેલ આદિને ઉત્પન્ન કરનાર, તેમજ ઉન્મગ્ના, નિમગ્ના, નામની આ બન્ને નદીયોને ઉતરવા માટે, સમકાળે પગથીયા ઓને કરનાર હોય છે.

૭. સ્ત્રી રત્ન-સાતિશાયી કામસુખના નિધાન સમાન હોય છે.

૮. ચક્ર-હજાર આરાવાળું, વ્યાયામ પ્રમાણવાળું, તથા સર્વ આયુધોને વિષે શ્રેષ્ઠ અમોઘ સફળ હોય છે.

૯. છત્રં-વ્યાયામ માત્રં, એકજાતના માપવાળું ચક્રવર્તીના હાથના સ્પર્શથી બાર યોજન વિસ્તારવાળું, અને વૈતાઢય ઉત્તર ભાગને વિષે રહેલા મ્લેચ્છોના ઉપરોધથી, મેઘકુમાર દેવતાએ વરસાવેલી ઉત્કૃષ્ટ મેઘની વૃષ્ટિની ધારાનિ નીવારણ કરનારુ, તેમજ ૯૯ હજાર સોનાની સળીઓથી ગુંથેલું તથા સુવર્ણમય, ઉદંડ દંડ વડે શોભાયમાન, તથા વસ્તી પ્રદેશને વિષે પાંજરાની પેઠે સોભતુ સુવર્ણવડે કરી જડેલા ભાગથી પાછળથી ઢંકાયેલું, સૂર્યનો તાપ, વાયુ, વૃષ્ટિ આદિને નાશકરનારૂં હોય છે.

૧૦ ચર્મબે હાથના પ્રમાણવાળું, તથા વૈતાઢય પર્વતની ઉત્તર દિશાને વિષે વસનારા મ્લેચ્છોએ કરેલી સતત મેઘની વૃષ્ટિ વખતે, ચક્રવર્તીના હાથના સ્પર્શથી આકાશને વિષે બાર યોજન વિસ્તાર વાળું, તથા તેમના ઉપર છત્ર રત્ન આચ્છાદિત કરવાથી સમગ્ર ચક્રવર્તીના સૈન્યને પૃથ્વીના પેઠે આધારભૂત પ્રાતઃકાળને વિષે લગાવીને અપરાન્હ કાળને વિષે ઊગેલા ધાન્યની ઉત્પત્તિના કારણભૂત હોય છે.

૧૧. મણિરત્ન, ચાર આંગુલ લાંબું, બે આંગુલ પહોળું, વૈડુર્ય મય, ત્રણ ખૂણાવાળું, છ અંશ, હાંસવાળું, છત્રના મસ્તકને વિષે રહેલું, તેમજ હાથીની સુંઢને વિષે રહેલું, બાર યોજન સુધી પ્રકાશ કરનારું, ક્ષુદ્ર ઉપદ્રવોને જ વશ કરનારૂં, અને હાથમાં તે હોય તો હાથપગને વિષે રહેલ સુંદર નખવાળું, તથા મસ્તકને વિષે સુંદર કેશ યુક્ત, યૌવન અવસ્થા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેખાડનારું હોય છે,

૧૨ કાંકણી રત્ન-આઠ સૌવર્ણીક, ચાર આંગુલનું, સમચતુરસ્ત્ર સર્વ વિષને હરણ કરનારું, અને તમિસ્ત્રા, તથા ખંપ્રપાતાપાગુફાને વિષે બાર યોજન સુધી અંધકારનેહરણ કરનારું, રાત્રીમાં ચક્રવર્તીએ સૈન્યને વિષે સ્થાપના કરવાથી, સૂર્યના પેઠે પ્રકાશ કરનારું, અને ચક્રવર્તી જ્યારે તમિસ્રા ગુફામાં પ્રવેશ કરે છે ત્યારે પૂર્વ અને પશ્ચિમ દિશાની ભીતને વિષે, યોજન યોજનને આંતરે, પાંચસો ધનુષ્ય પ્રમાણવાળા અને યોજન એક સુધી પ્રકાશને કરનારા, ચક્રના આરાસમાન ગોળ ગાયના મૂત્રના આકારવાળા એક ભીંતને વિષે પચીશ અને બીજી ભીંતને વિષે ચોવીશ એમ કુલ ઓગણ પચાસ માંડલા, કાંકણી રત્નવડે ખડીના પેઠે કરેલ છે. પછી અર્ધભરત જીતવાને માટે જાય છે. તે જ્યાં સુધી જીતીને આવે છે ત્યાં સુધી અને ચક્રવર્તી જીવે છે ત્યાં સુધી રહે છે અને ગુફા પણ ત્યા સુધી ઊઘાડી રહે છે, એવી રીતે ખંડપ્રપાતા ગુફાને વિષે પણ જાણવું.

૧૩. ખડ્ગ-બત્રીશ આંગુલ પ્રમાણવાળું, રણસંગ્રામમાં અપ્રતિહત શક્તિવાળું, હોય છે.

૧૪. દંડરત્ન-રત્નમય, પંચલતાકે વજસાર, વ્યાયામપ્રમાણ શત્રુના સૈન્યને મહાત્રાસ ઉત્પન્ન કરનાર, વિષમ, ઉન્નત ભૂમિભાગને સમાન કરનાર, શાંતિ કરનાર, મનોરથને પૂર્ણ કરનાર, સર્વ જગ્યાએ અપ્રતિહત શક્તિ યુક્ત અને નીચે હજાર યોજન પ્રવેશ કરનાર હોય છે. ચૌદે રત્નો પ્રત્યેક હજાર હજાર યક્ષોથી અધિષ્ઠત હોય છે, તેમાં સેનાપતિ આદિ સાત પંચેંદ્રિય છે અને ચક્રાદિક સાત એકેંદ્રિય હોય છે.

## ઉપદેશ એકસો ત્રણ

### પચ્ચખાણ કરવાનું વિશેષ ફલ

**पञ्चक्खाणंमिकए, आसवदाराइं हुंति पिहियाइं,**
**आसववुच्छेएणय, तएहावोच्छे यणंहवइ ॥१॥**
**तएहावुच्छेएणं, अउलोवसमो भवेमणुस्साणं**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अउलोवसमेणपुणो, पच्चकखाणं हवइ सुद्धं, ।।२।।**

**ततोचरितधम्मो, कम्मविवेगो अपूव्वकरणंतु**

**तत्तो केवलनाणं, तत्तोमोख्खोवासदासोक्खो ।।३।।**

ભાવાર્થ : પચ્ચખાણ કર્યે છતે આશ્રવદ્વારો ઢંકાઈ જાયછે બંધ થઈ જાય છે અને આશ્રવદ્વારોના બંધ થવાથી તૃષ્ણાનો નાશ થાય છે. તૃષ્ણાના નાશ થવાથી મનુષ્યનો અત્યંત ઉપશમપણું પ્રાપ્ત થાય થાય છે. અને તૃષ્ણાની અત્યંત ઉપશાન્તિથી પચ્ચખાણ શુદ્ધ થાય છે, શુદ્ધ પચ્ચખાણથી ચારિત્રધર્મ ઉદયઆવે છે અને ચારિત્રધર્મની પ્રાપ્તિથી કર્મનો વિવેક-આત્માથીકર્મને અલગ કરવાની બુદ્ધિ થાય છે, તે થવાથી અપૂર્ણ કારણ પ્રાપ્ત થાય છે. તેનાથી કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે અને કેવલજ્ઞાનથી સદા સુખવાળુ મોક્ષસુખ પ્રાપ્ત થાય છે.

**सारणावारणाचेव, चोयणापडिचोयणा ।**

**सावएणाविदाव्वा, सावयाणंहियट्ठिया, ।।१।।**

ભાવાર્થ : સારણા, વારણા, ચોયણા, પડિચોયણા શ્રાવકોએ પણ શ્રાવકોને હિતાર્થે આપવા.

ધર્મકર્મને વીસારીને સંસારમાં પૌદ્ગલિક સુખમાં રાચતા-માચતા જીવોને શ્રેષ્ઠ ધર્મકર્મનું સ્મરણ કરાવવું તે સારણા ખરાબ સંગતિમાં પડેલા જીવોને હિતબોધ આપી ખરાબ કર્તવ્યો કરતાં હોય તેનો નિષેધ કરાવવો તે વારણા, એ ઉપરોક્ત નિરંતર કરતા હોય છતાં પણ કદાચિત સ્ખલના થાય તો તેને કહેવું કે આવા ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા તમોને શું આવું કર્તવ્ય કરવું વ્યાજબી છે ? આવી રીતે ઉપપાંલ આપવો તે ચોયણા, વારંવાર સ્ખલનાપામનારા ધિક્કાર છે તને ! ધિક્કાર છે તારા અવતારને એમ ગાઢ કઠણ વચનોવડે કરી તિરસ્કાર કરી પ્રેરણા કરવી તે પડિચોયણા.

## ઉપદેશ એકસોચાર

### ઉત્તરોત્તરફળની પ્રાપ્તિ

પ્રશ્ન-પર્યુપાસનાનું શું ફળ ? ઉત્તર - શ્રવણ ફલ.

પ્રશ્ન-શ્રવણ ફલનું શું ફળ ? ઉત્તર - જ્ઞાન ફલ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રશ્ન-જ્ઞાન ફલનું શું ફળ ? ઉત્તર વિજ્ઞાન ફલ વિશિષ્ટ જ્ઞાન

પ્રશ્ન-વિજ્ઞાન ફલનું શું ફળ ? ઉત્તર - પચ્ચખાણ ફલ.

પ્રશ્ન-પચ્ચખાણનું શું ફળ ? ઉત્તર-સંયમ ફલ.

પ્રશ્ન-અનાશ્રવનું શું ફળ ? ઉત્તર -તપ ફલ.

પ્રશ્ન - તપનું શું ફલ ? ઉત્તર વોદાન ફલ કર્મ નિર્જરા.

પ્રશ્ન-વોદાનનું શું ફળ ? ઉત્તર અક્રિયા ફલ, યોગનિરોધ.

પ્રશ્ન-અક્રિયાનું શું ફળ ? ઉત્તર -મોક્ષ ફલ.

ઇતી ભગવતી અંગે બીજે શતકે પમા ઉદ્દેશે ગૌતમસ્વામી પ્રત્યે વીર ભગવાનના ઉત્તરો.

## ઉપદેશ એકસો પાંચમો

### આવતી ચોવીશીના બાર ચક્રવર્તીઓ તથા નવ વાસુદેવ, નવ બળદેવ અને નવ પ્રતિવાસુદેવ નાં નામો

#### બાર ચક્રવર્તી

૧. દીર્ઘદંત, ૨. ગૂઢદંત, ૩. શુદ્ધદંત, ૪ શ્રીચન્દ્ર, ૫. શ્રીભૂતિ, ૬. સોમ, ૭. પદ્મ, ૮. મહાપદ્મ, ૯. દર્શન, ૧૦. વિમલ, ૧૧. વિમલવાહન, ૧૨. અરિષ્ટ.

#### નવ વાસુદેવ

૧. નંદિ, ૨. નંદિમિત્ર, ૩. સુંદરબાહુ, ૪. મહાબાહુ, ૫. અતિબલ, ૬. મહાબલ, ૭. બલ, ૮. દ્વિપૃષ્ટ, ૯. ત્રિપૃષ્ઠ.

#### નવ બળદેવ

૧. બલ, ૨. વૈજયંત, ૩. અજિત, ૪. ધર્મ, ૫. સુપ્રભ, ૬. સુદર્શન ૭. આનંદ, ૮. નંદન, ૯. પદ્મ.

#### નવ પ્રતિવાસુદેવ

૧. તિલક, ૨. લોહજંઘ, ૩. વજ્જંઘ, ૪. કેસરી, ૫. બલિ, ૬.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રહલાદ, ૭. અપરાજિત, ૮. ભીમ, ૯. સુગ્રીવ.

ઇતિ શ્રાદ્ધદિનકૃત્યે.

## ઉપદેશ એકસો છમો

### રાગ બે પ્રકારના છે

૧. દ્રવ્યરાગ, ૨. ભાવરાગ. દ્રવ્યરાગ બે પ્રકારે છે.

૧. પ્રયોગરાગ, ૨. વીસ્ત્રસારાગ.

૧. કુસુંભ, લાક્ષ, હરીદ્રા, રંગીન વસ્ત્રોને વિષે જે દેખવામાં આવે છે તે પ્રયોગરાગ.

૨. સંધ્યાના વાદળાદિક, તથા વૃક્ષાદિકને વિષે જે દેખવામાં આવે છે તે વીસ્ત્રસારાગ.

૩ ભાવરાગ, ઉદીર્ણ વેદનીય કર્મ, જે વેળાએ અને વિષે જે વેદે છે તે ત્રણ પ્રકારે છે.

૧ કામરાગ, ૨. સ્નેહરાગ અને ૩. દ્રષ્ટિરાગ,

૧. કામરાગ, ૨ સ્નેહરાગ. દુઃખે કરીને ત્યાગ કરી શકાય છે, છતાં તે મનુષ્યોને થોડું જ દુઃખ આપે છે, પરંતુ દષ્ટિરાગ મહા પાપિષ્ટ છે, તે કોઈ પણ પ્રકારે છોડી શકાતો નથી, તેને પાપે મનુષ્યો ભાન ભૂલી દુરંત સંસાર ચક્રવાલને વિષે દીર્ઘ કાલ સુધી પરિભ્રમણ કર્યા કરે છે, માટે હે મહાનુભાવો ! એ ત્રણે દુષ્ટ રાગોનો ત્યાગ કરી સુખી થાઓ.

## ઉપદેશ એકસો સાતમો

### તીર્થવિચ્છેદ

જેવી રીતે ચાર આંગલીયોનાં ત્રણ આંતરા થાય છે, તેવી રીતે તીર્થવિચ્છેદ સંબંધી ચોવીશ તીર્થંકર મહારાજાના ત્રેવીશ આંતરા થાય છે, તેમાં-

આદિનાથજીથી માંડીને સુવિધિનાથ સુધીનાં નવ તીર્થંકરોનાં આઠ આંતરામાં, તથા શાન્તિનાથજીથી માંડીને મહાવીર મહારાજા સુધીનાં નવ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તીર્થંકરોના આઠ આંતરામાં ધર્મનો વિચ્છેદ થયો નથી, પરંતુ સુવિધિનાથજીથી માંડીને શાન્તિનાથજી સુધીના આઠ તીર્થંકર મહારાજાઓના સાત આંતરામાં તીર્થનો વિચ્છેદ થયેલ છે. તેનો ક્રમ નીચે મુજબ છે,

૧. સુવિધિનાથજીથી શીતલનાથજી સુધીના આંતરામાં પલ્યોપમના ચોથા ભાગ જેટલા કાળમાં તીર્થનો વિચ્છેદ થયેલ છે. તે વખતે અર્હત્ ધર્મનું નામનિશાન નહોતું રહેલું.

૨. શીતલનાથજીથી શ્રેયાંસનાથ સુધીના આંતરામાં પલ્યોપમના ચોથા ભાગ જેટલો કાળ તીર્થનો વિચ્છેદ થયો હતો.

૩. શ્રેયાંસનાથજી વાસુપુજય મહારાજના આંતરામાં પોણો પલ્યોપમ જેટલો કાળ તીર્થનો વિચ્છેદ થયો હતો.

૪. વાસુપૂજયજીથી વિમલનાથ મહારાજના આંતરામાં પલ્યોપમના ચોથા ભાગ જેટલા કાળમાં, તીર્થનો વિચ્છેદ થયો હતો.

૫. વિમલનાથથી અનંતનાથજી સુધીના આંતરામાં પોણો પલ્યોપમ કાળ તીર્થનો વિચ્છેદ થયો હતો.

૬. અનંતનાથજીથી ધર્મનાથજી સુધીમાં પલ્યોપમનો ચોથો ભાગ તીર્થનો વિચ્છેદ થયો હતો.

૭. ધર્મનાથજીથી શાંતિનાથજી સુધીમાં પલ્યોપમના ચોથા ભાગ જેટલા કાળમાં ધર્મનો વિચ્છેદ થયો હતો.

આવી રીતે આ અવસર્પિણી કાળમાં કુલ પોણાત્રણ પલ્યોપમ સુધી તીર્થનો વિચ્છેદ થયો હતો.

## દ્વાદશાંગી વિચ્છેદ

આદિનાથજીથી માંડીને, સુવિધિનાથ સુધીના આઠ આંતરામાં અને શાંતિનાથજીથી મહાવીર મહારાજા સુધીના આઠ આંતરામાં એક દૃષ્ટિવાદને છોડી અગ્યાર અંગો વિદ્યમાન હતા.

પરંતુ સુવિધિનાથજીથી શાંતિનાથજી સુધીના સાત આંતરામાં પોણાત્રણ પલ્યોપમ જેટલા કાળમાં અગ્યાર અંગ દૃષ્ટિવાદ વિગેરે તમામ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાશ થયું હતું. સર્વથા ઉપરોક્ત કાળમાં વિચ્છેદ ગયેલું હતું.

## ઉપદેશ એકસો આઠમો

### તીર્થંકર મહારાજનો દીક્ષાતપ

આ હુંડાવસર્પિણી કાળમાં ૨૪ તીર્થંકર પૈકી સુમતિનાથ મહારાજાએ નિરંતર ભોજન કરતા થકા જ દીક્ષા લીધી હતી.

વાસુપૂજ્ય મહારાજાએ એક ઉપવાસ કરી દીક્ષા લીધી હતી.

### તીર્થંકર મહારાજાનો કેવળજ્ઞાન તપ

વાસુપૂજ્ય મહારાજને એક ઉપવાસે કેવળજ્ઞાન થયું હતું, આદિનાથ, મલ્લિનાથ, પાર્શ્વનાથ, નેમનાથ મહારાજાઓને ત્રણ ઉપવાસને અંતે કેવળજ્ઞાન થયું હતું બાકીના ઓગણીશ તીર્થંકર મહારાજાઓને બે ઉપવાસને અંતે કેવળજ્ઞાન થયું હતું.

### તીર્થંકર મહારાજાનો મોક્ષ તપ

આદિનાથ ભગવાન, ચૌદ ભક્ત (૬ ઉપવાસ) કરી મોક્ષે ગયેલ છે. અજિતનાથજીથી પાર્શ્વનાથ મહારાજ સુધીના ૨૨ તીર્થંકર મહારાજાઓ માસક્ષમણ કરીને મોક્ષે ગએલ છે મહાવીર સ્વામી મહારાજાએ બે ઉપવાસ કરી મોક્ષે ગએલ છે.

ઇતિ પ્રવચન સારોદ્ધારે

## ઉપદેશ એકસો નવમો

### આયુષ્યની સ્થિતિ

આયુષ્યની સ્થિતિ જઘન્ય, અંતર્મુહુર્ત, ઉત્કૃષ્ટ તિર્યંચની ગર્ભસ્થિતિ વર્ષ, ૮ મનુષ્યની ગર્ભ સ્થિતિ વર્ષ ૨૪.

| નામ | વર્ષ | નામ | વર્ષ |
|---|---|---|---|
| મનુષ્યનું | ૧૨૦ | હાથીનું | ૧૨૦ |
| ઘોડાનું | ૩૨ થી ૪૮ | વાઘનું | ૬૪ |
| હંસનું | ૧૦૦ | સિંહનું | ૧૦૦ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| કાચબાનું | ૧૦૦ થી ૧૦૦૦ | | સર્પનું ૧૨૦ |
| ગધેડાનું | ૨૪ | ગેંડાનું | ૨૦ |
| સારસનું | ૬૦ | કૌચંપક્ષીનું | ૬૦ |
| કુકડાનું | ૬૦ | બગલાનુ | ૬૦ |
| સમળીનું | ૫૦ | ડુક્કરનુ | ૫૦ |
| સસલાનું | ૧૦ થી ૧૪ | હરણનુ | ૨૪ |
| ઉંટનું | ૨૫ | ભેંસનુ | ૨૫ |
| ગાયનુ | ૨૫ | બળદનુ | ૨૫ |
| ઘેટાનું | ૧૬ | બિલાડીનું | ૧૨ |
| ઘુવડનું (શીબરી) | ૫૦ | સુડાનું | ૧૨ થી ૧૩ |
| બપૈયાનું | ૩૦ | રૂપારેલ (ચકલી)નું | ૩૦ |
| ઉંદરનુ | ૨ થી ૨૦ | ઘરોલીનું | ૧ |
| કાકીડાનું | ૧ | ચૌરિંદ્રિયનું | ૧ થી ૬ માસ |
| કાનકડીયાનું | ૫૦ | કૂતરાનું | ૧૨ થી ૧૬ |
| બકરીનું | ૧૬ | ગીધપક્ષીનું | ૧૦૦ |
| માછલાનું | ૧૦૦ થી૧૦૦૦ | કાગડાનું | ૧૦૦ |
| વીંછીનું | ૬ માસ | જુંકંસારીનું | ૩ માસ |
| કીડીયોનું | ૪૯ દિવસ | શીયાલનું | ૧૩ થી ૨૪ |

## ઉપદેશ એકસો દસમો

### યુગપ્રધાનની ગણના

| ઉદય | યુગપ્રધાન | વર્ષ |
|---|---|---|
| ૧ | ૨૦ | ૬૧૭ |
| ૨ | ૨૩ | ૧૩૪૬ |
| ૩ | ૯૮ | ૧૪૬૪ |
| ૪ | ૭૮ | ૧૫૪૫ |
| ૫ | ૭૫ | ૧૯૦૦ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૬ | ૮૯ | ૧૯૫૦ |
| ૭ | ૧૦૦ | ૧૭૭૦ |
| ૮ | ૮૭ | ૧૦૧૦ |
| ૯ | ૯૫ | ૮૮૦ |
| ૧૦ | ૯૭ | ૮૫૦ |
| ૧૧ | ૭૬ | ૮૦૦ |
| ૧૨ | ૭૮ | ૪૪૫ |
| ૧૩ | ૯૪ | ૫૫૦ |
| ૧૪ | ૧૦૮ | ૫૯૨ |
| ૧૫ | ૧૦૩ | ૯૬૫ |
| ૧૬ | ૧૦૭ | ૭૧૦ |
| ૧૭ | ૧૦૪ | ૬૫૫ |
| ૧૮ | ૧૧૫ | ૪૯૦ |
| ૧૯ | ૨૩૩ | ૩૯૫ |
| ૨૦ | ૧૦૦ | ૪૮૯ |
| ૨૧ | ૯૫ | ૫૭૦ |
| ૨૨ | ૯૯ | ૫૯૦ |
| ૨૩ | ૪૦ | ૪૯૦ |

## ઉપદેશ એકસો અગિયારમો

### જીવની કાયસ્થિતિ

સૂક્ષ્મ પૃથ્વી, અપ, તેઉ, વાઉ, વનસ્પતિ એ પાંચની સૂક્ષ્મ જઘન્ય અંતરર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ, કાલથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી, ક્ષેત્રથી અસંખ્યાતો લોક.

### બાદર કાયસ્થિતિ

૧. બાદર પૃથ્વીકાય જઘન્ય અંતરમૂહુર્ત ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાગરોપમ,

૩. બાદર તેઉ, વાઉ, પ્રત્યેક વનસ્પતિ એ ત્રણેની જઘન્ય અંતરમૂહૂર્ત ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમ,

૪. સૂક્ષ્મ નિગોદ તથા બાદર નિગોદ, એ બે મળીને, જઘન્ય અંતર મૂહૂર્ત ઉત્કૃષ્ટ અઢાઇ પુદ્ગલ,

૫. ક્ષેત્રથી કાલથી અનંતથી ઉત્સર્પિણી અવસર્પિણી

૬. સૂક્ષ્મનિગોદ બાદરનિગોદ પ્રત્યેક વનસ્પતિ એ ત્રણે મળીને કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહુર્ત ઉત્કૃષ્ટ અસંખ્યાતા પુદ્ગલપરાવર્તન, અનંતી ઉત્સર્પિણી અવસર્પિણીએ એક પુદ્ગલ પરાવર્તન થાય.

## વિકલેંદ્રિયની કાયસ્થિતિ

બેઇંદ્રય, તેઇંદ્રિય, ચૌરીંદ્રિયની કાયસ્થિતિ, જઘન્ય અંતરમૂહૂર્ત ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ.

## તિર્યંચ પંચેંદ્રિયની કાયસ્થિતિ

તિર્યંચ પંચેંદ્રિયની કાયસ્થિતિ, જઘન્ય અંતરમૂહૂર્ત ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ મધ્યમ પૂર્વ કોડી પૃથક્ત્વ, નારકીની કાયાસ્થિતિ એક જ જાણવી, મનુષ્યની કાયસ્થિતિ ૮૪ લાખ જીવાયોની દેવોની કાયસ્થિતિ એક જ જાણવી,

## ગર્ભસ્થિતિ

૧. તિર્યંચો ઉત્કૃષ્ટ ગર્ભમાં રહે તો ૮ વર્ષ, ત્યારબાદ મરે કે, પ્રસવે ઇતિ તિર્યંચ ગર્ભસ્થિતિ.

૨ સ્રીયોની ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ ગર્ભસ્થિતિ કહેલી છે, કોઇક પાપી અગર પિત્તાદિકથી દૂષિત અગર દેવતાએ સ્થંભાવેલ જીવ ૧૨ વર્ષ ગર્ભને વિષે રહે છે.

૩. વળી ગર્ભની સ્થિતિ ૨૪ વર્ષની પણ કહેલી છે, ૧૨ વર્ષ ગર્ભને વિષે રહીને, મરીને ફરીથી તે જ પુદ્ગલમાં ઉત્પન્ન થઇ ને, બીજા ૧૨ વર્ષ ગર્ભને વિષે રહે છે, કોઈકકહે છે કે ૧૨ વર્ષ ગર્ભને વિષે રહી મરણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પામી ગયા પછી તે જ ગર્ભને વિષે બીજો જીવ ઉત્પન્ન થાય છે, ને ૧૨ વર્ષે જન્મ પામે છે, એવી રીતે ૨૪ વર્ષ ગર્ભની સ્થિતિ કહેલી છે.

### વેદે કાયસ્થિતિ

૧. પુરુષ વેદકાયસ્થિતિ ૯૯૦૦૦ સાગરોપમ

૨ સ્ત્રી વેદકાયસ્થિતિ ૧૧૦ પલ્યોપમ પૃથક્ત્વ પૂર્વ કોડી

૩. નપુસંક વેદકાયસ્થિતિ અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી

૪. પંચેંદ્રિયપંચેદ્રિયપણે રહેતો ૧૦૦૦૦ ઝાઝેરું

## ઉપદેશ એકસો બારમો

### એકેંદ્રિયાદિક જીવોને પણ મૈથુન સંજ્ઞા

૧. સ્ત્રિનામનો હર શબ્દોને શ્રવણ કરવાથી, વિહર વૃક્ષાદીકને પલ્લવો ત્થા પુષ્પો આવે છે, તેથી વનસ્પતિને શ્રવણેં દ્રીયનું જ્ઞાન સ્પષ્ટ હોય છે, તે સિદ્ધ થાય છે.

૨. મનોહર સ્ત્રીના મારેલા કટાક્ષ બાણોથી, તિલક વૃક્ષને કુસુમાદિક પ્રગટ થાય છે, તેથી તે ચક્ષુઇંદ્રિયના જ્ઞાનના ચિન્હને સ્પષ્ટ જણાવે છે.

૩. સુગંધી વસ્તુઓના ચૂર્ણોના પાણીથી મિશ્રિત પાણીના સિંચન કરવાથી ચંપક વૃક્ષને ફૂલો પ્રાપ્ત થાય છે, તેથી તે ઘ્રાણેંદ્રિયના જ્ઞાનના ચિન્હને સ્પષ્ટતાથીસૂચવે છે.

૪. વિવિધ પ્રકારના વસ્ત્રાલંકારોથી સુશોભિત, આભરણોથી ભૂષિત ઝાંઝરના ઝમકારથી રણઝણાટ કરતી સ્ત્રીએ, આલિંગન કરવાથી, અશોક વૃક્ષ વિકસ્વર, નવપલ્લવિત થાય છે.

૫. લજ્જામણીને સ્પર્શ કરવાથી તે સંકોચાઇ જાય છે.

૬. સિવાય પૃથ્વીકાય પારો કૂવામાં રહેવાથી ઘોડા ઉપર બેઠેલી સ્ત્રીના મુખને દેખવાથીતેની પછાડી દોડે છે, તેથી તે ચક્ષુઇંદ્રિય જ્ઞાનના ચિન્હને સ્પષ્ટાથી સૂચવે છે. ઇતિ મૈથુનસં.

જલાદિક આહારના ઉપજીવનથી વનસ્પત્યાદિકને આહાર સંજ્ઞા છે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧. સંકોચન વલ્યાદિકને હસ્તનો સ્પર્શ કરવાથી, સ્પર્શથી ભય પામેલી તે, અવયવનો સંકોચપણાને પમાડે છે, માટે તેને ભય સંજ્ઞા છે. ૨.

વિરહ, તિલક, ચંપક, અશોક કેશરાદિકને મૈથુન સંજ્ઞા છે, તે દેખાડી છે માટે મૈથુન સંજ્ઞા છે. ૩.

બિલ્વ પલાશાદિક, નિધિના ઉપર પગ સ્થાપન કરે છે, તેથી તેને પરિગ્રહ સંજ્ઞા છે. ૪.

આ સંજ્ઞા ભાવશ્રુત વિના ઉત્પન્ન થાય નહિ, તે કારણ માટે ભાવેંદ્રિય પાંચના આવરણના ક્ષપોપશમથી, ભાવેંદ્રિય પાંચજ્ઞાન પેઠે, ભાવશ્રુત આવરણના ક્ષયોપશમ સંભવથી દ્રવ્ય શ્રુતના અભાવે પણ, એકેંદ્રિયને જે જેટલું ભાવ શ્રુત હોય છે, તે હોય છે જ.

વિશેષાવશ્યક સૂત્રે

## ઉપદેશ એકસો તેરમો

### અલોકમાં અજીવના બે ભેદ

આકાશાસ્તિકાય દેશ, પ્રદેશ, ઈહાં સ્કંધ નથી જો હોય, તો લોકાલોક મલી જાય.

### દેવલોકમાં અજીવના ૧૦ ભેદ

ધર્માસ્તિકાય દેશ-પ્રદેશ, અધર્માસ્તિકાય દેશ-પ્રદેશ, આકાશાસ્તિકાય દેશ-પ્રદેશ, પુદ્‌ગલાસ્તિકાય દેશ-પ્રદેશ સ્કંધ અને પરમાણું. ૧૦.

### અઢીદ્વીપમાં અજીવના ૧૧ ભેદ

ઉપરના ૧૦. તથા ૧.કાળનો કુલ ૧૧ થયા.

### મુઠીમાં અજીવના ૧૩ ભેદ

પાંચ સૂક્ષ્મ સ્થાવરનાં, પર્યાપ્તા અપર્યાપ્તા, ૧૦.

બાદર વાયુકાયના પર્યાપ્તા અપર્યાપ્તા, ૨.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંજ્ઞિ મનુષ્ય પર્યાપ્ત ૧ - કુલ ૧૩
ઊડતી માખીના પગમાં જીવના ૧૩ ભેદ
બેઠી માખીના પગમાં જીવના ૧૩. ભેદ
સ્થિર થયેલી માખીના પગમાં જીવના ૧૨ ભેદ
પાંચ સ્થાવર પર્યાપ્તા અપર્યાપ્તા ૧૦.
બાદર વાયુકાય પર્યાપ્તા અપર્યાપ્તા ૨ - કુલ ૧૨

## ઉપદેશ એકસો ચૌદમો

### ચૌદ રાજલોક પ્રમાણ

લોકના મધ્યથી દોઢરાજ, સૌધર્મદેવલોક ઊંચુ છે. ૧॥
લોકના મધ્યથી અઢીરાજ, માહેંદ્ર ચોથા દેવલોક સુધી છે. ૧
લોકના મધ્યથી ચાર રાજ સહસ્રાર દેવલોક છે. ૧॥
લોકના મધ્યથી પાંચ રાજ બારમુ અચ્યુત દેવલોક છે. ૧
લોકના મધ્યથી સાત રાજ લોકાંત સુધી થાય છે. ૨
**ઇતિ ભગવતી સૂત્રે તથા યોગશાસ્ત્રાદૌ ૭**

આવશ્યક સૂત્રની, નિર્યુક્તિ ચૂર્ણી, સંઘયણ વિગેરમાં તો નીચે પ્રમાણે કહેલ છે.

| | |
|---|---|
| પ્રથમના બે દેવલોક સુધી, આઠમું રાજ. | ૧ |
| ત્રીજા ચોથા દેવલોક સુધી, નવમું રાજ. | ૧ |
| પાંચમા છઠા દેવલોક સુધી દસમું રાજ. | ૧ |
| સાતમા આઠમા દેવલોક સુધી, અગ્યારમું રાજ | ૧ |
| નવ દસ અગ્યાર બારમા દેવલોક સુધી, બારમું રાજ. | ૧ |
| નવગ્રૈવેક સુધી, તેરમું રાજ. | ૧ |
| પાંચમા અનુત્તરવૈમાન સિદ્ધ લોકાંત સુધી, ચૌદમું રાજ. | ૧ |
| સાત નરકના સાત રાજ નીચે છે. એકેક નરકપ્રમાણે એકેક. | ૭ |
| | કુલ ૧૪ રાજ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉપદેશ એકસો પંદરમો

## નિગોદનું સ્વરૂપ

આ લોક, અસંખ્યાતા યોજન પ્રમાણ છે :
દરેક યોજન સંખ્યાતા અંગુલવાળો છે
દરેક અંગુલના અસંખ્યાત અંશ (ભાગ) પ્રદેશ છે.
દરેક પ્રદેશે અસંખ્યાતી નિગોદ છે.
દરેક નિગોદે અનંતા જીવો છે.
દરેક જીવોના અસંખ્યાતા પ્રદેશ છે.
દરેક પ્રદેશે અનંતી કર્મની વર્ગણાઓ છે,
દરેક વર્ગણાએ અનંતા પરમાણુઓ છે.
દરેક પરમાણુએ અનંતા પર્યાયો છે.
દરેક પર્યાયોએ અનંતા વર્ણ ગંધાદિક છે,
એ પ્રકારે જિનેશ્વર મહારાજાએ નિગોદનું સ્વરૂપ કહેલું છે.

## નિગોદીયા જીવોના ભવો.

| | | |
|---|---|---|
| એક શ્વાસોશ્વાસમાં | ૧૭ ઝાઝેરા | ભવો કરે છે. |
| એક મૂહૂર્તમાં | ૬૫૫૩૬ | ભવો કરે છે. |
| એક દિવસમાં | ૧૯૬૬૦૮૦ | ભવો કરે છે. |
| એક માસમાં | ૫૯૮૯૨૪૦૦ | ભવો કરે છે. |
| એક વર્ષમાં | ૭૦૭૭૮૮૭૦૦ | ભવો કરે છે. |

## મનુષ્યોનાં શ્વાસોશ્વાસ

| | | |
|---|---|---|
| અંતમુહૂર્ત (બે ઘડીમાં) | ૩૭૭૩ | શ્વાસોશ્વાસ |
| એક અહોરાત્રિમાં | ૧૧૩૧૯૦ | શ્વાસોશ્વાસ |
| એક માસમાં | ૩૩૯૭૫૭૦૦ | શ્વાસોશ્વાસ |

એક વરસમાં ૪ કોટીલાખ, ૭ લાખ ૪૮ હજાર ૪૦૦ સો શ્વાસોશ્વાસ સો વર્ષમાં ૪૦૦ કોટી લાખ ૭. ક્રોડ, ૪૮ લાખ ૪૦ હજાર શ્વાસોશ્વાસ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઉપદેશ એકસો સોળમો

### ઇર્યાવહીયાના મિચ્છામિ દુક્કડમો

જીવના ૫૬૩ ભેદો છે,

તેને અભિહયાથી માંડીને, જીવને દસ પ્રકારે પીડા થાય છે, તે દસ પદે ગુણવાથી ૫૬૩૦ ભેદો થાય,

તેને રાગ અને દ્વેષ, બેએ ગુણવાથી ૧૧૨૬૦ ભેદો થાય.

તેને મન, વચન, કાયાના યોગોથી ગુણવાથી ૩૩૭૮૦ ભેદો થાય.

તેને કરવું, કરાવવું, અનમોદવું, એ ત્રણે ગુણવાથી ૧૦૧૩૪૦ ભેદો થયા.

તેને અતીત, અનાગત, વર્તમાનકાળે ગુણવાથી ૩૦૪૦-૨૦ ભેદો થયા.

તેને અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ,આત્મા એ છએ ગુણવાથી ૧૮૨૪૭૨૦ ભેદો થયા.

એવી રીતે સર્વ જીવોને મિચ્છામિ દુક્કડં દેવો, વિચારસિત્તરી પ્રકરણની ટીકામાં એ ઉપરોક્ત ભાંગાને જાણતા અજાણતાએ બે ભેદે ગુણવાથી ૩૬૪૮૨૪૦ ભેદો થાય છે.

## ઉપદેશ એકસો સત્તરમો

### અઢારભાર વનસ્પતિ

લોકશાસ્ત્રે, (૩૮૧,૧૨૭૨,૯૭૦) ત્રણશે એકાશી ક્રોડ, બાર લાખ, બોંતેર હજાર, નવશેં સીત્તેર વનસ્પતિયે એક ભાર થાય.

પાઠાંતરે (૩૮૧,૧૨,૧૭૦) ત્રણ ક્રોડ, એકાશી લાખ, બાર હજાર, એકસો સીતેર વનસ્પતિએ એક ભાર થાય.

**एकैकजातरेकैक, पत्रप्रचयतो भवेत् ।**

**प्रोक्तसंख्यैर्मणैर्भार-स्ते त्वष्टादशभुरुहां ॥१॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવાર્થ : એકેક જાતના એક એક પત્રને એકત્ર કરી તોલવાથી ઉપરલી સંખ્યા જેટલા મણ થાય ત્યારે એકભાર થાય, તેવી અઢાર ભાર વનસ્પતિ કહેલ છે.

**चत्वारो पुष्पाभारा, अष्टौ च फलपुष्पिताः ।**
**स्युर्वल्लीनां च षड्भारा, शेषनागेन भाषितम् ॥२॥**

ભાવાર્થ : ચાર ભાર ફૂલવાળી, આઠ ભાર ફળ પુષ્પવાળી, છ ભાર વેલડીયો શેષનાગે કહેલ છે, એ પ્રકારે અઢારભાર વનસ્પતિ કહી.

**पक्षांतरे**

**कटुकस्य भारचत्वारि, द्वौ भारं तिक्तमुच्यते ।**
**त्रीणि भारं भवेन्मिष्टं, मधुरं भारकयत्रम् ॥३॥**
**क्षारं च भारमेकं तु, कषायं भारकद्वयम् ।**
**स विषं भारमेकं तु, द्वौ भारं निर्विषं यथा ॥४॥**
**षड्भाराः कंटकाः ज्ञेयाः, षड्भाराश्च सुगंधकाः ।**
**षड्भारास्तु निर्गंधाश्च, भारा नष्टादश विदुः ॥५॥**
**चारभारफुला विण जोय, फल विण आठ भार जग होय ।**
**फलफूले षट्भारविचार, एहवी वणसइ भार अढार ॥६॥**

ભાવાર્થ : ૪ ભાર કડવી, ૨ ભાર તીખી, ૩ ભાર મીઠી, ૩ બાર મધુરી, ૧ ભાર ખારી, ૨ ભાર કષાયી, ૧ ભાર વિષમયી, ૨ ભાર નિર્વિષમયી, ૬ ભાર કાંટા, ૬ ભાર સુંગધી, ૬ ભાર નિગ્રંથી, ૪ ભાર ફુલ વિનાની, ૮ ભાર ફળવિનાની ૬ ભાર ફળ ફૂલ વાળી એવી રીતે અઢાર ભાર વનસ્પતિનો વિચાર કહેલ છે.

## ઉપદેશ એકસો અઢારમો

### કાલ અને ક્ષેત્રથી જ્ઞાન

કાળની વૃદ્ધિયે ક્ષેત્રની વૃદ્ધિથી થતું અવધિજ્ઞાન દેખે તે કહે છે.કાળથી આવળીનો અસંકાતમો ભાગ દેખેત્યારે ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતમો ભાગ દેખે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાલથી આવલીમાં કાંઈક ઓછું દેખે, ત્યારે ક્ષેત્રથી સંપૂર્ણ આંગુલ દેખે.

કાલથી સંપૂર્ણ આવલિ દેખે ત્યારે ક્ષેત્રથી પૃથક્ત્વ આંગુલ દેખે.

કાલથી મૂહૂર્ત દેખે ત્યારે ક્ષેત્રથી હાથ દેખે.

કાલથી દિવસ દેખે ત્યારે ક્ષેત્રથી ગાઉ દેખે.

કાલથી દિવસ પૃથક્ત્વ દેખે ત્યારે ક્ષેત્રથી જોજન દેખે.

કાલથી પખવાડીયામાં કાંઈક ઓછું દેખે ત્યારેક્ષેત્રથી ૨૫ યોજન દેખે.

કાલથી સંપૂર્ણ પખવાડીયું દેખે ત્યારે ક્ષેત્રથી ભરતક્ષેત્ર દેખે.

કાલથી અધિક માસ દેખે ત્યારે ક્ષેત્રથી જંબૂદ્વીપ દેખે.

કાળથી વર્ષ દેખે ત્યારે ક્ષેત્રથી મનુષ્ય લોક દેખે,

કાળથી વર્ષ પૃથક્ત્વ દેખે ત્યારે ક્ષેત્રથી રુચક દ્વીપ દેખે,

સંખ્યાતા કાલે સંખ્યાતા દ્વીપ સમુદ્ર દેખે.

અસંખ્યકાલે અસંખ્યાતા દ્વીપ સમુદ્ર દેખે.

## ઉપદેશ એકસો ઓગણીસમો

### ક્ષપકશ્રેણીનો ક્રમ

પ્રથમ અનંતાનુંબધી ચાર કષાય, મિથ્યાત્વ મોહની, મિશ્ર મોહની અને સમકિતમોહની, એ સાત પ્રકૃતિ ખપાવી, પછી અનુક્રમે પ્રત્યાખ્યાની અપ્રત્યાખ્યાની એ બે ચોકડીના આઠ કષાયો નપુંસક વેદ સ્ત્રી વેદ હાસ્યાદિષટ્ક, પુરુષવેદ અનેપછી સંજવલન ક્રોધાદિકને ખપાવે છે, આઠ કષાય ખપાવતાં, મધ્યમાં નરકગતિ, નરકાનુપૂર્વી, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, એકેંદ્રિય જાતિ દ્વિદ્રિય જાતિ, ત્રીંદ્રિય જાતિ, ચતુરિંદ્રિય જાતિ, આતપ, ઉદ્યોત, સ્થાવરનામકર્મ, સૂક્ષ્મ સાધારણ, અપર્યાપ્તિ, નિદ્રાનિદ્રા, પ્રચલા પ્રચલા અને સ્તન્યાદ્રિ, એટલી પ્રકૃતિઓને ખપાવે છે,

૧. આમાંથી અપર્યાપ્તિનામ કર્મ, ૧૪ મા ગુણઠાણાના દ્વિચરણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમયે ખપાવવાનું કર્મગ્રંથમાં કહ્યું છે અને તે સિવાયની ૧૬ પ્રકૃતિ, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યના, કષાયની, બે ચોકડી ખપાવતાં, વચમાં ખપાવે તેમ કહ્યું છે.

૨. આ ૧૫ પૈકી ૧૪ નામકર્મની પ્રકૃતિઓ, ચૌદમા ગુણઠાણાના દ્વિચરમસમયે ખપાવે એમ કર્મગ્રંથમાં કહ્યું છે. અને જિનનામ, ૧૪માના ચરમસમયે ખપાવે, એમ કહ્યું છે કર્મગ્રંથનું કથન અન્ય ગ્રંથોની સાથે મળતું છે.

પછી આઠ કષાયમાથી કહેલ શેષભાગ ખપાવે છે. પછી વિશ્રાંતિ લઇ કેવલજ્ઞાન થવામાં બે સમય બાકી રહે ત્યારે પહેલા સમયમાં નિદ્રા, પ્રચલા અને નામકર્મની, આ પ્રમાણેની ૧૫ પ્રકૃતિઓ, દેવગતિ, દેવાનું પૂર્વી, વૈક્રિય શરીરના નામકર્મ પહેલા સંઘયણ સિવાયના બીજા પાંચ સંઘયણો, અને પોતાના સંસ્થાના સિવાયના પાંચ સંસ્થાનો, તીર્થંકરનામકર્મ અને આહારક શરીરનામકર્મને ખપાવે છે, અને બીજા એટલે છેલ્લે સમયે, જ્ઞાનાવરણીયની પાંચ પ્રકૃતિઓ, દર્શનાવરણીની ચાર પ્રકૃતિઓ, અને અંતરાયકર્મની, પાંચ પ્રકૃતિઓ કુલ ૧૪ પ્રકૃતિઓ ખપાવી, કેવળજ્ઞાન પામે છે એ પ્રમાણે ક્ષપકશ્રેણીનું સ્વરૂપ છે.

## ઉપદેશ એકસોવીશમો

### ક્યા ગુણઠાણે શું ક્ષય થાય ?

ચોથું ગુણઠાણું આત્મા પામે ત્યારે મળ, કર્મ, મેલ, પરઠવવાનો ટાઈમ શરૂ થાય છે.

ચોથે ગુણઠાણે દર્શનમોહનીયને ત્રણ પ્રકૃતિ, અને અનંતાનુબંધી કષાયની ચોકડી મળી સાતનો ત્યાગ થાય.

પાંચમે ગુણઠાણે, અપ્રત્યાખ્યાની ચોકડીનો ત્યાગ થાય.

છઠ્ઠા ગુણઠાણે, પ્રત્યાખ્યાની ચોકડીનો ત્યાગ થા.

સાતમે ગુણઠાણે,પાંચ અગર આઠ પ્રમાદનો ત્યાગ થાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આઠમે ગુણઠાણે, અશાતા આદિ છનો ત્યાગ થાય.

નવમે ગુણઠાણે, પ્રથમ ત્રણ વેદ અને સંજવલનના ત્રણ કષાય મળી છ પ્રકૃતિનો ત્યાગ થાય.

દસમે ગુણઠાણે,સંજવલન લોભના અણુની, અશુદ્ધ પ્રણતી જે રાગ તેનો ત્યાગ કરાય.

અગ્યારમે ગુણઠાણે, મોહનીની તમામ પ્રકૃતિ સિવાય બે અથવા ચાર પ્રકૃતિનો ઉદય ટળે (ત્યાગ થાય) મોહનીય કર્મ સત્તાએ રહે છે, એ ગુણસ્થાનથી ચડતા નથી, પણ પડે છે કદાપિ આયુષ્ય પૂરું થાય તો સર્વાર્થસિદ્ધ વિમાને જાય છે.

બારમે ગુણઠાણે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અંતરાય-એ ત્રણ કર્મનો ત્યાગ થાય.

તેરમે ગુણઠાણે, અઘાતી ચાર કર્મની બહુલતા, એટલે સત્તાએ પંચાશી પ્રકૃતિ રહી હતી તેમાંથી બોંતેરનો ત્યાગ થાય.

ચૌદમે ગુણઠાણે, અઘાતિ તેર પ્રકૃતિનો ત્યાગ થવાથી, સમશ્રેણિએ, બીજા આકાશપ્રદેશને ફરસ્યા વિનાલોકાગ્રે જાય, સાદી અનંત ભાગે સિદ્ધમાં સ્થિતિ કરે.

વળી પણ-

૭. દર્શન મોહનો ક્ષય સાતમા ગુણસ્થાને
૩. આયુષ્યનો ક્ષય સાતમા ગુણસ્થાને,
૩૪. પ્રકૃતિનો ક્ષય નવમા ગુણસ્થાને,
૧. પ્રકૃતિનો ક્ષય દસમા ગુણસ્થાને,
૧૮. પ્રકૃતિનો ક્ષય બારમા ગુણસ્થાને
૭૨. (૭૩) પ્રકૃતિનો ક્ષય ચૌદ ઉપાંત્યસમયે,
૧૩. (૧૨) પ્રકૃતિનો ક્ષય ચૌદમેં અંત્યસમયે છે.
૧૪૮



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઉપદેશ એકસો એકવીસમો

### મતિજ્ઞાનના અઠાવીશ ભેદો

પાંચ ઇંદ્રિયો, અને છઠું મન તે જાણવા નિમિત્તભૂત છે, ને નિમિત્તની નિશ્રાયે ૧. વ્યંજનાવગ્રહ ૨ અર્થાવગ્રહ ૩ ઇહાવગ્રહ ૪ અપાયાવગ્રહ ૫ ધારણાવગ્રહ એ પાંચ ભેદો.

૧. **વ્યંજના** તે સ્પર્શેંદ્રિય, રસેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, શ્રોતેંદ્રિય એ ચાર ઇંદ્રિયો કહી તેમાં સ્પર્શેંદ્રિય તે ત્વચા શરીરમાં સ્પર્શ થાય, જીભમાં રસ પડે તે રસેંદ્રિય ઘ્રાણેંદ્રિમાં ગંધ આવી પડે તે ઘ્રાણેંદ્રિ,કાનમાં શબ્દ આવી પડે તે શ્રોતેંદ્રિ એ ચાર ઇંદ્રિયો પ્રાપ્યકારી છે, અને ચક્ષુ અને મન એ બે અપ્રાપ્યકારી છે, માટે તેમાં વ્યંજનપણાનો અસંભવ છે, અને બાકીની ચાર ઇંદ્રિઓમાં વ્યંજન પણું છે, તેથી પ્રથમ વ્યંજનાવગ્રહના ચાર ભેદ અવ્યક્તપણે થયા ૪.

૨. **અર્થાવગ્રહ** તે સ્પર્શ થયો, સ્વાદ લાગ્યો, ગંધ આવે છે, સાંભળીએ છીએ, એ ચાર અને પાંચમું ચક્ષુથી દેખે અને છઠ્ઠું ચિંતવના એ છ મનથી વ્યક્તપણે જાણીએ તે અર્થાવગ્રહ ૬.

૩ **ઇહાવગ્રહ.** વિચારણા શક્તિ તે ઇહા કરીએ સ્પર્શ થયો. પણ શેનો ? ઉંદરનો કે સર્પનો ? સ્વાદ લાગ્યો પણ કેવો ખાટો કે મધુરો ? મધુરો તો ખરો પણ દ્રાક્ષનો કે સાકરનો, ગંધ આવ્યો તે સુરભી કે દુરભી, સુરભી છે, તો ચંપાનો છે, કે કેવડાનો છે, વળી ચક્ષુએ દેખી એ છીએ તે મનુષ્ય કે તિર્યંચ છે ? અગર ઘઉં બાજરી વિગેરે છે, શબ્દ સાંભળીએ છીએ તે સર્પ બોલે છે કે કાગડો બોલે છે ? મનથી વિચારે કે, એમ નહિ પણ આમ છે, એ છ ભેદે ઇંદ્રિય, નોઇંદ્રિયની વિચારણા કરવી, તેનું નામ ઇહા કહીએ તેના છ ભેદ, તે ઇહાવગ્રહ.

૪ **અપાયાવગ્રહ,** તે નિશ્ચય, આ સુંવાળો સ્પર્શ તે સર્પાદિનો છે, અને ઉષ્ણ તે અગ્નિનો છે, ખારું તે લૂણ છે, અને તીખા તે મરચા છે, જે સુગંધી આવે છે તે અમુક વસ્તુની છે, અને દેખીએ છીએ તે કીડી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કે કંથવો છે, સાંભળીએ છીએ તે શબ્દ, નગારાનો છે કે સારંગીનો છે અને મનથી નિશ્ચય કર્યો કે આ વાત આમ જ છે, તે અપાયાવગ્રહ ૬.

૫. ધારણાવગ્રહ તે જે એ છ વસ્તુનું,છ ભેદે જાણપણું થયું, તે ઘણા કાળે પણ ભૂલે નહીં. કામ પડ્યે ક્ષય ઉપશમપૂર્વક, સંખ્યાત અસંખ્યાત કાળ સુધી યાદી રહે છે, એ ધારણાના છ ભેદ થયા તે ધારણાવગ્રહ કુલ ૨૮ ભેદો થયા.

એ અઠાવીશ ભેદોના પ્રત્યેકે એક એક ભેદના ૧ બહુ, ૨ અબહુ, ૩. બહુવિધ, ૪ અબહુવિધ આદિ બાર બાર ભેદો થાય છે તે કહેવાય છે. ગીતાર્થ મહાત્માની દેશના સાંભળવા ઘણા લોકો એકત્ર થાય છે, તેમાં ક્ષપોપશમની વિચિત્રતાએ કોઈક જીવ ઘણાં શબ્દો ગ્રહણ કરે તે બહુ ? અને કોઈકજીવ થોડા શબ્દો ગ્રહણ કરે તે અબહુ ૨

કોઈક જીવ એક એક શબ્દના પરમાર્થને, સ્યાદ્વાદ પક્ષની અનેકાંતતાને જાણે બહુવિધ ૩

કોઈક જીવ થોડા ભેદ શબ્દાર્થપૂર્વક જાણે તે અબહુવિધ ૪

કોઈક જીવ વચન શ્રવણ થતાં જ ભાવાર્થને સમજે તે ક્ષિપ્ર ૫

કોઈક જીવ હેતુ દૃષ્ટાંતે સમજાવ્યા છતાં સમજે તે અક્ષિપ્ર ૬

કોઈક જીવ ઉચ્ચારની પટુતાદિ જોઈ ઉપદેશકર્તાને પંડિતમાને તે સલિંગ ૭

કોઈક જીવ પૂર્વાપર અવિરોધીપણું વસ્તુગતે વસ્તુપણાની પ્રરૂપણા, નય પક્ષે ભિન્ન અપેક્ષા હેય તે હેય, ઉપાદેય તે ઉપાદેય, સાધક તે સાધક બાધક તે બાધક, નિર્જરાનું કારણ તે સંવર, અને બંધનું કારણ તે આશ્રવ, સકામ નિર્જરા તે મોક્ષનું કારણ અને ભવભ્રમણ તે બંધ, એમ યથાસ્થિતિ બોધ ઉપયોગિક ભાવ જોઈને વચનપટુતાની અપેક્ષાને રાખતાં, ઉપદેશકર્તાને પંડિત માને તે અલિંગ ૮

કોઈક જીવ ઉત્તર પ્રત્યુત્તરે શંકાને છેદે નહિ, અશક્તિ થઈ સ્થિરભાવે શ્રદ્ધા કરે તે અસંદિગ્ધ. ૧૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોઈક જીવને ગુરુજીએ એકવાર કહ્યું, તે ભૂલે નહિ તે ધ્રુવ ૧૧

કોઈક જીવને વારંવાર શિખામણ દેવી પડે તે અધ્રુવ ૧૨

એ બારે ભેદોને પૂર્વોક્ત અઠાવીશ ભેદોએ ગુણાકાર કરતાં ૩૩૬ ભેદો મતિજ્ઞાનના થયા. મતિજ્ઞાનના ભેદો ઘણાં છે. એ ભેદો શ્રુતનિશ્રિત્તજાણવાં, કારણ કે શ્રુતજ્ઞાનના વીશ અગર ચૌદ ભેદો કહેલ છે.

તે દ્રવ્યથી ઉત્પત્તિ આદિ આશ્રીને કહેલ છે. હવે મતિજ્ઞાન છે તે શ્રુતજ્ઞાનનું કારણ છે, અને ભાવશ્રુત છે, તે મતિજ્ઞાનનું કાર્ય છે તથા મતિ તે નિરક્ષર છે, અને શ્રુત તે સાક્ષર છે. નિરક્ષર તે ઉચ્ચારણ, જે બોલવું, વચનનું પ્રવર્તાવવું તેના અભાવે નિરક્ષર કહીએ, અને વચન પ્રવૃત્તિયોગે સાક્ષર કહીએ, તે વચન ની પ્રવૃત્તિ મતિજ્ઞાનાદિકમાં નથી એ શક્તિ નો શ્રુતજ્ઞાનમાં છે પરંતુ મતિના અભાવે શ્રુતજ્ઞાનાદિ ભેદો કોઈ જીવ પામે નહિ, તે કારણથી મતિજ્ઞાન મુખ્ય છે પરંતુ શ્રુત વિનામતિ જ્ઞાનાદિજે ભેદો છે, તે સ્વપક્ષી જ હેતુ છે, પર એટલેબીજા ભાઇઓ બાઈઓને ઉપકાર કરી શકે નહિ, પરને ઉપકાર કરવામાં તો શ્રુતજ્ઞાન વચનયોગે પ્રવર્તાવી યોગ્ય જીવને, હઠ કદાગ્રહથી મુક્ત કરી તત્ત્વ અતત્ત્વનો ભેદ જણાવી, સરળતા મેળવી, અસંકિત કરી, અજ્ઞાનપણું નિવારી, સમ્યક્ સંવેગે સમ્યગજ્ઞાન, અને સમ્યગ્દર્શન સમકિત જે સમકિત પમાડે, એટલે થીભેદ કરવાથી શક્તિ પામવી, તેનો હેતુ થાય. એ ઉપકારની બરોબરીમાં, બીજા ઘણા ઉપકાર કરીએ, તે ન આવે, એ શક્તિ શ્રુતજ્ઞાનમાં વચનયોગે છે, માટે શ્રુતજ્ઞાન છે, તે સ્વપરઅપેક્ષી હેતુ છે, તે કારણે શ્રુતજ્ઞાન મુખ્ય છે, તે શ્રુતના ચૌદ ભેદો કહે છે, તેમાં પ્રથમ અક્ષરશ્રુતના ત્રણ ભેદ, સંજ્ઞાક્ષર, વ્યંજનાક્ષર, લબ્ધાક્ષર તેમાં સંજ્ઞાક્ષર, તે અઢાર પ્રકારની લિપી, અક્ષરના આકારે કરી છે, તે પ્રથમ ભેદ ૧ અકાર આદિ હકાર અક્ષર પર્યંતં બાવન અક્ષર મુખે ઉચ્ચારવા તે બીજો ભેદ વ્યંજનાક્ષર જાણવો, એ બન્ને ભેદો યદ્યપિ અપાનાત્મક છે, તથાપિ શ્રુતના કારણ હોવાથી, ઉપચારે કરી તેને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રુતજ્ઞાનની સંજ્ઞા આપી છે, ૨. શબ્દ શ્રવણ તથા રૂપ રસનાદિકથી અર્થપરિજ્ઞાનગર્ભિત જે અક્ષરની ઉપલબ્ધિ, તે લબ્ધ્યાક્ષર ત્રીજો ભેદ જાણવો.

૨. **અનક્ષરશ્રુત** તે શિરકંપન, હસ્તચાલન, પ્રમુખ સમસ્યાએ કરી ગમનાગમનાદિક મનના અભિપ્રાયનું, પરિજ્ઞાન એટલે જાણવાપણું તેને અનક્ષરશ્રુત કહીએ.

૩. **સંજ્ઞિશ્રુત** તે શ્રુતસંજ્ઞા, ત્રણ પ્રકારની છે, ૧ દીર્ઘકાલિકી ૨ હેતુવાદોપદેશિકી, ૩ દષ્ટિવાદોપદેશિકી, તેમાં અતીત, અનાગત એ ઘણા કાળનું ચિતવનું તે દીર્ઘકાલકિી સંજ્ઞા તે સંજ્ઞી પંચેંદ્રિયને છે અને જે ત્તાત્કાલિક ઈષ્ટ અનિષ્ટ વસ્તુ જાણીને, પ્રવૃત્તિ અને નિવૃત્તિ તે હેતુવાદો પદેશિકી સંજ્ઞા, વિકલેંદ્રિય અસંજ્ઞિને છે, અને ક્ષાયોપશમિક જ્ઞાને કરી સમ્યગ્દ્રષ્ટિને દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કહી છે, એ પ્રમાણે સંજ્ઞી શ્રુત કહ્યું.

૪. **અસંજ્ઞિશ્રુત,** તે ઈંદ્રિયોના પ્રયોગે કરી, બોધ પામે તેને અસંજ્ઞિશ્રુત કહીએ.

૫. **સમકિતશ્રુત** અનેક કારણથી બોધ પામી, આત્મસ્વરૂપનો જાણ થઈ, ગ્રંથીભેદ કરેતેને સમકિતશ્રુત કહીએ.

૬. **મિથ્યાશ્રુત,** તે અનેક વસ્તુને જાણે-પણ આત્માને ન જાણે, ન ઓળખે, તેને મિથ્યાત્વશ્રુત કહીએ.

૭ **સાદિશ્રુત,** તે પાંચ ભરત અને પાંચ ઐરવત, એ દસ ક્ષેત્રોમાં અવસર્પિણી, ઉત્સર્પિણીકાળે, જૈન તીર્થે, સૂત્ર સિદ્ધાંત પ્રવર્તે એટલે પ્રથમ તીર્થંકરને કેવલજ્ઞાનાદિ ક્ષાયિક ભાવની લબ્ધિ પ્રાપ્ત થાય, દેવદેવેંદ્ર મળી સમવસરણની રચના કરે, તીર્થંકરમહારાજા દેશના આપી. ભવ્ય જીવોને બોધબીજ પમાડી, ગણધરાદિ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે, ગણધર દેવ, દ્વાદશાંગી સિદ્ધાંત રચે, ત્યાં શ્રુતજ્ઞાનની આદિ કહીએ તે સાદિશ્રુતભેદ.

૮. **સપર્યવસિત શ્રુત,** તે એ તીર્થં જિનેંદ્ર દેવનું, પાટપરંપરગાત ચાલતાં વિચ્છેદ પામે, ત્યાં તે અવસરે તે કાળે, સૂત્ર સિદ્ધાંતનો અંત આવે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલે નાશ થાય, તે સપર્યવસિત શ્રુત કહીએ.

૯ **અનાદિ શ્રુત,** તે પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં, અનાદિ સંબંધે, અવિચ્છેદપણે સદાસર્વદા જૈન તીર્થ પ્રવર્તે છે તે અનાદિશ્રુત કહીએ.

૧૦ **અપર્યવસિત શ્રુત,** તે કોઈ કાળે જૈન તીર્થનો, તથા દ્વાદશાંગી સૂત્ર સિદ્ધાંતનો અંત થયો નથી, થવાનો નથી, આંતરો પડવાનો નથી, તે અપર્યવસિતશ્રુત કહીએ.

૧૧ **ગમિકશ્રુત** સરખા આલાવા, પાઠોરચ્યા છે, દૃષ્ટિવાદાદિક સૂત્રો સિદ્ધાંતો જેને વિષે તે ગમિકશ્રુતકહીએ.

૧૨. **અગમિકશ્રુત,** તે કાલિક સૂત્રના પેઠે, સરખા આળાવા પાઠો ન હોય તે સૂત્રને અગમિક શ્રુત કહીએ.

૧૩. **અંગપ્રવિષ્ટ શ્રુત,** તે આચારાંગાદિકથી, દૃષ્ટિવાદ પર્યંત સૂત્રોને, અંગપ્રવિષ્ટશ્રુત કહીએ.

૧૪. **અનંગપ્રવિષ્ઠ** એટલે અંગબાહ્ય શ્રુત, તે બાર ઉપાંગાદિક છેદસૂત્રો, પર્યન્ના, મૂળ, નંદી, અનુયોગ આદિ સૂત્ર સિદ્ધાંતોને, તથા ગ્રંથ પ્રકરણાદિક સર્વેને અંગબાહ્ય શ્રુત કહીએ.

અવધિજ્ઞાનના અસંખ્ય ભેદ છે, અને સંક્ષેપે છ ભેદ કહેલ છે, તે નીચે પ્રમાણે –

૧ **અનુગામી** - જેને જે સ્થાને અવધિજ્ઞાન ઉપજ્યુ છે તે સ્થાનેથી બીજા દેશદેશાંતર જ્યાં જાય ત્યાં પોતાના ચર્મચક્ષુના પેઠે જાણે દેખે તે અનુગામી અવધિજ્ઞાન કહીએ.

૨ **અનનુગામી**-જે ક્ષેત્રને વિષે અવધિજ્ઞાન ઉત્પન્ન થયેલ હોય તે સ્થાને જ પોતાના ક્ષય ઉપશમપૂર્વક, ક્ષેત્રની મર્યાદાપૂર્વક જાણે અને દેખે, એ ક્ષેત્રને છોડી આગળ જાય તો ન દેખે, પાછા ઉત્પત્તિસ્થાને આવે ત્યારે જાણે દેખે, એજ્ઞાન ક્ષેત્રઆશ્રી,પ્રત્યેક ક્ષયોપશમના લીધે ઘરના દીપકની પેઠે ઉત્પત્તિસ્થાનકે જ પ્રકાશ કરે, બીજે ન કરે, તે અનનુગામિક.

૩ **હીયમાન**-તે ક્ષયોપશમની વિશુદ્ધિયોગે, અવધિજ્ઞાન ઉત્પન્ન થાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે તે ક્ષય, ઉપશમ બાહ્ય ભાવ, બાહ્યરમણજોગે, અળોટતો થકો, હાનિ પામે તે કારણેજ્ઞાન પણ હાનિ પામે, તેને હીયમાન-ક્ષીણ થતું અવધિજ્ઞાન કહીએ.

૪ **વર્ધમાન**-તે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું ત્યારથી વૃદ્ધિ પામે છે, જેમ અગ્નિમાં ઇંધન નાખવાથી વૃદ્ધિ પામે છે તે જ દૃષ્ટાંતે રમણતાના યોગે, ક્ષયોપશમ વૃદ્ધિ પામવાથી જ્ઞાન પણ વૃદ્ધિ પામે છે.

૫ **લોકાવધિ જ્ઞાન.**- સમગ્ર ચૌદ રાજલોકને દેખે તે લોકાવધિ.

૬ **પરમાવધિ**-અપ્રતિપાતિ, તે ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન ઉપજે તે પરમાવધિ કહેવાય. તે જ્ઞાન વડે સમગ્ર લોકને અલોકમાં લોકપ્રમાણ, અસંખ્યાતા ખંડકલ્પ્યા પ્રમાણે જાણે દેખે, એટલી સત્તામર્યાદા પરમાવધિની છે, પરંતુ એ જ્ઞાન પામેલા બહુધા તે ઉપયોગ કરતા નથી, કારણ કે શ્રેણિગતે, આઠમા ગુણઠાણાથી જ, અવધિ મનઃ પર્યવનો ઉપયોગ નથી, અને એક અંતર્મુહૂર્તમાં તો કેવળજ્ઞાન પ્રગટ કરવું છે. તે કેવળજ્ઞાન તો તદ્‌ગત ભાવમાં પરિણામ પામતા, એકત્વ શુદ્ધ સ્વરૂપ અનુભવતાં પ્રગટે છે, માટે ઉપયોગ તો ન કરે પણ સાતમા અપ્રમત્ત ગુણઠાણે ઉપજે, તે આઠમે જઇ ક્ષપકશ્રેણિ માંડી, શુકલધ્યાનજોગે ઘાતી કર્મ હણી, કેવલજ્ઞાન પામે એમ સંભવે છે, એ અવધિજ્ઞાનના છ ભેદ કહ્યા.

એ અવધિજ્ઞાનને અવધિદર્શનની નિશ્રા છે, તેથી જ્ઞાને કરી જાણે અને દર્શને કરી દેખે, વળી ઇંદ્રનોઇંદ્રિયાદિકની અપેક્ષા વિના પ્રત્યક્ષ પ્રમાણે સ્પષ્ટ, ઉત્કૃષ્ટ ભાગે અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણી પર્યંત અતીત અનાગત કાળને દેખે છે.

મનઃ પર્યવજ્ઞાન, એક મનુષ્ય ભવમાં જ સંયતિ પદે, સાતમા અપ્રમત્ત ગુણઠાણે ઉપજે છે, તે પરભવે સાથે પણ જતુંનથી. તેના બે ભેદ છે - (૧) ઋજુમતિ, અને (૨) વિપુલમતિ. ઋજુમતિ તે તિરચ્છુ મનુષ્યક્ષેત્રમાં અઢીદ્વીપ લાગે, અને ઊર્ધ્વ જ્યોતિષી પર્યંત અધોરત્નપ્રભા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રથમ નરકના ક્ષુલ્લક પ્રતર લગે, એમ ઊંચેનીચે અઢારસો યોજનમાં રહેલા, સંજ્ઞી પંચેંદ્રિય જીવ, તેના મનોગત ચિંતવેલા ભાવને જાણે અને વિપુલમતિ, અઢી અંગુળ ક્ષેત્ર અધિક, પરંતુ વિશુદ્ધપણે વિસ્તારથી જાણે છે. ઉત્કૃષ્ટ ભાંગે એક પલ્યોપમનો અસંખ્યતામો ભાગ, અતીત અનાગત કાળને જાણે દેખે છે, એ મનઃપર્યવજ્ઞાનના બે ભેદ કહ્યા એટલે ક્ષય ઉપશમભાવે, ત્રણજ્ઞાન ને ચાર જ્ઞાન કહ્યા. તે જ્ઞાનમાં મતિના અઠાવીશ, શ્રુતના ચૌદ, અવધિના છ અને મનઃપર્યવના બે મળી ચાર જ્ઞાનના પચાસ ભેદ કહ્યા. તેમાં જે જ્ઞાન છે તે વિશુદ્ધિપણે યથાર્થ જાણે છે, અને જે અજ્ઞાન છે તે મલિન છે, તેથી વિપર્યાસપણે, અવળા નેસવાળું, અને સવળાને અવળું, એમ બહુધાથી વિપરીત જાણે છે તે અજ્ઞાની પણ ક્ષયોપશમની અધિકતા પામતાં, જાતિસ્મરણ. મતિજ્ઞાનનો ભેદ છે તે પામે છે. તે જ્ઞાનની સત્તા ઉત્કૃષ્ટ ભાગે, અતીત કાળે ગયા કાળના સંજ્ઞી પંચેંદ્રિયના સંખ્યાતા ભવ પોતાના જાણે છે, પરંતુ અવધિદર્શનના અભાવે દેખે નહિ, એ ક્ષયોપશમભાવ જ્ઞાન અજ્ઞાનના ભેદ સમુદાયે કહ્યા, પરંતુ સર્વજીવને પ્રથમ અજ્ઞાન મિથ્યાત્વ હોય છે, તેનો નાશ થતાં ગ્રંથીભેદપૂર્વક ચોથું ગુણ ઠાણું પામ્યે સમકિત કહીએ ત્યાં જ્ઞાન કહીએ, તે જ્ઞાનપ્રાપ્તિનો હેતુ મતિશ્રુત અજ્ઞાનનો ક્ષય, ઉપશમ, જાતિસ્મરણ આદિ છે, વિભંગ નથી, એ કારણથી અધિકતા પામતા મતિશ્રુત આદિ જ્ઞાન પામીએ પરંતુ કેવળજ્ઞાન પામવું તેનો હેતુકોણ છે ? તો મતિ શ્રુત જ્ઞાન છે, અવધિ મનઃપર્યવ નથી, કારણ કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ શ્રેણિગતે શુકલધ્યાન ધ્યાતા થાય છે, અને ત્યાં અવધિમનઃ- પર્યવ જ્ઞાનનો ઉપયોગ કરતાં, શ્રેણિ વા શુકલધ્યાન નજીક પણ આવતું નથી, પૂઠ કરે છે, માટે કેવળજ્ઞાન પ્રગટ કરવાનું કારણ તો મતિશ્રુત જ્ઞાન છે, તે મતિશ્રુતજ્ઞાનના ક્ષય ઉપશમ સમુદાયે બે ભેદ એક પ્રતિપાતિ અને બીજો અપ્રતિપાતિ, પ્રતિપાતિ તે જ્ઞાનજોગ વૃદ્ધિ પામેલો આવરણ, ઉદયાગત પ્રાપ્ત થશે છતે, હણાઇ જાય અને જડતા વૃદ્ધિ પામે તે ક્ષયોપશમને પ્રતિપાતિ કહીએ. હવે અપ્રતિપાતિ તે ક્ષયોપશમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાનયોગમાં, જ્ઞાનાવરણી પ્રકૃતિનો ક્ષય ઉપશમ થયેલો છે, એટલે આત્માના અસંખ્યાતા પ્રદેશ છે, તેમાં જે જે આત્મપ્રદેશથી આવરણ ઉદયાગત વિપાકે પ્રાપ્ત થયાં તેને ક્ષયોપશમ બળે ખેરવ્યા, નિર્જર્યૂ ને જે જે આત્મપ્રદેશથી ઉદયાગત આવરણ પ્રાપ્ત ન થયાં તેને ઉપશમાવ્યા (બાળ્યા), તેનું જ નામ ક્ષયઉપશમ છે, ત્યાં સત્તાએ રહેલા આવરણ, ક્ષપકશ્રેણિગતે ભેદજ્ઞાનની, અનંતશક્તિ, આઠમા અપૂર્વગુણઠાણે પામતાં આત્માના સર્વ પ્રદેશોથી ઘાતીકર્મનાં આવરણ ચલાયમાન કરી મૂકયા છે, તે ઉદયાગત પ્રાપ્ત થઈને સામા આવે, તેને પોતાના જ્ઞાનજોગને, અબાધાપૂર્વક પોતે હણે છે, નિર્જરે છે, એમ કરતાં કરતાં, આત્માના અસંખ્ય પ્રદેશે રહેલા ઘાતી કર્મના આવરણ પ્રકૃતિદળ છેવટે ખૂટે છે. એટલે આત્માના અસંખ્ય પ્રદેશ ઘાતી કર્મરહિત થાય (નિરાવરણ થાય) ત્યાં કેવળજ્ઞાન પ્રગટે, તે કેવળજ્ઞાને દ્રવ્યથી, અરૂપીને રૂપી, ક્ષેત્રથી, લોકને અલોક, કાળથી અતીત, અનાગત, વર્તમાન, ભાવથી ઉત્પત્તિ વિનાશને ધ્રુવપણે સમસ્ત પદાર્થને કેવળ ઉપજે, તે જ સમયે જાણે, તેને કેવળજ્ઞાન કહીએ, દેખે, તેને કેવળદર્શન કહીએ, તે કેવળજ્ઞાન, કેવળદર્શનની પ્રાપ્તિનો હેતુ, ક્ષય ઉપસમભાવનો, અપ્રતિપાતિ, મતિ, શ્રુતજ્ઞાન જોગ ઉપર કહ્યો છે તે અપ્રતિપાતિ જ્ઞાનજોગને, ચર્મશરીરી એટલે છેલ્લે ભવે, સર્વે જીવો પામે છે, એ જ્ઞાનજોગ સમુદાયે પાંચ ભેદે પરિપૂર્ણ કહ્યો છે, પરંતુ નિશ્રાવિના પરિપૂર્ણ થાય નહિ, તે જ્ઞાનજોગને, સમકિતની ચારિત્રની અને દાનાદિક પાંચ લબ્ધિની નિશ્રા છે, તે આત્મિક જાણવી.

## ઉપદેશ એકસો બાવીસમો

### ૩૬૩ પાખંડીયો

૧૮૦ ભેદ ક્રિયાવાદીઓના છે.

તેઓ આત્માની સાથે સમવાય સંબંધે રહેલી ક્રિયાને જ માનવાવાળા હોય છે. તેઓ આત્માને માને છે, પરંતુ સમવાય સંબંધવાળું જ્ઞાન દર્શન માનતા નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવાજીવાદિ નવ પદાર્થો છે, તેને સ્વપર બે ભેદોથી ગુણવાથી ૩૬ થાય, તેને પાંચ સમવાયે ગુણવાથી ૧૮૦ થાય છે.

સ્વ પોતાના આત્માથી જ સિદ્ધિ માનનારા, પર તે પરના આત્માથી જ પોતાની સિદ્ધિ માનનારા, સ્વ નિત્ય, સ્વ અનિત્ય, પર નિત્ય પર અનિત્ય.

### ૮૪ ભેદો અક્રિયાવાદીયોના છે.

તેઓ પુન્ય પાપવર્જિત સાત તત્ત્વો માને છે, સ્વપર એ બે ભેદોથી ગુણવાથી ૧૪ થાય છે, તેને પાંચ સમવાયથી, તથા છઠ્ઠા યદચ્છ ભેદથી ગુણવાથી ૮૪ ભેદો થાય છે. તેઓ વસ્તુનું ઉત્પત્તિ, અનંતર વિનાશીપણું માનનારા ક્ષણિકવાદી હોય છે.

### ૬૭ ભેદો અજ્ઞાનીયોના છે.

તેઓ અજ્ઞાનદશાથી હઠ કદાગ્રહવાળા હોય છે, તેથી જ્ઞાનને અજ્ઞાનપણે માને છે, જીવાદિક નવતત્ત્વનો ૧ સત્વ, ૨ અસત્ત્વ, ૩ સદ્અસત્ત્વ, ૪ અવાચ્યત્વ, ૫ સદ્અવાચ્યત્વ ૬-૭ સદ્અસદ્અવાચ્યત્વ, નવને સાતે ગુણવાથી ૬૩ ભેદો થાય છે, તેને ૧ સતી, ૨ અસતી, ૩ સદ્અસતી, ૪ અવક્તવ્યતા ભાવોની ઉત્પત્તિ એ ચારે મેળવાથી, તે સત્મા ચાર ભેળવવાથી ૬૭ ભેદો થાય છે.

નૈયાયિકોના ૩૨ ભેદો થાય છે.

તેઓ આચાર લિંગ શાસ્ત્રોને ધારણ કરવાવાળા હોતા નથી, ફક્ત વિનય પ્રતિપત્તિ લક્ષણ યુક્ત હોય છે.

દેવ, રાજા, યતિ, જ્ઞાતિ, સ્થવિર, અધમ,માતા, પિતા આઠ થાય તે આઠને મન વચન કાયા દાન-એ ચારથી ગુણવાથી ૩૨ ભેદો થાય છે.

તેઓ જિનવચન રહિત મિથ્યાદષ્ટિ વ્યાસ, વાલ્મિકી, આદિના શાસ્ત્રોથી, મૂળજ્ઞાનહીન રહી, દંભાદિકને સેવન કરીને પોતાના મતને સ્થાપન કરીને બીજા જીવોને પોતાની ભંગજાળને વિષે ફસાવનારા હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉપદેશ એકસો તેવીસમો

## ગોત્ર વિચાર

શ્રી મહાવીર સ્વામી મહારાજાથી ૭૦ વર્ષ પછી અને શ્રી પાર્શ્વનાથજી મહારાજની છઠ્ઠી પાટે શ્રી રત્નપ્રભસૂરિએ જ્યારે મારવાડના શ્રીમાલનગરની (હાલમાં તે નગરને ભિન્નમાલ કહે છે) તે નગરમાં કોઈ કારણથી ભીમસેન રાજાનો પુત્ર પુંજ, તેનો પુત્ર ઉત્પલકુમાર, તેનો મંત્રી આહેડ, એ બન્ને જણાએ મલી ૧૮ હજાર કુટુંબ સહિત નીકળી, જે જગ્યાએ હાલમાં જોધપુર છે તે જગ્યાથી ૨૦ કોશ દૂર લગભગ ઉપકેશ પટ્ટન નામનું નગર વસાવ્યું. તે નગરમાં સવાલાખ લોકોને શ્રી રત્નપ્રભસૂરિએ શ્રાવક ધર્મમાં સ્થાપ્યા, તે સમયેતેના ૧૮ ગોત્રોને નીચે મુજબ સ્થાપેલા છે.

૧ તાહડ ગોત્ર૨ બાફણા ગોત્ર ૩ કર્ણાટ ગોત્ર ૪ વલહરા ગોત્ર ૫ મોરાક્ષ ગોત્ર ૬ કુલહટ ગોત્ર ૭ વિરહટ ગોત્ર ૮ શ્રીશ્રીમાલ ગોત્ર ૯ શ્રેષ્ઠિ ગોત્ર ૧૦ સુચીંતી ગોત્ર ૧૧ આઈચણાગ ગોત્ર ૧૨ ભૂરિ ગોત્ર ૧૩ ભાદ્ર ગોત્ર ૧૪ ચીચટ ગોત્ર ૧૫ કુંભટ ગોત્ર ૧૬ ડીંડુ ગોત્ર ૧૭ કનોજ ગોત્ર ૧૮ લઘુશ્રેણી ગોત્ર

આ અઢારે ગોત્રવાળા, અરસપરસ વિવાહાદિક કર્મને કરતા હતા, ખાનપાન કરતા હતા, તેમાં કેટલાયેક વાણીયા હતા તથા કેટલાયેક બ્રાહ્મણો હતા. તેમજ કેટલાયેક રજપુતો હતા એવી રીતે પોરવાડ ઓસવાલ વંશાદિક સ્થાપન કરી ગયેલ છે.

## જૈનો બનાવ્યા

૧ હરિભદ્રસૂરિજીયે મેવાડ દેશમાં, પોરવાડ વંશ સ્થાપન કરેલ છે. તેમનો સ્વર્ગવાસ વિક્રમ સંવત ૫૮૫માં ગ્રંથોને વિષે લખેલો છે.

૨. જિનેસેનાચાર્યજીએ જયપુર પાસે ખંડેવાલ ગામમાં વીર થકી ૬૪૩ વર્ષે ૮૨ ગામો રજપુતોના તથા બે ગામ સોનીના, કુલ ૮૪ ગામોને જૈન કર્યા હતા. અને બધા ખંડેવાલ વાણીયા જયપુરાદિક દેશોમાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સરાવગીકહેવાય છે ને તે નામે ઓળખાય છે.

૩ શ્રી લોહાચાર્યજીએ હંસારથી દસ કોશ દૂર આવેલ ફેસલા પર અગ્રોહા નામના નગરના, ઉજ્જડ ટેકરાઓ મોટા મોટા છે, તેમા લગભગ વિક્રમ સંવત ૨૧૭માં રાજા અગ્રના પુત્રોને, તથા નગરના હજારો લોકોને જૈનો બનાવ્યા છે, નગર ઉજ્જડ થવાથી તથા પાછળથી રાજભ્રષ્ટ હોવાથી, અને વ્યાપાર વણિજ કરવાથી અગ્રવાલ વાણીયા કહેવાયા. આવી રીતે જૈન ધર્મને પાળનારી જાતિયો, મહાવીરસ્વામી મહારાજાના નિર્વાણથી ૭૦ વર્ષ પછી વિક્રમ સંવત ૧૫૭૫ની સાલ સુધીમાં, આચાર્ય મહારાજાઓં, જૈન જાતિયોને બનાવેલી છે, કારણ કે પ્રથમ ચારે જાતિવાલા જૈનધર્મને પાળવાવાળા હતા.

## ઉપદેશ એકસો ચોવીસમો

### વિનયનું સ્વરૂપ

### ચાર પ્રકારનો વિનય

૧ આચાર વિનય, ૩ વિક્ષેપણ વિનય,

૨ શ્રુતવિનય, ૪ દોષ પરિઘાત વિનય,

૧ વૃતિયોના અસમાચારને દૂર કરે, તે આચાર વિનય કહેવાય.

### આચાર વિનય ચાર પ્રકારે

૧ સંયમ સમાચારી ૩ ગણ સમાચારી,

૨ તપ સમાચારી, ૪ એકાકી વિહાર સમાચારી,

૧ તેમાં સંયમને પોતે આચરે અને પરને ગ્રહણ કરાવે, સંયમમાં સીદાતાને સ્થિર કરે, સંયમમાં ઉદ્યમવંતની ઉપર ઉપબૃહણા કરે તે સંયમ સમાચારી.

૨ પાક્ષિકાદિકને વિષે પોતે તપ કરે અને બીજાનેકરાવે, ગોચરી પોતે જાય અને બીજાને પ્રેરે, તે તપ સમાચારી કહેવાય છે.

૩ પડિલેહણમાં, બાળ વૃદ્ધ ગ્લાનાદિકની વૈયાવચ્ચમાં, પોતે યુક્ત થઇ, બીજાને તથા ગણને પ્રેરણા કરે અને તેમ કરવામાં ઉદ્યમ કરે તે ગણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમાચારી કહેવાય છે.

૪ એકાકી વિહારપણું પોતે અંગીકાર કરે અને બીજાને કરાવે તે એકાકી વિહાર સમચારી કહેવાય છે.

## શ્રુત વિનય ૪ પ્રકારે

૧ મિથ્યાદ્રષ્ટિને મિથ્યાત્વ માર્ગનો ત્યાગ કરાવી, સમ્યકત્વ માર્ગ ગ્રહણ કરાવે.

૨ સમ્યક્ત્વ દ્રષ્ટિવાળા જીવોને, ગૃહસ્થ ભાવનો ત્યાગ કરાવી દીક્ષા અપાવે.

૩ સમ્યક્ત્વથકી તથા ચારિત્રથકી ભ્રષ્ટ થયેલને, ફરીથી મૂળની સ્થિતિએ પહોંચાડે,

૪ પોતે ચારીત્ર ધર્મની વૃદ્ધિની ઇચ્છાથી, અનેષણીય ત્યાગ કરે, અને એષણીયને અંગીકાર કરે.

## દોષ પરિઘાત વિનય ૪ પ્રકારે

૧ ક્રોધ કરેલને દેશના આપી શાન્ત કરે.

૨ કષાય વિષયી દુષ્ટને, તેનાથી નિવર્તમાન કરે.

૩ આહાર પાણી સંબંધી, પરસમય સંબંધીની આકાંક્ષાને દુર કરે.

૪ પોતે ક્રોધાદિક દોષોના આકાંક્ષારહીત થઇ, સારકાર્ય અનુષ્ઠાન કરે, અને બીજાને કરાવે.

## ૫ પ્રકારના વિનયો

૧ જ્ઞાન વિનય. ૨ દર્શન વિનય. ૩ ચારિત્ર વિનય, ૪ તપ વિનય. ૫ ઔપચારીક વિનય.

૧ પ્રભુજીએ દ્રવ્યાદિક જે પ્રમાણે કહેલા છે,તેની શ્રદ્ધા કરવી, તે દર્શન વિનય કહેવાયછે.

૨ તેમનું જ્ઞાન મેળવવાથી જ્ઞાન વિનય કહેવાય છે.

૩ ક્રિયા કરવી તે ચારિત્ર વિનય કહેવાય છે.

૪ સમ્યક પ્રકારે તપ કરવો, તે તપ વિનય કહેવાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫ ઔપચારિક વિનય ૨ પ્રકારનો છે,

૧ પ્રતીરૂપ યોગ પૂજનરૂપ, ૨ અશાતના વિનય.

## પ્રતીરૂપ વિનય ૩ પ્રકારે

૧ માનસિક ૨ વાચિક ૩ કાયિક

તેમાં માનસિક વિનય ૨ પ્રકારનો વાચિક વિનય ૪ પ્રકારનો, અને કાયિક વિનય ૮ પ્રકારનો છે.

## માનસિક વિનયના ૨ પ્રકાર.

૧ અકુશલ મનનો નિરોધ કરવો, એટલે બુરૂં ચિંતવવું નહિ.

૨ કુશળમનની ઉદીરણા કરવી, એટલે સારૂં ચિંતવવું.

આ રીતે પ્રતિપત્તિ રૂપ ત્રણ પ્રકારેનો પણ વિનય કહેલો છે.

## વાચિક વિનય ૪ પ્રકાર

૧ હિતકારી બોલવું, બીજા જીવોનું હિત થાય તેવું બોલવું.

૨ ખપપૂરતું જ બોલવું, નકામું આડુંઅવળું બોલવું નહિ

૩ મધુર બોલવું, સામાને પ્રિય લાગે તેવું બોલવું, કડવી ભાષા ન બોલવી.

૪ લોકોને અનુસરતું બોલવું.

## કાયિક વિનય ૮ પ્રકારનો

૧ ગુણીજન આવ્યે ઊભા થઈ, તેના સામું જવું તે અભ્યુત્થાનવિનય.

૨ તેના સામે બે હાથ જોડી ઉભા રહેવું તે અંજલીબદ્ધ વિનય.

૩. તેમને આસન આપવું તે આસનપ્રદાન વિનય.

૪. તેમની ચીજ વસ્તુ લઈને ઠેકાણે મૂકવી તે અભિગ્રહ વિનય.

૫. તેમને વંદન કરવું તે કૃતિકર્મ વિનય.

૬. તેમની આજ્ઞા સાંભળવા તૈયાર રહેવુ તે શુશ્રૂષા વિનય

૭. તેમની પાછળ જવું તે અનુગમન વિનય.

૮ તેમની પગચંપી કરવી તે સંસાધન વિનય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**હવે તેમાં કૃતવ્રત ૪ પ્રકારે.**

૧ સાંભળવું, ૨ જાણવું, ૩ લેવું, ૪ પાળવું.

૧ કોઈક ઠગારો હોય અને વંદન કરે, ત્યારે આ વિનયપૂર્વક ઉઠીને સામો જાય, અને જાણવા માટે સાંભળે, પણ શાસ્ત્રના બનાવનારના ઉપર બહુમાન ન હોય, કારણ કે ભારેકર્મી હોવાથી આગમ તથા સૂત્રના બનાવનાર મહાઉપકારી છતાં પણ બહુમાન ધરે નહિ.

૨ બહુમાન કરતો હોય, પરંતુ વિનય વિગેરે કરી શકે તેવી શક્તિ ન હોવાથી માંદગીવાળો હોવાથી વિનય કરી શકે નહિ.

૩ જે કલ્યાણના સમૂહને જલ્દી પામનારો હોય,તે સુદર્શન શેઠની માફક વિનય બહુમાનપૂર્વક સાંભળે.

૪ અતિભારેકર્મી હોવાથી સંસારમાં બહુ પરિભ્રમણના કારણથી વિનયબહુમાન રહિત થઈને સાંભળે છે, એવા જીવોને આગમ પ્રમાણે ચાલનારાઓએ કાંઈ પણ ઉપદેશ દેવો નહિ.

## ઉપદેશ એકસો પચીસમો

### દુષ્કાળ પછી વિચ્છેદ શું ?

મહાવીરસ્વામીના નિર્વાણ પછી ૧૧૭૩ વર્ષે બાર વર્ષના દુષ્કાળ પછી નીચેની વસ્તુઓ વિચ્છેદ પામેલ છે.

૧. કલ્પવૃક્ષની હાનિ.

૨. ચિંતામણિ રત્નની હાનિ.

૩. વિષાપહાર મણિની હાનિ.

૪ ઉદ્યોતકારી મણિની હાનિ.

૫. સુપરાક્રમી મણિની હાનિ.

૬. કામકુંભની હાનિ.

૭.કામધેનુની હાનિ.

૮. સંરોહિણીની ઔષધિની હાનિ.

૯. અદ્રશ્યકારી અંજનની હાનિ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૦. ગર્દભીવિદ્યાની હાનિ.
૧૧. પરકાયપ્રવેશવિદ્યાની હાનિ.
૧૨. ગરૂડ પક્ષીની હાનિ.
૧૩ રાજહંસ પક્ષીની હાનિ.
૧૪. ભારંડ પક્ષીની હાનિ.
૧૫. તાલોદ્‌ઘાટિની વિદ્યાની હાનિ.
૧૬. અવસ્વાપિની વિદ્યાની હાનિ.
૧૭. અષ્ટાંગ નિમિત્તની હાનિ.
૧૮.શુદ્ધ સ્વપ્નપાઠકની હાનિ.
૧૯. વક્ર શિક્ષિત ઘોડાની હાનિ.
૨૦. સહસ્રયોધીસુભટની હાનિ.
૨૧. કેસરીસિંહની હાનિ.
૨૨. પંચવર્ણ સુવર્ણની હાનિ.
૨૩. પંચવર્ણ સુગંધિક મલની હાનિ.
૨૪. ઐરાવણ હસ્તિની હાનિ.
૨૫. અષ્ટાપદ ચોપદની હાનિ.
૨૬. દૃષ્ટિવિષ સર્પની હાનિ.
૨૭. સ્ત્રીને સિંહાદિક સ્વપ્નની હાનિ.
૨૮. વિદ્યાધરને ગગનગમનની હાનિ.
૨૯. તાપસને સિદ્ધતપસ્યાની હાનિ.
૩૦.સતી સ્ત્રીની હાનિ.
૩૧. તપને પારણે સોનૈયાની વૃષ્ટિની હાનિ.
૩૨. બ્રહ્મચારીના સત્વની હાનિ, અગ્નિ જળ ન થાય.
૩૩. સાક્ષાત્ દેવદર્શનની હાનિ.
૩૪. અગંધન કુળના સર્પની હાનિ.
૩૫. કૃત્રિકાપણ (દેવ દુકાનની) હાનિ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩૬. કોટીધ્વજો કોટયાધિપતિની હાનિ
૩૭. અર્ધચંદ્ર બાણની હાનિ.
૩૮. અગંધન કુર્કુટ સર્પની હાનિ
૩૯. એકલવિહારી સાધુની હાનિ.
૪૦. સંમૂર્ચ્છિમ અશ્વ ગજની હાનિ.
૪૧. કાષ્ટમાં પક્ષકારક કીલિકાની હાનિ.
૪૨. સુવર્ણપુરુષની હાનિ.
૪૩. રસકુંપિકાની હાનિ.
૪૪. રસસિદ્ધિકારક ઔષધિની હાનિ.
૪૫. બોંતેર કલા શિખવાની હાનિ.
૪૬. રૂપ પલવટાવાની વિદ્યાની હાનિ.
૪૭. સ્વયંવર મંડપની હાનિ
૪૮. રાજાને હજાર રાણીની હાનિ.
૪૯. પદ્મિની સ્ત્રીની હાનિ.
૫૦. પ્રાય સાધુને અંતેઉરમાં પ્રવેશ કરવાની હાનિ.
૫૧. સાધુને વનવાસ વસવાની હાનિ.
૫૨. ઉત્તમ સાચા સ્વપ્નની હાનિ.
૫૩. તપસ્વીને લબ્ધિની હાનિ.
૫૪. કિંપાક વૃક્ષની હાનિ.
૫૫.રાક્ષસી મનુષ્યની હાનિ.
૫૬. મોતીચૂગા હંસની હાનિ.
૫૭. સોના રૂપાના કોટની હાનિ.
૫૮. નાગદમની ઔષધિની હાનિ.
૫૯. ચિત્રાવેલીની હાનિ.
૬૦. ચંદ્રકાંત મણિની હાનિ.
૬૧. સૂર્યકાંત મણિની હાનિ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬૨. ગોશીર્ષ બાવનાચંદનની હાનિ.

૬૩. ઉત્તમોત્તમ સુવર્ણની હાનિ.

૬૪. શીતલ છાયાવાળા વૃક્ષની હાનિ.

૬૫. સારા સાર્થવાહની હાનિ.

ઈતિ છૂટકપત્રે.

## ઉપદેશ એકસો છવીસમો

### કોટીશિલા સ્વરૂપ

ઉત્સેધાંગુલનિષ્પન્ન (૩ ઉત્સેધ આંગુલે એક મધ્યજવ થાય છે, અને ૭ મધ્યજવલે પા હાથ છે) એક યોજન લાંબી, એક યોજનપહોળી, એક યોજન ઊંચી, કોટીશિલા નામની શિલા છે, તે શિલા ભરતક્ષેત્રે મધ્યખંડે મગધદેશે દશાર્ણ પર્વત સમીપે, કોટીશિલાના નામથી પ્રસિદ્ધ થઈ રહેલી છે.

તે કોટીશિલા ઉપર શ્રી શાંતિનાથ મહારાજાદિ ૭ તીર્થંકરોના, અનેક કોટી મુનિવરો મુક્તિમાં ગએલા છે. તે નીચે પ્રમાણે છે -

૧ શાંતિનાથ મહારાજના ચક્રાયુધ નામના પ્રથમ ગણધર અનેક સાધુગણના પરિવાર સાથે સિદ્ધિપદને પામેલા છે. ત્યાર બાદ ૩૨ પાટપરંપરા સુધી સંખ્યાતી કોટીઓ મુનિવરો, તે કોટીશિલાના ઉપર મોક્ષે ગયેલા છે.

૨ શ્રી કુંથુનાથ મહારાજાના તીર્થ સંબંધી, ૨૮ પાટપરંપરા સુધી, સંખ્યાતા કોટી મુનિવરો તે કોટીશિલા ઉપર મોક્ષે ગયેલા છે.

૩. શ્રી અરનાથ મહારાજના તીર્થ સંબંધી, ૨૪ પાટ પરંપરા સુધી ૧૨ કોટી મુનિવરો તે કોટીશિલા પર મુક્તિ ગયેલા છે.

૪ શ્રી મલ્લિનાથ મહારાજના તીર્થ સંબંધી, ૨૦ પાટપરંપરા સુધી ૬ કોટી મુનિવરો તે કોટીશિલા પર મોક્ષે ગયેલા છે.

૫ શ્રી મુનિસુવ્રતસ્વામી મહારાજના તીર્થ સંબંધી, ૩ કોટી મુનિવરો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે કોટીશિલા પર મુક્તિ ગયેલા છે.

૬ શ્રી નમિનાથ મહારાજના તીર્થ સંબંધી, ૧ કોટી મુનિવરો તે શિલા પર મુક્તિ ગયેલા છે.

બીજા પણ ઘણા મુનિવર્યો તે શિલાના ઉપર મોક્ષે જવાથી તેનું નામકોટીશિલા પડ્યું છે.

તે શિલાને આ હુંડાસર્પિણી કાળમાં, ઉત્પન્ન થયેલા નવ વાસુદેવે અનુક્રમે ઉપાડેલી હતી.

૧ ત્રિપૃષ્ટ વાસુદેવે તે શિલાને ડાબે હાથે ઉપાડી મસ્તકના ઉપર છત્રના પેઠે ધારણ કરી હતી.

૨ દ્વિપૃષ્ટ વાસુદેવે, તે જ પ્રમાણે મસ્તક સુધી ઉપાડી હતી.

૩ સ્વયંભૂ વાસુદેવે, ડોક સુધી ઊંચી કરી હતી.

૪ પુરુષોત્તમ વાસુદેવે, છાતી સુધી ઊંચી કરી હતી.

૫ પુરુષસિંહ વાસુદેવે, પેટ સુધી ઊંચી કરી હતી.

૬ પુરુષવર પુંડરીકે, કમ્મર સુધી ઊંચી કરી હતી.

૭ દત્ત વાસુદેવે, સાથળ સુધી ઊંચી કરી હતી.

૮ લક્ષ્મણ વાસુદેવે, ઢીંચણ સુધી ઊંચી કરી હતી.

૯ કૃષ્ણ વાસુદેવે ઢીંચણથી ચાર આંગળ નીચી ઊંચી કરી હતી.

આ કોટીશિલા જંબૂદ્વીપમાં ૩૪, ધાતકીમાં ૬૮, પુષ્કરાર્ધમાં ૬૮ કુલ અઢી દ્વીપમાં ૧૭૦ કોટી શિલા છે.

## ઉપદેશ એકસો સત્યાવીસમો

### આત્મા છે, તેની સિદ્ધિ

અજ્ઞાની-જીવ છે કે નથી,તે કેમ જાણી શકાય, કારણ કે તે પ્રત્યક્ષ દેખવામાં આવી શકતો નથી, માટે નથી જ.

જ્ઞાની-તમો આત્મા નથી એમ માનશો તો અમો કહીશું કે તમારા પૂર્વજો પણ નથી, કારણ કે તે પણ પ્રત્યક્ષ દેખાતા નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અજ્ઞાની-અમારા પૂર્વજો હતા અને તેને તત્કાલવર્તી લોકોએ દેખેલા હતા.

જ્ઞાની-તો તમો પણ માનો કે આત્મા છે જ, અને તેને તત્કાલ - વર્તી જ્ઞાનિયોયે દેખેલ છે.

અજ્ઞાની-જ્ઞાનીયો હતા કે નહોતા તે કોણ જાણે છે ?

જ્ઞાની-જો જ્ઞાનીયો હતા કે નહોતા આવું કહેશો તો અમો કહીશું કે, તત્કાલવર્તી લોકો હતા કે નહોતા તે કોણ જાણે છે ? અને તેથી તમારા પૂર્વજો પણ હતા કે નહોતા તે કોણ જાણે છે ? માટે આ બન્ને તુલ્ય ગણાશે.

અજ્ઞાની- તમો વિચારો કે, પૂર્વજોના અભાવે અમો ઉત્પન્ન કેવા પ્રકારે થઈએ ? તે અનુમાનથી પૂર્વજો હતા અને તે વાત સત્ય પણ છે.

જ્ઞાની-તો તમો પણ વિચારો કે, જ્ઞાનીના અભાવે સત્ય એવા આગમના વચનો ક્યાંથી હોય, માટે જ્ઞાનિયો હતા અને જ્ઞાનિયોયે દેખેલ આત્મા પણ છે, તે કેમ ન મનાય ? અર્થાત્ મનાય એ પ્રકારે આત્મા છે તે સાબિત થયું, તો પછી આત્માએ કરેલા પુન્ય, પાપની પણ સિદ્ધિ થાય છે, અન્યથા જગતના જીવોનું સુખ દુઃખપણું કોઈ પણ રીતે સાબિત થતું નથી.

અજ્ઞાની-જન્મસમયે શુભ, અશુભ ગ્રહોના યોગે પુન્ય, પાપ ઉત્પન્ન થાય છે.

જ્ઞાની- જો, ગ્રહોના યોગથી પુન્ય, પાપની ઉત્પત્તિ કહેશો તે ગ્રહો પણ પુન્ય પાપના નિમિત્તભુત ગણાશે,કારણ કે અહીં બીજુ નિમિત્ત દેખાવાનો અભાવ છે

અજ્ઞાની-એક પાષાણના બે ટુકડા, તેમાં એકનું બિંબ, અને બીજાનું પગથીયું થાય છે. અને એકમાં પૂજયભાવના, બીજામાં અપૂજયભાવના થાય છે, તે જેમ નિમિત્ત વિના થાય છે તેમ સુખ દુઃખો પણ નિમિત્ત વિના થાય છે.

જ્ઞાની-તમો એમ માનશો તો તેમ નહિ બને, કારણ કે બિંબની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠા કરાવનાર પૈસા પાત્ર અને પ્રતિષ્ઠિત બિંબનું નામ, અને પગથીયાને વિષે પુન્ય નો અભાવ, આ બન્ને હેતુ છે. અન્યથા કોઈ પુન્યવાનનું નામ તથા પ્રતિષ્ઠા વિનાના બિંબ કેમ પૂજાતા નથી, એ પ્રકારે પાપીની મૂર્તિ, પગના પ્રહાર કરવાથી, તથા થૂંકના ઉડાડવાથી, વિડંબના ન્યાય, વિગેરે સ્થાપન કરવો પડશે, માટે જેનાથી પુન્ય, પાપ ઉત્પન્ન થયેલા વિદ્યમાન છેતેને કોણ નિવારણ કરી શકનાર છે અર્થાત્ કોઈ નહિ.

વળી પુન્ય પાપ બન્નેના ક્ષય થવાથી જ મોક્ષ થાય છે, તે વચનથી આત્માના પેઠે મોક્ષ પણ છે, તે સર્વ પ્રકારે સિદ્ધ થાય છે

અજ્ઞાની-મોક્ષાદિકના હેતુઓ તો, હરિ, હર, બ્રહ્માદિક દેવો, બ્રાહ્મણાદિક, ગુરુઓ, અને યજ્ઞક્રિયા યુક્ત ધર્મ જ છે.

જ્ઞાની-જે સકલ ક્રિયાકલાપમાં કુશળ હોય, પણ તત્ત્વત્રયીના સ્વરૂપને, સમ્યક્ પ્રકારે નહિ જાણવાથી, માનના આવેશથકી હરિ, હરાદિને મોક્ષના હેતુભુત માની બેસે, તો ઉત્તર આપો.

પ્રશ્ન, હરિ સરાગી છે કે નિરાગી, જો સરાગી કહેશો તો તે અમારા પેઠે મુક્તિ આપનાર નથી, અને ઉત્તરમાં નિરાગી કહેશો, તો નામાંતરથી વીતરાગ માનવા જ પડશે કારણ કે વીતરાગ સિવાય બીજામાં નિરાગતા હોય જ નહિ, એ પ્રકારે હરબ્રહ્માદિકને વિષે પણ માની લેવું

જ્ઞાની-તમો બ્રાહ્મણાદિક ગુરુને, તારવાવાળા માનશો તો પ્રશ્ન એ ઉપસ્થિત થશે કે,તે પોતે તરે છે કે બીજાને તારે છે,

અજ્ઞાનિ-સ્વ પર બન્નેને તારે છે.

જ્ઞાની-બ્રાહ્માદિક વેષથી તારે છે કે ક્રિયાથી તારે છે.

અજ્ઞાની-વેષથી તારે છે.

જ્ઞાની-વેષ તો નટાદિક અને ગરૂડાદિકને જનોઇ આદિ રાખવાથી હોય છે તો તેને પણ ગુરુ માનવા જોઇએ

અજ્ઞાની-ક્રિયાથી પણ તારે છે,

જ્ઞાની તે ક્રિયા, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અકિંચન છે કે અન્યરૂપા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અજ્ઞાની તે ક્રિયા અન્યરૂપા છે.

જ્ઞાની-તે નહિ બને, કારણ કે, સત્યબ્રહ્મ, તપબ્રહ્મ, ઇંદ્રિયનિગ્રહબ્રહ્મ, સર્વભૂત બ્રણો, એ બ્રાહ્મણનું લક્ષણ છે, એ પ્રમાણેની યુક્તિથી બ્રાહ્મણઓને તારવાવાળા કહી શકાય નહિ અહિંસારૂપ ક્રિયાદિકનું બ્રાહ્મણપણું, અમોને પણ માન્ય છે, અને તે મોક્ષના હેતુભૂત થઇ શકે છે.

જ્ઞાની-તમો ધર્મને કેવો માનો છો ?

અજ્ઞાની ધર્મ તો નાદના, પ્રેરણારૂપ છે,

જ્ઞાની - તે પણ અયુક્ત છે કારણ કે પ્રેરણા યજ્ઞાદિક ક્રિયા પ્રવર્તકવચનરૂપ છે અને યજ્ઞાદિક ક્રિયા હિંસાત્મક છે. તે ક્રિયાને ધર્મરૂપ કહેવી તે ગળીથી ઘરને રંગવા જેવું છે. આવીક્રિયા કોને હાસ્યના સ્થાનભૂત ન થાય, અર્થાત્ સર્વેને થાય છે કહ્યું છે કે,

**यूपं कृत्वा पशून्हत्वा, कृत्वा रू धिरकर्दमम् ।**
**यद्येवं गम्यते स्वर्गे, नरके केन गम्यते ? ॥१॥**

ભાવાર્થ : હે મહાનુ ભાવ ? યજ્ઞસ્થંભ રોપીને પશુઓનો વધ કરીને રૂધિરનો કીચડ કરીને જો કદાચ સ્વર્ગે જવાનું હોય તો પછી નરકે કોણ જશે ? જુઓ સત્ય યજ્ઞ,

**सत्यं यूपं तपो ह्यग्निः, कर्माणि समिधोपमं ।**
**अहिंसामाहुति दद्यादेव यज्ञः सतां मतः ॥२॥**

ભાવાર્થ : સત્યરૂપી યજ્ઞસ્થંભ કરીને, તપરૂપી અગ્નિ સળગાવીને કર્મરૂપી લાકડા અંદર નાખીને અહિંસારૂપી આહુતિ દેવી તે જ ખરો યજ્ઞ સત્ય પુરુષોએ માનેલો છે.

જો કદાચ યજ્ઞકરત્ની ક્રિયાના અને દ્રવ્યના વિનાશને વિષે યજ્ઞાચાર્યને સ્વર્ગનીપ્રાપ્તિ થતી હોય તો દાવાનળથી બળેલાં વૃક્ષોને પણ સ્વર્ગ મળવું જોઈએ. જો કદાચ યજ્ઞમાં હોમેલા પશુઓને સ્વર્ગ મળતું હોય તો યમાને પોતાના માતા, પિતા, કુટુંબાદિકને પણ યજ્ઞમાં હોમી, સ્વર્ગ પ્રાપ્ત કરાવવું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જોઇએ માટે અહિંસા તે જ ધર્મ કહેવાય છે, એવું થયે સતે,

**मोक्षदाता वीतराग, क्रियावान् भवतारक : ।**
**शर्मदायी दयाधर्म, इति तत्त्वत्रयी स्फुटम् ॥१॥**
**सत्यं ब्रह्म तपोब्रह्म, ब्रह्मचेंद्रियनिग्रहः ।**
**सर्वभूतदया ब्रह्म एतत्ब्राह्मणलक्षणम् ॥२॥**

ભાવાર્થ : મોક્ષને આપનારા વીતરાગ જ હોય છે, ક્રિયા કરનારા ગુરુ મહારાજ ભવથી તારી શકે છે, દયા ધર્મ જ સુખને આપનારા થાયછે, એ ત્રણ તત્વ સ્ફુટ ચોખા કહેલા છે. ૧

(૨) સત્ય બ્રહ્મ કહેવાય છે, તપ બ્રહ્મ કહેવાય છે, ઇંદ્રિયોનો નિગ્રહ કરવો તે બ્રહ્મ કહેવાય છે. સર્વ જીવોના ઉપર દયારાખવી તે બ્રહ્મ કહેવાય છે, આ ઉપર્યુક્ત જેને વિષે હોયતે જ બ્રાહ્મણ કહેવાય છે.

## ઉપદેશ એકસો અઠયાવીસમો

### જીવનું લક્ષણ

જ્ઞાન-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનપર્યવ કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન, એ આઠમાંથી ગમે તે એક બે અથવા અધિક જ્ઞાન જેને હોય,

દર્શન-ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવલ એ ચાર દર્શનમાંથી એક અથવા અધિક હોય,

ચારિત્ર - સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ તથા અવિરતિ એ સાત પ્રકારના માર્ગણાના ભેદમાંથી ગમે તે હોય,

તપ-દ્રવ્ય અને ભાવ, દ્રવ્ય તપ બે પ્રકારના છે બાહ્ય અને અભ્યંતર, તેમાંથી ગમે તે તપ હોય,

વીર્ય-સકરણ, (ઇંદ્રિયોના સામર્થ્યરૂપ) અકરણ આત્માનું વીર્ય, વીર્ય હોય,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપયોગ-પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાનના, ચાર દર્શનના એ બાર ઉપયોગમાંથી ગમે તે બે અગર તેથી અધિક હોય તેને જીવ કહીએ.

## ઉપદેશ એક્સોને ઓગણત્રીશમો

### જીવોની ગતિ

૧. જીવોને મારનાર, પરધન તથા પરસ્ત્રીનો નાશ કરનાર, ચંડ, મહાઆરંભ, મહાપરિગ્રહને વિષે આસક્તિ યુક્ત, મુનિમહારાજાની નિંદા કરનાર, ખરાબ આહારનો ભક્ષક, રૌદ્ર પરિણામી, મિથ્યા દૃષ્ટિજીવ, તંદુલીયા મચ્છની પેઠે, દુઃખદાયક નરકને વિષે જાય છે.

૨. અસંજ્ઞી પ્રથમ નરકે જાય છે, સરિસૃપ, ભુજ પરિસર્પાદિક બીજી નરકે જાય છે, ખેચર, પક્ષીઓ ત્રીજી નરકે જાય છે, સિંહાદિક ચોથી નરકે જાય છે, સર્પાદિક, પાંચમીનરકે જાય છે, સ્ત્રીઓ, છઠ્ઠી નરકે જાય છે, મનુષ્ય અને મત્સ્યાદિક સાતમી નરકે જાય છે, એ રીતે નરકને વિષે ઉત્કૃષ્ટથી ઉત્પત્તિ કહી છે.

૩. આર્તધ્યાનને વશ થયેલા, પરને દુઃખ ઉત્પન્ન કરનારા, બહુ જ કપટક્રિયા કરનારા, મોહ, તથા અજ્ઞાનમાં તત્પર રહેલા જીવો મરીને તિર્યંચો થાય છે.

૪. જે અલ્પકષાયી હોય, દાન દેવામાં ઉદ્યમવંત હોય, ક્ષમા, વિનય, માર્દવાદિક ગુણોવડે પ્રધાન હોય, દાક્ષિણ્યતાને વિષે તત્પર હોય, તેમજ પ્રકૃતિથી ભદ્રિકભાવી જીવો મનુષ્યપણું પામે છે.

૫. જેઓ મહા વ્રતધારી હોય, દેશવિરતિ હોય, અવિરતિ સમ્યગદૃષ્ટિ હોય, પરમાત્માની પૂજા કરવામાં તત્પર હોય, દાન દેવામાં રક્ત હોય, બાલ તપસ્વી હોય, અકામનિર્જરા કરનારા, પરિણામની વિશુદ્ધિવાળા, મનુષ્યો અને તિર્યંચો દેવગતિના આયુષ્યને બાંધે છે.

૬. સાધુ, સૌધર્મથી સર્વાર્થસિદ્ધિ યાવત્ જાય છે, શ્રાવક સૌધર્મથી અચ્યુત બારમા દેવલોક સુધી જાય છે, વ્યાપન્ન દર્શન મિથ્યાદૃષ્ટિ મુનિ લિંગધારી અભવિ જીવો ગ્રૈવેયક સુધી જાય છે, તિર્યંચ પંચેંદ્રિય ગુણધારી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આઠમા સહસ્ત્રાર દેવલોક સુધી જાય છે પરિવ્રાજકાદિ પાંચમા બ્રહ્મ દેવલોક સુધી જાય છે, અને તાપસો જ્યોતિષીમાં જાય છે.

૭. બાલતપસ્યાને વિષે પ્રતિબદ્ધ થયેલો, ઉત્કૃષ્ટ ક્રોધને ધારણ કરનારો, તપકર્મ વડે ગર્વમાં મગ્ન થયેલો, વૈરભાવને ધારણ કરનારો, મરીને અસુરકુમારમાં જાય છે,

૮. ગળાફાંસો ખાનારા, વિષનું ભક્ષણ કરનારા, અગ્નિમાં બળી મરનારા, પાણીમાં ડૂબી મરનારા અને ક્ષુધાતૃષાની વેદનાને સહન કરનારા જીવો મરીને વ્યંતરો થાય છે.

૯. અશઠા, સરલા, શ્રેષ્ઠવિનયવાળી, સારા સ્વભાવવાળી અલ્પલોભી, ક્ષમાયુક્ત, સત્ય વક્તા, સરલતાવાળી, ચપળતારહિત, આવા ગુણવાળી સ્ત્રીઓ પુરુષવેદને બાંધે છે, સ્ત્રીઓ મરી પુરુષો થાય છે.

૧૦. જૂઠાકલંક ચડાવનાર, અસત્યનું ભાષણ કરનાર, ચંચળ સ્વભાવવાળો, સાહસ કાર્ય કરનારા, પરને ઠગનારા પુરુષ મરીને સ્ત્રીનો અવતાર પામે છે.

૧૧. જે ક્રૂર માણસ ઘોડા પાડા, બળદ ઇત્યાદિક જીવોના નિર્લાંછનાદિક કર્મ કરે છે અને જે માણસ ઉત્કૃષ્ટ મોહી હોય છે તે નપુંસક થાય છે.

૧૨. પૃથ્વીકાયાદિક જીવોની હિંસા કરવામાં રક્ત પર લોકને નહિ માનનારા, અતિ સંકલિષ્ટ કર્મ કરનાર મૂઢપુરુષ, અલ્પ આયુષ્યવાળો થાય છે.

૧૪. જે માણસ તુષ્ટમાન થઈ, સાધુઓને અસણં, પાણં, ખાઇમં, સાઇમ, આસન, વસ્તુ, વસ્ત્ર, પાત્ર કંબલ ઔષધ, વિગેરે આપે છે તે ભોગી થાય છે.

૧૫. જે પોતાનું હોય, ને આપે નહિં ખરાબ આપે, આપેલું કહી બતાવે, આપેલું હારી જાય,તથા આપનારાને નિષેધ કરે, આપનારની નિંદા વિકથા કરે, આપનારને કુબુદ્ધિ આપી ઈર્ષ્યા કરે તે માણસ ભોગ રહિત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થાય છે.

૧૬.જે માણસ નિર્ગુણી છતાં અભિમાનને ધારણ કરે, પોતાના આત્માની પ્રસંસા કરે, અને ગુણથી ભરેલાની નિંદા કરે છે તે અભિમાની માણસ, વિડંબના પામનાર દુર્ભાગી પુરુષ થાય છે.

૧૭. જે દેવ ગુરૂ ધર્મની ભક્તિમાં રક્ત હોય, કોમલ ભાષણ કરનાર હોય, વિનય, ક્ષમામાં તત્પર હોય, સર્વલોકને પ્રિય કરનાર હોય તે માણસ સુભગ થાયછે,

૧૮. જે માણસ વાંચનારો, ભણનારો, શ્રવણ કરાનારો, બોધ આપનારો, સિદ્ધાંત અને ગુરુની ભક્તિ કરનાર હોય તે બુદ્ધિ માન થાય છે.

૧૯. જે માણસ તપઅને જ્ઞાન ગુણોવડે વૃદ્ધિ પામેલને તિરસ્કાર કરે, તેને વાંચવા, ભણવા, શ્રવણ કરવામાં અંતરાય કરે, તે મરીને દુષ્ટ બુદ્ધિવાળો મૂર્ખ થાય છે.

૨૦. જે માણસ પક્ષીઓના બચ્ચાને વિયોગ કરતા નથી, તથા પ્રાણિઓને વિષે દયા કરે છે તેનાં બાળકો મરતા નથી.

૨૧. જે માણસ પોતે દેખેલા અને નહિ દેખેલા પરના છિદ્રોને ખોળે છે, પરના મર્મવચનને બોલે છે, તથા શોભામાન સ્થાન, સુખ, વિગેરેથી ભ્રષ્ટ કરવામાં તત્પર રહે છે તે અનાર્ય માણસ મરીને જન્મથી અંધ થાય છે.

૨૨. જે માણસ નહિ સાંભળ્યા છતાં સાંભળ્યું છે, એમ બોલનાર હોય, ચાડી ખાનાર હોય. લોકોના પાસે ધર્મવિરૂદ્ધ કહેનાર હોય, પરની વાત કરવામાં તત્પર હોય, તથા પારકાના દુર્ગુણો સાંભળનાર હોય તે મરીને બહેરો મૂંગો થાય છે.

૨૩. જે માણસ જીવોને છેદન, ભેદન, અંકન, નાથન વિગેરે પ્રકારથી દુઃખ દેનાર હોય, તે બહુ જ રોગી થાય છે. તેનાથી વિપરીત હોય તે નિરોગી થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૪. જે માણસ પૈસા ઉપાર્જન કરનારને અંતરાય કરનાર હોય પરધન હરણ કરનાર હોય, પરધન હરણ કરવામાં અત્યંત ગૃધ્ધ હોય, પરની થાપણ ઓળવનાર હોય, અને પરની થાપણ ઓળવી ખાઈ જનાર હોય તે નિશ્ચય દુર્ગતિમાં જાય છે.

૨૫. જે માણસ ઘોડા, ઉંટ, બળદ, ગધેડા, પાડા વિગેરે ઉપર બહુ ભાર ભરનાર હોય, તેમજ પીડા કરનાર હોય, તથા મનુષ્ય જાતિને પીડા કરનાર હોય તે મરીને વામન થાય છે.

૨૬. જે માણસ સાધુઓની આજ્ઞા ન માને તથા તેમને વિક્ષોભ કરે તે આંગલીયો વિનાનો વામન, કુબ્જ થાય છે, તેને કોઈપણ પ્રકારને સ્થિરતા અને શાંતિ રહેતી નથી.

૨૭. જે માણસ તપ અને શીયલ ગુણ ધારણ કરનારનું, વિપરીતવાકું કે અસત્ય બોલનાર હોય, તે દુર્ગંધ મુખવાળો ટુંકી જીભવાળો બુંઠો અને શરીરમાં ઘાતાદિકવાળો થાય છે.

૨૮. જે માણસ મધનો ઘાત કરનાર, અગ્નિ દાહ કરનાર, સ્ત્રીનો વધ કરનાર , અને બાલવનસ્પતિનો ઘાત કરનાર હોય તે મરીને કુષ્ટિ થાય છે.

## ઉપદેશ એકસો ત્રીસમો

### સિદ્ધ શિલા કેવી ?

સિદ્ધના જીવોનીગતિ, સ્થાન, વર્ણ, પરિધિ, અવગાહના વિગેરે જૈન સિદ્ધાંતોમાં નીચે પ્રમાણે કહેલી છે.

#### ગતિ

૧. તુંબડુ, એરંડ ફળ,અગ્નિ, ધૂમ, ધનુષ્યથી છૂટેલા બાણના પેઠે પૂર્વ પ્રયોગથી સિદ્ધોની ગતિ છે, અલોકથી પ્રતિહત બને, સિદ્ધના જીવો લોકાગ્રમાં રહે છે તેઓ ઈહાં શરીરને છોડીને ત્યાં જઈ સિદ્ધ થાય છે.

#### સ્થાન

૨. સર્વાર્થસિદ્ધ વિમાનથી ૧૨ યોજન પર તે સિદ્ધશિલા છે અને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઈષત્પ્રાગ્ભારા શિલાથી, એક યોજન પર લોકનો અંત છે,

## વર્ણ

૩. નિર્મલ પાણીના બિંદુ જેવી, બરફ, ગોક્ષીર અને મોતીના હાર સરખા વર્ણવાળી અર્થાત્ સર્વથા ધોળી અને ઊંધા છત્રના આકારે રહેલી સિદ્ધશિલા જિનેશ્વર મહારાજાએ કહેલી છે.

## પરિધિ

૪. તે સિદ્ધશિલાની પરિધિ, ૧ ક્રોડ, ૪૨ લાખ ૩૦ હજાર, ૨૪૯ યોજનની છે,

## સ્થૂલસૂક્ષ્મપણું

૫. સિદ્ધશિલા, બહુ દેશ મધ્ય ભાગમાં એટલે પૂરા વચમાં ૮ યોજન જાડી છે અને છેડાઓમાં ઝીણી એટલે અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી છે.

## અવગાહના

૬. તે સિદ્ધના જીવોને શરીર નહિ હોવાથી, સિદ્ધ જીવોના જીવપ્રદેશથી, અવગાઢ થયેલા આકાશપ્રદેશરૂપે ઈહાં લેવાની છે. ઈતિ ધર્મરત્ન પ્રકરણ ગાથા ૧ થી ૬

## અનંત કાળસ્થિતિ

૭. ઈષત્પ્રાગભારાની ઉપરના યોજનનો છેલ્લો કોષ (ગાઉ) જે છે, તે કોષના છઠ્ઠા ભાગમાં સિદ્ધની અવગાહના છે,

૧. તેમાં ૩૩૩ ધનુષ્ય, અને એકતૃતીયાંશ ભાગ, એક ધનુષ્ય નો ત્રીજો ભાગ, ઉત્કૃષ્ટી અવગાહના છે.

૨. અને ચાર હાથમાં એક તૃતીયાંશ ભાગ કમતી તે મધ્યમ અવગાહના છે.

૩. અને એક હાથ એ આઠ આંગળને જઘન્ય અવગહાના છે, એ તમામ અવગાહના, શેલેશીકરણ કરતી વખતે રહેલા શરીર ઈતિ ધર્મરત્નપ્રકરણે છેલ્લા ઉપસંહારમાં ગાથા ૧, ૨, ૩.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધાન્તે અન્યત્ર

૫૦૦ ધનુષ્ય પ્રમાણ દીર્ઘ અને બે હાથ હ્રસ્વ મધ્યમ અગર છેલ્લી અવસ્થાને વિષે વિચિત્ર સંસ્થાન હોય, તેના ત્રીજા ભાગે હીના સિદ્ધોની અવગાહના સ્વઅવસ્થાના ભાગે તીર્થંકરગણધર મહારાજાએ કહેલી છે.

૩૩૩ ધનુષ્ય અને એક ધનુષ્યનો ત્રીજો ભાગ ઉત્કૃષ્ટી અવગાહના કહેવાય છે.

શંકા, નાભિરાજાનું શરીર ૫૨૫ ધનુષ્યનું હતું, અને મારુદેવીનું પણ તેટલું જ હોય તો ૩૫૦ ધનુષ્ય અવગાહના થાય, તેનું કેમ ?

ઉત્તરઃ સ્ત્રીયો ઉત્તમ સંહનનવાલી છતાં પણ,પોતપોતાના કાળની અપેક્ષાએ પુરુષો કરતા કાંઈક નીચા શરીરવાળી હોય છે, તેથી નાભિરાજાથી મારુદેવી નીચા શરીરવાળા હતા, તેથી તેમનું શરીર ૫૦૦ ધનુષ્ય બોલવા કહેવામાં કાંઈ પણ વાંધો આવતો નથી. વળી હસ્તિના સ્કંધ ઉપર બેઠેલા હતા તેથીતેમના અંગોપાંગ સંકુચિત હોવાથી અવગાહના વધારે પડે નહિ. ઈતિ ભાષ્યકાર

વળી કુમારપુત્રનું શરીર ૨ હાથનું હતું, અને સાત હાથ ઊંચા શરીરવાળાને પણ યંત્રપીલણાદિકમાં સંકુચિતપણાથી અવગાહના વધારે પડે નહિ, એ પ્રકારે સિદ્ધના જીવો જાણે, દેખે છે, અહીં શરીરને ત્યાગ કરી, જીવ મનુષ્ય ભવથી સાત રાજ ઊંચે જયા લોકનો અંત થાય છે ત્યાં જઈ સિદ્ધ થાય છે અને સાદિઅનંત પણે મોક્ષના અનંતા સુખનો અનુભવ કરે છે.

પ્રશ્ન : ચૌદમે ગુણસ્થાને તો, આત્મા અક્રિય હોય છે, તો સાત રાજ ઊંચે જવાની ક્રિયા કેમ કરે છે ?

ઉત્તર : જો કે અક્રિય છે, તો પણ પૂર્વની પ્રેરણાએ કરીને, તુંબડીના દૃષ્ટાંતથી, જીવમાં ધર્માસ્તિકાય મધ્યે ચાલવાનો જે સ્વભાવ રહેલો તેથી કરી કર્મ રહિતહોવા છતાં પણ જ્યાં સુધી ધર્માસ્તિકાય હોયછે ત્યાં સુધી સ્વભાવથી જ જાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રશ્ન : લોકના અંત પછી જે અલોક છે ત્યાં મોક્ષનો જીવ કેમ જતો નથી ?

ઉત્તર : અલોકમાં ધર્માસ્તિકાયનો અભાવ છે, તેથી ત્યાં જીવનું આવાગમન થઇ શકતું નથી.

પ્રશ્ન : મોક્ષનો જીવ અધોગતિમાં, તથા તિરચ્છિ ગતિમાં કેમ જતો નથી.

ઉત્તર : જેમ કાદવથી ભરેલી તુંબડીનો કાદવ પાણીથી જ્યારે ધોવાઇ જાય છે ત્યારે તુંબડી જેમ આડી અવળી નહિ જતા, પાણીની સિદ્ધિ સપાટી પર આપોઆપ આવી જાય છે,તેમજ આત્મા કર્મભારથી હલકો થઇ જવાથી, અને કર્મરૂપ કીચડ ધોવાઈ જવાથી, તથા બીજા જીવોના પેઠે તેને કર્મ પ્રેરક નહિ હોવાથી, નીચોકે આડોઅવળો નહિ જતાં, ઠેઠ ઉપર લોકના અંતે જઇ સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન : સિદ્ધના જીવોને કર્મ કેમ લાગતાં નથી ?

ઉત્તર : કર્મબંધનનું મૂલ, કારણ, શરીર, મન, વચન, કાયાના યોગો અને અજ્ઞાન છે, પરંતુ તે તો સિદ્ધના જીવોને હોતા નથી, માટે સિદ્ધના જીવોને કર્મ લાગતા નથી, કારણ કે તે સિદ્ધના જીવોને, કર્મ ગ્રહણ કરવાનો યોગ નથી, કારણ કે જે શરીર છે તે પૂર્વકૃત કર્મોનો ઉદય આવેલ પિંડ છે, અને તેની અંદર જીવનું જે સૂક્ષ્મ શરીર છે, તે શરીરમાં પૂર્વે ઉપાર્જન કરેલા, અનંતા કર્મો દૂધ અને પાણીના પેઠે મલેલા છે,અને તેને લીધે નવા પણ અનંતા કર્મો મળે છે. હવે જે સૂક્ષ્મ શરીર છે, તે તેજસ અને કાર્મણ શરીર કહેવાય છે અને તેનાથી નવીન કર્મો ગ્રહણ કરાય છે. તે શરીરોનો સિદ્ધના જીવોને અભાવ છે, તેથી તે સિદ્ધાત્માઓ કર્મોને ગ્રહણ કરતા નથી. વળી કર્મોને ગ્રહણ કરવાનું કારણ રાગ,દ્વેષ છે તે સિદ્ધોમાં નથી.

તે સિદ્ધાત્મા જ્યોતિ ચિદ્આનંદભરથી સદા કાળ તૃપ્ત હોય છે. તેને સુખ દુઃખની પ્રાપ્તિના કારણભૂત, કાળ, સ્વભાવ આદિ પ્રયોજકોનો સદા અભાવ જ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વળી સિદ્ધાત્મા સદા કાળ નિષ્ક્રિય છે, અથવા સિદ્ધાત્માનું સુખ વેદનીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલું અનંત છે, અને કર્મો સાંત (સ્થિતિ પૂરી થયે નાશ પામેલા) છે, તેથી પણ અતુલ્ય માનને લીધે, કર્મો સિદ્ધના સુખના હેતુભૂત થઇ શકે નહિ.

તાત્પર્ય એ છે કે સિદ્ધાત્મા કર્મોને ગ્રહણ કરતા નથી, જેમ લોકમાં ક્ષુધા તૃષાથી મુક્ત એવા, તૃપ્તિ પામેલા જીવને કાળ મર્યાદા હોતી નથી, જેમ જીતેંદ્રિય સંતુષ્ટ યોગીને કાંઇપણ ગ્રહણ કરવાથી વાંચ્છા હોતી નથી, જેમ પૂર્ણ પાત્રમાં કાંઇ પણ સમાઇ શકતું નથી, તેમ ચિંદાનંદ અમૃતથી સદા નિરંતર પરિપૂર્ણ સિદ્ધાત્મા, કિંચિત્ પણ કર્મને ગ્રહણ કરતા નથી. વળી જેમ મનુષ્યને આશ્ચર્યકારક નૃત્યના દેખવાથી સુખ થાય છે તેમ સિદ્ધોના જીવોને આ વિશ્વના વર્તમાનરૂપ નાટકના દેખવાથી, જ્ઞાનના આનંદથી નિત્ય સુખ થાય છે.

## મુક્તિ સંબંધી પ્રશ્નો

પ્રશ્ન-મુક્તિમાં અન્ન, પાણી, તેલ ફુલેલ અંતરગાડી, વાહન, ઘડા, પુષ્પમાલા સ્ત્રિયાદિક વિગેરેનું સુખ કાંઇપણ નથી છતાં તમો મુક્તિમાં અનંત સુખ શા માટે કહો છો ?

ઉત્તર : અમો તમોને પ્રથમ પ્રશ્ન કરીએ છીએ કે -

પ્રશ્ન - ખાનપાન શા માટે છે ?

ઉત્તર : ક્ષુધા તૃષાની શાન્તિ માટે છે.

પ્રશ્ન-તેલ ફુલેલ, અંતર, પુષ્પમાલાનું સેવન શા માટે છે ?

ઉત્તર : આત્માને આનંદ લેવા માટે

પ્રશ્ન સ્ત્રિયાદિક શા માટે છે ?

ઉત્તર : આત્માને દુઃખથી મુક્ત કરી તમામ ઇંદ્રિયોને તૃપ્ત કરવા માટે.

પ્રશ્ન - ગાડી ઘોડા વિગેરે શા માટે છે ?

ઉત્તર : આત્માને અનાબાધતા સ્વાસ્થ્યપણું ઉત્પન્ન કરવા માટે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવું સાંભળી પ્રથ પ્રશ્નકારકને શાસ્ત્રકાર મહારાજા ઉત્તર આપે છે કે સિદ્ધના જીવોને તો ક્ષણે ક્ષણે સ્વાસ્થ્યજ છે, કારણ કે તેમને શરીર નહિ હોવાથી ઉપરોક્ત કાંઈપણ વસ્તુનું પ્રયોજન રહેતું નથી. તે તો ક્ષણે ક્ષણે સુખની લહેરોમાં રમ્યા કરે છે, કારણ કે જેને રોગ થાય છે, તેને ઔષધની જરૂર પડે છે,જેને શીત ઠંડી લાગે છે તેને અગ્નિસેવનની જરૂર પડે છે,જેને ખરજવાનો રોગ થાય છે તેને ખણવુ, ખંજવાળવું પડે છે.પણ ઉપર્યુક્તમાંથી જેને કાંઈ પણ નથી તેને કાંઈ પણ કરવાની જરૂરી રહેતી નથી.

તેવી જ રીતે સિદ્ધનાં જીવોને શરીરાદિક નહિ હોવાથી ખાનપાનાદિકની કાંઈ પણ જરૂર રહેતી નથી, જેને પરમ સુખ પ્રાપ્ત થયેલું છે, જેને અવિનાશી સુખ મળેલું છે તેને બીજા સુખનું કાંઈપણ પ્રયોજન રહેતું નથી.

વળી સંસારી જીવોને ખાન, પાન, ફુલેલ, તેલ, અંતર, પુષ્પમાલા, સ્ત્રીયાદિક વિગેરેનું સુખ છે, તે પણ વિનાશી છે, એટલું જ નહિ પણ પરિણામે તેતમામ સુખ આત્માને દુઃખ દાયક છે, કારણ કે તેમના સેવનથી શરીર ઈંદ્રિયોની હાનિના સાથે, વિવિધ પ્રકારના રોગાદિકનીપ્રાપ્તિ થવાથી, અને વલી તમામના ઉપર રાગાદિકની પ્રાપ્તિ ઉત્પન્ન થવાથી, આત્માને સર્વથા પ્રકારે બંધનભૂતજ છે, અને સિદ્ધના જીવોને તો રાગાદિકના અભાવથી, સર્વથા પ્રકારે વિષયાદિકની આકાંક્ષા રહિતપણુ હોવાથી, તથા દુઃખાદિક પ્રતિકારની ક્રિયા વર્જિત નિષ્ક્રિયરૂપ સુખ હોવાથી, તેમજ અનંત જ્ઞાન, દર્શન વીર્યરૂપ આત્માને અખંડ સુખ હોવાથી, સંસારજન્ય કોઈ પણ પ્રકારના સુખની પરવા રહેતી નથી, અને તેથી જ મોક્ષને વિષે જે અનંતુસુખ છે, તે સુખને સિદ્ધના કેવલજ્ઞાનિ જીવો જ ભોગવે છે, અયોગીયો, અકેવલીયોને તે શ્રુતિગોચર, તેમજ દૃષ્ટિગોચર કદાપિ કાળે થતું નથી.

સિદ્ધના જીવોને અનંતુ સુખ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રશ્ન-કેવલજ્ઞાની મહારાજા સિદ્ધના જીવોના સુખને કહી શકવા શક્તિમાન ખરા કે ?

ઉત્તર – કેવલજ્ઞાની મહારાજા જાણતા છતાં પણ સિદ્ધના જીવોનુ સુખ દ્રવ્ય જીવો પાસેકહી શકે નહિ,

સિદ્ધના જીવોને જે સુખ છે તે સુખ મનુષ્યને, ચક્રવર્તીયોને તેજ દેવતાઓને પણ નથી, ત્રણકાળના દેવતાઓના સુખને એકત્ર કરે, તેને સર્વ કાળના સમયે ગુણતા અનંતગુણા થાય, તેને એકેક આકાશપ્રદેશે સ્થાપન કરે. એવી રીતે સકલ આકાશપ્રદેશે પૂર્ણ કરે તે અનંતા થાય, તેને અનંત વર્ગે ગુણતા, અનંતાઅનંત કરે, તો પણ મુક્તિના સુખને તોલે આવે નહિ.

૧ સર્વ કર્મોને બાળીને સિદ્ધ થયા તેથી સિદ્ધા.

૨ અજ્ઞાન નિદ્રાથી સૂતેલા જગતના જીવોને જીવાદિરૂપ તત્ત્વોને બોધ કરી બુદ્ધ થયા તેથી બુદ્ધા.

૩ પ્રશ્ન-તે તો સંસાર મોક્ષ ઉપર ત્યાગથી કોઈ રહે.

ઉત્તર : નહિ, નહિ સંસારના પારગામી થવાથી પારગતા.

૪ જ્ઞાન દર્શન ચારિત્રથી ચતુર્દશ ગુણસ્થાન પ્રાપ્ત કરી ગયા તેથી પરંપરાગત

૫ શરીરના અભાવથી ક્રમકવચોને ત્યાગ કરવાથી અજરા.અનુભવવા સિદ્ધ થયા ઈતિ સિદ્ધાન્તે

મુક્તિ અને સંસારની વધઘટ સંબંધી.

પ્રશ્ન : અનાદિકાળ સુધી મુક્તિ માર્ગ વહેતો રહેશે ? તો પછી સંસાર ખાલી થઈ શકે ને નહિ ?

ઉત્તર : આવી શંકા કરવાની જરૂરિયાત નથી, કારણ કે એ મુક્તિમાર્ગ કળશના નાળની પેઠે સદા કાળ વહેતો જ રહેશે, અને સંસાર પણ જીવોથી શૂન્ય રહેશે જ નહિ, એવું ભગવાનનું જે વચન છે તે અસત્ય નથી,પરંતુ અલ્પબુદ્ધિવાળા જીવોના હૃદયમાં તે વાત બેસતી ન આવે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે સ્વાભાવિક જ છે, તે ઉપર લૌકિક દૃષ્ટાંત અપાય છે તે સાંભળો.

નદીયોના દ્રહમાંથી નદીયોનો પ્રવાહ નીકળીને સદાકાળ સમુદ્ર ભણી વહે છે, તો પણ તે દ્રહો કદાપિ કાળે ખાલી થતા નથી તેમજ નદીનો પ્રવાહ પણ બંધ થતો નથી, તેવી જ રીતે ભવ્ય જીવો, સંસારમાંથી નીકળીને મુક્તિમાં જાય છે તો પણ સંસાર ખાલી થતો નથી ને ભવ્ય જીવો ખૂટતા પણ નથી, અને મુક્તિ પણ ભરાઇ જતી નથી.

પ્રમાણના વેત્તાઓ એક બીજાનાં દૃષ્ટાંત આપે છે.

જેમ કોઈ બુદ્ધિમાન માણસ જન્મથી માંડીને મરણ પર્યંત ત્રણ લોકના સર્વ ધર્મના શાસ્ત્રોનું પઠન કરતો, ઘણું જ આયુષ્ય નિર્વહન કરે તો પણ તેના અશ્રાંત પાઠથી તેનું હૃદય કદિ શાસ્ત્રોના અક્ષરોથી પૂર્ણ થતું નથી. તેમજ શાસ્ત્રોના અક્ષરો ખૂટતા પણ નથી, ખાલી થતા નથી,

તે જ પ્રકારે મુક્તિમાર્ગ પણ, સદા કાળ અંતરાય વિના વહેતો જ રહેશે, ને સંસાર પણ જીવોથી ભરેલો જ રહેશે. તેના ઉપર સમુદ્રના પાણીનું દૃષ્ટાંત અપાય છે.

સમુદ્રનું પાણી ખારૂં હોવાથી,તેમાંથી પાણી લઇ કયારા ભરી જેમ કરોડો મણ મીઠું પકાવવામાં આવે છે, અને તે વળી અનાદિ કાળથી ચાલતું આવે છે અને ભવિષ્યમાં અનાદિ કાળ સુધી ચાલશે.

વળી સમુદ્રમાં મીઠા પાણીને વહન કરનારી હજારો, લાખો નદીયોના મીઠા પાણી મળે છે છતાં પણ સમુદ્રનું પાણી કોઈપણ કાળે મીઠું થતું નથી,તેમજ વરસાદનું મીઠું પાણી સદા સમુદ્રમાં મળે છે છતાં સમુદ્રના પાણીમાં મીઠાશ આવતી નથી તેમજ તે વધારે ઓછું પણ થતું નથી, પરંતુ તેવી જ સ્થિતિમાં રહે છે, તેમજ મુક્તિમાર્ગ સદાકાળ વહેતો જ રહેશે, કદાપિ પુરાવાનો નથી તેમજ ખાલી થવાનો નથી. ઘરને વિષે જેટલાદીવાઓ કરીએ, તેટલાદીવાઓનો પ્રકાશ એકમેક થઇને સમાઇ જાય છે, તેવી જ રીતે સિદ્ધના જીવો જ્યોતિમાં જ્યોતિરૂપે સમાઇ જાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉપદેશ એકસો એકત્રીસમો

## ષટ્ પુરુષપ્રકૃતય

૧. અધમતમ, ૨. અધમ, ૩. વિમધ્યમ, ૪. મધ્યમ, ૫. ઉત્તમ, ૬. ઉત્તમોત્તમ,

૧. અધમતમ માણસ ઇહલોક પરલોકનું અકુશલ કર્મ આદરમના હોય છે, પરલોક તો દૂર રહો પણ પ્રથમ વિષપાન કરી જીવવાની ઇચ્છા કરનારની પેઠે, સંરંભાદિક કર્મને કરે છે, અહિત કર્મ અનુબંધનને કરે છે, સમગ્ર સારા લોકોએ ધિકકારેલા પ્રબળ વ્યવહારવડે, આરંભ સમર્થતાથી, પરનો ઘાત કરવા માટે માછીમારના પેઠે, એકી ભાવે પાપ કરવામાં તત્પર થાય છે.

જેમ દીન હીન શરીરવાળો, ખરાબ સ્વરવાળો, માછીમારજીવોનો ઘાત કરવા માટે જંગલમાં, પર્વતમાં, પાણીમાં, અટવીમાં, ક્ષુધા,તૃષા, શીત, ઉષ્ણ, વર્ષા, દંશાદિક દુઃખોને અહીંપણ સહન કરે છે, અને નરકાદિક દુષ્ટગતિમાં પણ દુઃખ સહન કરે છે, આયુષ પૂર્ણ થયા પછી, તે પાપિષ્ટ માણસ જેમ ઉભય લોકને વિષે દુઃખ પામે છે તેમ અધમતમ માણસ, આરંભાદિક મહાપાપકર્મને કરી ઇહલોક, પરલોકને વિષે દુઃખી થાય છે,તે અધમતમ પુરુષ કહેવાય છે જુઓ.

**हस्तौ दान विवर्जितौश्रुति पुटौ सारश्रुते द्रोहिणौ,**
**नेत्रेसाधु विलोकनेन रहितेपादौ न तीर्थगतौ ।**
**अन्याया जित वित्तपूर्ण मुदरं गर्वेण तुंगं शिरो,**
**रेरे जंबुक ! मुंच मुंच सहसा नीचस्य निंद्यवपुः ॥१॥**

ભાવાર્થ : એક મહાત્મા પુરુષ એક મડદાના ભક્ષણ કરનાર શીયાળને કહે છે કે જે માણસના બન્ને હાથ દાન દેવાથી રહિત છે, કાન પરમાત્માના સારભૂત વચનોશ્રવણ કરવામાં દ્રોહ કરનારા છે, સાધુના દર્શનથી નેત્રોરહિત છે, પગે ચાલીને તીર્થ યાત્રા કરી નથી, હૃદય અન્યાયથી ઉપાર્જન કરેલ દ્રવ્યના ભક્ષણ કરવાથી સંપૂર્ણ ભરેલું છે, મસ્તક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અભિમાનવડે કરી ઊંચુ રહેલું છે આવા નિંદનીક માણસના નીચ શરીરને ભક્ષણ કરવું સહસાકારે હે શીયાલ ! તું છોડી દે.

૨. અધમ, માણસ મધ્યમ પાપ કરવાવાળો હોય છે, અને પરલોકની બુદ્ધિને ત્યાગ કરનાર હોય છે તે મનમાં માને છે, અને બીજાના પાસે કહે છે, (પરલોક છે,) તે કોને ખબર છે, કોણ જોઇને આવેલ છે, કાંઇ છે. જ નહિ દુનિયા ભલે માને પણ પરલોકનો તેને કેવળ ભ્રમ જ છે, વળી તે જીવ મોહ મોહિત થઇને વિચારે છે કે મહાદુઃખે કરી પ્રાપ્ત થયેલા વિષયજન્ય સુખોને મારાથી છોડી શકાય નહિ, એમ ધારી પરલોક નિરપેક્ષ થઇ ઇહલોકના વિષયસુખમાં જ મગ્ન રહે છે, તે માણસ અધમ કહેવાય છે.

૩. વિમધ્યમ, માણસ વણિક અને ખેડૂતાદિક કહેવાય છે. તેઓ મહાભોગી હોવાથી, સ્ત્રી, પુત્રાદિકના વિયોગને નહિ ઇચ્છતા, પૂર્વે પ્રાપ્ત કરેલા વિષયને ત્યાગ નહિ કરતા અને નવીન ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા થઇ ઇહલોક પરલોક બન્નેના અર્થી લોકોને પ્રીતિ કરવામાં પ્રયત્ન કરી દાન આપી પર લોક ફળને ઇચ્છી, પ્રસિદ્ધ પુન્ય દ્વારને વિષે યથાશક્તિ વાપરી સંસારસુખ વ્યાપાર અને પરલોક માટે ધર્મ કરનાર ત્રિવિધ કર્મ સંસારની પુષ્ટિથી સામાન્યપણે અકુશલાનુબંધી ક્રમવાળા હોવાથી તે વિમધ્યમ કહેવાય છે.

૪. મધ્યમ માણસની દષ્ટિ ઇહલોકને વિષે હોતી નથી પરંતુ પોતાના હિતાર્થે પરલોકને વિષેહોયછે તે ઇહલોક વિષે પ્રતિબદ્ધ થઇ પરલોકના હિતમાં પોતાનું મન જોડે છે. મધ્યમ ક્રિયાને વિષે સદા રક્ત રહે છે અને ગામ લક્ષ્મી ભોગાદિકનો ત્યાગ કરી, વગડામાં રહી તાપસવૃત્તિ અંગીકાર કરે છે, નવવાસ સેવે છે,તેમાં જ પ્રીતિ કરે છે,જિંદગી ત્યાં જ ગુજારે છે, સડેલા, પડેલા, સુકા, ફળ ફૂલો પત્રો કંદમૂળાદિકનું ભક્ષણ કરતા નાવું ધોવું હવનાદિક ક્રિયાને વિષે પ્રવર્તતા પૂર્વોત્તર ઉત્કૃષ્ટ હીનપણાથી મિશ્રઅનુબંધ એટલે તેઓ કુશળ અકુશળ બંધવાળા હોય છે તે મધ્યમ કહેવાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫. ઉત્તર માણસ સમગ્ર કર્મના વિયોગને માટે મોક્ષની જ ક્રિયા કરે છે. સંસાર ભોગને વિષે એકાંત નિઃસ્પૃહી થઇ સંસાર જન્ય વાસનાનો ત્યાગ કરનાર હોય છે. સંસારમાં જન્મમરણાદિકના મહાન્ દુઃખની પ્રાપ્તિ મનુષ્યોને સુલભ છે પરંતુ સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થવી દુર્લભ છે માટે માત્ર સમ્યગદર્શનને પામીને જ હું ધીમે ધીમે મોક્ષમાં જઇશ. એવી બુદ્ધિ ધારણ કરી, નાવના અર્થીઓને જેમ ભરસમુદ્રમાં નાવ મળવાથી હર્ષ પામે છે તેમ સમ્યગ્દર્શનથી તુષ્ટમાન થઇ ગુફાને વિષે રહેલા દુષ્ટ વ્યાપારાદિકના ભયના પેઠે સંસારમાં અવશ્ય ભય જ છે, તે ભયથી ત્રાસ પામી સર્વથા પ્રકારે અગર પોતાની શક્તિને અનુસારે પ્રાણાતિપાતાદિકથી વિરામ પામી, સંસારભોગની અભિલાષા છોડી, સંસારજન્ય સંબંધની અસારતાનું ચિંતવન નીચે પ્રકારે કરે છે.

**इंद्रजालोपमेष्वत्र, पितृमातृसुतादिषु,**
**मुधामुधैव कुर्वन्ति, स्नेहंगैहं महापदम् ॥१॥**

ભાવાર્થ : આ સંસારમાં ઇંદ્રજાળની ઉપમાવાળા માતાપિતા પુત્રાદિકને વિષે મુગ્ધ લોકો મહાઆપત્તિના ઘરસમાનસ્નેહને ફોગટ જ કરે છે, ઇંદ્રજાળ સર્વથા કૃત્રિમ હોય છે, તેમજ ઉપર્યુક્ત પણ જાણવા.

**दिनमेकं शशीपूर्णः, क्षीणस्तुबहुवासरान् ।**
**सुखदुखं सुराणा मप्यधिकं काकथानृणाम् ॥१॥**

ભાવાર્થ : આખા માસમાં ફક્ત એક જ દિવસ ચંદ્રમા પૂર્ણ હોય છે અને ઘણા દિવસો સુધી ક્ષીણ રહે છે જ્યારે દેવતાઓને પણ સુખ દુઃખ રહેલ છે તો મનુષ્યોની વાત જ શું કરવી ?

**ज्ञानवान् ज्ञानदानेन, निर्भयोऽभयदानतः ।**
**अन्नदानात्सुखीनित्यं, निव्यार्धिरौषधाद्ध वेत् ॥१॥**

ભાવાર્થ : આ આત્માં જ્ઞાન દાન કરવાથી જ્ઞાની, જીવોને અભયદાન આપવાથી નિર્ભય, અન્નદાન આપવાથી સુખી અને ઔષધનું દાન આપવાથી નિરંતર રોગ રહિત થાય છે. સુખની અભિલાષા કરવાવાળા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવને એ ચારેને વિષે અપ્રમાદી થવું જોઈએ.

એમ ચિંતવી આત્મકલ્યાણ માટે પ્રયત્ન કરે છે. અને મૈત્રી આદિ ચતુર્વિધ ભાવના, યોગમાર્ગમાં આઠે અંગનો અભ્યાસ કરવામાં, પ્રેમ, ધીરજ, પરિષહ, અને બાધાઓની સહનશીલતા, સરલતા, કષાય, તથા આરંભનોત્યાગ,સાવધાનતા, પ્રસન્નપણું, મધુરતા, અને સમાનપણું, એ મોક્ષના રસ્તા ક્યારે હાથ લાગશે આવી ભાવના ભાવતો સિંચન કરી વૃદ્ધિ પામેલ શાલિક્ષેત્રાદિકના પેઠે વચ્ચે દેવાદિકના સુખનો પણ ત્યાગ કરી મોક્ષને માટે જ ઉદ્યમ કરે છે, તે અનવદ્ય કુશલાનું બંધ કરવાથી ઉત્તમ કહેવાય છે.

**सुखायतेतीर्थंकरस्यवाणी, भव्यस्य जीवस्य नचेतरस्य ।**
**सुखायते सर्ववनस्यमेघो, जवासकस्येवसुखायते न ॥१॥**

ભાવાર્થ : સર્વ વનને મેઘ સુખદાયક થાય છે, પરંતુ જવાસાને તે મેઘ સુખ કરતો નથી કારણ કે મેઘના અવસરે જવાસો સુકાઈ જાય છે, તેથી તેને મેઘના આવ્યાથી સુખ થતું નથી, તેમજ તીર્થંકરમહારાજની વાણી ભવ્ય જીવોને સુખ કરનારી થાય છે પરંતુ અભવી દુર્ભવી આદિ બીજા જીવોને સુખ કરનારી થતી નથી.

**नचास्ति धर्मादधिकं च रत्नं, नचास्ति धर्मादधिकं च यंत्रं,**
**नचास्ति धर्मादधिकंचमंत्रं, नचास्ति धर्मादधिकंच तंत्रं ॥**

ભાવાર્થ : ધર્મથકી બીજું કોઈ અધિકરત્ન નથી, ધર્મથકી અધિક બીજું કોઈ યંત્ર નથી, ધર્મથકી અધિક બીજો કોઈ મંત્ર નથી તેમજ ધર્મથકી અધિક બીજો કોઈ તંત્ર નથી.

**मणिनावलयं वलयेनमणिर्मणिनावलयेन विभातिकर :**
**कविनाचविक्षर्विभुनाचकविः कविना विभूनाच विभातिसभः,**
**शशिना च निशानिशया च शशीशशिना निशया च विभातिनभः**
**पयसाकमलं कमलेनपयः पयसाकलमलेन विभातिसरः ॥१॥**

ભાવાર્થ : મણિ વડે કરીકંકણ શોભે છે અને કંકણવડે કરી મણિ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શોભે છે. તથા મણિના કંકણવડે કરી હાથ શોભે છે. કવિ વડે કરી રાજા શોભે છે અને રાજાવડે કવિ શોભે છે. અને કવિ તથા રાજાવડે કરી સભા શોભે છે. ચંદ્રમાવડે કરી રાત્રી શોભે છે અને રાત્રિવડે કરી ચંદ્રમા શોભે છે. અને રાત્રિ અને ચંદ્રમા વડે કરી આકાશ શોભે છે. પાણિવડે કરી કમલ શોભે છે અને કમલવડે કરી પાણી શોભે છે. અને પાણિ તથા કમલવડે કરી સરોવર શોભે છે.

**गृहावास मध्येवसद्देहभाजां, सदाद्रव्यचिंतासदा पुत्रचिंता,**
**सदादारचिंता सदाबंधुचिंता, सुखनास्तिचिंता परस्येति किंचित् १**

ભાવાર્થ : ઘરવાસને વિષે વસનારા જીવોને નિરંતર દ્રવ્યની ચિંતા પુત્રની ચિંતા સ્ત્રીની ચિંતા તથા બંધુની ચિંતા નિરંતરહોય છે. આવી રીતે ચિંતાને વિષે મગ્ન રહેલા જીવોને સંસારને વિષે કાંઈ પણ સુખ છે જ નહિ.

આવા પ્રકારનું ચિંતવન કરી, આત્મસાધન કરવા ઉત્તમ પુરુષ હોય તે કટિબદ્ધ થાય છે.

૬. ઉત્તમોત્તમ માણસ-ક્ષમાદિક પ્રકારયુક્ત ઉત્તમ પ્રકારની મોક્ષની સામગ્રી પામીને નિરંતર તપ ધ્યાન જ્ઞાનવડે કર્મને ક્ષીણ કરી, કેવળજ્ઞાન ઉપાર્જન કરી, બીજા જીવોને મુક્તિને માટે ઉપદેશ કરે છે. જેમકે તીર્થંકર મહારાજા પહેલી અને છેલ્લી પોરિસીમાં ધર્મકર્તાને કહે છે તે પ્રમાણે દિનપ્રતિદિન ઉપદેશ ચાલુ રાખે છે. આવા અક્કલ ઉપદેશ રાગદ્વેષના વિનાશથી કેવલજ્ઞાન પામવાથી ઈંદ્રોથી દેવોથી દાનવોથી માનવોથી યોગીયોથી જે પૂજાય છે તે પુરુષ ઉત્તમોત્તમ કહેવાય છે. તે પૂજ્યથી પણ પૂજ્ય છે, પૂજ્યને પણ પૂજવા લાયક છે, કારણ કે બીજા છદ્મસ્થ છે, જ્ઞાન રહિત છે, આ તો કેવલજ્ઞાની હોવાથી પૂજ્યપદને યથાર્થ લાયક છે. જેમ સભામાંથી રાજા ઊઠે એટલે સભાને ઊઠવાનો પ્રશ્ન જ રહેતો નથી તેમ નિરાગી પૂજાય છે, સરાગી પૂજાતો નથી.

પ્રશ્ન - પૂજા કરવાથી શું થાય ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્તર : મનની પ્રસન્નતા થાય છે. કહ્યું છે કે -

**श्री मज्जैन गृहे जिनप्रतिकृतौ जैनप्रतिष्ठाविधौ,**
**श्री सार्व स्नपने जिनार्चन विधौ श्री संघ पूजादिके ।**
**श्री मच्छासन लेखने च सततं श्री तीर्थयात्रा मुखे,**
**येषां स्वं विनियोगमेति धनिनां धन्यास्त एव क्षितौ ॥१॥**

ભાવાર્થ : જેઓનું ધન શ્રીમાન જિનેશ્વર મહારાજના મંદિરનાં જિનેશ્વર મહારાજની મૂર્તિયો ભરાવવામાં જિનેશ્વર મહારાજના બિંબોની પ્રતિષ્ઠા કરવામાં જિનેશ્વર મહારાજનો સ્નાત્ર કરવામાં જિનેશ્વર મહારાજની પૂજા કરવામાં શ્રી સંઘની ભક્તિ કરવામાં. શ્રી જૈન સિદ્ધાંતો લખાવવામાં તથા તીર્થયાત્રાઓ કરવામાં ખર્ચાય છે, વપરાય છે તે શ્રીમંતો જ આ દુનિયામાં ધન્યવાદ-પ્રશંસાને પાત્ર ગણાય છે.

**मौलिस्वं च जिनेश्वरस्य नमनात् कर्णौं गुणाकर्णनात्,**
**नेत्रेरुपे निरुपणेन रसनां स्तोत्र क्रमोपक्रमैः ।**
**पाणि पूजन कर्म कर्मठतयाचै त्यागमेनक्रमौ,**
**चित्तं संस्मरणात्मकरोति विमलंकश्चिद्विपश्चिन्नरः ॥१॥**

ભાવાર્થ : જિનેશ્વર મહારાજને નમસ્કાર કરી મસ્તકને, જિનેશ્વર મહારાજના ગુણો સાંભળી કર્ણોને,તેમના રૂપને જોઇ નેત્રોને, તેમના ગુણગાન ગાવારૂપ સ્તોત્રના ઉપક્રમ વડે કરી જીભને, તેમની ઉત્તમોત્તમ પ્રકારે પૂજા કરવાથી હાથને, તેમના મંદિર પ્રત્યે જઇ ચરણોને, અને તેમનું સ્મરણ કરી ચિત્તને, કોઈ પંડિત પુરૂષ જ નિર્મળ કરવા માટે શક્તિમાન થાયછે.

માટે જ મનની પ્રસન્નતાથી પરમાત્માનું પૂજન કરવું.

પ્રશ્ન-મનની પ્રસન્નતા વગર કોઈ પૂજા કરે કે ?

ઉત્તર-પૂજા કર્યા બાદ મનની પ્રસન્નતા જ રહે છે, કદાચ થોડા ટાઇમને માટે માની લ્યો કે -મનની પ્રસન્નતા વિના પણ પૂજા કરે છે, પ્રથમ અપ્રસન્ન મનવાળો હોવા છતાં પાછળથી મિત્રના સમાગમથી જેમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રસન્નતાવાળો થાય છે તેમ પૂજા કરનારાની મનની પ્રસન્નતા પણ જાણી લેવી.

પ્રશ્ન-મન પ્રસન્નતાથી શું થાય,

ઉત્તર સમાધિ, એકાગ્રતા, નિવૃત્તિ, થાયછે.

પ્રશ્ન-સમાધિથી શું થાય છે,

ઉત્તર :તેમની ઉત્તમ સેવા

પ્રશ્ન-ઉત્તમ સેવાથી શું થાય છે,

ઉત્તર તેમની દેશનાનું શ્રવણ.

પ્રશ્ન-શ્રવણથી શું થાય છે,

ઉત્તર : ગ્રહણા, ધારણા, ઈહાપોહ વિગેરે

પ્રશ્ન-ગ્રહણા, ધારણા ઈહાપોહથી શું થાય છે.

ઉત્તર :ઉંચા પ્રકારના તત્ત્વનું જ્ઞાન થાય છે.

પ્રશ્ન-તત્ત્વજ્ઞાનથી શું થાય છે.

ઉત્તર : હિત-અહિત પ્રાપ્તિનું પરિહારપણું.

પ્રશ્ન-હિતઅહિત પ્રાપ્તિના પરિહારપણાથી શું થાય છે,

ઉત્તર-કલ્યાણની પ્રાપ્તિ

પ્રશ્ન-કલ્યાણની પ્રાપ્તિથી શું થાયછે ?

ઉત્તર-સમાધિ આદિ મહાનુગુણોની પ્રાપ્તિ થાય છે, માટે પરમાત્માની પૂજા કરવી યુક્ત છે, કૃતાર્થપણું હોવા છતાં પણ, પરમાત્માનું પૂજન ન્યાયયુક્ત છે. હાલમાં કેટલાક જીવો, આળસ પ્રમાદથી કલેશ પામનારા હોય છે,તેઓ શાંત આકૃતિવાળા પરમાત્માના બિંબને દેખી, કાંઈ મોહનીય કર્મના સ્વલ્પપણાથી પરમાત્માના વચનશ્રવણ કરવામાં શ્રદ્ધાવાળા થાય છે, શ્રધ્ધાથી દર્શનનો લાભ થાય છે. કેટલાકને તો પરમાત્માના દર્શન થયા છતાં પણ, અને બોધ નહિ પામતા પણ, વંદન, નમન, સ્તવન, કરવાથી લાભ થાય છે, ગમેતે વ્યક્તિ હોય પણ હૃદયશુદ્ધિથી જ આત્મકલ્યાણ થાય છે. જુઓ-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**यदि वहति त्रिदण्डं नग्नमुंडं जटं वा,**
**यदि वहति गुहायां वृक्ष मूले शिलायाम् ।**
**यदि पठति पुराणं वेद सिद्धान्ततत्त्वम्,**
**यदि हृदयमशुद्धं सर्वमेतन् किंचित्, ॥१॥**

ભાવાર્થ : જો કોઈ ત્રિદંડીપણું, નગ્નપણું, મુંડપણું, જટાધારીપણું ધારણ કરે,જો ગુફામાં 'વૃક્ષ નીચે' શિલાને વિષે વાસ કરે, જો પુરાણ વેદ સિદ્ધાંત તત્ત્વને જાણે, ભણે પરંતુ જો તેનુ હૃદય શુદ્ધ ન હોય તો ઉપરોક્ત તમામ નિરર્થક છે, માટે આત્મકલ્યાણની સાચી અભિલાષાવાળા જીવોને પ્રથમ હૃદયશુદ્ધિ કરવાની જરૂર છે.

પ્રશ્ન- પૂજનારને વિષે કૃતાર્થપણું, નહિ પૂજનારને વિષે ક્રોધ રહિતપણું, આવાસમાન ગુણો જેના રહેલા છે તેને ફાયદો શું ?

ઉત્તરઃ આવી શંકા કરવાનું કાંઈ પ્રયોજન નથી. અગ્નિનો અકોપ એટલે પ્રસાદ પણ, સેવકોને ઇચ્છિત અને નિવૃત્તિના હેતુભૂત થાય છે, વળી બળવાની ઈચ્છા નથી છતાં પણ અગ્નિથી બળે છે, દુષ્ટ બુદ્ધિવાળા જીવો રાગદ્વેષની બુદ્ધિરહિત, અગ્નિના ન્યાયવડે સેવન કરતા, પોતાના આશય દોષથી જ ચંદ્રમા પ્રત્યે પત્થર ફેંકનારાની પેઠે જેમ પોતે જ પોતાનો ઉપઘાત કરનાર થાય છે તેમ પૂજા કરવાવાળો માણસ પણ સારા ફળને ઉપાર્જન કરે છે.

૧. અધમાધમ, જે પુરુષાર્થને વિષે, ઉભય લોક અહિતકારી, વિપરીત અનુષ્ઠાન કરનાર હોય, તે માણસ અધમાધમ કહેવાય છે.

૨. અધમ-જે ઇહલોકના સુખની પ્રાર્થના કરવામાં તત્પર અને પરલોકથી વિમુખ દુઃખ અને ભયથી અતિ નિંદ્ય કર્મ કરનારો, ચોરી કરનાર, પરસ્ત્રીસેવી, વિષયાસક્ત હોય છે એ અધમ કહેવાય છે.

૩. વિમધ્યમ જે ઇહલોક પરલોકને વિષે પ્રયત્ન કરે, દાનાદિકને આપે, અધ્યયનાદિ કરે, સત્કાર, લાભ, યશ, મિત્ર સંબંધી વિગેરેનું ઇહલોક ફલ પામીને, પરલોકને વિષે મનુષ્ય દેવતાની અભિલાષા કરનાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માણસ વિમધ્યમ કહેવાય છે.

૪. મધ્યમ-જે ઇહલોક સુખનો નિરપેક્ષી, પૂજા, ઉપવાસ, બ્રહ્મચર્ય, ગુરુકુલવાસ, ભોજનાદિક, આસેવમાન, પરતીર્થક હોય, તે, અગર લોકોત્તર માર્ગને પામેલ હોય તે, દેવેંદ્ર, ચક્રવર્તી, મહામંડલાદિ, ઐશ્વર્યસમાકૃષ્ટ મનવાળો, અગર સૌભાગ્યાદિકની પ્રાર્થના કરવાવાળો હોય, તપના પ્રભાવને વેચવાથી નિયાણું બાંધવા તત્પર થયેલો હોય, પરલોકના સુખને જ પ્રધાન માનવાવાળો હોય તે પુરુષ મધ્યમ કહેવાય છે.

૫. ઉત્તમ માણસ સર્વકાળે યોગ્યતાદિકનો જાણકાર હોય છે, જુઓ

**आदान वदने दाने, निदाने सदनेऽदने ।**
**आसने शयने याने-ऽप्युत्थाने स्थानेऽर्थने ॥१॥**
**ध्याने निधाने संधाने, योधने बोधने धने ।**
**हाने मात्रेऽभिमाने च, समाह्वाने विवाहने ॥२॥**
**उत्पाटर्न विघटने, घटने खेटनेऽटने ।**
**पाटने कुटने ज्ञाने, विज्ञाने सेवने वने ॥३॥**
**पठने पाठने गाने, कोपने गोपनेऽसने ।**
**एवमादिषु सर्वत्र, यः स्वं वेद विवेद सः ॥४॥**

ભાવાર્થ : આ દાનને વિષે, બોલવાને વિષે દાન દેવાને વિષે કારણને વિષે, ઘરને વિષે, ખાવાને વિષે, આસનને વિષે, શયનને વિષે ગમનને વિષે, ઉત્થાપન કરવાને વિષે, સ્થાપન કરવાને વિષે, યાચના કરવાને વિષે, (૧) ધ્યાનને વિષે, વિધાનને વિષે, સાંધવાને વિષે, યુદ્ધ કરવાને વિષે, બોધ કરવાને વિષે ધનને વિષે હાનિને વિષે, માનને વિષે, અભિમાનને વિષે, બોલાવવાને વિષે, વિવાહને વિષે, (૨) ઉત્પાટનને વિષે, વિઘટનને વિષે, ઘડવાને વિષે, ખેડવાને વિષે, પર્યટન, કરવાને વિષે, પાડી નાખવાને વિષે, કુટવાને વિષે, જ્ઞાનને વિષે, વિજ્ઞાનને વિષે, સેવા કરવાને વિષે, વનને વિષે, (૩) ભણવાને વિષે ભણાવવાને વિષે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્રોધ કરવાને વિષે, ગોપવવાને વિષે, ફેંકવાને વિષે, ઇત્યાદિક કાર્યોને વિષે, જે માણસ સર્વ જગ્યાએ પોતાના આત્માને જાણે છે તે જ માણસ દુનિયામાં સાચો જાણકાર છે એમ જાણવું, કારણ કે દરેક સમયે અવસરનો જાણકાર માણસ જ પોતાના કાર્યનીસિદ્ધિ કરી શકે છે, (૪)

જે માણસ દેખેલ તથા સાંભળેલ અર્થને વિષે શુદ્ધ અતિશય ન દેખવાથી સંતોષ નહિ પામેલો અને સંસારના ભયથકી ઉદ્વેગ પામી, સર્વ સંગ ત્યાગી ઇહલોક પરલોકને વિષે હિતાવહ જાણી, વિષયસુખને વિષે મનને સ્થાપન કરતો નથી, અને કલ્યાણની પરંપરાની પ્રાપ્તિને પ્રધાન માની સર્વથા પ્રકારે ફરીથી ભવની પ્રાપ્તિ ન થાય તેવું ઇચ્છે, ઉત્તમ અનુષ્ઠાન કરવામાં કલેશ રહિત ભાવવાળો પરમાર્થી હોય, તેની પ્રાપ્તિ માટે સર્વથા અતિચારને નહિ લગાડતો, વિશુદ્ધિથી જ્ઞાન, દર્શન, ચારિત્રની એકાંત રીતે પ્રાર્થના કરનાર ઉત્તમ પુરુષ કહેવાય છે.

૬. ઉત્તમોત્તમ માણસ એકાંતર રીતે, અત્યંત નિરાબાધ ફળની પ્રાપ્તિને પામીને, અતિકૃતાર્થ થયા છતાં પણ, પ્રાર્થના કરવા લાયક ફલના અભાવથી, બીજા નિમિત્તભૂત ઉપકારની અપેક્ષા રહિત જીવોને વિષે યાચના કર્યા સિવાય પણ નિરંતર વાત્સલ્યતા ધારણ કરી, અતિ હિતતત્પર સ્વભાવથી જ પરોપદેશે પ્રવર્તે છે તે તીર્થંકરનામકર્મના ઉદયના પ્રભાવથી, ઉપદેશ દેવામાં વિશેષે પ્રવર્તે છે, સૂર્ય જેમ પ્રકાશ કરી સર્વ જગતને ઉપકાર કરે છે તેમ ઉપકારબુદ્ધિથી લોકોને ઉપદેશ આપી, લોકોને ઉપકાર કરનાર હોય તે પુરુષ ઉત્તમોત્તમ કહેવાય છે. એવા મહાપુરુષો દેવના પણ દેવ, અને પૂજ્યના પણ પૂજ્ય કહેવાય છે. તેવા ઉત્તમ પુરુષોની ઇચ્છિત મોક્ષસુખને માટે સેવા કરવી તે યોગ્ય જ છે,

## ઉપદેશ એકસોબત્રીશમો

### ધર્મફળ

શ્રીમાન્ તીર્થંકર મહારાજનો અવતાર લોકોના કલ્યાણને માટે જ થાય છે, તે ધર્મથી જ થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રીમાન્ તીર્થંકર મહારાજાની માતામા ચૌદ સ્વપ્નોને દેખે છે, તે ધર્મથી જ દેખે છે,

શ્રીમાન્ તીર્થંકર મહારાજ માતાનીકુક્ષીમાં આવે છે ત્યારે ત્રણ જ્ઞાન સહિત હોય છે, તે ધર્મના જ પ્રતાપે,

શ્રીમાન્ તીર્થંકર મહારાજા માતાના ગર્ભમાં આવે છે કે તુરત હે રત્નકુક્ષિધારિણી ! હે જગન્માત ! તુભ્યં નમઃ એમ બોલી ઈંદ્ર મહારાજા સ્ત્રીને પણ નમસ્કાર કરે છે તે ધર્મના જ પ્રતાપે.

શ્રીમાન્ તીર્થંકર મહારાજાના ઘરને વિષે, ઈંદ્રમહારાજા સુવર્ણરત્નોની વૃષ્ટિ કરે છે, તે ધર્મના જ પ્રતાપે.

શ્રીમાન્ તીર્થંકર મહારાજાના અવતાર સમયે, ત્રણે લોકના જીવો આનંદ પામે છે, એટલું જ નહિ પણ, નારકીના જીવો પણ ક્ષણ માત્ર સુખ પામે છે,તે ધર્મના પ્રતાપો.

શ્રીમાન્ તીર્થંકર મહારાજના અવતાર સમયે, હરિણગમૈષી દેવ, પાંચસોદેવતાના સાથે, સુઘોષા ઘંટ વગાડી દેવોને ભગવાનનો અવતાર જણાવે છે, તે ધર્મના પ્રતાપે.

શ્રીમાન્ તીર્થંકર મહારાજના જન્મસમયે, અચલ એવું ઈંદ્ર મહારાજનું સિંહાસન ચલાયમાન થાય છે, તે ધર્મના પ્રતાપે.

શ્રીમાન્ તીર્થંકર મહારાજાના જન્મસમયે, છપ્પન દિક્કુમારિકા આવી સૂતિકર્મ કરે છે, તે ધર્મના પ્રતાપે.

શ્રીમાન્ તીર્થંકર મહારાજાના, આહાર નિહારને ચર્મચક્ષુ વાળા દેખતા નથી, તે ધર્મના પ્રતાપે.

શ્રીમાન્ તીર્થંકર મહારાજા અનંત, રૂપ, બલ, વીર્યના ધણી હોય છે, તે ધર્મના પ્રતાપે.

શ્રીમાન્ તીર્થંકર મહારાજના કલ્યાણક દિવસે, ઈંદ્રમહારાજાદિક મહોત્સવ કરે છે, તે ધર્મના પ્રતાપે.

શ્રીમાન્ તીર્થંકર મહારાજા, દીક્ષા લેતી વખતે, બાર માસ પહેલા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાર્ષિક દાનમાં ૩૮૮ ક્રોડ, ૮૦ લાખ સોનમહોરોનું દાન આપે છે તે ધર્મના પ્રતાપે.

શ્રીમાન્ તીર્થંકર મહારાજા પોતાના હાથથી દાન લેનારા ભવ્ય જીવોને મુક્તિની છાપ આપે છે, તે ધર્મના જ પ્રતાપે.

શ્રીમાન તીર્થંકર મહારાજા દીક્ષા લીધા પછી જેને ઘરે વહોરવા જાય છે તે જીવોને સાડાબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ સાથે ભવ્ય પણાની છાપ આપે છે,તે ધર્મના પ્રતાપે.

શ્રીમાન્ તીર્થંકર મહારાજના બાર ગુણો, ચોત્રીશ અતિશય, પાંત્રિશ વચનવાણી હોય છે, તે ધર્મના જ પ્રતાપે.

શ્રીમાન્ તીર્થંકર મહારાજા, સુરસંચારિત નવ સુવર્ણકમલો પર પગ મૂકીને વિચરનારા, તથા રૂપ્ય, સુવર્ણ, મણિમય, સમવસરણને વિષે બેસી, ધર્મદેશના આપે છે,તે ધર્મના પ્રતાપે.

શ્રીમાન્, ઋષભદેવસ્વામીને, ચોરાશી લાખ પૂર્વ વર્ષના આયુષ્યમાં કોઈ દિવસ માથું સરિખુ પણ દુઃખ્યું નથી તથા વર્ષીતપને પારણે સબળ સેરડીના રસનું પારણું કર્યા છતાં પણ તે રસ ઝરી ગયો,તે ધર્મના જ પ્રતાપે.

શ્રીમાન્ અજિતનાથ મહારાજા માતાના ગર્ભમાં આવ્યા પછી, જિતશત્રુ રાજા વિજયરાણી સાથે સોગઠાબાજી રમતાં, એક પણ દાવમાં જીતી શકયા નહીં, તે ધર્મના પ્રતાપે.

શ્રીમાન શાંતિનાથ મહારાજા માતાના ગર્ભમાં આવ્યા બાદ, અચિરામાતાને, સ્નાન કરાવી, પાણી છાંટવાથી, પ્રથમ હજારો ઉપાયો શાંત કરવા કર્યા છતાં પણ નહિ શાન્ત થયેલ મરકીને ઉપદ્રવ તુરત શાંત થયો, તે ધર્મના પ્રતાપે.

શ્રીમાન્ શાંતિનાથ,કુંથુનાથ, અરનાથ-આ ત્રણે તીર્થંકરો એક ભવમાં અલભ્ય ચક્રવર્તી પદ અને તીર્થંકરપદ સમકાળે બે પદ પામ્યા, તે સર્વ ધર્મના પ્રતાપે.

શ્રીમાન્ વર્ધમાનસ્વામીના અવતારે, સિદ્ધાર્થ રાજાના ઘરમાં સર્વથા





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકારે દિનપ્રતિદિન તમામ પ્રકારે વૃદ્ધિ થઇ તે ધર્મના પ્રતાપે.

ચક્રવર્તીયો, અદ્ભુત સુખના ભોક્તા થાય છે તે ધર્મના પ્રતાપે.

બાહુબલી ચક્રવર્તી નહિ છતાં, તમામ બાબતમાં ભરત ચક્રવર્તીને જીત્યા તે ધર્મના પ્રતાપે.

સનત્કુમારને વિવિધ પ્રકારની લબ્ધિયો ઉત્પન્ન થઇ,તે ધર્મના પ્રતાપે.

અંબુચીચ રાજા થયો, તે ધર્મના પ્રતાપે.

નંદના લેપમય પુરુષો લડ્યા, તે ધર્મના પ્રતાપે

સૂભૂમચક્રવર્તીને થાલ ચક્ર થયું, તે ધર્મના પ્રતાપે

કરકંડુરાજાને લાકડી વીજળી થઇ, તે ધર્મના પ્રતાપે.

પુણ્યાઢય રાજાને તૃણવજ્ર થયું, તે ધર્મના પ્રતાપે.

પાંચે પાંડવોને સુરંગ રાખ થઇ ગઇ તે ધર્મના પ્રતાપે.

ધન્નો, શાલિભદ્ર, કયવન્નો, ઋદ્ધિ-સિદ્ધિના ભોક્તા થયા,તે ધર્મના જ પ્રતાપે.

વસ્તુપાળને સ્વપ્ન આપી, દક્ષિણાવર્ત શંખ મળ્યો, તથા કૃષ્ણચિત્રાવેલી મલી તથા ઉત્તમ પ્રકારના લાભો મળ્યા,તે ધર્મના પ્રતાપે.

કુમારપાલે અઢાર દેશમાં, અમારીનો પડહ વગડાવ્યો, તે ધર્મપ્રતાપે.

વાસુદેવોને ચક્રવર્તીના રાજ્યથી, અર્ધીઋદ્ધિ હોય છે,તે ધર્મ પ્રતાપે.

વસુદેવનું અદ્ભૂત રૂપ અને ૭૨ હજાર સ્ત્રીયોનું સ્વામીપણું થયું, તે ધર્મ પ્રતાપે.

વસુદેવની ૭૨ હજાર સ્ત્રિયો મુક્તિમાં ગઇતે ધર્મ પ્રતાપે.

રોહિણીના પુત્રને ગોખથી નીચે નાખ્યા છતાં પણ અશોકીપણું, તે સર્વ ધર્મના પ્રતાપે.

ધમ્મિલકુમારને ચારે તરફથી સુખસંપત્તિ મળી, તે ધર્મના પ્રતાપે.

વિક્રમરાજાને અગ્નિવેતાલ દેવ વશ, બે સુવર્ણ પુરુષની પ્રાપ્તિ, ભટ્ટ આદિ મિત્રો, પરોપકારરસિકતા, પરસ્ત્રીસહોદરતા, ચંદ્ર સૂર્ય સુધી કીર્તિ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્પન્નથઇ, તે ધર્મના પ્રતાપે.

અભયકુમારને ઔત્પાતિકી, વૈનેયિકી, કાર્મિકી, પરિણામકી ચાર પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન થઇ, તે ધર્મના પ્રતાપે.

રોહાની શીઘ્ર બુદ્ધિ, તે પણ ધર્મના પ્રતાપે.

ડામરદૂતની શીઘ્ર બુદ્ધિ, તે પણ ધર્મના પ્રતાપે.

બે લાખ યોજનના લવણસમુદ્રની શીખા,સોળ હજાર યોજન ઊંચી ચડે છે, વલંધર દેવતા પાણીના સમૂહને ધારણ કરી રાખે છે, આવો લવણસમુદ્ર મર્યાદા મૂકી જંબૂદ્વીને બોળી દેતો નથી, તે ધર્મના પ્રતાપે.

અગ્નિ તિર્યગ્નથી બળતો, તે ધર્મના પ્રતાપે.

પવન સર્વ જગ્યાએ વાય છે,તે ધર્મના પ્રતાપે.

મેઘ સમગ્ર દુનિયામાં વર્ષી, અન્ન, પાણી, ઘાસની વૃદ્ધિ કરે છે, તે ધર્મના પ્રતાપે.

ચિંતામણિ, કામકુંભ કામધેનુ, કલ્પવૃક્ષ, ચિત્રવેલી, દક્ષિણાવર્ત શંખ, પારસમણિ, વિગેરે દેવતાધિષ્ટત પદાર્થોની પ્રાપ્તિથાય છે, તે ધર્મના પ્રતાપે.

સૌધર્મેંદ્રને ૩૨ લાખ વિમાન, ૮૪ હજાર પ્રત્યેક દિશામાં રક્ષણ કરનારા દેવો, ૮ ઈંદ્રાણિયો વિગેરેનું પ્રભુત્વપણું તે ધર્મનાપ્રતાપે.

ચક્રવર્તીને ૯૬ કોટી ગામ, ૯૬ કોટી પાયદળ, ૮૪ લાખ હાથી, ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ રથ, ૧ લાખ બાણું હજાર વારાંગના, ૩૨ હજાર દેશ, ૩૨ હજાર મુકુટબદ્ધ રાજા, ૨૫ હજાર યક્ષ, ૧૪ રત્નો, ૯ નિધિયો વિગેરેનું નાયકપણું તે ધર્મના પ્રતાપે.

લોકોના ઘરમાં મદ ઝરનારા મદોન્મત્ત હાથીઓ, જાતિવંત ઉત્તમ ઘોડાઓ વિગેરે સામગ્રી મળે છે, તે ધર્મના પ્રતાપે.

શ્રેણિક, વિક્રમ, સંપ્રતિ, આમ, કુમારપાળ વિગેરે મહાન્ રાજાઓ ધર્મિષ્ઠ થયા,તે ધર્મના જ પ્રતાપે.

સાધુસિંહ, મહણસિંહ, ગજસિંહ, જગતસિંહ, સમરરાજ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જગડુશાહ, રત્નાશાહ, વસ્તુપાળ,તેજપાળ,વિમળ, આભુ બાહડ, ઉદાયન, સાજન, ઝાંઝણ, પેથડ, દેદાશા આદિ, મહામંત્રિયો, અને શ્રીમંતો જૈન શાસનના શણગાર, કોટાકોટી લક્ષ્મીના અધિપતિ થયા, તે ધર્મના પ્રતાપે.

શ્રી ભોજ તથા કર્ણાદિકને દાન કરવાની શક્તિ થઇ તે ધર્મના પ્રતાપે.

શ્રી બપ્પભટ્ટસૂરિ નિરંતર સાતસો શ્લોકને કંઠે કરતા તે ધર્મના પ્રતાપે.

શ્રી વજ્રસ્વામી મહારાજાએ પારણામાં સૂતા સૂતા ૧૧ અંગનું જ્ઞાન મેળવ્યું, તે ધર્મના પ્રતાપે.

દુર્બલિકા પુષ્પમિત્રને સબળ આહારથી પણ દુર્બલતા તે ધર્મના પ્રતાપે.

સોમપ્રભસૂરિને દરેક ગાથા શ્લોકના સો સો અર્થ કરવાની શક્તિ હતી, તે ધર્મના પ્રતાપે.

દેવસૂરિ મહારાજાએ ૮૪ વાદમાં જયપતાકા મેળવી, તે ધર્મના પ્રતાપે.

હેમચંદ્ર મહારાજને શ્રી સરસ્વતીદેવીને સિદ્ધ કરવાની શક્તિ તથા કુમારપાળને બોધ કરવાનું સામર્થ્ય હતું, તે સર્વ ધર્મના પ્રતાપનું જ કરાણ છે.

મલયગિરિ મહારાજને તથા અભયદેવસૂરિ મહારાજને સકલ સિદ્ધાંતની ટીકા કરવાનું સામર્થ્ય ઉત્પન્ન થયું હતું તે ધર્મના પ્રતાપે.

કિંબહુના સારો દેશ, સારો વેશ સારૂં રુપ, નિરોગી શરીર, યશમાનવૃદ્ધિ, દાનશક્તિ, ભોજનશક્તિ, રતિશક્તિ, ગીતશક્તિ વિવિધ પ્રકારની સમૃદ્ધિ વિગેરે જીવોને ધર્મના પ્રતાપે જ પ્રાપ્તથાય છે.

**यतो सत्यं ततो लक्ष्मी, यतो लक्ष्मीस्ततः सुखं, ।**
**यतः सुखं ततो धर्मः, यतो धर्मसत्तो जयः ॥१॥**

ભાવાર્થ : જ્યાં સત્ય છે ત્યાં લક્ષ્મી છે, અને જ્યાં લક્ષ્મી છે ત્યાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુખ છે. જ્યાં સુખ છે ત્યાં ધર્મ છે અને જ્યાં ધર્મ છે ત્યાં જય છે.

**आयुर्वृद्धिर्यशोवृद्धिः, वृद्धिः प्रज्ञासुखश्रियाम् ।**
**धर्मसंतानवृद्धिश्च, धर्मात् सप्तापिवृद्धयः ॥१॥**

ભાવાર્થ : આયુષ્યની વૃદ્ધિ ૧, યશની વૃદ્ધિ ૨, બુદ્ધિની વૃદ્ધિ ૩, સુખની વૃદ્ધિ ૪, લક્ષ્મીની વૃદ્ધિ ૫, ધર્મની વૃદ્ધિ ૬, સંતાનની વૃદ્ધિ ૭, એ સાતે વૃદ્ધિયો ધર્મથી પ્રાપ્ત થાય છે.

**आचारप्रभवो धर्मो,नृणों श्रेयस्करो महान् ।**
**इहलोके परा कीर्तिः, परत्र परमं सुखम् ॥१॥**

ભાવાર્થ : શુભ આચારથી ઉત્પન્ન થયેલો ધર્મ મનુષ્યોને મહાકલ્યાણ કરનાર થાય છે. ઈહલોકને વિષે ઉત્કૃષ્ટ કીર્તિ મળે છે અને પરલોકે પરમ સુખ પ્રાપ્ત થાય છે.

**सर्वागमानामाचारः प्रथमं परिकल्पते ।**
**आचारप्रभवोधर्मो, धर्मस्य प्रभुरच्युतः ॥२॥**

ભાવાર્થ : સર્વ આગમોને વિષે મુખ્ય સારો આચાર કહેલો છે, કારણ કે સારા આચાર થકી ઉત્પન્ન થયેલ ધર્મ કદાપિ કાલે ભ્રષ્ટા નહિ પામનાર ધર્મનો પ્રભુ છે, અર્થાત્ સદ્ આચારથી કોઈ દિવસ કોઈ માણસ ભ્રષ્ટ થતો નથી. સદ્ આચાર વિના કરેલા તમામ કાર્યો નિરર્થક કહેલા છે.

**तातश्चन्द्रबलं ततो ग्रहबलं ताराबलं भूबलं,**
**तावत् सिद्धयति वांछितार्थमखिलं तावज्जनः सज्जनः ।**
**विद्याराधनमंत्रयंत्रमहिमा तावत् कृतं पौरु षं,**
**यावत् पुण्यमिदं सदा विजयते पुण्यक्षये क्षियते ॥१॥**

ભાવાર્થ : જ્યાં સુધી પ્રાણિયોને પોતાના પુન્યકર્મનો ઉદય હોય ત્યાં સુધી જ ચન્દ્રમાનું બલ હોય છે, ગ્રહબલ પણ ત્યાં સુધી જ હોય છે, તારાબલ અને ભૂમિબલ પણ ત્યાં સુધી જ હોય છે. ત્યાં સુધી જ તમામ ઈચ્છિત કાર્યો સિદ્ધિભાવને પામે છે ત્યાં સુધી જ લોકો સજ્જનતા ધારણ કરે છે. વિદ્યાનું આરાધન અને મંત્ર, યંત્રનો મહિમા તેમજ કરેલ પુરૂષાર્થ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યાં સુધી ફલીભૂત થાય છે. સદા વિજય મેળવે છે, પરંતુ તે પુણ્યના ક્ષય થવાથી ઉપરોક્ત તમામ નાશ પામે છે.

**औषधं, मंत्रवादं च, नक्षत्रं ग्रहदेवता ।**
**भाग्यकाले प्रसीदंति, अभाग्ये यान्ति विक्रियाम् ॥१॥**

ભાવાર્થ : ઔષધ, મંત્રજાપ, નક્ષત્ર, ગ્રહો, દેવતા, આ સર્વે ભાગ્યના સમયે પ્રસન્ન થાય છે અને અભાગ્યના ઉદયથી વિક્રિયાને પામે છે.

## ઉપદેશ એકસોતેત્રીશમો

### કોનું કેટલું બળ

વળી વિચારસંગ્રહને વિષે પણ કેવલજ્ઞાની મહારાજાએ કહેલું છે.

| | | |
|---|---|---|
| ૧૨ | પુરૂષ જેટલું બળ | ૧ બળદનું હોય છે. |
| ૧૦ | બળદ જેટલું બળ | ૧ ઘોડાનું હોય છે. |
| ૧૨ | ઘોડા જેટલુ બળ | ૧ પાડાનું હોય છે. |
| ૫૦૦ | પાડા જેટલુ બળ | ૧ હાથીનું હોય છે. |
| ૫૦૦ | હાથી જેટલું બળ | ૧ સિંહનું હોય છે. |
| ૨૦૦૦ | સિંહ જેટલુ બળ | ૧ અષ્ટાપદનું હોય છે. |
| ૧૦ | લાખ અષ્ટાપદ જેટલુ બળ | ૧ બળદેવનું હોય છે. |
| ૨ | બળદેવ જેટલુ બળ | ૧ વાસુદેવનું હોય છે. |
| ૨ | વાસુદેવ જેટલુ બળ | ૧ ચક્રવર્તીનું હોય છે. |
| ૧ | કોટી ચક્રવર્તી જેટલુ બળ | ૧ દેવતાનું હોય છે. |
| ૧ | કોટી દેવ જેટલુ બળ | ૧ ઈંદ્રનું હોય છે. |

અનંત ઈંદ્ર જેટલુ બળ ૧ તીર્થંકર મહારાજની ટચલી આંગળીના અગ્રભાગમાં હોયછે.

સર્વે જિનેશ્વરો, અનંત બળવાલા હોય છે.

સર્વે જિનેશ્વરો, અનંત જ્ઞાનદર્શનવાળા હોય છે.

સર્વે સુરેંદ્રોને વંદન કરવા લાયક હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એવી રીતે પાંચ ગાથાને વિષે તીર્થંકરાદિકનું વર્ણન કરેલ છે. કલ્પસૂત્રબાલાવબોધે, નેમિનાથાધિકારે, અંતરવાચનામાં કહેલ છે.

## ઉપદેશ એકસો ચોત્રીસમો

### કર્મ-બલીષ્ઠ-કર્મફળ

૧. આનાદિનાથ ભગવાનને, બાર માસ આહાર ન મલ્યો તે કર્મના જ પ્રતાપે.

૨. આદિનાથજીના દીકરા થઈ, ભરત, બાહુબળી અરસ્પરસ ઝુઝયા તે પણ કર્મના જ પ્રતાપે.

૩. ત્રણ લોકમાં અદ્વિતીય મલ્લ, ભગવાન મહાવીર મહારાજા નીચ કુલમાં આવ્યા, તેમને ગોવાળીયાએ, શૂલપાણિયક્ષે સંગમદેવતાએ, કટપુતના રાક્ષસીયે, સુદષ્ટ્રદેવતાએ, ઘોરઉપસર્ગો કર્યા, ગોવાળીયાએ પગ ઉપર રસોઈ કરી, કાનમાં ખીલા નાખ્યા, સાડા બાર વર્ષ સુધી મહાઉપસર્ગો થયા અને કેવલી અવસ્થાને વિષે પણ ગોશાળાએ તેજોલેશ્યા મૂકવાથી છ માસ લોહી-ખંડ ઝાડો રહ્યો વિગેરે દુઃખો ભગવાનને પ્રાપ્ત થયા, તે કર્મના જ પ્રતાપે.

૪. સોમિલ સસરાએ ગજસુકુમાલને મસ્તકે ચોમેર માટીની પાળ બાંધી, ખેરના અંગારા ધારણ કર્યા તે પણ કર્મના જ પ્રતાપે.

૫. પાપી પાલકે સ્કંધકસૂરિના પાંચસો શિષ્યને ઘાણીમાં ઘાલી પીલ્યા, તે પણ કર્મના જ પ્રતાપે.

૬. સનત્કુમારને સોળ રોગો સમકાળે શરીરમાં ઉત્પન્ન થયા અને સાતસો વર્ષ વેદના ભોગવી તે પણ કર્મના જ પ્રતાપે.

૭. કૌશંબીનગરીમાં ધનવાન છતાં પણ, પૂર્વ અવસ્થામાં સાધુને નેત્રપીડા થઈ, તે પણ કર્મના પ્રતાપે જ.

૮. નમિરાજર્ષિના અંતઃપુરમાં ભયંકર દાહ થયો, તે પણ કર્મના જ પ્રતાપે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૯. દેવતાઓથી સેવાયેલ બ્રહ્મદત્ત ચક્રીની આંખો ગઇ તે કર્મના જ પ્રતાપે.

૧૦. ઉજ્જયિની નગરીમાં મહાયશી અવંતીસુકમાલનું, શીયાળણીએ, ભક્ષણ કર્યું તે પણ કર્મના પ્રતાપે જ.

૧૧. પવિત્ર સતી દ્રૌપદીના પાંચ પતિ થયા, તે કર્મ પ્રતાપે.

૧૨. સતીયોને માથે કલંકો આવ્યા તે કર્મના પ્રતાપે.

૧૩. રાજકુમારી ચંદનબાળા ચૌટે વેચાણી, તે કર્મના પ્રતાપે.

૧૪. કુલીન મૃગાપુત્રને દુખ થયું,તે કર્મના પ્રતાપે.

૧૫. રાજકુલમાં ઉત્પન્ન થયા છતાં પણ વસુદેવને ભટકવું પડ્યું તે કર્મના જ પ્રતાપે.

૧૬. પાર્શ્વનાથજીને કમઠે ઉપસર્ગ કર્યો તે કર્મના જ પ્રતાપે.

૧૭. નેમનાથજીના શિષ્ય, કુષ્ણ વાસુદેવનો પુત્ર, દ્વારિકા જેવી નગરી છતાં પણ ઢંઢણ ઋષિને આહાર ન મલ્યો, તે કર્મ પ્રતાપે જ.

૧૮. વગડામાં જ રાજકુમારના હાથે કૃષ્ણનું મરણ થયુંતે કર્મના પ્રતાપે જ.

૧૯. પાંચ પાંડવો રાજ્ય તથાદ્રૌપદીને જુગારમાં હાર્યા તે કર્મના પ્રતાપે જ.

૨૦. રામ-લક્ષ્મણ સીતાને ગુમાવી વનમાં ભટકયા, તે કર્મના પ્રતાપે જ.

૨૧. નળરાજાએ દમયંતીને, વગડામાં છોડી, તે પણ કર્મના પ્રતાપે.

૨૨. અનુત્તર વિમાનના દેવતાઓ એકાંત સુખીયા છતાં પણ તેને એક વાર ગર્ભમાં આવવું પડે છે તે કર્મના પ્રતાપે.

૨૩. મેતારજ મુનિને સોનીએ ઉપસર્ગ કર્યો તે કર્મના પ્રતાપે.

૨૪. સુકોશલ મુનિને વાઘણે વિદાર્યા તે કર્મના પ્રતાપે,

૨૫. ચંદ્ર નિરંતર એક-એક કળાથી ઘટે છે તે કર્મના પ્રતાપે

૨૬. સૂર્ય રાત્રિદિવસ ગગનમાં રખડ્યા કરે છે તે કર્મના પ્રતાપે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૭. ઈશ્વર દેવ, પાર્વતી રાણી, જગતના કર્તા થઈ નિરંતર શ્મશાનમાં જ વાસ કરે છે તે કર્મના પ્રતાપે.

## ઉપદેશ એકસોપાંત્રીસમો

### ચારે ગતિમાંથી મનુષ્ય થઇ એક સમયે કેટલા મોક્ષે જાય.

૧. પહેલી નરકથી નીકળી, મનુષ્ય થઈ, એક સમયે ૧૦ મોક્ષે જાય.

૨. બીજી નરકથી નીકળી મનુષ્ય થઈ એક સમયે ૧૦ મોક્ષે જાય.

૩. ત્રીજી નરકમાંથી નીકળી, મનુષ્ય થઈ, એક સમયે ૧૦ મોક્ષે જાય.

૪. ચોથી નરકમાંથી નીકળી, મનુષ્ય થઈ, એક સમયે ૪ મોક્ષે જાય.

૫. પાંચમી નરકમાંથી નીકળેલ મનુષ્ય થાય તો ચારિત્ર લે, પણ મોક્ષે ન જાય.

૬. છઠ્ઠી નરકમાંથી મનુષ્ય થાય તો દેશવિરતિ પામે, સર્વવિરતિ નહિ.

૭. સાતમી નરકથી નીકળી મનુષ્ય થાય તો સમકિત પામે, દેશવિરતિ નહિ.

૮. પૃથ્વીકાય, અપકાયમાંથી નીકળી મનુષ્ય થઈ, મોક્ષે જાય તો એક સમયે ઉત્કૃષ્ટ ૪ મોક્ષે જાય,

૯. તેઉકાય, વાઉકાયમાંથી નીકળી તિર્યંચ થાય, મનુષ્ય ન થાય, તિર્યંચપણામાં પણ કેવલીભાષિત ધર્મ લહે પણ સદહે નહિ.

૧૦. વનસ્પતિકાયાંથી નીકળી મનુષ્ય થઈ મોક્ષે જાય તો, એક સમયે ઉત્કૃષ્ટ ૬ જાય.

૧૧. વિકલેંદ્રિયથી નીકળી, મનુષ્ય થઈ, ચારિત્રલે, ચાર જ્ઞાન ઉપાર્જન કરે પણ કેવલજ્ઞાન ન પામે, ઈતિ સંગ્રહણીવૃત્તો.

૧૨. તિર્યંચ-તિર્યંચમાંથી નીકળી, મનુષ્ય થઈ મોક્ષે જાય તો એક સમયે ઉત્કૃષ્ટ ૧૦ મોક્ષે જાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૩. મનુષ્યથી નીકળી, મનુષ્ય થઇ, એક સમયે ઉત્કૃષ્ટ ૧૦ મોક્ષે જાય.

૧૪. મનુષ્યણીથી નીકળી, મનુષ્ય થઇ મોક્ષે જાય તો એક સમયે ઉત્કૃષ્ટ ૨૦ મોક્ષે જાય.

૧૫. ભુવનપતિ વ્યંતરજ્યોતિષી દેવોથી મનુષ્ય થઇ, ઉત્કૃષ્ટ એક સમયે ૧૦ મોક્ષે જાય.

૧૬. ભુવનપતિની દેવી અને વ્યંતરની દેવીથી મનુષ્ય થઇ એક સમયે ઉત્કૃષ્ટ પાંચ મોક્ષે જાય.

૧૭ જ્યોતિષિની દેવીથી મનુષ્ય થઇ, એક સમયે ઉત્કૃષ્ટ ૨૦ મોક્ષે જાય,

૧૮ વૈમાનિક દેવીથી મનુષ્ય થઇ, એક સમયે ઉત્કૃષ્ટ ૧૦૮ મોક્ષે જાય.

૧૯. વૈમાનિક દેવોથી મનુષ્ય થઇ એક સમયે ઉત્કૃષ્ટ ૨૦ મોક્ષે જાય ક્યા લિંગે કેટલા મોક્ષે જાય.

૨૦. જૈનલિંગે એક સમયે ઉત્કૃષ્ટ ૧૦ મોક્ષે જાય.

૨૧. અન્યલિંગિ તાપસાદિક એક સમયે ઉત્કૃષ્ટ ૧૦ મોક્ષે જાય.

૨૨. ગૃહસ્થલિંગે એક સમયે ઉત્કૃષ્ટ ૪ મોક્ષે જાય.

૨૩. પુરુષલિંગે એક સમયે ઉત્કૃષ્ટ ૧૦૮ મોક્ષે જાય.

૨૪. સ્ત્રીલિંગે એક સમયેઉત્કૃષ્ટ ૨૦ મોક્ષે જાય,

૨૫ નપુંસકલિગે એક સમયે ઉત્કૃષ્ટ ૧૦ મોક્ષે જાય,

૨૬ ઉર્ધ્વલોકથી આવેલા એક સમયે ઉત્કૃષ્ટ ૪ મોક્ષેજાય,

૨૭ અધોલોકથી આવેલા એક સમયે ઉત્કૃષ્ટ ૨૦ મોક્ષે જાય,

૨૮ તિર્છાલોકથી આવેલા એક સમયે ઉત્કૃષ્ટ ૧૦૮ મોક્ષે જાય,

૨૯ સમુદ્રમાં એક સમયે ઉત્કૃષ્ટ ૨ મોક્ષેજાય,

૩૦ પાણીમાં એક સમયે ઉત્કૃષ્ટ ૩ મોક્ષે જાય

૩૧ ઉત્કૃષ્ટી અવગાહનાયે એક સમયે ઉત્કૃષ્ટ ૨ મોક્ષે જાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩૨ જઘન્ય અવગાહનાયે એક સમયેઉત્કૃષ્ટ ૪ મોક્ષે જાય

૩૩ મધ્યમ અવગાહનાયે એક સમયે ઉત્કૃષ્ટ ૧૦૮ મોક્ષે જાય

જેને વિશેષ જાણવાની ઇચ્છા હોય તેણે બૃહત્સંગ્રહણીમાં જોઈ લેવું.

## ઉપદેશ એકસો છત્રીશમો

### અસ્વાધ્યાય

યોગ્ય કાળે શ્રુત ભણવું, ભણાવવું, તથા વ્યાખ્યાન કરવું તે શ્રુતધર્મનો પ્રથમ આચાર પંડિત પુરૂષોયે કહેલો છે.

અગ્યાર અંગ અને ઉત્તરાધ્યયન વિગેરે કાલિક શ્રુત કહેવાય છે, તે દિવસે તથા રાત્રિયે પહેલી અને ચોથી પોરિસીમાં ભણવું, ગણવું, અને દસવૈકાલિક વિગેરે તથા દ્રષ્ટિવાદ ઉત્કાલિક શ્રુત કહેવાય છે. તેનો ભણવા વિગેરેનોકાળ સર્વ પોરિસીનો છે, તેમાં સૂત્રની પોરિસીમાં સૂત્ર ભણવું, અને અર્થની પોરિસીમાં અર્થ, અથવા ઉત્કાલિક શ્રુત વિગેરે ભણવું દિવસેતથા રાત્રિની પહેલી અને છેલ્લી પોરિસીમાં અસ્વાધ્યાય (અસજ્જાય) ને અભાવે ભણાય તેથી તેનું નામ કાલિક કહેવાય છે, કાલિકનો શબ્દાર્થ એવો છે કે યોગ્ય કાળેજ ભણવું તે અને માત્ર કાળવેલા શિવાય બધી પોરિસીમાં ભણાય તેને ઉત્કાલિક કહ્યું છે, કાલિક તથા ઉત્કાલિક બન્ને શ્રુતનો લઘુ અનધ્યાય કાળ બે ઘડીનો છે.તેવી કાળ વેળા પ્રત્યેક અરોહાત્રમાં ચાર આવે છે, તેટલો વખત તજવો તે ચાર વખત આ પ્રમાણે ૧. સંધ્યાવખતે (સાયંકાળે) ૨. મધ્ય રાત્રિયે ૩. પ્રભાતે ૪. મધ્યાન્હ વખતે, એ ચાર કાળ વેળાયે તો કોઈ દિવસ સ્વાધ્યાય કરવો નહિ, પણ પડિલેહણ વિગેરે બીજી ક્રિયા કરવાનો નિષેધ નથી, અન્ય ધર્મમાં પણ કાળને વખતે સંધ્યા-વંદન વિગેરે ક્રિયાઓ કરવામાં આવે છે, બ્રાહ્મણો હંમેશા ત્રણ સંધ્યાયે મળી ત્રણસો ચોવીશ વાર ગાયત્રી મંત્રનો જાપ પૂર્ણ કરે છે, દુષ્કાળ વખતે સર્વ શાસ્ત્રોમાં સૂત્રાદિકનું પઠન-પાઠન સર્વથા નિષેધ કરેલું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અસ્વાધ્યાયકાળે સ્વાધ્યાય કરવો નહિ.

મૂર્ખ માણસ હંમેશાં અનાધ્યાય વખતે સ્વાધ્યાય કરે છે, પરંતુ યોગ્ય વખતેકરેલી ક્રિયાઓ જ ફળીભૂત થાય છે. અનધ્યાયનો સમય ઘણાં પ્રકારનો છે. તેનું યથાર્થ સ્વરૂપ આવશ્યકનિર્યુક્તિની વૃત્તિમાં પ્રતિક્રમણ અધ્યયનથી તથા પ્રવચનસારોદ્ધારના બસો અડસઠમાં દ્વારથી જાણી લેવું. અહીં તેનું કંઈક સ્વરૂપ લખીએ છીએ.

૧. જ્યારે આકાશમાંથી સૂક્ષ્મ રજ પડે, ત્યારે જેટલો કાળ પડે. તેટલો અસ્વાધ્યાય કાળ જાણવો, તેમજ ધુંવાર જેટલો કાળ પડે તેટલો અસ્વાધ્યાય કાળ જાણવો, તેમાં વિશેષ એટલું કે ધુંવાર પડતો હોયતેટલો વખત મુનિએ અંગોપાંગની ચેષ્ઠા કર્યા વિના મકાનમાં જ બેસી રહેવું.

૨. ગંધર્વનગર (આકાશમાં નગર જેવું દેખાય તે,) ઉલ્કાપાત, દિશાઓનો દાહ અને વિદ્યુત્પાત થાય ત્યારે તેટલા વખત ઉપરાંત એક પહોર સુધી અસ્વાધ્યાયકાળ જાણવો.

૩. અકાળે (વર્ષાઋતુ વિના) વિદ્યુતનો ચમકારો થાય અથવા અકાળે મેઘની ગર્જના થાય, તો એક પહોર સુધી અસ્વાધ્યાયકાળ જાણવો.

૪. અષાડ ચોમાસાનુંતથા કાર્તકી ચોમાસાનું પ્રતિક્રમણ કર્યા પછી એકમ પડવા સુધી અસ્વાધ્યાયકાળ જાણવો.

૫. આસો તથા ચૈત્ર શુદિ પાંચમના મધ્યાહ્ન સમયથી આરંભીનેકૃષ્ણ પક્ષના પડવા સુધી અસ્વાધ્યાયકાળ જાણવો, બીજને દિવસે સ્વાધ્યાય કરવો યોગ્ય છે.

૬. રાજા અને સેનાપતિ વિગેરેનું પરસ્પરનું યુદ્ધ થતું હોય તો તે વખતે અસ્વાધ્યયાકાળ જાણવો.

૭. હોળીના પર્વમાં જ્યાં સુધી રજ શાંત ન થાય ત્યાં સુધી અસ્વાધ્યાય જાણવો.

૮. ગામનો રાજા મરણ પામે તો જ્યાં સુધી બીજા રાજાનો અભિષેક ન થાય ત્યાં સુધી  અસ્વાધ્યાય જાણવો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૯. ઉપાશ્રયથી સાત ઘર સુધી કોઈ પ્રસિદ્ધ માણસ મરણ પામેલ હોય તો એક અહોરાત્રિનો અસ્વાધ્યાયકાળ જાણવો.

૧૦. ઉપાશ્રયથી સો હાથ સુધીમાં કોઈ અનાથ મરણ પામ્યો હોય તો તેનું શબ જ્યાં સુધી લઇ ને નજાય ત્યાં સુધી અસ્વાધ્યકાળ જાણવો.

૧૧. સ્ત્રીના રૂદનનો શબ્દ જ્યાં સુધી સંભળાય ત્યાં સુધી અસ્વાધ્યાયકાળ જાણવો.

૧૨. જળચર, તિર્યંચ, પંચેંદ્રિય, મત્સ્ય વિગેરે (વિકલેન્દ્રિય નહિં)ના રુધિર, માસ કે હાડકાં ઉપાશ્રયથી સાઠ હાથ સુધીમાં પડ્યાહોય, તથા કોઈ પક્ષીનું ઈંડું પડ્યું હોય, પણ ભાંગ્યું ન હોય તો તે કાડ્યા પછી સ્વાધ્યાય થઇ શકે. અને જો ઈંડું ફુટી ગયું હોય તો ત્રણ પોરિસી સુધી સ્વાધ્યાય કલ્પે નહિ તેમાં પણ જો ઈંડું ફુટેલું હોય અને તેમાંથી રસનું બિંદુ ભૂમિ ઉપર પડ્યું હોય તો તે સાઠ હાથની બહાર લઇ જઈને તે ભૂમિ ધોયા પછી સ્વાધ્યાય કલ્પે.

૧૩. માખીના પગ જેટલું પણ ઈંડાના રસનું અથવા લોહીનું બિંદુ ભૂમિ ઉપર પડ્યું હોય તો સ્વાધ્યાય કલ્પે નહિં.

૧૪. ગાય વિગેરેનું જરાયુ જ્યાં સુધી લાગેલું હોય ત્યાં સુધી અસ્વાધ્યાય જાણવો.

૧૫. બિલાડી વિગેરેએ ઉંદરને માર્યો હોય તો એક અહો રાત્રિ અસ્વાધ્યાય જાણવો. તેટલો કાળ નંદીસૂત્ર વિગેરે ભણવું નહિં.

૧૬. એ જ પ્રમાણે મનુષ્યના સંબંધમાં પણ જાણવું વિશેષ એટલું કે ઉપાશ્રયથી સો હાથ સુધીમાં મનુષ્યના અવયવો અથવા ચર્મ, માંસ, રુધિર,હાડકું વિગેરે પડ્યાહોયતો અસ્વાધ્યાય જાણવો, પણ જો ઉપાશ્રય અને તે અવયવ વિગેરે પડેલા સ્થાનથી વચ્ચે માર્ગ હોયતો સ્વાધ્યાય થઇ શકે.

૧૭. સ્ત્રીઓને ઋતુ આવે ત્યારે ત્રણ દિવસ સુધી સ્વાધ્યાય કલ્પે નહિ, પણ જો પ્રદરનો રોગ થયોહોયતો અધિક કાળ સુધી સ્વાધ્યાય કલ્પે નહિ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૮. કોઈ ગર્ભવતીને પુત્ર પ્રસવ થયો હોય, તો સાત દિવસ સુધી અસ્વાધ્યાય, અને જો પુત્રી થઇ હોય તો અથવા રક્ત અધિક જતું હોય તો આઠ દિવસ સુધી અસ્વાધ્યાય જાણવો, નવમે દિવસે સ્વાધ્યાય થઇ શકે.

૧૯. સો હાથ સુધીમાં કોઈ બાળક વિગેરેનો દાંત પડ્યો હોયતો તે શોધવો, અને જો દાંત જોવામાં ન આવે તોદંત ઉડાવણિયં કરેમિકાઉસ્ગગં, એમ કહી એક નવકારનો કાઉસગ્ગ કરવો ત્યાર પછી સ્વાધ્યાય કલ્પે.

૨૦. દાંત વિના બીજા કોઈ અંગ અથવા ઉપાંગનું હાડકું સો હાથ સુધીમાં પડ્યું હોય, તો બાર વર્ષ સુધી વાચાનાદિક સ્વાધ્યાય કલ્પે નહિ, (ઇતિ બહુ શ્રુતગૂમ્ય) પણ મનમાં અર્થની વિચારણાનો કોઈ સ્થાને નિષેધ નથી.

૨૧. આદ્રાનક્ષત્રથી આરંભીનેસ્વાતિ નક્ષત્ર સુધી વિદ્યુત્ તથા મેઘગર્જના થાય તો સ્વાધ્યાયનો નિષેધ નથી.

૨૨ ભૂમિકંપ થયો હોય તો આઠ પહોર સુધી સ્વાધ્યાય કલ્પે નહિ.

૨૩. અગ્નિનો ઉપદ્રવ થયો હોય તો તે ઉપદ્રવ રહે તેટલો વખત સ્વાધ્યાય કલ્પે નહિ.

૨૪. ચંદ્રગ્રહણમાં ઉત્કૃષ્ટ બાર પહોર સુધી અને સૂર્યગ્રહણમાં ઉત્કૃષ્ટ સોળ પહોર સુધી અસ્વાધ્યાય જાણવો.

૨૫. પાખીની રાત્રિયે પણ સ્વાધ્યાય સૂજે નહિ. ઇત્યાદિ અસ્વાધ્યાયનું સ્વરૂપ સંપ્રદાયને અનુસારે જાણીને સ્વાધ્યાય કરવો કેમકે અયોગ્ય કાળે વાંચનાદિક કરવાથી મૂર્ખપણું પ્રાપ્ત થાય છે.

## ઉપદેશ એકસો સાડત્રીશમો

### ભાવશ્રાવકના છ લિંગ

૧ કૃતવ્રતકર્મ-વ્રતની ફરજ બજાવનાર હોય, તેના ચાર ભેદ છે, ૧ આકર્ણન-સાંભળવું, ૨ જ્ઞાન એટલે સમજવું, ૩ ગ્રહણ એટલે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વીકારવું, ૪ પ્રતિસેવન એટલે બરાબર પાળવું.

૨ શીલવાન હોય, તેના છ ભેદ છે, ૧ આયતન ધર્મીજનો ને મળવાનું સ્થાન તે સેવે, ૨ પ્રયોજન વિના પરઘરને વિષે પ્રવેશ ન કરે તે, ૩ હંમેશાસાદો વેષ પહેરે તે, ૪ વિકારવાળા વચન ન બોલે તે, ૫ બાળક્રીડા ત્યાગ કરે એટલે મૂર્ખ લોકોને આનંદ થાય એવાં જુગારાદિક કર્મને ત્યાગ કરે, ૬ મીઠાં વચને કામ સિદ્ધ કરે તે.

૩. ગુણવાન હોય, તેનાં પાંચ ભેદ છે- ૧ સ્વાધ્યાયમાં તત્પર, ૨ ક્રિયાનુષ્ઠાનમાં તત્પર, ૩ વિનયમાં તત્પર, ૪ સર્વ બાબતમાં કદાગ્રહ રહિત, ૫ જિનાગમમાંરુચિવંત.

૪ ઋજુવ્યવહાર, સરલપણે ચાલવું તેના ચાર ભેદો છે- ૧ યથાર્થ કહેનાર, ૨ અવાંચક ક્રિયા -લેવડદેવડમાં એક વચની, જૂઠી સાક્ષી પૂરે નહિ તે, ૩ છતાં અપરાધને પ્રકાશ કરનાર, ૪ ચોખ્ખા સત્ય ભાવથી નિષ્કપટ મૈત્રી કરનાર.

૫ ગુરુશુશ્રષા, તેના ચાર ભેદ છે - ૧ શુશ્રષા ગુરૂજનની સેવાકરવી, ૨ કારણ, બીજાને ગુરુમહારાજની સેવામાં પ્રવર્તાવે, ૩ ઔષધ ગુરુને ઔષધાદિ લાવી આપે, ૪ ભાવ, ભાવસહિત ગુરુમહારાજની ભક્તિ કરે.

૬. પ્રવચનકુશલ-તેના છ ભેદ થાય છે-૧ સૂત્રકુશળ, સૂત્રમાં પ્રવીણ હોય, ૨ અર્થકુશળ, અર્થમાં નિપુણ હોય, ૩ ઉત્સર્ગ કુશળ, સામાન્ય કથનમાં હુશિયાર, ૪ અપવાદ કુશળ, વિશેષ કથનમાં પ્રવીણ હોય, ૫ ભાવનામાં કુશળ, વિધિસહિત ધર્મ કાર્ય કરવામાં તથા અનુષ્ઠાન કરવામાં પ્રવીણ હોય, ૬ વ્યવહાર કુશળ, ગીતાર્થ પુરુષોનાં આચરણમાં કુશળ હોય.

## ભાવશ્રાવકનાં ભાવગત ૧૭ લક્ષણો

૧. સ્ત્રી, ૨. ઇંદ્રિય, ૩. પૈસો, ૪. સંસાર, ૫. વિષય, ૬. આરંભ, ૭. ઘર, ૮. દર્શન, ૯. ગાડરીયો પ્રવાહ, ૧૦. આગમપુરસ્સવૃત્તિ, ૧૧. યથાશક્તિ દાનાદિપ્રવૃતિ, ૧૨. વિધિ ૧૩. અરક્તદ્વિષ્ટ, ૧૪. મધ્યસ્થ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૫. અસંબધ્ધ, ૧૬. પરાર્થ કામોપભોગી ૧૭. વેશ્યા પેઠે ઘરવાસે રહેનાર.

એ ઉપરોક્ત સત્તર પ્રકારે સમાસથી ભાવ શ્રાવકોનાં ભાવ ગત લક્ષણ કહ્યાં, ૧-સ્ત્રી, સ્ત્રીને અનર્થની ખાણ, ચંચળ, નરકની વાટ સમાન જાણતો થકો હિતેચ્છક પુરુષ તેને આધીન ન થાય.

૨- ઇંદ્રિય, ઇંદ્રિયોરૂપ ચપળ ઘોડાઓ હમેશા દુર્ગતિના માર્ગ તરફ દોડનારા છે, તેમને સંસારનું સ્વરૂપ સમજનારો પુરુષ સમ્યગ્જ્ઞાનરૂપ દોરડીથી રોકી રાખે.

૩- અર્થ, ધન સમગ્ર અનર્થનું મૂળ નિમિત્ત, અને આયાસ તથા કલેશનું કારણ હોવાથી અસાર છે, એમ જાણી બુદ્ધિમાન પુરુષ તેમાં લવલેશ માત્ર લોભાતો નથી.

૪- સંસાર, સંસારને દુઃખરૂપ, દુઃખફળ, દુઃખાનુબંધી તથા વિટંબનારૂપ અને અસાર જાણીતેમાં રતિ ન કરે.

૫- વિષય, ક્ષણમાત્ર સુખદાયી વિષયોને હંમેશાં વિષ સમાન ગણીને ભવભીરુ તથા તત્વાર્થને સમજનાર પુરુષ વિષયોમાં ગૃદ્ધિ કરે નહિ.

૬-આરંભ, તીવ્ર આરંભ વર્જે. નિર્વાહ નહિ થતાં કદાચ કાંઇ કરવું પડે તો અનિચ્છાએ કરે, તથા નિરારંભી લોકોને વખાણે અને સર્વે જીવોમાં દયાળુપણું ધારણ કરે.

૭- ઘર, ઘરવાસને પાશ (ફાંસાની માફક) માનતો થકો દુઃખિત થઇ તેમાં વસે, અનેચારિત્રમોહનીય કર્મ જીતવા ઉદ્યમ કરે.

૮- દર્શન, આસ્તિક્યભાવ સહિત રહે, પ્રભાવના અને પ્રશંસા વિગેરે કરતો રહે, અને ગુરુભક્તિ યુક્ત થઇ નિર્મલ દર્શન ધારણ કરે

૯-ગાડરીયો પ્રવાહ, ગાડરીયા પ્રવાહથી ગતાનુગતિક (વગરવિચાર્યે) લોકસંજ્ઞાનો પરિહાર કરી, ધીર પુરુષ બરોબર વિચારીને દરેક ક્રિયા કરે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૦. આગમ, પરલોકના માર્ગમાં જિનાગમ સિવાય બીજું પ્રમાણ નથી, માટે આગમપુરસ્સર જ (આગમમાં કહ્યા મુજબ) સર્વ ક્રિયા કરે.

૧૧. યથાશક્તિ દાનાદિ પ્રવૃત્તિ, શક્તિ ગોપવ્યા સિવાય આત્માને બાધા ન થાય તેમ, અને જેમ ઝાઝું થાય તેમ સુમતિવાન પુરુષ દાનાદિક ચતુર્વિધ ધર્મને આચરે છે.

૧૨. વિધિ, ચિંતામણિ રત્નના પેઠે દુર્લભ, હિતકારી નિર્દોષ ક્રિયા પામી તેને ગુરુએ કહેલ વિધિપૂર્વક આચરતો થકો મુગ્ધ જનોના હસવાથી શરમાય નહિ.

૧૩. અરક્તદ્વિષ્ટ, શરીરની સ્થિતિના કારણ, ધન, સ્વજન, આહાર, ઘર વિગેરે સાંસારિક પદર્થોમાં પણ અરક્તદ્વિષ્ટ (રાગદ્વેષ રહિત થઈને રહે)

૧૪. મધ્યસ્થ, ઉપશમભરેલા વિચારવાળો હોય, કેમ કે તે રાગદ્વેષે ફસાયેલો હોતો નથી, માટે હિતાર્થી પુરુષ મધ્યસ્થ રહીને સર્વથા અસદ્ગ્રહનો ત્યાગ કરે.

૧૫. અસંબંદ્ધ, સમસ્ત વસ્તુઓ ક્ષણભંગુર છે, એમ નિરંતર ભાવતો થકો ધન વિગેરેમાં જોડાયેલો છતાં પણ તેમાં પ્રતિબંધ (મૂર્છારૂપ) સંબંધ કરે નહિં.

૧૬. પરાર્થ કામોપભોગી, સંસારથી વિરક્ત મન રાખી, ભોગોપભોગથી તૃપ્તિ થતી નથી, એમ જાણી કામોપભોગમાં પરની અનુવૃત્તિથી વર્તનાર હોય.

૧૭. વેશ્યાવત્ ઘરવાસ પાળનાર, વેશ્યાની માફક નિરાશંસ રહી, આજકાલ છોડીશ એમ ચિંતવતો રહી, ઘરવાસ પરાયો હોય તેમ ગણી શિથિલભાવે ઘરમાં વસે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉપદેશ એકસો આડત્રીશમો

## પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાઓ

૧ પ્રાણાતિપાતની પાંચ ભાવનાઓ-૧ મનોગુપ્તિ, મનને ગોપવવું, ૨ એષણાસમિતિ, બેંતાલીશ દોષ રહિત આહારાદિકને લેવા, ૩ આદાનભંડનિક્ષેપના સમિતિ, વસ્ત્ર, પાત્ર, વિગેરે યત્નપૂર્વક લેવા-મુકવા, ૪ ઈર્યાસમિતિ, ઉપયોગ સહિત ચાલવું, ૫ અન્નપાણી વિગેરે લેવા તે, જોઈને લેવાવડે કરીને હંમેશા અહિંસા ભાવવી તે.

૨. મૃષાવાદની પાંચ ભાવનાઓ -૧ ક્રોધ, ૨ લોભ, ૩ ભય, ૪ હાસ્યથી મૃષા ન બોલવું, એટલે તેનાં પચ્ચખાણ કરવાં, ૫ વિચારપૂર્વક બોલવું, એ ઉપર પ્રમાણે લક્ષ દઈ બોલતાં સત્ય વ્રતને ભાવવું તે.

૩ અદત્તાદાનની પાંચ-ભાવનાઓ-૧ અવગ્રહ માગવો, ૨ બરાબર જોઈ તપાસી વિચારી અવગ્રહ માગવો, ૩ નિરંતર ગુરુની રજા લઈ ભાતપાણી વાપરવાં, ૪ સાધાર્મિક પાસેથી અવગ્રહ માગવો, ૫ અવગ્રહની મુદત ઠરાવવી.

૪. બ્રહ્મચર્યની પાંચ ભાવનાઓ, ૧ સ્ત્રી નપુંસક, તથા પશુવાળી વસતિ અને કુડયાંતરે વસતિનો તથા પોતાના અંગે શણગાર સજવાનો ત્યાગ કરવો, ૩ સરસ સ્નિગ્ધ આહાર તથા અતિ આહારન લેવો, ૪ સરાગે સ્ત્રીકથા કરવી નહિ, ૫ પૂર્વે કરેલી કામક્રીડા સંભારવી નહિ.

૫ પરિગ્રહની પાંચ ભાવનાઓ, ૧ શબ્દ, ૨ રૂપ, ૩ રસ, ૪ ગંધ અને ૫ સ્પર્શ-એ પાંચેમાં હમેશાં રાગદ્વેષ છોડવા.

## ભાવસાધુના સાત લિંગ

| | |
|---|---|
| ૧ માર્ગાનુસારિણી ક્રિયા, | ૫ શક્ય અનુષ્ઠાનનો જ આરંભ, |
| ૨ ધર્મમાં ઉત્કૃષ્ટ શ્રધ્ધા, | ૬ ભારે ગુણાનુરાગ, |
| ૩ પ્રજ્ઞાપનીય પણું, | ૭ ગુરૂની આજ્ઞાનું પૂર્ણપણે |
| ૪ ક્રિયામાં અપ્રમાદ, | આરાધન. |

એ ઉપરોક્તનું ટૂંકુ વિવેચન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧ માર્ગાનુસારિણી ક્રિયા, મોક્ષમાર્ગને અનુસરતી પડિલેહણાદિક કરવી તે. ૨ ધર્મમાં ઉત્કૃષ્ટ શ્રદ્ધા, શ્રુતધર્મમાં અને ચારિત્રધર્મમાં તીવ્ર અભિલાષા રાખવી તે, તેના ચાર ભેદ છે ૧ વિધિસેવા, ૨ અતૃપ્તિ, ૩. શુદ્ધદેશના, ૪ , સ્ખલિતપરિશુદ્ધિ.

૩. પ્રજ્ઞાપનીયપણું, આગમમાં કહેલી યુક્તિયોવડે કરી બીજાને સમજાવવાપણું તે.

૪ ક્રિયા માં અપ્રમાદ, સાધુમાર્ગ ની ક્રિયા કરવામાં, મદ્ય, વિષય, કષાય, વિકથા, નિદ્રા-એ પાંચ પ્રમાદ રહિત સંયમ પાળવું તે.

૫. શક્યઅનુષ્ઠાનનો આરંભ, શરીરની શક્તિને અનુસારે જે તપ, જપ, ક્રિયા, અનુષ્ઠાન ઘણો લાભ આપનાર, અને ઓછુ નુકસાન કરનાર હોય તેવું આરંભે તે.

૬. ભારે ગુણાનુરાગ, ચરણસિત્તરિ તથા કરણસિત્તરિમાં, તથા આગમમાં વર્ણવેલા મૂળગુણઉત્તરગુણમાં પ્રીતિ, શુદ્ધચારિત્રીયોને હોય તે.

૭. ગુરુ આજ્ઞાનું પૂર્ણપણે આરાધન, ગુરુના ચરણની સેવામાં રક્ત રહી, ગુરુની આજ્ઞા આરાધવામાં તત્પર રહે અને ચારિત્રનો ભાર ઉપાડવામાં સમર્થ હોય.

## ઉપદેશ એકસો ઓગણચાલીશમો

### ભવ્યાદિક સંબંધી

ભવ્ય મુક્તિગમન યોગ્ય જીવ વિશેષ, ભવ્યત્વ એ પરિણામી ધર્મ છે તેથી તે જેમ સુવર્ણને વાળે તેમ વલે તેવો હોય છે અર્થાત્ સદ્ઉપદેશના સિંચનથી સન્માર્ગમાં જોડાઇ જાય છે. એથી વિપરીત લક્ષણવાળો અભવ્ય જીવ હોય છે, તે કદાપિ મુક્તિ પામતો જ નથી. તે કેવળ સંસારને જ પ્રેમથી માને છે અને પૌદ્ગલિક સુખમાં જ સાર માને છે, યાવત્ ભૂંડની પેઠે વિષયસુખમાં જ રચ્યોપચ્યો રહે છે. ભવ્ય જીવ સદ્ઉપદેશયોગે વિષય સુખથી વિરક્ત થઇ શકે છે, યાવત્ સાંસારિક સંબંધથી વિરમી મોક્ષનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અધિકારી થાય છે. ફક્ત તેની આનુકૂળ સામગ્રીની જ તેને જરૂર પડે છે.

દુર્ભવ્ય જેને હજુ દીર્ઘ સંસાર પરિભ્રમણ કરવાનું નિયમ હોવાથી પુદ્‌ગલાનંદીપણું તથા ભવાભિનંદીપણું વહાલું લાગે છે, તેથી તેને ધર્મ સાધન કે ધર્મની વાત રુચતી નથી, તેથી વિલક્ષણ સ્વભાવવાળા નિકટભવી અથવા પરિત્તસંસારી કહેવાય છે, તે અલ્પ સમયમાં મુક્તિગામી હોવાથી સદ્દુ પદેશયોગે શીઘ્રતાથી વિષયસુખથી વિમુખ થઇ આત્મસાધનમાં તત્પર થઇ જાય છે, અને સર્વ સુખદુ:ખમાં સમભાવે રહી સુખપૂર્વક સ્વહિત સાધી શકે છે. બહુલસંસારી તેવી રીતે સ્વહિત સાધી શકતા નથી.

સુલભબોધિ -જેણે પૂર્વજન્મમાં ધર્મના બીજ વાવી રાખેલા હોય છે કે તેને સુદુપદેશરૂપી અમૃત સિંચન મળતાં જ તેમાંથી ધર્મ પ્રગટ થાય છે, ઉપદેશ આપનારને વિશેષ પરિશ્રમ કરવો પડતો નથી, અલ્પશ્રમથી તે વિશેષ સમજી જાય છે. અને પામેલા ઉપદેશને સાર્થક કરે છે.

દુર્લભબોધિ-અનેક રીતે અનેક વાર જ્ઞાની પુરુષો તરફથી ઉપદેશ મળતાં છતાં પણજેનું હૃદય પીગળતું નથી, તે બ્રહ્મદત્ત ચક્રીના પેઠે વિરાધક ભાવથી સદુપદેશને અયોગ્ય હોય છે.

એકાવતારી - આ મનુષ્યજન્મમાં વીતરાગ ધર્મને યથાયોગ્ય આરાધી, કાળધર્મને પામી, દેવગતિનો એક ભવ કરી, ફરી મનુષ્ય જન્મ પામી, શુદ્ધ સંયમને આરાધી, સર્વ કર્મમલનો ક્ષય કરી, અવ્યાબાધ મોક્ષપદ પામનાર જીવવિશેષ એકાવતારી કહેવાય છે.

હળવાકર્મી જેને મોહાદિક કર્મ બહુ જ અલ્પ બાકી રહેલા હોય તેવા મોહાદિક કર્મનો ક્ષય કરીને શીઘ્રતાથી મોક્ષ પદવી પામનાર જીવ હળવાકર્મી કહેવાય છે.

ભારેકર્મી નિબિડ કર્મના વશવર્તિપણાથી વિવિધ પ્રકારે દુ:ખ અને વિડંબના પામી સંસારચક્રમાં દીર્ઘકાળ સુધી પરિભ્રમણ (જન્મમરણને ધારણ) કરનાર જીવ ભારેકર્મી કહેવાય છે.

કૃષ્ણપક્ષી-જે જીવને મોક્ષને સાનુકૂળ ક્રિયાકાંડમાં રુચિ ઉત્પન થયેલી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નથી એવો હીનપુન્ય (સંસારમાં પરિભ્રમણ કરતાં જેને કંટાળો આવેલ નથી, અને અર્ધ પુદ્‍ગલસંસારથી જેને અધિક સંસાર બાકી રહેલો છે તેવો) જીવકૃષ્ણપક્ષી કહેવાય છે.

શુક્લપક્ષી-જેને મોક્ષ અનુકૂળ કરણી કરવામાં રુચિ પ્રગટ થયેલ છે, અને છેલ્લા પુદ્‍ગલપરાવર્તનમાં પ્રવેશ કરતા જેને પૂર્ણાનંદનો અંશ પ્રગટ થયો છે તેવો જીવ શુકલપક્ષીની કોટીમાં ગણાય છે.

એ ઉપરોક્ત ભવ્યાદિક તમામ વાંચી જન્મ, જરા અને મરણના મહાદુઃખોથી ત્રાસ પામેલા જીવોને આ દુષમ કાળમાં પણ સમકિત સહિત શુદ્ધ ધર્મકરણી કરી મુક્તિ મેળવવાની જો અભિલાષા થશે, તો સુખે કરીતેમ કરી શકશે, નહિ તો રઝળ પટ્ટી તો છે જે રુચે તે કરવા આત્મા પોતે સ્વતંત્ર છે.

## ઉપદેશ એકસોચાલીશમો

### ચાર પ્રકારના ધ્યાનનું સ્વરૂપ

ધ્યાન ચાર પ્રકારના કહ્યા છે (૧) આર્તધ્યાન (૨) રૌદ્રધ્યાન (૩) ધર્મધ્યાન અને (૪) શુકલધ્યાન.

(૧) આર્તધ્યાન, મનની અવ્યવસ્થિત સ્થિતિ થઇ જાય છે ત્યારે આર્તધ્યાન કહેવાય છે, તેના ચાર ભેદ છે.

(૧) ઇષ્ટ વિયોગ, જે પદાર્થ આપણને પ્રિય હોય તેનો વિયોગ થાય ત્યારે મનમાં જે દુઃખ થાય તે, જેમકે માતા, પિતા, સ્ત્રીપુત્રાદિક, ધનપ્રમુખનો નાશ થાય ત્યારે વિલાપ કરવો, તે ઇષ્ટવિયોગ નામે આર્તધ્યાન કહેવાય છે.

(૨) અનિષ્ટસંયોગ, જે પદાર્થ આપણને અપ્રિય હોય તેનો સંયોગ થઇ જાય તે, જેમકે દરિદ્રતા, દુશ્મન કે કુભારજા સ્ત્રી અથવા કુપુત્ર મળે તેથી મનમાં જે દુઃખ થાય, તે અનિષ્ટ સંયોગ નામે બીજો ભેદ સમજવો.

(૩) રોગચિંતા શરીરમાં રોગ ઉત્પન્ન થવાથી મનમાં જે પીડા થાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે રોગચિંતા નામે આર્તધ્યાન કહેવાય છે. શરીરમાં રોગની ઉત્પત્તિ થવી તે વેદનીય કર્મના ઉદયને લીધે થાય છે, તે છતાં તેની ચિંતા કરવાથી આર્તધ્યાન થાય તે ત્રીજો ભેદ.

(૪) અગ્રશોચ, કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ માટે અગાઉથી શોચ કર્યા કરે, જેમકે જેને પુત્ર ન હોય તે તેની ચિંતા કરે, કોઈ નવા વરસમાં વ્યાપારધંધાની ચિંતા કરે, અમુક ફળ મળે એવી ઇચ્છા કરે, એ વિગેરે અગ્રશોચ નામે આર્તધ્યાન કહેવાય છે, તે ચોથો ભેદ.

આ ચાર પ્રકારે આર્તધ્યાન કહ્યું છે. સુખ-દુખ આવવું તે કર્મના ઉદયને આધીન છે, છતાં અજ્ઞાની જીવો આવી રીતે આર્તધ્યાન કરી વિના કારણે કર્મબંધ કરે છે આર્ત્તધ્યાન કરવાથી તિર્યંચગતિનો બંધ થાય છે, એ આર્તધ્યાનના પરિણામ પાંચમા અથવા છઠ્ઠા ગુણસ્થાનક સુધી હોય

(૧) હિંસાનુબંધીરૌદ્રધ્યાન, જીવની હિંસા કરી અતિ હર્ષ પામે, અથવા બીજા કોઈ હિંસા કરતા હોય તેની અનુમોદના કરે, તેમજ યુદ્ધ વિગેરેમાં હજારો માણસોનો નાશ થતો જોઇ રાજી થાય, તે હિંસાનુબંધી રૌદ્રધ્યાન કહેવાય છે. જે ધ્યાન અને ચિંતવન કરવાથી જીવહિંસાનો અનુબંધ થાય તે હિંસાનુબંધી રૌદ્રધ્યાન કહેવાય છે.

(૨) મૃષાનુબંધી રૌદ્રધ્યાન, મનમાં હર્ષ પામવો, જૂઠું છુપાવવાનો કપટ કરવું, જો તેમાં તે કાર્યની સિદ્ધિ થાય તો ખુશી થવું અને જૂઠાને ઉત્તેજન આપવું તે મૃષાનુબંધી રૌદ્રધ્યાન કહેવાયછે.

(૩) ચૌર્યાનુબંધી રૌદ્રધ્યાન, ચોરી અને ઠગાઇ કરીને મનમાં હર્ષિત થવું, અનેચોરી કરવામા પરિણામ રાખવા, તથા ચોરી કરનારને ઉત્તેજન આપવું તે ચૌર્યાનુબંધી રૌદ્રધ્યાન કહેવાય છે.

(૪) પરિગ્રહરક્ષણાનુબંધિ રૌદ્રધ્યાન, ધન ધાન્યાદિત નવવિધ પરિગ્રહને વધારવા માટે અનેક જાતના પાપારંભ કરવાનું ચિંતવન કર્યા કરવું, ધન અને કુટુંબ માટે ક્રૂર પરિણામથી ગમે તેવા પાપના કામ કરે, ઘણો પરિગ્રહ થવાથી અહંકાર કરે તે, પરિગ્રહ રક્ષણાનુબંધી રૌદ્રધ્યાન.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ રૌદ્ર ધ્યાનના ચાર ભેદ થયા.

રૌદ્રધ્યાનથી જીવને નરક ગતિનો બંધ પડે છે, તેથી ઘણા જ કર્મના વિપાકનું કારણ થાય છે પાંચમા ગુણસ્થાનક સુધી રૌદ્ર ધ્યાનનાં પરિણામ રહે છે, અને કોઈક જીવને તો હિંસાનુબંધી રૌદ્રધ્યાનના પરિણામ છઠ્ઠા ગુણસ્થાનકે પણ હોય છે.

(૩) ધર્મધ્યાન, શુભ પરિણામથી જે વ્યવહારરૂપ ક્રિયા કરવામાં આવે તે ધર્મ, શ્રુતજ્ઞાન અને ચારિત્ર એ ઉપાદાનપણે સાધન ધર્મ છે, ઉત્સર્ગાનુયાયી તે અપવાદ ધર્મ જાણવો અને અભેદ રત્નમયી તે સાધનશુદ્ધ-નિશ્ચયને ઉત્સર્ગધર્મ કહેવાય એવું વચન છે કે धम्मो वत्थु सहावो વસ્તુને સત્તાગત સ્વગુણ આશ્રીત ઉત્સર્ગ ઊપાદાન રૂપ સ્વભાવને શુદ્ધ ધર્મ કહેવાય છે, અને તે ધર્મનું એકાગ્રપણે ચિંતન, તન્મયતાનો ઉપયોગ, તે ધ્યાનને ધર્મધ્યાન કહે છે, તેના ચાર ભેદ છે-

(૧) **આજ્ઞાવિચય ધર્મધ્યાન,** જે સર્વજ્ઞ વીતરાગ દેવની આજ્ઞા હોય તે પ્રમાણે વર્તે, તેમના વચન ઉપર શ્રદ્ધા રાખે, છ દ્રવ્યનું નયનિક્ષેપા સહિત જે સ્વરૂપ શ્રી વીતરાગ દેવે કહ્યું છે તે જ પ્રમાણે સદહે અને વીતરાગની આજ્ઞા પ્રમાણે જ નિશ્ચય વ્યવહારપૂર્વક વર્તન કરે, અને તે આજ્ઞા પ્રમાણે યથાર્થ ઉપયોગનો ભાસ થાય, અને તેથી કરીને તે ઉપયોગમાં જે એકતા, અનુભવતા અને રમણતા થાય તે આજ્ઞાવિચય નામે ધર્મધ્યાન કહેવાય છે.

(૨) **અપાયવિચય ધર્મધ્યાન,** અશુદ્ધ કર્મના યોગથી સંસારિક જીવનમાં અનેક દોષ રહેલા છે, તે રાગ, દ્વેષ કાય અજ્ઞાન, આશ્રવ વિગેરે દોષોને પોતાના માનવા નહિ, અને હંમેશા તેનાથી અલગ રહેવા પ્રયત્ન કરવો, તથા એમ માનવું કે હું કોઈનો નથી, મારું કોઈ નથી, અનંત જ્ઞાનદર્શન ચારિત્ર મળી શુદ્ધ-બુદ્ધ અવિનાશી એવો હું છું. મારુંરૂપ તો અછલ, અખલ, અગમ્ય, અરૂપી, અક્ષય એવું શુદ્ધ ચિદાનંદરૂપ છે, એમ એકાગ્રપણે ધ્યાન કરવું, તે અપાયવિચય નામનું ધર્મધ્યાન જાણવું.

(૩) **વિપાકવિચય ધર્મધ્યાન,** જ્યારે જીવ એવા પ્રકારનો વિચાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરે કે મારી અનંત શક્તિ છે, પણ કર્મના વશે હું દુઃખી છું. કર્મના વિપાક ઘણા જ ખરાબ છે, મારા જીવનો જે અનંત જ્ઞાનનો ગુણ, તે જ્ઞાનાવરણીય કર્મ કરી દબાયેલો છે, એવી રીતે આઠે કર્મના વિપાકથી મારા જીવના મૂળ આઠ ગુણ દબાઈ ગયેલા છે, તેથી કરીને તાદશ મૂળ સ્વરૂપ પ્રગટ થતું નથી, અને તે કર્મને લીધે જ આ સંસારમાં સુખદુઃખનો અનુભવ કરતા અનંત કાળથી હું ભ્રમણ કર્યા કરુ છું, પણ હવે કર્મની પ્રકૃતિનો વિચાર કરીને મારે સુખ આવે તો બહુ રાજી થવું નહિ, અને દુઃખ આવે તો દિલગીર થવું નહિ. આ પ્રમાણે જ્યારે આત્માને વિચાર આવે ત્યારે તે વિપાક-વિચય નામે ધર્મધ્યાન કહેવાય છે. હંમેશાં કર્મસ્વરૂપની પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશનો બંધ, ઉદય, ઉદીરણા, સત્તા વિગેરેનું ચિંતવન કરવું તે વિપાકવિચય નામે ધર્મધ્યાન કહેવાય છે.

(૪) **સંસ્થાનવિચય ધર્મધ્યાન,** ચૌદ રાજલોકના આકારનો વિચાર કરવો, તે સંસ્થાનવિચાર નામે ધર્મધ્યાન કહેવાય છે કેમકે આ લોકચૌદ રાજપ્રમાણ ઊંચો છે, તેમાં સાત રાજ અધો લોક છે, અઢાર સો યોજન મનુષ્ય ક્ષેત્ર તિર્છોલોક છે, તેના ઉપર કાંઈક ઓછો સાત રાજ પ્રમાણ ઊર્ધ્વલોક છે, જ્યાં સર્વ વૈમાનિક દેવતાઓ વસે છે. તેની ઉપર સિદ્ધશિલા પિસ્તાલીશ લાખ યોજન પ્રમાણ ક્ષેત્રમાં છે, તેના વચલા ભાગમાં સિદ્ધના જીવો રહે છે. આ ચૌદ રાજલોકમાં મારો જીવ અનંત ભવથી ભ્રમણ કર્યા કરે છે, જન્મ મરણે કરી દરેક ગતિમાં ઉત્પન્ન થયો છે, એવી કોઈ જગ્યા નથીકે જ્યાં મારા જીવનું ઉપજવું ન થયું હોય. એવી રીતે ચૌદ રાજલોકના સ્વરૂપનો તથા લોકને વિષે રહેલા પંચાસ્તિકાયના અવસ્થાન તથા પરિણામનું તેમજ દ્રવ્યના ગુણ પર્યાયનો એકાગ્રતાએ વિચાર કરવો અને તેનું ધ્યાન કરવું તે સંસ્થાનવિચય નામે ધર્મધ્યાન કહેવાય છે. એ પ્રમાણે ધર્મધ્યાનના ચાર પ્રકાર કહ્યા છે અને તે ચોથા ગુણસ્થાનકથી માંડીને સાતમા ગુણસ્થાન સુધી રહે છે.

(૪) શુકલધ્યાન, કાંઈપણ આલંબન વિના કેવળ આત્મસ્વરૂપથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તન્મયપણે જે ધ્યાન કરવું તે શુકલધ્યાન કહેવાય છે, તેના ચાર ભેદ છે.

(૧) પૃથક્ત્વસવિતર્ક સપ્રવિચાર, પદાર્થના જુદા જુદા ભેદ કરીને, એક પછી એકઅનેક કલ્પનાનો વિચાર કરવો, તે પૃથક્ત્વ કહેવાય છે, અને તેનો વિતર્ક એટલે શ્રુતજ્ઞાનવડે ઉપયોગપૂર્વક વિચાર કરવો, તે પછી સપ્રવિચાર એટલે અનેક કલ્પના કરવી, પોતાની સત્તાનુ ધ્યાન કરવું, તે પૃથકત્વસવિતર્કસપ્રવિચાર કહેવાય છે. આ ધ્યાન આઠમા ગુણસ્થાનકથી અગિયારમા ગુણસ્થાનક સુધી રહે છે.

(૨) એકત્વઅવિતર્કઅપ્રવિચાર, કાંઈકપણ વિકલ્પ અને વિચાર વિના આત્માના ગુણની એકતાનું ધ્યાન કરવું, તે એકત્વઅવિતર્ક અપ્રવિચાર ધ્યાન કહેવાય છે. જેમકે આત્મા પોતાના ગુણપ્રાયની એકતા કરે, અને પોતાને સિદ્ધ સ્વરૂપે ઓળખે, હું એક જ છું, મારામા બધું સમાય છે એવું ધ્યાન કરવું તથા તન્મય પણે આત્મધર્મનું એકત્વપણું કરે, વીર્ય ઉપયોગની એકાગ્રતાથી વિકલ્પ રહિતપણે સ્વરૂપનું સમયે સમયે ધ્યાન કરે, તથા તેમાં કોઈપણ જાતનો અંતર ન હોય, તે એકત્વઅવિતર્ક અપ્રવિચાર શુકલધ્યાન કહેવાય છે. આ બન્ને પ્રકારમાં શ્રુતજ્ઞાનનું આલબંન છે, પણ નિર્મલ અવધિ અને નિર્મલ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય.

(૩) સૂક્ષ્મક્રિયા પ્રતિપાતિ, મન વચન કાયાના સૂક્ષ્મયોગનું રૂંધન કરવું, શૈલેશીકરણ કરીને અયોગી થવું, તે વખતના નિર્મલ અચલતારૂપ પરિણામ તે સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિ નામે શુકલધ્યાન કહેવાય છે. આ ધ્યાન તેરમા ગુણસ્થાનકે હોય છે, સત્તાથી કર્મથી પંચાશી પ્રકૃતિ બાકી રહી હતી, તેમાંથી આ ધ્યાનથી ૭૨ પ્રકૃતિ ખપી જાય છે, અને ફક્ત ૧૩ પ્રકૃતિઓ બાકી રહે છે.

(૪) ઉચ્છિન્નક્રિયા અનિવૃત્તિ, મન વચન કાયાના યોગનું રૂંધન કર્યા પછી બાકી રહેલી કર્મની ૧૩ પ્રકૃતિ ધ્યાનથી ખપી જાય અને જીવ સર્વ કર્મ-ક્રિયા રહિત થાય તે ઉચ્છિન્નક્રિયા અનિવૃત્તિ કહેવાય છે. તે શુક્લ ધ્યાનધ્યાવતાં કર્મના બાકી રહેલા સઘળા દળીયા ખરી જાય છે,અને બધી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્રિયાનો ઉચ્છેદ થઈ જાય છે, ત્યારે શરીરનાં પ્રમાણમાંથી ત્રીજા ભાગરૂપ અવગાહના લઈને શરીરનો ત્યાગ કરી જીવ મનુષ્ય ભવથી સાત રાજ ઊંચે જયાં લોકનો અંત છે ત્યાં સિદ્ધ થાય છે, અને સાદિઅનંતપણે મોક્ષના અનંત સુખનો અનુભવ કરે છે. આ પ્રમાણે ચારે જ્ઞાનનું સંક્ષિપ્ત સ્વરૂપ કહ્યુ. વળી જુદી રીતે પણ ચાર ધ્યાનકહ્યા છે. (૧) પિંડસ્થ (૨) પદસ્થ (૩) રૂપસ્થ અને (૪) રૂપાતીત,

(૧) પિંડસ્થ, શરીરમાં રહેલા આપણા આત્મામાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, એ પાંચ પરમેષ્ઠીના ગુણ રહેલા છે માટે હું પોતે પંચ પરમેષ્ઠીરૂપ જ છું, એ ધ્યાન કરવું, તે પિંડસ્થ ધ્યાન કહેવાય, અથવા ગુણી અને તેના ગુણની એકત્વતા કરવી તે પિંડસ્થ ધ્યાન.

(૨) પદસ્થ, જે અરિહંતાદિક પંચ પરમેષ્ઠીના ગુણનું સ્તવન કરવું, અથવા સ્વાધ્યાય કરવો, તથા ચિત્તમાં તેનું ધ્યાન કરવું, તે પદસ્થ ધ્યાન કહેવાય.

(૩) રૂપસ્થ, રૂપ ધારણ કરેલું હોવા છતાં મારો આત્મા અરૂપી અને અનંત ગુણી છે, અતિશય અવલંબીપણું થવા પછી હવે મારો આત્મા એકત્વપણું પામ્યો છે, એવી રીતે ધ્યાન કરવું તે રૂપસ્થ ધ્યાન કહેવાય છે. આ ત્રણ ધ્યાનને ધર્મધ્યાનમાં ગણેલા છે,

(૪) રૂપાતીત, મારો આત્મારૂપથી હિત નિરંજન નિરાકરા નિર્મલ સંકલ્પવિકલ્પ રહિત છે, અક્ષય અને અખંડ છે, શુદ્ધસત્તા રૂપચિદાનંદ અસંગ છે, અનંત ગુણપર્યાયરૂપ મારું આત્મસ્વરૂપ છે, એમ જે ધ્યાન કરવું,તે રૂપાતીત ધ્યાન કહેવાય છે. આ ધ્યાન શુકલધ્યાનમાં ગણાયછે, અને તેમાં ક્રમની માર્ગણા ગુણ સ્થાનક, નય, પ્રમાણ, મત્યાદિક જ્ઞાન, ક્ષયોપશમવિગેરે ભાવ ટલી જાય છે. એક સિદ્ધના મૂળગુણનું ધ્યાન કરવામાં આવે છે, એટલે મોક્ષના કારણરૂપ તે રૂપાતીત કહેવાય છે. એ પ્રમાણે ધ્યાનનું સ્વરૂપ કહ્યું છે. અષ્ટાંગ યોગ અને હઠયોગથી જે ધ્યાન કરવામાં આવે છે,એના કરતાં આધ્યાનાનો અનુક્રમ પ્રશસ્ત છે, માટે ભવ્ય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવોએ તેનું આલંબન લેવું.

## ઉપદેશ એકસો એકતાલીસમો

### પૌષધશાળા

પેથડદેનો પિતા, કનક જલધર બીરૂદ ધારક દેદાશા કોઈ કાર્યપ્રસંગે દેવગીરીમાં ગયા. ત્યાં ગુરુને નમવા ઉપાશ્રયે ગયા ગુરૂને વંદન કરી એક જગ્યાએ બેઠા ત્યાં પૌષધશાળા બનાવાનો વિચાર કરવા સંઘ એકત્ર થયેલ છે તેને પણ વંદન કર્યું. તે વિચાર સાંભળી મને આજ્ઞા આપો, હું પૌષધશાળા કરાવીશ. આવી રીતે સંઘ પાસે ખોળો પાથર્યો. મુખ્યશેઠીયાયે કહ્યું, તમો ન બોલો તે જ યુક્ત છે, કારણ કે પૌષદશાળા સકલ સંઘની કરાવેલી જોઈએ, એકની નહી, કારણ કે તેમ કરવાથી તેનું ઘર શય્યાતર થાય, સાધુથી કાંઈપણલેવાય નહીં. ઘણાની શાળા કરાવવાથી નિરંતર એક એકઘર શય્યાતરથાય. એમ બોધ કર્યો છતાં પણ કદાગ્રહ ન છોડ્યો ત્યારે કોઈએ ક્રોધ કરીને કહ્યું કે ભાઈ ? કોઈ ન કરાવનાર હોય તો કદાગ્રહ કરવો સારો, ઈંટોનીશાળા કરાનાર તો ઘણા છે, તું સોનાની ઈંટોની કરાવી શકીશ નહી. સંઘપતીએ પગે લાગીની કહ્યુ કે સોનાની ઈંટોની કરાવીશ. સંઘે અનુમતિ આપી એટલું દ્રવ્ય ક્યાં છે ? રાજાનું અનુકૂલપણું કયાં ? શ્રેયાંસી બહુ વિઘ્નાનિ, ઈત્યાદિ, યુક્તિથી ગુરૂએ પ્રતિબોધ પામેલ બોલ્યો ભગવાન્ ! ઈંટની કરાવીને સોનાને પતરે મઢીશ. ગુરૂએ કહ્યું કે આગ્રહ છોડી દે. કલિકાલે તે પણ બહુ દુઃખદાયક છે,આવી રીતે વારણ કરેલ દેદાશાએ ચુના મધ્યે ૧ સો મણ કેસર નાખી ને પીળા વર્ણવાળી કરી. બાવન હજાર ટંકનો ખર્ચ થયો. કુંકુમશાલા એ પ્રકારે પ્રસિદ્ધિ પામી, સિદ્ધરાજના પ્રધાન સાંતુએ,પોતાને રહેવાને માટે પ્રાસાદ બંધાવેલ, તેમાં મોટા મોટા હીરાઓ જડેલા હોવાથી રાત્રિએ પણ તેનો બહુ જ પ્રકાશ પડતો હતો, તે પ્રાસાદ વાદી દેવસૂરિજીને દેખાડવાથી, માણિક્ય નામના તેમના શિષ્યેકહ્યું કે આવી તો પૌષધશાળા જોઈએ. તેવું સાંભળીને સાંતુ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મંત્રીએ તે પ્રાસાદ અર્પણ કરી તેમનું નામ પૌષધશાળા પાડ્યું.

શ્રીવસ્તુપાળે-૯૮૪ પૌષધસાળાઓ કરાવી હતી, ગોપગીરિને વિષે બપ્પભટ્ટસૂરિ પ્રતિબોધિત શ્રી આમ રાજાએ હજાર સ્થંભ વાળી, સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાને સુગમ પ્રવેશ, નિર્ગમ ત્રણ દ્વારવાળી, દૂર દૂર રહેલ સાધુને પડિલેહણ, સ્વાધ્યાય, સાત માંડલી વેળા જણાવનારી,સ્થંભ મધ્યે બાંધેલ મહાઘંટના રણકાર શબ્દને કરવાવાળી પૌષધશાળા કરાવી. તેને વિષે વ્યાખ્યાન મંડપ ત્રણ લાખ દ્રવ્યવડે કરી, જ્યોતિરૂપ મણિની શિલા ચંદ્રકાંતની કુટ્ટ્મ ભૂમિ બંધાવી, રાત્રિને વિષે અંધકારને હણનારી, બાર સૂર્યના પેઠે તેજસ્વી, પુસ્તકના અક્ષર વાંચી શકાય, તથા સૂક્ષ્મત્રસબાદર જીવની વિરાધના રહિત, બહુનિર્વધ્ય કરાવી.

જે ધન્ય માણસો પૌષધશાળા કરાવે છેતે સંસારસાગરને તરીને મુક્તિમાં જાય છે.

પત્તને આભડવિસા, નિર્ધન કાંસાવાળાની દુકાને, નિરંતર ઘુઘરા ઘસીને, પ્રતિદિન પાંચ દ્રમ્મ ઉપાર્જન કરીને કુટુંબ નિર્વાહ કરે છે. એકદિવસે તે પરિગ્રહનું પ્રમાણ ગ્રહણ કરતો, સાતસો દ્રમ્મ છૂટા રાખતોહતો તે વખતે સામુદ્રિકશાસ્ત્રથી શ્રીહેમચંદ્ર મહારાજે જાણીને ત્રણ લક્ષનો નિયમ કરાવ્યો.ત્યારબાદ તેને પુત્ર થયો. દૂધને માટે એક સારી બકરી લેવા ગ્રામાંતરે ગયો. ત્યાં વાડામાં ઘણી બકરીઓ હતી. તેમાં એક બકરીની ડોકે ઘુઘરીની સાથે ઇંદ્રનીલ મણિ દેખીને તેને લઇને ઘેર આવ્યો. મણિને ઉત્તેજિત કર્યો, મણિયાર પાસે જઇને સિદ્ધરાજે શૃંગાર કોટી હારમા સ્થાપન કરાવવા માટે, સવાલક્ષ મૂલ્ય આપી તેને ગ્રહણ કર્યો તેમણે એક દિવસ મીણની ઈંટો ગ્રહણ કરી, તેમાંથી વેચવા જતાં સોનાની કાંખી નીકળી, કોટીશ્વર થયો, પરિગ્રહના પ્રમાણને સંભારીને ૮૪ પૌષધશાળા કરાવી. નવા થયેલા શ્રાવકોનાં ગામોને વિષે, આદિનાથજીની વીર સુધીનાં ૨૪ નવીન જૈનપ્રસાદો કરાવ્યા. પ્રતિદિન ઉત્તમ સાધુઓની ઘી આદિક પ્રાસુક વસ્તુઓનું દાન દેવા માંડ્યું. છેડે નેવુ લાખ દ્રવ્ય સાતક્ષેત્રમાં વાપર્યું. શ્રી સ્થંભતીર્થે ભીમ શેઠે નગર મધ્યે સ્થાપનના અભાવથી નગર બહાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બહુદ્રવ્યના વ્યયથી શ્રીખંડના કાષ્ટમય, દાંતમય, સ્થંભોથી યુક્ત પૌષધશાળા કરાવી ત્યારે બીજા લોકોએ કહ્યું કે વનમાં ભીલડા જ વાસ કરશે, ફોગટ બહુ દ્રવ્યનો વ્યય કર્યો. તેણે કહ્યું કે નહિ, નહિ, કોઈ ખેદ પામેલ ફોટલા ઉંચકનાર વિશ્રાંતિ કરશે, તથા કોઈ સામાયિક લઈ, નમસ્કાર ગણશે તો પણ સર્વ વળી જશે, તે હાલમાં નગરની વૃદ્ધિથી નગર મધ્યે આવી ગયેલ છે.

## ઉપદેશ એકસો બેતાલીશમો

### ધર્મરૂપી કામગવી

હે માનુભાવો ! આ ધર્મ કામગવીરૂપ છે, માટે તેનું તમો પ્રયત્નથી રક્ષણ કરો, ઘરને વિષે રહેલી દુઝણી ગાયનું ચોરોથકી જેમ સાવચેતીથકી રક્ષણ કરાય છે, તેમ આ ધર્મરૂપી કામગવીનું તેર કાઠીયારૂપી ચોરોથી યત્નથી રક્ષણ કરો, તમારે ખ્યાલમા રાખવું જોઈએ કે-ચોર લોકો તો ગાયને રાત્રિમાં હરણ કરી જાય છે, પરંતુ આ તેર કાઠીયારૂપી ચોરો ધોળે દિવસે તમામના દેખતા છતાં, ધર્મરૂપી કામગીરીને ચોરી જાય છે, માટે તમો તેમની સંભાળ રાખો,. ગાયને જેમ ચાર પગ હોય છે તેમ ધર્મરૂપી કામગવીને ૧. ક્ષમા, ૨ આર્જવ, ૩ માર્દવ ૪. સંતોષરૂપી ચાર પગ છે, ગાયને જેમ આંચળ ચાર હોય છે તેમ ધર્મરૂપી કામગવીને દાન, શીલ, તપ અને ભાવરૂપી ચાર આંચળ છે, ગાયને જેમ પૂંછડું હોય છે તેમ ધર્મરૂપી કામગવીને વિવેકરૂપી સારું પૂછડું છે, ગાયને જેમ મુખ હોય છે તેમ ધર્મરૂપી કામગવીને જીવોના સંરક્ષણરૂપ શુદ્ધ દયારૂપી મુખ છે, ગાય જેમ દાંતવડે યુક્ત હોય છે તેમ ધર્મરૂપી કામગવીને નિશ્ચય અને વહેવારરૂપ બે શીંગડા છે, ગાયને જેમ નાસિકાના બે છિદ્ર હોય છે તેમ ધર્મરૂપી કામગવીને મૂળગુણ અને ઉત્તરગુણરૂપ નાસિકાના બે છિદ્ર છે, ગાયને જેમ જીભ હોય છે, તેમ ધર્મરૂપી કામગવીને નિત્ય કાલ કરવાની કરણી રૂ-પ જીભ હોય છે, ગાય જેમ વચનો બોલે છે તેમ ધર્મરૂપી કામગવીને મતિજ્ઞાન શ્રુતજ્ઞાનરૂપી વચનો છે,ગાય જેમ દૂધ આપવાના હેતુભૂત હોય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે, તેમ ધર્મરૂપી કામગવી પુન્યરૂપી કામગવી ઉજ્જવળ દૂધ આપવાના હેતુભૂત છે, ગાય જેમ ઘાસનો ચારો ચરનારી છે તેમ ધર્મરૂપી કામગવી પાપરૂપી ઘાસને ભક્ષણ કરવા વાળી છે, ગાય જેમ માર્ગ ઉન્માર્ગને જાણવાવાળી હોય છે તેમ ધર્મરૂપી કામગવી ભક્ષાભક્ષ, પેયાપેય, ગમ્યાગમ્ય, તદ્રૂપ માર્ગ ઉન્માર્ગની જાણનારી છે, કિં બહુના ? ઉજ્જવળ ગાયનું દૂધ જેમ ઉજ્જવળ અને ગુણકારી છે તેમ ધર્મરૂપી કામગવી મુક્તિરૂપી દૂધ આપનારી છે, માટે હે ભવ્ય જીવો ! આલસ નિદ્રા પ્રમાદ, વિષય, કષાય, અહંતા, મમતા છોડીને તેર કાઠીયારૂપ ચોરોથીધર્મરૂપી કામગવીનું રક્ષણ કરો, ગાય તો આ ભવમાં જ દૂધ દહીં ઘી આપનારી છે, પરંતુ આ ધર્મરૂપી કામગવી સારી મનુષ્ય ગતિરૂપી દૂધ, દેવગતિરૂપ દહીં અને મુક્તિરૂપી ઘી આપનારી છે, વળી ગાયનું દૂધ,દહીં અને ઘી અતિશય ખાતાં કોઈક દિવસ રોગાદિક કરે છે, પણ આ ધર્મરૂપી કામગવી કાંઈપણ ઉપાધિ નહીં કરતા એકાંત સુખરૂપી મુક્તિને જ આપે છે, માટે ધર્મરૂપી કામગવીને નિરંતર સેવો.

## ઉપદેશએકસો તેંતાલીશમો

### ધર્મ એ જ તારણહાર

અહો ! ભવ્યાત્માઓ ! અરિહંત ભગવાન, વીતરાગ દેવ, ભવ્ય જીવોને ઉપદેશ આપે છે કે મનુષ્ય જન્મ પામ્યાનું ફળ એ છે કે ભોગવિલાસ ઉપર પ્રેમ અને કામરાગનો ત્યાગ કરો, બહેન, ભાઈ, પુત્ર-પુત્રી, સ્ત્રી, માતા-પિતા ઉપરથી સ્નેહસંગ ત્યાગ કરો, દષ્ટિરાગ મહાપાપિષ્ટ છે તેનો ત્યાગ કરો-એ ત્રણ રાગ આત્માથી દૂર થાય ત્યારે જ આ આત્મા ધર્મ કરવા ઉજમાળ થાય. ધર્મથી વ્યાધિઓ દૂર થાય, ઉપાધિઓ દૂર થાય, ગ્રહાદિકની ક્રુરતા દૂર થાય, શત્રુ ભય દૂર થાય, સિંહ, વાઘ, વરૂ, ચોર, અગ્નિભયદૂર થાય, કિંબહુના ? સર્વ પ્રકારે જય થાય. ધર્મ પ્રતાપે કાયા નીરોગી થાય, ધનનીપ્રાપ્તિ થાય, નિર્મળ બુદ્ધિ થાય, કોઈપણ પ્રકારે કષ્ટ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થાય નહિં. સંસારમાં સાત સુખ વખણાય છે. ૧ શરીર નિરોગી રહે ૨ માથેકોઈની એક પાઈ પણ દેવાની ન હોય, ૩ ગામ છોડી પરગામ જવા વખત ન આવે, ૪ જ્યાં રહેવાથી કોઈપણ જાતની આધિ વ્યાધિ ઉપાધિ નીવડે નહિ, ૫ સ્ત્રી પતિવ્રતા ધણીનું કહ્યું માનનારી હોય, ૬ ઘરમાં લક્ષ્મી ઘણી હોય, ૭ પુત્રપૌત્ર કુટુંબ પારિવાર પોતાને આધીન તેમજ રાજા પણ તેમના ઉપર પ્રસન્નતાવાળો હોય, એ ઉપરોક્ત સાતે સુખ ધર્મના યોગે જ પ્રાપ્ત થાય છે. ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે, અવિનાશી ધન છે, સર્વત્ર રક્ષા કરનારા છે. ધર્મ તેજ મનુષ્યનો સાચો સંબંધ છે. માતા, પિતા, બેન, ભાઈ, સ્ત્રી, પુત્ર, કુટુંબીઓ સર્વે સ્વાર્થના જ સગા છે તે ઉપરોક્ત સર્વ પૈસો પાસે હોય તો જ ઉપર પડતા આવે છે. માતા પિતા કહે મારો પુત્ર, બેન કહે મારો ભાઈ, સ્ત્રી કહે મારો સ્વામી, અને પૈસો જાય કે કોઈ સામું જુવે નહિ, માટે ધર્મ તે જ મનુષ્યનો ખરો સંબંધ છે. અને ઇહ પરલોકે પાર પમાડનાર છે. ધર્મ તે જ ઉત્તમ પૈસો છે.બીજા ધનને રાજા, ચોર ભાગીદાર, લૂંટારા લૂંટી જાય છે, પણ ધર્મરૂપી ધનને લૂંટવાની કોઈની તાકાત નથી, માટે ધર્મ જ સાચું ધન, સાચું ઘરેણું, અને સાચો વેષ છે, ધર્મ તે જ રક્ષક છે. ગમે તે જગ્યાએ ગમે તે વેળાએ ગમેતેવા સંજોગોમા આત્મા હોય, તો પણ ધર્મ તેનો બચાવ કરી લે છે. અગ્નિના ભયમાં શસ્ત્રના ભયમાં પાણીના ભયમાં વિષના ભયમાં હિંસક જાનવરના ભયમાં વનવગડામાં, પાતાળમાં, શત્રુસંકટમાં પર્વત ઉપર અગર વિષમ ગિરિ, ગુફા, સમુદ્રમાં ધર્મ જ પ્રાણીઓનું રક્ષણ કરનાર છે. અરિહંત દેવ, સાધુ ગુરુ, ધ્યામય ધર્મ નમસ્કાર મહામંત્ર, આચાર ધર્મિષ્ટ માણસના હૃદયમાં જ કાયમ રમી રહે છે. ધર્મથી જ શુદ્ધ સાચી શ્રદ્ધા અને સમકિત દષ્ટિપણું પ્રાપ્ત થાય છે, માટે ધર્મનું જ આરાધન કરો. વીતરાગની પૂજા કરો, સદ્‌ગુરુની સેવા કરો, ષટ્‌કાયની દયા પાળો પાખંડી મિથ્યાત્વ મત છોડી ઉત્તમ જૈન મત હૃદય માં ધારો ચતુર્વિધ સંઘની સેવા કરો, કષાય ટાળો, પરિગ્રહ છોડો, શત્રુ મિત્ર સમ ગણો, ત્રસ સ્થાવર જીવની દયા પાલો, સત્ય બોલો ને ગુણીનું બહુમાન કરો, નિર્ગુણીની ઉપેક્ષા કરી તેની ગતિ ટાળો, જ્ઞાન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દર્શન ચારિત્ર મેળવવા ઉદ્યમ કરો, મળ્યા પછી પણ પ્રમાદી અભિમાની - ઉદ્ધતાઈ-તોછડાઈ-અક્કડતા જડતા નિંદકતા ઈર્ષ્યા વિકથા-કષાયતા-કુટિલતા-કામલાલસા અસત્યતા-આહારાલૌલુપ્યતા-અપવિત્રતા-પરઅપવાદતા-ઉત્સૂત્રતા વિગેરે હાલમાં ઘણા દુર્ગુણો પ્રાપ્ત થવા જોવામાં આવે છે, તે બધા સાધુપણું લીધા છતાં પણ નિરંતર દુર્ગતિમાં દોરી જનાર છે, માટે અજ્ઞાનતાના ચશ્મા ઉતારી વિવેકરૂપી ચશ્મા પહેરો કે કોઈપણ દોષોસંયમમાં બાધક ન થાય. શ્રાવકોમાં પણ ઘણા દૂષણો દેખાય છે, તેને, વર્જવા, ગુણ ઉપાર્જવા, ઉદ્યમ કરવા પર પ્રવેશ ત્યાગ અને પોતાના જ દુર્ગુણોનું નિરીક્ષણ કરવાથી જીવ ધર્મિષ્ટ થઇ શકે છે અને આવો આત્મા જલ્દીથી પોતાના કર્મને છેદવા માટે ભાગ્યશાળી બની શકે છે, માટે હે મહાનુભાવો ! મલિનતા છોડી શુદ્ધ ધર્મનું આરાધન કરો. જો તમો ભવી હશો, અને કોઈપણ ભવમાં શુદ્ધ ધર્મ જ આરાધશો ત્યારે જ આરાધક થઇ મુક્તિ મેળવશો અને ઘણા ભવો રખડી દુઃખી થઇ પછી પ્રભુએ કહેલ ધર્મ આરાધવો તેના કરતાં અત્યારે જ સર્વ પ્રપંચજાળ વોસિરાવી ધર્મ કરો કે ભવદુખ નહિં ભોગવતાં કર્મનો અંત થવાથી શાશ્વતું સુખ મેળવો.

## ઉપદેશ એકસો ચુંમાલીસમો

### જૈન ધર્મ મીઠો મોહક

અહો ભવ્યજીવો ! આ જૈનધર્મ અપૂર્વ મોદક જેવો મીઠો લાગે છે. તે મેળવવા તમો કાંઈ પણ ઉદ્યમ કરતા નથી એ મહાઆશ્ચર્યની વાર્તા છે, જેમ મોદકમાં ઘણી ખાંડ નાખવાથી ભક્ષણ કરનારને અત્યંત મીઠો લાગે છે તેમ આ ધર્મરૂપી મોદક ઉદ્યમ કરવાથકી અતિ સ્વાદિષ્ટપણું આપે છે. મોદક તો દિવસે ખવાય છે પરંતુ રાત્રિમાં ખાઇ શકતો નથી, આ ધર્મરૂપી મોદક તો દિવસ અને રાત્રિમાં બન્ને વખત ખવાય છે અને ધર્મરૂપી મોદકને રાત્રિમાં ભક્ષણ કરતાં રાત્રિભોજનનો દોષ નહિ લાગતા ઘણા લાભને માટે થાય છે. આટલું વિશેષ છે કે -જઠરાગ્નિ પાચનશક્તિ ઉપરાંત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોદકનું ભક્ષણ કરતાં તે મોદક વમન, વિરેચન અને વિશુચિકા કરનાર થાય છે અને આ ધર્મરૂપી મોદકનું તો રાત્રિદિવસ સેવન કરવાથકી લાભદાયક થાય છે. મોદકનું ભક્ષણ નિરંતર કરવામાં આવે તો શરીરાદિકની અંદર રોગાદિક થવાથી આત્માને પીડા કરે છે અને આ ધર્મરૂપી મોદકને જેમ જેમ વધારેમાં વધારે વાપરવામાં આવે તેમ તેમ મહાપુષ્ટ કરનાર થાય છે. નિરંતર મીઠો મોદક ખાવાથકી કોઈક દિવસે તેના ઉપર અભાવ થાય છે પરંતુ આ ધર્મરૂપી મોદકનું નિત્ય સેવન કરતાં દિનપ્રતિદિન તેની સ્પૃહા વધતી જાયછે, મોદકનો ઘણો આહાર કરવાથકી આળસ, નિદ્રા, પ્રમાદની વૃદ્ધિ થાય છે અને ધર્મરૂપી મોદકનુ વિશેષ સેવન કરવાથી પ્રમાદાદિકના પરિહાર સાથે પરિણામની વિશુદ્ધિ થાય છે. મોદક બહુ ખાવાથી શરીરનું તેજ હરે છે, ધર્મ રૂપી મોદકનું બહુ સેવન કરવાથી પાપને હરનાર પ્રચંડ તેજસ્વી પણું પ્રાપ્ત થાય છે. મોદકને વિષે જેમ લોટ, ઘી ને ખાંડ હોય છે તેમ ધર્મરૂપી મોદકને વિષે નવતત્ત્વના સારભૂત લોટ, ષડ્જીવના ભક્ષણરૂપ ઘી અને નયનિક્ષેપા સપ્તભંગીરૂપ ખાંડ હોય છે. લોટ, ઘી અને ખાડંનો બનાવેલ મોદક આ સંસારમાં અજ્ઞાની જીવોને કાંઈક સ્વાદ આપી પરિણામે વિરસતા ઉત્પન્ન કરનાર થાય છે અને આ ધર્મરૂપી મોદક તો ભવોભવના પાપરૂપી ક્ષુધાગ્નિને શાન્ત કરાવી દિવ્ય માનુષ્ય અને દેવભવને દેખાડી જલ્દીથી જન્મ, જરા અને મરણના ભયથકી મુક્ત કરનાર મુક્તિને આપે છે,તો હે મહાનુભાવો ! ક્ષણિક સુખને આપનાર આ મોદકનો ત્યાગ કરી નિરંતર અખંડ શાશ્વતું સુખ આપનાર ધર્મ-મોદકનું સેવન કરો કે સ્વલ્પ સમયમાં તમે કલ્યાણમંગળિકની માળા મેળવવા ભાગ્ય શાળી બનો.

## ઉપદેશ એકસો પિસ્તાલીશમો

### જીવને હિતશિખામણ

અહો ભવ્યજીવો ! ધર્મ કરો, પાપે પિંડ શા માટે ભરો છો ? આ શિખામણ હૃદયમાં ધરો તો નિશ્ચય શિવનારીને વરશો જેવી વાદળાની





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા કૂડી છે તેવી કાયા કૂડી છે, માયા કૂડી છે, બાંધવાદિકો કૂડા છે. પક્ષિઓનો મેળો વૃક્ષ ઉપર થાય છે પણ તેને જેમ ઊડતા વાર લાગતી નથી, તેમ સગા સંબંધીઓને પોતાનો સ્વાર્થ સર્યા પછી બદલાઈ જતા વાર લાગતી નથી. કોઈ પિતા કહો, કોઈ માતાકહો, કોઈ બંધવ કહો, કોઈ બેન કહો, કોઈસ્વામી કહો, કોઈ પુત્ર કહો, કોઈ મિત્ર કહો, કોઈ સ્ત્રી કહો, કોઈ વૈરી કહો, કોઈ સંબંધી કહો આવી રીતે સંસારી જીવોએ આત્માને માન આપી મારાપણું થોડું થોડું વહેંચી લીધેલ છે. પણ અંતે તો સર્વને ધૂળ ભેળા ધૂળ થઈ જવાનું છે, તેમાં લવલેશ માત્ર જૂઠું નથી. આપણ ને પ્રાણથી પણ અધિક વહાલો જાણી થાપણ તરીકે રાખીએ તો પણ તે લાંબે રસ્તે (મરણને રસ્તે) ચાલતાં એક સમય માત્ર પણ ઊભો રહેતો નથી. પુન્યહીન માણસો એ રસ્તે કઈક ગયા, કઈક જાય છે અને કઈક જશે એમ અનંતી વાર બનેલ છે, બનેલ છે અને બનશે, કારણ કે રાય-રંકનો એક જ રસ્તો છે, ભવરૂપી ઘાટ ઉતરતા સાથે તો એક સુકૃત જ રહેવાનું છે. જેમ કાચા કુંભનો ભરોસો નહિ તેમ આ કાચી કાયાનો પણ ભરોસો શો ? અને વિનાશી ધનનો મદ શો ? સંધ્યાના રંગ પતંગની પેઠે માનવનો અભિમાન ઉતરતા વાર શી ? ધુણાક્ષર ન્યાયે દશ દૃષ્ટાંતે દુર્લભ માનવનો અવતાર મળેલ છે તે ફરી ફરી મળવો મુશ્કેલ છે, માટે દાન શીયલ તપ અને ભાવના એ ચાર પ્રકારે પ્રભુએ પ્રકાશેલો ધર્મ તમો આદરો, તો જલ્દીથી કર્મથી મુકાઈ જશો. રે જીવ ! તું પોતે જ તરસ્યો છે,તે તૃષા ટાળવા તું પોતે ઉપાય કરીશ તો તારી તૃષા મટશે. તે સિવાય બીજો તને કોઈ સહાયકરનાર નથી, માટે પાપકર્મ કરે તો વિચાર કરીને કરજે, કારણ કે તે જ પાપકર્મ તારે ભોગવવા પડશે. ગુરુ મહારાજે બોધ આપવાથી જો હૃદયરૂપી ઘરમા વિવેકરૂપી દીપક પ્રગટ થાય તો સર્વ ભવના મોહવિકારરૂપ કર્મરૂપી અંધકારનો નાશ થાય અન ધર્મ તત્ત્વનું ઉત્કૃષ્ટ સ્વરૂપ જાણવાથી ખરી તત્ત્વની વાર્તા જાણીશ, અને જેમ દીપકમાં પતંગીયું ઝંપલાઈ મરણ શરણ થાય છે તેમ તારા સમગ્ર કર્મ ક્ષીણ થઈ જશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉપદેશ એકસો છેંતાલીસમો

## પાંચમા આરાના સાધુના ગુણો

સાધુના સત્યાવીશ ગુણો કહેલા છે તે તો ચોથા આરામાં ગયા, પાંચમા આરામાં તો તેથી વિપરીત ગુણો રહ્યા છે.તેનો વિચાર કરે છે. પાંચ અવ્રતને ધારણ કરનાર, રાત્રિભોજન ઉપર પ્રેમ કરનાર, જીવતણો સંહાર કરી જરાપણ લજ્જા નહિ રાખનાર, પાંચે ઈંદ્રિયોને છૂટી મુકનાર, લોભ ઉપર લયલીન પણું ધારણ કરનાર, ક્ષમાને ઉખેડી ફેંકીદેનાર, પડિલેહણ-પડિક્કમણાનું ઉન્મૂલન, કરનાર, આચારવિચારના વિચારને પરિહરનાર, સંયમ યોગનો સંગ તજનાર, મરણનો ભય અંગમાં ધરનાર, પરિષહને કદાપિ સહન નહિ કરનાર, મન-વચન-કાયાની શુદ્ધિ નહિ, ઉપસર્ગાદિક કદાચ આવે તો કલેશ કરી આર્તધ્યાનથી ભવરૂપી કૂવામાં પડનાર. હાલના સાધુના એવા વિપરીત ગુણો રહેલા છે. વળી સારા સાધુઓની નિંદા તેઓ કરે છે. જેના ગુણો હોય છે તેવા પરિણામ હોય છે. પાંચમા આરામાંએ અવિનત સાધુના ચિન્હો છે. મુખ જોવા કાચ રાખે છે, ચીપીઓ હર્ષથી રાખે છે, ઘડીઆળ તથા બેટ્રીઓ રાખે છે, કેશ સમારવા કાંકસી રાખે છે, ઉદ્ભટ વેષ પહેરે છે, છપ્પુ સુડી રાખે છે, સ્વાદિષ્ટ મુખ કરવા મુખવાસ, પાન-સોપારી, તમાકુ, શેકેલી ધાણાની દાળ, વરીયાળી વિગેરેનું બહુમાન કરે છે, કાથો ચૂનો સોપારીરાખે છે, વૃક્ષ ઉપર ચડી ચતુરાઈથી બેસે છે, આંગળીઓમાં વિંટી રાખી, હાથમાં રૂમાલ રાખી પંખો લઈ પવન ખાય છે, મુકામમા તળાઈ તકીઆ મેળવવાના મનોરથ ધારણ કરે છે, વિદ્યા વિનય વિગેરેનું અપમાન કરી, માનલોભી બહુમાની થઈ લાજ ધારણ કરે છે, ઉપકરણ એકત્ર કરવા રાત્રિદિવસ મનમાં ચિંતારાખ્યા કરે છે, મોજા અને પાદુકા પહેરી ઠમકાર કરતાં રસ્તામાં ચાલે છે, સોગઠાબાજી રમવા સ્નેહ ધારણ કરી એક મેક થઈને રહે છે, દસ હાથના ધોતીયાને પહેરીને પોતાની ચાલને જુવે છે દવાની જોળી ભરી વૈદ્ય થઈ ઘરઘર નાડી જોવા નીકળે છે, કદાચ કોઈ શ્રાવક શ્રુતવાણી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાંભળવા આવે તો નિંદાના નીચ વચનો બોલી તેની શ્રદ્ધાને બાળી દે છે, શાસ્ત્ર સિદ્ધાંતમાં જે ધર્મના રસ્તાઓ બતાવ્યા છે. તેને ઉંચે ઉલાળી મુકી જે તે વાંચતા તત્પર થાય છે. પરંતુ શાસ્ત્રની સાચી વાત તેને ગમતી નથી, તેવોને કોઈ સારા સાધુ-શ્રાવક શિક્ષા આપે તો તેના ઉપર બહુ જ દ્વેષ ધારણ કરે છે, મુની મર્યાદાન રાખે તો તેને જ્ઞાનની વાત દુગુણી કેવી રીતે કરી શકે ? મૂળ અવગુણ આ કહ્યા છે ઉતરતા ગુણો તેના એટલા બધા છે કે કહેતા પાર ન આવે. તેનો વિચાર પંડિત કરજો, જેમ જેમ આરો પડતો જશે તેમ તેમ એવા સાધુઓ થશે, શ્રાવકો પણ એહવાજ તેનો સંગ કરશે. કારણ કે જેવો સંગ હોય તેવો રંગ બેસે છે.

આવા હડહડતા વિકરાલ કલિકાલમાં કોઈ સાધુ પ્રમાદ છોડી શુદ્ધ ભાવથી તપજપવ્રત કરે છે તે અત્યંત ધન્યવાદને પાત્ર છે, જે શાસ્ત્રની મર્યાદાઓ ચાલસે, જિનેશ્વરની આણાને પાળશે, ગુરૂ કુળ વાસે મર્યાદાથી રહી વિચરશે. તે મુક્તિને જલદીથી મેળવશે. જે હસ્તિવિજય સાથે બહુ રાગ કરશે એટલે સંસાર જન્ય તમામ વાસના ઉપર બહુ પ્રેમ રાખશે, ધર્મ વિજયસાથે અનુરાગ રાખશે એટલે ધર્મ કર્મના ઉપર પ્રેમ રાખશે નહિ, ચારિત્ર વિજયને ચીડીઆ કરશે એટલેચારિત્ર ઉપર ચીડાશે-ખીંસના કરશે, લબ્ધિવિજયની લારે ફરશે, એટલે લોભમાં જ મશગુલ રહેશે-જીવવિજયનું જતન નહિ કરે, એટલે આત્માને અશુભ કાર્યો કરતાં વારશે અટકાવશે નહિ, જડ (તન) વિજયનું એકમને પોષણ કરશે એટલે શરીરનું અનેક પ્રકારે એકાગ્રતાથી પોષણ કરશે, પુન્યવિજયની પ્રીતિ નહિ કરે, એટલે પુન્યના કામો કરશે નહિ, અને કૃષ્ણ (પાપ) વિજય સાથે રમશે, એટલે પાપ કરમમાં રતિ ધારણ કરશે, આશ્રવવિજયનો આશ્રય કરશે, એટલે આશ્રવદ્વાર ખુલ્લા રાખી પોતાના આત્માને પાપ ભારથી ભારે કરશે,સંવર વિજયની સાર કરશે નહિ, એટલે સંવર ધારણકરી પાપ માર્ગનો રોધ કરશે નહિ, તેમ વિજય સાથે નિર્બંધ કરશે એટલે કોઈપણ પ્રકારના ધાર્મિક નિયમો કરશે નહિ બુદ્ધ વિજયજી બંધ બાંધશે, એટલે ગાઢ ચિકલણા મલીન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્મો કરી દુષ્ટ ગતિનો બંધ નાખશે, ભાવ વિજય સાથે ભાવ નહિ રાખે, એટલે સારો ભાવ રાખશે નહિ, સુમતિ વિજય દીઠો ગમશે નહિ, એટલે સારો સુમતિનો બોધ નજરે પડ્યોસાંભળ્યો પણ ચિત્તને તુષ્ટિ નહિ કરે, તેજ (તપ) વિજયનો તન નવિ ભલે, એટલે શરીરનુ તપથી શોષણ કરશે નહિ, મુક્તિ'વિજયનો સંગ કેમ મળશે, તેને મોક્ષની સંગતિ કેવી રીતે મળશે,માટે મુક્તિ મળે તેવી જ કરણી કરવાની જરૂર છે.

પાંચમાં આરામાં સાધુ સાધ્વીના સંબંધીનું લખાણ દિવાળી કલ્પ ઉપદેશ પ્રસાદાદિ ઘણા પુસ્તકોમાં છે, તો ઉપરોક્ત લખાણમાં કાંઈ અતિશક્તિ જેવું નથી,તે વિના પણ અત્યારે બીજા ઘણા દુરગુણો જોવામાં આવે છે તે તો પ્રત્યક્ષ બારિકથી જોનાર માણસ ઘણા જોઈ શકે છે. ભલે આ દુષમ કાળ રહ્યો, તેમાં ભારે કર્મી જીવો ભલે નબળા હોય, પણ તે આજ પાંચમાં આરામાં ઘણા પુન્યશાળીઓ, ભાગ્યશાળીઓ, પ્રભાવિકો, ઉત્તમોત્તમ, યુગ પ્રધાનો, એકાવતારીઓ થયા છે અને થશે માટે પ્રભુના વચન ઉપર પ્રેમ રાખીસાધુ વેષ ધારણ કરી જે પ્રભુને કહેલે સત્ય પડે ચાલશે તેને જ મુક્તિ નજીક છે બીજાને નહિ.

## ઉપદેશ એકસો સુડતાલીસમો

### પાંચમા આરાના શ્રાવકના ગુણો

શાસ્ત્રકાર મહારાજાએ જૈન સિદ્ધાંતમાં શ્રાવકના ૨૧ ગુણો કહ્યા છે, પણ હાલમાં એ તમામ ગુણો વિપરીતપણે રહેલા છે, એ દુષ્ટ કાળનો દોષ છે એમ સમજી સર્વે સંતોષને ધારણ કરો, ક્ષુદ્રતા યુક્ત, કુટિલતા યુક્ત,કુવચન બોલનાર, નિંદકપણું, નિસ્નેહિપણું, વિનયહીન, નમ્રતાહીન, સ્તબ્ધપણું, અભિમાનીપણું, પરનિંદા કરવામાં બહુ જ પ્રેમીપણું, એક પણ નિયમમાં મનની દ્રઢતા રહિતપણું, છિદ્રગવેષીપણું, પરદ્રોહીપણું, મન ઉપર રાગ રહિતપણું, મગશેલીયા પાષાણની પેઠે ધર્મવચન હૃદયમાં નહિ ધારણ કરનાર, ચારણી જેવા ગુણ ધારણકરનાર,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુપડાના જેવા ગુણને તિરસ્કાર કરનાર,જો કદાપિ કાળે કાંઇ જાણપણું થાય તો જાણે સારી દુનિયાનું ડહાપણ પોતાનાંમાં જ આવી રહેલ છે એવી ફીસીઆરી કરનાર, ઘડાના, હંસના, બકરીના ગુણ નહિ વહન કરનાર, મચ્છર, માર્જાર જળોકાના ગુણ ધારણ કરનાર, દાનનો ગુણ દાટી દઇ કૃપણના અંગીકાર કરનાર, તુચ્છપેટવાળો, તુચ્છ બુદ્ધિવાળો,પોતાના આત્માને શુદ્ધ માની અશુદ્ધિ ધારણ કરનાર, પોતાનો ગચ્છછોડી પરગચ્છમાં ધર્મનો મહિમા સાંભળવા જનાર, સૂત્ર સિદ્ધાંતના રહસ્યને નહિ ગ્રહણ કરનાર, પુન્ય તથા ભાવ રહિત પતાસાને લઇ ઘરે જનાર, જીવ અજીવ કાંઇ જાણે નહિ, પુન્ય પાપ કાંઇ જાણે નહિ, ષટ્દ્રવ્ય, ષટ્કાય, ગતાગતિનું જ્ઞાન નહિ, તેમજ સિદ્ધાંતની વાત કાને સાંભળે નહિ, નિશ્ચય વ્યવહાર નય નિક્ષેપાના જ્ઞાનરહિતગાડરીયા પ્રવાહ માફક ચાલનાર, બોરનું બીટ જાણે નહિ, સૂત્ર સિદ્ધાંત સાંભળે નહિ, પતાસાને માટે ઉપાશ્રયે ભટકનાર, કેસરના ટીલા ટપકા બહુ કરનાર, હૃદયમાં કોમલતા ધારણ નહિ કરનાર, દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, ગુરુદ્રવ્ય, સાધારણ દ્રવ્યનું ઉદારતાથી ભક્ષણ કરનાર,સાધારણ દ્રવ્યને શિરા સમાન ગણનાર, ગુરુદ્રવ્યને ગોળ માનનાર, દેવદ્રવ્યને ખાય તે દેવલોકે જાય આવી રીતેનો પડારો કરનાર, અને લોકોમાં બોલનાર કે જૈન શાસનની સેવા આવી રીતે કરો, ડહાપણ કરવા પરના પ્રત્યક્ષ દોષોને ગ્રહણ કરે, લોકો પાસે ધૂર્ત થઇ, ઠગાઇ કરી મીઠા વચન બોલે કે હું સાચું બોલું છું. પ્રતિમાજીની પૂજા કરી તેમની પાસે નાચે, કૂદે, ગીતગાન ગાય અને લાગ આવ્યે પ્રભુના પણ દાગીના હરખથી ઉઠાવી સ્વાહા કરી જાય,કૂડા તોલ-માપા રાખે કૂડી સાક્ષી ભાખે, થાપણ ઉઠાવે, બાર વ્રતમાં એક પણ વ્રત નહિ આવા ઘણા શ્રાવકો નિશ્ચય પાંચમા આરામાં છે. કેટલાક શ્રાવકનું ફક્ત નામ જ ધારણ કરનાર છે, પણ દેવગુરુનું દર્શન તેને ગમતું નથી, મેલા શરીર તથા લુગડાને ધોવા દોડે છે પણ પાપમેલ ધોવા માટે ધર્મકથા સાંભળવા જતાં તેનું શરીર કંપે છે. કોઈક વાર વ્યાખ્યાન સાંભળવા આવે, પણ ઘસઘસાટ ઊંઘવા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માંડે અને આભૂષણો પહેરે પણ સાધુને દાન આપવામાં મનભંગ કરી પાછો પડે, કદાચગુરુ ગોચરી લેવા આવે ત્યારે બોલે કે આજેદાન દેવાની અમારી રીત નથી, એમ તો આઠ દિવસના શ્રાવક છીએ અને પર્વના પારણા સુખે કરીજમનારા છીએ, ત્યાં તમે વળી ગોચરી લેવા અકાળે કયાંથી આવ્યા ? મુનિવરને બારણે આવ્યા દેખી એક બાઈ બોલે કે આંતર આંતરે જ આવે છે, એક બોલે કે ચાર પાંચ દિવસે આવે છે, એક બોલે કે અમારે ઘરે સદાય દોડીને આવે છે, એ વાત અમને ગમતી નથી, ગચ્છમાં ને ગામમાં ઘર ઘણા છે. બધા ઉપર સમભાવ રાખવો જોઈએ. અમારું જ ઘર દેખ્યું છે. ગરથ તો તમારી ગાંઠે બાંધેલ છે, અને અમે તો આજે ભૂખે મરીને છીએ તમારી ગાંઠે ગરથ છતાં તમો રસોઇ તૈયાર કરી કેમ ખાતા નથી ? એક કહે બે ચાર દિવસે આપીશ, એકકહે માસ બે માસે આપીશ, એક છ માસ બાર માસે પણુ હું ઘર નહિ દેખાડું, તમો તો વ્યવહાર માં ભણ્યાગણ્યા છો, જાજો ગચ્છનાયક ગુરુ મળે તો ભાગ્યે જ ધાન્ય મળે, અમારો આ નિયમ છે. ગુરુના પાસેથી જ્ઞાન લઈ પૂજા સ્નાત્રની વિધિ પોતે ગ્રહી પૂજા સ્નાત્ર પચ્ચકખાણ કરાવી પોતે બહુ માન મેળવતા હતા અને વસ્ત્ર પાત્ર અન્ન પાન ઔષધ આપી સાધુની વૈયાવચ્ચ કરતા હતા. આગળના શ્રાવકો એવા હતા. હવે તો દાંન ઘટયું અને નિંદા વધી છે, તેની સશુદ્ધિ સાધુ હવે કેમ કરશે ? તેનો વિચાર કરો જેથી સાધુ લોક જીવતા જુવે. આવું સાંભળી સમતાધારી સાધુ કહે છે કે - એ વાતનો શોચ કરશો નહિ. બીજા ગચ્છમાં શ્રાવકો ઘણા છે તેના ગુણો સૂત્રમાં ઘણા કહ્યા છે, ભદ્રપ્રકૃતિ સરલ સ્વભાવી ભક્તિવંત પૂરણ ભાવ દયાવંત દાતાર, સાધુ સાધ્વીના હિતકરનારા શ્રાવકભારને વહન કરનારા, ગુરુભક્તિ અને ગચ્છનો મહોત્સવ કરનાર, સ્વામિવાત્સલ્ય કરનાર જીવોને અભયદાન આપી સુખીકરનાર, સંઘપતિ થઇ સંઘ કાઢી ઉલ્લાસથી દ્રવ્યખર્ચનાર, પુન્ય માટે દ્રવ્યવ્યાપક કરનાર, જૈન ધર્મને દીપાવનાર, તપ જપના ઉજમણા કરનાર, જ્ઞાનભંડાર ભરપૂર ભરનાર, જ્ઞાનાવરણિય કર્મનો નાશ કરનાર,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનેશ્વર ભગવંતની આણા મસ્તકે ધરી, પોસહ પડિક્કમણા, પચખાણ કરનાર, જ્ઞાની ગુરુનું બહુમાન કરનાર, હૃદયમાં અરિહંતનું ધ્યાન ધરનાર, ચતુર્વિધ ધર્મ કરનાર આવા ભાગ્યવંત શ્રાવકો પાંચમા આરામાં થશે એમ ભગવંતે ભાખેલ છે, એમ જાણી ધર્મકાર્યમાં ચિત્ત ધારણ કરી ધર્મકાર્યને બહુ પ્રકારે કરો, ધર્મ વિષે ઉદ્યમ કરવાથી ધન મળે છે અને મુક્તિ પણ મળે છે.

## ઉપદેશ એકસો અડતાલીસમો

### આત્માની કિંચિત આત્મતા

અહો ભવ્યાત્મા ! તું અસંખ્યાત પ્રદેશી છે. અનંત જ્ઞાનમય છે, અનંત દર્શનમય છે, અનંત ચારિત્રમય છે, અનંત વીર્યમય છે, અનંત દાનમય છે, અનંત લાભમય છે, અનંત ભોગમય છે,અનંત ઉપભોગમય છે, અરૂપી છે, અખંડ છે, અગરુલઘુ છે, અક્ષય છે, અજર છે, અમર છે, અશરીરી છે, ઈંદ્રિય રહિત છે, અણાહારી છે, અલેશી છે, અનુપાદિ છે, અરાગી છે, અદ્વેષી છે, અક્રોધી છે, અમાની છે, અમાયી છે, અલોભી છે, અમોહી છે, અકલેશી છે, મિથ્યાત્વ રહિત છે, અવ્રત રહિત છે, કષાય રહિત છે, યોગ રહિત છે, સંસાર રહિત છે, સિદ્ધસ્વરૂપી છે, સ્વઆત્મસત્તાવંત છે, પરસત્તા રહિત છે, સ્વભાવનો કર્તા છે, પરભાવનો અકર્તા છે, સ્વભાવનો ભોક્તા છે, પરભાવનો અભોક્તા છે, જ્ઞાયક સ્વભાવી છે, પરભાવ વિભાવી છે, સ્વક્ષેત્ર અવગાહી છે, પરક્ષેત્ર અનાવગાહી છે, લોકપ્રમાણ અવગાહનાવંત, ધર્માસ્તિકાયથી ભિન્ન છે, અધર્માસ્તિકાયથી ભિન્ન છે, આકાશાસ્તિકાયથી ભિન્ન છે, પુદ્ગલાસ્તિકાયથી ભિન્ન છે, પરકાલથી ભિન્ન છે, સ્વદ્રવ્યવંત, સ્વક્ષેત્રવંત, સ્વકાલવંત, સ્વભાવવંત છે, અવસ્થાનપણે સ્વગુણસ્થાન છે, કાર્યભેદ ભિન્નછે, દ્રવ્યાસ્તિકાયપણે નિત્ય છે, પર્યાયાસ્તિકાયપણે અનિત્ય છે, દ્રવ્યપણે એક છે, ગુણ પર્યાયપણે અનેક છે, અનંતા દ્રવ્યાસ્તિક ધર્મ અનંતાપર્યાયાસ્તિક ધર્મ એવી સ્વસંપદાથી ચેતના લક્ષણે લક્ષિત,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વસંપદાએ પૂર્ણ, પરસંગે પરિણમ્યો સંસારવૃદ્ધિ કરે, સ્વજ્ઞાનદર્શનચારિત્રે પરિણમ્યો સિદ્ધતા કરે, અનંતધર્માસ્તિકાયપણે પ્રતીત કરવી, એવી પ્રતિત તે સમ્યગ્દર્શન એવુ ભાસન તે સમ્યગ્જ્ઞાન, એહને વિષે સ્થિરતા તે ચારિત્ર, એવી રત્નત્રય એ પરિણતા સિદ્ધતા કરે, તું સિદ્ધ છે, બુદ્ધ છે, મુક્ત છે, આવા તારા ગુણો છે, માટે હે આત્મન્ ! જ્યાં સુધી તમને મુક્તિ ન મળે ત્યાં સુધી તું અભાવદશા છોડી સ્વસ્વભાવમાં રક્ત રહે કે અનંતુ શાશ્વતું મુક્તિનું સુખ તું સુખે કરીને મેળવી શકે.

## ઉપદેશ એકસો ઓગણપચાસમો

### આત્મનિંદા

હે આત્મા ! હે ચેતન ! હે કુદષ્ટિ ! હે કુશ્રદ્ધાવાન્ ! હે અકાર્ય કરનાર ? હે મિથ્યાદષ્ટિ ! આ તારીકુપ્રવૃત્તિ સર્વથા ખોટી છે, બે ઘડીનું તું સામાયિક કરે છે,તેમાં તું આર્તધ્યાન કરે છે તે તારી મોટી ભૂલ છે. તું ક્યારેક સમ્યક્ત્વમોહનીમાં, ક્યારેક મિશ્ર મોહનીમાં, ક્યારેક મિથ્યાત્વમોહનીમાં, ક્યારેક કામરાગમાં, ક્યારેક સ્નેહરાગમાં, ક્યારેક દષ્ટિરાગમાં, ક્યારેક કુદેવમાં, કયારેક કુગુરૂમાં, ક્યારેક કુધર્મમાં, ક્યારેક જ્ઞાનવિરાધનામાં, ક્યારેક દર્શનવિરાધનામાં, ક્યારેક ચારિત્રવિરાધનામાં, ક્યારેક મનદંડમાં; ક્યારેક વચનદંડમાં, ક્યારેક કાયદંડમાં, ક્યારેક હાસ્યમાં, ક્યારેક રતિમાં, ક્યારેક અરતિમાં, ક્યારેક ભયમાં, ક્યારેક શોકમાં, ક્યારેક દુગંચ્છામાં, ક્યારેક કૃષ્ણલેશ્યામાં, ક્યારેક નીલલેશ્યામાં, ક્યારેક કાપોતલેશ્યામાં, ક્યારેક ઋદ્ધિગારવમાં, ક્યારેક રસગારવમાં, ક્યારેક શાતાગારવમાં, ક્યારેક માયાશલ્યમાં, ક્યારેક નિયાણશલ્યમાં, ક્યારેક મિથ્યાદર્શનશલ્યમાં, ક્યારેક તેર કાઠીઆમાં, ક્યારેક અઢારે પાપસ્થાનમાં રક્ત રહે છે, અરે આત્મા ! તું મહાદુષ્ટ છે, મહાધૃષ્ટ છે,પાપિષ્ટ છે, નિકૃષ્ટ છે, દુરાચારી છે, અરે ! તું હીન તિથિનો ઉત્પન્ન થએલ છે, અરે ! તું હીન પુન્ય છે, અરે ! તું હીન દષ્ટિ છે, અરે !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તું અઘોર પાપનો કરનાર છે, અરે ! દુરાચારી પાપિષ્ટ જીવ ! તારી અનંતાનું બંધી ક્રોધ, માન, માયા,લોભની ચોકડી હજુ નાશ પામી નથી, તારું મિથ્યાત્વ ગુણસ્થાન હજી ગયું નથી, હજી તારામાં ધૈર્યગુણ આવ્યો નથી. હજી તારી તૃષ્ણા શાંત થઇ નથી, આકુળ-વ્યાકુળતા તારી મટી નથી, તારા હૃદયમાં દયાનો ગંધ પ્રગટ થયો નથી જેમ દરીઆમાં પાણીના કલ્લોલા ઉછળે છે તેમ તારી તૃષ્ણાના કલ્લોલા ઉછળી રહ્યા છે,તું ક્રિયા કરે છે તે શૂન્ય મને કરે છે, શૂન્ય મને કરેલી ક્રિયા છાર ઉપર લીંપણા જેવી છે, માટે ધૈર્ય અને ઉજમાળ મને કરીશ તો લેખે લાગશે, અરે પાપી જીવ ! તારે ખરાબ વસ્તુ ખાવાની બાધા લેવી જોઇએ, ન લે તો પાપ લાગે, અને લઇને ભાંગે તો મહાપાપ લાગે, તેં અભક્ષ્ય, અનંતકાય, જરદો, ભાંગ, તમાકું માંસ, મદ્ય, માખણ, મધ, શીયળ વગેરેની બાધા કરીને ભંગ કરેલ છે તો અરે અભાગીઆ, બાપડા પામર જીવ ! તારી શી ગતિ થશે ? તેનો તેં વિચાર કર્યો ? અરે મોહાંધ જીવ ? શા માટે તું પુદ્‌ગલને માટે વિકલ્પ કરે છે ? આ મારી પારસમણી, આ મારી રસકુંપી, આ મારું રસાયન, આ મારી, જડીબુટી, આ મારી અમૃતગુટી, હું રાજા થાઉં, હું શેઠ થાઉં, શાહુકારથાઉં પાદશાહ થાઉં, સર્વોપરી થાઉં, માન મેળવું, યશ મેળવું, કીર્તિ મેળવું, પૂજનિક થાઉં, શોભનિક થાઉ, પ્રશંસનિક થાઉં, હે પુન્યહીન ? શા માટે ઉપરોક્ત ગોટાળાવાળી આર્તધ્યાનમાં પડે છે ? હે નિર્ભાગી ? પુન્ય કરવાની તારી એક પણ ધારણા સફળ થતી નથી, તો પાપ કરવાની તારી ધારણા ક્યાંથી સફળ થશે ? તેનો તું વિચાર તો કર, કારણ કે તારૂં પુન્ય તો બળીને ભસ્મીભૂત થયું છે તેથી તારી ધારણામાં તું શું સફળતા મેળવીશ ? તેનો તું વિચાર તો કર, કારણ કેતારૂં પુન્ય તો બળીને ભસ્મીભૂત થયું છે તેથી તારી ધારણામાં તું શું સફળતા મેળવીશ ? તેનો તું ઘડીકવાર ચક્ષુ મીંચીને વિચાર તો કર અરે દુર્ભાગી જીવ ? તું પાપી છે છતાં ધર્મિષ્ટ જીવના છિદ્રો શા માટે ખોળે છે ? અરે નિર્ભાગી જીવ. તું દુરાચારી છે છતાં સદાચારીની નિંદા શા માટે કરે છે ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અરે હરામી જીવ ? તું ઝેરીલો છે, વેરીલો છે, ખારીલો છે, ખોડીલો છે, ખંધીલો ગંધીલો છે, તંતીલો છે, જંદિલો છે, છતાં સરળ અને પોતાને માર્ગે ચાલતા જીવોની નિંદાવિકથા શા માટે કરે છે ? કયા ભવને માટે આવું હડહડતું અસત્ય બોલી તુ સંતો થાય છે ? શા માટે તું પરમાં પ્રવેશ કરે છે ? તારા નઠારા અપલક્ષણો તરફ તો પ્રથમ દષ્ટિપાત કર. પછી બીજાના સન્મુખ જો, અરે મુખ આત્મા ? તું તારું સંભાળ. પરમાં દષ્ટિ કરવાથી તારું કંઈ વળવાનું નથી, પરની નિંદા વિકથા ઈર્ષ્યા કરી શા માટે તું તારો વૈરી થાય છે ? જે જે કર્મો તું કરીશ તે તારે જ ભોગવવા પડશે, બીજો કોઈ તારો બાપ ભોગવવા નહિ આવે.અરે મલિન ચેતન ! આટલું આટલું કહ્યા છતાં સાન કેમ આવતી નથી ? તે શું દારૂ પીધો છે ? તેં શું ધતુરો પીધો છે ? તેં શું ચંદ્રહાસ પીધો છે ? અરે બેવકુફ આત્મા ! તને શું થયું છે કે રાત-દિવસ પરાઈ વાતમાં, પરાઈ નિંદામાં, પરાઈ ઈર્ષ્યામાં, પરનુ બૂરું કરવામાં હાથ પગ ધોઈને લાંગ્યો જ રહ્યો છે. ધિક્કાર છે તારા અવતારને, ધિક્કાર છે તારી બુદ્ધિને, ધિક્કાર છે તારી કરણીને કે તું નકામા પાપના પોટલા બાંધવા આ દુનિયામાં પેદા થયો છે. હે દુષ્ટ ચેતન ! ઝેરથી, વેરથી, ઈર્ષ્યાથી, જૂઠથી, છળથી, પ્રપંચથી, વિશ્વાસઘાતથી, નિંદાથી, પ્રપંચ પાપકર્મથી તું અનંતાકાળ રખડી મહામુશીબતને મનુષ્ય જન્મ પામ્યો છે. આવી વીતરાગના વચનો વાંચતા સાંભળતા છતાં પણ હજી તારી કુબુદ્ધિ કેમ જતી નથી ? દુધપાકના સમાન પરગુણ છોડી નિંદારૂપ ઉચ્છિષ્ટ પદાર્થના ભોજન કરવાની તને કેમ ચાહના થાય છે ? અનંતા કાળમાં નર્ક, નિગોદ, તિર્યંચ, કુમાનુષ્ય ગતિના અનિવાર્ય અને ત્રાહિ ત્રાહિ પોકારના દુઃખો તને કેમ મીઠા લાગે છે ? અરે અજ્ઞાની જીવ ? તું ત્યાગી હો કે સંસારી હો, સ્ત્રી હો કે પુરૂષ હો, સાધુ હો કે સાધ્વી હો,તારી આંખમાં ઝેર વસે છે તો તે આંખને તું પારકાના છિદ્ર જોવા કેમ બંધ કરતો નથી ? પરની અનિષ્ટ વાર્તા સાંભળતાં તું કાનમાં આંગળી કેમ નાખતો નથી ? પરના અવર્ણવાદ બોલતા તારી જીભને કબજામાં કેમ રાખતો નથી ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તારા હાથમાં શું આવે છે ? બસ પાપના પોટલા જ, બીજું કાંઇ નહિ, માટે અરે ઓ નાદાન ચેતન ! પાપથી ડરી, પ્રભુથી ડર, પરભવથી ડર, નિંદા વિકથા, ઝેર, વેર, જૂઠથી ડર, તારામાં અનેક દુર્ગુણો છે તે તપાસકર, તેને લોકો પાસે પ્રકટ કરી, પરની પ્રશંસા કરી વર્ણવાદ બોલે,કે તારો અંતરાત્મા અનાદિકાળના કરેલા પ્રચંડ પાપકર્મથી મુક્ત થાય, શું તને શાસ્ત્રકાર મહારાજાનું વચન યાદ નથી કે ? આત્મનિંદાના સમાન પુન્ય નથી અને પરનિંદાના સમાન પાપ નથી, અરે પાગલ જીવડા ? હવે હદ થઇ, બહુ રખડ્યો, બહુ દુઃખી થયો, મનુષ્ય જન્મ મળ્યો છે, તો પ્રભુના વચન ઉપર પ્રેમ કરી તારા અવગુણ બોલ, બીજાની પ્રશંસા કર, આંખ, જીભ, કાન, વશ કર કે સંસારચક્રવાલના અંદર, પરિભ્રમણનો તારો ફેરો બંધ થઇ જાય વારે વારે મનુષ્ય ભવ મળવો દુર્લભ છે,પછી તારે અનંતકાળ રઝળવાની ઇચ્છા જ હોય તો તારી કરણિતને મુબારક અવિચળ હો. હે જીવ ! પણ તેમાં તારું શું વળ્યું ? તેથી તારો કંઈ નિસ્તાર થવાનો નથી, માંસ મદિરા મધ માખણ છોડીશ, અભક્ષ્ય અનંતકાય છોડીશ, તમાકુ ગાંજો છોડીશ, દુર્વ્યસન છોડીશ,સાત મહાવ્યસનો છોડીશ, રાત્રિભોજન છોડીશ, દ્વિદળ છોડીશ, દુગંચ્છનિક આહાર છોડીશ. તું પરિગ્રહ છોડીશ, કુદેવ, કુગુરૂ, કુધર્મ છોડીશ, સંસારી સુખ છોડીશ, આહારમાં અનાદરતા કરીશ, ભોગને રોગ ગણીશ, વિષયને વિષ ગણીશ, કષાયને પાશ ગણીશ સંસારસુખને વિટંબના માનીશ, મોહનો દ્રોહ કરીશ, મિથ્યાત્વને શલ્ય ગણીશ, અધર્મને દાવાનળ માનીશ, ઘરને કારાગૃહ માનીશ, કુટુંબને જાળ માનીશ, આચારનો વિચાર કરીશ, વિનયનો આદર કરીશ, વિવેકનો સત્કાર કરીશ, સરલતા ધારણ કરીશ, આશાતના ટાળી પ્રભુની ભાવથી ભક્તિ કરીશ, સદ્ગુરુની નમ્રતાથી સેવા કરીશ, દયારૂપ ધર્મ દિલમાં ધરીશ, પ્રેમથી જિનવાણી હૃદયે ધરીશ, સમકિતમાં સાચો રંગ લગાડીશ, પૂજા, પૌષધ, પ્રતિક્રમણ, સામાયિક, નમસ્કાર મહામંત્ર વિગેરેમાં પૂર્ણ શ્રદ્ધા કરીશ, જૈન શાસનની દ્રઢ મને સેવા કરીશ, ઉત્સૂત્રતા ત્યાગીશ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુટિલતા ત્યાગીશ, મિથ્યા હઠવાદ ત્યાગીશ, હૃદયશુદ્ધિ કરીશ, સર્વ પરમાર્થનો સાર-એક સત્વ વચન જ બોલીશ સ્વ પરના માણસો તેમજ કાર્યોમાં નિષ્ફળપાતી થઈશ, જિનઆણા કંઠસ્થળને વિષે સ્થાપીશ, બીજામાં પ્રવેશ કરવો છોડી દઈશ અને તારું જ તપાસીશ, તારા પુન્યનું સરવૈયું કાઢીશ, તો જ હે જીવ ? સંસાર તરીશ, જ્ઞાન દર્શન ચારિત્ર લઈ નિષ્કલંક પાળીશ તો જ તું સંસાર તરીશ, તપ જપ વ્રત પચ્ચખાણમાં તત્પર રહીશ તો જ તું સંસાર તરીશ, સંસારી દરેક બાબતમાં ઉદાસીનતા ધારણ કરીશ તો જ તું તરીશ, ધ્યાનારૂઢ થઈશ, પરમ તપસ્વી થઈશ, સાચો નિરોગી થઈશ. શાન્ત, દાન્ત, જિતેંદ્રિય થઈશ, અષ્ટપ્રવચનમાતા બરાબર પાળીશ, શત્રુ મિત્રને સમાન ગણીશ, મણિ પત્થરને સમાન ગણીશ, નિંદા સ્તુતિને સમાન ગણીશ, માન અપમાનને સમાન ગણીશ, સુખદુઃખને સમાન ગણીશ, સુગંધ દુર્ગંધને સમાન ગણીશ, અમૃત વિષને સમાન ગણીશ, કિં બહુના ? વીતરાગ મહારાજના વચનોનું પ્રતિપાલન કરવામાં મેરુ સમાન સ્થિર થઈશ ત્યારે જ તું સંસાર તરીશ માટે ચિદાનંદ સ્વરૂપી છતાં પણ કર્માવરણમાં ઘેરાએલ હે આત્મા ! હવે તારા સ્વરૂપનો, તારા બળનો, તારી કરણીનો, તારી લેશ્યાનો, તારી સત્તાનો વિચાર કરી તારૂં અનંત બળ અજમાવી, અનાદિકાળના પાછળ લાગેલ તારા મોહ શત્રુને મારી, કર્મમેલ ધોઈ, તારા ઉજ્જવલ સ્ફટિક સમાન કેવળજ્ઞાન, કેવળદર્શનનો ગુણ પ્રગટ કરવા કટિબદ્ધ થા,

## ઉપદેશ એકસો પચાસમો

### જિનેશ્વર ભગવાનની વાણી

શ્રી અરિહંત ભગવંત અનંતજ્ઞાની, કેવળજ્ઞાન ભાસ્કર, કુમતઅંધકારવિનાશક, અમૃતસમલોચન, પરોપકારી અશરણશરણ, ભવભયહરણ, તરણતારણ, ષટ્કાયરક્ષક, ચોસઠઈંદ્રે પૂજિત, ભવ્ય જીવના ભવસમુદ્રતારક, અઢાર દૂષણ રહિત, આઠ મહાપ્રતિહાર્ય શોભિત, ચોત્રીશ અતિશય, પાંત્રીશ વાણીગુણભૂષિત, ત્રણ લોકના નિષ્કારણ બંધવ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જગજજીવસમૂહના હિતાવહ, અનંત જ્ઞાનમય, અનંતદર્શનમય, અનંતચારિત્રમય, અનંતલાભમય, અનંતભોગમય, અનંતઉપભોગમય, અનંતબલમય, અનંત વીર્યમય, અનંતેજોમય, અનંત અગુરૂલઘુમય, અનંતસ્વસ્વરૂપ, આનંદમય, અનંતભાવચારિત્રમય, અખંડ, અરૂપી અશરીરી, અભ્યાસી, અણાહારી, અલેશી,અનુપાધિ, અરાગી અદ્વેષી, અક્રોધી, અમાની, અમાયી, અલોભી, અમોહી, અજોગી, અભોગી, અભેદી, અવેદી, અલેશી, અનેંદ્રિ, અસંસારી, અવ્યાબાધ, અગુરુલઘુ, અપરિણામી, મિથ્યાત્વરહિત, કષાયરહિત, જોગરહિત, ભોગરહિત, સિદ્ધસ્વરૂપી સ્વસ્વભાવનો કર્તા, પરભાવનો અભોક્તા, ત્રિજગંવંદન, સકલદુરિત નિકંદન, પૂર્ણઆનંદન, ભવભયભજંન જગતઆનંદન, પરમ પુરુષોત્તમ, ત્રિકાળ જ્ઞાનિ, સકળપદાર્થ નિત્ય અનિત્યપણે પ્રકાશક, લોકાલોકજ્ઞાયક, સકળ કર્મમળ ક્ષય કરી મુક્તિપદને પામેલા, ત્રિશલાનંદન ભગવાન મહાવીર મહારાજાનું શાસન પાંચમા આરામાં વર્તમાનકાળે ચાલે છે તેનું નામ લેતાં પરમ માંગલિકને વરે, ઉત્કૃષ્ટતાથી મોક્ષસુખ પામે, એવા સાચા દેવ તીર્થંકર ત્રિભુવનઉપકારી, પરમેશ્વર જિનરાજ વીતરાગ સંસારતારક, ભવભયવારક, ત્રિજગત્‌વાત્સલ્ય કરનાર, જગજીવજંતુરક્ષક એવા ઉત્તમોત્તમ પ્રભુજી છે, તે ત્રિલોકી નાથની વાણી, અમૃતસમાન આત્માને મહાશીતલતા કરનારી છે તથા ઇહલોકને વિષે ધર્મના રાગી ભવ્યપ્રાણીને મોક્ષ આપનારી છે. પૂર્વે પુન્ય કર્યા હોયત્યારે જ એ પ્રભુજીની વાણી શ્રવણ કરી શકાય છે, અન્યથા તીર્થંકરની વાણી સાંભળવી દુર્લભ છે, માટે હે મહાનુભાવો ! બે ઘડી સમતા ધારણ કરી, પ્રમાદ છાંડી, ચાર પ્રકારની વિકથા છોડી, અનાદિકાળથી ધર્મના લૂંટારા અને મહાશત્રુ એવા તેરકાઠીઆને ત્યાગી, આત્માને સમાધિમાં રાખવા ૧ દ્રવ્યાનુયોગ, ૨ ગણિતાનુ યોગ, ૩ ધર્મકથાનુ યોગ, ૪ ચરણકરણાનું યોગને વિષે, અગ્યાર અંગ, બાર ઉપાંગ, છ છેદ, દસ પયન્ના, ચાર મૂળ સૂત્ર એવા પીસ્તાલીશઆગમ સાંભળ અને તેને વિષે બહુ જ પ્રેમ ધારણ કરી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધર્મકરણી સહિત, શ્રાવકવર્ગ ઉજમાળ રહેવાથી ભવનો અંત જલ્દીથી થાય છે, ચાલુ કાળમાં પ્રભુના વચન સાંભળવામાં બધીરા (બહેરા), અશ્રદ્ધાવાળા, ઉદાસીનતા ધારણ કરનારા અને પ્રમાદના પોટલા એવા જીવો ઘણા કાળ રખડશે, માટે સંસાર પરિભ્રમણના દુઃખી કંટાળેલા માણસોને ઘેવરના ભોજન અને અમૃતના પાનની પેઠે તીર્થંકર દેવની વાણી શ્રવણ કરવાથી ભવદવનો તાપ શમી જઇ મુક્તિપુરીની શીતળતા એકાંતતાથી મેળવી લેવા ચૂકવું નહિ. પ્રભુ દેશના આપે છે કે હે આત્મા ! તું મોહની નિદ્રામાં સૂતો હોવાથી દેવ, મનુષ્ય તિર્યંચ, નરક, નિગોદમાં અનંતકાળ રઝળ્યો. જેમ તાવના જોરથી ભોજનની રુચિ જાય છે તેમ કર્મના યોગે જીવને ધર્મનું વચન રુચતું નથી,તાવના જવાથકી રુચિ થવાથી જેમ આહાર લેવાય છે એમ અશુભ કર્મના નાશથી ધર્મનો વિચાર જાણી શકાય છે. જેમ પ્રચંડ પવના યોગે પાણીમાં કલ્લોલ ઉઠે છે તેમ પરિગ્રહના સંગથી મન અત્યંત ચંચળ થાય છે. જ્યાં પવન નથી ત્યાં પાણીના કલ્લોલા ઉભા નથી તેમ પરિગ્રહના ત્યાગથી મનનું ડામાડોળપણું થતું નથી. જેમ સર્પ ડસિત માણસ કડવાલીંબડાને પણ મીઠો માની રુચિથી ખાય છે તેવી રીતે તું મોહમમતાથી મડાઈ જઇ વિષયથી દુઃખને પણ સુખ માને છે. જયારે માણસ નિર્વિષ થાય ત્યારે તેને લીંબડો જેમ કડવો લાગે છે તેમ મોહ મમતા ઘટવાથી કોઈ વિષયની વાંછા કરતું નથી.જેવી રીતે અધમ માણસ જોયા વિના છિદ્રવાળી નાવમાં બેસી દરીઆમાં જવાથી બૂડે છે તેમ વિવેકવિચાર વિના ભેખ ધારણ કરી, ભેખને નહિ ભજવતા ભવરૂપી સમુદ્રમાં ડૂબે છે, જેમ અખંડિત નાવ ઉપર ચડનાર સમુદ્રનો પાર પામે છે, તેમ શુદ્ર વિચારક આત્મા રૂપ નૌકામાં ચડવાથી ભવસમુદ્રનો પાર પામે છે, જેમ મદોન્મત્ત થઈગયેલ હસ્તિ અંકુશને માનતો નથીતેમ મનની સ્થિરતા વિનાનો માણસ કાર્ય અકાર્યને ગણતો નથી,જેમ માણસો ઉપાય કરી, તે મદોન્મત્ત હાથીને ગ્રહણ કરી ઠેકાણે લાવી બાંધે છે તેમ મનને વશ કરવાથી આત્મા નિર્મળ ધ્યાનની સમાધિમાં લીન થાય છે. જેમ ચક્ષુમાં રોગ હોવાથી કાંઇને બદલે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાંઇ લખાઇ જાય છે તેમ જીવો મિથ્યાત્વમાં દોડતા હોવાથી જ્યાં જાય ત્યાં સંશયમાં જ પડે છે. જેમ ઔષધના અંજનથી આંખનો તિમિર રોગ મટી જાય છે તેમ સદ્ગુરુના જ્ઞાનરૂપી અંજન કરવાવડે મિથ્યાત્વ તિમિર દૂર થાય છે, જેમ દ્વૈપાયને ચારે બાજુથી દ્વારિકાને શલગાવી દીધી અને અનેમાંથી કોઈ નીકળી શક્યું નહિ તેમ તું પણ માયાગ્નિમાં ફસાએલ ત્યાંથી નીકળી કેવી રીતે ક્યાં ભાગી શકીશ ? માટે મુનિ મહારાજાઓ માયાને ત્યાગી નિગ્રંથ સાધુનો વેષ લઇ મુક્તિ પંથે પડે છે, તેમ તમો પણ માયાજાળ ત્યાગી મુક્તિનો પંથ પકડો. જેમ કુધાતુમાં મેળવેલ કંચનની કાંતિ ઘટવધ થાય છે તેમ પાપ પૂન્ય કરનાર મૂઢ આત્મા બહુજાતિભવોને કરે છે, તો પણ કાંચન પોતાનો કાંતિનો ગુણ ત્યાગ નહિ કરવાથી શુદ્ધ થઇ દિવ્ય કાંતિ આપે છે, તેમ પુન્ય પાપરૂપ મેલ ધોવાથી આત્મા પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરી પરમાત્મારૂપ થાય છે. જેમ પર્વરાહુનો સંગ થતા સૂર્ય ચંદ્રની કાંતિ વિનાશ પામે છેતેમ કુસાધુની સંગતિ કરવાથી સજ્જન હોય તે પણ મલિન થાય છે. જેમ મલયાચલના ચંદનની સુગંધ લીંબડાને પણ સુગંધી ચંદન રૂપ બનાવે છે તેમ સારા સાધુની સંગત કરવાથી દુર્જન પણસજ્જન થાય છે. જેમ ચારે બાજુથી પાણી આવવાથી તળાવ ભરાઇ જાય છે,તેમ આશ્રવરૂપી પાણી આવવાથી આત્મા કર્મબંધનથી ભરાઇ જાય છે, જેમ તળાવમાં આવતું પાણી બંધ કરવાથી તળાવ સુકાઇ જાય છે તેમ આશ્રવદ્વારબંધ કરવાથી આત્મા કર્મમળને બંધ થવાથી બહુ જ નિર્મળ થાય છે, જેમ જડીબુટ્ટીના યોગે પારો મરે છે તેમ કર્મ મેલથી જીવો પણ મૂર્છિત થયેલ છે જેમ મેલ કાઢીને મંજન કરવાથી પારો પ્રગટ રૂપવાળો થાયછે, તેમ શુકલધ્યાન અભ્યાસથી જ્ઞાનદર્શન નિર્મળ થાય છે, માટે હે ચતેન ! જ્ઞાનદશાને જાગૃત કરી, વિવેકરૂપ દીપક પ્રગટ કરી મોહ મમત્વ વારી, ધ્યાનાનલ પ્રગટાવી, આત્મારૂપ કંચન શુદ્ધ કરી, નિર્મળ કેવળજ્ઞાન દર્શન ઉપાર્જન કરી, સકળ કર્મમળ ધોઈ, શીઘ્રતાથી શિવરમણી વરી અખંડ ચિદાનંદ સુખનો ભોક્તા થા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઉપદેશ એકસો એકાવનમો

### દુર્જનમા દોષો

**कस्त्वं भद्र ! खलेश्वरोहमिह किं घोरे वने स्थीयते ?**
**शार्दूलादिभिरेव हिंस्त्रपशुभिः खाद्योहमित्याशया ।**
**कस्मात्कष्टमिदं त्या व्यवसितं मद्देहमांसाशिनः,**
**प्रत्युत्पन्ननृमांसभक्षणधियस्ते घ्नन्तु सर्वान्नरान् ॥१॥**

ભાવાર્થ : કોઈ વ્યક્તિકોઈને પ્રશ્ન પૂછે છે. હે ભદ્ર ! તુંકોણ છે ? તેણે જવાબ આપ્યો કે હું દુર્જનશિરોમણિ માણસ છું, ફરી પૂછયું - તું આ ઘોરાતિઘોર વનમાં કેમ રહેલો છે ? ઉત્તર આપ્યો કે સિંહાદિક હિંસક જાનવરો મને ખાઈ જાય તેવા આશયથી રહેલો છું. ફરી પૂછે છે - આવું કષ્ટ તું શા કારણથી સહન કરે છે, એટલે ઉત્તર આપ્યો કે મારા દેહના માંસને આસ્વાદન કરી માણસના માંસભક્ષણ કરવાની બુદ્ધિવાળા તે સિંહાદિક હિંસક જીવો તમામ માણસોને મારી નાખો, એવા આશયથી હું અહીં બેઠો છું. કહેવત છે કે પેટનો બલેલો આખું ગામ બાળે તેમ દુર્જનશિરોમણિ પોતાનો ઘાત ઈચ્છીને પણ બીજાઓના પ્રાણને હરણ કરવા કરાવવા ચૂકતો નથી.

### દુર્જનના દોષોની સંખ્યા નથી

૧. જેમ મેઘની ધારાની સંખ્યા નથી,
૨. જેમ સમુદ્રને વિષે માછલાઓની સંખ્યા નથી,
૩. જેમ માતાને વિષે સ્નેહની સંખ્યા નથી,
૪. જેમ સત્પાત્રને વિષે પુન્યની સંખ્યા નથી,
૫. જેમ આકાશને વિષે તારાઓની સંખ્યા નથી,
૬. જેમ મેરુપર્વતને વિષે સુવર્ણની સંખ્યા નથી,
૭. જેમ આકાશને વિષે પ્રદેશોની સંખ્યા નથી,
૯. જેમ સમુદ્રનો અને પર્વતોની સંખ્યા નથી,
૧૦. જેમ સર્વજ્ઞમાં ગુણોની સંખ્યા નથી,
૧૧. જેમ દુર્જન માણસોને વિષે દોષોની સંખ્યા નથી.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉપદેશ એકસો બાવનમો (૧)

## માનવ જન્મની શોભા શેનાથી છે ?

૧. જેમ રાત્રિ ચંદ્રવડે કરીને શોભે છે,
૨. જેમ આકાશ સૂર્યવડે કરીને શોભે છે,
૩. જેમ પ્રસાદ દેવોવડે કરી શોભે છે,
૪. જેમ દેવો પૂજાવડે કરીને શોભે છે,
૫. જેમ પૂજા ભાવવડે કરીને શોભે છે,
૬. જેમ ભાવ શ્રદ્ધાવડે કરીને શોભે છે,
૭. જેમ વેલડી પુષ્પવડે કરીને શોભે છે,
૮. જેમ પુષ્પ પરિમલવડે કરીને શોભે છે,
૯. જેમ કુસુમ ભ્રમરવડે કરીને શોભે છે,
૧૦. જેમ યુવતી યૌવનવડે કરીને શોભે છે,
૧૧. જેમ કુલવધુ શીયલવડે કરીને શોભે છે,
૧૨. જેમ મુખ નેત્રવડે કરીને શોભે છે,
૧૩. જેમ નેત્ર કાજળવડે કરીને શોભે છે,
૧૪. જેમ કાજળ શ્યામતાવડે શોભે છે.
૧૫. જેમ શ્યામતા ગુણવડે કરીને શોભે છે.
૧૬. જેમ પ્રેક્ષણ ગીતવડે કરીને શોભે છે,
૧૭. જેમ ગીત ગાનતાનવડે કરીને શોભે છે.
૧૮. જેમ પીંછા મયૂરવડે કરીને શોભે છે,
૧૯. જેમ મયૂર કેકારવવડે કરીને શોભે છે,
૨૦. જેમ પ્રજા રાજાવડે કરીને શોભે છે,
૨૧. જેમ રાજા ન્યાયવડે કરીને શોભે છે,
૨૨. જેમ છત્ર દંડવડે કરીને શોભે છે,
૨૩. જેમ નગર કીલ્લાવડે કરીને શોભે છે,
૨૪. જેમ રાજ્ય રાજાવડે કરીને શોભે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૫. જેમ ધનેશ્વર દાનવડે કરીને શોભે છે,
૨૬. જેમ યોગી ધ્યાનવડે કરીને શોભે છે,
૨૭. જેમ શિષ્ય વિનયવડે કરીને શોભે છે,
૨૮. જેમ યતિ નિર્મમત્વપણાવડે કરીને શોભે છે,
૨૯. જેમ શૂરવીર સત્વવડે કરીને શોભે છે,
૩૦. જેમ મસ્તક મુકુટવડે કરીને શોભે છે,
૩૧. જેમ મુકુટ હીરાવડે કરીને શોભે છે,
૩૨. જેમ હીરો તેજવડે કરીને શોભે છે,
૩૩. જેમ મુખ દાંતવડે કરીને શોભે છે.
૩૪. જેમ કપાલ તિલકવડે કરીને શોભે છે,
૩૫. જેમ કાન કુંડળવડે કરીને શોભે છે,
૩૬. જેમ હૃદય હારવડે કરીને શોભે છે.
૩૭. જેમ વીણા નાદવડે કરીને શોભે છે,
૩૮. જેમ વન વૃક્ષવડે કરીને શોભે છે,
૩૯. જેમ વૃક્ષ પત્રોવડે કરીને શોભે છે,
૪૦. જેમ વીજલી મેઘવડે કરીને શોભે છે,
૪૧. જેમ મેઘ શ્યામતાવડે કરીને શોભે છે,
૪૨. જેમ હસ્તિ મદવડે કરીને શોભે છે,
૪૩. જેમ ઘોડો વેગવડે કરીને શોભે છે,
૪૪. જેમ રાજહંસ સરોવર વડે કરીને શોભે છે.
૪૫. જેમ સરોવર પાણીવડે કરીને શોભે છે,
૪૬. જેમ પાણી મીઠાશવડે કરીને શોભે છે,
૪૭. જેમ જલાશય જળવડે કરીને શોભે છે,
૪૮. જેમ ગુણો કળાકલાપવડે કરીને શોભે છે,
૪૯. જેમ કલાકલાપ-સદ્‌બુદ્ધિવંત પુરુષોવડે કરીને શોભે છે,
૫૦. જેમ સુવર્ણ રત્નવડે કરીને શોભે છે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫૧. જેમ મંદિર નિત્ય ઉદયવડે કરીને શોભે છે,

૫૨. જેમ કુલ સુપુત્રવડે કરીને શોભે છે,

૫૩. જેમ મરુસ્થલ કૂવાવડે કરીને શોભે છે,

૫૪. જેમ ગારુડિક મંત્રવડે કરીને શોભે છે,

૫૫. જેમ મંત્ર તંત્રવડે કરીને શોભે છે,

૫૬. જેમ મંડપ તોરણવડે કરીને શોભે છે,

૫૭. જેમ પક્ષી પાંખોવડે કરીને શોભે છે,

૫૮. જેમ વૃક્ષ ફળોવડે કરીને શોભે છે,

૫૯. જેમ સૈન્ય સ્વામીવડે કરીને શોભે છે,

૬૦. જેમ વાણી સરસ્વતીવડે કરીને શોભે છે,

૬૧. તેમ મનુષ્યોનો માનવજન્મ કેવલ એક સત્ય, દયામય, શુદ્ધ, નિષ્પક્ષ ધર્મવડે કરીને જ શોભાને પામે છે.

## ઉપદેશ એકસો બાવનમો (૨)

### દેવગુરુ ધર્મનું આરાધન

૧. જેમ મંત્રી વિનાનું રાજ્ય શોભતું નથી,

૨. જેમ શસ્ત્ર વિનાનું સૈન્ય શોભતું નથી,

૩. જેમ નેત્ર વિનાનું મુખ શોભતું નથી,

૪. જેમ ઘી વિનાનું ભોજન શોભતું નથી,

૫. જેમ શીયલ વિનાની સ્ત્રી શોભતી નથી,

૬. જેમ પ્રીતિ વિનાનો મિત્ર શોભતો નથી,

૭. જેમ સ્વામી વિનાની સેના શોભતી નથી,

૮. જેમ રસ વિનાનું કાવ્ય શોભતું નથી,

૯. જેમ પ્રેમ વિનાની સ્ત્રી શોભતી નથી,

૧૦. જેમ ન્યાય વિનાનો રાજા શોભતો નથી,

૧૧. જેમ વિનય વિનાનો શિષ્ય શોભતો નથી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૨. જેમ સુકૃત વિનાનો પ્રાણી શોભતો નથી,
૧૩. જેમ સૂર્ય વિનાનો દિવસ શોભતો નથી,
૧૪. જેમ દાન વિના વૈભવ શોભતો નથી,
૧૫. જેમ ઉચિત વિના મહત્વ શોભતું નથી,
૧૬. જેમ વરસાદ વિના વર્ષાઋતુ શોભતી નથી,
૧૭. જેમ દાતારપણા વિનાનો ધનેશ્વર શોભતો નથી,
૧૮. જેમ પ્રતાપ વિનાનો રાજા શોભતો નથી,
૧૯. જેમ ભક્તિ વિનાનો શિષ્ય શોભતો નથી,
૨૦. જેમ પાણી વિનાનું સરોવર શોભતું નથી,
૨૧. જેમ લક્ષ્મી વિનાની પ્રભુતા શોભતી નથી,
૨૨. જેમ જીવ વિનાનું પુદ્ગલ શોભતું નથી,
૨૩. જેમ વાસ વિનાનો મહેલ શોભતો નથી,
૨૪. જેમ ધર્મ વિનાનો માણસ શોભતો નથી,
૨૫. જેમ શીયલ વિનાનું લીંગ શોભતું નથી,
૨૬. જેમ શાન્તિ વિનાનો સાધુ શોભતો નથી,
૨૭. જેમ પૈસા વિનાનો ગૃહસ્થ શોભતો નથી,
૨૮. જેમ સારા વચનો વિનાનું ગૌરવ શોભતું નથી,
૨૯. જેમ કમલ વિનાનું સરોવર શોભતું નથી,
૩૦. જેમ સુગંધ વિનાનું ફૂલ શોભતું નથી,
૩૨. જેમ શસ્ત્ર વિનાનો શૂરવીર શોભતો નથી,
૩૩. જેમ મંત્ર વિનાનો મંત્રી પ્રધાન શોભતો નથી,
૩૪. જેમ પૈડા વિનાની ગાડી શોભતી નથી,
૩૫. જેમ કીલ્લા વિનાનું નગર શોભતું નથી,
૩૬. જેમ સ્વામી વિનાનું બલ શોભતું નથી,
૩૭. જેમ દાંત વિનાનો હસ્તિ શોભતો નથી,
૩૮. જેમ દંડ વિનાનો ધ્વજ શોભતો નથી,
૩૯. જેમ કલાહીન પુરુષ શોભતો નથી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪૦. જેમ તેજ વિનાનો મણિ શોભતો નથી,

૪૧. જેમ તપ વિનાનો મુનિ શોભતો નથી,

૪૨. જેમ બાણ વિનાનું ધનુષ્ય શોભતું નથી,

૪૩. જેમ ધાર વિનાની તરવાર શોભતી નથી,

૪૪. જેમ પ્રતિજ્ઞા વિનાનો પુરુષ શોભતો નથી,

૪૫. જેમ લજ્જા વિનાની કુલવધુ શોભતી નથી,

૪૬. જેમ વૃક્ષ વિનાની વાડ શોભતી નથી,

૪૭. જેમ દાન વિનાનું ધન શોભતું નથી,

૪૮. જેમ સ્વામી વિનાનો દેશ શોભતો નથી,

૪૯. જેમ ગંધ વિનાનું ફૂલ શોભતું નથી,

૫૦. જેમ નેત્ર વિનાનું મુખ શોભતું નથી,

૫૧. જેમ મીઠા વિનાની રસવતી શોભતી નથી,

૫૨. જેમ સત્ય વિનાની સરસ્વતી (વાણી) શોભતી નથી,

૫૩. જેમ રૂપ વિનું શરીર શોભતું નથી,

૫૪. જેમ ગુણ વિનાનો માણસ શોભતો નથી,

૫૫. જેમ દેવ વિનાનું મંદિર શોભતું નથી,

૫૬. તેમ દેવગુરુધર્મના આરાધન વિના પુન્યહીન માણસ શોભતો નથી.

## ઉપદેશ એકસો ત્રેપનમો

### અજ્ઞાનીની અજ્ઞાનતા

૧. અજ્ઞાનિ સૂત્રને માટે રત્નની માલાને તોડી નાખે છે.

૨. અજ્ઞાનિ લોઢાની ખીલીને માટે સમુદ્રમાં નાવડાને તોડી નાખે છે.

૩. અજ્ઞાનિ રક્ષાને માટે બાવના ચંદન વૃક્ષને બાળે છે,

૪. અજ્ઞાનિ ભિક્ષા માગવાને માટે નિધાનનો ત્યાગ કરે છે,

૫. અજ્ઞાનિ મણિને માટે મશને ગ્રહણ કરે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬. અજ્ઞાનિ ઘોડાને માટે ગર્દભને અંગીકાર કરે છે,

૭. અજ્ઞાનિ જીવિતવ્યને માટે વિષનું ભક્ષણ કરે છે,

૮. અજ્ઞાનિ સમુદ્ર પાર પામવા માટે પત્થરની શિલા ઉપર બેસે છે

૯. અજ્ઞાનિ સાકરને માટે લવણનો આશ્રય કરે છે,

૧૦. અજ્ઞાનિ પુન્યના માટે પાપના કર્તવ્યોને કરે છે,

૧૧. અજ્ઞાનિ સિંહાસનને માટે શૂલીને અંગીકાર કરે છે,

૧૨. અજ્ઞાનિ દૂધવાળી ગાયને માટે થોરને ગ્રહણ કરે છે,

૧૩. અજ્ઞાનિ હિતના ખાતર અહિત વસ્તુનો આશ્રય કરે છે,

૧૪. અજ્ઞાનિ સુખના માટે દુઃખના કામો કરે છે,

૧૫. એવા દુનિયામાં કોઈ પણ કાર્યો નહિ હોયકે જેને અજ્ઞાની માણસ આચરતો નહિ હોય.

**दारिद्राकुल चेत सांसुतसुताभार्यादिचिंताजुषां,**
**नित्यं दुर्भरदेह पोषण कृते रात्रिं दिवा खिद्यतां,**
**राजाज्ञा प्रतिपालनोद्यत धियां विश्राम मुक्तात्मनां,**
**सर्वोपद्रव शंकिनामघमृतां धिग्देहिनां जीवितं ॥१॥**

ભાવાર્થ : દરિદ્રતાથી આ કુલ ચિત્તવાળા પુત્ર, પુત્રી, સ્ત્રી આદિની ચિંતા કરનારા, નિરંતર દુર્ભર ઉદરનું પોષણ કરવા માટે રાત્રિદિવસ ખેદ ધારણ કરનારા, રાજાની આજ્ઞાનું પ્રતિપાલન કરવા માટે સતત પ્રયાસ કરનારી બુદ્ધિવાળા કોઈપણ પ્રકારે વિશ્રાંતિ રહિત આત્માવાળા સર્વ પ્રકારના ઉપદ્રવોથી શંકાશીલ મનવાળા અને પાપથી ભરેલા એવા મનુષ્યોના જીવિતવ્યને ધિક્કાર છે.

## ઉપદેશ એકસો ચોપનમો

### દૈવ-વિધિ

૧. વિધિ સમુદ્રને, સ્થળ બનાવે છે,

૨. વિધિ સ્થલને, જળ બનાવે છે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩. વિધિ પર્વતને, ધૂળ બનાવે છે,
૪. વિધિ ધૂળને, પર્વત બનાવે છે,
૫. વિધિ વજ્રને તૃણ બનાવે છે,
૬. વિધિ તૃણને, વજ્ર બનાવે છે,
૭. વિધિ અગ્નિને, શીતલ બનાવે છે,
૮. વિધિ શીતને, અગ્નિ બનાવે છે,
૯. વિધિ અમૃતને, વિષ બનાવે છે,
૧૦. વિધિ વિષને, અમૃત બનાવે છે,
૧૧. વિધિ વાઘને, બકરો બનાવે છે,
૧૨. વિધિ બકરાને, વાઘ બનાવે છે,
૧૩. વિધિ પથ્થરને હીરો બનાવે છે,
૧૪. વિધિ હીરાને, પથ્થર બનાવે છે,
૧૫. વિધિ અશુચિને, શુચિ બનાવે છે,
૧૬. વિધિ શુચિને, અશુચિ બનાવે છે,
૧૭. વિધિ પિત્તળને, સુવર્ણ બનાવે છે,
૧૮. વિધિ સુવર્ણને, પિત્તળ બનાવે છે,
૧૯. વિધિ અશુદ્ધને, શુદ્ધ બનાવે છે,
૨૦. વિધિ શુદ્ધને, અશુદ્ધ બનાવે છે,
૨૧. વિધિ નિર્ગુણીને, ગુણી બનાવે છે,
૨૨. વિધિ ગુણીને, નિર્ગુણી બનાવે છે,
૨૩. વિધિ મૂર્ખને, પંડિત બનાવે છે,
૨૪. વિધિ પંડિતને, મૂર્ખ બનાવે છે,
૨૫. વિધિ રાયને, રંક બનાવે છે.
૨૬. વિધિ રંકને, રાય બનાવે છે,
૨૭. વિધિ સુખીને, દુઃખી બનાવે છે,
૨૮. વિધિ દુઃખીને, સુખી બનાવે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૯. વિધિ યશસ્વીને, અયશસ્વી બનાવે છે,
૩૦. વિધિ અયશસ્વીને, યશસ્વી બનાવે છે.
૩૧. વિધિ નિસ્તેજને, તેજસ્વી બનાવે છે,
૩૨. વિધિ તેજસ્વીને, નિસ્તેજ બનાવે છે,
૩૩. વિધિ સરોગીને, નિરોગી બનાવે છે,
૩૪. વિધિ નિરોગીને, સરોગી બનાવે છે.

## ઉપદેશ એકસો પંચાવનમો

**વસ્તુ વસ્તુઓમાં ફેરફાર હોય છે,**

૧. જેમ રાહુ અને સૂર્યમાં ફેર છે,
૨. જેમ કઢાયામાં અને ચંદ્રમામાં ફેર છે,
૩. જેમ રાત્રિ અને દિવસમાં ફેર છે,
૪. જેમ અમાવાસ્યા અને પૂર્ણિમામાં ફેર છે,
૫. જેમ અંગારામાં અને સુવર્ણમાં ફેર છે.
૬. જેમ પત્થરમાં અને રત્નમાં ફેર છે,
૭. જેમ ધંતુરામાં અને ચંપામાં ફેર છે,
૮. જેમ કેરડામાં અને કલ્પવૃક્ષમાં ફેર છે,
૯. જેમ છાશ અને દૂધમાં ફેર છે,
૧૦. જેમ ગર્દભ અને ઐરાવણમાં ફેર છે.
૧૧. જેમ કાગડા અનેકોયલમાં ફેર છે,
૧૨. જેમ બગલા અને હંસલામાં ફેર છે,
૧૩. જેમ ડુક્કરમાં અને ઘોડામાં ફેર છે,
૧૪. જેમ કલિયુગમાં અને સત્‌યુગમાં ફેર છે,
૧૫. જેમ વિષ અને અમૃતમાં ફેર છે,
૧૬. જેમ સજ્જન અને દુર્જનમાં ફેર છે,
૧૭. જેમ જ્ઞાન અને અજ્ઞાનમાં ફેર છે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૮. જેમ અફીણ અને સાકરમાં ફેર છે,
૧૯. જેમ પુન્ય અને પાપમાં ફેર છે,
૨૦. જેમ સુખ અને દુઃખમાં ફેર છે,
૨૧. જેમ સુગતિ અનેદુર્ગતિમાં અંદર ફેર છે,
૨૨. જેમ સુમતિ અને કુમતિની અંદર ફેર છે,
૨૩. જેમ દુર્ગંધ અને સુગંધમાં ફેર છે,
૨૪. જેમ સધન અને નિર્ધનમાં ફેર છે,
૨૫. જેમ ઉદય અને અસ્તમાં ફેર છે,
૨૬. જેમ સ્ત્રી અને પુરુષમાં ફેર છે,
૨૭. જેમ નદી અને સમદ્રમાં ફેર છે,
૨૮. જેમ સત્ય અને અસત્યમાં ફેર છે,
૨૯. જેમ રોગી અને નિરોગીમાં ફેર છે.
૩૦. જેમ કુંથુઓ અને હસ્તિમાં ફેર છે,
૩૧. જેમ બંધ અને મુક્તિમાં ફેર છે,
૩૨. જેમ સમ્યક્ત્વ અને મિથ્યાત્વમાં ફેર છે,
૩૩. જેમ ભવ્ય અને અભવ્યમાં ફેર છે,
૩૪. જેમ અંધ અને દેખતામાં ફેર છે,
૩૫. જેમ સકર્મ અને અકર્મમાં ફેર છે.

## ઉપદેશ એકસો છપ્પનમો

### ક્યો ગુણ કોનામાં હતો ?

૧. ગ્રહણ શબ્દ સૂર્ય ચંદ્રના ગ્રહણમાં જ હતો, પરંતુ લોકોને વિષે ગ્રહણ કરવાપણું નહોતું,

૨. દંડ રાજાના છત્રને વિષે હતો, લોકોને વિષેદંડ કરવા પણું નહોતું,

૩. કર,કર ગ્રહણ કરવાનું વિવાહને વિષે હતું, પરંતુ રાજાદિક કોઈ લોકો પાસેથી કર લેતા નહોતા,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪. બંધન,સ્ત્રીઓના ચોટલાઓને વિષે હતું, પરંતુ કોઈ પણ લોકોને વિષે ન હોતું,

૫. અગુરુવાસના, સ્ત્રીઓના કેશને સુગંધી કરવામાં હતી, પરંતુ લોકોને વિષે નહોતી,

૬. તાડનં, નિરંતર મુજબને વિષે હતું, પરંતુ લોકોને વિષે તાડના શબ્દ નહોતો,

૭.દ્વિજિહ્વાપણું, સર્પને વિષે હતું, પરંતુ લોકોને વિષે દ્વિજિહ્વા (ચાડીયા) પણું નહોતું,

૮. ચોરી કરવાપણું, પરઘર પ્રવેશ કરવા પણું, પવનને વિષે હતું,પરંતુ લોકોને વિષે નહોતું,

૯. વ્યસન, લોકોને દાન આપવામાં વ્યસની હતા, પણ વ્યસનો સેવવામાં નહોતા,

૧૦. લુબ્ધ, યશ ઉપાર્જન કરવામાં લુબ્ધ હતા, પણ બીજા કાર્યમાં લુબ્ધ ન હતા

૧૧. ભીરુ, અકૃત્ય કરવામાં ભયશીલ હતા, બીજા તમામ કાર્યમાં નિર્ભય હતા.

૧૨. અતૃપ્ત, ગુણ ગ્રહણ કરવામાં અતૃપ્ત હતા, બીજામાં નહિ,

૧૩. પાંગળા, પારકાના દ્રવ્ય ગ્રહણ કરવામાં પાંગળા હતા, પોતાની જાતના પંગુ નહિ,

૧૪. અંધ, પરસ્ત્રીને દેખવામાં અંધ હતા, પણ પોતે ચક્ષુથી અંધ નહોતા,

૧૫. મુંગા, પરના દોષો બોલવામાં મુંગા હતા, પોતે મુંગા નહતા.

૧૬. અજ્ઞ, પરના પાસે યાચવામાં અજ્ઞ, પણ અજ્ઞાની ન હતા.

૧૭. ત્યાં આપત્તિનો ભાગ, કોઈપણ પ્રાણિમાં ન હતો, પણ વૃક્ષોમાં જ ચોમેર, આ પલ્લવો હતા,

૧૮. અંધારું, ત્યાં ન હોતું, પણ ગુફાઓમાં જ હતું,

૧૯. જડતા, સરોવરમાં જ હતી, પણ મનુષ્યોમાં નહોતી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૦. દુર્વર્ણ ધાતુઓમાં જ હતો પણ મનુષ્યોમાં નહોતો,

૨૧. કુમુદાકર, પોયણાનો જથ્થો રાત્રિ વિકાશી કમલોમાં હતો પણ કુ-નઠારો હર્ષ નહિ

૨૨. જડ જળમાં હતો, પણ મનુષ્યોમાં નહિ,

૨૩. કઠોરતા, પત્થરમાં હતી, પણ મનુષ્યોમાં નહતી.

૨૪. ઉગ્રતા તપસ્યામાં જ હતી, પણ મનુષ્યોમાં ન હતી,

૨૫. ચપળતા, વેલડીઓમાં જ હતી. પણ મનુષ્યોમાં ન હતી,

૨૬. પક્ષ, પક્ષપાત પક્ષીઓમાં જ હતો પણ મનુષ્યોમાં ન હતો,

૨૭. પ્રદોષ સાયંકાળ, અથવા ઉત્કૃષ્ટ દોષ રાત્રિના મુખમાં જ હતો, પણ મનુષ્યોમાં ન હતો.

૨૮. ભય, પાપમાં જ હતો,પણ મનુષ્યોમાં ન હતો.

૨૯. ચંચળતા, ધ્વજામાં જ હતી, પણ મનુષ્યોમાં ન હતી,

૩૦ દંડ, ધ્વજાદંડમાં જ હતો, પણ મનુષ્યોમાં ન હતો,

૩૧. બંધ, સ્ત્રીના ચોટલામાં હતો, પણ મનુષ્યોને ન હતો,

૩૨. મારી શબ્દ, સારિકા-સોગઠાબાજીમાં હતો પણ બીજે ન હતો,

## ઉપદેશ એકસો સત્તાવનમો

### બંધ બેસતી કવિતા

બચ્ચાંને માઈ, કંદોઈને કઢાઈ,
બહેનને ભાઈ, સાસુને જમાઈ,
અભિમાનીને બડાઈ, ઝવેરીને જડાઈ,
ભિખારીને પાઈ, વૈદ્યને દવાઈ,
પરોપકારીને ભલાઈ,દરજીને સિલાઈ,
મૂર્ખને ધિઢાઈ, ફકીરને ચટાઈ,
કુંવારાને સગાઈ, વડાને દાનાઈ,
માંસાહારીને કસાઈ, તસવીરોને મડાઈ,
કીલ્લાને ખાઈ, રાજને વિનાઈ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દુકાનદારોને કમાઇ, દુઃખીયાને સુનાઇ,
ચરખાને કતાઇ, ચક્કીને પીસાઇ,
ભાડભુજાને ભુંજાઇ, લીંબુને ખટાઇ,
વાસણને મંજાઇ, દૂધને મલાઇ,
મકાનને સજાઇ, પ્રેસને છપાઇ,
પલંગને રજાઇ, મસ્તકરાને ભંડાઇ,
પોલિસને પિટાઇ, વીરોને લડાઇ,
તંબુને તણાઇ, કઠણને રૂઠાઇ,
રંગરેજને રંગાઇ હરિચંદ્રને સચ્ચાઇ

## ઉપદેશ એકસો અઠ્ઠાવનમો

### ગૌતમ બુદ્ધ

બૌદ્ધ મહાવીરસ્વામીના સમકાલીન હતો. બૌદ્ધના મરણ બાદ, મહાવીરસ્વામી, ૧૬ વર્ષ આ ભૂમિ ઉપર કેવલીપણે વિચર્યા હતા. તેમના ઉપદેશથી કેટલાએક બૌદ્ધ રાજાએ બુદ્ધ ધર્મ ત્યાગી જૈન ધર્મને અંગીકાર કર્યો હતો.

બૌદ્ધોનું કાંઇક વર્ણન આચારાંગ સૂત્રની ટીકામાં છે.

ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વનાથજી મહારાજાના મોટા શિષ્ય શુભદત્તજી ગણધર, તેમના શિષ્ય હરિદત્તજ, તેમના શિષ્ય આર્યસમુદ્ર તેના શિષ્ય સ્વયં પ્રભસૂરિ, તેના કેટલાયેક શિષ્યોમાં પહિત આશ્રવ નામના શિષ્ય હતા, તેનો શિષ્ય બુદ્ધકીર્તિ હતો, તેનુ બીજું નામ ગૌતમબુદ્ધ હતું.તેમણે બોદ્ધ ધર્મ ચલાવ્યો છે.

દિગંબરમતના દેવસેન આચાર્ય, પોતાના બનાવેલ દર્શન-સાર નામના ગ્રંથમાં, બૌદ્ધોની ઉત્પત્તિ નીચે પ્રમાણે જણાવે છે.

**सिरिपासनाहतित्थे, सरउ तीरे पलासणयरत्थे ।**
**पहिआसवस्स सीहे, महालुद्धो बुद्धकीत्ति मुणी ॥१॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**तिमिपूरणासणेया, अहिगयपवज्जावउपरमट्ठे ।**
**रत्तंबरधरित्ता, पवड्ढिय तेण एयत्तं ॥२॥**
**मंसस्स नत्थि जीवो, जह फले दहियदुद्धसकराये ।**
**तम्हा तं मुणित्ता, मरकंतो नत्थि पाविट्ठो ॥३॥**
**मज्जं न वज्जणिज्जं, दव्वदवं जह जलं तह एदं ।**
**इति लोए गोसित्ता, पवत्तियं संधसावज्जं ॥४॥**
**अण्णो करे दिकम्मं, अण्णोतं भुंजदी दिसिद्धंतं ।**
**परिकप्पिउण णूणं, वसिकिच्छाणिरयमुववण्णो ॥५॥**

ભાવાર્થ : બૌદ્ધમતની ઉત્પત્તિ શ્રી પાર્શ્વનાથ મહારાજના તીર્થમાં સરયૂ નદીનાકાંઠા ઉપર આવેલ પલાસ નામના નગરને વિષે થયેલ છે. પિહિતઆશ્રવ મુનિમહારાજનો શિષ્ય બુદ્ધકીર્તિ નામનો હતો. એકદા નદીમાં બહુ જ પાણી આવ્યું.તેમાં મેલા માછલા તણાતા આવ્યા. તે દેખીને નદીકાંઠે રહેલા બુદ્ધીકીર્તિએ વિચાર કર્યો કે આ માછલાં પોતાની મેળે મરણ પામેલા છે, માટે તેનું ભક્ષણ કરવામાં પાપ નથી. આવો નિશ્ચય કરી સાધુવેષ છોડી દઈ લાલ વસ્ત્રને ધારણ કરી બૌદ્ધમત ચલાવ્યો, અને ધર્મભ્રષ્ટ થઈ માંસનું ભક્ષણ કરવા માંડ્યો, અને લોકોને વિષે પ્રગટપણે બોલવા લાગ્યો કે માંસમાં જીવ નથી, તેથી તેને ખાવામાં પાપ નથી,તથા ફળદુધ દહીં સાકરના પેઠે, તથા પ્રવાહી પદાર્થના પેઠે મદિરાનું પાન કરવામાં પણ પાપ નથી, કારણ કે તે પણપાણીના પેઠે પ્રવાહી પદાર્થ છે, એમ કહી બૌદ્ધમત ચલાવ્યો, અને બોલ્યો કે સર્વ પદાર્થો ક્ષણિક છે, પાપ પુન્યનો કર્તાકોઈક અને ભોક્તા પણ કોઈક છે, આવો માર્ગ સ્થાપ્યો. બૌદ્ધોના પુસ્તકોમાં લખેલ છે કે દેવદત્ત નામનો એક બુદ્ધનો શિષ્ય હતો.તેણે માંસ ભક્ષણ છોડાવવા બહુ ઝગડો કર્યો. બૌદ્ધે ન માનવાથી તેણે તેને છોડી દીધો. બુદ્ધે જે દિવસે કાળ કર્યો હતો. તે દિવસે પણ ચંદ નામના સોનીના ઘરેથી રાંધેલા ચોખાની સાથે, સુવરનું માંસ ખાધેલું હતું, પછી તેનું મરણથયું હતું. આવું લખાણ બૌદ્ધોના પુસ્તકોમાં છે, શ્રી હેમચંદ્ર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહારાજાએ યોગશાસ્ત્રના બીજા પ્રકાશની વૃત્તિમાં લખ્યું છે કે -

**स्वजन्मकाले एवात्म, जनन्युदरदारिणः ।**
**मांसोपदेशदातुश्च, कथं शुद्धोदने दया ॥१॥**

ભાવાર્થ : પોતાના જન્મસમયે જેણે પોતાની માતાનુ ઉદર વિદારણ કર્યું છે, એવા માંસભક્ષણ કરવાનો ઉપદેશ આપનાર શુદ્ધોદન પુત્રને દયાક્યાંથી હોય ? જન્મ વખતે તેની માતા મરણ પામી હતી.

બૌદ્ધ ગૃહસ્થાવસ્થામાંથી જ માંસનું ભક્ષણ કરતો હતો. નહિ તો મરતા સુધી પણ તેને તૃપ્તિ કેમ ન થાય ? તેના મતના લોકો પણ માંસ ખાય છે, તેથી તેનો મત માંસાહારી દેશોમાં વિશેષ ચાલ્યો છે. બુદ્ધ સર્વજ્ઞ નહોતો. તેમાં તેણે નિર્વાણમાર્ગ જાણવા સંસાર છોડી દઈ યોગીનું શિષ્યપણું ધારણ કર્યું.ત્યા તેને શાંતિ ન મલી, તેથીગયાજી પાસેના જંગલમાં ગયો. ઉગ્રતપ ધ્યાનમાં કેટલો સમય વ્યતીત કર્યો, અને મૂર્ચ્છા ખાઈ તે પડ્યો હતો,તેથી સિદ્ધ થાય છે કે તે જ્ઞાની નહોતો, અજ્ઞાની હતો, તપ તપતા જ્ઞાન થયું નહિ, તેથી ફરીથી ખાવા માંડ્યો, તો પણ જ્ઞાન નહિ થવાથી તેણે નિશ્ચય કર્યો કે જ્યાં સુધી હું બુદ્ધ નહિ થાઉં ત્યાં સુધી આ ભૂમિ છોડીશ નહિ. આવી રીતે ઈચ્છારોધનો માર્ગ તેમ પૂર્વ જન્મનું કારણ, પૂર્વજન્મનું જ્ઞાન તેને રાત્રિમાં થયું-આવું તેના અનુયાયીઓએ લખેલું છેતે તદ્દન ખોટું છે, કારણ કે તપ, જ્ઞાન વિગેરે છોડવાથી પૂર્વજન્મનું જ્ઞાન કોઈને થાય જ નહિ.

મોદ્ગલાયન, શારિપુત્ર અને આનંદની કલ્પનાથી લોકોમાં તે જ્ઞાની પ્રસિદ્ધ થયો, બૌદ્ધે કહ્યું કે આત્મા નામનો કોઈ પદાર્થ જ નથી, આત્માને તો અજ્ઞાનીઓયેજ કલ્પના કરેલ છે. બૌદ્ધે માંસભક્ષણના પેઠે પોતાના શિષ્યોને, કાચુ પાણી વાપરવા માટે છૂટ આપેલી હતી. આવી રીતે કાર્ય કરનાર બૌદ્ધ થઈ ગઇ છે.

બૌદ્ધકીર્તિ અગર ગૌતમબૌદ્ધના સમયમાં જૈનોના ચોવીશમાં તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનો જન્મ થયો હતો. કેટલાકો એમ માને છે કે ગૌતમબુદ્ધ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને જૈનોના ચોવીશમા તીર્થંકર મહાવીર સ્વામી એક જ હતા, તેમાં નર્યું ભૂલભરેલું છે, કેમકે મહાવીરસ્વામીનો જન્મ જ્યારે ક્ષત્રિયકુંડ નગરમાં થયો હતો.ત્યારે ગૌતમ બુદ્ધનો જન્મ કપિલવસ્તુ નામના નગરમાં થયો હતો. મહાવીર સ્વામીના પિતાનું નામ જ્યારે સિદ્ધાર્થ હતુંત્યારે ગૌતમબુદ્ધના પિતાનું શુદ્ધોદન હતું. મહાવીરસ્વામીની સ્ત્રીનું નામ યશોદા હતું ત્યારે ગૌતમબુદ્ધની સ્ત્રીનું નામ યશોધરા હતું. મહાવીરસ્વામીના ભાઈનું નામ નંદિવર્ધન હતું ત્યારે ગૌતમબુદ્ધના ભાઈનું નામ નંદ હતું. જ્યારે મહાવીરસ્વામીની માતાનું નામ ત્રિશલા હતું ત્યારે ગૌતમબુદ્ધની માતાનું નામ માયાદેવી હતું. મહાવીર સ્વામીને પ્રિયદર્શના નામે એક જ પુત્રી હતી ત્યારે ગૌતમબુદ્ધને રાહુલા નામનો એક જ પુત્ર હતો. મહાવીરસ્વામીની માતા અઠ્યાવીશ વર્ષ સુધી જીવ્યા હતા, ત્યારે ગૌતમબુદ્ધની માતા તેના જન્મની સાથે જ મરણ પામી હતી, આ લખેલ તફાવત ઉપરથી સિદ્ધ થાય છે કે મહાવીરસ્વામી અને ગૌતમબુદ્ધ એક જ હતા એ માનવું ભૂલભરેલું છે અલબત્ત તેઓ સમકાલીન હતા અને તેઓને થયા આજે ૨૪૬૭ વર્ષ થયા છે, એટલે વિક્રમ સંવત ૪૭૦ પહેલા તેઓ બન્ને વિદ્યમાન હતા. બૌદ્ધના મહાવિનય અને સમાનફળા નામના ગ્રંથમાં લખ્યું છે કે મહાવીરસ્વામી બુદ્ધના પ્રતિસ્પર્ધી હતા. લાઈફ ઓફ ધિ બુદ્ધ અથવા બુદ્ધનું ચરિત્ર-એ નામના અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ થયેલા ગ્રંથમાં તથા જે. ડબલ્યુ. ગુડવીર, રોહિકલ, નામના વિદ્વાને બુદ્ધ પુસ્તક વિનયત્રિપીઠિકા નામના ગ્રંથનો જે તરજુમો કરેલ છે તેના ૬૫, ૬૬, ૧૦૩, ૧૦૪ પાના પર જૈનોના નિગ્રંથ માટે જે લખાણ છે તે તથા ૭૯,૯૬, ૧૦ અને ૨૫૯ પાના પર નિગ્રંથ જ્ઞાતપુત્ર (મહાવીરસ્વામી માટે) જે હકીકત લખેલી છે તે પરથી એ બન્ને ધર્મો સ્વતંત્ર છે એવો ખુલાસો સહેલાઈથી થઈ શકે છે.

એ જ ગ્રંથના ૨૫૯, પાના પર જે લખાણ છે તેનો ભાવાર્થ એવો છે કે બુદ્ધના સમકાલીન છ મહાત્માઓ હતા. તે સઘલાની પાસે રાજા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અજિતશત્રુ પોતાની શંકાઓના સમાધાન માટે ગયા હતા. એક વખતે તેણે ગૌતમબુદ્ધને કહ્યું કે હું જ્ઞાતપુત્ર (મહાવીરસ્વામી) પાસે ગયો હતો, અને તેજ સવાલ મેં તેમને પૂછયો, ત્યારે તેમણે (મહાવીર) કહ્યું કે હે રાજા ! હું સર્વજ્ઞ-સર્વદર્શી છું, દસે વસ્તુઓનું સ્વરૂપ હું જાણું છું. ચાલતાં, બેસતા, ઊભા રહેતા, અથવા સૂતાં હું સર્વ વાતથી જાણીતો રહું છું. અને મારું જ્ઞાન હંમેશાં પૂર્ણ છે, વિગેરે.

આ પ્રસંગે એટલું જાણવું જરૂરનું છે કે જૈન અથવા બૌદ્ધ એક બીજાની શાખા નથી. કોઈ તો વળી એવી શંકા કરે છે કે જૈન અને બૌદ્ધ એ બંનેએ બૌદ્ધાયન નામના વૈદિક પુસ્તકોની નક્કલ કરી છે તે તમામ ખોટું છે, કારણ કે જે વાત જૈન પુસ્તકોમાં છે તે બૌદ્ધાયનમાં નથી. જે બૌદ્ધ પુસ્તકોમાં છે તે જૈનોમાં નથી, ફક્ત ઉપર ઉપરથી જોનારાઓને જ જૈન અને બૌદ્ધની થોડીઘણી બાબતો કાંઈક મળતી જણાય છે, જેમકે જૈન અને બૌદ્ધ, એ બન્ને માળાઓના મણકા ૧૦૮ રાખે છે. પાલી અને પ્રાકૃત લિપિ કાંઈક મળતી હોય છે, કેટલાક બૌદ્ધો પણ માંસાહારના ત્યાગી છે, બન્ને મૂર્તિ પૂજકો છે. જૈનો જ્યારે ચોવીશ તીર્થંકરોને માને છે ત્યારે બૌદ્ધો પણ ચોવીશ બૌદ્ધોને માને છે. જૈન અને બૌદ્ધ બન્ને ધર્મના સાધુઓના વિષે ઘણા ભાગે મળતા પણ આવે છે. મૂર્તિ પણ બન્નેની કાંઈક મળતી આવે છે.

બૌદ્ધોના મહાવન નામના સૂત્રમાં લખ્યું છે કે ગૌતમ બૌદ્ધના મરણ પછી, ત્રણસો ને ત્રીશ વર્ષ ત્રણ પીઠિકાઓ લખાઈ સંવત ૧૬૧ માં કાશ્મીર દેશમાં મેઘવાહન રાજા બૌદ્ધ ધર્મ પાળતો હતો. ચીનમાંપણ આ જ સમયમાં બૌદ્ધધર્મનો ફેલાવો થયો હતો, સંવત ૪૫૭માં ચીનનો રાજા પણ બૌદ્ધધર્મ પાળવા લાગ્યો. કોરીઆમાં પણ સંવત ૪૨૯માં બૌદ્ધધર્મ ચાલ્યો. સંવત ૪૮૭માં બૌદ્ધાચાર્ય બુદ્ધઘોષે, ધમ્મપદ સૂત્રની ટીકા સીલોનમાં (લંકામાં) રહીને બનાવી. સંવત ૫૦૭માં બર્મામાં (બ્રહ્મદેશમાં, સંવત ૬૦૯ જાપાનમાં અને સંવત ૬૯૫માં સીયામમાં બૌદ્ધધર્મચાલુ થયો. સંવત ૧૩૧૯માં સીનરામ નામના એક બૌદ્ધ સાધુએ જાપાનમાં એવો નવો પંથ





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાઢ્યો કે સાધુએ પણ સ્ત્રી પરણવી, તે મુજબ હાલ જાપાનમાં ચાલુ છે.

વળી તે સૂત્રમાં લખ્યું છે કે જ્યારે બૌદ્ધમતના સ્થાપનાર ગૌતમબુદ્ધ વૈશાલી નગરમાં ગયાત્યારે જ્ઞાતપુત્રના એટલે મહાવીરસ્વામીના એક ઉપાસકને તેણે પોતાના મતમાં લીધો, કે જે ઉપાસક મલ્લીય અને લચ્છીયજાતિના અઢાર રાજાઓના વંશનો હતો. એ ઉપરથી પણ ખુલ્લું જણાય છે કે બૌદ્ધમત ચલાવનાર ગૌતમબુદ્ધના સમયમાં, વૈશાલી નગરીની આસપાસ જૈન મત ચાલતો હતો.

આવી રીતે બૌદ્ધધર્મની પહેલા પણ જૈનધર્મ વિદ્યમાન હતો.

## ઉપદેશ એકસો ઓગણસાઠમો

### કહેવતો

અક્કલનો ઓથમીર, મંગાવી ભાજી ત્યાં લાવ્યો કોથમીર

અગડે બગડો માર્યો, બગડે કાગડો માર્યો.

અથાણું બગડ્યુ તેનું વરસ બગડ્યું, ને બાયડી બગડી તેનું ઘર બગડ્યું.

અતિ વેપારે દીવાળું, અને અતિ ભક્તિએ છીનાલું.

અટાઉનો માલ બાટાઊ (વટાવ)માં જાય.

આબુની કમાઈ જાંબુમાં.

અન્ન તેનું પુન્ય, ને રાંધનારને ધૂમાડો.

અન્ન સમાણો પ્રાણ ને, પ્રાણ સમાણી પ્રીત.

અલ્લા ચોરે ઉંટે ને મીયાં ચોરે મુઠે.

અન્ન મારે ને અન્ન જીવાડે.

અલ્લાએ બનાયા જોડા, એક અંધા ઔર દુસરા ખોડા.

આંખ મીચાઈને નગરી લુંટાઈ.

આંખ ફુટનાર ને જોંકો વાગનાર.

આંખ ફુટે ત્યારે પાંપણને ક્યાં રડીયે ?

આંધળાના પૈસા કૂતરા ખાય, ને પાપીનો માલ એળે જાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આંધળા સાતે છીનાણું, ને ઘર સાથે વળાવો.
આજે અમીર તો કાલે ફકીર.
ઊધારની માને નગદ પરણે.
ઊધાર વગર લાભ નહિ ને મુવા વગર ડાઘ નહિ.
ઉપર અલ્લાને નીચે દલ્લા.
ઊંઘતાનો પાડો, ને જાગતાની પાડી.
ઊંટે ચડીને ઉંઘવું, ને સંભાળીને નામું લખવું.
ઊંટે કયાં ઠેકા, ને માણસે કર્યા કાછડા.
એક હુંછી ગોડો, આખી પાયગાને નડે.
એઠું ખાય તે ચોપડાને માટે.
એકદિવસની શોભા, અને જન્મારાની ઓભા.
ઓળખીતો સિપાઇ હડમાં પૂરે.
કરમ કઠણને કાયા સુંવાળી.
કરશો હાથે તો વાગશે માથે.
કરતા હોય સો કરીયે, છાશની દોણી ભરીયે.
કર્યું કામ ને વિંધ્યું મોતી.
કહેતાં કહેવાયું, પણ આખી રાત ન સહેવાયું.
કાટ્યો મુંડ્યો કોઇનો નહિ.
કામ કર્યું તેણે કામણ કર્યું.
કામ હોય, તો મામ મલે,
કાળે કોદરા મોંઘા,
કોઈ કહે શું ખાઉં ? ને કોઈકહે શેમાં ખાઉ ?
આટલેથી પાટલે, ને પાટલેથી ખાટલે,
ખવાય તેટલું ખાવું નહિ, ને બોલાય તેટલું બોલવું નહિ,
ખાનાર પીનારને ખુદા આપનાર,
ખાઈ જાણે,તે પચાવી જાણે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખાનાર ત્યાં ધાનાર નહિ, ને ધાનાર ત્યાં ખાનાર નહિ,
ખાવામાં જગલો ને કૂટવામાં ભગલો,
કાને પીનેમેં, ને લડવામાં મેરા ભાઈ,
ખાધું તેણે કોયું, ને વાપર્યું તેણે વાલ્યું,
ખાવાના કોખા ને, પહેરવાના ચોખા,
ખીસા ખાલી ને ભરમ ભારી, ખીસાના તર, ને હયાના ફુટ્યા,
ગમતું ગોવિંદનું થાય, ને મારું તારું મિથ્યા જાય,
ગરથ વિનાનો ગાંગલો, ને ગરથે ગાંગાશાહ,
ગાંધીનો ગાંધી, ને પોઠીનો પોઠી,
શેઠના શેઠ, ને નોકરનો નોકર,
ગાજરની પીપી વાગી તો વાગી, પછી કરડી ખાધી,
ગાંડા ઘેલા ઘઉંના રોટલા,
ગાયનું ભેંસ તળે, ને ભેંસનું ગાય તળે,
ઘઉં ખેતમેં, ને બેટા પેટમેં,
ઘડીમાં ઘોડું ને ઘડીમાં ગધેડું,
ઘડા જેવું માથું જજો, પણ ચણા જેવડું નાક ન જજો,
ઘંટી પ્રમાણે ઓયણું ને, ચૂલા પ્રમાણએ ચોયણું,
ઘરના જડીયા, ને ઘરના ઘડીઆ,
ઘરની કસર, ને વહાણની સફર,
આવડે નહિ ઘેંશ ને રાંધવા પેસ,
ચાર મલે ચોટલા, ને ભાંગી પાડે ઓટલા,
ચાર મલે ચોટલા, તો વાતોના વાળે ઓટલા,
આજ કાલનો જોગી, ને ગાંડ લગી જટા,
મન હોય ચંગા, તો કથરોટમાં ગંગા,
મૂળ બેંસ ને મોટા ડોળા,
લડનેમેં લક્કડ, ને દેનેમેં પથ્થર,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાશો ચોરાશીમાં વહી, મમ્મા માથે બહુ થઈ,
બારે મહિના, ને તેરે કાળ,
વાડ રાખે ખેતરને, ને ખેતર રાખે વાડને,
વાડ વેલાને ખાય ત્યારે ફરિયાદ કોને ?
વિવાહના ગીત, વિવાહે જ ગવાય,
વિવાહ પહેલો માંડવો,
વિવાહ માંડી જુઓ ને ઘર ઉખેળી જુઓ,
શ્રાદ્ધ સરાવ કે બાપ દેખાડ,
સંતાપની મારી સાસરે ગઈ, ને ટોડલો જાલીને ઊભી રહી,
સગપણમાં સાઢું, ને જમણમાં લાડું,
સાપના પગ સાપ જાણે,
સાપને ઘેર સાપ પરોણો,
સાપનો કરડેલો દોરીથી બીએ,
સો દહાડા સાસુના, એક દહાડો વહુનો,
સો જોશી ને એક ડોશી,
કેરીગાળો ને પૂંજી ટાળો,
અડધ મૂકી આખાને ધાવું,
અલાઈ બાઈ, ને ફલાણી બાઈ
પાનું બારમું, ને બાયડીની અઘરણી ફરી ન આવે,
અલ્લા છોડે, પણ દાઉદ ક્યાં છોડે ?
આંધળુ ખરચ તેનુંછેવટ,
હસ્યા તેના વસ્યા, ને રોયા તેના ખોયા,
શરમાયા, તે કરમાયા,
આવ બલા પકડ ગલા
વાત કરે વાલી, ને કામ કરે કાલી,
આપકી સો લાપસી, ને પારકી સો કુશકી,
મલ્યા તો મીર, નહિ તો ફકીર,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાસરવાસની શૂળી, ને હૈયાની હોળી,
વળ્યા તો વહાણ, નહિ તો પાહાણ,
મૂળામાં મીઠું, ને કેળામાં ખાંડ,
ગોળ ઘી મીઠું, તો પરલોક કોણે દીઠું ?
રડશે રૂવાળો, ને પીટશે પીંજારો,
પડી તેને પીડા, ને વાગ્યું તેને વેદના,
બૈરામાં ફસ્યા, ને નરકમાં ઘસ્યા,
વાતોનું વાળું, ને કંજુસનું મોં કાળું,
આવ ભાઈ હરખા, ને આપણે બે સરખા,
સરખે સરખા મળ્યા, ને ભવનાં દુઃખડાં ટળ્યાં,
ખાદે મુશલ, ને ખેમકુશલ,
લાવ ઘોડો, ને કાઢ વરઘોડો,
મોટાનાઘર, ને ભૂતનાં દર,
કાડલા વાગે, ને દેવી ધુણે, ભુંડાથી ભૂત ભાગે,
કુંભારનો ઘડેલો, ને બૈરાનો જણેલો
હડમાનના મોમાં લાડું, ને છોકરા આપે ગાડું,
હડમાનને સવામણ તેલ ચડાવું, ને બલદેવજીને હાંડો ધરૂં,
સાસરા દો દિનકા આશરા,
એક ઢેડને, બીજો કસાઈ
જમાઈના પોસ્યાં ને વાડામાં ખોસ્યાં.
ચણા ખેતમેં, ને બેટા પેટમેં.
પાડાને પેટમાં દુઃખે, ને પખાલીને ડામ,
નબળો માટી બૈરી ઉપર શૂરો,
સાચાબોલી, સાસરે ન સમાય.
છો ભલા, ને છૈયે ભલા.
ઉના પાણીયે ઘર ન બળે.
એ તો વીંધ્યું તે મોતી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખાધું તે ખોયું, રહ્યું તે ગયું, વાપર્યું તે બાધ્યું, હાથે તે સાથે.

બુઢી ઉમર સુકા ફુલ, તાજા થાય નહિ બીલકુલ

હાથમાં માળા, ને હૈયામાં લાળા.

મુખમેં રામ, બગલમેં છુરી, બાતો બડી, ઓર નજરાં બૂરી

જે વહેલો તે પહેલો, ને ભૂલે તે ઘેલો.

એક આલે, બીજો વારે, તેને ઘાલે જમને બારે.

બત્રીશ ઠોકરો ખાય ત્યારે બત્રીશ લક્ષણો થાય.

ખાલી ઠકરાઇ ને ભેટ બીછાના, પણ ઘેર જાય ત્યાં કલેઢા કાંણી.

ડેલીએ દીવાનું જોર ને ઘેર અંધારું ઘોર.

પાડોશી નબળો સારો, ને હાટ પાડોશી જબરો સારો,

ઘર ઘડ્યા, અને ઉમર જડ્યા

મોટાનો મંદવાડ, ને ગરીબનું છીનાલું.

વેશ્યા મિત્ર નહિ, ને હગણી પવિત્ર નહિ.

જૂઠાની ના, છીનાળવાની મા, કસાઇની ગા, ભે ભવાયાની હા,

જેને હોયવગ, તેનો પેસે પગ.

થાય તેવા થઇયે, તો ગામ વચ્ચે રહીએ

જેણે આપેલી તક ખોઈ, તેણે સઘળી મીલકત ખોઈ

ટકો મલે, પણ તક ન મળે.

મશ્કરીની ઠશ્કરી, હાંસીમાંથી ખાંસી

દેખાડીયે માથા, પણ ન ઘેકાયી દાંત ને કાયા

જેનો દિવસ પાધરો, તેનો વેરી આંધલો.

ગરજવાની અક્કલ જાય, ને દરદવાનની શીક્કલ જાય.

ખીસ્સા ખાલી, ભરમ ભારી.

મોટાના પેટમાં પેસવું, ને પીલાઇ મરવું.

હોઠ બહાર તે કોટ બહાર, પેટમાં તે પેટીમાં,

રજપૂત તે ગરજપૂત, કરજવાને તે ગરજવાન,

સાચે રામે રામ, જે જૂઠાના કપાળમાં ડામ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શિયાળાનો તપા, ને વાહલાનો મેળાપ,
કથ્થું કહે તે શાનો કવિ, ને શીખી વાત તે શાની નવી ?
રાણીજાયો રાજ કરે, ને દાસીજાયો કામ કરે,
રાજા રાખે દળ, ને વૈદ રાખે મળ,
જેના કામ તે જેને છાજે, ગધ્ધા પર નોબત નહિ વાગે,
નીતિયે નારાયણ વસે, અનીતિયે કુતરા ભસે,
ઉપરથી ધોળા પણ માંહેથી મોળા (કાળા)
જેવી કરે સેવા, તેવા મળે મેવા,
મોં ખાય, ને આંખ લજવાય,
મરદની ગીરદ સારી, નામરદની છાયા બૂરી,
આવો જાવો ઘર તુમારા, ગાંઠકી ખીચડી મીજબાન હમારા,
આડા ખસે, પણ હાડા ન ખસે,
કલગી વગરનો કુકડો નહિ, ખુશામત વગરનો દરબારી નહિ,
રંજ ખેંચીને રોટલી રળે, તો ખાતી વખતે મીઠાશ મળે,
ધંધા વગરના નર, ને ભટકાઇ મર,
ધંધાની ધૂળ ને અવદશાનું મૂળ,
ઝાઝા હાથ રળીઆમણા, ને ઝાઝા મોં અદીઠ,
કુંભારના હાથમાં હીરો,ને ઝવેરીના હાથમાં ટપળો,
પહેલા પાર પડો, ને પછી બહાર પડો,
હિસાબ થાય નક્કી, ત્યારે બાજી થાય પક્કી,
શાખે વાણીઓ રળી ખાય, ને શાખે ચોર માર્યો જાય,
ધીરજ ધર્મ મિત્રને નારી, આફત વખત પરખીયે ચારી
ચડતીમાં કુલાવું નહિ, ને પડતીમાં ગભરાવું નહિ,
ચડતીમાં પાસે, ને પડતીમાં આઘે,
પંડ સલામત, તો પાઘડીયો બોહોત
ઉપર ટાપાટીપી ને માંહે કુવા, પરદેશી આયા ને ડુબી મુઆ,
મોઢે વાત, ને મનમાં ઘાત,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોંનો મીઠો, પણ દિલનો ધીઠો,
મુરખ મિત્ર નહિ, ને અગ્નિ પવિત્ર નહિ,
જ્યાં ધરવે, ત્યાં સરવે,
પૈસા વગરનો ઘેલો, ને સાબુ વિનાનો મેલ,ો
પૈસા આવે તો હાથ કાળા જાય તો મોં કાળા,
જુવાનીનું રળ્યું, ને મળસકાનું દળ્યું.
હાથ હોય પોલો, તો જગ બધો ગોલો.
હરામકા માલ હરામમાં ગયા, નફામાં બે જુતીયાં રહ્યાં.
પાનું ફરે, ને સોનું જરે.
લાખની પાણ, ને સોનાની ખાણ
મોટાને મોટી લાય, ને ઘી વિના લુખા ખાય.
જીભડી કરે આળપંપાળ, તો ખાસડા ખાયે શીર અપાર.
વાતે વડાં ને વાતે વડી, વાતે વેવાણ ગધેડે ચડી.
વાત ન કરીયે વાટે, ને વાત ન કરીયે રાતે.
પક્ષીનો ઠગ હાડીયો, ને માણસનો ઠગ ચાડીયો.
માં તે માં, બીજા વગડાના વા,
પાટ્યુ સાંધીયે, ને રૂઠ્યું મનાવીયે.
હલાવી ખીચડી બગડે, ને મલાવી દીકરી બગડે.
બાપ દિવાનો, મા દિવાની, બાયડી મારી તુલજા ભવાની.
ભુંડી રાંડે બમણો વરો.
જેનીરાંડ ભૂંડી, તેને પીડા ઊંડી
એઠું ખાય જુઠું ગાય, તલાવે જઇને નાગી ન્હાય.
છીનાળ રાંડ છબકતી ચાલે, ને ઘુંઘટડામાં તો ઘર ઘાલે.
ઘરની ફજેતી બહાર જણાય, ને અધુરી હોય તે પુરી થાય.
પારકું પેખણું, ને જગતનું દેખણું,
કંકાસણીને કજીયો વહાલો, ને પદમણીને હાર વ્હાલો,
સુઘડ નારી પતીને પ્યારી,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘણી ચોરે ધન જાય, વાણોતર ચોરે લાભ થાય,
ગાંડા પાસે ગાંડ ધરી,તો કુહાડાનો ઘા,
ગાંડા લોક ગામડે વસે, ખાસડું મારે ત્યારે ખડખડ હસે,
સ્વભાવ હોય બુરો, તેનો થાય ચુરો,
જીભ ઝેરી, તો દુનિયા વેરી,
ચાલ હોય ખરાબ, તેજ પીવે શરાબ
દરીયા સમાન રેતનહિં, ને માબાપ સમાન હેત નહિ,
પેટ જેવું પાલું, તેને કોઈ નહિ વાલું,
રેલમાં રોદો નહિ, ને કલમ સમાન ઘોદો નહિ,
ખાઈયે મન ગમતું, ને પહેરીયે ગામ ગમતું,
મણનું માથું જો, પણ નવટાંકનું નાન ન જજ,ો
બાપનું વહાણ, ને બસવાની તાણ,
ગડપ ગડપ મીઠા, અને કડવા કડવા થુથુ,
ભજીયા પહેલા તેલ પી ગયો,
મીંયાની દાઢી બળે, અને બીબીરાજી થાય,
પાપડ ખાઈને પદમશી થયો,
ભભકા ભારે, ખીસા ખાલી,
ભાગ્ય વિના ખેતી કરે, કાં મરે કાં માંદો પડે,
ઉસા પીર મુસાપીર, બડાપીર પૈસા,
ટકો કરે ઉદ્યમાત, ટકો બુઢાકું પરણાવે,
રાજા આવી સલામ કરે, એક ટકાકે કારણે,
દામ કરે કામ, બીબી કરે સલામ,
ઠાલી ઠકરુાઈને ફાંટમાં છાણઉં,
ખોડી બીલાડી જ્યાં ત્યાં અપશુકન કરે,
વપરાતીકુંચી હમેશા ચળકતી રહે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઉપદેશ એકસો સાઇઠમો

### ત્રણ વસ્તુની સુંદરતા

**ત્રણ અમૂલ્ય રત્નો→૧** દેવ, ૨. ગુરુ, ૩ ધર્મ ત્રણને આરાધો-૧. જ્ઞાન, ૨. દર્શન, ૩. ચારિત્ર. **ત્રણમાં રક્ત રહો→૧**. પ્રભુપૂજા, ૨. ગુરુભક્તિ, ૩. ધર્મકરણી. **ત્રણને વિસારો નહિ→૧**. પ્રભુજાપ, ૨. નમસ્કાર મંત્ર, ૩. ધર્મભાવના. **ત્રણનો આદર કરો→૧** વિવેક, ૨. વિનય, ૩. વિજ્ઞાન. **ત્રણને દૃઢતાથી વળગો→૧**. સત્ય, ૨. સત્વ, ૩. શીયલ. **ત્રણનો નિયમ રાખો→૧**. સામાયિક, ૨. પ્રતિક્રમણ, ૩. પૌષધ. **ત્રણને વશ કરો→૧**. મન, ૨. વચન, ૩. કાયા. **ત્રણ ઉપર દયા કરો→૧**. દીન દુસ્થિર પર, ૨ અપંગ ઉપર, ૩. ધર્મભ્રષ્ટ પર. **ત્રણને હૃદયમાં પ્રવેશ કરવા ન દ્યો→૧**. કુદેવ, ૨. કુગુરુ ૩. કુધર્મ. **ત્રણને દરિયાકાંઠે નાખો→૧.** પારકાના દોષો જોવા, ૨. પોતાની પ્રશંસા કરવી, ૩. બીજાની નિંદા. **ત્રણને કબજે રહો→૧**. સુદેવ, ૨. સુગુરુ, ૩. સદ્ધર્મમાં, **ત્રણને વશ કરો→૧**. ઇન્દ્રિય, ૨. જીભ, ૩. **મન. ત્રણમાં શંકા ન રાખો→૧**. શાસ્ત્રમા ૨. ગુરુવચનમાં, ૩. સમકિતમાં. **ત્રણ કામ જલ્દીથી કરો→૧**. પ્રભુ પૂજા, ૨. શાસ્ત્રાધ્યયન, ૩. દાન. **ત્રણથી પાછા હઠો→૧**. પરનિંદા, ૨. પોતાની પ્રશંસા, ૩. સાહસકર્મ. **ત્રણનો તિરસ્કાર કરો→૧**. અભિમાન, ૨. નિર્દયપણું, ૩. કૃતઘ્નતા. **ત્રણને પ્રગટ કરો→૧** પરના ગુણો, ૨. પોતના દુર્ગુણો, ૩. દાતારપણું. **ત્રણમાં સ્નિગ્ધતા રાખો→૧**. હીંમતમાં, ૨, નમ્રતામાં, ૩. પ્રેમમાં. **ત્રણની ઉપાસના કરો→૧**. સંતસાધુની, ૨. દુઃખી જીવોની, ૩. માતપિતાની. **ત્રણની પ્રશંસા કરો→૧**. જ્ઞાનની ઉત્કર્ષતા, ૨. પ્રૌઢતા, ૩. સુંદર આચારવિચારના. **ત્રણને મસ્તકે ચડાવો→૧**. તીર્થંકરને, ૨. ગુરુભક્તિને ૩. માતાપિતાની સેવાને. **ત્રણને ધિક્કારો નહિ→૧**. નીચતા, ૨, મિથ્યાભિમાનતા, ૩. ઇર્ષ્યાને, **ત્રણથી અલગ રહો→૧**. પરધન હરણથી, ૨. પરસ્ત્રીથી, ૩. પરાપવાદથી. ત્રણ પર સ્નેહ રાખો,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧. પ્રભુ પર ૨. ગુરુપર, ૩. પ્રભુની વાણી પર. **ત્રણમાં નિડરપણું રાખો,** ૧. સત્ય ધર્મમાં, ૨. ન્યાયમાં, ૩ પરોપકાર કરવામાં. તત્પર રહો, ૧. કામ, ૨. ક્રોધ, ૩. કષાય. **ત્રણમાં ઉદ્યમીન બનો→૧**. આરોગ્યતા મેળવવામાં, ૨. શાન્તસ્વભાવ કરવામાં, ૩. પરભવ સુધારવામાં **ત્રણને હાંકી કાઢો→૧**. રાગ, ૨. દ્વેષ, ૩.મત્સર. ત્રણને દૂર કરો, ૧. ખુશામત, ૨. ઢોંગ, ૩. આકસ્મિક હેત, ત્રણનો **સંગત્યાગો**→૧. લબાડ, ૨. જુગારી, ૩. વ્યભિચારીનો **ત્રણને મેળવવા પ્રભુપ્રાર્થના કરો**→૧. અંતઃકરણશુદ્ધિ, ૨. શ્રદ્ધા, ૩. શાન્તિ. **ત્રણને સંભાળો**→૧. પરવશ પડેલાને, ૨. અનાથ બાલકોને, ૩. વિધવા દુઃખી સ્ત્રીને. **ત્રણને બહુમાનો,** →૧. દ્રઢતાને, ૨. બુદ્ધિને, ૩. દીર્ઘદષ્ટિને, **ત્રણ કામ કરતા અટકો** →૧ ક્રોધ, ૨ કામ, ૩ લોભ. **ત્રણ કામમાં મક્કમ રહો→૧**. આનંદિત સ્વભાવવમાં, ૨ સત્સંગમાં, ૩. પ્રભુના ધ્યાનમાં. **ત્રણને અપવિત્ર માનો→૧**. છળ,૨. પ્રપંચ-કપટ, ૩. વિશ્વાસઘાત. **ત્રણમાં મહાપુન્ય છે**→ ૧. જિનાલય, ૨. ઉપાશ્રય, ૩. ધર્મશાળા. **ત્રણમાં અનુકંપા રાખો** →૧. અન્ન આપવા ઉપર, ૨. પાણી આપવા ઉપર, ૩. વસ્ત્ર આપવા ઉપર. **ત્રણને ધિક્કારો નહિ→૧**. રોગીને ૨. નિર્ધનને, ૩ દુઃખીને, **ત્રણને વર્જો→૧**. માંસ, ૨. મદિરા, ૩. વેશ્યાને. **ત્રણ બાબતથી શરીર સાચવો**→૧. કુપથ્યત્યાગથી ૨. પથ્યઆહારથી, ૩. નિયમિત વ્યાપારથી ત્રણને દૂર કરો, ૧ આળસ, ૨. વાચાલતા, ૩. અતિહલકી મશ્કરી. **ત્રણને ગુરુ ન માનો**→૧. દાંભિકને, ૨. સ્ત્રીસેવીને ૩. ધનના લાલચુને. **ત્રણનો અભ્યાસ કરો**→૧. સદ્ગ્રંથ, ૨. સત્કાર્ય, ૩. સન્મિત્ર મેળવવાનો. **ત્રણને ભૂલો નહિ**→૧. મરવું છે તેને, ૨. પરના કરેલ ઊપકારને, ૩. અન્યે કરેલ ઉપકારને **ત્રણનો પડછાયો ન લ્યો**→૧. કુટિલનો, ૨. અસત્યવાદીનો, ૩. દુરાચારીનો. **ત્રણનું જતન કરો**→૧. મિત્રનું, ૨. ધર્મનું, ૩. કીર્તિનું. **ત્રણને શિક્ષા આપો**→૧. પોતાના સ્વભાવને ૨. જીભને, ૩. જૂઠા આવેગને ત્રણ ઉપર જુઓ, ૧.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્મશક્તિ પર, ૨. શુદ્ધ કર્તવ્ય પર, ૩. પ્રભુભક્તિમાં. **ત્રણને ત્યાગો→** ૧. નાસ્તિક, ૨. દંભ, ૩.કૃતઘ્નતા **ત્રણને કાયમ હૃદયમાં રાખો→**૧. પ્રભુને, ૨. ગુરુ ઉપદેશને, ૩. વૈરાગ્યને, **ત્રણનું શરણું લ્યો→** ૧ પ્રભુનું, ૨. સદાચારી ગુરુનું ૩. ઇહપરલોકહિતકારી સત્શાસ્ત્ર શ્રવણનું, **ત્રણ બોલ બોલો→**૧ સત્ય વચન, ૨ મધુર વચન, ૩ હિતકારી વચન. **ત્રણ બોલ ન બોલો→**૧ પરના અહિત કરવા માટે, ૨ કડવા, ૩ અસત્ય ત્રણથી દૂર રહો. ૧ માતા પિતાના દ્રોહથી ૩ સદ્ગુરુની નિંદા કરનારાથી, ૩ નાસ્તિકોથી **ત્રણને હૃદયે ધારણ કરો→**૧ ક્ષમા, ૨ દયા, ૩ વિનય. **ત્રણથી અલગ રહો→**૧ વાદવિવાદથી, ૨ પારકી કુથલીથી, ૩ માનમોટાઇ મેળવવાથી. **ત્રણમાં દુરાગ્રહી ન બનો→**૧ આપણી કુમતિમાં, ૨ આપણા વેશમાં, ૩ આપણા જૂઠાણામાં. ત્રણ પાસે લઘુતા ધારણ કરો, ૧ ગુરુ પાસે, ૨ સજ્જન પાસે, ૩ વિદ્વાન તથા રાજ્યના અધિકારીયો પાસે. ત્રણ પાસે નમ્રતા ધારણ કરો, ૧ માતા પિતામાં, ૨ ગુરુમાં, ૩ ગુણો ઉપાર્જન કરવામાં **ત્રણનું નામ ન લ્યો→**૧. પરદોષ દેખવા, ૨ પોતાનીપ્રશંસા કરવી, ૩ અનન્યયની નિંદા કરવી. **ત્રણ જાળથી મુક્ત થાઓ→**૧. ઘરબાર સ્ત્રી કુટુંબથી, ૨, ધનથી, ૩. પાપીપ્રપંચજાળથી, **ત્રણમાં આદર કરો→**૧.સ્વદોષ દેખવામાં, ૨ પરના સન્માન કરવામાં, ૩. પ્રભુના સ્મરણમાં ત્રણ ગુપ્ત રાખો, ૧. આયુષ્ય ૨. ધન, ૩. મૈથુન. **ત્રણને પવિત્ર કરવા હૃદયમાં વિવેક રાખો→**૧ મનને પાપ રહિત કરવા,૨. દુઃખીયાના દુઃખો દૂર કરવા, ૩. પ્રભુના ઉપર સાચો પ્રેમ ધારણ કરવા. **ત્રણમાં સ્નેહ ધારણ કરો→**૧. પરોપકારમાં. ૨. સત્પુરુષોમાં, ૩ પરગુણ ગાવામાં. **ત્રણનું ખંડન કરો,** →૧ ઉત્સૂત્ર પ્રરૂપણાનું, ૨ ઉદ્યમ વિના ભાગ્યના ભરોસા ઉપર બેસી રહેવાનુ, ૩ પરભવ બગાડવાની પ્રવૃત્તિનું. **ત્રણને મનમાંથી ચાલ્યા જવા દ્યો→**૧. સંપત્તિનું અભિમાન, ૨. સ્ત્રીસેવન વાસના, ૩. ગરીબોનો તિરસ્કાર. **ત્રણ કાયમ કરો→**૧. શાસ્ત્રપઠનપાઠન, ૨. પ્રભુ સ્મરણ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩. સુત્પાત્રદાન. ત્રણની **ક્ષણેક્ષણે માળા જપો→**૧. પ્રભુવાણી સુણવાની, ૨. વૈરાગ્યવૃદ્ધિની, ૩. સંતસમાગમ કરવાની. **ત્રણ ન કરો→** ૧. પંક્તિભેદ, ૨. નિદ્રાચ્છેદ, ૩. સાહન **ત્રણ કામ કરો→**૧. પરનું હિત. ૨. પરછિદ્રત્યાગ, ૩.પુન્યની વૃદ્ધિ. **ત્રણને દરિયામાં નાખો→**૧. નિંદાને, ૨. ઈર્ષ્યાને, ૩ જૂઠા આળ કલંક ચડાવવાને. **ત્રણ બોલો બોલો→** ૧. આપણા અવગુણ બોલો, ૨. પરના ગુણ બોલો, ૩. જરૂર પૂરતું સત્ય બોલો. **ત્રણ મેળવવા ખાસ ઉદ્યમ કરો→**૧. દુનિયાનો પ્રેમ, ૨.સદ્‌ગુરુસ્નેહ, ૩. પરલોકે સદ્‌ગતિ. **ત્રણ ધારણ કરો→**૧. લઘુતા, ૨. નમ્રતા, ૩. પવિત્રતા. ત્રણનો જ વિશ્વાસ રાખો, ૧. દેવનો, ૨. ગુરુનો, ૩. ધર્મનો **ત્રણ કામમાં પૈસા પૂરા વાપરો→**૧. ગરીબોના ઉદ્ધારમાં, ૨. માંદગીવાળાની સારવારમાં, ૩. સાતક્ષેત્રમાં **ત્રણને ત્યાગો,** ૧. કુબુદ્ધિ, ૨. કુટિલતા, ૩. કદાગ્રહ. **ત્રણને વેગળા કરો→**૧. હર્ષ ૨. શોક, ૩. અજ્ઞાન. **ત્રણને નાશ કરવા કટિબદ્ધ થાઓ→**૧. જન્મ ૨. જરા ૩. મરણના દુઃખોને.

**પુનઃસંપાદન કર્તા**

પ.પૂ. સ્વ. આચાર્યદેવ શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.નાં
શિષ્ય રત્ન પ.પૂ. આચાર્યદેવ શ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.નાં
શિષ્ય મુનિશ્રી રત્નત્રયવિજયજી મ.સા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અમારાં અન્ય પ્રકાશનો




Serving JinShasan
108251
gyanmandir@kobatirth.org

## પ્રાપ્તિસ્થાન

**શ્રી પારસ-ગંગા જ્ઞાન મંદિર**

બી-103-104, કેદાર ટાવર, રાજસ્થાન હોસ્પીટલની સામે,
શાહીબાગ, અમદાવાદ-4. ફોન : 2860247 (રાજેન્દ્રભાઈ)

Printed by : Navneet Printers. Ph. 079-56253326 Mobile : 98252-61177

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org